# સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ
# શબ્દશઃ વિવેચન




વિવેચનકાર
પંડિતવર્ય શ્રી પ્રવિણચંદ્ર ખીમજી મોતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ
# શબ્દશઃ વિવેચન

**: મૂળ ગ્રંથકર્તા તથા બાલાવબોધકર્તા :**

ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ-મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા

**: આશીર્વાદદાતા :**

પરમારાધ્યપાદ, વ્યાખ્યાનવાચસ્પતિ સ્વ. આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવિદ્, પ્રાવચનિકપ્રભાવક સ્વ. પ. પૂ. મુનિરાજશ્રી
મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મહારાજ)

**: વિવેચનકાર :**

પંડિતવર્ય શ્રી પ્રવિણચંદ્ર ખીમજી મોતા

**: સંકલન-સંશોધનકારિકા :**

પ. પૂ. વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી
મહારાજાના શિષ્યરત્ન પ. પૂ. ગચ્છાધિપતિ મહોદયસૂરીશ્વરજી મહારાજના
આજ્ઞાવર્તી તથા પ. પૂ. પ્રવર્તિની સા. શ્રી રોહિતાશ્રીજી મ. સા. ના શિષ્યરત્ના
સાધ્વીજી શ્રી ચંદનબાલાશ્રીજી

**: પ્રકાશક :**

ગીતાર્થ ગંગા

પ, જૈન મરચન્ટ સોસાયટી, ફત્તેહપુરારોડ, પાલડી, અમદાવાદ-૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન


: વિવેચનકાર :

પંડિતવર્ય શ્રી પ્રવિણચંદ્ર ખીમજી મોતા



વીર સં. ૨૫૨૭ વિ. સં. ૨૦૫૭

આવૃત્તિ : પ્રથમ નકલ : ૧૦૦૦

મૂલ્ય : રૂ. ૫૫-૦૦

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૫, જૈન મરચન્ટ સોસાયટી,

ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૨૩

: મુદ્રક :

મુદ્રેશ પુરોહિત

સૂર્યા ઓફસેટ

આંબલી ગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ-૫૮.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ. સા., પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થી તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાયકતા મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે. ઘણા સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યા છે. શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યા છે, પરંતુ કામ સમય માંગી લે તેમ છે. દરમ્યાન શ્રીસંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે, પૂ. મુનિરાજશ્રી મોહજિતવિજયજી મ. સા. તથા પૂ. ગણિવર્યશ્રી યુગભૂષણવિજયજી મ. સા. નાં અપાયેલાં જુદા જુદા વિષયો પરનાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોના વિષયો અંગેનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મૂળ લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી ઉપર્યુક્ત વિનંતી લક્ષ્યમાં રાખીને પ્રધાન કાર્ય જ્યાં સુધી બહાર ન આવે ત્યાં સુધી કામચલાઉ ધોરણે પૂરક પ્રવૃત્તિ તરીકે સ્વીકારવામાં આવ્યું છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત -

૫, જૈન મરચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

**ટ્રસ્ટીગણ**
**ગીતાર્થ ગંગા**

**સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રાપ્તિસ્થાન

**✤ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
૫, જૈન મરચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
☎(૦૭૯) ૬૬૦૪૯૧૧, ૬૦૩૬૫૯

**નટવરભાઈ એમ. શાહ (આફ્રીકાવાળા)**
૯, પરિશ્રમ બેંક ઓફ ઈન્ડીયા સોસાયટી,
વિજયનગર ક્રોસિંગ પાસે, અમદાવાદ-૧૩.
☎(૦૭૯) ૭૪૭૮૫૧૨, ૭૪૭૮૬૧૧

**✤ મુંબઈ :**

**નિકુંજભાઈ ર. ભંડારી**
વિષ્ણુ મહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૨૦.
☎(૦૨૨) ૨૮૧૪૦૪૮, ૨૮૧૦૧૯૫

**શ્રી ચીમનભાઈ ખીમજી મોતા**
૯/૧, ગજાનન કોલોની,
જવાહરનગર, ગોરેગામ (વે),
મુંબઈ-૬૨.
☎(૦૨૨) ૮૭૩૪૫૩૦

**લલિત ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ, જવાહરલાલ નહેરૂ રોડ,
સર્વોદય પાર્શ્વનાથ નગર, જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦.
☎(૦૨૨) ૫૬૮૦૬૧૪, ૫૬૮૬૦૩૦

**✤ સુરત :**

**શૈલેષભાઈ બી. શાહ**
શ્રીનાથજી એપાર્ટમેન્ટ, છઠ્ઠે માળે,
હરિપરા, હાથ ફળિયા, સુરત-૧.
☎(૦૨૬૧)૪૩૯૧૬૦, ૪૩૯૧૬૩

**✤ રાજકોટ :**

**કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎(૦૨૮૧)૨૩૩૧૨૦

**✤ બેંગલોર**

**વિમલચંદજી**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross,
Bangalore-560053.
☎(0) 2875262, (R) 2259925

**✤ જામનગર :**

**ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર.
☎(૦૨૮૮)૬૭૮૫૧૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સંકલન-સંપાદનની વેળાએ પ્રાસ્તાવિક

**સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ** અને તેનો **બાલાવબોધ** એ **ન્યાયવિશારદ-ન્યાયાચાર્ય-મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજાની** કીમતી નજરાણા જેવી અમૂલ્ય કૃતિ છે.

પ્રસ્તુત ગ્રંથમાં દર્શનમોહનીયકર્મના ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમથી પેદા થયેલ શુભ આત્મપરિણામરૂપ જે સમ્યક્ત્વ છે, તે સમ્યક્ત્વનાં છ સ્થાનો આ પ્રમાણે બતાવેલ છે - **(૧) જીવ છે, (૨) જીવ નિત્ય છે, (૩) જીવ સ્વપુણ્ય-પાપનો કર્તા છે, (૪) જીવ સ્વપુણ્ય-પાપનો ભોક્તા છે, (૫) મોક્ષ છે અને (૬) મોક્ષનો ઉપાય છે**. આ છ સ્થાનોની શ્રદ્ધાથી પ્રાપ્ત થયેલ સમ્યક્ત્વ સ્થિર થાય છે, નિર્મળ થાય છે અને દૃઢ થાય છે.

સમ્યક્ત્વનાં છ સ્થાનોથી વિપરીત મિથ્યાત્વનાં છ સ્થાનો છે, તે આ પ્રમાણે -

**(૧) જીવ નથી, (૨) જીવ નિત્ય નથી, (૩) જીવ સ્વપુણ્ય-પાપનો કર્તા નથી, (૪) જીવ સ્વપુણ્ય-પાપનો ભોક્તા નથી, (૫) મોક્ષ નથી અને (૬) મોક્ષનો ઉપાય નથી.**

સમ્યક્ત્વનાં વિપરીત આ મિથ્યાત્વનાં છ સ્થાનોનું નિરાકરણ કરવાપૂર્વક ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ગ્રંથમાં સમ્યક્ત્વનાં છ સ્થાનોની અનેક યુક્તિઓ અને શાસ્ત્રપાઠો આપવાપૂર્વક સચોટ સિદ્ધિ કરી આપેલ છે.

પ્રસ્તુત ગ્રંથની મૂળ ચોપઈ શ્રીમદ્ ઉપાધ્યાયજી **યશોવિજયજી** મહારાજાએ સ્વયં રચી છે, અને તેનો બાલાવબોધ પણ લોકભોગ્ય ગૂર્જર ભાષામાં સ્વયં રચેલ છે. આ **સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ** નામના ગ્રંથમાં અને તે ઉપર સ્વયં રચેલ બાલાવબોધમાં સમ્યક્ત્વનાં છ સ્થાનોના નિરૂપણપૂર્વક અન્ય દર્શનોના વિષયોનું અને તેમની માન્યતાઓનું ખંડન કરી સ્યાદ્વાદથી તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વનો સમન્વય સાધ્યો છે. ગ્રંથ ઉપર બાલાવબોધની રચના પોતે કરીને મૂળ ચોપઈના પદાર્થોને અતિ સ્પષ્ટ કરેલ છે. જો આ બાલાવબોધની રચના કરી ન હોત તો મૂળ ચોપઈમાં જે જે ભાવો છે, તે સ્પષ્ટ થવા અતિ દુષ્કર બની જાત. આ બાલાવબોધની રચના દ્વારા મૂળ ચોપઈના ઘણા ગૂઢ અને ગંભીર પદાર્થોનું સ્પષ્ટીકરણ કરેલ છે અને અનેક દાખલા-દૃષ્ટાંતો આપીને મૂળ પદાર્થોને સમજાવવાનો પ્રયત્ન ગ્રંથકારશ્રીએ કરેલ છે.

આ પ્રસ્તુત ગ્રંથમાં અનેકવિધ વિષયોની તર્ક અને શાસ્ત્રપાઠો પુરસ્સર જે રચના કરી છે, તે તત્ત્વજિજ્ઞાસુ વાચકને તત્ત્વનો બોધ થવામાં બહુ ઉપયોગી થાય તેમ છે.

**ગાથા-૭૯ માં** પાંચ કારણોનો સમન્વય બતાવી એ રીતે નિરૂપણ કરેલ છે કે, એ પદાર્થ વિદ્વાનવર્ગને પણ અત્યંત રોચક લાગે છે. આવા તો અનેક પદાર્થોનું યોજન રોચક શૈલીમાં ગ્રંથકારશ્રીએ નિરૂપણ કરેલ છે. સમ્યક્ત્વનાં છ સ્થાનોના નિરૂપણ પછી ગ્રંથકારશ્રીએ ગ્રંથના અંતે ઉપસંહારરૂપ છેલ્લી ઢાળમાં સ્યાદ્વાદની જે રીતે પ્રતિષ્ઠા કરેલ છે, તે નિરૂપણ તો અત્યંત મનોહર લાગે તેવું છે. વળી, શ્રુત, ચિંતા અને ભાવનાજ્ઞાનની ભૂમિકાનું સ્વરૂપ પણ અતિ સુંદર વર્ણવેલ છે.

આ ગ્રંથવાચનનો સુઅવસર અત્રે પંડિતવર્યશ્રી પાસે સાંપડ્યો અને જેમ જેમ ગ્રંથવાચન થતું ગયું અને પદાર્થો ખુલતા ગયા, ત્યારે અધ્યયન કરનાર સર્વને એ ભાવના થઈ કે આ ગ્રંથ ઉપર ચોપઈના અને બાલાવબોધના શબ્દશઃ વિવેચન સાથે સરળ વિસ્તૃત વિવેચન પ્રગટ થાય તો અનેકોને આ ગ્રંથના પદાર્થો સમજવા માટે ઉપયોગી થાય. તેથી અધ્યેતૃવર્ગ સર્વેએ પંડિતવર્યશ્રીને વિજ્ઞપ્તિ કરી અને તેઓએ એ વિજ્ઞપ્તિને અનુલક્ષીને વિવરણ તૈયાર કરાવ્યું, જેની વ્યવસ્થિત સંકલના થતી ગઈ અને બાલાવબોધના વિષયોનું વિભાજન કરી, તેટલા તેટલા કથનનું પ્રતીક મૂકી તેનો અનુવાદ તૈયાર કર્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રંથવિવરણની શૈલીમાં સૌ પ્રથમ દરેક ચઉપઈની અવતરણિકા બનાવેલ છે. અમુક ચઉપઈની અવતરણિકા ગ્રંથકારશ્રીએ જ્યાં સ્વયં બનાવેલ છે, તેનો અર્થ કરેલ છે, ત્યાર પછી ચોપઈની મૂળ ગાથા અને તેનો ગાથાર્થ લીધેલ છે. ગાથાનો અર્થ સમજવા માટે ઘણી ગાથાઓમાં વચ્ચે વચ્ચે ઉત્થાનો કરીને ગાથાર્થ લીધેલ છે, જે મૂળ ગાથાનો અર્થ સારી રીતે સમજી શકવામાં ઉપયોગી થશે. ત્યાર પછી બાલાવબોધનો પાઠ આપેલ છે અને ત્યાર પછી વિષયો પ્રમાણે બાલાવબોધના પ્રતીકો મૂકી, ત્યાંથી ત્યાં સુધીના બાલાવબોધનો અનુવાદ અને ત્યાર પછી તેનો ભાવાર્થ-વિશેષાર્થ આપેલ છે. ભાવાર્થમાં ક્યાંક સંપૂર્ણ બાલાવબોધનો ભાવાર્થ તો ક્યાંક જેટલો ક્લિષ્ટ અર્થ હોય તેટલો ભાવાર્થ આપેલ છે. ભાવાર્થની વચ્ચે પણ પદાર્થોના સ્પષ્ટીકરણ માટે અનેક ઉત્થાનો આપેલ છે. આ રીતે આ ગ્રંથવિવરણની શૈલી છે.

વાચકવર્ગને ગ્રંથના પદાર્થો સમજવા માટે, સમજીને તત્ત્વપ્રાપ્તિ કરવા માટે, સમ્યગ્દર્શનને પામવા માટે કે પ્રાપ્ત સમ્યગ્દર્શનના સ્થિરીકરણ માટે આ ગ્રંથ અત્યંત ઉપયોગી થાય તેમ છે. એમાં આ વિવરણ સહાયક બને એવી આશા રાખીએ. શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજાની આ અનુપમ કૃતિમાં કેવા અદ્ભૂત પદાર્થોનું નિરૂપણ કરેલ છે તેનો ખ્યાલ આવે તે માટે આ ગ્રંથના પદાર્થોની સંક્ષિપ્ત સંકલના તથા વિસ્તૃત અનુક્રમણિકા તૈયાર કરેલ છે, જે વાંચવાથી વાચકવર્ગને સ્વયં જ તેની ગહનતાનો ખ્યાલ આવશે. તેથી તે અંગે અત્રે વધુ લખવાની આવશ્યકતા જણાતી નથી.

આ કૃતિને બાલાવબોધ સહિત સૌ પ્રથમ ઈ. સ. ૧૮૯૧માં શ્રી ભીમસિંહ માણેકે છપાવેલ છે અને તે મુદ્રિત પાઠ જૈન કથારત્ન કોષ ભા. ૫ માં પૃ. ૨૮૨ થી ૩૧૯ ઉપર આપેલ છે.

આ ગ્રંથ, સરળ વિવરણ સમેત વિ. સં. ૨૦૪૬ માં શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ તરફથી પ્રકાશિત થયેલ છે, તથા એનું દ્વિતીય સંશોધિત સંસ્કરણ શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા તરફથી વિ. સં. ૨૦૫૫ માં પ્રકાશિત થયેલ છે. એ બંને આવૃત્તિમાં કઈ કઈ હસ્તલિખિત પ્રતિઓનો આ ગ્રંથ પ્રકાશનમાં ઉપયોગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવામાં આવેલ છે, તેનો ઉલ્લેખ તે આવૃત્તિના સંપાદકીય નિવેદનમાં કરેલ છે, અને તે આવૃત્તિઓમાં પાઠાંતરની પણ નોંધ આપેલ છે. એ પાઠાંતરો અમે આ વિવેચનમાં લીધાં નથી. કેમકે અમે આ વિવેચન, ગ્રંથકારશ્રીએ રચિત આ ગ્રંથના પદાર્થોનું સ્પષ્ટીકરણ કેમ થાય, એ જ મુખ્ય ઉદ્દેશથી કરેલ છે.

શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા તરફથી પ્રકાશિત થયેલ દ્વિતીય સંસ્કરણમાં જે એક મહત્ત્વની પાઠશુદ્ધિ કરેલ છે, તે અંગે જ્યારે અમે પ્રથમ આવૃત્તિમાંથી ગ્રંથની વિવેચના કરતા હતા ત્યારે, અમને એ પાઠ **ગાથા-૧૦૬** ના પ્રારંભે જોડાયેલ તે સંગત લાગતો ન હતો. તેથી અમે દ્વિતીય સંસ્કરણમાં જોયું કે, એ પાઠ ક્યાં છે ? અને એ પાઠ દ્વિતીય સંસ્કરણમાં **ગાથા-૧૦૪** ના બાલાવબોધને છેડે આપેલ જણાયો. અને તે પાઠ અમને ત્યાં સંગત લાગ્યો, તેથી અમે પણ એ પાઠ **ગાથા-૧૦૪ ના** બાલાવબોધને છેડે લીધેલ છે. એ અંગે ઉપાધ્યાયજી મહારાજની સ્વહસ્તલિખિત પ્રતમાં **ગાથા-૧૦૪ ના** બાલાવબોધને છેડે નિશાની કરી, તેનું અનુસંધાન 'અથવા તો' કરીને હાંસિયામાં મૂકેલું છે. જેનાથી એ ગાથાના પાઠની શુદ્ધિ થાય છે.

વળી, **ગાથા-૫૩ ના** બાલાવબોધમાં **'एषां च तन्मात्र नाम'** એ પાઠ બંને આવૃત્તિમાં અશુદ્ધ છે. એ પાઠ વાચન વખતે અમારી પાસે ગીતાર્થ ગંગા સંસ્થામાં ઉપલબ્ધ હસ્તલિખિત પ્રતની ઝેરોક્ષ નકલ હતી, તેમાં અશુદ્ધ જણાતા પાઠોને અમે જોતા ત્યારે તેમાં **'ए पांच तन्मात्र नाम'** આ પ્રમાણે શુદ્ધ પાઠ મળેલ છે. અન્ય પણ હસ્તલિખિત પ્રતમાંથી મળેલ પાઠોનું શુદ્ધિકરણ અમે આ પ્રકાશનમાં કરેલ છે.

ઘણા સ્થાનોમાં પદાર્થની દૃષ્ટિએ વિચારણા કરતાં લહિયા વગેરેની ક્ષતિના કારણે પાઠ અસંગત જણાય છે. તે અંગે તે તે પાઠની બાજુમાં કૌંસમાં અમે સંગત જણાતો પાઠ આપેલ છે અને તે અંગે વિવેચનમાં નિશાની મૂકી, અહીં આવો પાઠ સંગત ભાસે છે; તેમ નોંધ આપેલ છે. જેમ **ગાથા-૨૪** મૂળ ચોપઇમાં **'कुण निबंध'** પાઠ છે ત્યાં **'कुणनि बंध'** પાઠ સંગત જણાય છે, તથા **ગાથા-૭૦** મૂળ ચોપઈમાં **'अंग गणइ'** પાઠ છે ત્યાં **'अंगणइ'** પાઠ સંગત જણાય છે. તથા **ગાથા-૭૮ના બાલાવબોધમાં** **'कार्यनासादिकनइ'** પાઠ છે ત્યાં **'कार्यनाचादिकनइ'** પાઠ સંગત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જણાય છે, તથા એ જ ગાથાના બાલાવબોધમાં '**शिष्यधंध न मात्रवुं**' પાઠ છે ત્યાં '**शिष्यधंधन मानवुं**' પાઠ સંગત જણાય છે. ગાથા-૯૨ બાલાવબોધમાં '**अतीताद्धाथी अनंताद्धा अनंतगुण छइ**' ત્યાં '**अतीताद्धाथी अनागताद्धा अनंतगुण छइ**' એ પાઠ સંગત જણાય છે. **ગાથા-૧૨૦ માં** બાલાવબોધમાં '**अंकुरादिजनकाजननत्वादिविरोधइ**' પાઠ છે; ત્યાં '**अंकुरादिजनकाजनकत्वादिविरोधइ**' એ પાઠ સંગત જણાય છે. આ રીતે અનેક સ્થાનોમાં સંગત જણાતો પાઠ કૌંસમાં આપેલ છે, અને તેની નોંધ વિવેચનમાં પણ કરેલ છે.

ઉદ્ધરણના પાઠોમાં ઘણા સ્થાનોમાં ઘણી અશુદ્ધિઓ જણાવાથી તે તે ગ્રંથની પ્રતો ગીતાર્થ ગંગા સંસ્થામાંથી મંગાવીને શુદ્ધિકરણ કરેલ છે. જેમ **ગાથા-૮૬ ના** બાલાવબોધમાં ભર્તૃહરિ-શતકના સાક્ષીપાઠમાં '**मांस्पाकवलितान्**' પાઠ છે, ત્યાં ભર્તૃહરિ-શતક-૩/૯૪ માં '**शाकवलितान्**' પાઠ છે. તેથી તે પાઠ અમે કૌંસમાં મૂકેલ છે. **ગાથા-૯૧ માં** સ્યાદ્વાદમંજરીના સાક્ષીપાઠમાં '**भवं भवे वा**' પાઠ છે, ત્યાં '**भवं भवो वा**' પાઠ ત્યાં છે, તથા તે જ શ્લોકમાં '**भवस्य शून्यो**' પાઠ છે, ત્યાં **भवस्थशून्यो** પાઠ છે અને તે સંગત છે. તેથી એ પાઠ બાજુમાં કૌંસમાં મૂકેલ છે. આ રીતે અન્ય સ્થાનોમાં પણ સાક્ષીપાઠોની શુદ્ધિનો પાઠ કૌંસમાં મૂકેલ છે.

બાલાવબોધની ભાષાના શબ્દો દ્વારા તે સમયમાં કેવી ભાષા પ્રચલિત હતી, તે જણાય છે. બાલાવબોધમાં પૂર્વપક્ષીના કથનની માન્યતામાં જે જે સાક્ષીપાઠો આપેલા છે, તે મુખ્યતયા અન્ય ગ્રંથોમાંથી ઉદ્ધૃત છે. તે અંગે આ પ્રકાશનોમાં સ્વદર્શનના ગ્રંથનો ઉલ્લેખ કર્યો છે, પણ તેનું મૂળ સ્થાન તે તે અન્ય ગ્રંથોમાંથી જોવું.

આ ગ્રંથના પ્રૂફસંશોધનાદિ કાર્યમાં સુશ્રાવક **શાંતિલાલ શિવલાલ શાહે** પોતાનો કીમતી સમય આપી ઘણો સહકાર આપેલ છે અને ઉત્તમ સ્વાધ્યાયનો લાભ આપી ઉપકૃત કરવા બદલ કૃતકૃત્યતાની લાગણી પ્રદર્શિત કરેલ છે.

વળી, ભૂખ્યાને જેમ ઘેબરનું ભોજન પ્રાપ્ત થાય અને ક્ષુધાનું શમન થવાથી તૃપ્તિનો આલ્લાદ થાય, તરસ્યાને જેમ શીતળજળની પ્રાપ્તિ થાય અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તૃષાનું શમન થવાથી તૃપ્તિનો આલ્લાદ થાય, તેમ તત્ત્વજિજ્ઞાસાની ભૂખ અને તરસ હોવાથી આ ગ્રંથના પદાર્થોની વિચારણાથી અદ્ભુત તત્ત્વપ્રાપ્તિ થવાથી અનેરો આલ્લાદ-આનંદ મને થયો છે. એ તત્ત્વપ્રાપ્તિ પરમાત્માની અને સદ્ગુરુની અસીમ કૃપાથી તત્ત્વપરિણતિમાં પરિણમે કે જેથી શ્રમસાધ્ય કરેલો આ પ્રયાસ સફળતાને પામે એવું ઈચ્છું છું.

પ્રાંતે એવી આશા રાખું કે, આ ગ્રંથનું પઠન-પાઠન, શ્રવણ-મનન-નિદિધ્યાસન કરીને અનેક તત્ત્વજિજ્ઞાસુ જીવો અનાદિના મિથ્યાત્વને દૂર કરી, સમકિત રત્નને પામે અને ઉત્તરોત્તર રત્નત્રયીને પામવા દ્વારા હું અને સૌ કોઈ ભવ્ય જીવો નિકટના ભવોમાં મુક્તિસુખના ભાગી બનીએ...

એ જ શુભકામના... !

**વિ. સં. ૨૦૫૭,**
**ભાદરવા સુદ-૧૫,**
**રવિવાર, તા. ૨-૯-૨૦૦૧**

**એફ-૨, જેઠાભાઈ પાર્ક,**
**નારાયણનગર રોડ, પાલડી,**
**અમદાવાદ-૩૮૦૦૦૭**

પરમપૂજ્ય પરમારાધ્યપાદ વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવેશ શ્રીમદ્ સ્વ. વિજય**રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના** શિષ્યરત્ન પ. પૂ. ગચ્છાધિપતિ **મહોદયસૂરીશ્વરજી મહારાજાના** આજ્ઞાવર્તી તથા પ. પૂ. પ્રવર્તિની સાધ્વીશ્રી**રોહિતાશ્રીજી મ. સા.** ના શિષ્યરત્ના સાધ્વીશ્રી**ચંદનબાલાશ્રીજી.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ ગ્રંથમાં આવતા પદાર્થોનું સંક્ષિપ્ત સંકલન

સમ્યક્ત્વની પ્રાપ્તિના ઉપાયભૂત એવાં છ સ્થાનો પ્રસ્તુત ગ્રંથમાં બતાવેલ છે. **ગાથા-૧/૨ માં** મંગલાચરણ કરીને દર્શનમોહનીયના નાશથી થતા એવા સમ્યક્ત્વનાં છ સ્થાનોને કહેવાની પ્રતિજ્ઞા કરેલ છે.

**ગાથા-૩** માં સમ્યક્ત્વનાં છ સ્થાનોનાં નામો આપ્યાં છે અને **ગાથા-૪ માં** તે છ સ્થાનોથી વિપરીત મિથ્યાત્વનાં છ સ્થાનો બતાવેલ છે. આ રીતે ભૂમિકા કરીને તે છ સ્થાનોમાંથી સમ્યક્ત્વનું પ્રથમ સ્થાન **'આત્મા છે'** તેને નહિ માનનાર નાસ્તિક એવો ચાર્વાક શું કહે છે, તે કથન **ગાથા-૫ થી ૯** સુધીમાં બતાવેલ છે.

**ગાથા-૫ થી ૯** સુધીમાં નાસ્તિક મત પ્રમાણે શરીરથી ભિન્ન આત્મા નથી, પરલોક નથી, પુણ્ય-પાપ કાંઈ નથી, પ્રાપ્ત થયેલા જીવનને ભોગવિલાસથી સફળ કરવાનો નાસ્તિક મતનો અભિપ્રાય બતાવીને, તેમની માન્યતા કઈ રીતે યુક્તિરહિત છે અને શરીરથી જુદો આત્મા કઈ રીતે સ્વીકારવો ઉચિત છે, તે વાત **ગાથા-૧૦ થી ૧૭** સુધી બતાવેલ છે. તેમાં તત્ત્વજિજ્ઞાસુએ ખરેખર શરીરથી અતિરિક્ત આત્મા સ્વીકારવો એ વાત યુક્તિથી પણ કઈ રીતે સંગત છે, તે બતાવેલ છે. તેમજ પુણ્ય-પાપ સ્વીકાર્યા વગર જગતની દેખાતી વ્યવસ્થા સંગત થઈ શકે નહિ, તે યુક્તિથી અને આગમ વચનોથી પણ બતાવેલ છે. વળી, મહાપુરુષોના યત્નોથી પણ પુણ્ય-પાપ માનવા જ ઉચિત છે, તેવી અન્યદર્શનવાળા એવા ન્યાયકુસુમાંજલિકારની યુક્તિથી પણ **ગાથા-૧૬ માં** પુણ્ય-પાપ માનવા ઉચિત છે, તે બતાવેલ છે. આ રીતે **ગાથા-૧૭** સુધીના કથનથી નાસ્તિકમતનું નિરાકરણ થવાથી "શરીરથી જુદો આત્મા છે," તેવું સમ્યક્ત્વનું પ્રથમ સ્થાન સિદ્ધ થાય છે.

**"શરીરથી જુદો આત્મા નિત્ય છે"** તેવું સમ્યક્ત્વનું બીજું સ્થાન બતાવવા માટે આત્માને એકાંત ક્ષણિક માનનાર બૌદ્ધમતની યુક્તિ અને આત્માને એકાંત ક્ષણિક કહીને બૌદ્ધ, મોક્ષની પ્રાપ્તિનો ઉપાય પણ એકાંતે આત્માને ક્ષણિક માનવો તે જ છે તેમ બતાવે છે, તે સર્વ યુક્તિઓ **ગાથા-૧૮ થી ૨૦ માં** બતાવેલ છે.

વસ્તુતઃ વિચારીએ તો આત્મા એકાંતે ક્ષણિક હોય તો વિચારકને પરલોક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થે કે મોક્ષાર્થે પ્રવૃત્તિ જ સંગત થઈ શકે નહિ, તેથી એકાંત ક્ષણિકવાદ સત્પ્રવૃત્તિનો વિઘટક કઈ રીતે છે અને યુક્તિથી પણ આત્માને નિત્ય સ્વીકાર્યા વગર દૃષ્ટવ્યવસ્થા કઈ રીતે સંગત થઈ શકે નહિ અને એકાંત ક્ષણિકવાદમાં સંસાર અને મોક્ષ કઈ રીતે સંગત થઈ શકે નહિ, તે વાત બૌદ્ધમતનું નિરાકરણ કરતાં **ગાથા-૨૧ થી ૨૫** સુધીમાં બતાવેલ છે. વળી, એકાંત ક્ષણિકવાદમાં હિંસા પણ ઘટી શકે નહિ અને તેથી અહિંસાદિ વ્રતો પણ સિદ્ધ થાય નહિ, એ વાત પણ યુક્તિપૂર્વક બતાવેલ છે.

વળી, બૌદ્ધ માને છે કે કોઈ વ્યક્તિ ખલપિંડને મનુષ્ય જાણીને હિંસા કરે તો પાપબંધ થાય, પરંતુ મનુષ્યને ખલપિંડ જાણીને રાંધે તો કોઈ કર્મબંધ થતો નથી અને તેવા માંસથી બુદ્ધને પારણું કરાવી શકાય, અને સંઘભક્તિ માટે કોઈ બકરાનું માંસ રાંધે તો તેમાં પણ પાપ નથી, તે પ્રકારની બૌદ્ધની માન્યતા **ગાથા-૨૬/૨૭માં** બતાવીને તે કઈ રીતે મિથ્યા છે, તે બતાવેલ છે.

વળી, જૈનશાસનમાં જ વાસ્તવિક રીતે હિંસા-અહિંસા ઘટે છે અને વિવેકયુક્ત અહિંસા છે, તે વાત **ગાથા-૨૮ માં** બતાવેલ છે.

વળી, બૌદ્ધ ઋજુસૂત્રનયને પકડીને એકાંતે પદાર્થને ક્ષણિક માને છે, તેના મતમાં વ્યવહારનો અપલાપ થવાથી બંધ-મોક્ષ ઘટતા નથી. તેથી જેમ ઋજુસૂત્રનય સ્વીકારવો આવશ્યક છે, તેમ વ્યવહારનય પણ સ્વીકારવો આવશ્યક છે; તેથી સ્યાદ્વાદ જ સાચો છે, તે વાત **ગાથા-૨૯ માં** બતાવેલ છે.

વળી, બૌદ્ધ કહે છે કે, આત્માને નિત્ય માનવાથી આત્મા ઉપર ધ્રુવ=નક્કી, રાગ થાય છે, તેનું નિરાકરણ કરીને આત્માને નિત્ય સ્વીકારવા છતાં કઈ રીતે રાગનો નાશ થઈ શકે છે; તે વાત **ગાથા-૩૦ માં** બતાવેલ છે.

વળી, આત્માને નિત્ય સ્વીકારવાથી આત્મા ઉપર રાગ થાય તો જ ધર્માર્થે પ્રથમ પ્રવૃત્તિ થઈ શકે, અને તો જ ક્રમે કરીને સંસારનો ઉચ્છેદ થઈ શકે, તે વાત **ગાથા-૩૧ માં** બતાવેલ છે. વળી, આત્માને નિત્ય માનીએ તો સંસારપર્યાય અને મોક્ષપર્યાય આવિર્ભાવ-તિરોભાવરૂપે સંગત થાય, અર્થાત્ સાધના પહેલાં સંસારપર્યાય આવિર્ભાવરૂપે હતો અને મોક્ષપર્યાય તિરોભાવરૂપે હતો; સાધનાથી જ્યારે મુક્તિની પ્રાપ્તિ થાય છે, ત્યારે મોક્ષપર્યાય આવિર્ભાવ પામે છે અને સંસારપર્યાય તિરોભાવ પામે છે, એ વાત **ગાથા-૩૨ માં** બતાવેલ છે. અને તે કથનને જ દૃષ્ટાંતથી **ગાથા-**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૩૩ માં** ભાવન કરેલ છે. આ રીતે **ગાથા-૩૩** સુધીમાં એકાંત ક્ષણિકવાદનું નિરાકરણ થયું. તેથી સમ્યક્ત્વનું બીજું સ્થાન **"આત્મા નિત્ય છે"** તે સિદ્ધ થાય છે.

જો કે, સાધનાની દૃષ્ટિએ આત્મા નિત્યાનિત્યરૂપ છે, તો પણ **શરીરથી જુદો આત્મા છે,** તેમ પ્રથમ સ્થાનમાં સ્થાપન કર્યું અને **શરીરથી જુદો એવો આત્મા શાશ્વત છે,** તે બીજા સ્થાનમાં સ્થાપન કર્યું. તેથી આરાધક જીવ શરીરથી જુદા એવા આત્મા પ્રત્યે રાગ કેળવીને સંસારના તુચ્છ પદાર્થોના રાગને છોડીને આત્મહિત સાધવા માટે પ્રયત્નશીલ બની શકે.

સમ્યક્ત્વનું ત્રીજું સ્થાન **"આત્મા કર્મનો કર્તા છે"** અને સમ્યક્ત્વનું ચોથું સ્થાન **"આત્મા કર્મનો ભોક્તા"** છે, એ બતાવવા અર્થે પ્રથમ વેદાંતી અને બીજો સાંખ્ય જે આત્માને કર્તા અને ભોક્તા માનતા નથી, આમ છતાં મોક્ષની સાધનાનો ઉપદેશ આપે છે, તે વાત બતાવવા માટે પ્રથમ વેદાંત મત કઈ રીતે આત્માને કર્તા-ભોક્તા માનતો નથી, તે **ગાથા-૩૪** થી બતાવેલ છે.

વેદાંતી કહે છે કે, જગતમાં "બ્રહ્મ સત્ય છે, આખું જગત મિથ્યા છે." જેમ - સ્વપ્નમાં દેખાતા પદાર્થો વાસ્તવિક હોતા નથી, તેમ જ્યાં સુધી જીવને બ્રહ્મનું જ્ઞાન પ્રગટ્યું નથી, ત્યાં સુધી આ સર્વ પ્રપંચ દેખાય છે. શુદ્ધ બ્રહ્મ એ સત્ય છે અને તે કોઈ પ્રવૃત્તિ કરતો નથી અને કોઈ પદાર્થનો ભોક્તા નથી. આ પ્રકારની વેદાંતીની માન્યતા શુદ્ધ દ્રવ્યાસ્તિકનયમાંથી ઊઠેલી છે અને શુદ્ધ દ્રવ્યાસ્તિકનયથી તેની તે વાત સાચી હોવા છતાં એકાંતે તે નયનું અવલંબન લઈને પ્રપંચને એકાંતે મિથ્યા તેઓ કહે છે, તે કઈ રીતે યુક્તિરહિત છે, તે બતાવવા માટે પ્રથમ વેદાંતમતની યુક્તિઓ **ગાથા-૩૪ થી ૪૫** સુધી કહેલ છે.

ત્યારપછી સાંખ્ય, આત્માને કર્તા-ભોક્તા માનતો નથી અને આ દેખાતો સર્વ વિલાસ પ્રકૃતિનો છે, તેમ કહે છે, તે વાત **ગાથા-૪૬ થી ૫૩** સુધી બતાવેલ છે. જેમાં સાંખ્યમતની માન્યતા પ્રમાણેનાં ૨૫ તત્ત્વો અને પ્રકૃતિથી કઈ રીતે સર્વ વ્યવસ્થા સંગત થાય છે ઈત્યાદિ તે મત પ્રમાણે બતાવેલ છે.

જો કે, નિશ્ચયનયની દૃષ્ટિએ વિચારીએ તો આત્મા અને કર્મ એકાંતે જુદા છે. તેથી સાંખ્યની માન્યતા પ્રમાણે જેમ આ પ્રકૃતિનો વિલાસ સંસાર છે, તેમ દેખાતો આ સર્વ સંસાર નિશ્ચયનયથી કર્મનો વિલાસ છે, અને શુદ્ધ દ્રવ્યને સ્વીકારનાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવા નિશ્ચયનયથી આત્મા અશુદ્ધ ભાવોનો કર્તા-ભોક્તા નથી, એ સર્વ વાત સિદ્ધ થાય છે. તેથી સાંખ્યમત સાથે વિરોધ થાય નહિ, પરંતુ સાંખ્ય એકાંતે પુરુષ અને પ્રકૃતિનો ભેદ માને છે. તેથી તેનું નિરાકરણ કરવા માટે એકાંતે નિશ્ચયનય ન સ્વીકારતાં વ્યવહાનયથી આત્મા કર્મનો કર્તા અને કર્મનો ભોક્તા છે, તે સ્થાપન કરેલ છે, કે જેથી વ્યવહારનય ઉપર જીવનારાં સમ્યક્ત્વનાં છ સ્થાનો સિદ્ધ થાય અને શુદ્ધ વ્યવહાર સત્પ્રવૃત્તિનું કારણ બને. સાંખ્યમતની માન્યતા **ગાથા-૫૩** સુધી બતાવીને ત્યાર પછી વેદાંત અને સાંખ્ય એ બે મત એકાંતવાદરૂપ હોવાથી કઈ રીતે સંગત નથી, તે **ગાથા-૫૪ થી ૮૦** સુધી બતાવેલ છે. ત્યાં પ્રથમ વેદાંતી અને સાંખ્ય બંનેને સરખો દોષ આપતાં કહે છે કે, જો જીવ કર્તા નથી, તો સંસાર અને મોક્ષ બે ય ઘટે નહિ, કેમ કે સંસારના ભાવોનો કર્તા જીવ હોય તો જ સંસાર ઉત્પન્ન થાય, અને સંસારના ભાવોને છોડીને જીવ યોગસાધનામાં યત્ન કરે તો જ મોક્ષની નિષ્પત્તિ થાય.

વળી, સાંખ્ય આત્માથી પ્રકૃતિને એકાંતે ભિન્ન માનીને પ્રકૃતિ જ કર્તા છે, તેમ કહે છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે, જો પ્રકૃતિ જ કર્તા હોય તો પ્રકૃતિ જ બંધાય છે અને સાધના કરીને પ્રકૃતિ જ છૂટે છે, તેમ માનવું પડે; પરંતુ જીવ તો બંધાયેલો પણ નથી અને મુક્ત પણ થતો નથી, તેથી કોઈ વિચારકની મોક્ષાર્થે પ્રવૃત્તિ થઈ શકે નહિ.

વળી, સાંખ્ય અને વેદાંતી બંને આત્માને કૂટસ્થ નિત્ય માને છે, તેને ગ્રંથકાર કહે છે કે, સાંખ્યમતે પ્રકૃતિનો નાશ થાય છે. તેથી પ્રકૃતિના નાશથી કે અવિદ્યાના નાશથી આત્મદશા ફરે છે, માટે આત્મા કૂટસ્થ નિત્ય રહ્યો નથી, પરંતુ પરિણામી સિદ્ધ થાય છે. અને તેમ ન માનીએ તો મોક્ષ વખતે આત્માને અધિક શું પ્રાપ્ત થાય? અને મોક્ષ વખતે અધિક પ્રાપ્ત થતું ન હોય તો સાધના માટે કોઈ વિચારક પ્રયાસ કરે નહિ. આ કથન દ્વારા આત્માનું કર્તુત્વ સિદ્ધ થાય છે.

વળી, માયાનાશથી આત્મામાં કોઈ પરિવર્તન થતું નથી; એમ જે વેદાંતી કહે છે, તેનું નિરાકરણ અનુભવસિદ્ધ એવા વ્યવહારિક દૃષ્ટાંતથી **ગાથા-૫૭/૫૮ માં** બતાવેલ છે. જેથી ખ્યાલ આવે કે, માયાનાશ વેદાંતીને ઈષ્ટ હોવા છતાં અને તેના માટે જ વેદાંતનો ઉપદેશ છે, તેથી માયાનાશથી પોતાને કાંઈક પ્રાપ્ત કરવું છે, તેમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધ થાય છે; તો પણ એકાંતદૃષ્ટિને કારણે શુદ્ધ વ્યવહારનો લોપ કરીને અનુભવ વિરુદ્ધ તે આત્માને અકર્તા કહે છે

વળી, કોઈ વેદાંતીને પ્રશ્ન થાય કે, શ્રુતિમાં આત્માને કૂટસ્થ નિત્ય કહેલો છે, તેથી અમે આત્માને અકર્તા કહીએ છીએ. તેના સમાધાનરૂપે કૂટસ્થ નિત્યને કહેનારી શ્રુતિ નિશ્ચયનયથી છે અને નિશ્ચયનય નિમિત્તકારણને સ્વીકારતો નથી, માટે તે શ્રુતિ સાચી હોવા છતાં તે શ્રુતિને અવલંબીને આત્માને એકાંતે અકર્તા કહેનારા શુદ્ધ વ્યવહારનો વિલોપ કરીને માર્ગનો નાશ કરનારા છે, એ વાત **ગાથા-૬૧ માં** બતાવેલ છે.

વળી, વેદાંતવાદી આ પ્રપંચને પ્રથમ પારમાર્થિક પછી વ્યવહારિક અને પછી આભાસિક કહે છે. તેને તેના જ વચનના બળથી આ દેખાતો પ્રપંચ એકાંતે મિથ્યા નથી, તે યુક્તિથી સ્થાપન કરેલ છે. તેથી નિશ્ચયનયથી આત્મા પ્રપંચનો કર્તા નહિ હોવા છતાં વ્યવહારનયથી પ્રપંચનો કર્તા માનવો યુક્તિયુક્ત છે, તે વાત અનેક યુક્તિઓથી બતાવેલ છે.

વળી, સાંખ્ય જે ૨૫ તત્ત્વોને માને છે, તે ખરેખર યુક્તિયુક્ત નથી; પરતુ જીવાદિ નવ તત્ત્વો જ યુક્તિયુક્ત છે. તે વાત **ગાથા-૭૫ થી ૭૮ માં** બતાવેલ છે.

વળી, સાંખ્ય કહે છે કે, પ્રકૃતિની દિદૃક્ષાથી સૃષ્ટિ પેદા થાય છે અને પ્રશાંતવાહિતાથી મુક્તિ પેદા થાય છે, પરંતુ આત્મા તો એકાંતે અકર્તા છે. તેની જ યુક્તિને ગ્રહણ કરીને પાંચે કારણો કઈ રીતે માનવાં ઉચિત છે, તે વાત **ગાથા-૭૯** માં બતાવેલ છે, જે વિદ્વાનોને પણ અપૂર્વ યુક્તિરૂપ દેખાય એવો પદાર્થ છે.

**ગાથા-૮૦ માં** આત્માને અકર્તા-અભોક્તા માનનાર સાંખ્યમતના નિરાકરણનું નિગમન કરીને બતાવેલ છે કે, સાંખ્ય જે પ્રકૃતિ કહે છે તે કર્મ છે અને જ્ઞાન-ક્રિયાથી તેનો નાશ થાય છે, અને અશુભભાવનો કર્તા આત્મા સંસાર છે અને શુભભાવનો કર્તા આત્મા ભવપાર છે. આ રીતે **ગાથા-૮૦** સુધી આત્માને અકર્તા-અભોક્તા માનનાર વાદીનું નિરાકરણ કરીને સમ્યક્ત્વના પાંચમા સ્થાનને બતાવવા માટે "મોક્ષ નથી" એમ મિથ્યાત્વના પાંચમા સ્થાનની યુક્તિ બતાવેલ છે.

**ગાથા-૮૧ માં** ઈંદ્રિય વગર સુખ નથી, તેથી મોક્ષ માનો તો દુઃખાભાવરૂપ માનવો પડે અને દુઃખાભાવમાં કોઈ વિચારક પ્રવૃત્તિ કરે નહિ, તેમ બતાવીને મોક્ષ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી; એમ પૂર્વપક્ષીએ સ્થાપન કરેલ છે.

વળી, મોક્ષ માનવામાં આવે તો કાળ અનંત છે અને જીવો મોક્ષે જતા હોય તો સંસાર ખાલી થઈ જાય; અને આત્મા વ્યાપક છે, તેથી મોક્ષરૂપ સુખ-સંપત્તિનું સ્થાન તેના માટે છે, તેમ કહી શકાય નહિ. આ બંને કારણે મોક્ષ નથી, તેમ **ગાથા-૮૨ માં** બતાવેલ છે.

વળી, મોક્ષ નથી તેમાં યુક્તિ બતાવતાં કહે છે કે, મોક્ષ માને તો એક સ્થાનમાં અનંત જીવોનો વાસ માનવો પડે, અને તે કેવી રીતે રહી શકે ? અને મોક્ષ પહેલો કે સંસાર પહેલો એ રીતે યુક્તિઓ જોવાથી મોક્ષ ઘટતો નથી, એમ **ગાથા-૮૩ માં** બતાવેલ છે.

વળી, જો મોક્ષ માનીએ અને ત્યાં કોઈ ભોગવિલાસ ન હોય તો તેવો મોક્ષ નિઃસાર છે. તે વાત **ગાથા-૮૪ માં** બતાવેલ છે. આ રીતે મોક્ષના અભાવની સાધક મિથ્યાત્વની યુક્તિઓનું નિરાકરણ ગ્રંથકારશ્રીએ **ગાથા-૮૫ થી ૯૭** સુધીમાં કરેલ છે. ત્યાં પ્રથમ ભવાભિનંદી જીવો આ પ્રકારની વિચારણા કરે છે, તેમ **ગાથા-૮૫ માં** બતાવીને **ગાથા-૮૬ માં** ઈન્દ્રિયોનું સુખ વાસ્તવિક રીતે દુઃખનું મૂળ છે અને વ્યાધિના પ્રતિકારરૂપ હોવાથી આત્માને અતિપ્રતિકૂળ છે, અને ઉપશમનું સુખ સારરૂપ છે, જે સંસારમાં પણ અનુભવસિદ્ધ છે, અને તેવું સુખ પ્રકર્ષવાળું મોક્ષમાં છે, તેમ સ્થાપન કરીને સંસારમાં સુખ નથી, પારમાર્થિક સુખ મોક્ષમાં જ છે; તે વાત યુક્તિથી બતાવેલ છે.

સંસારમાં જે ઉપશમનું સુખ છે, તે પ્રાથમિક ભૂમિકામાં કેવું હોય છે અને આગળની ભૂમિકામાં કેવું હોય છે, તે વાત **ગાથા-૮૭ માં** બતાવેલ છે. વળી, સંસારમાં ઉપશમસુખની તરતમતા દેખાય છે, તેના પ્રકર્ષરૂપ જ મોક્ષમાં સુખ છે, તે વાત યુક્તિ અને અનુમાનથી **ગાથા-૮૮/૮૯ માં** બતાવેલ છે.

વળી, **ગાથા-૯૦ માં** યુક્તિના બળથી મોક્ષનું સુખ કેવું છે, તે બતાવતાં કહે છે કે, જેમ સંસારમાં સર્વ શત્રુઓનો ક્ષય થાય, સર્વ રોગોનો નાશ થાય, સર્વ ઈષ્ટ અર્થોની પ્રાપ્તિ થાય અને સર્વ કામનાઓ પરિપૂર્ણ થાય અને જેવું અપૂર્વ સુખ થાય તેવું સુખ મોક્ષમાં છે. આ રીતે મોક્ષ સુખરૂપ છે, માટે વિચારકની પ્રવૃત્તિ અવશ્ય તેવા સુખ માટે થાય, તે બતાવીને પૂર્વપક્ષીએ શંકા કરેલ કે જો મોક્ષ માનશો તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનંતકાળમાં સંસાર ખાલી થઈ જશે, એનું નિરાકરણ કરતાં **ગાથા-૯૧/૯૨ માં** બતાવેલ છે કે, કાળ કરતાં પણ જીવો અનંતગુણા છે. તેથી જીવોની સંખ્યા અનંતાનંત હોવાથી સંસાર ખાલી થવાની આપત્તિ ભગવાનના શાસનમાં આવતી નથી.

વળી, પૂર્વપક્ષીએ આત્માને વ્યાપક કહીને મોક્ષગમનનો અસંભવ છે, તેમ બતાવ્યું. તેનું નિરાકરણ કરતાં **ગાથા-૯૩ માં** આત્મા શરીરપ્રમાણ છે, વ્યાપક નથી, તે વાત યુક્તિથી સ્થાપન કરેલ છે. અને સાધના કરીને આત્મા સિદ્ધશિલા ઉપર જઈને રહે છે, એ વાત **ગાથા-૯૪ માં** બતાવેલ છે. અને એક ઠેકાણે અનંતા સિદ્ધો હોવા છતાં પરસ્પર વ્યાઘાત વગર સુખેથી તેઓ રહી શકે છે, એ વાત **ગાથા-૯૫ માં** બતાવેલ છે.

વળી, મોક્ષ નહિ માનનાર પક્ષે શંકા કરેલ કે પહેલાં સંસાર કે પહેલાં મોક્ષ ? તેનું સમાધાન કરતાં બતાવેલ છે કે સંસાર અને નિર્વાણનો ક્રમયોગ શાશ્વત છે, અને શાશ્વતભાવમાં તેવો પ્રશ્ન થાય નહિ કે પહેલાં કોણ ? એ વાત અનુભવ અને દૃષ્ટાંતથી **ગાથા-૯૬ માં** બતાવેલ છે.

**ગાથા-૯૭ માં** મોક્ષ નહિ માનનાર મતના નિરાકરણનું નિગમન કરતાં બતાવેલ છે કે, મોક્ષની ઈચ્છા એ પણ મોટો યોગ છે, કે જેનાથી ભાવિમાં અમૃતક્રિયાની પ્રાપ્તિ થાય છે; જેના ફળરૂપે અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય છે.

આ રીતે સમ્યક્ત્વનું પાંચમું સ્થાન **"મોક્ષ છે"** એ બતાવીને **"મોક્ષનો ઉપાય છે"** એ રૂપ સમ્યક્ત્વના છઠ્ઠા સ્થાનને બતાવવા માટે પ્રથમ મોક્ષ સ્વીકારીને પણ મોક્ષનો ઉપાય નથી, તેમ માનનાર મતની યુક્તિ **ગાથા-૯૮ માં** બતાવેલ છે.

મોક્ષ અનુપાયવાદી કહે છે કે, જે રીતે કાર્ય થવાનું સર્જાયેલું હોય તે રીતે હંમેશાં કાર્ય થાય છે, તેથી ગમે તેટલો પ્રયત્ન કરો તો પણ તેમાં ફેરફાર થશે નહિ; માટે જે જીવનો જ્યારે મોક્ષ થવાનો છે ત્યારે જ થશે. આપણા પ્રયત્નથી ફેરફાર થશે નહિ, માટે મોક્ષનો ઉપાય નથી.

વળી, મોક્ષનો ઉપાય નથી, તેનું સમર્થન કરતાં પૂર્વપક્ષી **ગાથા-૯૯ માં** કહે છે કે, તમે મોક્ષના ઉપાયરૂપે રત્નત્રયી કહો છો, જે ગુણસ્વરૂપ છે. તેથી ગુણમાં યત્ન કરવાથી મોક્ષ થાય છે, તેમ કહો છો; પરંતુ અનાદિથી નિર્ગુણી એવા આત્માને પ્રથમ ગુણ, વગર ગુણે પ્રગટ થયો તો પૂર્ણગુણરૂપ મોક્ષ પણ રત્નત્રયીરૂપ ગુણ વગર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થઈ શકે છે; માટે મોક્ષનો ઉપાય નથી, એ વાત પણ **ગાથા-૯૯ માં** બતાવેલ છે.

વળી, પોતાની વાતનું સમર્થન કરતાં મોક્ષ અનુપાયવાદી પૂર્વપક્ષી કહે છે કે, મરુદેવામાતા ચારિત્ર વગર સિદ્ધ થયાં, ભરત મહારાજા આરિસાભુવનમાં કેવલજ્ઞાન પામ્યા, કેટલાક થોડા કષ્ટે મોક્ષમાં જાય છે, વળી કેટલાક જીવો ઘણા કષ્ટે મોક્ષમાં જાય છે; તેથી નક્કી થાય છે કે, ચારિત્રપાલન કે કષ્ટ વેઠવું તે મોક્ષનો ઉપાય નથી; જો ચારિત્રપાલન કે કષ્ટ વેઠવું તે મોક્ષનો ઉપાય હોય તો બધાને ઘણાં કષ્ટ વેઠવાથી જ મોક્ષ થાય. એ વાત **ગાથા-૧૦૦ માં** બતાવીને **ગાથા-૧૦૧ માં** બતાવેલ છે કે, જેવી ભવિતવ્યતા હોય તે પ્રમાણે મોક્ષ થાય છે, કષ્ટ તો કર્મના નિમિત્તે આવે છે. તેથી તમે મોક્ષને માટે જે કષ્ટ વેઠો છો, તે તમારાં કષ્ટ વેઠવાનાં કર્મોનું ફળ છે; મોક્ષ તો ભવિતવ્યતા પ્રમાણે મળશે.

વળી, પોતાની વાતને દૃઢ કરવા માટે **ગાથા-૧૦૨ માં** કહે છે કે, કેવલીએ કેવલજ્ઞાનમાં જે દિવસે તમારો મોક્ષ જોયો છે, તે દિવસે તમારો મોક્ષ થશે. તેમના જ્ઞાનમાં દેખાયેલા ભવોમાં વૃદ્ધિ કે હાનિ થશે નહિ. તેથી મોક્ષને માટે કાયકષ્ટ કરવાં વ્યર્થ છે. આ રીતે મોક્ષના અનુપાયવાદી મતને બતાવીને તેનું નિરાકરણ **ગાથા-૧૦૩ થી ૧૧૫** સુધી કરેલ છે.

ત્યાં સૌ પ્રથમ **ગાથા-૧૦૩ માં** બતાવેલ છે કે, કામભોગમાં લંપટ જીવો મોક્ષ સ્વીકારીને મોક્ષના કારણોની અવગણના કરે છે, તેમની આ માન્યતામાં "કાર્ય માનવું અને કારણ ન માનવું" એ જ મોટો દોષ છે. લોકમાં અનુભવસિદ્ધ છે કે, કારણથી જ કાર્ય થાય છે, એ રીતે મોક્ષ કારણથી થાય છે; એ બતાવીને સર્જ્યું હશે તે થશે, એમ જે પૂર્વપક્ષી કહે છે, તેનું નિરાકરણ **ગાથા-૧૦૪ માં** કરતાં કહે છે કે, જો "સર્જ્યું હશે તેમ થશે" તેમ સ્વીકારીએ તો સર્વ કાર્યમાં તેવો સંદેહ થશે. તો ઘટનો અર્થી ઘટના ઉપાયમાં પ્રવૃત્તિ કરી શકશે નહિ, ધનનો અર્થી ધનના ઉપાયમાં પ્રવૃત્તિ કરી શકશે નહિ અને તૃપ્તિનો અર્થી ભોગમાં પ્રવૃત્તિ કરી શકશે નહિ. અને તેની અનેક યુક્તિઓ **ગાથા-૧૦૫/૧૦૬ માં** બતાવીને સ્થાપન કર્યું કે, કામભોગલંપટ જીવો જ પાપમાં ઉદ્યમને આગળ કરે છે અને ધર્મમાં 'સર્જ્યું હશે' તેમ બોલે છે, તે જ તેમનું મિથ્યાત્વ છે.

વળી, મોક્ષ અનુપાયવાદી પૂર્વપક્ષીએ કહેલ કે પહેલો ગુણ જેમ ગુણ વગર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રગટે છે, તેમ પૂર્ણ ગુણરૂપ મુક્તિ પણ ગુણ વગર પ્રગટ થઈ શકે. તેનું નિરાકરણ કરતાં **ગાથા-૧૦૭ થી ૧૦૯ માં** બતાવેલ છે કે, પહેલો ગુણ ભવસ્થિતિના પરિપાકથી થાય છે; અને બીજા ગુણો, પ્રથમ ગુણથી બીજો ગુણ, બીજા ગુણથી ત્રીજો ગુણ, એમ કરતાં કરતાં પૂર્ણ ગુણની પ્રાપ્તિ થાય છે. તેથી પ્રથમ ગુણની પ્રાપ્તિ થયા પછી ઉત્તર ઉત્તર ગુણમાં ઉદ્યમ કરવાથી ઉત્તર ઉત્તર ગુણ પ્રગટે છે, અને પરિપૂર્ણ ગુણો પ્રગટ થતાં મોક્ષ થાય છે. માટે મોક્ષનો ઉપાય ગુણની પ્રાપ્તિ છે અને ગુણની પ્રાપ્તિ ઉદ્યમથી જ થાય છે.

વળી, પૂર્વપક્ષીએ કહેલ કે, ભરતાદિક આરિસાભુવનમાં કેવલજ્ઞાન પામ્યા, તેથી સંયમમાં ઉદ્યમ કરવાથી મોક્ષ થતો નથી; તેનું નિરાકરણ કરતાં **ગાથા-૧૧૦ માં** કહેલ છે કે, ભરતાદિક મોક્ષને પામ્યા તે છીંડીપથ=ઉત્પથ=વિષમ માર્ગ છે, રાજમાર્ગ નથી, તેથી ઉત્પથમાં જતાં કોઈક ભરતાદિક જેવા મોક્ષમાં પહોંચી ગયા, પરંતુ મોક્ષમાં જવાનો રાજમાર્ગ તો ક્રિયા જ છે.

વળી, મોક્ષ અનુપાયવાદીએ કહેલ કે, જે કાળે મોક્ષ થવાનો છે, તે કાળે જ નિયત મોક્ષ થશે; તપ-ક્રિયાનાં કષ્ટ તો કર્મના નિમિત્તે થાય છે. તેનું નિરાકરણ કરતાં **ગાથા-૧૧૧ માં** બતાવેલ છે કે, જાણીને કષ્ટો સહન કરવાથી ક્ષયોપશમભાવની વૃદ્ધિ થાય છે, અને તેથી જ નિઃસ્પૃહતાગુણ પ્રગટે છે અને તે નિઃસ્પૃહતાની બુદ્ધિથી જ ક્રમે કરીને મોક્ષ પ્રગટે છે.

વળી, તેની જ પુષ્ટિ કરતાં **ગાથા-૧૧૨ માં** કહેલ છે કે, જે જીવનાં ઘણાં કર્મો હોય છે તેને ઘણો ઉદ્યમ કરવાથી નિઃસ્પૃહતા આદિ ગુણો પ્રગટે છે, અને જે જીવનાં અલ્પ કર્મો હોય છે તેને અલ્પ શ્રમ કરવાથી નિઃસ્પૃહતા આદિ ગુણો પ્રગટે છે. પરંતુ મોક્ષનો ઉપાય તો નિઃસ્પૃહતા આદિ ગુણો પ્રગટ થવા તે જ છે.

વળી, તે કથનને જ દૃઢ કરવા માટે **ગાથા-૧૧૩ માં** કહેલ છે કે, જેમ દંડાદિથી જ ઘટ થાય છે, તેમ રત્નત્રયીથી જ મોક્ષ થાય છે. ફક્ત જેમ માટીવિશેષ હોય તો ઘટવિશેષ થાય, તેમ ઉપાદાનની વિશેષતાથી તીર્થંકરસિદ્ધ, અતીર્થંકરસિદ્ધ આદિ ભેદો પડે છે.

વળી, કેટલાક વ્રતમાં પ્રવૃત્તિ કરવા છતાં મોક્ષરૂપ ફળ પામતા નથી, તેનું કારણ વિઘટક સામગ્રી છે. જેમ - ખેતી કરવાથી ધાન્ય નીપજે; પરંતુ વરસાદ ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય તો કાર્ય ન થાય, તો પણ ધાન્યપ્રાપ્તિનું કારણ જેમ ખેતીની પ્રવૃત્તિ છે, તેમ મોક્ષની પ્રાપ્તિનું કારણ ચારિત્રાદિ ક્રિયાઓ જ છે. આ વાત **ગાથા-૧૧૪ માં** બતાવીને રત્નત્રયીમાં મોક્ષની હેતુતાનો સંશય નથી; માટે મોક્ષનો ઉપાય રત્નત્રયી છે, એમ શ્રદ્ધા કરવી જોઈએ; એમ સ્થાપન કરીને સમ્યક્ત્વનું છઠ્ઠું સ્થાન પૂર્ણ કર્યું.

આ રીતે સમ્યક્ત્વનાં છ સ્થાનો બતાવીને તેની શ્રદ્ધાથી સમ્યક્ત્વ પ્રગટે છે અને તેને જ સઘળો મોક્ષમાર્ગ યથાર્થ સૂઝે છે, એ વાત **ગાથા-૧૧૬ માં** બતાવેલ છે.

વળી, મિથ્યાદૃષ્ટિ જીવ જ એક નયને ગ્રહણ કરીને અન્ય નયનો અપલાપ કરે છે, તે રીતે જ મિથ્યાદૃષ્ટિ જીવ જ આ છ સ્થાનકોમાં એકેક સ્થાનરૂપ એકેક નયને પકડીને અન્ય અન્ય નયરૂપ અન્ય અન્ય સ્થાનોનો અપલાપ કરે છે, અને સ્યાદ્વાદી સર્વ નયોને યથાસ્થાને જોડીને વિવેકવાળો બને છે. એ વાત **ગાથા-૧૧૭/ ૧૧૮ માં** બતાવેલ છે.

વળી, કયા નયમાંથી કયાં દર્શનો ઊઠ્યાં છે અને તેઓ આ છ સ્થાનોમાં તે તે સ્થાનનો અપલાપ કરે છે, એ બતાવવા માટે **ગાથા-૧૧૦ માં** બતાવેલ છે કે - નૈયાયિક અને વૈશેષિક નૈગમનય ઉપર, વેદાંતી સંગ્રહનય ઉપર, કપિલ શિષ્ય વ્યવહારનય ઉપર, સૌગતના ચાર મતો ઋજુસૂત્રાદિ નયો ઉપર, અને મિમાંસક નયના સંકરથી=અનેક નયો ભેગા કરીને, ચાલે છે; અને આ રીતે એકેક નયને પકડીને તેઓ મિથ્યાવાદી બને છે.

વળી **ગાથા-૧૨૦/૧૨૧ માં** એકાંતવાદ કઈ રીતે સંગત નથી, અને સ્યાદ્વાદ જ કઈ રીતે સંગત છે; તે યુક્તિથી બતાવેલ છે.

વળી, નયોનો સાચો બોધ શ્રુત, ચિંતા અને ભાવનાજ્ઞાનથી કઈ ભૂમિકાનો થાય છે; તે બતાવવા માટે **ગાથા-૧૨૨ માં** શ્રુત, ચિંતા અને ભાવનાજ્ઞાનની પરિણતિ બતાવેલ છે.

વળી, **ગાથા-૧૨૩ માં** સ્વદર્શન અને પરદર્શનના અભ્યાસથી જ ચારિત્રની વૃદ્ધિ થાય છે, માત્ર ક્રિયાથી નહિ; તે બતાવીને મોક્ષના અર્થીએ જેમ સમ્યક્ત્વનાં છ સ્થાનોમાં યત્ન કરવો જરૂરી છે, તેમ દર્શનવાદ ભણવો પણ અતિ ઉપકારક છે, તેમ બતાવેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રંથના અંતે **ગાથા-૧૨૪ માં** આ છ સ્થાનો જિનશાસનરૂપી રત્નાકરમાંથી ઉદ્ધૃત કરેલ છે, માટે ચિંતામણિ રત્ન કરતાં પણ અધિક છે, એમ બતાવેલ છે.

સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ ગ્રંથનું વિવરણ કરવામાં છદ્મસ્થતાને કારણે અનાભોગથી ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય, તે બદલ મિચ્છા મિ દુક્કડં..... !

**વિ. સં. ૨૦૫૭, ભાદરવા સુદ-૧૫,** **- પ્રવીણચંદ્ર ખીમજી મોતા**
**રવિવાર, તા. ૨-૯-૨૦૦૧**

**૩૦૨, વિમલ વિહાર, સરસ્વતી સોસાયટી,**
**પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| સમ્યક્ત્વનાં છ સ્થાનો | મિથ્યાત્વનાં છ સ્થાનો | કોનું ખંડન ? |
|---|---|---|
| (૧) જીવ છે. | જીવ નથી. | ચાર્વાકમતનું ખંડન |
| (૨) જીવ નિત્ય છે. | જીવ નિત્ય નથી. | બૌદ્ધમતનું ખંડન |
| (૩) જીવ સ્વ પુણ્ય-પાપનો કર્તા છે. | જીવ સ્વ પુણ્ય-પાપનો કર્તા નથી. | સાંખ્યમત અને વેદાંતીનું ખંડન. |
| (૪) જીવ સ્વ પુણ્ય-પાપનો ભોક્તા છે. | જીવ સ્વ પુણ્ય-પાપનો ભોક્તા નથી. | સાંખ્યમત અને વેદાંતીનું ખંડન. |
| (૫) મોક્ષ છે. | મોક્ષ નથી. | સાંખ્યમત અને વેદાંતીનું ખંડન. |
| (૬) મોક્ષનો ઉપાય છે. | મોક્ષનો ઉપાય નથી. | અનુપાયવાદીનું ખંડન. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ

## સંક્ષિપ્ત અનુક્રમણિકા


| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧-૨ | મંગલ પ્રયોજન. | ૧-૪ |
| ૩ | છ સ્થાન નિરૂપણ. | ૪-૫ |
| ૫-૧૭ | નાસ્તિકવાદની માન્યતા બતાવવાપૂર્વક તેનું ખંડન/ ચાર્વાકમત સંબદ્ધ. | ૮-૩૪ |
| ૧૮-૩૩ | અનિત્યવાદની માન્યતા બતાવવાપૂર્વક તેનું ખંડન/ બૌદ્ધમત સંબદ્ધ. | ૩૪-૮૫ |
| ૩૪-૮૦ | અકર્તા-અભોક્તાવાદની માન્યતા બતાવવાપૂર્વક તેનું ખંડન/સાંખ્યમત/વેદાંતી સંબદ્ધ. | ૮૫-૨૨૦ |
| ૮૧-૯૭ | અનિર્વાણવાદીની માન્યતા બતાવવાપૂર્વક તેનું ખંડન. | ૨૨૦-૨૭૩ |
| ૯૮-૧૧૫ | અનુપાયવાદીની માન્યતા બતાવવાપૂર્વક તેનું ખંડન/ એકાંત નિયતિવાદ સંબદ્ધ. | ૨૭૪-૩૩૬ |


## વિસ્તૃત અનુક્રમણિકા


| ગાથા | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧ | મંગલાચરણ, અનુબંધચતુષ્ટય સંબદ્ધ. | ૧-૨ |
| ૨ | છ સ્થાન બતાવવાની પ્રતિજ્ઞા, સમ્યગ્દર્શનસ્વરૂપ સમ્યક્ત્વનાં છ સ્થાનોનાં નામો. | ૨-૪ |
| ૪ | સમ્યક્ત્વનાં છ સ્થાનોથી વિપરીત મિથ્યાત્વનાં છ સ્થાનોનો નામ-નિર્દેશ, મિથ્યાત્વનું સ્વરૂપ. | ૫-૮ |
| ૫-૮ | મિથ્યાત્વના પહેલા સ્થાનના નાસ્તિકવાદનું સ્વરૂપ. | ૮-૧૫ |
| ૫-૭ | શરીરથી ભિન્ન આત્માના અસ્વીકારની | |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | ચાર્વાક્ દર્શનની યુક્તિ. | ૮-૧૨ |
| ૫-૧૭ | આત્માના અસ્તિત્વના સ્થાપક સમ્યક્ત્વનાં છ સ્થાનનું વર્ણન. | ૮-૩૪ |
| ૮ | ચાર્વાકમત, પરલોક આદિનો અભાવ અને તપ-જપ આદિ નિષ્ફળ. | ૧૨-૧૫ |
| ૯-૧૭ | આત્માના અસ્તિત્વની સાબિતિ દ્વારા ચાર્વાકમતનું નિરાકરણ. | ૧૫-૩૪ |
| ૧૦ | અનુમાનપ્રમાણથી આત્માની સાબિતિ. | ૧૬-૧૮ |
| ૧૧ | જ્ઞાન-આદિના ઉપાદાનસ્વરૂપ આત્માની સ્થાપક યુક્તિ. | ૧૮-૨૧ |
| ૧૨ | જોડલા જન્મેલામાં પણ પ્રજ્ઞા આદિની તરતમતાથી કાયાથી ભિન્ન આત્માની સાબિતિ. | ૨૧-૨૨ |
| ૧૩ | વાયુની જેમ અરૂપી આત્મા અનુમાનથી ગ્રાહ્ય. | ૨૨-૨૫ |
| ૧૪ | બાળકના સ્તનપાન અને મરણના ભય દ્વારા પરલોકની સાબિતિ. | ૨૫-૨૭ |
| ૧૫ | સુખ-દુઃખ દ્વારા પુણ્ય-પાપની સાબિતિ. | ૨૭-૨૯ |
| ૧૬ | મહાજનની પુણ્ય માટે પ્રવૃત્તિને આશ્રયીને પુણ્ય-પાપની સાબિતિ. | ૩૦-૩૨ |
| ૧૮-૩૩ | ક્ષણસંતતિરૂપ જ્ઞાનને જ ક્ષણિક આત્મસ્વરૂપ સ્વીકારની બૌદ્ધની યુક્તિના નિરાકરણની ચર્ચા. | ૩૪-૮૫ |
| ૧૮ | આત્માને નિત્યસ્વરૂપે અસ્વીકારની અને ક્ષણિક સ્વરૂપે સ્વીકારની બૌદ્ધની યુક્તિ. | ૩૪-૩૭ |
| ૧૯ | પદાર્થની ઉત્પત્તિક્ષણમાં અને અંતક્ષણમાં એક સ્વભાવ સ્વીકારવાથી બૌદ્ધમતે ક્ષણિકવાદની સાબિતિ. | ૩૭-૪૦ |
| ૧૯-૨૦ | પદાર્થને ક્ષણિક માનવાથી વૈરાગ્યને કારણે બૌદ્ધમતે મોક્ષની પ્રાપ્તિ, બૌદ્ધમતે સંસાર અને મોક્ષનું સ્વરૂપ. | ૩૭-૪૧ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૧ | એકાંત ક્ષણિકવાદમાં બંધ અને મોક્ષના અસંભવની યુક્તિ. | ૪૧-૪૮ |
| ૨૨ | સદ્દશક્ષણના પ્રારંભને વાસના સ્વીકારનાર બૌદ્ધમતની અસંગતિની યુક્તિ. | ૪૮-૫૫ |
| ૨૩ | એક જ ક્ષણ ઉત્તરક્ષણ પ્રત્યે ઉપાદાન અને અન્ય સંતતિ પ્રત્યે નિમિત્ત સ્વીકારવા છતાં ક્ષણભેદ નહિ સ્વીકારનાર બૌદ્ધમતને પૂર્વ-અપર પર્યાયમાં એક અનુગત દ્રવ્ય સ્વીકારની આપત્તિ. | ૫૫-૫૬ |
| ૨૪ | એકાંત ક્ષણિકવાદમાં હિંસાનો અસંભવ, વિસદ્દશક્ષણના જનકને હિંસક કહેવાથી બુદ્ધને હિંસક માનવાની આપત્તિ. | ૫૬-૬૦ |
| ૨૫ | નહિ ચિંતવીને કરાયેલી ક્રિયાથી પાપફળની પ્રાપ્તિ નહિ હોવાને કારણે, મૃગની વિસદ્દશક્ષણનો જનક બુદ્ધ હોવા છતાં હિંસકની અપ્રાપ્તિસ્થાપક યુક્તિનું નિરાકરણ. | ૬૦-૬૪ |
| ૨૬ | બૌદ્ધમતે ખલપિંડને મનુષ્ય માની પકવવાથી કર્મબંધ, અને મનુષ્યને પણ ખલ જાણીને પકવવામાં દોષાભાવ, ખલપિંડ જાણીને મનુષ્યના પકવાયેલા માંસથી બુદ્ધને પારણું કરાવવામાં પણ દોષાભાવ. | ૬૪-૬૭ |
| ૨૭ | બકરાના માંસથી સંઘની ભક્તિ કરવામાં દોષાભાવ સ્વીકારનાર બૌદ્ધની અજ્ઞતા. | ૬૮-૭૧ |
| ૨૮ | જૈનમતે ત્રણ પ્રકારની હિંસાનું સ્વરૂપ, એકાંત ક્ષણિકવાદમાં અને એકાંત નિત્યવાદમાં હિંસાની અઘટમાનતા. | ૭૧-૭૩ |
| ૨૯ | નિશ્ચયનયસ્વરૂપ ઋજુસૂત્રનયથી ક્ષણિકવાદ સ્વીકારતા બૌદ્ધમતે વ્યવહારનયનો અપલાપ. | ૭૩-૭૪ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૩૦ | આત્માને નિત્ય માનવાથી ધ્રુવ રાગ-દ્વેષની પ્રાપ્તિની બૌદ્ધની યુક્તિનું નિરાકરણ. | ૭૫-૭૮ |
| ૩૧ | આત્માને નિત્ય માનવાથી જ આત્મા ઉપર રાગ થવાને કારણે પ્રથમ મોક્ષાર્થે પ્રવૃત્તિ, આત્માને નિત્ય માનવાથી જ સંસાર અને મોક્ષની સંગતિ. | ૭૮-૮૧ |
| ૩૨ | ભવબીજના તિરોભાવથી અને અનંતજ્ઞાનના આવિર્ભાવથી મુક્તસ્વભાવવાળા આત્માની નિત્યતા. | ૮૧-૮૩ |
| ૨૯-૩૨ | એકાંત ક્ષણિકવાદના નિવારણપૂર્વક આત્માની નિત્યતાસ્થાપક યુક્તિ. | ૭૩-૮૩ |
| ૩૪-૫૪ | આત્મને પુણ્ય-પાપના કર્તા અને ભોક્તાસ્થાપક સમ્યક્ત્વના ત્રીજા અને ચોથા સ્થાનનું વર્ણન. | ૮૫-૧૩૭ |
| ૩૪ | વેદાંતી અને સાંખ્યમતે આત્માને અકર્તાસ્વરૂપ અને મુખ્ય અભોક્તાસ્વરૂપે સ્વીકાર. | ૮૫-૮૬ |
| ૩૪-૪૬ | ભવપ્રપંચ અને મોક્ષસાધનાની પ્રવૃત્તિવિષયક અને આત્માને અકર્તા-અભોક્તાસ્થાપક વેદાંતમતની માન્યતાનું નિરૂપણ. | ૮૫-૧૧૮ |
| ૩૫ | વેદાંતીના મતે જ્ઞાન-અજ્ઞાનના મિશ્રભાવસ્વરૂપે સ્વપ્ન જેવા દેખાતા સંસારનો પ્રપંચ. | ૮૮-૯૦ |
| ૩૬ | પરિણામીને અસત્ અને અપરિણામી બ્રહ્મને સત્ સ્વરૂપે સ્થાપક વેદાંતીની યુક્તિ. | ૯૦-૯૩ |
| ૩૭ | આત્મજ્ઞાનથી પ્રપંચના નાશની વેદાંતીની યુક્તિ દૃષ્ટાંતપૂર્વક. | ૯૩-૯૭ |
| ૩૮ | પ્રપંચભ્રાંતિના અધિષ્ઠાનને બ્રહ્મસ્વરૂપે સ્વીકારની વેદાંતીની યુક્તિ, આત્માને કર્મના લેપના અસંભવની વેદાંતીની યુક્તિ. | ૯૭-૧૦૦ |
| ૩૯ | સાંખ્યમતે જે અનાદિભાવ હોય તે સાંત સંભવે નહિ. | ૧૦૦-૧૦૨ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૪૦ | અજ્ઞાનને કારણે જ આત્માને બંધની પ્રતીતિની વેદાંતીની યુક્તિ. | ૧૦૨-૧૦૪ |
| ૪૧ | વેદાંતમતે આત્મા કર્મનો અકર્તા હોવા છતાં કંઠચામીકરન્યાયથી યોગીની કર્મનાશમાં પ્રવૃત્તિ. | ૧૦૪-૧૦૫ |
| ૪૨ | વેદાંતમતે કર્મબંધની ભ્રાંતિ જવાથી સિદ્ધયોગીની પ્રવૃત્તિ અને નિવૃત્તિનો અભાવ, વેદાંત મતે વ્યવહારનયથી આત્મા કર્તા હોવા છતાં પરમાર્થથી કર્મનો અકર્તા. | ૧૦૬-૧૦૮ |
| ૪૩ | વેદાંતમતે અભિધ્યાનથી પ્રપંચમાં પારમાર્થિક બુદ્ધિનો નાશ અને તત્ત્વજ્ઞાનથી વ્યવહારબુદ્ધિનો નાશ અને કૈવલ્યથી આભાસિક બુદ્ધિનો નાશ. | ૧૦૮-૧૧૨ |
| ૪૪ | વેદાંતમતે જીવન્મુક્તને સાધનાની અપ્રવૃત્તિ વેદાંતમતે અવિદ્યાકાળમાં જ સાધનાની પ્રવૃત્તિ. | ૧૧૨-૧૧૪ |
| ૪૫ | વેદાંતમતે જ્ઞાનીને વિધિ-નિષેધસ્વરૂપ ક્રિયાનો અભાવ, સાંપ્રદાયિક વેદાંતમતે જ્ઞાનીની પ્રારબ્ધ અદૃષ્ટથી આહાર-વિહાર આદિની પ્રવૃત્તિ અને ઉચ્છૃંખલ વેદાંતમતે અન્યના અદૃષ્ટથી જ્ઞાનીના શરીરની સ્થિતિ. | ૧૧૪-૧૧૭ |
| ૪૬-૫૪ | આત્માને અકર્તા અને અભોક્તા માનનાર અને પ્રકૃતિને જ કર્તા અને ભોક્તા માનનાર સાંખ્યમતનું નિરૂપણ. | ૧૧૭-૧૩૭ |
| ૪૬ | સાંખ્યમતે પ્રકૃતિ પ્રપંચની કર્તા. | ૧૧૭-૧૧૮ |
| ૪૭ | સાંખ્યમતે બુદ્ધિમાં આત્માના પ્રતિબિંબને કારણે વિષય-ઉપરાગ, પુરુષ-ઉપરાગ અને વ્યાપારાવેશ. | ૧૧૮-૧૨૦ |
| ૪૮ | સાંખ્યમતે બુદ્ધિમાં આત્માના પ્રતિબિંબને કારણે થતો ભ્રમ અને વિવેકખ્યાતિથી ભ્રમનો નાશ. | ૧૨૦-૧૨૨ |
| ૪૯ | સાંખ્યમતે પ્રકૃતિની જ હિત અને અહિતમાં પ્રવૃત્તિ અને ઉપચારથી આત્માની પ્રવૃત્તિનો સ્વીકાર. | ૧૨૩-૧૨૫ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૫૦ | સાંખ્યમતે આત્માનું સ્વરૂપ અને આત્માનો કર્તાસ્વરૂપે અસ્વીકાર. | ૧૨૫-૧૨૭ |
| ૫૧ | સાંખ્યમતે પ્રકૃતિનો વિલાસ અને મુક્તિનું સ્વરૂપ. | ૧૨૮-૧૩૦ |
| ૫૨ | સાંખ્યમતે પ્રકૃતિના કૃત્યનો અવિવેકને કારણે પુરુષમાં ઉપચાર. | ૧૩૦-૧૩૨ |
| ૫૩ | સાંખ્યમતે આત્માને અકાર્ય અને અકારણરૂપે સ્વીકાર અને મૂળ પ્રકૃતિને અકાર્યસ્વરૂપે સ્વીકાર અને મહત્-આદિ સાત પદાર્થને કારણસ્વરૂપે અને કાર્યસ્વરૂપે સ્વીકાર અને પાંચ ભૂત અને અગિયાર ઈંદ્રિયોને અકારણસ્વરૂપે સ્વીકાર. | ૧૩૨-૧૩૪ |
| ૫૪ | આત્માને અકર્તા અને અભોક્તા માનનાર સાંખ્યમતે અને વેદાંતમતે બંધ અને મોક્ષની અઘટમાનતા. | ૧૩૫-૧૩૭ |
| ૫૫ | સાંખ્યમતે અને વેદાંતમતે ઉપચારથી બંધ અને ઉપચારથી મોક્ષની પ્રાપ્તિને કારણે મોક્ષનો ઉપદેશ આપનારાં શાસ્ત્રોની વ્યર્થતા. | ૧૩૭-૧૩૯ |
| ૫૬ | વેદાંતને અને સાંખ્યને પરિણામી આત્મા સ્વીકારની આપત્તિ. | ૧૩૯-૧૪૦ |
| ૫૭ | માયાનાશને શુદ્ધ અધિકરણસ્વરૂપ સ્વીકારીને આત્માને કૂટસ્થ નિત્ય સ્થાપક વેદાંતીની યુક્તિનું નિરાકરણ, રત્ન આદિની શુદ્ધ અવસ્થા-અશુદ્ધ અવસ્થાની જેમ આત્માની પણ શુદ્ધ અવસ્થા-અશુદ્ધ અવસ્થાના સ્વીકારની વેદાંતીને આપત્તિ. | ૧૪૦-૧૪૫ |
| ૫૮-૫૯ | ક્રિયાથી, આત્માની શુદ્ધિમાં દાસૂરઋષિની યુક્તિ. | ૧૪૫-૧૫૦ |
| ૬૦ | આત્માને કથંચિત્ શુદ્ધ-અશુદ્ધ સ્વીકારવાથી જ મુક્તિને કહેનારાં શાસ્ત્રોની સફળતા, આત્માને શુદ્ધ-અશુદ્ધ સ્વીકારમાં વિરોધના અભાવની યુક્તિ. | ૧૫૦-૧૫૩ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૬૧ | આત્માને એકાંતે શુદ્ધ કહેનાર શ્રુતિની નિશ્ચયનયથી સંગતિ, શુદ્ધ નિશ્ચયનયથી નિમિત્ત કારણનો અસ્વીકાર અને નિજભાવનું કર્તૃત્વ. | ૧૫૩-૧૫૫ |
| ૬૨ | વ્યવહારનયથી જીવ કર્મનો કર્તા. | ૧૫૫-૧૫૭ |
| ૬૩ | બીજ-અંકુર ન્યાયથી દ્રવ્યકર્મ અને ભાવકર્મની પરંપરા, અનાદિ એવા પણ કર્મના નાશનો સંભવ. | ૧૫૮-૧૬૩ |
| ૬૪ | ભવ્યત્વનું સ્વરૂપ, મુક્તિના પ્રાગભાવસ્વરૂપ જ ભવ્યત્વનો પરિણામ, સંસારની માયાને એકાંતે મિથ્યા કહેવાથી માતાને વંધ્યા સ્વીકારની આપત્તિ. | ૧૬૩-૧૬૯ |
| ૬૫ | એકાંતે સ્વપ્નતુલ્ય પ્રપંચને કહેનાર વેદાંતીની યુક્તિનું નિરાકરણ. | ૧૭૦-૧૭૨ |
| ૬૬ | ગૌરવ હોવાને કારણે બાહ્ય સંબંધરહિત અનાદિ-અનંત બ્રહ્મને જ એકાંતે સ્વીકારની વેદાંતીની યુક્તિનું નિરાકરણ, સવિકલ્પજ્ઞાન જ પ્રમાણ સ્વીકારવાની યુક્તિ. | ૧૭૨-૧૮૦ |
| ૬૭-૬૮ | બે બ્રહ્મને કહેનારા, એક બ્રહ્મને કહેનારા અને જગતને માયાસ્વરૂપે કહેનારા ભિન્ન ભિન્ન શ્રુતિના વચનોને એકાંતવાદીઓ દ્વારા એકાંતે ગ્રહણ હોવા છતાં તેમાં રહેલી આકાંક્ષાની નિવૃત્તિનો સ્યાદ્વાદથી જ સંભવ. | ૧૮૦-૧૮૩ |
| ૬૯-૭૧ | અન્યના અદૃષ્ટથી જ્ઞાનીના શરીરની સ્થિતિ સ્વીકારમાં ઉચ્છૃંખલ વેદાંતીની યુક્તિનું નિરાકરણ. | ૧૮૪-૧૯૨ |
| ૭૨ | અવિદ્યાથી પ્રપંચની અસંગતિ સ્થાપીને જ્ઞાનાવરણીયકર્મના સ્વીકારથી જ અજ્ઞાન, અને કર્મના ઉદયથી સંસાર, અને કર્મના ક્ષયથી મુક્તિના સ્વીકારની સ્થાપક યુક્તિ. | ૧૯૨-૧૯૪ |
| ૭૩-૮૦ | ચિત્‌ને બુદ્ધિમાં પ્રતિબિંબિત સ્વીકારીને ૨૫ તત્ત્વોના સ્થાપન દ્વારા આત્માને અકર્તા-અભોક્તાના સ્થાપક સાંખ્યમતના નિરાકરણની ચર્ચા. | ૧૯૫-૨૨૦ |
| ૭૫ | બુદ્ધિમાં અરૂપી આત્માના પ્રતિબિંબના અસંભવની યુક્તિ. | ૧૯૯-૨૦૩ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ગાથા | વિષય | પૃષ્ઠ |
| --- | --- | --- |
| ૭૬-૭૭ | બુદ્ધિના નિત્યાનિત્ય વિકલ્પ પાડીને સાંખ્યને દોષની આપત્તિ દ્વારા નવતત્ત્વની સ્થાપક યુક્તિ. | ૨૦૩-૨૧૦ |
| ૭૮ | નર્તકીના દૃષ્ટાંતથી પ્રકૃતિ દ્વારા સંસાર અને મોક્ષની સંગતિસ્થાપક સાંખ્યની યુક્તિનું નિરાકરણ. | ૨૧૦-૨૧૩ |
| ૭૯ | પ્રકૃતિની દિદક્ષાથી સૃષ્ટિ અને પ્રકૃતિની શાંતવાહિતાથી મુક્તિના સ્થાપક સાંખ્યની માન્યતાના નિરાકરણપૂર્વક જીવને કર્તા સ્થાપીને પાંચ કારણની સ્થાપક યુક્તિ. | ૨૧૩-૨૧૭ |
| ૮૦ | સાંખ્યમતને અભિમત પ્રકૃતિનો કર્મસ્વરૂપે સ્વીકાર, અને જ્ઞાન-ક્રિયાથી પ્રકૃતિનો નાશ, અને અશુદ્ધ ભાવોનો કર્તા સંસારી આત્મા, અને શુદ્ધ ભાવોનો કર્તા મુક્ત આત્મા. | ૨૧૮-૨૨૦ |
| ૮૧ | ઈંદ્રિયોનો વિલાસ નહિ હોવાને કારણે મોક્ષમાં સુખનો અસ્વીકાર કરીને અને દુઃખાભાવ સ્વરૂપ મોક્ષમાં વિચારકની અપ્રવૃત્તિની પૂર્વપક્ષીની યુક્તિ. | ૨૨૦-૨૨૩ |
| ૮૨ | સંસાર ખાલી થવાની આપત્તિ હોવાથી, અને આત્મા વ્યાપક હોવાથી મોક્ષના અસ્વીકારની પૂર્વપક્ષની યુક્તિ. | ૨૨૩-૨૨૫ |
| ૮૩ | એક સ્થાનમાં અનંત જીવોના નિવાસનો અસંભવ હોવાને કારણે, અને અનાદિસિદ્ધ એક મુક્તને માનવાની આપત્તિ હોવાને કારણે, અને પહેલાં સંસાર કે પહેલાં મુક્તિ - એ બંનેની અઘટમાનતા હોવાને કારણે, મોક્ષના અસ્વીકારની પૂર્વપક્ષીની યુક્તિ. | ૨૨૬-૨૨૮ |
| ૮૪ | ભોગ આદિ રહિત મુક્તિ કરતાં વનના હરણની શ્રેષ્ઠતા હોવાને કારણે મુક્તિના અભાવની પૂર્વપક્ષીની યુક્તિ. | ૨૨૮-૨૨૯ |
| ૮૫ | ભવાભિનંદી જીવ વડે મુક્તિનો અપલાપ. | ૨૩૦-૨૩૧ |
| ૮૬ | ઈંદ્રિયસુખનો દુઃખના મૂળસ્વરૂપે, વ્યાધિના પ્રતિકાર સ્વરૂપે, અને અતિપ્રતિકૂળસ્વરૂપે સ્વીકાર; ઉપશમના સુખનો શ્રેષ્ઠ સુખસ્વરૂપે સ્વીકાર. | ૨૩૨-૨૩૮ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૮૭ | ઉપશમસુખમાં પ્રથમ અભ્યાસ અને મનોરથનું સુખ અને પછી જ નિર્વિકલ્પ સુખની પ્રાપ્તિ. | ૨૩૮-૨૪૩ |
| ૮૮ | ઉપશમસુખની પ્રકર્ષ અવસ્થા, દોષાવરણની હાનિની પ્રકર્ષ અવસ્થા પરમપદસ્વરૂપ. | ૨૪૩-૨૪૬ |
| ૮૯ | સંસારમાં મન અને શરીરનાં દુઃખો, અને મન અને શરીરના અભાવમાં નિસ્તરંગ આત્મદશા, અને તેને ઉપચારવિશેષથી મોક્ષનો વ્યપદેશ. | ૨૪૬-૨૪૮ |
| ૮૫-૯૦ | ઈંદ્રિયવિલાસ નહિ હોવાને કારણે મોક્ષને સુખસ્વરૂપે અસ્વીકારની જૈમિનિમતની યુક્તિનું નિરાકરણ. | ૨૩૦-૨૫૨ |
| ૯૦ | મોક્ષસુખનું સ્વરૂપ, સંસારસુખ સાથે મોક્ષસુખની તુલના. | ૨૪૮-૨૫૨ |
| ૯૧-૯૨ | અનંતકાળથી મોક્ષગમન સ્વીકારવાને કારણે સંસારને જીવ વગરના સ્વીકારની મોક્ષ-અભાવવાદીની યુક્તિનું નિરાકરણ. | ૨૫૨-૨૫૮ |
| ૯૩ | આત્માને વ્યાપક માનનારને ભવની, સિદ્ધિની, શરીર સાથે સંબંધ બાંધવાની, શરીર છોડવાની અને ક્રિયાથી શરીરના વધવાની, અઘટમાનતા. - પરંતુ જૈનમતે શરીરના માપ જેટલો આત્મા માન્યો હોવાથી સર્વની સંગતિ, આત્મા વ્યાપક હોવાથી મોક્ષના અસંબંધની સ્થાપક પૂર્વપક્ષની યુક્તિનું નિરાકરણ. | ૨૫૯-૨૬૧ |
| ૯૪ | ચરમશરીરના ત્રીજા ભાગથી હીન સિદ્ધમાં અવગાહના - ધર્માસ્તિકાયના અભાવને કારણે સિદ્ધના જીવોનું અલોકાકાશમાં અગમન. | ૨૬૨-૨૬૩ |
| ૯૫ | એક જ ક્ષેત્રમાં અનંત સિદ્ધાત્માના અસંભવની મોક્ષ નહિ માનનારની યુક્તિનું નિરાકરણ. | ૨૬૩-૨૬૫ |
| ૯૬ | પહેલા સિદ્ધ કે પહેલાં સંસારી, એ અમુક્તિવાદીની શંકાનું નિરાકરણ. | ૨૬૫-૨૬૯ |
| ૯૭ | મોક્ષની ઈચ્છાનો મોટા યોગસ્વરૂપે સ્વીકાર, પરીક્ષાપૂર્વક મોક્ષતત્ત્વની શ્રદ્ધાથી ધર્મમાં મનની સ્થિરતા. | ૨૭૦-૨૭૩ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૯૮-૧૧૫ | મોક્ષ સ્વીકારવા છતાં મોક્ષના ઉપાયને નહિ સ્વીકારીને નિયતિના બળથી મોક્ષની સાબિતિ સ્થાપનાર મતના નિરાકરણની ચર્ચા. | ૨૭૩-૩૩૬ |
| ૯૮ | નિયતિના બળથી જ મોક્ષના સ્વીકારવામાં મોક્ષના ઉપાયની શૂન્યતાની આપત્તિ | ૨૭૩-૨૭૫ |
| ૯૯ | આદ્ય ગુણની પ્રાપ્તિ ગુણ વગર થાય છે, તેમ મોક્ષની પ્રાપ્તિ પણ રત્નત્રયીસ્વરૂપ ગુણ વગર સંભવની પૂર્વપક્ષની યુક્તિ. | ૨૭૫-૨૭૭ |
| ૧૦૦ | મરુદેવામાતા અને ભરત ચક્રવર્તીના દૃષ્ટાંતથી બાહ્ય આચરણાને મોક્ષના અકારણ સ્વરૂપે સ્થાપીને ભવિતવ્યતાથી જ મોક્ષના સ્થાપનની પૂર્વપક્ષની યુક્તિ. | ૨૭૮-૨૮૦ |
| ૧૦૧ | ભવિતવ્યતાથી જ નિઃસંગતાની નિષ્પત્તિ અને કર્મના ઉદયથી બાહ્ય કષ્ટને સ્થાપીને કષ્ટમય સાધનાની મોક્ષના અકારણસ્વરૂપે સ્થાપવાની પૂર્વપક્ષીની યુક્તિ. | ૨૮૧-૨૮૩ |
| ૧૦૨ | કેવલીના જ્ઞાન અનુસારે જ દરેકને મોક્ષની પ્રાપ્તિ હોવાથી જ નિયતિને આગળ કરીને મોક્ષને અનુકૂળ આચરણાનો અપલાપ કરનાર પૂર્વપક્ષીની યુક્તિ. | ૨૮૩-૨૮૬ |
| ૧૦૩ | કામાસક્ત જીવથી જ નિયતિનું આલંબન લઈને મોક્ષ પુરુષકારનો અપલાપ. | ૨૮૬-૨૮૮ |
| ૧૦૪ | કાકતાલીય ન્યાયથી પ્રયત્નનો ફળની સાથે સંબંધ દેખાવા છતાં નિયતિથી જ મોક્ષની પ્રાપ્તિ સ્થાપક એકાંત નિયતિવાદીની યુક્તિનું નિરાકરણ. | ૨૮૮-૨૯૨ |
| ૧૦૩-૧૦૬ | મોક્ષને સ્વીકારીને પણ નિયતિના બળથી મોક્ષના ઉપાયના અપલાપકની યુક્તિનું નિરાકરણ. | ૨૮૬-૨૯૭ |
| ૧૦૭ | પ્રથમ ગુણની પ્રાપ્તિ ભવસ્થિતિના પરિપાકથી, અને પ્રથમ ગુણ પછી પૂર્વપૂર્વના ગુણથી પછી પછીના ગુણની પ્રાપ્તિ, મોક્ષને ગુણના કાર્યસ્વરૂપે સ્વીકાર. | ૨૯૭-૩૦૧ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૦૮-૧૦૯ | ગુણ વગર પણ ભવસ્થિતિના પરિપાકથી પ્રથમ ગુણના સંભવની યુક્તિ, અને પ્રયત્નથી ગુણ નિષ્પત્તિની યુક્તિ. પ્રયત્ન વગર પણ અપુનર્બંધક દશાની પ્રાપ્તિ હોવા છતાં પ્રયત્નથી જ ઉત્તર ભૂમિકાની નિષ્પત્તિની યુક્તિ. | ૩૦૧-૩૦૯ |
| ૧૧૦ | ક્રિયા વગર મોક્ષપ્રાપ્તિના માર્ગને ઉત્પથ માર્ગસ્વરૂપે અને ક્રિયામાર્ગને રાજમાર્ગસ્વરૂપે સ્વીકાર. | ૩૧૦-૩૧૩ |
| ૧૧૧ | નિયતિથી કાર્યની નિષ્પત્તિ હોવા છતાં મોક્ષને અનુકૂળ ક્રિયાનો ઉચ્છેદ ન થાય તેની યુક્તિ, જાણીને કષ્ટસહનનો તપરૂપે સ્વીકાર. | ૩૧૪-૩૨૧ |
| ૧૧૨ | મોક્ષમાર્ગમાં ઉધમશીલ પણ અનેક વ્યક્તિઓ સાથે મોક્ષમાં જતા નથી; જે પ્રકારે જેની ભવિતવ્યતા હોય, તે પ્રકારે જ કાર્ય થાય છે, એમ કહીને મોક્ષ માટે ઉધમનો અપલાપ કરનારની યુક્તિનું નિરાકરણ. | ૩૨૧-૩૨૫ |
| ૧૧૩ | કોઈને શંકા થાય કે જીવ તીર્થંકરસિદ્ધ-અતીર્થંકરસિદ્ધ આદિ અનેક પ્રકારથી સિદ્ધ થાય છે - તેના માટે કોઈ ઉપદેશ કે યત્ન નથી, પરંતુ જીવની તેવા પ્રકારની ભવિતવ્યતાને કારણે થાય છે, તેમ મોક્ષ પણ થશે - તેવી માન્યતાનું નિરાકરણ. | ૩૨૫-૩૨૮ |
| ૧૧૪-૧૧૫ | કોઈને શંકા થાય કે રત્નત્રયીના પૂર્ણ પાલન છતાં ક્ષપકશ્રેણિ માંડ્યા વગર વિરામ પામનારા પણ સંભળાય છે, તેથી મોક્ષ પ્રત્યે નિયતિને જ કારણ માનવું ઉચિત છે - તેના નિરાકરણ સ્વરૂપે કથન. | ૩૨૮-૩૩૬ |
| ૧૧૬ | સમ્યક્ત્વની પ્રાપ્તિનો ઉપાય. | ૩૩૬-૩૪૦ |
| ૧૧૭ | હાથીના દૃષ્ટાંતથી એકાંતવાદી અને સમ્યગ્દષ્ટિના જ્ઞાનના તફાવતનું સ્વરૂપ. | ૩૪૦-૩૪૩ |
| ૧૧૮ | નયને હાથીની ઉપમા, સ્યાદ્વાદને અંકુશની ઉપમા અને સ્યાદ્વાદસ્વરૂપ હાથીની શોભાયમાનતા અને નિરંકુશ હાથીની ઉન્મત્તતાનું ભાવન. | ૩૪૩-૩૪૬ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૧૯ | નૈગમનય અનુસારે નૈયાયિક-વૈશેષિક દર્શન, સંગ્રહનય અનુસારે વેદાંતી, વ્યવહારનય અનુસારે સાંખ્યમત, ઋજુસૂત્રાદિ ચાર નયથી ચાર પ્રકારે બૌદ્ધમત અને ષટ્દર્શનસ્વરૂપ જૈનમતની પ્રાપ્તિ. | ૩૪૬-૩૫૦ |
| ૧૨૦ | અનિત્યનયના પક્ષપાતી બૌદ્ધ અને એકાંત નિત્ય આત્મા આદિ માનનારા નૈયાયિક દર્શન આદિ સ્વરૂપ હાથીઓનો પરસ્પર સંઘર્ષ અને સ્યાદ્વાદીઓનો ત્યાં ઉદાસીન માર્ગ. | ૩૫૦-૩૫૪ |
| ૧૨૧ | છૂટાં રત્નોને જેમ માળાકાર માળાના પર્યાયસ્વરૂપે ગૂંથે, તેમ સમ્યગ્દૃષ્ટિ સ્યાદ્વાદ દ્વારા છ દર્શનોને પરસ્પર જોડે. | ૩૫૪-૩૫૮ |
| ૧૨૨ | શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાનનું સ્વરૂપ. | ૩૫૮-૩૬૮ |
| ૧૨૩ | સ્વસમય-પરસમયના અભ્યાસ વગર ચારિત્રાચારના આચારથી પણ અલ્પફળની પ્રાપ્તિ. | ૩૬૮-૩૭૬ |
| ૧૨૪ | 'સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ' ગ્રંથનું માહાત્મ્ય. | ૩૭૬-૩૭૯ |
| | ગ્રંથકાર રચિત સંભવનાથ સ્તવન - ભાવાર્થ સહિત | ૩૮૨-૩૮૫ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पूज्यपाद उपाध्यायजी श्री यशोविजयजी महाराज विरचित
स्वोपज्ञ बालावबोध युक्त

# सम्यक्त्व षट्स्थान चउपइ

## -: ગ્રંથકર્તાનું મંગલાચરણ :-

।। सकलपण्डित स(शि)रोमणि महोपाध्यायश्री १९ श्रीजसविजयगणि गुरुभ्यो नमः ।।

ऐन्द्रश्रेणिनतं नत्वा वीरं तत्त्वार्थदेशिनम् ।
सम्यक्त्वस्थानषट्कस्य भाषेयं टिप्यते मया ।।१।।

**શ્લોકાર્થ :-**

ઈન્દ્રોની શ્રેણિથી નમાયેલા, તત્ત્વાર્થને કહેનારા વીરજિનને નમસ્કાર કરીને સમ્યક્ત્વના છ સ્થાનની આ ભાષા=આ વિવરણ, મારા વડે કરાય છે.

**ચોપઈ :-**

**श्रीवीतराग प्रणमी करी, समरी सरसति मात ।**
**कहिस्युं भवि-हित-कारणिं समकितना अवदात ।।१।।**

**ગાથાર્થ :-**

**શ્રી વીતરાગ પરમાત્માને નમસ્કાર કરીને અને સરસ્વતી માતાનું સ્મરણ કરીને ભવ્યજીવના હિતને માટે સમ્યક્ત્વના અવદાત=ચરિત્ર=આચરણા, કહીશું. ॥૧॥**

**બાલાવબોધ :-**

'अवदात' कहितां चरित्र ।।१।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

અહીં **'અવદાત'** નો અર્થ ચરિત્ર કર્યો છે ત્યાં ચરિત્ર=આચરણા, સમજવી. સમ્યક્ત્વની છ સ્થાનરૂપ આચરણા આ ગ્રંથમાં શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજ બતાવી રહ્યા છે. **॥૧॥**

**અવતરણિકા :-**

સમ્યક્ત્વ શું છે, તે બતાવતાં ગ્રંથકાર કહે છે -

**ચોપઈ :-**

**दर्शनमोहविनाशथी, जे निरमल गुणठाण ।**
**ते समकित तस जाणिइ, संखेपइ खट ठाण ।।२।।**

**ગાથાર્થ :-**

**દર્શનમોહનીયકર્મના વિનાશથી જે નિર્મળ ગુણસ્થાનક (પ્રગટ થાય છે) તે સમકિત છે. તેનાં સંક્ષેપથી છ સ્થાનો જાણવાં. ॥૨॥**

**બાલાવબોધ :-**

**दर्शनमोहनीयकर्मनो जे विनाश क्षय १, उपशम २, क्षयोपशम ३ रूप तेहथी जे 'निर्मल' मलरहित गुणनुं थानक उपजइं ते निश्चय समकित जाणिइं, उक्तं च -**

'से य सम्मत्ते पसत्थसम्मत्तमोहणिज्जकम्माणुवेयणोवसमखयसमुत्थे सुहे आयपरिणामे पण्णत्ते' आ० (आवस्सयसुत्ते, पच्चक्खाणावस्सये)

**ते समकितनां संखेपइं कहिस्यइं ते षट थानक जाणवां । स्वसमयश्रद्धानप्रकार ते 'स्थानक' कहिइं ।।२।।**

**અનુવાદ :-**

**दर्शनमोहनीय.....जाणिइं ।** દર્શનમોહનીયકર્મના ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમરૂપ જે વિનાશ, તેનાથી જે નિર્મળ=મલરહિત, ગુણસ્થાનક પ્રગટ થાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, તે નિશ્ચય=નક્કી, સમકિત જાણવું.

**उक्तं च.....पच्चक्खाणावस्सये ।** અને કહ્યું છે - (આવશ્યકસૂત્રમાં પચ્ચક્ખાણ આવશ્યકમાં કહ્યું છે) અને તે સમ્યક્ત્વ પ્રશસ્ત સમ્યક્ત્વમોહનીય કર્મના અનુવેદનથી કે ઉપશમથી કે ક્ષયથી ઉત્પન્ન થયેલું શુભ આત્મપરિણામરૂપ કહેલુ છે.

**ते समकितनां.....कहिइं ।।२।।** તે સમ્યક્ત્વનાં સંક્ષેપથી કહીશું તે છ સ્થાનકો જાણવાં. સ્વસમયશ્રદ્ધાન પ્રકાર તે સ્થાનક કહેવાય. **॥૨॥**

**ભાવાર્થ :-**

દર્શનમોહનીયકર્મના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમથી થનારું જે નિર્મળ સમ્યક્ત્વ તે નિશ્ચય સમ્યક્ત્વ જાણવું એમ જે કહ્યું, ત્યાં નિશ્ચયનયનું સમ્યક્ત્વ ગ્રહણ કરવાનું નથી; કેમ કે નિશ્ચયનયનું સમ્યક્ત્વ રત્નત્રયીની અભિન્નતારૂપ અપ્રમત્તમુનિને હોય છે. અહીં તો ચોથા ગુણસ્થાનકવર્તી આત્માના પરિણામરૂપ જે સમકિતનો પરિણામ છે, તેને ગ્રહણ કરવા માટે **'નિશ્ચય સમ્યક્ત્વ'** કહેલું છે.

વ્યવહારનયથી સમ્યક્ત્વ પ્રગટ ન થયું હોય તો પણ, જે જીવે ગુરુ પાસે સમ્યક્ત્વ ઉચ્ચરાવ્યું છે તે વખતે "આ જ દેવ, આ જ ગુરુ અને આ જ ધર્મને હું દેવ-ગુરુ-ધર્મરૂપે સ્વીકારું છું." આવી પ્રતિજ્ઞા જેમણે કરેલી હોય, તેમનામાં આંતરપરિણામવર્તી સમ્યક્ત્વ ન સ્પર્શ્યું હોય તો પણ સમ્યક્ત્વનો વ્યવહાર થાય છે. તેવા વ્યવહાર સમ્યક્ત્વની વ્યાવૃત્તિ માટે અહીં **'નિશ્ચય સમ્યક્ત્વ'** કહ્યું છે.

આનાથી એ ફલિત થાય કે નિશ્ચિત અર્થમાં નિશ્ચય શબ્દનો પ્રયોગ છે અર્થાત્ દર્શનમોહનીયના ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમરૂપ વિનાશથી જે નિર્મળ ગુણસ્થાનક પ્રગટ થાય છે તે નક્કી સમ્યક્ત્વ જાણવું. આશય એ છે કે સમ્યક્ત્વ ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમભાવરૂપ છે, પરંતુ સમ્યક્ત્વની ઉચ્ચરણાત્મક પ્રવૃત્તિમાત્રરૂપ નથી. આમ છતાં, સમ્યક્ત્વ ઉચ્ચરાવવાની પ્રવૃત્તિ ક્ષયોપશમાદિભાવોને પેદા કરવાનું કારણ છે, અને ક્ષયોપશમાદિભાવો પેદા થયેલા હોય તો તેને ટકાવવાનું કારણ છે; તેથી ત્યાં સમ્યક્ત્વનો વ્યવહાર થાય છે.

અહીં જે નિશ્ચય સમ્યક્ત્વ કહ્યું, તે અનુપચરિત વ્યવહારનયને સંમત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવું ચતુર્થગુણસ્થાનકવર્તી ગ્રહણ કરવાનું છે, અને જેમને તે ગુણસ્થાનક પ્રાપ્ત થયું ન હોય, આમ છતાં સમ્યક્ત્વ ઉચ્ચરાવ્યું હોય, તેઓને ઉપચરિત વ્યવહારનયથી સમ્યક્ત્વ હોય છે.

ગ્રંથકાર સમકિતનાં સંક્ષેપથી કહેશે, તે ષટ્સ્થાનો જાણવાં. અહીં 'સ્થાનક' શબ્દ સ્વસમયશ્રદ્ધાનભેદરૂપ છે એમ કહ્યું, તેનાથી એ કહેવું છે કે, આ છ સ્થાનકોનો સ્વીકાર તે જૈનદર્શનના શ્રદ્ધાનના જ ભેદો છે, તેથી તેને સ્થાનકો કહ્યાં છે; અર્થાત્ જૈનદર્શનના શ્રદ્ધાનનાં આ સ્થાનો છે, અને તેના છ પ્રકારો છે. **॥૨॥**

**અવતરણિકા :-**

હવે સમ્યક્ત્વનાં છ સ્થાનોને બતાવતાં ગ્રંથકાર કહે છે -

**ચોપઈ :-**

**अत्थि जिओ १ तह णिच्चो २, कत्ता ३ भुत्ता ४ सपुण्ण-पावाणं ।**
**अत्थि ध्रुवं निव्वाणं ५, तस्सोवाओ ६ अ छ ठ्ठाणा ।।३।।**

**(सम्मतौ का. ३ गाथा-५५)**

**ગાથાર્થ :-**

**(૧) જીવ છે, (૨) તે નિત્ય છે, (૩) પોતાના પુણ્ય-પાપનો કર્તા છે, (૪) પોતાના પુણ્ય-પાપનો ભોક્તા છે, (૫) નિર્વાણ=મોક્ષ, નક્કી છે અને (૬) તેનો= મોક્ષનો, ઉપાય છે. સમકિતનાં આ છ સ્થાનક જાણવાં. ॥૩॥**

**બાલાવબોધ :-**

**जीव छइं १ । ते जीव नित्य छइं २ । ते जीव स्वपुण्य-पापनो कर्त्ता छइं ३ । ते जीव आप-आपणा पुण्य-पापनो भोक्ता छइं ४ । 'अत्थि' छइं, 'ध्रुवम्' निश्चयइं, 'निर्वाण' मोक्ष ५ । ते मोक्षनो उपाय पणि निश्चयइं छइं-तेहमां संदेह नथी ६ । ए छ थानक समकितनां जाणवां ।।३।।**

**અનુવાદ :-**

जीव छइ १।.....जाणवां ।।३।। (૧) જીવ છે, (૨) તે જીવ નિત્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે,(૩) તે જીવ પોતાના પુણ્ય-પાપનો કર્તા છે, (૪) તે જીવ પોતપોતાના પુણ્ય-પાપનો ભોક્તા છે, (૫) નિર્વાણ=મોક્ષ, ધ્રુવ=નક્કી, છે, (૬) તે મોક્ષનો ઉપાય પણ નક્કી છે, તેહમાં સંદેહ=શંકા, નથી. આ છ સ્થાનક સમકિતનાં જાણવાં. **॥૩॥**

**ભાવાર્થ :-**

(૧) જીવ છે, તેનો અર્થ શરીરથી પૃથગ્ જીવદ્રવ્ય છે. (૨) અને તે એકાંતે નિત્ય નહિ હોવા છતાં 'નિત્ય' છે, એમ કહીને એ કહેવું છે કે, મારું આત્મદ્રવ્ય શાશ્વત છે, આ ભવની સમાપ્તિ સાથે આત્મદ્રવ્યની સમાપ્તિ થતી નથી. (૩) વળી તે જીવ પોતાના પુણ્ય-પાપનો કર્તા છે, એમ કહીને એ કહેવું છે કે, વર્તમાન કૃત્ય પ્રમાણે પુણ્ય-પાપની પ્રાપ્તિ થાય છે. (૪) અને તે પુણ્ય-પાપનાં ફળ મારે જ ભોગવવાનાં છે, માટે મારે પાપને અનુકૂળ પ્રવૃત્તિ ન કરવી જોઈએ અને પુણ્યને અનુકૂળ પ્રવૃત્તિ કરવી જોઈએ, જેથી નિત્ય એવો મારો આત્મા દુર્ગતિની પરંપરાને ન પામે. (૫) અને સર્વ કર્મથી મુક્ત એવી જીવની અવસ્થારૂપ નક્કી મોક્ષ છે, માટે સર્વ વિડંબણારહિત મોક્ષઅવસ્થા માટે મારે પ્રયત્ન કરવો જોઈએ. (૬) અને મોક્ષના ઉપાયો પણ નક્કી છે, માટે મારે મોક્ષના ઉપાયોમાં યત્ન કરવો જોઈએ. આવી જે જીવની તીવ્ર રુચિ તેની નિષ્પત્તિનાં કારણીભૂત આ છ સ્થાનો છે, તેથી આ છ સ્થાનોને સમકિતનાં સ્થાનો કહેલ છે, કેમ કે આવી તીવ્રરુચિસ્વરૂપ જીવનો પરિણામ એ સમ્યક્ત્વ છે. **॥૩॥**

**અવતરણિકા :-**

સમ્યક્ત્વનાં છ સ્થાનોથી વિપરીત મિથ્યાત્વનાં છ સ્થાનોને બતાવતાં કહે છે -

**ચોપઈ :-**

**समकितथानकथी विपरीत, मिथ्यावादी अति अविनीत ।**
**तेहना भाव सवे जूजूआ, जिहां जोइजइ तिहां ऊंडा कूआ ।।४।।**

**ગાથાર્થ :-**

**સમકિતના સ્થાનકથી જે વિપરીત (વચન, તે મિથ્યાત્વનાં છ સ્થાન**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણવાં), (તે સ્થાનકે વર્તતો) મિથ્યાવાદી અતિ અવિનીત છે, અને તેહના ભાવ=વચન, સર્વે જુદા જુદા છે, (અને) જ્યાં જોઈએ ત્યાં ઊંડા કૂવા છે. ॥૪॥

**બાલાવબોધ :-**

**ए षट् थानकथी जे विपरीत बोल ते मिथ्यात्वनां छ थानक। उक्तं च सम्मतौ-**

'णत्थि १ ण णिच्चो २ ण कुणइ ३ कयं ण वेएइ ४ णत्थि णिव्वाणं ५ ।
णत्थि य मोक्खोवाओ ६, छ मिच्छत्तस्स ठाणाइ।।' (का. ३ गाथा ५४)

**ए थानके वर्ततो मिथ्यावादी होइ, ते गाढ मिथ्यात्वपरिणामइं घणुं अविनीत होइ, ते मिथ्यात्वीनां वचन माहोंमाहिं कोइ ना मिलइ, आप आप हठइं, जोइइ तो ते सर्व उंडा कूआ सरखा छइ ।।४।।**

**અનુવાદ :-**

**ए षट्.....थानक** । એ છ સ્થાનકથી અર્થાત્ સમકિતનાં છ સ્થાનકથી જે વિપરીત વચન તે મિથ્યાત્વનાં છ સ્થાનક જાણવાં.

**उक्तं च सम्मतौ.....ठाणाइ** ।। અને સંમતિગ્રંથમાં કહ્યું છે -

(૧) જીવ નથી,

(૨) જીવ નિત્ય નથી,

(૩) જીવ કરતો નથી અર્થાત્ કર્તા નથી,

(૪) જીવ કરેલાને ભોગવતો નથી અર્થાત્ ભોક્તા નથી,

(૫) મોક્ષ નથી,

(૬) અને મોક્ષનો ઉપાય નથી. આ છ મિથ્યાત્વનાં સ્થાનકો છે.

**ए थानके.....सरखा छइ ।।४।।** આ સ્થાનકે રહેલો જીવ મિથ્યાવાદી છે, તે ગાઢ મિથ્યાત્વના પરિણામથી ઘણો અવિનીત છે. તે મિથ્યાત્વીનાં વચન પરસ્પર કોઈનાં ઘટતાં નથી; કેમ કે પોત પોતાની હઠ હોય છે, અને જોઈએ=વિચારીએ, તો તે ઊંડા કૂવા સરખા છે. **॥૪॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

(૧) શરીરથી પૃથક્=જુદો, આત્મા નથી એમ કેટલાક માને છે. (૨) વળી કેટલાક શરીરથી જુદો આત્માને માને છે, છતાં તે આત્મા જીવનકાળ સુધી રહેનાર છે પરંતુ શાશ્વત નથી, તેમ માને છે. (૩-૪) વળી કેટલાક શરીરથી પૃથક્ શાશ્વત આત્મા છે એમ માનવા છતાં, તે આત્મા કાંઈ કરતો નથી, તેથી તેવો નિષ્ક્રિય આત્મા પુણ્ય-પાપનો કર્તા નથી, અને પુણ્ય-પાપના ફળનું વેદન કરતો નથી, અર્થાત્ પુણ્ય-પાપનો ભોક્તા નથી એમ માને છે. (૫) વળી કેટલાક પુણ્ય-પાપના ફળનો કર્તા અને ભોક્તા આત્મા છે આમ માનવા છતાં, સંસારમાં સારું કૃત્ય કરીને સારા ફળને આત્મા મેળવે છે અને ખરાબ કૃત્ય કરીને ખરાબ ફળને આત્મા મેળવે છે, પરંતુ સર્વ કર્મથી રહિત નિર્વાણ=મોક્ષ, અવસ્થા નથી, એમ માને છે. (૬) વળી કેટલાક માને છે કે મોક્ષ છે પણ ઉપાયસાધ્ય નથી; કેવલીએ પોતાના જ્ઞાનમાં જે દિવસે આપણો મોક્ષ જોયો છે તે દિવસે મોક્ષ થવાનો જ છે, આપણા પ્રયત્નથી કે મોક્ષના ઉપાયના સેવનથી મોક્ષની પ્રાપ્તિમાં કોઈ ફેર પડવાનો નથી, એમ માને છે; અને તે મોક્ષના ઉપાયોનો અપલાપ કરે છે.

આ છ સ્થાનો તત્ત્વમાર્ગની વિપરીત પ્રવૃત્તિમાં કારણ છે, અને તે મિથ્યાત્વરૂપ છે. છતાં જેમનું મિથ્યાત્વ કાંઈક મંદ છે, તેઓ આ છ સ્થાનોમાંથી કોઈ સ્થાનને માનતા હોય તો પણ સામગ્રી પામીને તત્ત્વ તરફ વળે તેવા છે, તેઓ અતિ અવિનીત નથી. અને જેમનામાં ગાઢ મિથ્યાત્વ છે, તેઓ આ છ સ્થાનોમાંથી જે સ્થાનને પોતે પકડીને બેઠા છે તે સ્થાન પ્રત્યે અતિ વળેલા છે, તેથી તત્ત્વમાર્ગ પ્રત્યે તેઓ વળી શકે તેવા નથી, તેથી તેઓ અતિ અવિનીત છે, એમ કહેલ છે. અને તેમનાં વચનો પરસ્પર કોઈનાં મળતાં નથી, એ વાત સ્વયં ગ્રંથકાર આગળ બતાવવાના છે.

આનાથી એ કહેવું છે કે ઊંડા કૂવાને જોવાથી વિચારક જીવને ભય પેદા થાય છે, અને અવિચારક જીવ ઊંડા કૂવામાં ઊતરે તો તેને બહાર નીકળવામાં મુશ્કેલી પડે તેમ છે. તેમ વિચારક જીવને આ છ સ્થાનો ભય પેદા કરે તેવાં છે, અને અવિચારક જીવને તે સ્થાનોમાં જાય તો તેમાંથી તેને બહાર નીકળવામાં મુશ્કેલી પડે તેવું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્યક્ત્વનાં છ સ્થાનોની શ્રદ્ધા સદ્વીર્ય ઉલ્લસિત કરનાર છે, અને સમ્યક્ત્વનાં છ સ્થાનોથી વિપરીત એવાં મિથ્યાત્વનાં છયે સ્થાનકો અથવા તે છ સ્થાનોમાંથી કોઈપણ એક સ્થાનને ગ્રહણ કરવાથી, જીવના સદ્વીર્યનો નાશ થાય છે, તેથી તે મિથ્યાત્વરૂપ છે. **॥૪॥**

*** મિથ્યાત્વનું પ્રથમ સ્થાન 'જીવ નથી' તેનું વર્ણન ***

**અવતરણિકા :-**

ગ્રંથકાર સૌ પ્રથમ 'નાસ્તિ' સ્થાનને બોલનાર નાસ્તિકની માન્યતા દેખાડતાં કહે છે -

**ચોપઈ :-**

**पहेलो नास्तिक भाषइ शून्य, जीव शरीरथकी नहि भिन्न ।**
**मद्य-अंगथी मदिरा जेम, पंच-भूतथी चेतन तेम ।।५।।**

**ગાથાર્થ :-**

**પહેલો=નાસ્તિ સ્થાનને કહેનારો, નાસ્તિક, શૂન્ય=તત્ત્વજ્ઞાનથી શૂન્ય છે. તે કહે છે - જીવ શરીરથી ભિન્ન નથી. જેમ મદ્યના અંગથી મદિરા ઉત્પન્ન થાય છે, તેમ પાંચ ભૂતથી ચેતના ઉત્પન્ન થાય છે. ॥૫॥**

**બાલાવબોધ :-**

'पहेलो' नास्ति-स्थानवादी 'नास्तिक' चार्वाक 'शून्य' कहतां तत्त्वज्ञा(नइं सूनो कुयुक्तिनो कहनार 'भाषी' कहतां बोलइ छई, जे-जीव शरीर थकी 'भिन्न' कहतां जूदो नथी, अनइ चेतना जे होइ छइ ते पंचभूतना संयोगथी ज, जिम मद्यनां अंग जे गुड-द्राक्षा-इक्षुरस-धातकीपुष्प प्रमुख तेहथी मदिरा उपजइ छइ ।।५।।

**અનુવાદ :-**

पहेलो.....उपजइ छइ ।।५।। પહેલો=જીવ નથી એવા 'નાસ્તિ' સ્થાનને કહેનાર નાસ્તિક=ચાર્વાક, શૂન્ય=તત્ત્વજ્ઞાનથી શૂન્ય, કુયુક્તિનો કહેનાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાખે છે=બોલે છે, કે જીવ શરીરથી ભિન્ન=જુદો, નથી. અને જેમ મદ્યનાં અંગ, જે ગોળ, દ્રાક્ષ, ઈક્ષુરસ, ધાવડીનાં ફૂલ વગેરે, તેનાથી મદિરા ઉત્પન્ન થાય છે, તેમ ચેતના જે થાય છે તે પાંચ ભૂતના સંયોગથી જ ઉત્પન્ન થાય છે. **॥૫॥**

**ભાવાર્થ :-**

ચાર્વાકના મતે જેમ ગુડાદિ દ્રવ્યના સંયોગથી મદિરામાં મદશક્તિ પેદા થાય છે, તેમ પાંચ ભૂતના સંયોગથી શરીરમાં ચૈતન્ય પરિણામની અભિવ્યક્તિ થાય છે; પરંતુ તે ચૈતન્ય પરિણામ શરીરનો જ ધર્મ છે, શરીરથી પૃથક્ આત્મા નથી, તેમ નાસ્તિક એવો ચાર્વાક કહે છે. **॥૫॥**

**અવતરણિકા :-**

શરીરથી ભિન્ન આત્મા નથી તે જ વાતને દૃષ્ટાંતથી પુષ્ટ કરતાં કહે છે -

**ચોપઈ :-**

**माषणथी घृत तिलथी तेल, अगनि अरणिथी तरुथी वेल ।**
**जिम पडियार थकी तरवारि, अलगो तो दाख्यो ईणि वारि ।।६।।**

**ગાથાર્થ :-**

**જો જીવ શરીરથી ભિન્ન હોય તો (૧) માખણથી જેમ ઘી, (૨) તલથી જેમ તેલ, (૩) અરણિથી જેમ અગ્નિ, (૪) વૃક્ષથી જેમ વેલ, તથા (૫) મ્યાનથી જેમ તલવાર જુદી કરીને દેખાડાય છે; એની જેમ શરીરથી જીવ જુદો દેખાવો જોઇએ. ॥૬॥**

**બાલાવબોધ :-**

जो जीव शरीरथकी भिन्न होइ तो मांषणथी जिम घी १, तिलथी तेल २, अरणिथी अग्नि ३, वृक्षथी वेलि ४ तथा पडियारथी तरुआरि ५ अलगी करी देषाडिइ, तिम शरीरथी भिन्न करी देषाडयो जोइ । शरीरथी भिन्न करी कोइ देषाडतो नथी-ते माटइं जीव शरीरथी भिन्न नथी ।।६।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**जो जीव.....भिन्न नथी ।।६।।** જો જીવ શરીર થકી ભિન્ન હોય તો (૧) માખણથી જેમ ઘી, (૨) તલથી જેમ તેલ, (૩) અરણિથી જેમ અગ્નિ, (૪) વૃક્ષથી જેમ વેલ અને (૫) મ્યાનથી જેમ તલવાર જુદી કરીને દેખાડાય છે, તેમ શરીરથી ભિન્ન કરીને (જીવ) દેખાવો જોઈએ. પરંતુ શરીરથી ભિન્ન કરીને કોઇ (જીવ) દેખાતો નથી, તેથી જીવ શરીરથી ભિન્ન નથી. **॥૬॥**

**અવતરણિકા :-**

ચાર્વાકના મતે શરીરમાં ચેતના કેવી રીતે ઉત્પન્ન થાય છે, તેને દૃષ્ટાંત દ્વારા બતાવતાં કહે છે -

**ચોપઈ :-**

**जिम जलथी पंप्रोटा थाय, ऊफणतां तेहमांहिं समाय ।**
**थूभादिक जिम क्षितिपरिणाम, तिम चेतन तनुगुणविश्राम ।।७।।**

**ગાથાર્થ :-**

**જેમ પાણીથી પરપોટા થાય છે અને પેદા થઈને તેહમાં=પાણીમાં, સમાય છે, તથા સ્તંભ વગેરે જેમ પૃથ્વીનો પરિણામ છે, તેમ ચેતના શરીરના ગુણનો વિશ્રામ છે. ॥૭॥**

**બાલાવબોધ :-**

जिम पाणीथी पंपोटा थाइ छइं अनइ ते पंपोटा ऊफणीनइं वली ते पाणीमांहिं ज समाइं छइ, तथा थूभप्रमुख जिम 'क्षिति' कहतां पृथ्वी तेहनो परिणाम छइ - पृथ्वीमांहिथी उपजीनइ पृथ्वीमांहि ज लीन थाइ छइं; तिम चेतना, 'तनु' कहतां शरीर तेहना गुणनो विश्राम छइं-शरीरथी ऊपजीनइं शरीरमांहि ज लय पामइं छइं । ए उत्पत्तिपक्ष १, बीजो अभिव्यक्तिपक्ष छइ, ते मतइं कायाकार-परिणामइं चेतनानी अभिव्यक्ति होइं छइ २ ।।७।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**जिम पाणी.....होइं छइ ।।૭।।** જેમ પાણીથી પરપોટા થાય છે અને તે પરપોટા ઉફણીનઇં=પેદા થઈને-ઊપસીને, વળી તે પાણીમાં જ સમાય છે; તથા સ્તંભ વગેરે જિમ ક્ષિતિનો=પૃથ્વીનો, પરિણામ છે, અર્થાત્ પૃથ્વીમાંથી ઊપજીને=પેદા થઈને, પૃથ્વીમાં જ લીન થાય છે; તેમ ચેતના તનુના=શરીરના, ગુણનો વિશ્રામ છે. અર્થાત્ શરીરથી પેદા થઈને શરીરમાં જ લય પામે છે. તે (૧) ઉત્પત્તિપક્ષ છે. અને (૨) અભિવ્યક્તિપક્ષ છે તે મતે=અભિવ્યક્તિ માનનારના મતે, કાયાકારપરિણામે ચેતનાની અભિવ્યક્તિ થાય છે. **॥૭॥**

**ભાવાર્થ :-**

(૧) જગતમાં થતા ભાવોને માનવામાં એક પક્ષ તે તે ભાવો ઉત્પન્ન થાય છે તેમ માને છે. જેમ માટીમાંથી ઘડો ઉત્પન્ન થાય છે, તેથી એ પ્રાપ્ત થાય કે માટીમાં પહેલાં ઘડો ન હતો, પરંતુ દંડાદિ સામગ્રીથી ઉત્પન્ન થયો. એ રીતે ઉત્પત્તિપક્ષ પ્રમાણે પાંચ મહાભૂતોના સમુદાયરૂપ શરીરથી ચેતનાની ઉત્પત્તિ થાય છે, અને મૃત્યુકાળમાં તે ચેતના શરીરમાં જ નાશ પામી જાય છે. તેમાં ચાર્વાક દૃષ્ટાંત આપે છે કે, જેમ પાણીમાંથી પરપોટો ઉત્પન્ન થાય છે અને તે ફૂટી જતાં પાણીમાં જ સમાઈ જાય છે, માટે શરીરથી અતિરિક્ત કોઈ જીવદ્રવ્ય=આત્મા નથી, એ પ્રમાણે ઉત્પત્તિપક્ષને આશ્રયીને ચાર્વાક કહે છે.

(૨) વળી બીજો અભિવ્યક્તિપક્ષ છે, અને તે પક્ષવાળા કહે છે કે, નવીન શરાવમાં=કોડિયામાં, પાણી નાંખવાથી ગંધની અભિવ્યક્તિ થાય છે, ત્યાં વાસ્તવિક રીતે શરાવમાં ગંધ હતી તે પાણીના સંયોગથી અભિવ્યક્ત થાય છે. અથવા અંધકારમાં ઘટ પડેલો હોય છતાં દેખાતો નથી અને પ્રકાશના સંયોગથી તે અભિવ્યક્ત થાય છે, તેમ પાંચ ભૂતોમાં ચેતના છે પરંતુ તે દેખાતી નથી. તે પાંચ ભૂતો જ્યારે કાયાકાર પરિણામ પામે છે, ત્યારે ચેતના અભિવ્યક્ત થાય છે.

આ રીતે ઉત્પત્તિ પક્ષને સંમત એવા ઘટાદિના દૃષ્ટાંત દ્વારા અભિવ્યક્તિ બતાવીને અભિવ્યક્તિપક્ષને એ કહેવું છે કે, જગતમાં જે જે ભાવો પેદા થાય છે તે સર્વે ભાવો પૂર્વે શક્તિરૂપે હોય છે, અને સામગ્રીથી નવા ઉત્પન્ન થતા નથી પરંતુ અભિવ્યક્ત થાય છે. તેથી અભિવ્યક્તિ માનનાર પક્ષ પાણીમાંથી પરપોટો નવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્પન્ન થાય છે તેમ કહેતો નથી, પરંતુ પાણીમાં પરપોટો પૂર્વે હતો તે પવનની સામગ્રીથી અભિવ્યક્ત થયો તેમ કહે છે. તે જ રીતે માટીમાં ઘડો પૂર્વે હતો, આમ છતાં દેખાતો ન હતો તે દંડાદિ સામગ્રી પામીને અભિવ્યક્ત થયો.

સ્યાદ્વાદીના મતે દ્રવ્યાસ્તિકનયથી માટીમાં ઘડો શક્તિરૂપે હતો અને સામગ્રીથી અભિવ્યક્ત થાય છે; અને પર્યાયાસ્તિકનયથી માટી પિંડાવસ્થામાં ઘટરૂપે ન હતી પિંડરૂપે હતી, પરંતુ સામગ્રીને પામીને ઘટાવસ્થા=ઘટપર્યાય, ઉત્પન્ન થયો, અર્થાત્ પૂર્વના પિંડપર્યાયનો નાશ થયો અને ઘટપર્યાયની ઉત્પત્તિ થઈ. સ્યાદ્વાદીને આ રીતે ઉત્પત્તિપક્ષ અને અભિવ્યક્તિપક્ષ બંને માન્ય હોવા છતાં, ચાર્વાક આ રીતે યુક્તિથી પ્રસિદ્ધ એવા ઉત્પત્તિ પક્ષ અને અભિવ્યક્તિ પક્ષને આશ્રયીને પાંચ ભૂતોમાંથી ચેતનાની ઉત્પત્તિ કહે છે કે ચેતનાની અભિવ્યક્તિ કહે છે, તે બંને માન્ય નથી, પણ જીવ શરીરથી પૃથક્ દ્રવ્યરૂપે માન્ય છે. **॥૭॥**

**અવતરણિકા :-**

ચાર્વાકે શરીરના પરિણામરૂપે ચેતનાને સ્થાપન કરી. હવે તે જીવ શરીરના પરિણામરૂપ છે, તેથી લોકમાં પ્રસિદ્ધ પરલોક આદિ પણ નથી. તે બતાવવા ચાર્વાક કહે છે -

**ચોપઈ :-**

**नहि परलोक न पुण्य न पाप, पाम्युं ते सुख विलसो आप ।**
**वृकपदनी परि भय दाषवइ, कपटी तप-जपनी मति चवइ ।।८।।**

**ગાથાર્થ :-**

**વૃકપદની જેમ=ચીતરેલાં વરુનાં પગલાં હોવા છતાં તે જેમ વાસ્તવિક વરુનાં પગલાં નથી, તેમ પરલોક નથી, પુણ્ય નથી, પાપ નથી; જે સુખ પામ્યા છો તે તમે વિલસો=ભોગવો, (માતા જેમ બાળકને ભય દેખાડે છે તેમ) નરકાદિનો ભય દેખાડી કપટી તપ-જપની મતિ કરે છે. ॥૮॥**

**બાલાવબોધ :-**

ए चार्वाकनइं मतइं परलोक नथी, पुण्य नथी, पाप नथी । ते इम कहइ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**छइं- जे पाम्युं सुख छइ ते पोतइं विलसो, वर्त्तमान सुख मूकीनइ अनागत सुखनी वांछा करवी ते षोटी, सुखभोगमां जे नरकादिकनो भय देषाडइ छइ ते माता जिम बालकनइ हाउ देषाडइ छइ तिम लोकनइ भोलवीनइ कपटी पोंतइ भोगथी चूका, बीजानइ चूकावइ छइ, अनइ तप-जप कराव्यानी बुद्धि करइ छइं ।।८।।**

**અનુવાદ :-**

**ए चार्वाकनइं.....करइ छइं ।।८।।** એ ચાર્વાકને મતે પરલોક નથી, પુણ્ય નથી, પાપ નથી. તે=ચાર્વાક, એમ કહે છે - જે સુખ પામ્યું છે તે પોતે=તમે પોતે, ભોગવો. વર્તમાન સુખ મૂકીને અનાગત સુખની=ભવિષ્યના સુખની, વાંછા કરવી તે ખોટી છે. સુખના ભોગમાં જે નરકાદિનો ભય દેખાડે છે, તે માતા જેમ બાળકને હાઉ=ભય, દેખાડે છે, તેમ લોકને ભોળવીને કપટી પોતે ભોગથી ચૂક્યા= વંચિત રહ્યા, અને બીજાને ચુકાવે છે=વંચિત રાખે છે, અને તપ-જપ કરાવવાની બુદ્ધિ કરે છે. **॥૮॥**

**ભાવાર્થ :-**

ચાર્વાકને એ કહેવું છે કે, જેમ વરુના પગ ચીતરીને વાસ્તવિક વરુ ન આવ્યો હોય છતાં વરુ આવ્યો છે તેમ દેખાડી શકાય છે, અને લોકો એ વરુનાં પગલાંથી વરુ આવ્યો છે તેમ માને છે; તેમ વાસ્તવિક રીતે પુણ્ય-પાપ વગેરે કાંઈ નથી, અવિચારક વ્યક્તિએ સ્વમતિથી પુણ્ય-પાપની કલ્પના કરી છે. જેમ બાળકને માતા ભય દેખાડે છે તેમ આસ્તિકવાદી લોકોને નરકાદિનો ભય દેખાડે છે, અને પરલોકાદિને જોતા નથી છતાં પોતે જાણે પરલોકાદિને જોતા હોય તેમ કપટથી માને છે, અને પોતે ભોગથી વંચિત રહ્યા છે અને બીજાને વંચિત રાખે છે.

પરલોકાદિ નથી તેમાં ચાર્વાક યુક્તિ કહે છે કે, પરલોકમાંથી કોઈ આવેલું કે જતું દેખાતું નથી; અને પુણ્ય-પાપ જેવી વસ્તુ છે, તેમાં કોઈ પ્રમાણ નથી; ફક્ત કલ્પનાઓથી નિર્માણ થયેલ પુણ્ય-પાપ પદાર્થ છે, એ અર્થની સ્થાપનામાં ચાર્વાકની મુખ્ય યુક્તિ વૃકપદ=વરુનાં પગલાંનુ દૃષ્ટાંત છે.

અહીં 'વૃકપદની જેમ' કહ્યું, તે 'વૃકપદ'નું દૃષ્ટાંત આ પ્રમાણે છે -

એક પરમ નાસ્તિક ચાર્વાક હતો. તેની પત્ની પરલોક આદિ ઉપર દૃઢ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશ્વાસ રાખવાવાળી આસ્તિક હતી. તે નાસ્તિક પતિ દરરોજ પોતાની પત્નીને સ્વશાસ્ત્રોક્ત યુક્તિઓ દ્વારા જીવ, પુણ્ય, પાપ, પરલોક આદિ નથી તે સમજાવ્યા કરતો. પરંતુ તેની પત્ની પ્રત્યક્ષસિદ્ધ પદાર્થો સિવાય અનુમાન-આગમપ્રમાણથી સિદ્ધ થવાવાળા સ્વર્ગ-નરક-પરલોક આદિને પણ માનતી હોવાથી, તેને પોતાના પતિની વાત ઉપર વિશ્વાસ બેસતો નથી. તેથી તેને યુક્તિપૂર્વક સમજાવવા તેનો પતિ એક દિવસ રાત્રિના પાછલા પહોરમાં પોતાની સ્ત્રીને લઈને નગર બહાર ગયો, અને પોતાની પત્નીને કહે છે કે, હે પ્રિયે ! આ નગરમાં ઘણા બહુશ્રુતો રહે છે. તેઓની બુદ્ધિની ચતુરતા તું જો. આમ કહીને તેના પતિએ નગરના દરવાજાથી લઈને ચૌટા સુધીના રાજમાર્ગમાં ધૂળની અંદર વરુનાં પગલાં જેવાં ચિહ્નો હાથ વડે આલેખી દીધાં. જ્યારે પ્રાતઃકાળ થયો ત્યારે તે વરુનાં પગલાંને જોઈને ઘણા લોકો રાજમાર્ગ ઉપર ભેગા થયા. પેલા બહુશ્રુતો પણ ત્યાં આવ્યા અને લોકોને કહેવા લાગ્યા કે, વરુનાં પગલાં દેખાય છે એટલે નક્કી રાત્રિમાં કોઈ વરુ જંગલથી અહીં આવેલ છે. આ રીતે તેઓને બોલતા જોઈને નાસ્તિક પતિએ પોતાની ભાર્યાને કહ્યું કે, હે પ્રિયે ! આ બહુશ્રુત ગણાતા પંડિતો હકીકતમાં પરમાર્થને નહિ જાણતા અબહુશ્રુત જેવા છે, અને તેઓ લોકોને 'વૃકપદ'=વરુનાં પગલાં, બતાવીને કહે છે કે વરુ અહીં આવ્યો છે. હકીકતમાં આ વરુનાં પગલાં મનુષ્યદ્વારા આલેખિત છે, તે તેઓ સમજી શકતા નથી; અને ગતાનુગતિકપણાથી તેને 'વૃકપદ' માનીને તેઓ સ્વયં ઠગાઈ રહ્યા છે, અને અનેક મૂર્ખજનોને અજ્ઞાનના ખાડામાં ઢકેલી રહ્યા છે.

એ જ રીતે ધાર્મિક કપટી ધૂર્તો-બીજાને ઠગવામાં હોશિયાર એવા આસ્તિકવાદીઓ, અનુમાન-આગમ વગેરે પ્રમાણ દ્વારા જીવાદિનું અસ્તિત્વ બતાવી, સ્વર્ગાદિની પ્રાપ્તિથી જન્ય સુખની પરંપરાના પ્રલોભનથી, ભક્ષ્યાભક્ષ્ય-પેયાપેય-હેયોપાદેય આદિ બતાવીને કષ્ટમાં પાડતા, ઘણા મુગ્ધ લોકોને વ્યામોહ પમાડી રહ્યા છે. આ પ્રમાણે ચાર્વાકે પોતાની પત્નીને કહ્યું અને તેણીએ પોતાના પતિનાં સર્વ વચનો માન્યાં.

ત્યારબાદ તે ચાર્વાક પોતાની પત્નીને કહે છે કે, હે ચારુલોચને ! ખાઓ, પીઓ, મોજમજા કરો. જે દિવસો વીતે છે તે પાછા આવતા નથી. આ શરીર પૃથ્વી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ પાંચ ભૂતોના સમુદાયરૂપ છે અને તે કલેવરરૂપ થઈ જવાનું છે, પરલોક સુધી જવાનું નથી માટે ભય રાખવાની જરૂર નથી. તેથી ભોગોને ભોગવીને સ્વયૌવનને સફલ કરો. **॥૮॥**

### * સમ્યક્ત્વનું પ્રથમ સ્થાન 'જીવ છે' તેનું વર્ણન *

**અવતરણિકા :-**

ચાર્વાકના મતને બતાવીને તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે -

**ચોપઈ :-**

**एहवा पापी भाषइ आल, बांधइ कर्मतणा बहु जाल ।**
**आतमसत्ता तेहनिं हवइ, युगति करि सद्‌गुरु दाखवइ ।।९।।**

**ગાથાર્થ :-**

**પાપી એવો ચાર્વાક આવાં આળ=ખોટાં વચન, બોલે છે (અને) કર્મનાં ઘણાં જાળાં બાંધે છે. તેહને=ચાર્વાકને, હવે સદ્‌ગુરુ યુક્તિ કરીને આત્મસત્તા= આત્માનું અસ્તિત્વ, દેખાડે છે. ॥૯॥**

**બાલાવબોધ :-**

**चार्वाक एहवी जूठी युक्ति बोलई छई, सद्‌गुरु तेहनई युक्तिं करी आत्मसत्ता देषाडइ छइ ।।९।।**

**અનુવાદ :-**

**चार्वाक.....देषाडइ छ ।।९।।** ચાર્વાક આવી જૂઠી=ખોટી, યુક્તિ બોલે છે. સદ્‌ગુરુ તેને યુક્તિ કરી=યુક્તિ દ્વારા, આત્મસત્તા=આત્માની વિદ્યમાનતા, દેષાડઈ છે=દેખાડે છે. **॥૯॥**

**અવતરણિકા :-**

અનુમાન પ્રમાણથી આત્માની સત્તા બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોપઈ :-**

ज्ञानादिक गुण अनुभवसिद्ध, तेहनो आश्रय जीव प्रसिद्ध ।
पंचभूतगुण तेहनइं कहो, इंद्रियग्राह्य न किम सद्दहो ? ।।१०।।

**ગાથાર્થ :-**

જ્ઞાનાદિક ગુણ અનુભવસિદ્ધ છે. તેનો=જ્ઞાનાદિગુણોનો, આશ્રય= આધાર, જીવદ્રવ્ય પ્રસિદ્ધ છે. તેને=જ્ઞાનાદિક ગુણને, પાંચ ભૂતનો ગુણ કહો તો ઈંદ્રિયગ્રાહ્ય કેમ માનતા નથી ? ॥૧૦॥

**બાલાવબોધ :-**

ज्ञान-दर्शन-सुख-वीर्यप्रमुख गुण जे अनुभवसिद्ध-मानस प्रत्यक्षइं प्रसिद्ध छइं, ते गुणनो जे आधार ते जीवद्रव्य अनुमानप्रमाणइं आवइं. अनुमानप्रमाण न मांनइं ते परना मननो संदेह किम जाणइं ? तिवारइ परनइं उपदेश किम दिइं ? अनइ जो तेहनइं ज्ञानादिकगुणनइं पंचभूतनो संयोगज गुण कहो तो इंद्रियग्राह्य किम न मानो ? भूतगुण जे काठिन्य-शीतत्वादिक ते इंद्रियग्राह्य छइं, चेतना इंद्रियग्राह्य नथी, ते माटइ ते आत्मानो गुण जाणवो ।।१०।।

**અનુવાદ :-**

**ज्ञान-दर्शन.....जाणवो ।।૧૦।।** જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય વગેરે જે અનુભવસિદ્ધ=માનસપ્રત્યક્ષથી પ્રસિદ્ધ, છે, તે ગુણનો જે આધાર તે જીવદ્રવ્ય અનુમાનપ્રમાણથી પ્રાપ્ત થાય. (જે) અનુમાનપ્રમાણ ન માને તે પરના મનનો સંદેહ કેમ જાણે ? તિવારઇ=તેથી, પરને ઉપદેશ કેમ દિઈ=આપે ? અને જો તેહને= જ્ઞાનાદિગુણને, પાંચ ભૂતના સંયોગથી પેદા થયેલો ગુણ કહો તો ઈંદ્રિયગ્રાહ્ય કેમ ન માનો ? ભૂતગુણ જે કઠિનતા, શીતપણું વગેરે છે તે ઈંદ્રિયગ્રાહ્ય છે, ચેતના ઈંદ્રિયગ્રાહ્ય નથી, તે માટે તે આત્માનો ગુણ જાણવો. ॥૧૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

આસ્તિકવાદી કહે છે કે, જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય વગેરે ગુણો માનસપ્રત્યક્ષથી અનુભવસિદ્ધ છે. તેના આધાર તરીકે જીવદ્રવ્ય અનુમાનપ્રમાણથી સિદ્ધ થાય છે. અહીં નાસ્તિકવાદી કહે કે અમે તો માત્ર પ્રત્યક્ષને જ પ્રમાણ માનીએ છીએ, અનુમાનને પ્રમાણ માનતા નથી, તેથી તમે જે અનુમાનપ્રમાણથી જીવની સિદ્ધિ કરી તે અમારે નિરર્થક છે.

આસ્તિકવાદી તેનો ઉત્તર આપતાં કહે છે કે, વસ્તુની સિદ્ધિમાં અનુમાનને પ્રમાણ તરીકે તમે માનતા નથી, તો પછી બીજા જીવના મનમાં રહેલા સંદેહને તમે શી રીતે જાણી શકો ? કેમ કે સામા જીવના મનમાં રહેલો સંદેહ પ્રત્યક્ષનો વિષય બનતો નથી, એ તો સામી વ્યક્તિની આકૃતિ, પ્રવૃત્તિ અથવા તે વ્યક્તિના વચનથી સંદેહનું જ્ઞાન થાય છે. અને જો અનુમાનપ્રમાણ સ્વીકારવામાં ન આવે તો તમે(ચાર્વાક) પોતે પણ સામાના મનના સંદેહને જાણીને ઉપદેશ આપો છો, તે કેમ આપો છો ? અર્થાત્ ચાર્વાક પણ લોકોને કહે છે કે પરલોક નથી, આત્મા નથી અને મોજમજાપૂર્વક જીવનને સફલ કરો, એ પ્રકારનો પરને જે ઉપદેશ આપે છે, તે સામી વ્યક્તિના વચનપ્રયોગથી કે હાવભાવ આદિથી જાણે છે કે, સામી વ્યક્તિને જીવના વિષયમાં સંદેહ છે. કોઈક અન્યના વચનને સાંભળીને કોઇ વ્યક્તિ જીવને માને છે, અને પોતે જીવ નથી તેમ કહે છે ત્યારે તેને જીવ સ્વીકારવામાં સંદેહ થાય છે; તેથી યુક્તિપૂર્વક જીવનું અસ્તિત્વ નથી, એવો ચાર્વાક તેને ઉપદેશ આપે છે, તે અનુમાન સિવાય કઈ રીતે આપી શકે ? કેમ કે લોકોમાં રહેલ સંદેહ એ પ્રત્યક્ષનો વિષય નથી, તેથી અનુમાનથી જ ચાર્વાક સંદેહ જાણે છે. તેથી ચાર્વાકે અનુમાનપ્રમાણ સ્વીકારવું જોઈએ.

અહીં નાસ્તિકવાદી ચાર્વાક કહે કે, આ રીતે અમે અનુમાનપ્રમાણને માની લઈએ, અને જ્ઞાનાદિ ગુણોના આધારભૂત કોઈ દ્રવ્યની સિદ્ધિ માની લઈએ, પણ એટલામાત્રથી શરીરથી ભિન્ન કોઈ જીવદ્રવ્યની સિદ્ધિ થઈ શકતી નથી; કેમ કે જ્ઞાનાદિ ગુણોના આધારભૂત દ્રવ્ય તરીકે અમે શરીરને જ માનીએ છીએ. માટે જ્ઞાનાદિ ગુણો પાંચ ભૂતના સંયોગથી પેદા થયેલા શરીરના ગુણો છે, પણ કોઈ પૃથક્ દ્રવ્યરૂપ જીવના ગુણો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં આસ્તિકવાદી કહે છે કે, જો તમે જ્ઞાનાદિગુણને પાંચ ભૂતના સંયોગથી પેદા થયેલ શરીરના ગુણો કહો તો તે ચક્ષુ વગેરે ઈંદ્રિયોથી ગ્રાહ્ય કેમ બનતા નથી ? કેમ કે પૃથ્વી વગેરે ભૂતના જે શીતળતા, કઠિનતા વગેરે ગુણો છે તે ઈંદ્રિય ગ્રાહ્ય છે, અને ચેતના ઈંદ્રિયગ્રાહ્ય નથી. તેથી ચેતના=જ્ઞાન, શરીરનો ગુણ નથી પણ શરીરથી ભિન્ન આત્માનો ગુણ છે. **॥૧૦॥**

**અવતરણિકા :-**

જ્ઞાનાદિ ગુણો પંચભૂતમય શરીરના ગુણો નથી. પરંતુ આત્માના ગુણો છે, એ વાતની વિશેષ પુષ્ટિ માટે કહે છે -

અથવા

ચાર્વાક કહે કે, પાંચભૂતોમાં કેટલાક ગુણો ઈન્દ્રિયગ્રાહ્ય છે અને કેટલાક ગુણો ઈન્દ્રિયગ્રાહ્ય નથી, તેથી ચેતના શરીરનો ગુણ હોવા છતાં ઈન્દ્રિયથી ગ્રાહ્ય થતો નથી. તેથી કહે છે -

**ચોપઈ :-**

**तनुछेदइ नवि ते छेदाइ, तस वृद्धिइं नवि वधता थाय(इ) ।**
**उपादान ज्ञानादिकतणो, तेहथी जीव अलाधो गणो ।।११।।**

**ગાથાર્થ :-**

**શરીરના છેદથી તે=ચેતનાગુણ, છેદાતા નથી તથા તેની વૃદ્ધિથી= શરીરની વૃદ્ધિથી, તે=ચેતનાગુણ, વૃદ્ધિ પામતા નથી. માટે જ્ઞાનાદિ ગુણનો ઉપાદાન જીવ= આત્મા, (શરીરથી) જુદો માનો. ॥૧૧॥**

**બાલાવબોધ :-**

शरीरछेदइं ते चेतनागुण छेदाता नथी तथा ते शरीरनी वृद्धिं वधता थाता नथी, ते माटइं ज्ञानादिकगुणनो उपादान आत्मा शरीरथी अलाधो मानो । उपादाननी हानि-वृद्धिं ज उपादेयनी हानि-वृद्धि थाइ, जिम माटीनी हानि-वृद्धिं घटनी हानि-वृद्धि तिम इहां जाणवुं । यद्यपि प्रदेशहानि-वृद्धि

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आत्मानइं नथी, तथापि पर्यायहानि-वृद्धि छइं; तेणइं हीन-वृद्ध ज्ञानप्रतिं एकेंद्रिय-पंचेन्द्रियाद्यात्मपणइ उपादानता, सामान्यथी चैतन्यगुणप्रतिं आत्मपणइं उपादानता मानी जोइइ, नहीं तो लोकव्यवहार न मिलइ ।।११।।

**અનુવાદ :-**

**शरीरछेदइं.....इहां जाणवुं ।** શરીરના છેદથી તે ચેતનાગુણ છેદાતા નથી તથા તે ચેતનાગુણ શરીરની વૃદ્ધિથી વધતા નથી, તે માટે જ્ઞાનાદિક ગુણનો ઉપાદાન આત્મા શરીરથી અલાધો=જુદો, માનો. ઉપાદાનની હાનિ-વૃદ્ધિથી જ ઉપાદેયની હાનિ-વૃદ્ધિ (થાય) છે, જેમ માટીની હાનિ-વૃદ્ધિથી ઘટની હાનિ-વૃદ્ધિ (થાય છે), તેમ અહીં જાણવું.

**यद्यपि.....न मिलइ ।।११।।** યદ્યપિ પ્રદેશની હાનિ-વૃદ્ધિ આત્માને નથી, તો પણ પર્યાયની હાનિ-વૃદ્ધિ છે. તેથી હીન-વૃદ્ધ=ઓછા-વધુ, જ્ઞાનપ્રત્યે એકેંદ્રિય-પંચેંદ્રિયાદિ આત્મારૂપે ઉપાદાનતા (માનવી જોઈએ, અને) સામાન્યથી ચૈતન્યગુણ પ્રત્યે આત્માની ઉપાદાનતા માનવી જોઈએ, નહિતર લોકવ્યવહાર ન ચાલે.**॥૧૧॥**

**ભાવાર્થ :-**

કોઈ વ્યક્તિનું શરીર છેદાય ત્યારે જ્ઞાનગુણ ઓછો થતો નથી, જેમ કોઈનો હાથ કપાઈ જાય તો તે પૂર્વે તેનામાં રહેલી જે જ્ઞાનશક્તિ છે, તે ઓછી થતી નથી. અને કોઈ વ્યક્તિનું શરીર પૂર્વે હતું તેના કરતાં સ્થૂલ થઈ જાય=વધી જાય, તો તેનું જ્ઞાન વધતું નથી. તેથી નક્કી થાય છે કે જ્ઞાનાદિ ગુણોનું ઉપાદાન શરીર નથી, માટે જ્ઞાનાદિ ગુણોનો ઉપાદાન આત્મા શરીરથી જુદો માનવો જોઈએ, આ પ્રકારની ગ્રંથકારે યુક્તિ આપી.

અહીં કોઈને પ્રશ્ન થાય કે શરીરના છેદથી કે વૃદ્ધિથી જ્ઞાનની હાનિ-વૃદ્ધિ થતી નથી, એટલામાત્રથી જ્ઞાનાદિનું ઉપાદાન શરીર નથી તે કેમ માની શકાય ? તેથી દૃષ્ટાંત દ્વારા તે બતાવતાં કહે છે -

જેમ શરીર પાંચ ભૂતોમાંથી બનેલું છે તેમ માટી ભૂતરૂપ જ છે, અને માટીની હાનિ-વૃદ્ધિથી ઘટની હાનિ-વૃદ્ધિ દેખાય છે, ત્યાં માટી એ ઘટનું ઉપાદાન છે, તેથી ઉપાદાનરૂપ માટીની હાનિ-વૃદ્ધિથી ઉપાદેયરૂપ ઘટની હાનિ-વૃદ્ધિ થાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે; તેમ શરીરનો ધર્મ જો ચેતના હોય તો ઉપાદાનરૂપ શરીરની હાનિ-વૃદ્ધિથી ઉપાદેયરૂપ ચેતનગુણની હાનિ-વૃદ્ધિ થવી જોઈએ. પરંતુ તે થતી નથી તે અનુભવસિદ્ધ પદાર્થ છે. માટે ચેતનગુણનું ઉપાદાન શરીરથી જુદો આત્મા છે, એ પ્રકારનો આશય છે.

અહીં નાસ્તિકવાદી કહે કે ઉપાદાનની હાનિ-વૃદ્ધિથી ઉપાદેયની હાનિ-વૃદ્ધિ માનવામાં આવે, તો તમારા મત પ્રમાણે ઉપાદાનરૂપ એવા આત્માના આત્મપ્રદેશોની હાનિ-વૃદ્ધિ નહિ હોવા છતાં, ઉપાદેયરૂપ જ્ઞાનાદિની હાનિ-વૃદ્ધિ એકેંદ્રિયથી પંચેંદ્રિય સુધીના તમામ જીવોમાં દેખાય છે, તે કઈ રીતે સંગત થશે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે -

જો કે આત્માના પ્રદેશની હાનિ-વૃદ્ધિ થતી નથી, તો પણ જ્ઞાનાદિ પર્યાયોની હાનિ-વૃદ્ધિ થાય છે. તેથી એવો નિયમ માનવો જોઈએ કે, આત્માના જ્ઞાનની હાનિ-વૃદ્ધિ થાય છે તેના પ્રત્યે, એકેંદ્રિય-પંચેન્દ્રિયાદિ આત્મારૂપે ઉપાદાન કારણ છે; અને સામાન્યથી ચૈતન્યગુણ પ્રત્યે આત્મા ઉપાદાનકારણ છે, એવો કાર્ય-કારણભાવ માનવો જોઈએ. અને તેમ ન માનો તો લોક-વ્યવહારની સંગતિ થાય નહિ. લોકમાં વ્યવહાર છે કે પાંચ ભૂતના સંયોગરૂપ શરીર વિદ્યમાન હોવા છતાં જ્યારે વ્યક્તિ મૃત્યુ પામે છે ત્યારે શરીરમાંથી આત્મા ગયો એ પ્રકારનો લોકવ્યવહાર છે, તે તો જ સંગત થાય કે ચૈતન્યગુણ પ્રત્યે આત્મા ઉપાદાન છે. આ રીતે પ્રથમ યુક્તિથી અને પછી લોકવ્યવહારથી શરીરથી આત્મા જુદો છે, તે બતાવ્યું.

જૈન પ્રક્રિયા પ્રમાણે આત્મપ્રદેશોની હાનિ-વૃદ્ધિ નહિ હોવા છતાં એકેન્દ્રિયાદિ જીવોમાં જ્ઞાનની તરતમતા આ રીતે પ્રાપ્ત થાય છે -

આત્મપ્રદેશોની હાનિ-વૃદ્ધિ નહિ હોવા છતાં આત્મામાં જ્ઞાનની હાનિ-વૃદ્ધિ થાય છે, તેનું કારણ, કર્મને વશ જીવ એકેંદ્રિયાદિ ભાવો પામે છે ત્યારે જીવની પાસે જ્ઞાનની સામગ્રી બહુ અલ્પ હોય છે; તેથી જીવનું જ્ઞાન ઘણું આવૃત છે અને અલ્પ ખુલેલું છે. અને તે જીવ જ્યારે પંચેંદ્રિયભાવને પામે છે, ત્યારે જ્ઞાનની સામગ્રી અધિક મળેલ હોવાથી તેનું જ્ઞાન વૃદ્ધિ પામે છે; કેમ કે સામગ્રીને કારણે જ્ઞાનને આવરનારુ કર્મ ઓછું થયેલ છે. જો કર્મ વગરનો આત્મા હોય અને તેના જ્ઞાનની હાનિ-વૃદ્ધિ થતી હોય તો આત્મપ્રદેશની હાનિ-વૃદ્ધિથી જ્ઞાનની હાનિ-વૃદ્ધિ સ્વીકારવી પડે; પરંતુ શુદ્ધાત્માના જ્ઞાનની હાનિ-વૃદ્ધિ થતી નથી, જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાંઈ જ્ઞાનની હાનિ-વૃદ્ધિ દેખાય છે તે કર્મવાળા આત્મામાં દેખાય છે; અને કર્મસહિત આત્મા કર્મના ઉદયથી એકેંદ્રિયાદિ ભાવોને પામે છે, તે પ્રમાણે તેના જ્ઞાનની હાનિ-વૃદ્ધિ થાય છે. તેથી આત્મપ્રદેશોની હાનિ-વૃદ્ધિ નહિ હોવા છતાં જ્ઞાનની હાનિ-વૃદ્ધિ થાય છે, તે કર્મને લીધે થાય છે.**॥૧૧॥**

**અવતરણિકા :-**

જ્ઞાનાદિ ગુણોનું ઉપાદાન શરીર નથી. એ જ વાતની પુષ્ટિ કરતાં કહે છે -

**ચોપઈ :-**

**प्रज्ञादिक-थिति सरिषी नहीं, युगलजात नरनइं पणि सही ।**
**तो किम ते कायापरिणाम ?, जुओ तेहमां आतमराम ।।१२।।**

**ગાથાર્થ :-**

**પ્રજ્ઞાદિક સ્થિતિ યુગલજાત મનુષ્યની પણ=જોડકારૂપે જન્મેલા મનુષ્યની પણ, સરખી નથી; તો તે=ચેતના, કાયાનો પરિણામ કેમ કહેવાય ? તેહમાં=એક માતાપિતાથી ઉત્પન્ન થયેલા જોડકામાં, આતમરામ જુદો છે. ॥૧૨॥**

**બાલાવબોધ :-**

**प्रज्ञादिकनी स्थिति एकवीर्योत्पन्न युगलमनुष्यनी पणि (सरिषी) नथी, कोइक अंतर तेहमां पणि छइ । तो ते चेतना कायानो परिणाम किम कहिं ? एक माता-पिताइं निपायां छइ, तेहमां आत्माराम जूदो छइ, तेणइं करी ज प्रज्ञादिकनो भेद संभवइं ।।१२।।**

**અનુવાદ :-**

**प्रज्ञादिकनी.....संभवइं ।।१२।।** પ્રજ્ઞાદિકની સ્થિતિ એક વીર્યથી ઉત્પન્ન થયેલા યુગલમનુષ્યની પણ=જોડકારૂપે જન્મેલા મનુષ્યની પણ, (સરખી) નથી; કોઈક અંતર તેમાં પણ છે, તો તે ચેતના કાયાનો પરિણામ કેમ કહેવાય ? એક માતા-પિતાથી નીપાયા=ઉત્પન્ન થયેલા, છે, તેમાં આત્મારામ જુદો છે, તેથી કરીને પ્રજ્ઞાદિકનો ભેદ સંભવે છે. **॥૧૨॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

એક માતા-પિતાથી જે યુગલ ઉત્પન્ન થાય છે, તેમના શરીરની નિષ્પત્તિનાં પુદ્ગલો પ્રાયઃ સરખા જેવાં છે, કેમ કે તે બંને એક કાળમાં ઉત્પન્ન થયેલા છે; તેથી બંનેએ એક જ સરખાં પુદ્ગલોથી પોતાનું શરીર બનાવ્યું છે. હવે જો કાયાનો જ પરિણામ ચેતના હોય તો બંનેની પ્રજ્ઞા પ્રાયઃ સરખા જેવી હોવી જોઈએ. પરંતુ તે બંનેમાં પણ કોઈક વખત એક મહાપ્રજ્ઞાધન અને બીજો સાવ મૂર્ખ જેવો જન્મે છે. એ પ્રકારના પ્રજ્ઞાદિકના મોટા ભેદનું કારણ તે બંનેના જીવો-આત્મા જુદા જુદા છે, તેથી તે બે જીવોના જુદા જુદા પ્રકારની કર્મપરિણતિ જ કારણ છે. તેથી તે બંનેમાં પ્રજ્ઞાદિકનો ભેદ સંભવે છે. **॥૧૨॥**

**અવતરણિકા :-**

**जे पूर्वइं कहिउं छइ "शरीरथी भिन्न होइ तो आत्मा अलाधो करी देषाडो" तेहनो उत्तर कहिइं छइं -**

**અવતરણિકાર્થ :-**

પૂર્વે ચોપઈ-૯ માં કહ્યું છે કે, માખણથી જેમ ઘી...... તેમ શરીરથી ભિન્ન હોય તો આત્મા જુદો કરીને દેખાડો, તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે -

**ચોપઈ :-**

**रूपी पणि नवि दीसइ वात, लक्षणथी लहीए अवदात ।**
**तो किम दीसइ जीव अरूप ?, ते तो केवल ज्ञानसरूप ।।१३।।**

**ગાથાર્થ :-**

**રૂપી એવો પણ વાત=પવન, દેખાતો નથી; પણ અવદાત=પ્રગટ, લક્ષણથી જાણી શકાય છે. તો અરૂપી જીવ કેમ દેખાય ? તે તો કેવલ=ફક્ત, જ્ઞાનસ્વરૂપ છે. ॥૧૩॥**

**બાલાવબોધ :-**

'वात' कहतां वायरो ते रूपी छइं पुद्गल माटइ, तो पणि दीसतो नथी,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पणि 'अवदात' कहतां प्रकट लक्षण जे कंप-धृति-शब्दादिक लिंगइं लहिंइं छइं; लतादिकनो कंप, अर्कतूलादिकनइं आकाशइं धृति, झंझादिकनो शब्द जेहनइं अभिघातइं तथा संयोगइं होइं छइं ते वायुद्रव्य, इम अनुमानप्रमाणइं जाणिइं छइ । तो अरूपी जीव किम दीसई ? ते जीव केवल ज्ञानस्वरूप छइं, ज्ञान मनइं प्रत्यक्ष छइं ते लिंगइं तेहनो आश्रय जे आत्मा तेहनुं अनुमान कीजै । यद्यपि ज्ञानगुण प्रत्यक्ष माटि आत्मा पणि तदंशइं प्रत्यक्ष छइं -

'गुणपच्चक्खत्तणओ गुणी वि जीवो घडो व्व पच्चक्खो।।' (वि. भा. १५५८) इत्यादि विशेषावश्यकवचनात्, वायूपनीत सुरभिद्रव्य पणि गंधांशइं प्रत्यक्ष ज छइं तथापि वादि विप्रतिपत्तिं अनुमान कीजइं । उक्तं च -

'शतशः प्रत्यक्षपरिकल्पितमप्यर्थमनुमिमीषन्त्यनुमानरसिकाः !' ( ) अथवा ज्ञानाश्रय प्रत्यक्ष ज छइ तेहनइं इतरभिन्नतानुं अनुमान कीजइ छइं ।।१३।।

● **झंझादिकनो ......... वायुद्रव्य**=અભિઘાતપૂર્વકના વાયુના સંયોગથી ઝંઝાદિકનો શબ્દ થાય છે. એ પ્રમાણે અર્થ સમજવો.

**અનુવાદ :-**

**वात कहतां....अनुमान कीजै ।** વાત=વાયરો-પવન, તે પુદ્ગલ હોવાને કારણે રૂપી છે તો પણ દેખાતો નથી, પણ 'અવદાત'=પ્રકટ, લક્ષણ જે કંપ-ધૃતિ-શબ્દાદિક લિંગથી તે જાણી શકાય છે. લતાદિકનો=વેલડી વગેરેનો, કંપ, અર્કતૂલાદિકની આકાશમાં ધૃતિ, ઝંઝાદિકનો-પ્રચંડ શબ્દ, જેના અભિઘાતથી તથા સંયોગથી થાય છે, તે વાયુદ્રવ્ય; આમ અનુમાનપ્રમાણથી જાણી શકાય છે. તો અરૂપી જીવ કેમ દેખી શકાય ? તે જીવ કેવલ=ફક્ત, જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાન મનથી પ્રત્યક્ષ છે, તે જ્ઞાનલિંગથી તેનો આશ્રય જે આત્મા તેનું અનુમાન કરી શકાય છે.

**यद्यपि....कीजइ छइं ।।૧૩।।** જો કે જ્ઞાનગુણ પ્રત્યક્ષ છે, માટે આત્મા પણ તદંશથી=જ્ઞાનાંશથી, પ્રત્યક્ષ છે. કેમ કે, ગુણના પ્રત્યક્ષપણાથી ગુણી પણ જીવ ઘટની જેમ પ્રત્યક્ષ છે ઇત્યાદિ વિશેષાવશ્યકનું વચન છે. વાયુ ઉપનીત= વાયુથી લવાયેલ, સુરભિદ્રવ્ય પણ ગંધાંશથી પ્રત્યક્ષ જ છે, તો પણ વાદીને વિપ્રતિપત્તિ હોવાથી અનુમાન કરાય છે અને કહ્યું કે -પ્રત્યક્ષથી પરિકલ્પિત પણ અર્થને સેંકડોવાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુમાનરસિકો અનુમાન કરવા ઈચ્છે છે. અથવા જ્ઞાનાશ્રય= જ્ઞાનનો આશ્રય આત્મા, પ્રત્યક્ષ જ છે, તેનાથી ઈતરભિન્નતાનું અનુમાન કરીએ છીએ. ॥૧૩॥

**ભાવાર્થ :-**

'**यद्यपि**' - શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજે '**यद्यपि** થી જે કહ્યું કે, જ્ઞાનગુણ પ્રત્યક્ષ છે, તેથી જ્ઞાનાંશથી આત્મા પણ પ્રત્યક્ષ છે. તેનાથી એ કહેવું છે કે, જે દ્રવ્યના જેટલા પર્યાયો હોય તે પર્યાયથી તે દ્રવ્ય કથંચિત્ અભિન્ન છે, અને તે સર્વપર્યાયોથી તે દ્રવ્યનું પ્રત્યક્ષ કેવલીભગવંત કરે છે, અને છદ્મસ્થ તે દ્રવ્યવર્તી કોઈ પર્યાયઅંશથી તે દ્રવ્યનું પ્રત્યક્ષ કરે છે; તેથી જેમ પોતાનું જ્ઞાન જીવને પ્રત્યક્ષ છે, તેમ જ્ઞાનાંશથી અભિન્ન એવો આત્મા પણ તેને પ્રત્યક્ષ છે. અને કોઈ સુગંધી પુષ્પની ગંધ જ્યારે આપણને આવતી હોય છે ત્યારે, વાયુથી લવાયેલ સુરભિદ્રવ્ય પણ ગંધાંશથી પ્રત્યક્ષ છે, અને તે પુષ્પ ચક્ષુ સામે ઉપસ્થિત હોય તો તે રૂપાંશથી પણ પ્રત્યક્ષ છે; તે રીતે આત્મા જ્ઞાનાંશથી પ્રત્યક્ષ હોવાથી અનુમાન કરવાનું પ્રયોજન રહેતું નથી. તો પણ ચાર્વાકરૂપ વાદી આત્માને માનતો નથી અને અન્ય આત્મવાદીઓ આત્માને માને છે, માટે તે વાદીઓની વિપ્રતિપત્તિને=વિરુદ્ધ માન્યતાને, દૂર કરવા અર્થે અનુમાન કરાય છે.

અને ત્યાં **उक्तं च** - થી **शतशः.....अनुमानरसिकाः** । એ સાક્ષી આપી એ કથનમાં એ પ્રકારે કહેલ નથી કે વાદીની વિપ્રતિપત્તિને દૂર કરવા માટે અનુમાન કરાય છે, પરંતુ એમ કહ્યું કે પ્રત્યક્ષથી જાણેલા અર્થને પણ અનુમાનરસિકો સેંકડો વાર અનુમાન કરે છે. આનાથી એ કહેવું છે કે જે વ્યક્તિને આત્મા પ્રત્યક્ષથી અનુભવાય છે, તેમ પ્રતીતિ છે, તે વ્યક્તિ પણ જ્યારે દર્શનવાદીઓમાં કેટલાક આત્માને માને છે, કેટલાક નથી માનતા, એવી વિપ્રતિપત્તિને જુએ છે ત્યારે, તેઓને પોતાને પ્રત્યક્ષથી નિર્ણીત થયેલો અર્થ તેમ જ છે, તે સ્થિર કરવા માટે સેંકડો વાર અનુમાન કરે છે, ત્યારે તે સ્વાર્થાનુમાન કહેવાય; અને જ્યારે પ્રતિવાદીને સમજાવવા માટે અનુમાન કરે છે ત્યારે, પોતાને તે અર્થ નિર્ણીત હોવા છતાં અનુમાન દ્વારા પરને સમજાવવા માટે અનુમાન કરે છે, તે પરાર્થાનુમાન કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अथवा.....कीजइ छइं ।।१३।।** જ્ઞાનગુણના પ્રત્યક્ષથી જ્ઞાનાશ્રયરૂપે આત્મા પ્રત્યક્ષ છે, તેમાં કોઇ વિકલ્પ નથી; તો પણ જ્ઞાનનો આશ્રય પોતે આત્મા માનતો હોય અને પ્રતિવાદી જ્ઞાનનો આશ્રય શરીર કહેતો હોય ત્યારે, વિચારકને સંદેહ ઉત્પન્ન થઈ શકે કે મારું જ્ઞાન મને પ્રત્યક્ષ છે, અને તેનો આશ્રય 'હું' શબ્દથી વાચ્ય આત્મા છે કે શરીર છે ? તેથી તે સંદેહને દૂર કરવા માટે જ્ઞાનના આશ્રયમાં શરીરથી ભિન્નતાનું અનુમાન કરાય છે. (જે અનુમાન પ્રસ્તુત શ્લોકમાં નથી, પરંતુ ગાથા-૧૦-૧૧-૧૨માં કરેલ છે.) તે અનુમાનથી જ્ઞાનના આશ્રયરૂપે આત્માની સિદ્ધિ થાય છે. **॥૧૩॥**

**અવતરણિકા :-**

हवइ परलोकनुं प्रमाण कहइ छइ -

**અવતરણિકાર્થ :-**

પૂર્વે ચોપઇ-૮ માં કહ્યું કે, ચાર્વાકને મતે પરલોક નથી, પુણ્ય નથી, પાપ નથી. તેમાં પરલોકનું પ્રમાણ બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે -

**ચોપઈ :-**

**बालकनें स्तनपानप्रवृत्ति, पूरवभववासना निमित्त ।**
**ए जाणो परलोक प्रमाण, कुण जाणइ अणदीठुं ठाम ? ।।१४।।**

**ગાથાર્થ :-**

**બાળકને સ્તનપાન પ્રવૃત્તિ છે, તે પૂર્વભવની વાસનાનિમિત્ત=પૂર્વભવની વાસનાને કારણે છે, એ પરલોકનું પ્રમાણ જાણો. અણદીઠું=નહિ જોયેલું, સ્થાન કોણ જાણે છે ? ॥૧૪॥**

**બાલાવબોધ :-**

बालकनइं जे स्तनपानप्रवृत्ति छइ ते इष्टसाधनतास्मरणहेतुक छइ, ते स्मरण अनुभवथी थाइ, ते ए भवइ नथी तो परभवनो ज आवइ तज्जनितवासनाइं ए भवइं स्मरण थाइं, ए परलोकनुं प्रमाण जाणो । अणदीठुं

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**स्थानक कुण जाणइ ? इम मरणत्रासइं पणि पूर्वभवनो मरणानुभव अनुभविइं, अणदीठाथी त्रास किम होइ ? जातमात्रइं तो मरण दीठुं नथी, मरणथी त्रास तो पामइ छइ, तेणइ जाणिइं जे परलोक छइं ।।१४।।**

**અનુવાદ :-**

**बालकनइं.....परलोक छइं ।।१४।।** બાળકને જે સ્તનપાનની પ્રવૃત્તિ છે તે ઈષ્ટસાધનતાસ્મરણ હેતુક છે, તે સ્મરણ અનુભવથી થાય છે. તે=અનુભવ, આ ભવનો નથી, તેથી પરભવનો જ પ્રાપ્ત થાય. તજ્જનિત વાસનાથી=પરભવમાં થયેલ અનુભવજનિત વાસનાથી, આ ભવમાં (સ્તનપાનની પ્રવૃત્તિનું) સ્મરણ થાય, એ પરલોકનું પ્રમાણ જાણો. અણદીઠું સ્થાનક=નહિ જોયેલું સ્થાનક=સ્થાન, કોણ જાણે ? એમ મરણત્રાસથી પણ પૂર્વભવનો મરણઅનુભવ અનુભવાય છે. અણદીઠાથી=નહિ જોયેલાથી, ત્રાસ કેમ થાય ? જાતમાત્રથી=જન્મમાત્રથી, તો મરણ જોયું નથી, (અને) મરણથી ત્રાસ તો પામે છે, તેથી જાણો કે પરલોક છે. **॥૧૪॥**

**વિશેષાર્થ :-**

પૂજ્ય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ આ ચોપઈમાં **बालकनइं जे स्तनपानप्रवृत्ति छइ ते इष्टसाधनतास्मरणहेतुक छइ**, એમ કહ્યું તેનાથી એ કહેવું છે કે,

જન્મેલા બાળકને ભૂખ શમાવવી એ ઈષ્ટ છે, અને તેનું સાધન સ્તનપાનની ક્રિયા છે. તે ક્રિયામાં ઈષ્ટસાધનતાનું સ્મરણ જન્માંતરના સામાન્ય સંસ્કારથી થાય છે. તેથી ભૂખ શમાવવા સ્તનપાનની પ્રવૃત્તિ તે કરે છે.

'**अणदीठुं स्थानक कुण जाणइ**' એમ જે કહ્યું, તેનાથી એ કહેવું છે કે, પરલોક ન માનીએ તો જન્મેલું બાળક પૂર્વભવમાં ન હતું તેમ માનવું પડે. અને તેવા બાળકે સ્તનપાન કરવારૂપ પ્રવૃત્તિનું સ્થાન જોયું નથી, તેથી તેવા સ્થાનને તે કેવી રીતે જાણી શકે કે, જેથી પોતાની ભૂખને શમાવવા માટે સ્તનપાનમાં પ્રવૃત્તિ કરી શકે ? માટે તેમ માનવું જોઈએ કે બાળકે પૂર્વભવમાં સ્તનપાનની પ્રવૃત્તિનું સ્થાન જોયું છે.

અહીં પ્રશ્ન થાય કે અનાદિ નિગોદમાં વર્તતો જીવ પ્રથમ વખત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચેંદ્રિયમાં આવે છે ત્યારે તેણે ક્યારેય પણ સ્તનપાનની પ્રવૃત્તિ કરી નથી, છતાં તે પંચેંદ્રિયભવમાં સ્તનપાનની પ્રવૃત્તિ કરે છે, તે કઈ રીતે સંગત થાય ? તેનો ઉત્તર એ છે કે એકેંદ્રિયાદિ ભવોમાં જીવને ક્ષુધા લાગે છે ત્યારે ક્ષુધાને અનુકૂળ આહારગ્રહણમાં તે યત્ન કરે છે, અને તે સંસ્કારને કારણે પંચેંદ્રિયમાં જીવ આવે છે, ત્યારે ક્ષુધાશમનને અનુકૂળ તેવો યત્ન કરે છે. આ રીતે સ્તનપાનની પ્રવૃત્તિ સંગત થાય છે.

**जातमात्रइं** ........ **छइं ।** સુધી જે કહ્યું તેનાથી એ કહેવું છે કે, જન્મમાત્રથી કોઈએ મરણ જોયું નથી=મરણ દુઃખરૂપ છે, તેમ અનુભવ્યું નથી. છતાં ઉંમર થતાં જીવ મરણથી ત્રાસ પામે છે, તે જ બતાવે છે કે, જન્માંતરના અનુભવેલા મરણના દુઃખથી અત્યારે પણ અવ્યક્ત સ્મરણને કારણે ભય થાય છે. **॥૧૪॥**

**અવતરણિકા :-**

પૂર્વે ચોપઈ-૮માં કહ્યું કે ચાર્વાક પરલોક-પુણ્ય-પાપ કશું માનતો નથી, તેમાં પરલોકની સિદ્ધિ ચોપઈ-૧૪ માં ગ્રંથકારે યુક્તિપૂર્વક કરી બતાવી. હવે પુણ્ય-પાપની સિદ્ધિ માટે યુક્તિ બતાવતાં કહે છે -

**ચોપઈ :-**

**एक सुखिया एक दुखिया होइ, पुण्य-पाप विलसित ते जोइ ।**
**करमचेतनानो ए भाव, उपलादिकपरि ए न स्वभाव ।।१५।।**

**ગાથાર્થ :-**

**એક (જીવ) સુખી છે, એક (જીવ) દુઃખી છે, તે પુણ્ય-પાપનો વિલાસ જુઓ. એ=સુખ-દુઃખનો ભેદ, પાષાણાદિકની જેમ સ્વભાવ નથી, (પરંતુ) એ કર્મચેતનાનો ભાવ છે. ॥૧૫॥**

**બાલાવબોધ :-**

सरिषइं ज बाह्य कारणइं एक सुखिया नइं एक दुषिया जे होइ छइ ते पुण्य-पापनो विलास जोयो । उक्तं च -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जो तुल्लसाहणाणं फले विसेसो, न सो विणा हेउं ।

कज्जत्तणओ गोयम ! घडो व्व हेउ अ से कम्मं ।। - (वि० भा० १६१३)

**कोइ कहस्यइ-एक पाषाण पूजाइं छइं, एक रझलइ छइ, तिम ए स्वभावइं हुस्यइं । तेहनइं कहिइं उपलादिकनइं पूजा-निंदाथी सुख्र-दुःखवेदन नथी, जीवनइं ते छइं; तो ए भोगचेतना करमचेतनानो करिओ भाव छइं, दृष्टान्वयव्यतिरेक स्वभावइं निराकरिइं तो दंडादिकनइं घटादिकप्रति पणि कारणता किम कहिइं ? ।।१५।।**

**અનુવાદ :-**

**सरिषइं ज.....हेउ अ से कम्मं ।। सरिषइं ज** સરખા જ, બાહ્ય કારણથી એક સુખી અને એક દુઃખી જે હોય છે, તે પુણ્ય-પાપનો વિલાસ જાણો. અને કહ્યું છે - હે ગૌતમ ! તુલ્ય સાધનોના=તુલ્ય કારણોના, ફળમાં જે વિશેષ છે, તે હેતુ વિના નથી; કેમ કે કાર્યપણું છે, ઘટની જેમ; અને જે હેતુ= કારણ, છે તે કર્મ છે.

**कोइ कहस्यइ-.....कहिइं ? ।।१५।।** અહીં કોઈ પ્રશ્ન કરે કે એક પાષાણ પૂજાય છે અને એક પાષાણ રઝળે છે, તેમ આ=એક સુખી અને એક દુઃખી છે એ, સ્વભાવથી થાય છે. (સ્વભાવભેદને કારણે નહિ પણ સ્વાભાવિક=વગર કારણે થાય છે.) તેહને કહે છે - પાષાણને પૂજા કે નિંદાથી સુખ-દુઃખનું વેદન નથી, જીવને તે=સુખ-દુઃખનું વેદન છે; માટે એ ભોગચેતના કર્મચેતનાનો કરેલ ભાવ છે. દૃષ્ટ અન્વય-વ્યતિરેકનું સ્વભાવથી નિરાકરણ કરશો તો દંડાદિકની ઘટાદિ પ્રત્યે પણ કારણતા કેમ કહી શકશો ? અર્થાત્ કહી નહિ શકો. **॥૧૫॥**

**ભાવાર્થ :-**

સરખાં બાહ્ય કારણ પામીને એક વ્યક્તિને સુખની પ્રાપ્તિ અને એક વ્યક્તિને દુઃખની પ્રાપ્તિ થાય છે તેનું અંતરંગ કારણ કર્મ છે, તેથી અંતરંગ કારણની વિષમતાથી કાર્યની વિષમતા પ્રગટેલી છે. જો સર્વથા સર્વ કારણ સરખાં હોય તો કાર્ય સરખું થવું જોઈએ, અને તેથી કાર્યની વિષમતાથી અનુમાન થાય છે કે કારણની વિષમતા અવશ્ય હોવી જોઈએ. અને બાહ્ય કારણ વિષમ નથી, તેથી અંતરંગ કોઈ વિષમ કારણ છે, અને તે પુણ્ય-પાપથી વાચ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં કોઈ કહે કે એક પાષાણ પૂજાય છે અને એક પાષાણ રઝળે છે ત્યાં અંતરંગ કારણ કર્મ માની શકાય તેમ નથી. તે રીતે પ્રસ્તુતમાં કોઈ વ્યક્તિને બાહ્ય સામગ્રીથી સુખ થયું, અને તેવી જ બાહ્ય સામગ્રીથી કોઈ વ્યક્તિને દુઃખ થયું; ત્યાં કોઈ અંતરંગ કારણ નથી, પરંતુ સ્વાભાવિક રીતે સુખ-દુઃખ થાય છે. તેનો જવાબ આપતાં ગ્રંથકારશ્રી કહે છે -

પથ્થરને પૂજા કે નિંદાથી સુખ-દુઃખ થતું નથી, તેથી સુખ-દુઃખની વિષમતાના કારણીભૂત કર્મ માનવાની ત્યાં જરૂર નથી; પરંતુ જીવને સુખ-દુઃખનું વેદન થાય છે, તેથી સુખ-દુઃખરૂપ વિષમ કાર્યના કારણરૂપે ત્યાં કર્મ માનવું આવશ્યક છે. તેથી ભોગચેતનારૂપ કાર્ય પ્રત્યે કર્મચેતનાને કારણ માનવું જોઈએ.

અહીં કર્મચેતનાથી જીવની કર્મબંધને અનુકૂળ પરિણતિ ગ્રહણ કરવાની છે, જે જીવે ભૂતકાળમાં કરેલ તે જ કર્મચેતનાથી કર્મ બંધાય છે. અને તે બંધાયેલા કર્મને પામીને જીવમાં ભોગચેતના પેદા થાય છે, તે કર્મના ફળસ્વરૂપ જીવની પરિણતિરૂપ છે. અને જ્યારે બાહ્ય સર્વસામગ્રી સમાન છે ત્યારે, જે કાર્યનું વૈષમ્ય થયું તે પૂર્વની કર્મચેતનાના કારણે થયું છે. આ રીતે સર્વકાર્ય પ્રત્યે સમાન સામગ્રીથી સમાન કાર્ય થાય છે, અને કારણ સામગ્રીના વૈષમ્યથી કાર્યની વિષમતા થાય છે, આ પ્રકારનો દૃષ્ટ અન્વય-વ્યતિરેક સ્વભાવ હોવા છતાં જો તેનું સ્વભાવથી નિરાકરણ કરવામાં આવે, તો ઘટાદિ પ્રત્યે દંડાદિકની કારણતાનું પણ નિરાકરણ કરી શકાય; કેમ કે ઘટાદિક પ્રતિ દંડાદિક કારણ દેખાય છે છતાં કોઈ કહે કે આ ઘટ પ્રત્યે દંડ કારણ છે, પરંતુ સર્વત્ર ઘટ પ્રત્યે દંડની કારણતા માનવાની જરૂર નથી; કેમ કે કોઈ કારણ નહિ હોવા છતાં એક પથ્થર પૂજાય છે અને અન્ય પથ્થર પૂજાતો નથી, તે સ્વભાવથી થાય છે; તેમ કોઈ ઘટ દંડાદિ વગર થાય છે તેમ માની શકાય. પરંતુ આ રીતે કાર્યની સાથે અન્વય-વ્યતિરેક હોવા છતાં સ્વભાવથી થાય છે, એમ કહીને કારણનો અપલાપ કરવો ઉચિત નથી. તેથી સુખ-દુઃખરૂપ વિષમ કાર્ય એ પુણ્ય-પાપનો વિલાસ છે પણ સ્વભાવ નથી, એમ માનવું ઉચિત છે. **॥૧૫॥**

**અવતરણિકા :-**

પુણ્ય-પાપની સિદ્ધિ માટે અન્ય યુક્તિ આપતાં કહે છે -



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોપઈ :-**

**निःफल नहीं महाजनयत्न, कोडी-काजि कुण वेचइ रत्न ।**
**कष्ट सहि ते धरमारथी, मानो मुनिजन परमारथी ।।१६।।**

**ગાથાર્થ :-**

**મહાજનનો યત્ન નિષ્ફળ નથી. કોડી માટે કોણ રત્નને વેચે ? કષ્ટ સહન કરનારા તે ધર્માર્થી મુનિજન પરમાર્થી માનો. ॥૧૬॥**

**બાલાવબોધ :-**

**महाजन जे पुण्यार्थइं तपक्रिया करइं छइं ते निःफल नथी, निःफल कार्यइं बुद्धिवंत प्रवर्तइं नहीं । जो इम कहस्यो-लोकरंजननइ अर्थइं ते प्रवर्तइं छइं, तो कोडीनइं काजिं रत्न कूंण वेचइं ? लोकरंजन ते कोडी छइं, तेहनइं अर्थइं महाप्रयाससाध्य क्रिया ते रत्न वेचवूं छई, फोकइं दुःख भोगववूं तो कोइ वांछइ नहीं, अनइं सर्व भूलइ पणि नहीं । ते माटिं महाजनप्रवृत्ति पुण्य, पाप तथा आत्मा ए सर्व मानवुं । उक्तं च -**

विफला विश्ववृत्तिर्नो, न दुःखैकफलाऽपि च ।
दृष्टलाभफला नाऽपि विप्रलम्भोऽपि नेदृशः ।।१।।

- (न्यायकुसुमाञ्जलि स्त. १. श्लो. ८) इति।।१६।।

**અનુવાદ :-**

**महाजन....ए सर्व मानवुं ।** મહાજન=શિષ્ટ પુરુષો, પુણ્યાર્થે તપ-ક્રિયા કરે છે તે નિષ્ફળ નથી, (કેમ કે) નિષ્ફળ કાર્યમાં બુદ્ધિશાળી પ્રવર્તતા નથી. જો એમ કહેશો કે લોકરંજન માટે તે=મહાજન, (તપ-ક્રિયામાં) પ્રવર્તે છે, તો કોડી માટે કોણ રત્નને વેચે ? લોકરંજન તે કોડીના સ્થાને છે, તેના માટે મહાપ્રયાસસાધ્ય=મહાપ્રયત્નથી સાધ્ય, ક્રિયા તે રત્નને વેચવા બરાબર છે; ફોગટ દુઃખ ભોગવવું તો કોઈ વાંછઈ નહીં= ઈચ્છે નહિ, અને સર્વ (મહાજન) ભૂલે પણ નહિ, તે માટે મહાજનની પ્રવૃત્તિથી પુણ્ય-પાપ તથા આત્મા એ સર્વ માનવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**उक्तं च.....इति ।।१६।।** અને કહ્યું છે-વિશ્વની વૃત્તિ=પરલોકાર્થી, સ્વર્ગાદિ માટે જે યાગાદિમાં પ્રવૃત્તિ કરે છે, તે વિફળ નથી, દુઃખએકફળવાળી પણ નથી, દૃષ્ટલાભફળવાળી પણ નથી, આવા પ્રકારનો વિપ્રલંભ પણ નથી. **॥૧૬॥**

**ભાવાર્થ :-**

અહીં 'મહાજન' શબ્દથી વિચારક બુદ્ધિમાનને ગ્રહણ કરેલ છે, અને જેઓ વિચારક બુદ્ધિમાન છે, તેઓ આ લોકનાં તુચ્છ ભૌતિક સુખોને છોડીને પુણ્યના અર્થે તપ-ક્રિયાઓ કરે છે, કે જેથી તેમનો પરલોક સારો થાય અને ક્રમે કરીને મોક્ષની પ્રાપ્તિ થાય. માટે વિચારક બુદ્ધિમાનોની ક્રિયા નિષ્ફળ નથી, કેમ કે બુદ્ધિમાન પુરુષ નિષ્ફળ કાર્યમાં પ્રવર્તે નહિ. માટે તેઓની પ્રવૃત્તિના ફળરૂપ પુણ્ય છે એમ અવશ્ય માનવું જોઈએ.

અહીં કોઈ કહે કે મહાજનની પ્રવૃત્તિનું ફળ લોકરંજન છે, પરંતુ મહાજન જે તપ-ક્રિયા કરે છે તે તપ-ક્રિયાનું અન્ય કોઈ પુણ્યરૂપ ફળ નથી. તેથી કહે છે કે લોકરંજન એ કોડી જેવું છે, અને મહાપ્રયત્નસાધ્ય એવી ક્રિયા એ રત્ન જેવી છે. વિચારક વ્યક્તિ રત્નને વેચીને કોડી માટે પ્રવર્તે નહિ, તેથી મહાજન ક્યારે પણ લોકરંજન માટે પ્રવૃત્તિ કરે નહિ.

આનાથી એ કહેવું છે કે, જેમ રત્ન બહુ મૂલ્યવાન છે, તેથી જ વિચારક વ્યક્તિ રત્નને વેચીને કોડી ગ્રહણ કરે નહિ; તેમ મહાજનને મહાપ્રયાસસાધ્ય ક્રિયાઓથી પુણ્યપ્રાપ્તિ દ્વારા સદ્ગતિની પરંપરાની પ્રાપ્તિ છે, અને અંતે મોક્ષ છે, એવો નિર્ણય હોય છે; તેથી જ તેવી ક્રિયાઓમાં મહાજન યત્ન કરે છે - જો તે ક્રિયાઓનું લોકરંજનમાત્ર ફળ હોત તો તેવા તુચ્છફળ માટે આવી કષ્ટસાધ્ય ક્રિયાઓ તે કરે નહિ. માટે મહાજનની પ્રવૃત્તિથી પુણ્ય સ્વીકારવું જોઈએ.

અહીં કોઈને પ્રશ્ન થાય કે મહાજન પુણ્યાર્થે તપ-ક્રિયામાં યત્ન કરે છે તે ભૂલેલા છે. વાસ્તવિક રીતે તપ-ક્રિયાનું ફળ પુણ્ય છે તેવો નિર્ણય કોઈ રીતે થઈ શકતો નથી. તેથી તેના સમાધાનમાં કહે છે કે સર્વ(મહાજન) ભૂલે પણ નહિ.

આશય એ છે કે મહાજન એ બુદ્ધિમાન વિચારક છે. આમ છતાં, કોઈ એકાદ બુદ્ધિમાન વિચારક વ્યક્તિ ભૂલ કરે તેમ સંભવે, પરંતુ ઘણા વિચારક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બુદ્ધિમાન પુરુષો આ લોકને ગૌણ કરીને પરલોક માટે પ્રવૃત્તિ કરે છે તે સર્વ ભૂલેલા છે તેમ કહી શકાય નહિ. માટે મહાજનની તપ-ક્રિયાદિમાં પ્રવૃત્તિથી પુણ્યની સિદ્ધિ થાય છે, અને મહાજનની ભોગાદિમાં અપ્રવૃત્તિથી સંસારની પ્રવૃત્તિમાં પાપ બંધાય છે તે વાત નક્કી થાય છે. તેથી પુણ્ય-પાપના ફળને ભોગવનાર પરલોકમાં જનાર આત્મા છે, તે સિદ્ધ થાય છે.

તેમાં ન્યાયકુસુમાંજલિ ગ્રંથની સાક્ષી આપતાં કહે છે, તેનો અર્થ આ પ્રમાણે છે -

પરલોકાર્થી જીવ સ્વર્ગાદિ માટે જે યાગાદિમાં પ્રવૃત્તિ કરે છે તે નિષ્ફળ નથી, પરંતુ સ્વર્ગાદિ ફળવાળી છે. ત્યાં કોઈ કહે કે તે યાગાદિની પ્રવૃત્તિ દુઃખએકફળવાળી છે, અર્થાત્ એ પ્રવૃત્તિજન્ય દુઃખ વેઠવું તેટલું જ તેનું ફળ છે, પણ તેનાથી અન્ય કોઈ સ્વર્ગાદિની પ્રાપ્તિરૂપ ફળ નથી. તેથી કહે છે કે એ પ્રવૃત્તિ દુઃખમાત્ર ફળવાળી નથી; કેમ કે ઇષ્ટસાધનતાના જ્ઞાનથી પ્રવૃત્તિ થાય છે, અને વિચારકને પ્રવૃત્તિથી ઈષ્ટ દુઃખ હોઈ શકે નહિ, પરંતુ તેનું અવશ્ય કોઈ સ્વર્ગાદિરૂપ ફળ હોવું જોઈએ. અહીં કોઇને શંકા થાય કે, કોઇ ઠગનાર વ્યક્તિ 'સ્વર્ગાદિ ફળ આપનાર યાગાદિ છે', એમ કહીને તે અનુષ્ઠાન પોતે કરે છે અને લોકોને તેમાં પ્રવર્તાવે છે, માટે તે યાગાદિનું ફળ પુણ્ય છે. તેથી કહે છે કે આવા પ્રકારનો વિપ્રલંભ પણ નથી, અર્થાત્ કોઈ વિચારક વ્યક્તિ બીજાને ઠગવા માટે આવી ક્લેશકારી પ્રવૃત્તિઓ કરે નહિ, માટે નક્કી તે પ્રવૃત્તિનું ફળ પરલોકમાં સ્વર્ગાદિની પ્રાપ્તિરૂપ છે.

પ્રસ્તુતમાં '**यागादि**' શબ્દથી ભગવદ્ભક્તિ આદિરૂપ સદનુષ્ઠાનો ગ્રહણ કરવાનાં છે. **॥૧૯॥**

**અવતરણિકા :-**

હવે નાસ્તિકમતના ખંડનનો ઉપસંહાર કરીને બૌદ્ધમતનું ખંડન કરવાની પ્રતિજ્ઞા કરે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોપઈ :-**

**आतमसत्ता इम सद्दहो, नास्तिकवादें मन मत दहो ।**
**नित्य आतमा हवइ वरणवुं, षंडी बौद्धतणुं मत नवुं ।।१७।।**
**नास्तिकवादी गतः।।**

**ગાથાર્થ :-**

**એમ આત્માની સત્તા સદહો=શ્રદ્ધા કરો, નાસ્તિકવાદમાં મનને બાળશો નહિ. હવે નવો જે બૌદ્ધનો મત છે, તેનું ખંડન કરી નિત્ય આત્મા વર્ણવું છું. ॥૧૭॥**

**બાલાવબોધ :-**

**हे लोक ! इम-ए प्रकारइं आत्मानी सत्ता सद्दहो, पणि नास्तिकवादइं पोताना मननइं दहस्यो मां । चार्वाकमत निरास थयो । हवइ 'नित्य आतमा' एहवुं बीजुं स्थानक वर्णवुं छुं - ऋजुसूत्रनयमांहिथी नीकल्या माटइं नवुं जे बौद्धनुं मत, ते खंडी करीनइं ।।१७।।**

**અનુવાદ :-**

**हे लोक ! ..... करीनइं ।।૧૭।।** = હે લોક ! આમ=આ પ્રકારની, આત્માની સત્તા સ્વીકારો, પણ નાસ્તિકવાદમાં પોતાના મનને બાળશો નહિ. ચાર્વાકમત નિરાસ થયો, હવે ઋજુસૂત્રનયમાંથી નીકળ્યો માટે નવો જે બૌદ્ધનો મત તેનું ખંડન કરીને "નિત્ય આત્મા" એવું (સમ્યક્ત્વનું) બીજું સ્થાન વર્ણવું છું.**॥૧૭॥**

**ભાવાર્થ :-**

બૌદ્ધ મતને નવો કહ્યો, તેનાથી એ કહેવું છે કે બૌદ્ધમત નવો નાસ્તિક છે; કેમ કે તે પણ ક્ષણજ્ઞાનસંતતિને સ્વીકારીને આત્માનો જ અપલાપ કરે છે; અને ઋજુસૂત્રનયમાંથી નીકળેલ છે, તેથી પૂર્વના નાસ્તિક કરતાં આ નવો નાસ્તિક છે.

અહીં નાસ્તિકવાદમાં મનને બાળશો નહિ, એમ કહ્યું, એનાથી એ કહેવું છે કે, નાસ્તિકવાદની યુક્તિઓને સમજ્યા વગર તેના વિચારોથી પદાર્થને વિચારવામાં આવે તો મન સન્માર્ગમાં વ્યામોહવાળું બને છે; અને તેમ થવાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તત્ત્વમાર્ગમાં મન વ્યાકુળ થયું એમ કહેવું પડે. અને તે રીતે નાસ્તિકવાદનો વિચાર કરીને મનને વ્યાકુળ કરશો નહિ, કેમ કે નાસ્તિકવાદની બધી યુક્તિઓ તાત્કાલિક વિષયોના આકર્ષણથી પદાર્થનું વાસ્તવિક સ્વરૂપ જોવાને બદલે આત્મા નથી, પરલોક નથી, પુણ્ય-પાપ નથી એ પ્રકારના વિપરીત વિચારોમાં એકાંત વ્યવહારનયને આશ્રયીને પ્રવર્તે છે. માટે તેમાં મનને વ્યાકુળ કર્યા વગર આત્માની સત્તાને સ્વીકારવી જોઈએ. આ રીતે "આત્મા છે" એ રૂપ પ્રથમ સમ્યક્ત્વના સ્થાનને સ્થાપન કરીને, હવે "આત્મા નિત્ય છે" એ રૂપ બીજા સ્થાનને વર્ણવું છું. અને આ બૌદ્ધમત ઋજુસૂત્રનયમાંથી નીકળેલ છે, અને તે એકાંતવાદરૂપ હોવાથી દુર્નયરૂપ છે, તેથી તેનું ખંડન કરીને નિત્ય આત્માનું હવે વર્ણન કરે છે. **॥૧૭॥**

**અહીં નાસ્તિકવાદીનું કથન પૂર્ણ થયું.**

**અવતરણિકા :-**

બૌદ્ધમતનું ખંડન કરવા માટે સૌ પ્રથમ બૌદ્ધમતની માન્યતાને બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે -

**ચોપઈ :-**

**तेह कहइ क्षणसंततिरूप, ज्ञान आतमा अतिहि अनूप ।**
**नित्य होइ तो बाधइ नेह, बंधन कर्मतणो नहि छेह ।।१८।।**

**ગાથાર્થ :-**

**તે=બૌદ્ધ, કહે છે - અતિ અનૂપ=અત્યંત મનોહર, ક્ષણસંતતિરૂપ (જે) જ્ઞાન (તે જ) આત્મા છે. ( આત્મા) નિત્ય હોય તો સ્નેહ બાધા કરે છે, કર્મતણા બંધનનો છેહ=અંત, આવતો નથી. ॥૧૮॥**

**બાલાવબોધ :-**

ते बौद्ध इम कहइं छइं-अतिहि अनूप-मनोहर क्षणसंततिरूप जे ज्ञान तेह ज आत्मा छइं, तथा च तन्मतम्-'प्रवृत्तिविज्ञानोपादानमालयविज्ञानमात्मा' प्रवृत्तिविज्ञान जे नीलाद्याकार ते उपादेय, तेहनो अहमाकार उपादान ते आलयविज्ञानरूप, आत्मारूपभेदइं उपादान-उपादेयभाव छइं, पणि परमार्थइं

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ज्ञानक्षण छइं, एक नित्य आत्मा कोइ छइ नहीं । एक नित्य आत्मा मानइ छइं तेहनइं मोक्ष वेगलो छइं, जे माटइं नित्य आत्मा मानिइं तिवारइं आत्मा उपरि स्नेह होइं, स्नेहइं सुखनो राग अनइं दुःखनो द्वेष थाइ, तेहथी तेहना साधननो राग-द्वेष थाइं, इम करतां राग-द्वेषवासनाधारा निरंतर वधइं, तिवारइ कर्मबंधनो अंत न होइ, ते माटइ क्षणिक ज आत्मा मानवो ।।१८।।

**અનુવાદ :-**

**ते बौद्ध.....आत्मा मानवो ।।૧૮।।** - તે બૌદ્ધ એમ કહે છે - અત્યંત અનૂપ=મનોહર, ક્ષણસંતતિરૂપ જે જ્ઞાન તે જ આત્મા છે. અને તે પ્રમાણે તેનો મત બતાવતાં કહે છે -

પ્રવૃત્તિવિજ્ઞાનના ઉપાદાનભૂત આલયવિજ્ઞાનરૂપ આત્મા છે અને જે નીલાદિ આકાર છે તે પ્રવૃત્તિવિજ્ઞાન છે અને તે ઉપાદેય છે. અહમ્ આકાર તેનો= પ્રવૃત્તિવિજ્ઞાનનો, ઉપાદાન છે તે આલયવિજ્ઞાન રૂપ છે. આત્મારૂપ ભેદથી= પ્રવૃત્તિવિજ્ઞાનના કારણીભૂત આલયવિજ્ઞાનસ્વરૂપ આત્માને પ્રવૃત્તિવિજ્ઞાનથી જુદો માનીએ એ રૂપ ભેદથી, ઉપાદાન-ઉપાદેય ભાવ છે; પણ પરમાર્થથી જ્ઞાનક્ષણ છે, એક નિત્ય આત્મા કોઈ છે નહિ. અર્થાત્ પ્રવૃત્તિવિજ્ઞાન એ જ્ઞાનક્ષણરૂપ છે અને તેના ઉપાદાનરૂપ આલયવિજ્ઞાન છે. જેને 'આત્મા' શબ્દથી કહીએ છીએ તે પણ જ્ઞાનક્ષણ છે. માટે પરમાર્થથી જ્ઞાનક્ષણથી અતિરિક્ત એક નિત્ય આત્મા કોઈ છે નહિ. એક નિત્ય આત્મા માને છે તેમને મોક્ષ વેગળો=દૂર, થાય છે. કેમ કે નિત્ય આત્મા માને છે તેથી આત્મા ઉપર સ્નેહ થાય છે, સ્નેહથી સુખનો રાગ અને દુઃખનો દ્વેષ થાય છે, તેનાથી તેના સાધનનો=સુખ અને દુઃખના સાધનનો, રાગ અને દ્વેષ થાય છે; એમ કરતાં રાગ અને દ્વેષની વાસનાધારા નિરંતર વધે છે, તેથી કર્મબંધનો અંત આવતો નથી. તે માટે ક્ષણિક જ આત્મા માનવો જોઈએ. **॥૧૮॥**

**ભાવાર્થ :-**

બૌદ્ધ કહે છે કે આત્મા નામનો જ્ઞાનથી અતિરિક્ત કોઈ પદાર્થ નથી, પરંતુ અતિ અનુપમ એવી ક્ષણસંતતિરૂપ જે જ્ઞાન છે, તે આત્મા છે. અને તે જ્ઞાનને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુપમ અર્થાત્ મનોહર એટલા માટે કહેલ છે કે, આલયવિજ્ઞાનરૂપ જે જ્ઞાન છે તે વાસ્તવિક રીતે રાગાદિના સ્પર્શ વગરનું છે, તેથી અનુપમ છે; અને બૌદ્ધના મત પ્રમાણે મોક્ષ અવસ્થામાં આલયવિજ્ઞાનરૂપ જ જ્ઞાનની સંતતિ રહે છે. અને સંસાર અવસ્થામાં પ્રવૃત્તિવિજ્ઞાનરૂપ જે જ્ઞાન છે, તેનું સ્વરૂપ બતાવતાં કહે છે કે, પ્રવૃત્તિવિજ્ઞાનરૂપ જ્ઞાન નીલાદિ આકારરૂપ છે. 'આદિ' પદથી ઘટાકાર-પટાકાર ઈત્યાદિ જે જે પદાર્થો જ્ઞાનમાં જણાય છે, તે સર્વઆકારરૂપ જે જ્ઞાનસંતતિ છે, તે પ્રવૃત્તિવિજ્ઞાનરૂપ છે. અને પ્રવૃત્તિવિજ્ઞાનના ઉપાદાન કારણરૂપ જે જ્ઞાન છે તે આલયવિજ્ઞાન છે, અને તે આલયવિજ્ઞાનરૂપ જ્ઞાન પોતાનું પ્રકાશન કરે છે; કેમ કે તેમના મતે જ્ઞાન સ્વપ્રકાશક છે. તેથી તે જ્ઞાનની પ્રતીતિમાં સ્વની પ્રતીતિ થાય છે, તે જ 'અહં' શબ્દથી વાચ્ય છે, પરંતુ આલયવિજ્ઞાનના આધારભૂત કોઈ આત્મદ્રવ્ય નથી. આ રીતે બૌદ્ધના મતે આલયવિજ્ઞાન તે આત્મા છે, અને પ્રવૃત્તિવિજ્ઞાન તેનું કાર્ય છે.. તેથી તે કહે છે કે પ્રવૃત્તિવિજ્ઞાનથી આલયવિજ્ઞાનનો જે ભેદ છે તે રૂપ આત્માનો ભેદ છે, અને તેને કારણે જ ઉપાદાન-ઉપાદેયભાવ છે. અર્થાત્ આત્મા= આલયવિજ્ઞાન, ઉપાદાન છે; અને પ્રવૃત્તિવિજ્ઞાન=નીલાદિ આકારરૂપ જ્ઞાન, ઉપાદેય છે. પરંતુ આત્મા પરમાર્થથી જ્ઞાનક્ષણ જ છે પણ એક નિત્ય આત્મા કોઈ નથી.

નિત્ય આત્મા સ્વીકારવામાં શું દોષ આવે છે તે બતાવતાં કહે છે કે, જો એક નિત્ય આત્મા માનીએ તો મોક્ષ થાય નહિ. કેમ કે આત્મા જો નિત્ય હોય તો આત્મા ઉપર સ્નેહપરિણામ થાય, અને તેથી સુખનો રાગ અને દુઃખનો દ્વેષ થાય, અને તેના કારણે સુખના સાધનનો રાગ અને દુઃખના સાધનનો દ્વેષ થાય, અને આ રીતે રાગ-દ્વેષની વાસનાધારાથી નિરંતર કર્મનો બંધ થાય, માટે કર્મનો અંત થઈ શકે નહિ. અને આત્માને ક્ષણિક માનો તો આત્મા ઉપર રાગ થાય નહિ, તેથી સુખ-દુઃખ પ્રત્યે રાગ-દ્વેષ થાય નહિ, તો જ મુક્ત અવસ્થાની પ્રાપ્તિ થાય.

**વિશેષાર્થ :-**

અહીં વિશેષ એ છે કે કોઈ વ્યક્તિને બૌદ્ધમતનું અધ્યયન કરતાં સર્વ પદાર્થ ક્ષણિક છે, તેવું જ્ઞાન થાય છે; આમ છતાં, તરત મુક્તિ થતી નથી, તેનું કારણ તે ક્ષણિક જ્ઞાન અતિદૃઢ અને સ્થિર થયેલ નથી. તેથી જ બૌદ્ધમત પ્રમાણે ધ્યાનથી જ્યારે ક્ષણિક વિજ્ઞાન સ્થિરદશાને પામે છે, ત્યારે તેના કાર્યરૂપ રાગાદિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દશાનો અભાવ થાય છે. તેથી જ જે આલયવિજ્ઞાન પ્રવૃત્તિવિજ્ઞાનનું ઉપાદાન હતું, તે હવે પ્રવૃત્તિવિજ્ઞાનને પેદા કરતું નથી, માટે આલયવિજ્ઞાનરૂપ જ શુદ્ધ આત્મા તે વખતે પ્રકાશમાન થાય છે. **॥૧૮॥**

**અવતરણિકા :-**

જગતમાં રહેલા દરેક પદાર્થો ક્ષણિક છે તેની પુષ્ટિ માટે સુગતવાદી કહે છે -

**ચોપઈ :-**

**सर्वभाव क्षणनासी सर्ग आदि-अंतनो एक निसर्ग ।**
**क्षणिक वासना दिइ वयराग सुगत ज्ञान भाषइ वडभाग ।।१९।।**

**ગાથાર્થ :-**

**સર્વભાવ=સર્વપદાર્થ, ક્ષણનાશી સ્વભાવવાળા છે. તેમાં પ્રમાણ બતાવે છે - પદાર્થની આદિ=ઉત્પત્તિક્ષણ અને અંતનો=પદાર્થના વિનાશની પૂર્વક્ષણનો, એક સ્વભાવ છે. ક્ષણિકની વાસનાં વૈરાગ્ય આપે છે. વડભાગ=મહાભાગ્યવંત, સુગત આત્મા તરીકે જ્ઞાનને કહે છે. ॥૧૯॥**

**બાલાવબોધ :-**

तथा सर्व ज भाव कहितां पदार्थ क्षणनाशी छई, तो आत्मानुं स्युं कहवुं ? तिहां ए प्रमाण जे आदिं अनइं अंतिं एक निसर्ग कहतां स्वभाव मानिइं तो क्षणनाशीपणुं ज आवइं, अंति नाशस्वभाव मानिइं तो आदिक्षणइं पणि तेह ज स्वभाव मानवो, तिवारइं द्वितीयक्षणइं नाश थयो, अंतिं नाशस्वभाव न मानिइं तो कहिइं नाश न थाइ, तावत्कालस्थायिस्वभाव मानिइं तो फिरी तेतलां काल तांइं रहिओ जोइइ, इम तावत्कालस्थायितास्वभावनी अनुवृत्तिं कल्पांतस्थायिता होइ, क्षणिक आत्मज्ञाननी वासना ते वैराग्य आपइं, आत्मा ज क्षणिक जाण्यो तिवारइं कुण उपरि राग होइं ? सर्व क्षणिक अनित्य वस्तु जाणिइं तिवारइं गयइं आव्यइं भांग्यइं फूटिइं शोक नावइ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अनित्यताकृतमतिर्म्लानमाल्यो न शोचति ।
नित्यताकृतबुद्धिस्तु भग्नभाण्डोऽपि शोचति ।।

(भावदेवसूरिरचिते, पार्श्वचरिते सर्ग, २, ७११)

**इति वचनात् । इम महाभाग्यवंत सुगत कहितां बुद्ध, ते ज्ञान भाषइ छइ ।।१९।।**

**અનુવાદ :-**

**तथा सर्व ज....शोक नावइ ।** - તથા સર્વ જ ભાવ=પદાર્થ, ક્ષણનાશી છે, તો આત્માનું શું કહેવું ? (અર્થાત્ આત્મા પણ ક્ષણનાશી છે). ત્યાં પ્રમાણ બતાવતાં કહે છે - જો આદિ અને અંતમાં એક નિસર્ગ=સ્વભાવ, માનીએ તો ક્ષણનાશીપણું જ આવે, અને તે જ યુક્તિથી બતાવે છે - અંતે નાશ સ્વભાવ માનીએ તો આદિક્ષણે પણ તે જ સ્વભાવ=નાશ સ્વભાવ જ માનવો (જોઈએ), ત્યારે બીજી ક્ષણે નાશ થાય. અંતે નાશ સ્વભાવ ન માનીએ તો ક્યારેય નાશ ન થાય. તાવત્કાલસ્થાયી સ્વભાવ માનીએ તો ફરી તેટલો કાળ તે=પદાર્થ, રહેવો જોઈએ. એમ તાવત્કાલસ્થાયીપણાના સ્વભાવની અનુવૃત્તિ કલ્પાંત સુધી સ્થાયી થાય. ક્ષણિક આત્મજ્ઞાનની વાસના વૈરાગ્ય આપે છે. આત્મા ક્ષણિક જાણ્યો=માન્યો, ત્યારે કોના ઉપર રાગ થાય ? સર્વ ક્ષણિક અનિત્ય વસ્તુ જાણીએ ત્યારે ગયું, આવ્યું, ભાંગ્યું, ફૂટ્યું શોક થતો નથી.

તેમાં જ સાક્ષી આપતાં કહે છે -

**अनित्यताकृतमति.....इति वचनात् ।** - અનિત્યતાની બુદ્ધિ કરનાર માળા કરમાઈ જવા છતાં શોક કરતો નથી. વળી નિત્યતાકૃતમતિ=નિત્યતાની બુદ્ધિ કરનાર, ભાંગેલા ભાંડ= ભાંગેલા વાસણ કે ઠીકરાનો પણ શોક કરે છે, એ પ્રમાણે વચન છે.

બૌદ્ધ કથનનો ફલિતાર્થ બતાવતાં કહે છે.

**इम महाभाग्यवंत.....छइ ।।१९।।** - એમ મહાભાગ્યશાળી સુગત= બૌદ્ધ, તે=આત્મા તરીકે, જ્ઞાન કહે છે. **।।૧૯।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

બૌદ્ધ સર્વ પદાર્થોને ક્ષણિક કહે છે અને સર્વપદાર્થગત આત્મા પણ ક્ષણિક છે. અને તેમાં તે યુક્તિ આપે છે કે, દરેક પદાર્થનો પ્રથમક્ષણ અને અંતિમક્ષણમાં એક સ્વભાવ માનવો જોઈએ, અને તેમ માનીએ તો પદાર્થ ક્ષણિક થાય. તેમાં તે યુક્તિ આપે છે કે, સ્થૂલ વ્યવહારથી એક ઘડો એક મહિના સુધી અવસ્થિત દેખાય છે ત્યારે, તે ઘડામાં જે પ્રથમક્ષણનો સ્વભાવ હતો તે સ્વભાવ જ નાશની પૂર્વક્ષણ જે ઘટની અંતિમક્ષણ છે, તેમાં સ્વીકારવો જોઈએ. અને તેમ માનીએ તો ઘટની પ્રથમક્ષણમાં તેમાં એક મહિનો રહેવાનો સ્વભાવ છે, તેમ સ્વીકારવું પડે; અને તે જ રીતે દ્વિતીયાદિ ક્ષણોમાં પણ તેમાં એક મહિનો રહેવાનો સ્વભાવ માનવો જોઈએ. અને તેમ સ્વીકારીએ તો તે ઘટ સદા સ્થાયી છે, તે ક્યારેય નાશ પામતો નથી તે જ પ્રાપ્ત થાય. કેમ કે ઘટનો એક મહિનો રહેવાનો સ્વભાવ ક્યારેય પરિવર્તન પામતો નથી. જો એમ માનવામાં આવે કે ઘટની પ્રથમ ક્ષણમાં એક મહિનો રહેવાનો સ્વભાવ હતો, અને બીજી ક્ષણમાં એક ક્ષણ ન્યૂન એક મહિનો રહેવાનો સ્વભાવ છે, તો એમ માનવું પડે કે ઘટના સ્વભાવની પરાવૃત્તિ થઈ. તેમ સ્વીકારીએ તો સ્વભાવના ભેદથી વસ્તુનો ભેદ સ્વીકારવો પડે, અને સ્વભાવના ભેદથી વસ્તુનો ભેદ ન સ્વીકારીએ તો ઘટ કરતાં પટ જુદો છે તેમ માની શકાય નહિ. કેમકે ઘટ કરતાં પટનો સ્વભાવ જુદો છે, તેથી ઘટ કરતાં પટની વિલક્ષણતા પ્રતીત થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે પ્રથમ ક્ષણના ઘટ કરતાં બીજી ક્ષણનો ઘટ જુદા સ્વભાવવાળો છે. કેમકે પ્રથમ ક્ષણનો ઘટ એક મહિનો રહેવાના સ્વભાવવાળો હતો અને બીજી ક્ષણનો ઘટ એક મહિનામાં એક ક્ષણ ઓછી રહેવાના સ્વભાવવાળો છે. માટે પ્રથમ ક્ષણનો ઘટ નાશ પામ્યો ત્યારે બીજી ક્ષણનો ઘટ ઉત્પન્ન થયો. તેથી પદાર્થ ક્ષણિક જ છે. માત્ર પૂર્વના ઘટસદૃશ આકારવાળો બીજી ક્ષણનો ઘટ હોવાથી આ તે જ ઘટ છે, તેવો ભ્રમ થાય છે. અને એક મહિના સુધી તે પ્રકારનો સદૃશ ઘટનો પ્રવાહ પેદા થાય છે, માટે સ્થૂલિબુદ્ધિ તે ઘટને એક મહિના સુધી સ્થાયી સ્વભાવવાળો માને છે, પણ પરમાર્થની દૃષ્ટિએ તો તે ઘટ ક્ષણવિનાશી છે, અને તે જ રીતે સર્વ પદાર્થો અને આત્મા ક્ષણવિનાશી છે.

આ રીતે પદાર્થને ક્ષણિક સ્થાપન કર્યા પછી, આત્મા ક્ષણિક છે, તે જ્ઞાન થવાથી શું ફળ પ્રાપ્ત થાય છે, તે બતાવતાં કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મા ક્ષણિક છે, એ પ્રકારની વાસના વૈરાગ્ય આપે છે. કેમ કે જ્યારે હું ક્ષણિક છું એમ જાણ્યું, ત્યારે કોના ઉપર રાગ થાય ? અર્થાત્ પોતાના આત્મા ઉપર પણ રાગ થાય નહિ, અને બાહ્ય સર્વ પદાર્થો ક્ષણિક છે માટે તેના ઉપર પણ રાગ થાય નહિ. એમ કહીને સૌગતને એ કહેવું છે કે, મોક્ષનો ઉપાય રાગાદિનો નાશ છે, અને રાગાદિના નાશનો ઉપાય ક્ષણિકતાનું જ્ઞાન છે. પદાર્થનો સ્વભાવ પણ યુક્તિથી ક્ષણિક સિદ્ધ થાય છે, માટે સર્વ પદાર્થો ક્ષણિક માનવા એ જ યુક્ત છે.

આ રીતે આત્માને ક્ષણિક સ્થાપ્યો તેથી કોઈને શંકા થાય કે બૌદ્ધ પણ જ્ઞાનથી અતિરિક્ત ક્ષણિક એવો આત્મા માને છે, જે જ્ઞાનનો આધાર છે. તેનું નિરાકરણ કરતાં કહે છે - મહાભાગ્યશાળી એવો સુગત આત્માને જ્ઞાનરૂપ કહે છે, પણ જ્ઞાનથી અતિરિક્ત એવું જ્ઞાનનું ભાજન=આધાર, આત્માને સ્વીકારતો નથી.**॥૧૯॥**

**ઉત્થાન :–**

ચોપઇ-૧૯ માં કહ્યું કે ક્ષણિકવાસના વૈરાગ્યને આપે છે, અને તેનાથી જ પરંપરાએ મોક્ષ પ્રાપ્ત થાય છે, એ પ્રમાણે અર્થથી ધ્વનિત છે. તેથી સંસાર અને મોક્ષ એ બે વચ્ચેનો ભેદ બતાવીને ક્ષણિકવાસના જ મોક્ષનું કારણ છે, તે સ્થિર કરવા યત્ન કરે છે -

**ચોપઈ :–**

**रागादिक वासना अपार, वासित चित्त कहिओ संसार ।**
**चित्तधारा रागादिकहीन, मोक्ष कहइ ज्ञानी परवीन ।।२०।।**

**ગાથાર્થ :–**

**રાગાદિક વાસનાથી અત્યંત વાસિત ચિત્તને સંસાર કહ્યો છે (અને) રાગાદિક રહિત ચિત્તધારાને પ્રવીણ=નિપુણ, જ્ઞાની ભગવંત મોક્ષ કહે છે. ॥૨૦॥**

**બાલાવબોધ :–**

चित्तमेव हि संसारो, रागादिक्लेशवासितम् ।
तदेव तैर्विनिर्मुक्तं, भवान्त इति कथ्यते।। धर्मकीर्तिः ।।

- अध्यात्मसार प्रबंध-६ अधि-१८ श्लोक-८३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'निरुपप्लवा चित्तसन्ततिरपवर्गः इति मोक्षलक्षणम्' ( )।।२०।।

**અનુવાદ :-**

**चित्तमेव....मोक्षलक्षणम् ()** ।।२०।। - ધર્મકીર્તિએ કહ્યું છે કે, ખરેખર રાગાદિક્લેશવાસિત ચિત્ત જ સંસાર છે, રાગાદિથી રહિત તે જ=ચિત્ત જ, ભવાંત= ભવનો અંત=મોક્ષ, કહેવાય છે.

મૂળ ગાથામાં કહ્યું કે, રાગાદિરહિત ચિત્તને જ્ઞાનીભગવંત મોક્ષ કહે છે. તેથી મોક્ષનું લક્ષણ બતાવે છે - નિરુપપ્લવ=નિરુપદ્રવ, ચિત્તસંતતિ એ અપવર્ગ, એ પ્રમાણે મોક્ષનું લક્ષણ છે. **॥૨૦॥**

**વિશેષાર્થ :-**

અહીં નિરુપપ્લવ જ્ઞાનસંતતિને મોક્ષ કહ્યો, જે આલયવિજ્ઞાનની સંતતિરૂપ છે. **॥૨૦॥**

**અવતરણિકા :-**

ચોપઈ ૧૮-૧૯-૨૦ માં બૌદ્ધમત બતાવ્યો, હવે તેનું ખંડન કરતાં ગ્રંથકારશ્રી કહે છે -

**ચોપઈ :-**

**एह बौद्धनुं मत विपरीत, बंध-मोक्ष न घटइ क्षणचित्त ।**
**मानो अनुगत जो वासना, द्रव्य नित्य तेह ज शुभमना ।।२१।।**

**ગાથાર્થ :-**

**આ બૌદ્ધનો મત વિપરીત છે. ક્ષણચિત્ત=ક્ષણજ્ઞાનરૂપ, આત્મા માનીએ તો બંધ-મોક્ષ ઘટતા નથી, અને અનુગત વાસના માનો તો શુભમના=મન શુભ કરી, તે જ નિત્ય દ્રવ્ય માનો. ॥૨૧॥**

**બાલાવબોધ :-**

एह बौद्धनुं मत विपरीत कहितां मिथ्याज्ञानरूप छइ, जे माटइं

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

क्षणचित्त कहितां क्षणज्ञानरूप आत्मा मानिइ तो बंध-मोक्ष न घटइं, जे बंधक्षण ते मोक्षक्षण नहीं, जे मोक्षक्षण ते बंधक्षण नहीं; अनइ जो इम कहस्यो वासना एक छइं तो मन शुभ करी विचारो, पूर्वापरज्ञानक्षणअनुगत जे एक वासना कहो छो तेह ज स्वभावनियत आत्मद्रव्य छइ; अनइ जो कहस्यो वासनाबुद्धि मात्र कल्पित छइ परमा(र)थइं नथी; तो परमार्थपर्यायनो एक आधार ते कूण ? ज्ञानक्षणनइं नानाकारयोगित्वनो विरोध नथी तो द्रव्यनइ नानाक्षणयोगित्वनो स्यो विरोध ? पर्याय छता अनुभवीइं छइं तिम द्रव्य पणि छतुं अनुभविइं छइ, निर्विकल्पबुद्धिं तो विकल्पधी प्रमाण छइं 'यत्रैव जनयेदेनां तत्रैवास्याः प्रमाणता ।' (सिद्धिविनिश्चयटीकायाम्)।। इति वचनात् । अनइ निर्विकल्पबुद्ध्युत्तर-विकल्पबुद्धि तो द्रव्य-पर्याय २ भासइ छइ, माटइं ज्ञानादि पर्याय सत्य तो तदाधार आत्मद्रव्य पहलां सत्य करी मानवुं ।।२१।।

**અનુવાદ :-**

**एह बौद्धनुं.....न घटइ,** - પૂર્વમાં બતાવેલ બૌદ્ધમત મિથ્યાજ્ઞાનરૂપ છે, કેમ કે ક્ષણજ્ઞાનરૂપ આત્મા માનીએ તો બંધ-મોક્ષ ઘટે નહિ.

**ઉત્થાન :-**

ક્ષણજ્ઞાનરૂપ આત્મા માનવાથી બંધ-મોક્ષ કેમ ન ઘટે ? તે બતાવતાં કહે છે -

**અનુવાદ :-**

**जे बंधक्षण.....बंधक्षण नहीं,** - ક્ષણજ્ઞાનરૂપ આત્મા માનવાથી જે બંધક્ષણ તે મોક્ષક્ષણ નથી, અને જે મોક્ષક્ષણ તે બંધક્ષણ નથી.

**ભાવાર્થ :-**

સ્થૂલદૃષ્ટિથી આત્માની અવસ્થાના બે વિભાગ કરીને કર્મબંધવાળી અવસ્થાને બંધક્ષણ તરીકે કહેલ છે, અને મુક્ત અવસ્થાને મોક્ષક્ષણ તરીકે કહેલ છે. બૌદ્ધ એકાંત ક્ષણિકવાદી છે. તેથી તેમના મતમાં બંધક્ષણ અને મોક્ષક્ષણનો એકાંતે ભેદ છે. તેથી બંધક્ષણવાળો આત્મા સાધના કરીને મોક્ષ પામે છે, તે વાત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બૌદ્ધમતમાં સંગત થશે નહિ. કેમ કે બંધક્ષણ અને મોક્ષક્ષણ જુદી છે અને તે બેથી અતિરિક્ત અનુગત એવો આત્મા બૌદ્ધમતમાં નથી. તેથી મોક્ષને માટે કોઈ પ્રવૃત્તિ કરે અને તે તેના ફળરૂપે મોક્ષને પામે, તે વાત બૌદ્ધમત પ્રમાણે ઘટે નહિ. કેમ કે બંધક્ષણ એ મોક્ષક્ષણ નથી અને મોક્ષક્ષણ એ બંધક્ષણ નથી, પરંતુ તદ્દન જુદી છે; તેથી બંધક્ષણ સાધના કરે તેનું ફળ બંધક્ષણને મળે નહિ, અને મોક્ષક્ષણે સાધના કરી નથી છતાં વગર સાધનાએ મોક્ષક્ષણ પ્રગટી. અને તે બે ક્ષણો વચ્ચે અનુગત કોઈ આત્મા બૌદ્ધમતે નથી કે જેથી જે આત્માએ સાધના કરી તેને જ મોક્ષરૂપ ફળ મળ્યું તેમ કહી શકાય.

**ઉત્થાન :-**

અહીં બૌદ્ધ કહે કે ક્ષણજ્ઞાનથી અતિરિક્ત આત્મા નહિ હોવા છતાં વાસના એક છે, તેથી બંધક્ષણવાળો આત્મા જ મોક્ષ માટે યત્ન કરે તે વાત સંગત થશે. તે આ રીતે - બંધક્ષણવાળું જ્ઞાન પોતાની વાસના ઉત્તરક્ષણને આપે છે, અને તે દરેક ઉત્તર ઉત્તરક્ષણ પોતાની ઉત્તરઉત્તરક્ષણને વાસના આપે છે, તેથી દરેક ક્ષણમાં એક વાસના અનુવૃત્તિરૂપે છે. તેથી હું બંધાયેલો છું એ પ્રકારની વાસનાથી અનુગત ક્ષણજ્ઞાનરૂપ આત્મા સંગત થશે. તેના નિરાકરણરૂપે કહે છે -

**અનુવાદ :-**

**अनइ जो.....आत्मद्रव्य छइ** - અને જો વાસના એક છે એમ કહેવામાં આવે, તો તત્ત્વને વાસ્તવિક જોવાના સંકલ્પરૂપ શુભ મન કરીને બૌદ્ધે વિચારવું જોઈએ કે, પૂર્વાપર જ્ઞાનક્ષણઅનુગત જે એક વાસના તે કહે છે, તે વાસના સ્વભાવનિયત આત્મદ્રવ્ય છે, અર્થાત્ તે એક વાસનાસ્વભાવ જ જ્ઞાનક્ષણથી અતિરિક્ત એવું આત્મદ્રવ્ય છે.

**अनइ जो.....परमा(र)थइं नथी**, - અને જો બૌદ્ધ કહે કે, વાસનાબુદ્ધિ માત્ર કલ્પિત છે, પરમાર્થથી નથી,

**ભાવાર્થ :-**

બૌદ્ધનો આશય એ છે કે દરેક ક્ષણનું જ્ઞાન, ઉત્તર ઉત્તરક્ષણમાં પોતાની વાસના આપે છે. તે વાસના કાલ્પનિક નથી, પરંતુ દરેક ક્ષણમાં હું બદ્ધ છું, હું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બદ્ધ છું એ પ્રકારની અનુગત એક વાસનાબુદ્ધિ છે, તે કાલ્પનિક છે. પરમાર્થથી અનુગત કોઈ વસ્તુ નથી.

**ઉત્થાન :-**

બૌદ્ધમત પ્રમાણે પૂર્વની જ્ઞાનક્ષણ ઉત્તરની જ્ઞાનક્ષણને પોતાની વાસના આપે છે, અને તે વાસનાથી યુક્ત ઉત્તરની જ્ઞાનક્ષણ અન્ય ઉત્તરની જ્ઞાનક્ષણને નવી વાસના આપે છે. આમ, વાસનાની સંતતિ ચાલે છે, પરંતુ એક અનુગત સના નથી. માટે વાસનાસ્વભાવનિયત અનુગત આત્મદ્રવ્ય નથી, એમ બૌદ્ધ કહે તેને ગ્રંથકાર કહે છે -

**અનુવાદ :-**

**तो परमार्थपर्याय.....ते कूण ?** - બંધપર્યાયરૂપ અને મોક્ષપર્યાયરૂપ જે પરમાર્થપર્યાય છે, તેનો એક આધાર કોણ થઈ શકે ? અર્થાત્ બૌદ્ધમત પ્રમાણે એક આધાર થાય નહિ. તેથી પોતાની બંધક્ષણની મુક્તિ માટે જે યોગીઓ યત્ન કરે છે અને તેના ફળરૂપે મોક્ષ પ્રાપ્ત કરે છે, તે કથન બૌદ્ધમત પ્રમાણે સંગત થાય નહિ.

**ઉત્થાન :-**

બૌદ્ધ કહે કે બંધક્ષણ અને મોક્ષક્ષણરૂપ જે પરમાર્થપર્યાય છે તેનો આધાર કોઈ દ્રવ્ય નથી, પરંતુ સાધનાથી બંધક્ષણથી ઉત્તર ઉત્તરમાં ઉત્પન્ન થતી ઉપાદેય ક્ષણો જ ક્રમે કરીને મોક્ષપર્યાયમાં પરિણમન પામે છે; તેથી યોગીઓ મોક્ષ માટે યત્ન કરે છે. પરંતુ બંધક્ષણ અને મોક્ષક્ષણને અનુગત કોઈ આધાર માનવાની જરૂર રહેતી નથી. તેથી બૌદ્ધમતની માન્યતાનું અવલંબન લઈને અનુગત દ્રવ્ય માનવામાં વિરોધ નથી, તે વાત અનુભવ પ્રમાણથી સ્થાપન કરતાં ગ્રંથકાર કહે છે -

**અનુવાદ :-**

**ज्ञानक्षणनइं.....स्यो विरोध ?** - જ્ઞાનક્ષણને નાનાકારયોગીપણાનો વિરોધ નથી તો દ્રવ્યને નાનાક્ષણયોગીપણાનો શું વિરોધ હોય ?

**ભાવાર્થ :-**

બૌદ્ધમત પ્રમાણે એક જ્ઞાનક્ષણમાં નાના આકારોનો વિરોધ નથી. જેમ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક ચિત્રપટને કોઇ જોતું હોય ત્યારે, તે વ્યક્તિના જ્ઞાનમાં નીલાકાર-પીતાકાર આદિ અનેક આકારો પ્રતિભાસમાન થાય છે, તે જ રીતે એક દ્રવ્યને અનેક ક્ષણોની સાથે સંબંધ માનવામાં શું વિરોધ છે ? અર્થાત્ કોઇ વિરોધ નથી.

**ઉત્થાન :-**

અહીં બૌદ્ધ કહે કે ચિત્રપટને જોતી વખતે એક જ્ઞાનક્ષણમાં અનેક આકારોનો અનુભવ થાય છે માટે તે પ્રામાણિક છે, પરંતુ અનેક ક્ષણોની સાથે સંબંધવાળું કોઇ દ્રવ્ય માનવું તે પ્રામાણિક નથી. તેથી ગ્રંથકાર કહે છે -

**અનુવાદ :-**

**पर्याय छता.....अनुभवइं छइं** । - પર્યાય વિદ્યમાન છે, માટે પર્યાયનો અનુભવ થાય છે, તેમ દ્રવ્ય પણ વિદ્યમાન છે માટે દ્રવ્યનો અનુભવ થાય છે.

**ભાવાર્થ :-**

બૌદ્ધ કહે કે - એક જ્ઞાનક્ષણમાં નાના પ્રકારના આકારોનો અનુભવ એટલા માટે થાય છે કે પટરૂપ દ્રવ્યમાં તે નાના પ્રકારના વર્ણો છે, માટે તે અનુભવના બળથી જ્ઞાનને નાના આકારવાળું માનવું યુક્ત છે. તો ગ્રંથકાર કહે છે કે તે જ રીતે અનેક ક્ષણોની સાથે સંબંધવાળા દ્રવ્યનો પણ અનુભવ થાય છે; આથી જ બાલ્યાવસ્થામાં જે હું હતો તે જ 'હું' અત્યારે છું, આ પ્રકારની અનુભૂતિ થાય છે. માટે વિદ્યમાન એવું દ્રવ્ય અનુભવાય છે. તેથી અનુભવના બળથી દ્રવ્યને માનવું યુક્ત છે.

**ઉત્થાન :-**

અહીં બૌદ્ધ કહે કે અનેકક્ષણ અનુગત એક દ્રવ્યનો જે અનુભવ થાય છે તે વિકલ્પબુદ્ધિમાં થાય છે, અને પરમાર્થથી વિકલ્પબુદ્ધિ પ્રમાણ નથી, પરંતુ નિર્વિકલ્પ બુદ્ધિ જ પ્રમાણ છે. માટે વિકલ્પબુદ્ધિમાં પ્રતિભાસમાન નાના ક્ષણોનો સંબંધ એક વ્યક્તિને દેખાય છે, તેના બળથી દ્રવ્યની સિદ્ધિ કરવી ઉચિત નથી. તેને ગ્રંથકાર કહે છે -

**અનુવાદ :-**

**निर्विकल्पबुद्धि.....इति वचनात्** । - નિર્વિકલ્પબુદ્ધિ તો વિકલ્પબુદ્ધિને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આશ્રયીને પ્રમાણ છે. તેમાં હેતુ કહે છે કે જે ઠેકાણે જ=જે સ્થાનમાં જ, આને= સવિકલ્પબુદ્ધિની પ્રમાણતાને, પેદા કરે ત્યાં જ=તે સ્થાનમાં જ, નિર્વિકલ્પબુદ્ધિની પ્રમાણતા છે, એવું વચન છે.

**ભાવાર્થ :-**

બૌદ્ધમતે વિષયનો સંપર્ક થવાથી વિષયનું સ્વરૂપ જેવું છે તેવું દેખાય છે, તે નિર્વિકલ્પજ્ઞાન છે. અને ત્યાર પછી આ ઘટ છે, આ પટ છે, એ પ્રકારે વિકલ્પાત્મકજ્ઞાન થાય છે, અને તે વિકલ્પાત્મકજ્ઞાનને બૌદ્ધ પ્રમાણ કહેતો નથી. કેમ કે પુરોવર્તી પદાર્થમાં આ ઘટ છે, એવો ઉલ્લેખ હોતો નથી, પણ સ્વબુદ્ધિથી આને ઘટ કહેવાય છે, એ પ્રકારના વિકલ્પો ઊઠે છે. અને તે વિકલ્પાત્મકજ્ઞાનને બૌદ્ધ પરમાર્થથી પ્રમાણ માનતો નથી, માત્ર વ્યવહારથી જ તેને બૌદ્ધ પ્રમાણ કહે છે. અને બૌદ્ધ કહે છે કે નિર્વિકલ્પબુદ્ધિમાં માત્ર પર્યાય જ દેખાય છે, પરંતુ પૂર્વ-ઉત્તરપર્યાયઅનુગત કોઈ દ્રવ્યનો પ્રતિભાસ થતો નથી, માટે વિકલ્પબુદ્ધિથી સિદ્ધ કરાયેલ અનેકક્ષણઅનુગત દ્રવ્ય માનવું ઉચિત નથી. તેને ગ્રંથકાર કહે છે કે કઇ નિર્વિકલ્પબુદ્ધિ પ્રમાણરૂપ છે અને કઈ નિર્વિકલ્પબુદ્ધિ અપ્રમાણરૂપ છે, તેનો નિર્ણય ઉત્તરમાં થતી સવિકલ્પબુદ્ધિની પ્રમાણતાને આધીન છે. તેથી વિકલ્પબુદ્ધિને અપ્રમાણરૂપ કહીને અનુભવાતા એવા અનુગત દ્રવ્યનો અપલાપ થઈ શકે નહિ.

અને તે જ વાતને સ્પષ્ટ કરતાં કહે છે -

**અનુવાદ :-**

**अनइ.....भासइ छइ ।** - અને નિર્વિકલ્પબુદ્ધિની ઉત્તરમાં થતી વિકલ્પબુદ્ધિમાં તો દ્રવ્ય અને પર્યાય બંને ભાસે છે, માટે દ્રવ્ય અને પર્યાય બંને માનવા ઉચિત છે.

**ભાવાર્થ :-**

શુક્તિની નિર્વિકલ્પબુદ્ધિના ઉત્તરમાં 'આ રજત છે,' એવી વિકલ્પબુદ્ધિ થાય છે, તે અનુભવના બળથી અપ્રમાણરૂપ છે એમ નિર્ણય થઈ શકે છે; અને તે રીતે પુરોવર્તી રજતને જોઈને 'આ રજત છે' એ પ્રકારની વિકલ્પબુદ્ધિ થાય છે, અને તે અનુભવના બળથી યથાર્થરૂપ છે તેમ નિર્ણય થઈ શકે છે. આથી જ દરેક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યક્તિને રજતમાં રજતની બુદ્ધિ થાય છે, અને દરેકને સાર્વત્રિક અનુભવના બળથી તે પ્રતીતિ પ્રમાણરૂપ છે તેમ નિર્ણય થાય છે; અને તેના બળથી જ રજતમાં રજતની વિકલ્પબુદ્ધિવાળા જ્ઞાનની પૂર્વમાં થયેલી નિર્વિકલ્પબુદ્ધિ પ્રમાણરૂપ છે તેમ નિર્ણય થાય છે. તે જ રીતે વસ્તુને જોવાથી નિર્વિકલ્પબુદ્ધિ થયા પછી વિકલ્પબુદ્ધિમાં દ્રવ્ય અને પર્યાય બંને ભાસે છે. જો પોતાના અનુભવથી પ્રામાણિક રીતે જોવામાં આવે તો પોતાને પ્રતિક્ષણ ભિન્ન ભિન્ન જ્ઞાનક્ષણોનો અનુભવ દેખાય છે, અને તે દરેક જ્ઞાનક્ષણોનો અનુભવ કરનાર હું એક જ છું, તેમ પણ દેખાય છે. અને તે અનુભવના બળથી જ ઉત્તરમાં ભિન્ન ભિન્ન જ્ઞાનક્ષણરૂપ પર્યાય અને તે પર્યાય અનુગત એક આત્મદ્રવ્ય છે, એ પ્રકારના નિર્ણયના બળથી જ તે જ્ઞાન કરાવનાર નિર્વિકલ્પજ્ઞાન પ્રમાણરૂપ છે, તેમ નિર્ણય થાય છે.

**વિશેષાર્થ :-**

શુક્તિમાં રજતનું જ્ઞાન થયા પછી પ્રવૃત્તિ કરવાથી જ્યારે રજતની પ્રાપ્તિ થતી નથી, ત્યારે નિર્ણય થાય છે કે પ્રથમ થયેલ મારું જ્ઞાન ખોટું હતું. તેમ અનુભવમાં ભિન્ન ભિન્ન જ્ઞાનક્ષણો અનુગત હું એક છું, તે જ્ઞાન ખોટું છે તેવો નિર્ણય વિચારકને ક્યારેય થતો નથી. તેથી અનુભવસિદ્ધ એવા બે પર્યાયઅનુગત એક દ્રવ્ય માનવું ઉચિત છે. આમ છતાં, એકાંતનયની વાસનાથી વાસિત થયેલ સંસ્કારવાળાને પૂર્વ-અપરપર્યાયઅનુગત એવું અનુગત આત્મદ્રવ્ય નથી, તેવો ભ્રમ કુવાસનાને કારણે થાય છે. એવો સ્વમતના આગ્રહ વગર પ્રામાણિક અનુભવને જે જુએ તેને રજતમાં રજતના જ્ઞાન જેવો જ અનેકપર્યાયઅનુગત આત્મદ્રવ્યનો અનુભવ થાય છે.

**ઉત્થાન :-**

આખા કથનનું નિગમન કરતાં કહે છે -

**અનુવાદ :-**

**माटईं.....करी मानवुं ।।२१।।** - માટે જ્ઞાનાદિ પર્યાય સત્ય, તો તેનો આધાર આત્મદ્રવ્ય પહેલાં સત્ય કરી માનવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

ઉપરમાં બતાવેલા અનુભવના બળથી જેમ જ્ઞાનાદિ પર્યાય સત્ય છે, તેમ તે જ્ઞાનાદિ પર્યાયનો આધાર એવું આત્મદ્રવ્ય પણ પહેલાં સત્ય માનવું જોઈએ. અર્થાત્ તે જ્ઞાનાદિ પર્યાય પેદા થયા તેના પહેલાં તે આત્મદ્રવ્ય વિદ્યમાન હતું, એમ માનવું જોઈએ. **॥૨૧॥**

**અવતરણિકા :-**

બંધક્ષણ અને મોક્ષક્ષણ જુદી હોવા છતાં એક વાસનાને સ્થાપન કરીને યોગીઓની મોક્ષને અનુકૂળ પ્રવૃત્તિની બૌદ્ધ સંગતિ કરે છે, તેનું નિરાકરણ પૂર્વ શ્લોકમાં કર્યું. હવે બૌદ્ધ સદૃશક્ષણના આરંભને બતાવીને યોગીઓની મોક્ષને અનુકૂળ પ્રવૃત્તિની સંગતિ કરે છે, તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે -

**ચોપઈ :-**

**सरषा क्षणनो जे आरंभ, तेह वासना मोटो दंभ ।**
**बंध-मोक्षक्षण सरषा नहीं, शकति एक नवि जाइ कही ।।२२।।**

**ગાથાર્થ :-**

**સરખા ક્ષણનો જે આરંભ તે વાસના છે, એમ કહીને મોક્ષના અર્થે પ્રવૃત્તિની સંગતિ બૌદ્ધ કરે છે, તેને ગ્રંથકાર કહે છે કે એ મોટો દંભ છે. અને તેમાં યુક્તિ બતાવે છે કે, બંધક્ષણ અને મોક્ષક્ષણ સરખા નથી. (તેથી વાસનાના બળથી મોક્ષની પ્રવૃત્તિ સંગત થઈ શકે નહિ.) અને ત્યાં એક શક્તિ કહી શકાય નહિ. અર્થાત્ બંધક્ષણ અને મોક્ષક્ષણમાં એક શક્તિ માનવામાં આવે તો આત્મદ્રવ્યની સિદ્ધિ થાય, માટે બૌદ્ધનું કથન દંભરૂપ છે. ॥૨૨॥**

**બાલાવબોધ :-**

सदृशक्षणनो जे आरंभ तेह ज वासना इम कहवुं ते मोटुं कपट छइं, जे माटइं बंध-मोक्षना क्षण सरषा नथी, तो जे बंधाइ ते मुकाइं इम न कहिउं जाइ, तिवारइ मोक्षनइं अर्थि कुण प्रवर्तइं ? वलीं कहस्यो जे बंधजननशक्तिवंत क्षण जूआ छइं, मोक्षजननशक्तिवंत क्षण जूआ छइं, बद्ध छइं ते

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**एकत्वाध्यवसितमोक्षजनक क्षणसंपादनार्थं अविद्याइं ज प्रवर्तइं छइ, मोक्षप्रवर्तकअविद्याविवर्त संसारमूलाविद्यानाशक छइं 'हरति कण्टक एव हि कण्टकम्' (अध्यात्मसार, प्रबंध ३, अधिकार ११, श्लोक १५) इति न्यायात्, तो देवदत्त यज्ञदत्तना मोक्षक्षणजननार्थं किम न प्रवर्तइं ? बंध-मोक्षक्षणजनक एक शक्ति तो तइं न कहीं जाइ, इम तो आत्मद्रव्य सिद्ध थाइ, कुर्वद्रूपत्वजाति मानतां सांकर्य थाइं, कारणनइं कार्यव्याप्यता छइ, ते माटइं एकदा उभय क्षण थया जोइइ, एक एक क्षणनइं भिन्नशक्तिमांहिं घाततां निर्द्धार न थाइ, ते माटिं ए सर्व शक्तिकल्पना झूठी जाणवी ।।२२।।**

**ઉત્થાન :-**

બૌદ્ધ ક્ષણજ્ઞાનરૂપ આત્મા માને છે, પરંતુ ક્ષણજ્ઞાનથી અતિરિક્ત શાશ્વત આત્મા માનતો નથી; આમ છતાં, બંધ અવસ્થાથી છૂટીને મુક્ત થવાનો ઉપદેશ આપે છે અને તેની સંગતિ કરવા માટે કહે છે -

**અનુવાદ :-**

**सदृश.....इम कहवुं** - સદૃશક્ષણનો જે આરંભ તે વાસના છે, અને તેનાથી મોક્ષાર્થે પ્રવૃત્તિ થાય છે.

**ભાવાર્થ :-**

બૌદ્ધનો આશય એ છે કે જ્ઞાનની ક્ષણ ઉત્તરમાં પોતાની સદૃશક્ષણને પેદા કરે છે, અને તે ક્ષણ તેની ઉત્તરની સદૃશક્ષણને પેદા કરે છે. તેથી 'હું તે જ છું કે જે પહેલાં હતો' એ પ્રકારની જીવને વાસના પેદા થાય છે. તેથી 'હું બદ્ધ છું અને હું યત્ન કરીશ તો મોક્ષને પામીશ' એ પ્રકારનો યત્ન વાસનાના બળથી થાય છે. પરંતુ તે દરેક જ્ઞાનક્ષણોમાં અનુગત કોઈ આત્મદ્રવ્ય નથી.

તેને ગ્રંથકાર કહે છે -

**અનુવાદ :-**

**ते मोटुं....अर्थि कुण प्रवर्तइं ?** - આ મોટું કપટ છે=આ જૂઠી વાત છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેમ કે બંધ અને મોક્ષની ક્ષણો સરખી નથી. તો જે બંધાય તે મુકાય એમ ન કહી શકાય, ત્યારે મોક્ષના અર્થે કોણ પ્રવર્તે ?

**ભાવાર્થ :-**

અહીં બંધક્ષણની ઉત્તર ઉત્તરમાં સદૃશ જ્ઞાનક્ષણ થાય છે, ત્યાં કદાચ બૌદ્ધ કહી શકે કે હું તે જ છું એ પ્રકારની વાસના થાય છે, પરંતુ બંધક્ષણ અને મોક્ષક્ષણ સર્વથા વિસદૃશ છે, તેથી ત્યાં સદૃશની પ્રતીતિ થતી નહિ હોવાથી, જે બંધાય છે તે મુકાય છે, એમ કહી શકાય નહિ. અને જેઓ શાસ્ત્રના બળથી જાણે છે કે ક્ષણજ્ઞાનથી અતિરિક્ત આત્મા નથી, તે વ્યક્તિને બંધક્ષણ કરતાં મોક્ષક્ષણરૂપ વિસદૃશતાની પ્રતીતિ પણ શાસ્ત્રથી થાય છે. તેથી જે વ્યક્તિ બંધાય છે તે મુકાય છે એમ બૌદ્ધ કહી શકે નહિ. માટે મોક્ષાર્થીની પ્રવૃત્તિ સંગત થઈ શકે નહિ.

**ઉત્થાન :-**

પૂર્વોક્ત કથનનું સમાધાન બૌદ્ધ બીજી રીતે કરે છે, તે બતાવીને તેનું નિરાકરણ કરતાં કહે છે -

**અનુવાદ :-**

**वली कहस्यो.....किम न प्रवर्तइं,** - અને વળી બૌદ્ધ કહે કે જે બંધજનનશકિતવંત ક્ષણ છે તે જુદી છે, અને મોક્ષજનનશક્તિવંત ક્ષણ છે તે જુદી છે. આમ છતાં, જે બદ્ધ છે તે એકત્વઅધ્યવસિત મોક્ષજનક ક્ષણના સંપાદન માટે અવિદ્યાથી જ પ્રવર્તે છે, કેમ કે મોક્ષપ્રવર્તક અવિદ્યાનો વિવર્ત સંસારમૂલ અવિદ્યાનો નાશક છે. અને તેમાં બૌદ્ધ દૃષ્ટાંત કહે છે કે, કંટક જ કંટકને કાઢે છે એ પ્રકારની યુક્તિ છે. તો તેને ગ્રંથકાર કહે છે કે, તો દેવદત્ત યજ્ઞદત્તના મોક્ષક્ષણજનન માટે કેમ ન પ્રવર્તે ? અર્થાત્ દેવદત્તે યજ્ઞદત્તના મોક્ષક્ષણજનન માટે પ્રવર્તવું જોઈએ.

**ભાવાર્થ :-**

બૌદ્ધનો આશય એ છે કે બંધજનકશક્તિવાળી જ્ઞાનની ક્ષણ જુદી છે, અને મોક્ષજનકશક્તિવાળી જ્ઞાનની ક્ષણ જુદી છે, અને તે રીતે કોઈ વ્યક્તિ મોક્ષ માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રયત્ન કરે તે સંગત થાય નહિ; કેમ કે તે બેમાં અનુગત એક વ્યક્તિ નથી. તેથી બદ્ધ એવો હું સાધના કરીશ તો મારો મોક્ષ થશે એવો અધ્યવસાય થઈ શકે નહિ. આમ છતાં, બદ્ધ એવી જ્ઞાનક્ષણ અજ્ઞાનને કારણે જ મોક્ષક્ષણ પેદા કરવા માટે પ્રવર્તે છે. અને તેનું અજ્ઞાન એ છે કે બંધાયેલો એવો હું સાધના કરીશ તો હું મુકાઈશ, એ પ્રકારનો એકત્વનો અધ્યવસાય છે. વાસ્તવિક રીતે બંધક્ષણવાળું જ્ઞાન અને મોક્ષક્ષણવાળું જ્ઞાન તદ્દન જુદું છે. તે બેના ભેદનું તેને અજ્ઞાન છે, તેથી જ તે મોક્ષ માટે પ્રવર્તે છે.

અહીં કોઈને શંકા થાય કે અજ્ઞાનથી તો સંસારની પ્રવૃત્તિ થાય, મોક્ષની પ્રવૃત્તિ કેવી રીતે થાય ? તેથી બૌદ્ધ કહે છે -

મોક્ષપ્રવર્તક અવિદ્યાનો જે વિવર્ત છે તે જ સંસારમૂલ અવિદ્યાનો નાશક છે, જેમ પગમાં કાંટો લાગ્યો હોય તો તે બીજા કાંટાથી જ નીકળે છે.

આશય એ છે કે બંધક્ષણને પેદા કરાવનારી જે અવિદ્યા છે, તે સંસારમૂલ અવિદ્યા છે, અને તેને કાઢવા માટે મોક્ષપ્રવર્તક અવિદ્યા જ કારણ બને છે; અને બૌદ્ધમત પ્રમાણે જ્ઞાનક્ષણોના વિવર્તો વર્તે છે, પરંતુ એકઅનુગત આત્મા નથી. આમ છતાં, હું ક્ષણિક છું, તેવું જ્ઞાન નહિ હોવાને કારણે તેને આત્મા ઉપર રાગ થાય છે, તેથી સંસાર પ્રવર્તે છે. માટે સંસારને પેદા કરાવનાર એવા ક્ષણિકજ્ઞાનનું જે અજ્ઞાન છે, તે સંસારમૂલ અવિદ્યા છે, અને તેનો નાશ મોક્ષપ્રવર્તક અવિદ્યાથી થાય છે.

મોક્ષપ્રવર્તક અવિદ્યા એ છે કે શાસ્ત્રથી પોતે ક્ષણિક છે તેમ બૌદ્ધ જાણે છે, છતાં પોતાનો ક્ષણિકભાવ હજુ તેને શાસ્ત્રોથી સામાન્ય રીતે જણાયો છે, પરંતુ સ્થિર થયો નથી. તેથી જ શાસ્ત્રોથી જાણ્યા પછી યુક્તિઓથી તે ક્ષણિકવાદને આત્મસાત્ કરવા માટે ધ્યાનમાં યત્ન કરે છે. અને તે વખતે હજુ તેનામાં ક્ષણિકવાદ સ્થિર થયો નથી ત્યાં સુધી મોક્ષપ્રવર્તક ક્ષણ આવતી નથી. તેથી જ તેનામાં રહેલ ક્ષણિકત્વના અજ્ઞાનરૂપ જે અવિદ્યા છે તે મોક્ષપ્રવર્તક અવિદ્યા છે. આથી જ તે વિચારે છે કે, મારે સાધના કરીને ક્ષણિકપણાનું જ્ઞાન સ્થિર કરવું જોઈએ, કે જેથી મારા સંસારનો ઉચ્છેદ થાય. અને તે વખતે "બંધાયેલો એવો હું મુક્ત થઈશ" એ પ્રકારની જે તેની બુદ્ધિ છે, તે અવિદ્યારૂપ છે; અને તે મોક્ષપ્રવર્તક અવિદ્યા જ ક્ષણિકવાદને સ્થિર કરવા માટે ધ્યાનાદિમાં તેને પ્રવર્તાવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. તેથી અવિદ્યાથી મોક્ષની પ્રવૃત્તિ માનવામાં કોઈ દોષ નથી. જેમ કાંટાને કાંટો કાઢે છે તેમ સંસારની કારણીભૂત એવી અવિદ્યાને મોક્ષપ્રવર્તક અવિદ્યા જ કાઢી શકે છે. આ પ્રકારના બૌદ્ધના આશય સામે ગ્રંથકાર કહે છે -

જેમ બૌદ્ધ શાસ્ત્રવચનથી જાણે છે કે પદાર્થ ક્ષણિક છે, છતાં બંધક્ષણથી ભિન્ન એવી મોક્ષક્ષણ માટે જો તે અવિદ્યાથી પ્રવર્તી શકે, તો તે જ રીતે દેવદત્તે પોતાનાથી ભિન્ન એવા યજ્ઞદત્તની મોક્ષક્ષણ પેદા કરવા માટે પ્રવર્તવું જોઈએ. કેમ કે જેમ ત્યાં તે શાસ્ત્રથી જાણે છે કે બંધક્ષણ કરતાં મોક્ષક્ષણ જુદી છે, છતાં ત્યાં એકત્વનો અધ્યવસાય કરીને પ્રવર્તે છે; તેમ દેવદત્ત પણ યજ્ઞદત્તને પોતાનાથી જુદો જુએ છે, છતાં એકત્વનો અધ્યવસાય કરીને યજ્ઞદત્તના મોક્ષ માટે દેવદત્તે યત્ન કરવો જોઈએ.

**ઉત્થાન :-**

આનું સમાધાન પૂર્વપક્ષી એ જ કરી શકે કે, દેવદત્તની બંધક્ષણ અને દેવદત્તની મોક્ષક્ષણમાં કોઈ એક શક્તિ છે, અને દેવદત્તની બંધક્ષણ અને યજ્ઞદત્તની મોક્ષક્ષણમાં કોઈ એક શક્તિ નથી, માટે દેવદત્ત પોતાની મોક્ષક્ષણ માટે યત્ન કરી શકે પણ યજ્ઞદત્તની મોક્ષક્ષણ માટે યત્ન ન કરી શકે, તો ગ્રંથકાર કહે છે -

**અનુવાદ :-**

**बंध-मोक्षक्षणजनक.....सिद्ध थाइ,** - ત્યાં=દેવદત્તની બંધક્ષણ અને મોક્ષક્ષણમાં, બૌદ્ધમત પ્રમાણે બંધક્ષણજનક અને મોક્ષક્ષણજનક એક શક્તિ તો કહી શકાય નહિ, અને જો એક શક્તિ કહે તો તે આત્મદ્રવ્ય સિદ્ધ થાય.

**ભાવાર્થ :-**

દેવદત્તની બંધક્ષણ અને દેવદત્તની મોક્ષક્ષણમાં જો એક શક્તિ માનવામાં આવે તો તે એક શક્તિરૂપ આત્મદ્રવ્ય સિદ્ધ થાય. આ સમાધાન સિવાય અજ્ઞાનથી દેવદત્ત પોતાના મોક્ષ માટે પ્રવર્તી શકે અને યજ્ઞદત્તના મોક્ષ માટે ન પ્રવર્તી શકે, તેનું સમાધાન થઈ શકે નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્થાન :-**

અહીં બૌદ્ધ કહે કે દેવદત્તની બંધક્ષણ અને દેવદત્તની મોક્ષક્ષણ જુદી હોવા છતાં દેવદત્તની દરેક ક્ષણોમાં ઉત્તર ઉત્તર ક્ષણનું કુર્વદ્રૂપત્વ છે. તેથી દેવદત્ત સાધના કરે તો મોક્ષક્ષણનું કુર્વદ્રૂપત્વ યજ્ઞદત્તની મોક્ષની પૂર્વક્ષણમાં આવી શકે નહિ. માટે મોક્ષપ્રવર્તક અવિદ્યાથી દેવદત્તની પોતાની મોક્ષક્ષણનું પ્રવર્તકપણું થઈ શકે, પરંતુ યજ્ઞદત્તની મોક્ષક્ષણનું પ્રવર્તકપણું થઈ શકે નહિ; કેમ કે યજ્ઞદત્તના મોક્ષક્ષણનું કુર્વદ્રૂપત્વ દેવદત્તની ક્ષણમાં નથી. તેને ગ્રંથકાર કહે છે -

**અનુવાદ :-**

**कुर्वद्रूपत्व.....थया जोइइ,** - કુર્વદ્રૂપત્વ જાતિ માનતાં સાંકર્ય થાય, કેમ કે કારણને કાર્યની સાથે વ્યાપ્યપણું છે. તેથી એક વખતે ઉભયક્ષણ થવી જોઈએ અર્થાત્ એક વખતે કાર્યક્ષણ અને કારણક્ષણ પ્રાપ્ત થવી જોઈએ.

**ભાવાર્થ :-**

નિશ્ચયનયથી ક્રિયાકાળ અને નિષ્ઠાકાળ એક ક્ષણમાં છે, અને બૌદ્ધે કુર્વદ્રૂપત્વથી સમાધાન કર્યું તેથી એ પ્રાપ્ત થાય કે, દેવદત્તમાં જે કાર્યને અનુકૂળ એવી ક્રિયા છે તે કુર્વદ્રૂપત્વ છે, અને તેમ સ્વીકારીએ તો જે ક્ષણમાં ક્રિયા છે તે જ ક્ષણમાં કાર્ય માનવું પડે. જેમ કરવતથી લાકડાં કાપવાની ક્રિયા જે ક્ષણમાં કરવામાં આવે તે ક્ષણમાં જેટલી ક્રિયા થાય તેટલું લાકડાં કાપવારૂપ કાર્ય થાય; અને જો તેમ ન સ્વીકારતાં પૂર્વક્ષણમાં ક્રિયા અને ઉત્તરક્ષણમાં કાર્ય માનીએ, તો લાકડાં કાપવાની ક્રિયા જ્યારે થતી નથી ત્યારે પણ કાર્ય થાય છે, એમ માનવું પડે. તેથી લાકડાં કાપવાની ક્રિયા જ્યારે કરી નથી ત્યારે પણ લાકડું કપાવવું જોઈએ. પરંતુ તેમ થતું નથી, તેથી જે ક્ષણમાં કાપવાની ક્રિયા છે તે જ ક્ષણમાં કાર્ય થાય છે. અને તે નિયમ પ્રમાણે કુર્વદ્રૂપત્વરૂપ કારણ કાર્યની સાથે વ્યાપ્ય છે, માટે એક જ ક્ષણમાં કારણ અને કાર્ય માનવાં જોઈએ. અને તેમ માનીએ તો દેવદત્તની જે ક્ષણમાં કુર્વદ્રૂપત્વ છે, તે જ ક્ષણમાં તેનું કાર્ય થાય છે તેમ માનવું પડે. અને તેમ સ્વીકારીએ તો બૌદ્ધ પૂર્વક્ષણમાં ઉત્તરક્ષણનું કુર્વદ્રૂપત્વ છે, તેમ કહે છે; તેને બદલે જે ક્ષણમાં કુર્વદ્રૂપદ્રવ છે, તે જ ક્ષણમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાર્ય પેદા થાય છે, તેમ માનવું પડે. તેથી કારણક્ષણ અને કાર્યક્ષણ એકક્ષણમાં પ્રાપ્તથવારૂપ સાંકર્યની પ્રાપ્તિ થાય.

**ઉત્થાન :-**

અહીં બૌદ્ધ કહે કે દરેક ક્ષણ ભિન્ન ભિન્ન શક્તિવાળી છે, તેથી દરેક બંધક્ષણમાં ઉત્તરક્ષણનું કુર્વદ્રૂપત્વ છે, પરંતુ ઉત્તરક્ષણમાં જે શક્તિ છે તે પૂર્વક્ષણમાં નથી; તેથી પૂર્વક્ષણ અને ઉત્તરક્ષણ બંનેની શક્તિ જુદી જુદી છે. ફક્ત પૂર્વક્ષણમાં ઉત્તરક્ષણનું કુર્વદ્રૂપત્વ છે, માટે કારણક્ષણ અને કાર્યક્ષણને એક સાથે માનીને સાંકર્યદોષની આપત્તિ આપવી યુક્ત નથી, પરંતુ દરેક ક્ષણમાં ભિન્ન ભિન્ન શક્તિ માનવી ઉચિત છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે -

**અનુવાદ :-**

**एक एक.....झूठी जाणवी ।।२२।।** - એક એક ક્ષણને ભિન્ન ભિન્ન શક્તિ માંહે ઘાતતાં=મૂકતાં, નિર્દ્ધાર ન થાય. તેથી આ સર્વ શક્તિની કલ્પના ખોટી જાણવી.

**ભાવાર્થ :-**

બૌદ્ધમત પ્રમાણે દરેક ક્ષણ ઉત્તર ઉત્તર ક્ષણને પેદા કરે છે, પરંતુ તે ક્ષણોમાં અનુગત કોઈ એક દ્રવ્ય તે સ્વીકારતો નથી. તેથી આ જ્ઞાનક્ષણે ઉત્તરની આ જ્ઞાનક્ષણને પેદા કરી છે તેવો નિર્દ્ધાર થઈ શકતો નથી; અર્થાત્ દેવદત્તની જ્ઞાનક્ષણે ઉત્તરની દેવદત્તની જ્ઞાનક્ષણને પેદા કરેલ છે, પણ યજ્ઞદત્તની જ્ઞાનક્ષણને પેદા કરેલ નથી, તેવો નિર્દ્ધાર થઈ શકતો નથી. કેમ કે દેવદત્તની જે જ્ઞાનક્ષણ છે, તેના પછી જેમ દેવદત્તની ઉત્તરક્ષણ છે તે જેમ જુદી છે, તેમ તત્ક્ષણવર્તી યજ્ઞદત્તની જ્ઞાનક્ષણ દેવદત્તની પૂર્વની જ્ઞાનક્ષણથી જુદી છે. તેથી પૂર્વની દેવદત્તની જ્ઞાનક્ષણે ઉત્તરની કઈ જ્ઞાનક્ષણને પેદા કરી છે તેવો નિર્ધાર થઈ શકે નહિ. કેમ કે દેવદત્તની પૂર્વની જ્ઞાનક્ષણ નાશ પામ્યાં પછી ઉત્તરની દેવદત્તની જ્ઞાનક્ષણ અને યજ્ઞદત્તની જ્ઞાનક્ષણ એક કાળવર્તી છે, તે બંને ક્ષણોમાંથી કઈ જ્ઞાનક્ષણનું કુર્વદ્રૂપત્વ દેવદત્તની પૂર્વક્ષણમાં છે તેવો નિર્ધાર થઈ શકે નહિ. તે માટે એ સર્વ શક્તિકલ્પના જૂઠી જાણવી, એટલે કે પૂર્વની જ્ઞાનક્ષણમાં ઉત્તરની જ્ઞાનક્ષણનું કુર્વદ્રૂપત્વ છે એ પ્રમાણે શક્તિની કલ્પના જૂઠી છે. અને સદૃશક્ષણનો જે આરંભ તે વાસના છે એમ કહીને બૌદ્ધે પૂર્વમાં જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાપન કર્યું એ રૂપ શક્તિની કલ્પના પણ જૂઠી છે, એ બતાવવા માટે ગ્રંથકાર કહે છે કે એ સર્વ શક્તિકલ્પના જૂઠી જાણવી. ॥૨૨॥

**અવતરણિકા :-**

ગાથા-૨૨ માં બંધક્ષણ અને મોક્ષક્ષણ સરખી નથી માટે સદૃશવાસનાથી મોક્ષાર્થીની પ્રવૃત્તિ થશે, એ પ્રકારની બૌદ્ધની યુક્તિનું ખંડન કરીને, અને મોક્ષાર્થીની પ્રવૃત્તિના બળથી આત્માને માનવો જોઈએ તેમ સ્થાપન કરીને, હવે બૌદ્ધ જેમ માને છે કે એક જ ક્ષણ પોતાની ઉત્તરક્ષણ પ્રત્યે ઉપાદાનકારણ અને અન્ય કોઈ કાર્ય પ્રત્યે નિમિત્તકારણ થઈ શકે છે, છતાં તે ક્ષણનો ભેદ નથી; તેમ પૂર્વ અને અપરપર્યાય સાથે સંબંધ હોવા છતાં દ્રવ્યનો ભેદ નથી, તે સ્થાપન કરીને નિત્ય આત્માને સ્થાપન કરવા અર્થે ગ્રંથકાર કહે છે -

**ચોપઈ :-**

**उपादान अनुपादानता, जो नवि भिन्न करइ क्षण छता ।**
**पूरव-अपरपर्याइ भेद, तो नवि द्रव्य लहइ त्यजि खेद ।।२३।।**

**ગાથાર્થ :-**

**ક્ષણ છતા=એક ક્ષણમાં, ઉપાદાન-અનુપાદાનતા જો ભેદ કરતી નથી, તો પૂર્વ-અપર પર્યાયથી દ્રવ્ય ભેદ પામતું નથી, એ વાત ખેદ છોડીને (સ્વીકારો.) ॥૨૩॥**

**બાલાવબોધ :-**

**बीजुं एक कालइं पणि अनेककारणताक्षण छइ तिहां उपादान-निमित्तपणइं जो क्षणनो भेद नथी, तो पूर्व-अपरपर्यायनइं भेदइं द्रव्यभेद न पामइ, मतग्रहनो खेद छांडीनइं द्रव्य एक आदरो ।।२३।।**

**અનુવાદ :-**

**बीजुं एक कालइं.....एक आदरो ।।२३।।** - એક જ દંડ પોતાની ઉત્તરક્ષણ પ્રત્યે જે ક્ષણમાં ઉપાદાન છે, તે જ ક્ષણમાં તે દંડ ઘટ પ્રત્યે નિમિત્તકારણ છે. તેથી દંડની એક ક્ષણમાં ઉપાદાનકારણતા અને અનુપાદાનકારણતા=

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિમિત્તકારણતા, હોવા છતાં ક્ષણનો ભેદ થતો નથી, તેમ બૌદ્ધ પણ માને છે. તે જ રીતે એક જ દ્રવ્યમાં પૂર્વપર્યાય અને અપરપર્યાયનો ભેદ હોવા છતાં દ્રવ્યનો ભેદ થતો નથી, તેથી પ્રતિક્ષણ જ્ઞાનક્ષણો જુદી હોવા છતાં નિત્ય એક આત્મદ્રવ્ય સ્વીકારવામાં કોઈ વાંધો નથી. માટે ગ્રંથકાર બૌદ્ધને કહે છે કે, પદાર્થને વાસ્તવિક વિચાર્યા વગર સ્વમતના ગ્રહનો ખેદ=સ્વમતના આગ્રહરૂપ ખેદ, છોડી દઈને એક નિત્ય આત્માનો સ્વીકાર કરો. **॥૨૩॥**

**અવતરણિકા :-**

ગાથા-૨૧ થી ૨૩ સુધી આત્મા ક્ષણિક સ્વીકારીએ તો બંધ-મોક્ષ ઘટે નહિ તેનું સ્થાપન કરીને, હવે આત્માને ક્ષણજ્ઞાનરૂપ માનીએ તો મોક્ષનાં કારણીભૂત અહિંસાદિ અને તેનાથી વિપરીત હિંસાદિ ઘટે નહિ, તે બતાવતાં કહે છે -

**ચોપઈ :-**

**जो क्षणनाशतणो तुझ धंध, तो हिंसाथी कुणनि बंध ।**
**विसदृशक्षणनो जेह निमित्त, हिंसक तो तुझ मनि अपवित्त ।।२४।।**

**ગાથાર્થ :-**

**જો ક્ષણનાશનો તને આગ્રહ છે તો હિંસાથી કોને બંધ થાય ? અર્થાત્ કોઈને ન થાય. અને હિંસાની સંગતિ કરવા માટે બૌદ્ધ કહે છે કે વિસદૃશક્ષણનો જે નિમિત્ત તે હિંસક, તો ગ્રંથકાર કહે છે કે તારું મન પણ (હિંસાથી) અપવિત્ર થયું. ॥૨૪॥**

**બાલાવબોધ :-**

वली क्षणनाशी वस्तु मानइं छइ तिहां दोष कहइ छइं - जो क्षणनाशनो धंध तुझनइं लागो छइं तो हिंसाथी बंध कुणनइं थाइ ? क्षण-क्षणइं जीव नाश पामइं छइं तो हिंसा कुणनी कहथी होइ ? तिवारइं 'हिंसाथी पाप' बुद्धई कहिउं ते किम मिलई ? हिंसा विना अहिंसा किहां ? तेह विना सत्यादि व्रत किहां ? जे माटिं सत्यादिक अहिंसानी वाडिरूप कहिया छइ, इम सर्व लोप थाइ । जो इम कहस्यो 'मृग मारिओ तिवारई मृगनो सदृश क्षणारंभ टल्यो विसदृश क्षणारंभ थयो, तेहनुं निमित्तकारण

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**आहेडीप्रमुख ते हिंसक कहिई' तो ते बौद्धनई कहिई-ताहरुं मन पणि हिंसाथी अपवित्र थयुं, जे माटई व्याधक्षणनी परिं ताहरो पण अनंतर क्षण मृगविसदृशक्षणनो हेतु थयो** 'तदुदितः स हि यो यदनन्तरः' **इति न्यायात्, क्षणना अन्वय-व्यतिरेक तो सरषा छइं, तज्जातिं अन्वय-व्यतिरेकनुं ग्राहक प्रमाण नथी ।।२४।।**

**અનુવાદ :–**

**वली क्षणनाशी.....सर्व लोप थाइ ।** - વળી બૌદ્ધ ક્ષણનાશી વસ્તુ માને છે, તેમાં દોષ કહે છે - જો ક્ષણનાશનો તને ધંધ=આગ્રહ છે, તો હિંસાથી કોને બંધ થાય ? અર્થાત્ કોઈને થઈ શકે નહિ. કેમ કે દરેક ક્ષણે જીવ નાશ પામે છે તો હિંસા કોની કોનાથી થાય ? અર્થાત્ કોઈનાથી કોઈની હિંસા થાય નહિ. કેમ કે ઉત્તરક્ષણમાં પદાર્થ સ્વતઃ જ નાશ પામે છે, માટે કોઈથી કોઈની હિંસા સંભવે નહિ. અને આ રીતે હિંસા સંભવે નહિ તો હિંસાથી પાપ બૌદ્ધ કહે છે તે ઘટે નહિ. અને હિંસા ઘટે નહિ તો અહિંસા પણ ઘટે નહિ. કેમ કે કોઈનાથી કોઈની હિંસા થતી હોય તો તેના પરિહાર માટેનો યત્ન એ અહિંસા છે, એમ કહી શકાય. જ્યારે કોઈની હિંસા જ કોઈનાથી સંભવે નહિ, ત્યારે હિંસાના પરિહારના યત્નરૂપ અહિંસા પણ કોઈનાથી થાય છે તેમ કહેવાય નહિ. અને અહિંસા વિના સત્યાદિ અન્ય વ્રતો પણ ક્યાંથી હોય ? અર્થાત્ ન હોય, કેમ કે સત્યાદિ વ્રતો અહિંસાવ્રતની વાડરૂપ કહેવાય છે. આ રીતે પદાર્થને ક્ષણિક માનતાં યોગમાર્ગના ઉપાયરૂપ અહિંસાદિ સર્વ વ્રતોનો લોપ થાય.

**ઉત્થાન :–**

અહીં બૌદ્ધ મોક્ષમાર્ગની સંગતિ કરવા અર્થે હિંસાની સંગતિ કરે છે, તે બતાવીને તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે -

**અનુવાદ :–**

**जो इम.....ते हिंसक कहिई** - જો તમે એમ કહેશો કે મૃગને માર્યો તે વખતે મૃગની સદૃશક્ષણનો આરંભ ટળ્યો અને વિસદૃશક્ષણનો આરંભ થયો, તેનું નિમિત્તકારણ શિકારી વગેરે છે તે હિંસક કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

બૌદ્ધનો આશય એ છે કે શિકારી મૃગને મારે છે તે વખતે, મૃગની સદૃશક્ષણ પ્રતિક્ષણ ઉત્પન્ન થતી હતી તે અટકી જાય છે, અને મૃગની શૂકરાદિ અન્ય ભવની પ્રાપ્તિરૂપ વિસદૃશક્ષણનો આરંભ થાય છે. તેનું નિમિત્તકારણ શિકારી છે, માટે પદાર્થ પ્રતિક્ષણ નાશવંત હોવા છતાં શિકારીને હિંસક કહી શકાય.

**અનુવાદ :-**

**तो ते.....इति न्यायात्,** - તો ગ્રંથકાર બૌદ્ધને કહે છે - એ રીતે તો બૌદ્ધમતને માનનારાનું મન પણ હિંસાથી અપવિત્ર થયું. કેમ કે શિકારીની ક્ષણની જેમ બૌદ્ધની પણ અનંતરક્ષણ મૃગની વિસદૃશક્ષણનો હેતુ થઈ. અને તેમાં યુક્તિ આપે છે કે, "જે જેની પછી થાય છે, તે તેનાથી ઉદિત=ઉત્પન્ન, થયેલ છે," એ પ્રકારના ન્યાયથી, મૃગની વિસદૃશક્ષણ પ્રત્યે જેમ નિમિત્તકારણ શિકારી છે, તેમ પદાર્થને ક્ષણિક માનનાર બૌદ્ધ=બુદ્ધના અનુયાયીઓ, પણ છે.

**ભાવાર્થ :-**

મૃગની સદૃશક્ષણ પછી જે વિસદૃશક્ષણ થઈ તે ક્ષણની પૂર્વક્ષણમાં જેમ શિકારી વિદ્યમાન છે, તેમ બૌદ્ધમતને અનુસરનાર બૌદ્ધ પણ વિદ્યમાન છે, અને ઉત્તરક્ષણમાં મૃગની વિસદૃશક્ષણ ઉત્પન્ન થાય છે. અને બૌદ્ધમત પ્રમાણે વાસ્તવિક રીતે શિકારીના પ્રયત્નથી મૃગની વિસદૃશક્ષણ ઉત્પન્ન થતી નથી, પરંતુ શિકારી તો નિમિત્તમાત્ર છે. વસ્તુતઃ મૃગ જ સ્વતઃ જ્યારે મૃગની સદૃશક્ષણનું કુર્વદ્રૂપત્વ હતું ત્યારે ઉત્તરમાં સદૃશમૃગને પેદા કરતો હતો, અને મૃગની ચરમક્ષણમાં મૃગની વિસદૃશક્ષણનું કુર્વદ્રૂપત્વ હતું તેથી મૃગની વિસદૃશક્ષણ પેદા થાય છે. તેથી બૌદ્ધમત પ્રમાણે નિમિત્તમાત્રરૂપ એવો શિકારી મૃગની વિસદૃશક્ષણ પેદા કરવામાં કોઈ યત્ન કરી શકતો નથી; ફક્ત ઘટની નિષ્પતિ પ્રત્યે જેમ આકાશ અવર્જ્યસંનિધિરૂપે છે, તેમ શિકારી મૃગની વિસદૃશક્ષણ પેદા કરવા પ્રત્યે અવર્જ્યસંનિધિરૂપે છે. અને તે જ રીતે બૌદ્ધમતની યુક્તિથી વિચારીએ તો, મૃગની વિસદૃશક્ષણની નિષ્પત્તિ પ્રત્યે અવ્યવહિતપૂર્વવર્તીરૂપે બૌદ્ધની પણ ક્ષણ છે, તેથી મૃગની વિસદૃશક્ષણના આરંભ પ્રત્યે શિકારી અને બૌદ્ધ બંને સમાન છે. તેથી જો બૌદ્ધમતે શિકારીને હિંસક કહી શકાય તો બૌદ્ધને પણ મૃગના હિંસકરૂપે માની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકાય. અને તેમ માનવાથી હિંસાના પરિહારરૂપ અહિંસા પણ કોઈનાથી સંભવે નહિ. માટે પદાર્થને ક્ષણિક માનવાથી હિંસાદિ ઘટે નહિ.

**ઉત્થાન :-**

મૃગની વિસદૃશક્ષણ પ્રત્યે શિકારી અને બૌદ્ધ બંને સમાન છે, તેમાં યુક્તિ આપે છે -

**અનુવાદ :-**

**क्षणना.....सरषां छइं,** - ક્ષણના અન્વય-વ્યતિરેક તો સરખા છે= મૃગની વિસદૃશક્ષણની પ્રાપ્તિ પ્રત્યે નિયત પૂર્વવર્તીરૂપે શિકારીની ક્ષણ અને બૌદ્ધની ક્ષણનો અન્વય-વ્યતિરેક સમાન રીતે પ્રાપ્ત થાય છે. તેથી જો શિકારીને હિંસક કહી શકાય તો બૌદ્ધને પણ હિંસક કહી શકાય.

**ઉત્થાન :-**

અહીં બૌદ્ધ કહે કે ગોધૂમના અંકુર પ્રત્યે ગોધૂમનું બીજ કારણ છે=ઘઉંના અંકુર પ્રત્યે ઘઉંનું બીજ કારણ છે, એવો સામાન્ય કાર્ય-કારણભાવ નથી, પણ તદ્ ગોધૂમના અંકૂર પ્રત્યે તદ્ ગોધૂમનું બીજ કારણ છે=જે ઘઉંના બીજથી જે અંકુરરૂપ કાર્ય થાય છે તે અંકુર પ્રત્યે તે ઘઉંનું બીજ કારણ છે. અને આ રીતે વિશેષ કાર્ય-કારણભાવ હોવાથી કોઈ વ્યક્તિ એમ નિર્ણય કરી શકે નહિ કે મને પ્રાપ્ત થનારા અંકુર પ્રત્યે ગોધૂમનું બીજ કારણ છે, અને તે રીતે ગોધૂમના અંકૂરાર્થીની ગોધૂમના બીજમાં પ્રવૃત્તિ સંભવે નહિ; તો પણ વ્યવહારથી ગોધૂમ જાતિથી જ ગોધૂમના અંકુરો થાય છે, એ પ્રકારના સામાન્ય કાર્ય-કારણભાવનો નિર્ણય થાય છે. તેથી ગોધૂમના અંકુરનો અર્થી ગોધૂમના બીજને જ ગ્રહણ કરે છે, શાલિ=ડાંગર, આદિના બીજને ગ્રહણ કરતો નથી. આનાથી એ નક્કી થાય કે તજ્જાતિથી અર્થાત્ ગોધૂમ જાતિથી જેમ ગોધૂમના અંકુરની નિષ્પત્તિનો પ્રામાણિક વ્યવહાર થઈ શકે છે, તેમ મૃગની વિસદૃશક્ષણ પ્રત્યે શિકારી પ્રમુખને નિમિત્ત કારણ વ્યવહારથી સ્વીકારી શકાશે. (અહીં ગોધૂમ અને તેના અંકુર વચ્ચે ઉપાદાન-ઉપાદેયભાવરૂપે કાર્ય-કારણભાવ છે, અને મૃગની વિસદૃશક્ષણ અને શિકારી વચ્ચે નિમિત્તભાવરૂપે કાર્ય-કારણભાવ છે) તેને ગ્રંથકાર કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**तज्जातिं.....નથી ।।૨૪।।** - તજ્જાતિના અન્વય-વ્યતિરેકનો વ્યવહાર પ્રમાણ નથી, અર્થાત્ જેમ ગોધૂમના અંકુર પ્રત્યે ગોધૂમનું બીજ કારણ છે, તેથી ગોધૂમ-જાતીયત્વ અને ગોધૂમઅંકુરત્વ કાર્ય-કારણભાવનું ગ્રાહક પ્રમાણ છે; તેમ પ્રસ્તુતમાં મૃગની વિસદૃશક્ષણની પૂર્વમાં બૌદ્ધની અને શિકારીની પૂર્વક્ષણ વિદ્યમાન છે, તેમાંથી શિકારીની પૂર્વક્ષણ હિંસા પ્રત્યે નિમિત્તકારણ છે અને બૌદ્ધની પૂર્વક્ષણ નિમિત્તકારણ નથી, તેવા અન્વય-વ્યતિરેકને ગ્રહણ કરાવનાર કોઈ પ્રમાણ નથી.**।।૨૪।।**

**ભાવાર્થ :-**

ગોધૂમના તે અંકુરા પ્રત્યે તે ગોધૂમ જ કારણ છે, પરંતુ ગોધૂમત્વેન-અંકુરત્વેન સામાન્ય કાર્ય-કારણભાવ નથી=જે ઘઉંના બીજથી જે ઘઉંના અંકુરો થાય છે તે અંકુર પ્રત્યે તે ઘઉંનું બીજ કારણ છે, પરંતુ ઘઉંના અંકુરા પ્રત્યે ઘઉંના બીજરૂપે સામાન્ય કાર્ય-કારણભાવ નથી. તો પણ શાલિ=ડાંગર, આદિના બીજથી ગોધૂમનો અંકુરો ક્યારેય થતો નથી; અને જ્યારે જ્યારે ગોધૂમનો અંકુરો થાય છે, ત્યારે ત્યારે ગોધૂમના બીજથી જ થાય છે તેવી વ્યાપ્તિ પ્રાપ્ત થાય છે, તેથી ગોધૂમના અંકુરાર્થીની ગોધૂમમાં પ્રવૃત્તિ સ્વીકારી શકાય. તે રીતે અહીંયાં શિકારી હોય તો જ મૃગની વિસદૃશક્ષણ થાય છે, અને શિકારી ન હોય તો ન થાય તેવી વ્યાપ્તિ નથી; કેમ કે કોઈક વખતે સહજ મૃગ મૃત્યુ પામે તો શિકારી વગર પણ મૃગની વિસદૃશક્ષણ થઈ શકે છે; અને નિમિત્તકારણ તો અવર્જ્યસંનિધિરૂપે જ પૂર્વમાં હોય છે, તેથી મૃગની વિસદૃશક્ષણની પૂર્વમાં જેમ શિકારીની ક્ષણ છે, તેમ બૌદ્ધની પણ ક્ષણ વિદ્યમાન છે. તેથી મૃગની વિસદૃશક્ષણ વખતે શિકારી અને બૌદ્ધ બંનેની ક્ષણના અન્વય-વ્યતિરેક છે, તેથી શિકારિત્વજાતિને ગ્રહણ કરીને મૃગની વિસદૃશક્ષણ પ્રત્યે તેને નિમિત્ત માનીને હિંસકની વ્યવસ્થા પણ સંગત કરી શકાય નહિ. આ રીતે શિકારીની જેમ બૌદ્ધને પણ હિંસક માનવાની આપત્તિ આવે. તેથી ક્ષણિકવાદમાં હિંસાની સંગતિ થાય નહિ. **।।૨૪।।**

**ચોપઈ :-**

**समल चित्तक्षण हिंसा यदा, काययोग कारय नहि तदा ।**
**अनुमंता नइं हंता एक, तुझ विण कुण भाषइ सविवेक ।।२५।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ :-**

**જો સમલ ચિત્તક્ષણ હિંસા છે તો કાયયોગ કારક બને નહિ; અનુમોદના કરનાર અને હણનાર એક છે, એ તારા વિના=બૌદ્ધ વિના, કોણ વિવેકી કહે ? અર્થાત્ કોઈ ન કહે. ॥૨૫॥**

**બાલાવબોધ :-**

**जो कहस्यो 'अम्हे असंचिंत्यकृतकर्मवैफल्यवादी छूं ते माटि मृगमारणाध्यवसायवंत व्याधचित्त समल छइ ते क्षणनइं हिंसा कहूं छूं' तो एक काययोगइं हणइं, अनइ एक तेहनइं प्रशंसइ, ए बेमां फेर न थयो जोइइ, तेह तो तुम्ह विना बीजो कोइ न मानइं, अनुमंता नइं हंता ए बे जूजूआ ज छइं, मनथी बंध अनइ मनथी ज मोक्ष कहतां योगभेदइं प्रायश्चित्तभेद कहिओ छइं ते न घटइं, निमित्तभेद विना मनस्कारभेद होइ तो सर्व व्यवस्था लोप थाइं ।।२५।।**

**અનુવાદ :-**

**जो कहस्यो.....कहूं छूं** - મૃગની વિસદૃશક્ષણના નિમિત્તકારણને હિંસક સ્વીકારવાથી શિકારીની જેમ બૌદ્ધને પણ હિંસક માનવાની આપત્તિ ગાથા-૨૪ માં બતાવી. તે આપત્તિનું નિરાકરણ કરવા માટે બૌદ્ધ જો એમ કહે કે, અમે અસંચિંત્યકૃતકર્મવૈફલ્યવાદી છીએ=વિચાર્યા વગર કરાયેલું કર્મ સર્વથા વિફળ છે તેમ માનીએ છીએ, તેથી મૃગ મારવાના અધ્યવસાયવાળા શિકારીનું ચિત્ત સમલ હોવાને કારણે મૃગની વિસદૃશક્ષણ પ્રત્યે અવ્યવહિતપૂર્વવર્તીરૂપે બૌદ્ધ અને શિકારી બંનેની ક્ષણો વિદ્યમાન હોવા છતાં શિકારીની ક્ષણને હિંસા કહીએ છીએ, અને બૌદ્ધની ક્ષણને હિંસા કહેતા નથી.

**ભાવાર્થ :-**

બૌદ્ધને કહેવાનો આશય એ છે કે હિંસા કરવાના અધ્યવસાય વગર કોઈ હિંસા કરે તો તે કર્મ વિફળ છે, અર્થાત્ તે કૃત્યથી કર્મબંધ થતો નથી; પરંતુ મારવાના અધ્યવસાયપૂર્વક કરાયેલું કૃત્ય જ કર્મબંધનું કારણ છે. અને શિકારી મૃગને મારવાના અધ્યવસાયપૂર્વક મૃગની વિસદૃશક્ષણમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિમિત્તકારણ છે, તેથી શિકારી હિંસક છે. જ્યારે બૌદ્ધની ક્ષણ મૃગની વિસદૃશક્ષણની નિયત પૂર્વવર્તી હોવા છતાં મારવાના અધ્યવસાયવાળી નથી, તેથી બૌદ્ધની ક્ષણ હિંસક નથી.

આ પ્રકારના બૌદ્ધના સમાધાન સામે ગ્રંથકાર કહે છે -

**અનુવાદ :-**

**तो एक.....कोइ न मानइं,** - એક વ્યક્તિ કાયયોગે હણે અને એક વ્યક્તિ તેની પ્રશંસા કરે તે બંનેમાં મારવાનો અધ્યવસાય સમાન છે, તેથી તે બેમાં ફેર થવો જોઈએ નહિ; અર્થાત્ મારવાના અધ્યવસાયમાત્રથી હિંસક સ્વીકારવામાં આવે તો મારવાનો અધ્યવસાય બંનેમાં સમાન છે, માટે બંનેને હિંસાથી સમાનફળ પ્રાપ્ત થવું જોઈએ. અને આવી વાત તો બૌદ્ધ સિવાય બીજો કોણ માને ? અર્થાત્ કોઈ વિચારક માને નહિ.

**ભાવાર્થ :-**

સર્વ વિચારકો એમ કહે છે કે, જે વ્યક્તિ મારવાના અધ્યવસાયપૂર્વક કાયાથી હિંસા કરે છે તેને વધારે કર્મબંધ થાય છે, અને જે વ્યક્તિ હિંસાની પ્રશંસા માત્ર કરે છે પરંતુ કાયાથી હિંસા કરતી નથી, તેને કાયાથી હિંસા કરનારની અપેક્ષાએ અલ્પ કર્મબંધ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે, અસંચિંત્ય કરાયેલું કર્મ= વિચાર્યા વગર કરાયેલું કર્મ, સર્વથા વિફળ છે તેમ માની શકાય નહિ. કેમ કે જેમ મારવાના અધ્યવસાયથી મારવાની ક્રિયા કરવામાં આવે તેમાં મારવાની ક્રિયાને જ કારણે વિશેષ કર્મબંધ થાય છે, તેથી જે વ્યક્તિને મારવાનો અધ્યવસાય નથી તેવી વ્યક્તિથી અયતનાને કારણે કોઈની હિંસા થાય તો તેના કારણે તેને અનુરૂપ કર્મબંધ સ્વીકારવો જોઈએ. તેથી વિચાર્યા વગર કરાયેલું કર્મ સર્વથા વિફલ છે તેમ માની શકાય નહિ. તેથી મૃગની વિસદૃશ ક્ષણ પ્રત્યે જેમ નિમિત્તકારણ શિકારી છે માટે તે હિંસક છે, તેમ મારવાના આશય વગરનો બૌદ્ધ પણ તેની અવ્યવહિત-પૂર્વક્ષણમાં અવશ્ય હોવાથી તેને પણ હિંસક માનવો પડે.

**ઉત્થાન :-**

આ રીતે બૌદ્ધનું નિરાકરણ કરીને હિંસા કરનાર અને હિંસાની અનુમોદના કરનાર બે વ્યક્તિ કર્મબંધરૂપ ફળની અપેક્ષાએ જુદા છે, તે બતાવતાં કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**अनुमंता.....जूजूआ ज छइं,** - અનુમંતાને હંતા એ બે જુદા જ છે, અર્થાત્ અનુમોદના કરનારને હિંસા કરનારની અપેક્ષાએ અલ્પ કર્મબંધ છે અને મારવાના અધ્યવસાયપૂર્વક હિંસા કરનારને તેનાથી વિશેષ કર્મબંધ છે; એ રીતે બંને કર્મબંધરૂપ ફળની અપેક્ષાએ જુદા જ છે.

**ઉત્થાન :-**

વળી મનના પરિણામથી કર્મબંધ માનનાર અને ખાલી કાયાના કૃત્યને વિફલ માનનાર બૌદ્ધ કહે છે કે, મનથી બંધ અને મનથી જ મોક્ષ છે, માટે જેને મારવાનો અધ્યવસાય નથી, તેવી વ્યક્તિની હિંસાને હિંસા કહી શકાય નહિ, તેનું નિરાકરણ કરતાં કહે છે -

**અનુવાદ :-**

**मनथी.....ते न घटइं,** - મનથી બંધ અને મનથી જ મોક્ષ કહેતાં યોગભેદથી પ્રાયશ્ચિત્તભેદ કહ્યો છે તે ઘટે નહિ.

**ભાવાર્થ :-**

કોઈ વ્યક્તિ મનથી હિંસા કરે તેને હિંસા પ્રત્યે એક યોગ છે, અને જે વ્યક્તિ મનથી અને કાયાથી હિંસા કરે છે, તેને હિંસા પ્રત્યે બે યોગો છે. તેથી ફક્ત મનથી હિંસા કરનારની અપેક્ષાએ મન અને કાયાથી હિંસા કરનારને અધિક પ્રાયશ્ચિત્ત આવે છે, તે એકાંતે મનથી જ બંધ-મોક્ષ કહેતાં સંગત થાય નહિ. માટે મનથી બંધ છે, અને કાયાની ક્રિયા બંધ પ્રત્યે સર્વથા અકિંચિત્કર છે, એમ કહેવું તે સંગત નથી. માટે એકાંતે મનથી બંધ અને મનથી જ મોક્ષ એ પ્રકારનું બૌદ્ધનું વચન પ્રમાણભૂત નથી, કેમ કે પ્રાયશ્ચિત્તના ભેદને કહેનાર એવા વ્યવહારનો લોપ કરનાર તે વચન છે.

**ઉત્થાન :-**

અહીં બૌદ્ધ કહે કે મન અને કાયાથી હિંસા કરનાર કરતાં પ્રશંસા કરનારને જે પ્રાયશ્ચિત્તનો ભેદ શાસ્ત્રમાં કહ્યો છે તે મનના ભેદને કારણે છે, પરંતુ કાયયોગના ભેદને કારણે નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આશય એ છે કે જે વ્યક્તિ કાયાથી હિંસા કરે છે, તે વ્યક્તિના મનનો અધ્યવસાય વધારે ક્લિષ્ટ છે; અને જે વ્યક્તિ ફક્ત અનુમોદના કરે છે કાયાથી હિંસા કરતી નથી, તેનો અધ્યવસાય કાયાથી હિંસા કરનાર કરતાં ઓછા ક્લેશવાળો છે. તેથી પ્રાયશ્ચિત્તમાં ભેદ હિંસાના અધ્યવસાયના ભેદને કારણે જ છે, પરંતુ હિંસા પ્રત્યે કાયાની ક્રિયાં તો અકિંચિત્કર છે. તેથી જેને મારવાનો અધ્યવસાય નથી, ફક્ત કાયાની ક્રિયા છે તે નિષ્ફળ છે. તેનું નિરાકરણ કરતાં કહે છે -

**અનુવાદ :-**

**निमित्तभेद.....लोप थाइं ।।२५।।** - નિમિત્તભેદ વગર મનસ્કારભેદ હોય તો સર્વ વ્યવસ્થાનો લોપ થાય.

**ભાવાર્થ :-**

જે વ્યક્તિ હિંસા કરે છે તે વ્યક્તિને કાયયોગનું નિમિત્ત ભળવાને કારણે ક્લિષ્ટ અધ્યવસાય થાય છે, અને જે વ્યક્તિ હિંસાની પ્રશંસા કરે છે તે વ્યક્તિની કાયાની ક્રિયા તેમાં નહિ ભળેલી હોવાના કારણે અધ્યવસાયનો ભેદ થાય છે. તેથી એ ફલિત થાય કે, નિમિત્તનો ભેદ અધ્યવસાયના ભેદ પ્રત્યે કારણ છે, અને તેમ ન માનીએ તો શાસ્ત્રમાં પ્રાયશ્ચિત્ત આદિની વ્યવસ્થા કે બાહ્ય આચરણાદિની વ્યવસ્થા છે, તે સર્વ લોપાય. કેમ કે બાહ્ય આચરણા તો કાયચેષ્ટા છે અને મનથી જ મોક્ષ થઈ શકે છે, તેથી મોક્ષસાધના માટે બાહ્ય ક્રિયાની આવશ્યકતા નથી તેમ માનવાની આપત્તિ આવે. **॥૨૫॥**

**ચોપઈ :-**

**खलपिंडीनइं माणस जाणि, पचइ तेहनइ गुणनी हाणि ।**
**नरनिं खल जाणइ नवि दोष, कहिओ बुद्धनिं तेहथी पोष ।।२६।।**

**ગાથાર્થ :-**

ખલપિંડીને=ખાદ્ય પદાર્થને માણસ જાણીને પકાવે તેને ગુણની હાનિ=ગુણનો નાશ, થાય છે, મનુષ્યને ખલ=ખલપિંડી, જાણીને (કોઈ પકાવે તો) દોષ કહ્યો નથી, બુદ્ધને તેનાથી (પારણું કરાવીને) પોષણ કરાવાય છે. **॥૨૬॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બાલાવબોધ :-**

**मनःपरिणाम पणि आज्ञायोगइं ज प्रमाण छइ। तुम्हे इम कहो छो 'जे खलपिंडीनइं माणस जाणीनइ कोइ पचइ तेहनइं घणी हाणी होइं, जेमाटिं मनुष्य हणवानो भाव थयो, नरनइं खलपिंडी जाण्यइ थकइ जो कोइ पचइ तो दोष नथी, जेमाटिं तिहां मनुष्य हणवानो अध्यवसाय नथी, ते पिंड परिणामशुद्ध थयो, तेणइ करी बुद्धनइं पारणुं करावीइ पोषिइ तो सूझइ, उक्तं च -**

पुरिसं च विद्धूण कुमारगं वा सूलम्मि केई पयई जायतेए ।
पिन्नागपिंडं सइमारुहित्ता बुद्धाण तं कप्पइ पारणाए ।।

(सूयगड-सुय-२, अ-६, २८) ।।**२६**।।

**ઉત્થાન :-**

અહીં ટબાના પ્રારંભમાં મનઃપરિણામ પણ આજ્ઞાયોગે જ પ્રમાણ છે, તેમ કહ્યું, એ કથન મૂળ ગાથા સાથે કોઇ સંબંધવાળું દેખાતું નથી; અને સામાન્યથી જોતાં આ વચન અહીં કેમ આવ્યું ? એવી શંકા થાય. પરંતુ ગાથા-૨૫ ના કથન પછી બૌદ્ધ તરફથી કોઈ શંકાના ઉદ્‌ભાવનની સંભાવના રાખીને તેના જવાબરૂપે આ કથન છે. તે આ રીતે -

ગાથા-૨૫ માં કહ્યું કે, અમે અસંચિત્યકૃતકર્મવૈફલ્યવાદી=વિચાર્યા વગર કરાયેલું કર્મ નિષ્ફળ જાય છે, એમ કહેનારા છીએ; અને મૃગને મારવાનો અધ્યવસાય શિકારીને છે, પરંતુ બૌદ્ધને નથી; માટે શિકારીને હિંસક કહી શકાય, બૌદ્ધને નહિ. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારે સ્થાપન કર્યું કે, આ રીતે હિંસાના અધ્યવસાય વગર કરાયેલી હિંસાને વિફળ સ્વીકારશો તો હિંસા કરનાર અને હિંસાની પ્રશંસા કરનાર બંનેને સમાન માનવાનો દોષ આવશે, અને મન, વચન અને કાયાના યોગોના ભેદથી પ્રાયશ્ચિત્તનો ભેદ શાસ્ત્રમાં કહ્યો છે તે સંગત થશે નહિ. માટે મારવાના અધ્યવસાય વગર કરાયેલી હિંસાને વિફળ માની શકાય નહિ. ત્યાં બૌદ્ધ કહે કે, તમારા મત પ્રમાણે પણ સાધુ નદી ઊતરે છે, ત્યાં પાણીના જીવોની હિંસા હોવા છતાં તમે સાધુને અહિંસક માનો છો, અને સાધુના યતનાપૂર્વકના ગમનથી તે જીવ મરી જાય તો પણ સાધુને હિંસાથી કર્મબંધ માનતા નથી, અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવળીના ગમનમાં કોઈ પંચેન્દ્રિય જીવનો વધ થાય તો પણ કેવળીને હિંસાકૃત કર્મબંધ માનતા નથી, તેથી અધ્યવસાય વગરની હિંસાને તમે પણ વિફળ કહો છો, તો એ રીતે અમે કહીએ તો શું વાંધો ? તેના સમાધાનરૂપે ગ્રંથકાર કહે છે -

**અનુવાદ :-**

**मनःपरिणाम.....प्रमाण छइ ।** - મનઃપરિણામ પણ આજ્ઞાયોગે જ પ્રમાણ છે.

**ભાવાર્થ :-**

ગ્રંથકારને એ કહેવું છે કે, ભગવાનની આજ્ઞા પ્રમાણે અપ્રમાદભાવથી યત્ન કરનાર મુનિના કાયયોગથી કોઇ હિંસા થાય ત્યાં હિંસાકૃત કર્મબંધ થતો નથી, તેનું કારણ તેઓમાં વર્તતો આજ્ઞાયોગ છે. તેથી જ આજ્ઞાપાલનના અધ્યવસાયને કારણે મુનિથી જે કાંઈ હિંસા થાય છે તે અશક્ય પરિહારરૂપ છે, માટે ત્યાં કર્મબંધ થતો નથી. અને કેવલી પણ જ્યારે ગમનાદિ કરતા હોય ત્યારે સ્વપ્રયત્નથી શક્ય સર્વયત્નથી જીવરક્ષા માટે યત્ન કરે જ છે; આમ છતાં, જે પંચેન્દ્રિય જીવનો વધ થાય છે તે અશક્ય પરિહારરૂપ છે, માટે ત્યાં પણ આજ્ઞાયોગથી જ કેવલીની પ્રવૃત્તિ છે. તેથી તેમના અહિંસાના અધ્યવસાયને કારણે હિંસાકૃત કર્મબંધ થતો નથી. જ્યારે બૌદ્ધ તો કહે છે કે માણસને ખલપિંડ=ખાદ્ય પદાર્થ જાણીને જ્યારે પકવે છે, ત્યારે પણ ત્યાં કર્મબંધ થતો નથી. પરંતુ ત્યાં તેનો પ્રમાદ જ કારણ છે કે જેથી આ માણસ છે કે ખલપિંડ છે, તે જાણવા માટે યત્ન કર્યા વગર તે પકવવાની ક્રિયા કરે છે. તેથી ત્યાં જીવની હિંસાના પરિહાર માટેનો યત્ન કરવા રૂપ આજ્ઞાયોગ નથી. માટે તેવી હિંસાને 'મારવાનો અધ્યવસાય નથી માટે કર્મબંધનું કારણ નથી' તેમ કહેવું તે સર્વથા અનુચિત છે.

અને તે જ વાત આગળના બૌદ્ધના કથનથી સ્પષ્ટ કરતાં કહે છે -

**અનુવાદ :-**

**तुम्हे.....तो सूझइ ।** જો તમે એમ કહો કે ખલપિંડને માણસ જાણીને કોઈ પકવે તો તેને ઘણો કર્મબંધ થાય છે, કારણ કે મનુષ્યને હણવાનો ત્યાં ભાવ છે; જ્યારે મનુષ્યને ખલપિંડ જાણીને પકવે તો કોઈ દોષ નથી, કારણ કે ત્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનુષ્યને મારવાનો અધ્યવસાય નથી; તેથી તે પિંડનો પરિણામ શુદ્ધ થયો, અને તેનાથી બુદ્ધને પારણું કોઈ કરાવીને પોષે તો સૂઝે=કલ્પે.

**उक्तं च.....॥२६॥** અને કહ્યું છે કે - શોભન એવો પિન્નાગપિંડ= ખલપિંડ છે, એમ માનીને કેટલાક પુરુષને અથવા તો કુમારને શૂલમાં વીંધીને અગ્નિમાં આરોહણ કરીને પકવે છે, તે બુદ્ધને પારણામાં કલ્પે છે. **॥૨૭॥**

**ભાવાર્થ :-**

ખલપિંડ ઉપર વસ્ત્ર ઢાંકેલું હોય તેને જોઈને કોઈ વ્યક્તિ એમ માને કે આ પુરુષ છે માટે તેને પકવીને હું માંસ ખાઉં, એવા આશયથી એ ખલપિંડને અગ્નિમાં પકવે તો તેને મનુષ્યને હણવાનો પરિણામ છે, તેથી તેવા સ્થાનમાં બૌદ્ધમત પ્રમાણે હિંસાનું પાપ લાગે છે.

કોઈ વ્યક્તિ ખલપિંડ જાણીને મનુષ્યને પકવે છે તે વાત કઈ રીતે સંભવે ? તે શંકા થાય. તેનો આશય એ છે કે ખલપિંડ શબ્દથી કોઈ ખાદ્ય પદાર્થ ગ્રહણ કરવાનો છે. કોઈકને ત્યાં મોટા પ્રમાણમાં કોઈ ખાદ્ય પદાર્થ રંધાતો હોય ત્યારે, કોઈ મનુષ્ય કે બાળક ત્યાં મૂર્છિત થઈને પડી ગયો હોય, અને ત્યાં અંધારું આદિ હોવાને કારણે ખલપિંડના જથ્થામાં મનુષ્ય કે બાળક દેખાય નહિ એ રીતે પડેલો હોય, અને ખલપિંડને પકવવા માટે અગ્નિ ઉપર રહેલા ભાજનમાં નાંખવા માટે કોઈ વ્યક્તિ સોયાવાળા સાધનોથી તેને લઈ લઈને નાંખતો હોય ત્યારે, આ મનુષ્ય છે, તેવો બોધ ન થવાને કારણે, તે સોયાથી મનુષ્યને પકડીને ભાજનમાં નાંખીને પકાવે, ત્યાં મનુષ્ય મારવાનો અધ્યવસાય નથી; તેથી તે રાંધનારને હિંસાકૃત કર્મબંધ નથી. અને તે માંસના પિંડરૂપ હોવા છતાં તે પિંડ મારવાના અધ્યવસાય વગર બનેલો હોવાથી અશુદ્ધ નથી. તેથી તે પિંડથી કોઈ બુદ્ધને પારણું કરાવે તો તે બૌદ્ધ સાધુને ગ્રહણ કરવું કલ્પે, એ પ્રકારે બૌદ્ધ અનુયાયી માને છે. **॥૨૭॥**

**અવતરણિકા :-**

બોકડાના માંસથી સંઘભક્તિ કરવામાં દોષ નથી, એમ કહેનાર બૌદ્ધમતનું નિરાકરણ કરીને, મનઃપરિણામ આજ્ઞાયોગથી પ્રમાણ છે, સ્વમતિ પ્રમાણ નથી, તે સ્થાપન કરતાં કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોપઈ :-**

**संघभगति अजमांसि करो, दोष नहीं तिहां इम उच्चरो ।**
**ए मोटो छइ तुम्ह अज्ञान, जोयो बीजुं अंग प्रधान ।।२७।।**

**ગાથાર્થ :-**

**ગ્રંથકાર બૌદ્ધને કહે છે કે બોકડાના માંસથી સંઘભક્તિ કરો છો અને ત્યાં દોષ નથી એમ મુખે ઉચ્ચરો છો, એ તમારું મોટું અજ્ઞાન છે. પ્રધાન એવા સૂયગડાંગ નામના બીજા અંગને જુઓ. ॥૨૭॥**

**બાલાવબોધ :-**

**तथा बोकडानइं मांसइं संघभक्ति करो छो अनइं 'तिहां दोष नहीं' इम मुखि उच्चरो छो, ए मोटुं तुम्हारुं अज्ञान छइं, सूयगडांगसूत्र विचारी जोयो यतः -**

थूलं उरब्भं इह मारिआणं उद्दिट्ठभत्तं च पकप्पइत्ता ।
तं लोण-तेल्लेण उवक्खडित्ता सपिप्पलीयं पकरिंति मंसं ।।

तं भुज्जमाणा पिसिअं पभूयं ण ओवलिप्पामु वयं रएणं ।
इच्चेवमाहंसु अणज्जधम्मा अणायरिया पावरसेसु गिद्धा ।।

(सूयगड-सुय-२, अ-६, गा. ३७-३८)

**इत्यादि। इम तो मातानइं स्त्रीकरी सेवतां पणि दोष न लागो जोइइ, मंडलतंत्रवादी तो अगम्यागमनइं पणि दोष नथी कहता, ए सर्व ज्ञान व्यवहारलोपक मिथ्यात्व छइ ।।२७।।**

**અનુવાદ :-**

**तथा.....विचारी जोयो ।** ગ્રંથકાર બૌદ્ધને કહે છે કે, બોકડાના માંસથી સંઘભક્તિ કરો છો અને ત્યાં દોષ નથી એમ મુખે ઉચ્ચરો છો, એ તમારું મોટું અજ્ઞાન છે. સૂયગડાંગ સૂત્રને તમે વિચારી જુઓ.

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષી એવા બૌદ્ધનો આશય એ છે કે, કોઈ વ્યક્તિ ખાવાની વૃત્તિથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માંસ ભક્ષણ કરે તો દોષ થાય, પરંતુ સંઘની ભક્તિ કરવાના આશયથી બોકડાને મારીને તેના માંસથી સંઘભક્તિ કરે ત્યાં ચિત્તની શુદ્ધિ હોવાથી દોષ નથી. તેને ગ્રંથકાર કહે છે -

સંઘભક્તિના ઉદ્દેશમાત્રથી મનઃપરિણામ શુદ્ધ છે તેમ કહી શકાય નહિ, પરંતુ આજ્ઞાયોગથી જ મનઃપરિણામ પ્રમાણભૂત છે; અને એ વાત ગાથા-૨૬ ની ટીકાના પ્રારંભમાં બતાવેલ છે. અને સર્વજ્ઞની આજ્ઞાનિરપેક્ષ પોતાના મનથી સંઘભક્તિ અર્થે માંસથી ભક્તિ કરવામાં દોષ નથી એમ કહ્યું, તે તમારું મોટું અજ્ઞાન છે.

**અનુવાદ :-**

**यतः** - જે કારણથી સૂયગડાંગ સૂત્રની સાક્ષી આપીને કહે છે -

**थूलं.....पकरिंति मंसं ।।** = અહીં=શાક્ય શાસનમાં=બૌદ્ધમતમાં, સ્થૂલ એવા બોકડાને ભિક્ષુસંઘના ઉદ્દેશથી મારીને, (તે પ્રકારે) ઉદ્દિષ્ટ એવા ભોજનને પ્રકલ્પન કરીને=ભિક્ષુકસંઘની ભક્તિ અર્થે ઉદ્દિષ્ટ એવા ભોજનનું પ્રકલ્પન કરીને, અથવા તો ભિક્ષુસંઘ માટે ઉદ્દિષ્ટ એવા બોકડાના શરીરના માંસના ટુકડા કરીને, તેને=તે બોકડાના માંસને, લવણ અને તેલ વડે ઉપસ્કાર કરીને=રાંધીને, મરી-મસાલા આદિ બીજા સંસ્કારક દ્રવ્યથી યુક્ત કરીને પ્રકર્ષથી ભક્ષણ યોગ્ય કરે છે.

સંસ્કાર કરીને જે કરે છે તે બતાવતા માટે કહે છે -

**तं भुज्जमाणा.....इत्यादि ।** તે=શુક્ર-શોણિતથી પેદા થયેલ તે માંસને, અનાર્યોની જેમ ખાતા (પણ) અમે પાપકર્મથી લેપાતા નથી, એ પ્રમાણે ધિટ્ઠાઇવાળા તેઓ બોલે છે. અનાર્યોની જેમ ધર્મવાળા=સ્વભાવવાળા, અનાર્યો બાળની જેમ અર્થાત્ વિવેકરહિત હોવાથી બાળની જેમ, રસમાં=માંસાદિકમાં, ગૃદ્ધ=આસક્ત છે. ઈત્યાદિ કથન છે.

● અહીં સૂયગડાંગના ટબામાં **अणायरिआ** પાઠ છે, ત્યાં સૂયગડાંગ સૂત્રમાં '**अणारिया**' પાઠ છે. અને '**पावरसेसु**' પાઠ છે, ત્યાં '**बाल रसेसु**' એ પ્રમાણે પાઠ છે. તે મુજબ અહીં અર્થ કરેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્થાન :-**

આ રીતે સૂયગડાંગ સૂત્રની સાક્ષી આપ્યા પછી યુક્તિથી પણ બૌદ્ધનું તે કથન ઉચિત નથી તે બતાવતાં કહે છે -

**અનુવાદ :-**

**इम तो.....लागो जोइइ ।** આ રીતે=કોઈ વ્યક્તિ મનુષ્યને ખલપિંડ માનીને રાંધે તો તેને કર્મબંધ થતો નથી એ રીતે, કોઈ માતાને સ્ત્રી કરીને સેવે તો દોષ લાગવો જોઈએ નહિ.

**ઉત્થાન :-**

આ રીતે બૌદ્ધને આપત્તિ આપીને ગ્રંથકારને તેમને એ બતાવવું છે કે, તમારી વાત મંડલતંત્રવાદીના જેવી અનુચિત છે, અને એ બતાવવા અર્થે કહે છે -

**અનુવાદ :-**

**मंडलतंत्रवादी.....नथी कहता ।** - મંડલતંત્રવાદી તો અગમ્ય એવી માતાના ગમનમાં પણ દોષ કહેતા નથી, તેમ તમે પણ માતાને સેવવામાં દોષ માનો છો, તો પણ સ્ત્રી કરીને સેવીએ તો દોષ નથી તેમ માનો છો, તે મંડલતંત્રવાદી જેવી તમારી અનુચિત વાત છે.

**ए सर्व.....मिथ्यात्व छइ ।।२७।।** - આ સર્વ જ્ઞાન=બૌદ્ધ જે મનુષ્યને ખલપિંડ જાણીને પકવે છે, તેમાં દોષ નથી તેમ કહે છે તે જ્ઞાન; અને મંડલતંત્રવાદી અગમ્ય એવી માતાને સેવવામાં દોષ નથી એમ કહે છે, એ સર્વ જ્ઞાન, વ્યવહારલોપક હોવાથી મિથ્યાત્વ છે. **॥૨૭॥**

**ભાવાર્થ :-**

બૌદ્ધ જેને જ્ઞાન કહે છે એવા જ્ઞાનથી અવશ્ય કર્મબંધ થાય છે, કેમ કે ત્યાં મિથ્યાજ્ઞાન છે, અને ભગવાનની આજ્ઞા પ્રમાણે મુનિ સમ્યગ્ યત્ન કરતો હોય અને કોઈ જીવની હિંસા થાય તો અપ્રમત્તમુનિને કર્મબંધ થતો નથી, તેનું કારણ ત્યાં આજ્ઞાયોગ છે; અને તે સમ્યગ્ જ્ઞાનરૂપ છે. સમ્યગ્ જ્ઞાનપૂર્વકની પ્રવૃત્તિ હોવાથી ત્યાં કર્મબંધ થતો નથી. જ્યારે બૌદ્ધમત પ્રમાણે અસંચિંત્યકૃતકર્મના=

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચાર્યા વગર કરાયેલ કર્મના, વૈફલ્યને કહેનારા સ્થાનમાં જે પ્રવૃત્તિ છે તે મિથ્યાજ્ઞાનપૂર્વકની પ્રવૃત્તિ છે; કેમ કે તેવા સ્થાનમાં જીવરક્ષા માટેનો કોઈ સમ્યગ્ યત્ન નથી, તેથી જ અવિચારકની જેમ પુરુષને ખલપિંડ માનીને તેઓ અગ્નિમાં પકવે છે. માટે મિથ્યાજ્ઞાનપૂર્વકની પ્રવૃત્તિથી અવશ્ય કર્મબંધ થાય છે.

આ રીતે બોકડાના માંસથી સંઘભક્તિ કરે છે ત્યાં દોષ નથી એમ કહે છે, ત્યાં પણ મિથ્યાજ્ઞાનપૂર્વકની પ્રવૃત્તિ હોવાથી કર્મબંધ થાય છે. **॥૨૭॥**

**અવતરણિકા :-**

ગાથા-૨૬/૨૭માં બૌદ્ધે સ્થાપન કર્યું કે, મનુષ્યને ખલપિંડ=ખાદ્ય પદાર્થ માનીને હિંસા કરે કે બોકડાના માંસથી સંઘભક્તિ કરે ત્યાં હિંસા નથી. ગ્રંથકાર તેનું નિરાકરણ કરે છે, અને હવે વાસ્તવિક હિંસા પદાર્થ શું છે તે બતાવીને, તે હિંસા બૌદ્ધના મતમાં ઘટી શકતી નથી, તે બતાવવા માટે કહે છે -

**ચોપઈ :-**

**हणइ जे परयाय असेस, दुष ऊपावुं नइं संक्लेश ।**
**एह त्रिविध हिंसा जिनकथी, परशासनि न घटइ मूलथी ।।२८।।**

**ગાથાર્થ :-**

**(૧) અશેષ પર્યાયનો નાશ કરવો=જીવને મારી નાંખવો, (૨) જીવને દુઃખ ઉપજાવવું, અને (૩) મારવાના અધ્યવસાય કરવારૂપ સંક્લેશ કરવો, એ ત્રણ પ્રકારની હિંસા ભગવાને કહી છે; અને તે પરશાસનમાં=બૌદ્ધશાસનમાં, મૂળથી ઘટતી નથી. ॥૨૮॥**

**બાલાવબોધ :-**

जिन श्रीवीतराग देव तेणइं कही हिंसा ३ प्रकारइ छइं- एक मृगादिपर्याय ध्वंस करीइं, बीजुं तेहनइं दुष ऊपजाववुं, त्रीजुं मनमांहिं संक्लेश कहितां मारवानो भाव, तेहनुं धरवुं । ए त्रिविध हिंसा, एकांत नित्य एकांत अनित्य आत्मा मानइं छइं ते परशासनीनइं मूलथी न घटइं । मृग मरीनइं मृग ज थयो तिहां विसदृश क्षणनो आरंभ किहां छइं ? संतानैक्यनी अपेक्षाइं व्यक्तिवैसदृश्य कहतां तो द्रव्यैक्य ज आवइ, इत्यादि विचारवुं ।।२८।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**जिन.....मूलथी न घटइं ।** - જિનેશ્વર વીતરાગદેવે કહેલી હિંસા ત્રણ પ્રકારની છે (૧) મૃગાદિ પર્યાયનો ધ્વંસ કરવો=મૃગને હણવો, (૨) તેહને=મૃગને, દુઃખ ઉપજાવવું, અને (૩) મનમાં સંક્લેશ કરવો=મૃગને મારવાનો ભાવ કરવો. આ ત્રણ પ્રકારની હિંસા, જેઓ આત્માને એકાંતે નિત્ય કે એકાંતે અનિત્ય માને છે, તે પરશાસનીને=અન્યદર્શનકારોને, મૂળથી ઘટતી નથી.

**ઉત્થાન :-**

અહીં કોઈ પૂર્વપક્ષી કહે કે, મૃગ મરીને અન્ય ભવમાં જાય છે ત્યારે વિસદૃશ પર્યાય થાય છે, અને વિસદૃશ પર્યાયનો જનક તે હિંસક છે, તેમ માનીએ તો એકાંત ક્ષણિકવાદમાં પણ હિંસાની સંગતિ થાય છે. તેથી કહે છે -

**અનુવાદ :-**

**मृग मरीनइं.....आरंभ किहां छइं ?** - મૃગ મરીને મૃગ જ થાય ત્યાં વિસદૃશ ક્ષણનો આરંભ ક્યાં છે ? માટે તેવા સ્થાનમાં હિંસા કરનારને બૌદ્ધ હિંસક કહી શકશે નહિ.

**ઉત્થાન :-**

અહીં બૌદ્ધ કહે કે મૃગ મરીને મૃગ થાય છે ત્યાં પણ મૃગરૂપ વ્યક્તિનું વૈસદૃશ્ય અવશ્ય પ્રાપ્ત થાય છે. તેથી વ્યક્તિના વૈસદૃશ્યના જનક એવા શિકારીને હિંસક કહી શકાશે. તેને ગ્રંથકાર કહે છે -

**અનુવાદ :-**

**संतानैक्यनी.....विचारवुं ।।२८।।** - સંતાનઐક્યની અપેક્ષાએ વ્યક્તિ વૈસદૃશ્ય સ્વીકારીને હિંસા કહેવામાં આવે તો દ્રવ્યઐક્ય જ પ્રાપ્ત થાય, અને તેમ સ્વીકારીએ તો પદાર્થ એકાંતે ક્ષણિક છે, તેમ માની શકાય નહિ. **॥૨૮॥**

**ભાવાર્થ :-**

શિકારી જ્યારે મૃગને મારે છે ત્યારે, તે મૃગ મરીને ફરી મૃગ થાય ત્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વની મૃગરૂપ વ્યક્તિનું વૈસદૃશ્ય દેખાય છે,=પૂર્વના મૃગ કરતાં આ વિસદૃશ મૃગ છે તેમ દેખાય છે, તો પણ આ ભવમાં જે મૃગમાં હતો તેનું જ તે વિસદૃશ એવું મૃગનું સંતાન આ છે તેમ માનીએ તો, આ ભવનો મૃગ અને પરભવનો મૃગ તે બે વચ્ચે કોઈક એક અનુગત દ્રવ્ય છે તે જ સ્વીકૃત થાય છે. અને તેમ માનવામાં આવે તો પદાર્થ ક્ષણિક છે તેમ માની શકાય નહિ, પરંતુ દ્રવ્યરૂપે નિત્ય છે અને પર્યાયરૂપે ક્ષણિક છે, તેમ સિદ્ધ થાય છે. **॥૨૮॥**

**અવતરણિકા :-**

બૌદ્ધ ક્ષણભંગને સ્થાપે છે, અને તે મત સંગત નથી તેમ પૂર્વમાં સ્થાપન કર્યું, હવે તે જ કથનનું નિગમન કરતાં કહે છે -

**ચોપઈ :-**

**निश्चयथी साधइ क्षणभंग, तो न रहइ व्यवहारइं रंग।**
**नव सांधइ नइं त्रूटइं तेर, एसी बौद्धतणी नव मेर।।२९।।**

**ગાથાર્થ :-**

**ઋજુસૂત્રનયરૂપ નિશ્ચયનયથી ક્ષણભંગ બૌદ્ધ સાધે છે, તો વ્યવહારનો= વ્યવહારનયનો, રંગ રહેતો નથી. આ રીતે નવ સાંધતાં તેર ત્રૂટે એ પ્રકારની પ્રાપ્તિ થવાથી બૌદ્ધમતમાં મર્યાદા નથી. ॥૨૯॥**

● નિશ્ચયનય=સૂક્ષ્મ જોનાર દૃષ્ટિ. અને ઋજુસૂત્રનય સ્થિર દેખાતા પણ ઘટને પ્રતિક્ષણ પરિવર્તનશીલ જુએ છે, જે સૂક્ષ્મદૃષ્ટિ છે. તેથી ઋજુસૂત્રનય એ નિશ્ચયનય છે.

**બાલાવબોધ :-**

निश्चय जे ऋजुसूत्रनय ते लेईनइं क्षणभंग साधइ छइ, ति व्यवहारे जे बंधमोक्षप्रत्यभिज्ञानप्रमुख तेणइं रंग न रहै, इम बौद्धनी मर्यादामांहिं 'नव सांधइं नइ तेर त्रूटइं' ए ऊषाणो आवइ छइ, निश्चय-व्यवहार उभय सत्य ते स्याद्वादी ज साधी सकइं ।।२९।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**निश्चय.....रंग न रहै ।** - ઋજુસૂત્રરૂપ નિશ્ચયનય છે, તેને એકાંતે લઈને બૌદ્ધ ક્ષણભંગ સાધે છે તેથી, વ્યવહારનય પ્રમાણે જે બંધ-મોક્ષની પ્રત્યભિજ્ઞાન પ્રમુખ થાય છે તે ઘટતું નથી. આશય એ છે કે જે બંધાયો છે તે જ સાધના દ્વારા મોક્ષ પામ્યો, એ પ્રકારની પ્રત્યભિજ્ઞા થાય છે તે ઘટતી નથી. અને **'प्रमुख'** શબ્દથી અન્ય પણ જે વ્યવહારનય માને છે કે આણે હિંસા કરી, આણે અહિંસા કરી. તે સર્વ ઘટતું નથી.

**इम.....साधी सकइं ।।२९।।** - આમ, બૌદ્ધની મર્યાદામાં નવ સાંધતાં તેર ત્રૂટે એ ઉખાણાની પ્રાપ્તિ થાય છે. નિશ્ચય-વ્યવહાર ઉભયથી સત્ય તે સ્યાદ્વાદી જ સાધી શકે છે. **॥૨૯॥**

**ભાવાર્થ :-**

સ્યાદ્વાદી સ્વ-સ્વસ્થાને નિશ્ચય અને વ્યવહાર ઉભયથી સત્ય છે તેને માને છે, તેથી સ્યાદ્વાદીના મત પ્રમાણે ક્ષણભંગ સંગત થાય છે, અને જે બંધાયો તે મુક્ત થાય છે તે વાત પણ સંગત થાય છે, અને હિંસા-અહિંસા અને યોગમાર્ગ પણ સંગત થાય છે.

**વિશેષાર્થ :-**

સ્યાદ્વાદીના મતે દરેક નયો સ્વ-સ્વસ્થાનમાં યથાર્થ જોડાયા હોય તો દરેક કથનો સંગત થાય છે, અને તે નયોનું યથાર્થ જોડાણ સર્વજ્ઞના વચનાનુસાર જ સંભવે. તેથી બોધની અલ્પતાને કારણે કે અવિચારકતાને કારણે, સ્વરુચિ અનુસાર દરેક નયોને માનનાર પણ તે નયની મર્યાદાથી અધિક સ્થાનમાં જઈને એ કથન કરે તો મિથ્યા થાય, અને સ્વસ્થાનમાં પણ સ્વસ્થાનની મર્યાદાથી અલ્પમાં તે નયનું કથન કરે તો મિથ્યા થાય. આથી જ સર્વ નયો પ્રત્યે મધ્યસ્થતા રાખીને ઉચિત રીતે નયોને જોડનાર એવા ગીતાર્થ પુરુષોથી સર્વનયોનું સમ્યગ્ યોજન સંભવે, અને તે ન થાય તો જેમ એકાંતવાદમાં નવ સાંધતાં તેર તૂટે છે, તેમ સ્વમતિ-અનુસારે સ્યાદ્વાદીના મતમાં પણ પ્રાપ્ત થાય. **॥૨૯॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

પૂર્વમાં ગાથા-૧૮ માં કહેલ કે, આત્માને નિત્ય માનીએ તો તેના ઉપર સ્નેહ થાય, તેથી સુખનો રાગ અને દુઃખનો દ્વેષ થાય, માટે આત્માને ક્ષણિક માનવો ઉચિત છે, તેનું નિરાકરણ કરતાં કહે છે -

**ચોપઈ :-**

**नित्यपणाथी नहीं ध्रुव राग, समभाविं तेहनो नवि लाग ।**
**नित्यपणइ फलहेतुसंबंध, नहि तो चालइ अंधोअंध ।।३०।।**

**ગાથાર્થ :-**

**નિત્યપણાથી ધ્રુવ રાગ નથી, (ઊલટું) નિત્યપણે ફલહેતુનો=ફલનો હેતુની સાથે, સંબંધ છે. નહિ તો=નિત્યપણું ન માનીએ તો, યોગમાર્ગમાં આંધળો આંધળાની પાછળ ચાલે છે તેમ માનવું પડે. ॥૩૦॥**

**બાલાવબોધ :-**

**आत्मानइं नित्य मानिइं ते माटइं ध्रुव-निश्चय राग नथी, राग-द्वेष ते मनःसंकल्परूप छइं, आत्मज्ञानी निर्विकल्पस्वभाव समत्ताभावमांहिं आवइं तिवारइ रागवासनानो लाग नथी, साम्यसंस्कार ते रागसंस्कारविरोधी छइं । आत्मानइं नित्यपणुं मानिइं तो फल मोक्ष अनइं हेतु आत्मज्ञान-चारित्रप्रमुख तेहनो एक द्रव्यसंबंध संभवइं, नहिं तो बंध-मोक्षक्षणना संबंध विना सर्वत्र प्रवृत्ति अंधपरंपराइं थाइं ।।३०।।**

**અનુવાદ :-**

**आत्मानइं.....रागसंस्कारविरोधी छइं ।** - આત્માને નિત્ય માનીએ તો નક્કી રાગ થાય તેવું નથી, (કેમ કે) રાગ-દ્વેષ તે મનના સંકલ્પરૂપ છે, અને જે આત્મજ્ઞાની નિર્વિકલ્પ સ્વભાવરૂપ સમતાભાવમાં આવે, તે વખતે રાગવાસનાનો લાગ=અવકાશ, નથી; અને સામ્યસંસ્કાર તે રાગસંસ્કારના વિરોધી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

આત્માને નિત્ય માનીએ તો નક્કી રાગ થાય તેવું નથી. અર્થાત્ આત્માને નિત્ય માનવાથી રાગ થાય પણ ખરો અને ન પણ થાય, કેમ કે રાગ-દ્વેષ તે મનના સંકલ્પરૂપ છે. તેથી જે વ્યક્તિ આત્માને નિત્ય માને, અને આ પદાર્થો મારા આત્મા માટે સુખનાં સાધન છે અને આ પદાર્થો દુઃખનાં સાધન છે, એ પ્રકારનો સંકલ્પ કરે, તેને રાગ-દ્વેષ થાય.

વળી અન્ય જે આત્માને નિત્ય માને છે, અને આત્માનો નિર્વિકલ્પ સ્વભાવ જ સુખરૂપ છે, અન્ય પદાર્થો મારા સુખનાં કારણ નથી તેમ માને છે, તેને માત્ર નિર્વિકલ્પ સ્વભાવવાળા આત્મા પ્રત્યે જ રાગ થઈ શકે છે. અને તેના બળથી જે આત્મજ્ઞાની નિર્વિકલ્પ સ્વભાવરૂપ સમતાભાવમાં આવે, તેને રાગવાસનાનો અવકાશ નથી.

સ્યાદવાદીને જ્યારે મારો આત્મા નિત્ય છે તેવું જ્ઞાન થાય, અને મારા આત્માનો નિર્વિકલ્પ સ્વભાવ છે એ જ તત્ત્વ છે, એવું જ્ઞાન થાય, ત્યારે તે આત્મજ્ઞાની સ્વપરાક્રમના બળથી નિર્વિકલ્પ સ્વભાવરૂપ સમતાભાવમાં આવે છે. તેથી જગતના તમામ પદાર્થોમાં તેને "આ મારા સુખનું સાધન છે કે આ મારા દુઃખનું સાધન છે" એ પ્રકારનો વિકલ્પ ઊઠતો નથી, પરંતુ વિકલ્પ વગરના એવા આત્મસ્વભાવમાં સુદૃઢ યત્ન કરવારૂપ ધ્યાનમાં જ યત્ન વર્તે છે. તેથી તે ધ્યાનના યત્નથી સમતામાં આવે છે, અને સમતાના પરિણામથી વિશેષ પ્રકારના ધ્યાનમાં યત્ન કરે છે, કે જેના બળથી પૂર્વ કરતાં અતિશયવાળી સમતા પ્રગટ થાય છે. આ રીતે ધ્યાન અને સમતાના ક્રમથી વીતરાગભાવરૂપ આત્મસ્વભાવ ક્રમે કરીને નિષ્ઠામાં વિશ્રાંત પામે છે. તેથી આત્માને નિત્ય માનવા છતાં પણ અપ્રમાદી એવા આત્મજ્ઞાનીને રાગનો અવકાશ નથી. તે જ વાતને સ્પષ્ટ કરતાં કહે છે -

સામ્યના સંસ્કાર રાગસંસ્કારના વિરોધી છે. આશય એ છે કે આત્મજ્ઞાની જ્યારે નિર્વિકલ્પ સ્વભાવમાં યત્ન કરે છે, ત્યારે સર્વ પદાર્થો પ્રત્યે સામ્યભાવ સ્ફુરણ થાય તેવો ધ્યાનમાં યત્ન તેને વર્તે છે, અને તે ધ્યાનકાળમાં આત્મા ઉપર સામ્યના સંસ્કાર પડે છે. અને પૂર્વમાં જ્યારે આત્મજ્ઞાન થયું ન હતું અને તેથી જ આત્માને નિત્ય માનીને બાહ્ય સાધનોમાં જીવે મનઃસંકલ્પ કરીને રાગસંસ્કારને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પેદા કરેલ, તે રાગસંસ્કારો સામ્યસંસ્કારના કારણે ક્રમે કરીને નાશ પામે છે. આથી જ આત્મજ્ઞાની પુરુષ જેમ જેમ સામ્યસંસ્કારોનો અતિશય કરે છે, તેમ તેમ રાગસંસ્કારો ક્ષીણ થતા જાય છે; અને જ્યારે સામ્યસંસ્કારો નિષ્ઠાને પામે છે, ત્યારે રાગસંસ્કારોનો સર્વથા નાશ થાય છે. અને રાગસંસ્કારોનો સર્વથા નાશ થવાથી તે આત્મજ્ઞાની પુરુષ સંપૂર્ણ રાગસંસ્કાર વગરનો થવાથી વીતરાગભાવને પામે છે.

**ઉત્થાન :-**

આ રીતે આત્માને નિત્ય માનવા છતાં પણ રાગ-દ્વેષનો અભાવ થઈ શકે છે, તે સ્થાપન કરીને, આત્માને નિત્ય ન માનીએ તો શું દોષ આવે તે બતાવતાં કહે છે -

**અનુવાદ :-**

**आत्मानइं.....अंधपरंपराइं थाइं ॥३०॥** - આત્માને નિત્ય માનીએ તો ફળ મોક્ષ અને તેનો હેતુ આત્મજ્ઞાન અને આત્મજ્ઞાન પ્રમાણે સંયમમાં યત્નરૂપ ચારિત્ર વગેરેનો એકદ્રવ્યસંબંધ સંભવે. એમ ન માનીએ તો બંધ-મોક્ષક્ષણના સંબંધ વગર સર્વત્ર પ્રવૃત્તિ અંધપરંપરાથી થાય. **॥૩૦॥**

**ભાવાર્થ :-**

આત્માને નિત્ય માનીએ તો મોક્ષરૂપ ફળ અને તેના હેતુભૂત આત્મજ્ઞાન અને આત્મજ્ઞાન પ્રમાણે સંયમમાં યત્નરૂપ ચારિત્ર વગેરેનો એકદ્રવ્યસંબંધ ઘટી શકે. અને આત્માને નિત્ય ન માનીએ તો અને ક્ષણિક માનીએ તો, બંધક્ષણ અને મોક્ષક્ષણનો એક દ્રવ્યના આધેયરૂપે સંબંધ થઈ શકે નહિ. અને તેવો સંબંધ ન હોય છતાં પદાર્થને ક્ષણિક માનીને જે યોગીઓ મોક્ષ માટે પ્રવૃત્તિ કરે છે, તે સર્વ પ્રવૃત્તિ અંધપરંપરારૂપ થાય; અને સંસારીજીવો જે ભવિષ્યના સુખ માટે યત્ન કરે છે તે સર્વ પ્રવૃત્તિ પણ અંધપરંપરા થાય. તેથી સર્વત્ર જે પ્રવૃત્તિ થાય છે તે આગામી સુખ માટે થાય છે, અને પદાર્થને ક્ષણિક માનવાથી આગામી સુખ માટે થનારી સર્વ પ્રવૃત્તિ અંધપરંપરારૂપ થાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિશેષાર્થ :-**

આત્માને નિત્ય માનવાથી સાધક આત્મા સાધના કરીને મોક્ષરૂપ ફળ મેળવે છે, કેમ કે તેને નિત્ય માનવાથી જ મોક્ષફળની પ્રાપ્તિનું કારણ જે આત્મજ્ઞાન અને આત્મજ્ઞાન થયા પછી તેને પ્રગટ કરવા માટે સુદઢ યત્નરૂપ ચારિત્ર તે જીવમાં પ્રગટ થાય છે. તેથી જેમાં સાધન પ્રગટ થયું તેમાં જ સાધ્ય પ્રાપ્તિ થાય છે, માટે ફળનો હેતુ સાથે સંબંધ આત્માને નિત્ય માનવાથી ઘટે છે. કેમ કે એક જ આત્મદ્રવ્યમાં સાધન પ્રગટ થયું અને તેનાથી સાધ્ય એવા મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ થઈ. આ પ્રમાણેનો સમ્યગ્ વ્યવહાર આત્માને નિત્ય માનવાથી સંભવે છે.

જો આત્માને એકાંતે ક્ષણિક માનો તો બંધક્ષણ અને મોક્ષક્ષણ એ બે વચ્ચે અનુગત કોઈ એક વ્યક્તિ-દ્રવ્ય નથી, તેથી વિચારકની મોક્ષ માટે પ્રવૃત્તિ સંભવે નહિ. પરંતુ એક અવિચારક એવા આંધળાએ પોતે ક્ષણિક છે તેમ જાણવા છતાં મોક્ષ માટે સાધના કરી, અને તે આંધળાની પ્રવૃત્તિ પાછળ બીજા જીવો પણ મોક્ષ માટે યત્ન કરતા થયા, તે સર્વ મોક્ષ માટેની પ્રવૃત્તિ અંધપરંપરારૂપ છે, તેમ માનવું પડે. **||૩૦||**

**અવતરણિકા :-**

અહીં બૌદ્ધ કહે કે આત્માને નિત્ય માનો તો રાગ અવશ્ય થશે, કેમ કે મારે મોક્ષ મેળવવો છે એવી ઈચ્છાથી જે કાંઈ પ્રવૃત્તિ આત્માને નિત્ય માનીને થાય છે તે રાગ વગર સંભવે નહિ, અને રાગ એ મોક્ષનું કારણ નથી. તેથી આત્માને નિત્ય માનવાથી રાગ થશે અને તે રાગને કારણે મોક્ષ માટે તે પ્રવૃત્તિ કરશે તો પણ મોક્ષ પામી શકશે નહિ, માટે આત્માને ક્ષણિક માનવો ઉચિત છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે -

**ચોપઈ :-**

**रयणतणी परिं थाइ विशुद्ध, नित्य आतमा केवल बुद्ध ।**
**राग विना नवि प्रथम प्रवृत्ति, तो किम उत्तर हुइ निवृत्ति ? ।।३१।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ :-**

**નિત્ય આત્મા કેવલજ્ઞાનથી બુદ્ધ થઈને રત્નની જેમ વિશુદ્ધ થાય. (અને) દુઃખક્ષયની પ્રથમ પ્રવૃત્તિ રાગ વગર થાય નહિ, તો ઉત્તરમાં દુઃખની નિવૃત્તિ કેમ થાય ? અર્થાત્ ન થાય. ॥૩૧॥**

**બાલાવબોધ :-**

**नित्य आत्मा मानिइं तिवारइं ज प्रथम अशुद्ध हुतो ते केवलज्ञानइं विबुद्ध थई शुद्ध थाइं, जिम रत्न पहिलां अशुद्ध होइ ते उपायथी पछइं शुद्ध होइ, आत्मा नित्य छइ ते उपरि राग होइ तो ज धर्मार्थीनइं दुःखक्षयनइं अर्थि पहिलां प्रवृत्ति होइ, ते न होइ तो निवृत्ति पछइ किहांथी होइ ? ।।३१।।**

**અનુવાદ :-**

**नित्य आत्मा.....शुद्ध होइ ।'** - આત્માને નિત્ય માનીએ ત્યારે જ (આ સંગત થાય) પ્રથમ આત્મા અશુદ્ધ હતો તે કેવલજ્ઞાનથી વિબુધ=બોધવાળો, થઈ શુદ્ધ થાય છે. જેમ રત્ન પહેલાં અશુદ્ધ હોય તે શુદ્ધિના ઉપાયથી પછી શુદ્ધ થાય છે.

**ભાવાર્થ :-**

પદાર્થને એકાંત ક્ષણિક માનવામાં આવે તો જે અશુદ્ધ આત્મા છે તે અશુદ્ધરૂપે જ રહીને નાશ પામે છે, તેથી જ્યારે આત્મા સાધના કરીને શુદ્ધ બને છે ત્યારે અશુદ્ધ આત્મા તે સાધનાથી શુદ્ધ થયો છે તેમ કહી શકાય નહિ; પરંતુ નવો જે આત્મા ઉત્પન્ન થયો છે તે શુદ્ધ જ ઉત્પન્ન થયો છે તેમ માનવું પડે. જ્યારે આત્માને નિત્ય માનીએ તો સંસાર અવસ્થામાં જે આત્મા અશુદ્ધ હતો, તે જ યોગની સાધના કરીને કેવલજ્ઞાન પામે છે; અને કેવલજ્ઞાનથી વિબુધ=બોધવાળો થયા પછી યોગનિરોધરૂપ સ્વપ્રયત્ન કરીને સર્વકર્મનો ક્ષય કરે છે ત્યારે શુદ્ધ થાય છે, તેમ કહી શકાય. તેથી નિત્ય આત્મા સ્વીકારવાથી ફળનો હેતુ સાથે સંબંધ છે તેમ માની શકાય. જ્યારે ક્ષણિકવાદમાં ફળનો હેતુ સાથે સંબંધ છે તેમ સિદ્ધ થાય નહિ.

આત્માને નિત્ય સ્વીકારવાથી પ્રથમ અશુદ્ધ આત્મા હતો તે શુદ્ધ થાય છે તે વાત દૃષ્ટાંતથી બતાવે છે - જેમ રત્ન પહેલાં અશુદ્ધ હોય છે અને તેને જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુદ્ધિના ઉપાયથી શુદ્ધ કરવામાં આવે છે ત્યારે, પ્રથમ જે અશુદ્ધ રત્ન હતું તે જ શુદ્ધ બને છે, આ વાત તે રત્નને નિત્ય સ્વીકારવાથી સંગત થાય. તેમ આત્માને નિત્ય સ્વીકારવાથી સાધનાથી શુદ્ધ થાય, તે વાત સંગત થાય છે.

**ઉત્થાન :-**

અહીં શંકા થાય કે ફળનો હેતુ સાથે સંબંધ સ્વીકારવા માટે આત્માને નિત્ય માનવાથી આત્મા ઉપર રાગ થશે, તેથી આત્મા ક્યારેય પણ શુદ્ધ બની શકશે નહિ. કેમ કે રાગ આત્માને મલિન કરનાર છે અને આત્માને મલિન કરનાર એવો રાગ આત્માની શુદ્ધિ કરી શકે નહિ, આ પ્રકારની બૌદ્ધની માન્યતાનું નિરાકરણ કરતાં કહે છે -

**અનુવાદ :-**

**आत्मा नित्य.....होइ ? ।।३१।।** - આત્મા નિત્ય છે તે ઉપર રાગ થાય તો જ ધર્માર્થીની દુઃખક્ષય માટે પહેલાં પ્રવૃત્તિ થાય, અને જો તે પ્રવૃત્તિ ન થાય તો દુઃખની નિવૃત્તિ પાછળથી ક્યાંથી થાય ? **।।૩૧।।**

**ભાવાર્થ :-**

શાસ્ત્રથી અને યુક્તિથી આત્મા નિત્ય છે એમ જ્યારે જીવ જાણે ત્યારે તેને નિત્ય એવા આત્મા ઉપર રાગ થાય છે. તેથી અનિત્ય એવા સંસારના પદાર્થો પ્રત્યે રાગને છોડીને નિત્ય એવા આત્માના હિત અર્થે તે પ્રવૃત્તિ કરે છે ત્યારે, તેને આખો સંસાર જન્મ-જરા-મૃત્યુ આદિ દુઃખમય દેખાય છે; અને તે દુઃખના ક્ષય માટે અને નિત્ય એવા આત્માના સુખ માટે તે પ્રવૃત્તિ કરે છે. પ્રારંભકાળમાં નિત્ય એવા મારા આત્માને મારે દુઃખમાંથી મુક્ત કરવો છે, એવા પ્રકારના વિકલ્પાત્મક રાગથી તે પ્રવૃત્તિ કરે છે; અને પછી જ્યારે તે ભૂમિકાસંપન્ન થાય છે ત્યારે, પોતાના આત્માનો નિર્વિકલ્પ સ્વભાવ છે તે જ ખરેખર મારે પ્રગટ કરવો છે; કેમ કે નિર્વિકલ્પ સ્વભાવમાં કર્મબંધ નથી, તેથી સંસાર નથી એમ તે જાણે છે, તેથી નિર્વિકલ્પ સ્વભાવ પ્રત્યે તેને રાગ થાય છે; અને તે રાગથી નિર્વિકલ્પ સ્વભાવને પ્રગટ કરવા માટે ક્રમે કરીને ધ્યાનમાં તે પ્રવૃત્તિ કરે છે. અને ધ્યાનના બળથી નિર્વિકલ્પ સ્વભાવરૂપ સમતાભાવમાં આવે છે ત્યારે તેને વિકલ્પાત્મક રાગ પણ હોતો નથી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ મારે નિર્વિકલ્પ સ્વભાવ પ્રગટ કરવો છે, તેવો વિકલ્પાત્મક રાગ પણ તેને નથી. પરંતુ અપ્રમત્તમુનિને દસમા ગુણસ્થાનક સુધી જે સૂક્ષ્મ રાગ છે તે સર્વ નિર્વિકલ્પ સ્વભાવના અતિશય કરવા તરફ જ યત્ન કરાવે છે. તેથી દસમા ગુણસ્થાનક સુધી જે કાંઈ સૂક્ષ્મ રાગ છે, તે સર્વ પોતાના નિર્વિકલ્પ સ્વભાવના પ્રકર્ષ અર્થે યત્ન કરાવીને વીતરાગ ભાવમાં નિષ્ઠાને પામે છે, ત્યારે સંપૂર્ણ રાગરહિત થવાથી કેવલજ્ઞાન પ્રગટે છે. તેથી ક્રમે કરીને સર્વકર્મરૂપ દુઃખના ક્ષયની પ્રાપ્તિ થાય છે. તેથી પ્રથમ દુઃખક્ષયની પ્રવૃત્તિ આત્માના રાગથી થાય છે, ત્યારે અંતે દુઃખની નિવૃત્તિ થાય છે. **॥૩૧॥**

**અવતરણિકા :-**

પૂર્વે ગાથા-૩૧ માં સ્થાપન કર્યું કે આત્મા નિત્ય છે એમ માનીએ તો જ ધર્માર્થીની રાગથી પ્રવૃત્તિ થઈ શકે. ત્યાં કોઈને શંકા થાય કે જો આત્મા નિત્ય હોય તો અવસ્થાંતરની પ્રાપ્તિ સંભવે નહિ, તેથી સાધના માટે પ્રવૃત્તિ કઈ રીતે થઈ શકે ? તેના નિરાકરણરૂપે કહે છે -

**ચોપઇ :-**

**छांडीजे भवबीज अनंत, ज्ञान अनंत लहीजइ तंत ।**
**पणि नवि ओछो अधिको भाव, नित्य आतमा मुक्तस्वभाव ।।३२।।**

**ગાથાર્થ :-**

**સાધના કરીએ ત્યારે અનંત ભવબીજ છોડીએ છીએ, અને અનંત તંત= પરમાર્થજ્ઞાનપર્યાય, પ્રાપ્ત કરીએ છીએ. તો પણ મુક્તસ્વભાવવાળા નિત્ય આત્મામાં અધિક-ઓછો ભાવ નથી. (આથી નિત્ય આત્મા સ્વીકારવામાં સાધનાની અસંગતિ નથી.)॥૩૨॥**

**બાલાવબોધ :-**

नित्य आत्मा मानइं तो ज आविर्भाव-तिरोभावरूपइ सर्व पर्याय मिलइं, ते कहइ छइ-भवनां बीज रागद्वेषादि अनंत छांडिइं छइं, तंत परमार्थज्ञानपर्याय अनंत लहीइं छइं,.पणि आत्मानो भाव एकइं अंशइं ओछो अधिको नथी, अनंत

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**धर्मात्मकस्वरूपनो आविर्भाव मात्र ज नित्य सत्य मुक्तात्म छइ,**

**उक्तं च सिद्धसेनाचार्यैः -**

भवबीजमनन्तमुज्झितं विमलज्ञानमनन्तमर्जितम् ।
न च हीनकलोऽसि नाधिकः समतां चाप्यनिवृत्त्य वर्तसे ।
(बत्रीसी ४,२९) ।।३२।।

**અનુવાદ :-**

**नित्य आत्मा.....मुक्तात्म छइ** ।- નિત્ય આત્મા માનીએ તો જ આવિર્ભાવ-તિરોભાવરૂપ સર્વ પર્યાય મળે=સંસારપર્યાય અને મોક્ષપર્યાય ઘટે= સંગત થાય. અને તે કહે છે - ભવના બીજ એવા રાગ-દ્વેષાદિ અનંત જે સંસારના પર્યાય છે તેને સાધના કરીને જીવ છોડે છે, અને સાધનાથી પરમાર્થજ્ઞાનપર્યાયરૂપ અનંત તંતને=પરમાર્થ સ્વભાવને, જીવ પ્રાપ્ત કરે છે; પણ આત્માનો ભાવ એક અંશથી ઓછો કે અધિકો થતો નથી=નિત્ય એવા આત્માનો જે મૂળ સ્વભાવ છે તે સંસારપર્યાય જવાથી ઓછો થતો નથી, અને સાધનાથી મુક્તસ્વભાવ પ્રગટ થાય છે ત્યારે આત્માના મૂળ સ્વભાવમાં કાંઈ અધિકતા આવતી નથી, પરંતુ અનંતધર્માત્મક સ્વરૂપનો આવિર્ભાવમાત્ર જ નિત્ય સત્ય એવો મુક્તાત્મા છે.

**ભાવાર્થ :-**

સાધનાથી જે આત્માનું અનંતધર્માત્મક સ્વરૂપ પ્રગટ થાય છે, તે જ ત્રિકાળવર્તી સત્ય છે, અને તત્સ્વરૂપ જ મુક્ત આત્મા છે; જ્યારે રાગાદિરૂપ સંસારભાવ તે આત્માનો સ્વભાવ નથી, માટે તે જૂઠી માયા છે.

આત્માને નિત્ય માનવા છતાં સાધના સંગત થાય છે, તે કથનને બતાવનાર સાક્ષી આપે છે -

**અનુવાદ :-**

**उक्तं च सिद्धसेनाचार्यैः-** ।- સિદ્ધસેન આચાર્ય વડે કહેવાયું છે -

**भवबीज.....।।३२।।** - સાધનાથી અનંતભવબીજ ત્યાગ કરાયું અને અનંત વિમલજ્ઞાન ઉપાર્જન કરાયું. તું હીનકળાવાળો કે અધિક નથી અને સમતાને પણ નિવર્તન કર્યા વગર તું વર્તે છે. **॥૩૨॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

જીવ સાધના કરે છે તેનાથી ભવના કારણીભૂત એવા રાગાદિ અનંત ભાવોનો ત્યાગ થાય છે, અને નિર્મળ એવું અનંત જ્ઞાન આવિર્ભાવ પામે છે. ભવના બીજના ત્યાગને કારણે જીવ હીનકલાવાળો અર્થાત્ હીનસ્વરૂપવાળો થતો નથી, કેમ કે ભવબીજ એ પોતાનું સ્વરૂપ નથી, તેથી તેના ત્યાગથી પોતાના સ્વરૂપમાં હીનતા આવતી નથી. અને નિર્મળ જ્ઞાનની પ્રાપ્તિથી પોતાનામાં કાંઈ અધિકતા આવતી નથી અર્થાત્ પોતાના આત્માના સ્વરૂપમાં કાંઈ અધિકતા આવતી નથી, ફક્ત તિરોભૂત એવું પોતાનું સ્વરૂપ આવિર્ભાવ પામે છે; અને તે વખતે આત્મા પોતાના સ્વભાવભૂત એવી સમતાને છોડ્યા વગર વર્તે છે, તે જ તેનું નિત્યસ્વરૂપ છે. **॥૩૨॥**

**ચોપઇ :-**

**घनविगमइ सूरयचंद, दोष टलइ मुनि होइ अमंद ।**
**मुगतिदशा थिरदर्शन घटै, जिम ते मेल्ही कुण (भ)वइं अटइ ।।३३।।**
**अनित्यवादी गतः।।**

**ગાથાર્થ :-**

**ઘનના વિગમથી=મેઘના નાશથી, સૂર્ય-ચંદ્રની જેમ દોષ ટળવાથી મુનિ અમંદ=શુદ્ધ, થાય છે. મુક્તિદશા સ્થિરદર્શનમાં જે રીતે ઘટે છે, તેને છોડીને કોણ ભવમાં ભટકે ? ॥૩૩॥**

**બાલાવબોધ :-**

इहां दृष्टांत कहइ छइ- घन कहतां मेघ तेहनइं विगमइं-नाशइं जिम सूर्यचन्द्र अमंद कहतां शुद्ध थाइ, तिम दोष-रागद्वेषादिक टल्यइ मुनि शुद्ध-बुद्ध-मुक्तस्वभाव थाइ । इणी परिं स्थिरवादीनइ दर्शनइं मुक्तिदशा घटइ, ते मेल्ही अनित्यवादी बौद्धनुं मत आदरीनइं कुण संसारमांहि भमइ ? बुद्धिवंत कोइ न भमइ ।।३३।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**इहां..... भमइ ॥३३॥** ગાથા-૩૨ માં કહ્યું કે, જીવ સાધના કરીને ભવબીજને છોડે છે અને અનંતજ્ઞાનને પ્રાપ્ત કરે છે, પણ આત્મા અધિક-ઓછો થતો નથી. એ કથનમાં દૃષ્ટાંત કહે છે - જેમ મેઘના વિગમથી=નાશથી, સૂર્ય-ચંદ્ર શુદ્ધ થાય છે પરંતુ અધિક-ઓછા થતા નથી, તેમ રાગ-દ્વેષાદિ ટળવાથી મુનિ શુદ્ધ=કર્મરહિત એવો શુદ્ધ, અને બુદ્ધ=જ્ઞાનસ્વભાવવાળો એવો બુદ્ધ, અને તે સ્વરૂપ શુદ્ધ-બુદ્ધરૂપ મુક્તસ્વભાવવાળો મુનિ બને છે. (તેથી તે મુનિના આત્મસ્વભાવમાં કાંઈ હીનતા કે અધિકતા આવતી નથી.) સ્થિરવાદીના દર્શનમાં આ રીતે મુક્તદશા ઘટે છે, અને તેને છોડીને અનિત્યવાદી બૌદ્ધનો મત સ્વીકારીને સંસારમાં કોણ ભટકે ? અર્થાત્ બુદ્ધિવાળો કોઈ ભમે નહિ. **॥૩૩॥**

**ભાવાર્થ :-**

સ્થિરવાદી દર્શન આત્માને એકાંતે સ્થિર માનતું નથી, પરંતુ આત્મારૂપે આત્માને નિત્ય માને છે. તેથી આત્મા પૂર્વે કર્મવાળો હતો અને પાછળથી કર્મના નાશથી કર્મમુક્ત થાય છે તે રીતે માને છે. એ રીતે સ્થિરવાદીના મતમાં મુક્તદશા ઘટે છે અને તેને છોડીને અનિત્યવાદી બૌદ્ધનો મત સ્વીકારીને સંસારમાં કોણ ભટકે ? અર્થાત્ બુદ્ધિવાલો કોઇ ભટકે નહિ.

સ્થિરવાદીના મતમાં મુક્તદશા ઘટે છે, માટે મુક્તિના ઉપાયમાં બુદ્ધિમાન પ્રવૃત્તિ કરે છે. પરંતુ જો તે સ્થિરવાદને છોડી દે અને અનિત્યવાદી બૌદ્ધનો મત સ્વીકારે તો તેના મત પ્રમાણે આત્મા ક્ષણિક હોવાથી આત્માના ભાવિ હિત માટે પ્રવૃત્તિ કરવાની ઘટે નહિ, તેથી સાધનાનો ઉત્સાહ થાય નહિ, માટે સંસારમાં ભટકવાનું બને. તેથી કોઈ બુદ્ધિશાળી વ્યક્તિ બૌદ્ધમત સ્વીકારીને આત્મહિતની ઉપેક્ષા કરે નહિ.

**વિશેષાર્થ :-**

અનિત્યવાદી એવા બૌદ્ધમતને સ્વીકારીને સાધનામાં જેઓ પ્રવૃત્તિ કરે છે તેઓ પ્રમાણિક વિચારક નથી; પરંતુ સ્વમત પ્રમાણે પોતે ક્ષણિક છે, છતાં પોતાના સંતાનને મુક્તિ મળશે એ પ્રકારના આશયથી સાધના કરે છે. તો પણ પદાર્થના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યથાર્થ સ્વરૂપમાં તેઓ મોહ પામેલા હોવાથી તેઓની સાધનાની પ્રવૃત્તિ મોહગર્ભિત છે, તેથી તેઓની સાધના સમ્યક્ ફળવાળી બને નહિ. ॥૩૩॥

**આ રીતે અનિત્યવાદનું ખંડન પૂરું થયું.**

**મિથ્યાત્વનું ત્રીજું સ્થાન "જીવ કર્તા નથી અને ભોક્તા નથી" તેનું વર્ણન -**

**અવતરણિકા :-**

આત્મા કર્મનો કર્તા અને ભોક્તા છે, એ રૂપ ત્રીજું સ્થાન બતાવવા અર્થે આત્માને કર્તા અને ભોક્તા નહિ માનનાર મતને બતાવે છે -

**ચોપઇ :-**

**●एक वेदंती बीजो संख्य, कहइ करता भोगता नहि मुख्य ।**
**प्रथम कहइ दृगमात्र प्रमाण, तास उपाधि भेद मंडाण ।।३४।।**

**ગાથાર્થ :-**

એક વેદાંતી અને બીજો સાંખ્ય કહે છે કે આત્મા કર્તા નથી અને મુખ્ય ભોક્તા નથી. તેમાં પ્રથમ વેદાંતી કહે છે કે દૃગમાત્ર પ્રમાણ છે. તેની ઉપાધિ=દૃગની ઉપાધિ, (વિશ્વના) ભેદનું મંડાણ છે. ॥૩૪॥

**બાલાવબોધ :-**

एक वेदांती बीजो सांख्य, ए बे वादी कहइं जे-आत्मा कर्ता तथा मुख्य भोक्ता नथी । तेहमांहि प्रथमवादी वेदांती कहइ जे-दृगमात्र-ज्ञानमात्र प्रमाण छइ, सर्व वादी ज्ञान मानइं ज लाघवथी ते एक छइ, अनादि-अनंत छइ, भेदादिप्रतिभास चित्तोपाधिविषयक छइ ते ज्ञानमी उपाधिइं विश्वभेदनुं मंडाण छइ, आत्मात्मीयाध्यासरूप सर्व प्रपंच छइ ।।३४।।

---

● ગુર્જર સાહિત્યસંગ્રહ ભાગ-૧ માં ગાથા-૩૪ પછી એક ગાથા વધારે છે. તે આ પ્રમાણે -
(नित्य आतमा मानो एम, योगमार्गमां पामो खेम ।
कर्ता भोक्ता भाखुं हवे, ते न रुचे जे जूठुं लवे)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**एक वेदांती.....प्रमाण छइ ।** - એક વેદાંતી અને બીજો સાંખ્ય એ બે વાદી કહે છે કે આત્મા કર્તા નથી, તથા આત્મા મુખ્ય ભોક્તા નથી=ઉપચરિત ભોક્તા છે. તે બેમાંથી પ્રથમ વાદી એવો વેદાંતી કહે છે - દૃગમાત્ર=જ્ઞાનમાત્ર, પ્રમાણ છે.

તેમાં તે યુક્તિ આપે છે -

**सर्ववादी.....अनंत छइ ।** - સર્વ વાદી જ્ઞાનને માને છે, તેથી જ્ઞાન પ્રમાણ છે, અર્થાત્ જ્ઞાન નામનો પદાર્થ જગતમાં છે તે વાસ્તવિક છે. અને તે જ્ઞાન દરેક વ્યક્તિનાં જુદાં જુદાં માનીએ તો અનંત જ્ઞાન માનવાં પડે, તેથી ગૌરવ થાય. માટે લાઘવથી તે જ્ઞાન એક છે, અને તે જ્ઞાન અનાદિ-અનંત છે.

**ભાવાર્થ :-**

વેદાંતીમતે એ પ્રાપ્ત થયું કે, એક બ્રહ્મ સત્ય છે, આખું જગત મિથ્યા છે, અને તે બ્રહ્મ અનાદિ-અનંત એક છે, અને તે બ્રહ્મ જ્ઞાનસ્વરૂપ છે.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે જો જ્ઞાન એક હોય તો ભેદાદિનો પ્રતિભાસ થાય છે, તે કેવી રીતે સંગત થાય ? તેથી કહે છે -

**અનુવાદ :-**

**भेदादिप्रतिभास.....प्रपंच छइ ॥३४॥** - જ્ઞાનમાં ભેદાદિનો પ્રતિભાસ ચિત્તઉપાધિવિષયક છે. તે જ્ઞાનની ઉપાધિથી વિશ્વભેદનું મંડાણ છે. વળી આત્મા અને આત્મીય અધ્યાસરૂપ સર્વ પ્રપંચ છે. **॥૩૪॥**

● અહીં **भेदादि** માં **'आदि'** શબ્દથી ઘટ-પટાદિ પદાર્થોનો પ્રતિભાસ ગ્રહણ કરવાનો છે.

**ભાવાર્થ :-**

પરમાર્થથી એક બ્રહ્મસ્વરૂપ જ્ઞાન છે, અનેક જ્ઞાનો નથી. તો પણ ભિન્ન ભિન્ન ચિત્તઉપાધિને કારણે જ્ઞાનમાં ભેદનો પ્રતિભાસ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ એક મોટો સ્ફટિક હોય, તેની સન્મુખ જુદા જુદા વર્ણવાળાં ફૂલો જુદા જુદા સ્થાને મૂકવામાં આવે તો તે સ્ફટિક અમુક ભાગમાં રક્ત દેખાય છે, તો અમુકભાગમાં શ્યામાદિભાવવાળો દેખાય છે. તેથી તે સ્ફટિકમાં રક્તતા, શ્યામતા આદિ ભાવોને કારણે ભેદ દેખાય છે. તેમ એક અનાદિ-અનંત જ્ઞાન છે, તો પણ જુદી જુદી ચિત્તરૂપ ઉપાધિને કારણે અનેક જ્ઞાનો દેખાય છે. તેથી આ મારું જ્ઞાન, આ અન્યનું જ્ઞાન એમ અનેક જ્ઞાનોની પ્રતીતિ થાય છે. આમ છતાં જ્ઞાન અનેક નથી.

વળી વેદાંતમત પ્રમાણે જુદી જુદી ચિત્તરૂપ ઉપાધિને કારણે એક જ જ્ઞાન અનેક જ્ઞાનરૂપ દેખાય છે, તેમ તે ચિત્તરૂપ ઉપાધિને કારણે ઘટ-પટાદિ બાહ્ય પદાર્થોનો પ્રતિભાસ પણ થાય છે. કેમ કે ચિત્ત ઘટાકાર-પટાકાર આદિ રૂપે પરિણામ પામે છે, તેથી ઘટ-પટાદિ બાહ્ય પદાર્થોની પ્રતીતિ થાય છે. વસ્તુતઃ બાહ્ય પદાર્થો નથી. અને તે જ્ઞાનની ઉપાધિ=જ્ઞાનની ચિત્તરૂપ ઉપાધિ, વિશ્વભેદનું મંડાણ છે, અર્થાત્ આ ચિત્તરૂપ ઉપાધિને કારણે અનેક આત્માઓ છે તથા ઘટ-પટાદિ અનેક પદાર્થો છે, આ પ્રકારના વિશ્વભેદની પ્રાપ્તિ ચિત્તરૂપ ઉપાધિને કારણે થાય છે.

આ સર્વ ભેદ વાસ્તવિક નથી પરંતુ જ્ઞાનાદ્વૈત જ વેદાંતમતમાં વાસ્તવિક છે. આ રીતે ચિત્તની ઉપાધિથી વિશ્વભેદની પ્રાપ્તિ થઈ, અને તેને કારણે શરીર એ આત્મા છે અને ઇંદ્રિય અને ભોગ્ય પદાર્થ આત્મીય છે, એ પ્રકારના અધ્યાસરૂપ સર્વ પ્રપંચ છે; અર્થાત્ આ પ્રકારના અધ્યવસાયને કારણે જ આ સંસારનો સર્વ પ્રપંચ ચાલે છે, અને સાધના કરવાથી જ્યારે આ અધ્યાસ ચાલ્યો જાય ત્યારે આ પ્રપંચ નિવર્તન પામે છે. **॥૩૪॥**

**અવતરણિકા :-**

પૂર્વગાથા-૩૪ માં કહ્યું કે ચિત્તરૂપ ઉપાધિને કારણે આ વિશ્વભેદની પ્રાપ્તિ થઈ, અને તે વિશ્વભેદમાં આત્મા અને આત્મીય અધ્યાસરૂપ સર્વ પ્રપંચ છે. હવે તે આત્મા અને આત્મીય અધ્યાસરૂપ પ્રપંચ થવાનું કારણ શું છે ? કે જેથી આ સંસાર ઊભો થાય છે ? અને સાધના કરીને તે પ્રપંચને દૂર કરવાની જરૂર ઊભી થાય છે ? તે બતાવવા અર્થે કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોપઇ :-**

**मायादिकमिश्रित उपचार, ज्ञान-अज्ञानग्रंथि संसार ।**
**दृश्यपणइं मिथ्या परपंच, सघलो जिम सुहणानो संच ।।३५।।**

**ગાથાર્થ :-**

**માયાદિકમિશ્રિત ઉપચાર=અજ્ઞાન આદિથી મિશ્રિત વ્યવહાર, જે જ્ઞાન-અજ્ઞાનની ગાંઠરૂપ છે તે સંસાર છે. દશ્યપણું છે, તેથી સઘળો પ્રપંચ મિથ્યારૂપ છે. જેમ-સ્વપ્નનો સંચ=સ્વપ્નમાં દેખાતા પદાર્થો. II૩૫II**

**બાલાવબોધ :-**

**माया कहितां अज्ञान "अहं मां न जानामि" इत्यादि प्रसिद्ध सर्व प्रपंच मूल कारण अनादिभाव ते प्रमुखइं मिश्रित जे उपचार ते ज्ञान-अज्ञाननी गांठिरूप संसार छइं, अज्ञानाध्यस्तनइं विषइं शरीराध्यास, शरीराध्यस्तनइं विषइं इंद्रियाध्यास, इत्यादि उपचार ग्रंथि जाणवी, सर्व प्रपंच मिथ्या छइं दृश्यपणामाटइं जिम सुहणानो संच-स्वप्नमोदकादिक ।।३५।।**

**ઉત્થાન :-**

વેદાંત મતમાં બ્રહ્મથી અતિરિક્ત કોઈ વસ્તુ નથી. આમ છતાં સંસારમાં આ બધું દેખાય છે તે શું છે ? તે બતાવતાં કહે છે -

**અનુવાદ :-**

**माया.....अज्ञान** । - જીવને પોતાના વિષયમાં માયા=અજ્ઞાન છે, તેથી તે પોતાના બ્રહ્મસ્વરૂપને જાણતો નથી. તેને જ બતાવતાં કહે છે -

**"अहं मां न जानामि".....मोदकादिक ।।३५।।** - હું મને (પોતાને) જાણતો નથી ઈત્યાદિ પ્રસિદ્ધ જે અજ્ઞાન છે તે સર્વ પ્રપંચનું મૂળ કારણ છે, અને તે અનાદિકાળથી વિદ્યમાન છે; અને તેનાથી મિશ્રિત એવો આ ઉપચાર થાય છે, અર્થાત્ વ્યવહાર થાય છે કે, આ જગતમાં અનેક આત્માઓ છે, ઘટ-પટાદિ અનેક વિષયો છે. આ પ્રકારનો વ્યવહાર થાય છે, તે વ્યવહાર જ્ઞાન-અજ્ઞાનની ગાંઠરૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે=પોતાના બ્રહ્મસ્વરૂપનું અજ્ઞાન, અને ચિત્તની ઉપાધિને કારણે થતું ઘટ-પટાદિ પદાર્થો અને અનેક આત્મારૂપ જે જ્ઞાન, તે બેની ગાંઠરૂપ છે. આ ઉપચાર= વ્યવહાર છે, અને તે જ આ સંસાર છે. અજ્ઞાન અધ્યસ્તને કારણે શરીરાધ્યાસ, શરીર અધ્યસ્તને કારણે ઇંદ્રિયાધ્યાસ ઇત્યાદિ ઉપચાર ગ્રંથિ જાણવી, સર્વ પ્રપંચ દેખાતો હોવાને કારણે મિથ્યા છે, જેમ સ્વપ્નાનો સંચ=સ્વપ્નામાં દેખાતા મોદકાદિ પદાર્થો. **॥૩૫॥**

**ભાવાર્થ :-**

વેદાંતીને કહેવાનો આશય એ છે કે જે જીવને બ્રહ્મનું જ્ઞાન થાય છે, તેને પોતાના બ્રહ્મથી અતિરિક્ત કોઈ પદાર્થ દેખાતો નથી. તેથી અનેક આત્માઓનું દર્શન કે ઘટ-પટાદિ પદાર્થોનું દર્શન તેને થતું નથી, તેથી તેમના માટે આ સંસાર નથી. જ્યારે સંસારવર્તી બીજા જીવોને પોતાના આત્માનું અજ્ઞાન છે અને ચિત્તની ઉપાધિને કારણે અનેક જીવો અને ઘટ-પટાદિરૂપ પ્રપંચનું જ્ઞાન તેને થાય છે, અને તે જ સંસાર છે.

આત્માને પોતાનું અજ્ઞાન છે તેથી આત્મા પોતે અજ્ઞાનથી અધ્યસ્ત થયો, અને તેને કારણે તેને શરીરનો અધ્યાસ થાય છે; અને શરીરનો અધ્યાસ થવાને કારણે આત્મા શરીરથી અધ્યસ્ત થયો, અને તેને કારણે ઇંદ્રિયોનો અધ્યાસ થાય છે. આ રૂપ ઉપચારની ગ્રંથિ=ગાંઠ, જાણવી.

વેદાંતીમતે આત્માનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવાનું હોય છે, અને આત્માનું શ્રવણ શાસ્ત્રોથી થાય છે. શાસ્ત્રોથી સારી રીતે આત્માના સ્વરૂપનું શ્રવણ કર્યા પછી તેનું મનન કરવામાં આવે ત્યારે યુક્તિથી આત્માનું તેવું સ્વરૂપ દેખાય છે. ત્યાર પછી આત્માનું નિદિધ્યાસન કરવું જોઈએ અર્થાત્ શુદ્ધ આત્માના સ્વરૂપનું ધ્યાન કરવું જોઈએ, જેથી જીવને બ્રહ્મસ્વરૂપનું જ્ઞાન પ્રગટે છે. આવું જ્ઞાન જેણે પ્રગટ કર્યું નથી તેવા જીવો અજ્ઞાનથી અધ્યસ્ત છે=પોતે પોતાના સ્વરૂપને જાણતા નથી, તેવું અજ્ઞાન તેમનામાં વર્તે છે. અને અજ્ઞાનથી અધ્યસ્ત હોવાને કારણે "શરીર એ હું છું" એ પ્રકારનો શરીરનો અધ્યાસ તેમને થાય છે, અને "શરીર એ હું છું" તેવા અધ્યાસવાળા જીવો હોવાને કારણે તેઓને "આ ઇંદ્રિયો મારી છે" એવો અધ્યાસ થાય છે. તેથી આત્માધ્યાસ="શરીર એ હું" અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મીયાધ્યાસ="ઇંદ્રિયો એ મારી" તથા "ગૃહ-ધનાદિ મારાં" એ પ્રકારનો આત્માધ્યાસ અને આત્મીયાધ્યાસ તેઓમાં વર્તે છે, જે આ ઉપચારની ગાંઠ છે=સર્વ સંસારના વ્યવહારની ગાંઠ છે, જેમાં આત્માનું અજ્ઞાન અને બાહ્ય પદાર્થોનું જ્ઞાન વર્તે છે, અને તે રૂપ જ આ સર્વ પ્રપંચ છે. અને આ સર્વ પ્રપંચ મિથ્યા છે, કેમ કે દેખાય છે. જેમ સ્વપ્નમાં જે કાંઈ દેખાય છે તે મિથ્યા છે, તેમ શરીર, ઘટ-પટાદિ પદાર્થો દેખાય છે, તે રૂપ સર્વ પ્રપંચ મિથ્યા છે, જ્યારે વાસ્તવિક તો શુદ્ધ બ્રહ્મ જ છે. શ્રવણ-મનન અને નિદિધ્યાસન દ્વારા જ્યારે શુદ્ધ બ્રહ્મનું જ્ઞાન થાય છે ત્યારે આ સર્વ પ્રપંચ રહેતો નથી. જેમ જાગ્યા પછી ઊંઘમાં દેખાતા સર્વ પદાર્થો દેખાતા નથી, તેથી તે મિથ્યારૂપ છે; તેમ બ્રહ્મનું જ્ઞાન થયું નથી ત્યાં સુધી આ સર્વ પદાર્થો દેખાય છે, માટે તે મિથ્યા છે. **॥૩૫॥**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથા-૩૫ માં સ્થાપન કર્યું કે આ સઘળો પ્રપંચ મિથ્યા છે, તેથી હવે વેદાંતી સ્વસિદ્ધાંત પ્રમાણે સત્ય શું છે ? અને મિથ્યા શું છે ? તે વાત દૃષ્ટાંતથી બતાવે છે -

**ચોપઇ :-**

**जिम कटकादि विकारी हेम, सत्य ब्रह्म जगजाले तेम ।**
**जे परिणामी तेह असंत, अपरिणामी सत कहि वेदंत ।।३६।।**

**ગાથાર્થ :-**

**જિમ કટકાદિ વિકારી એવો હેમ=સુવર્ણ, સત્ય છે, તેમ જગજાળમાં બ્રહ્મ સત્ય છે, તેમ વેદાંતી કહે છે. જે પરિણામી તે અસત્ છે અને અપરિણામી સત્ છે, તેમ વેદાંતી કહે છે. ॥૩૬॥**

**બાલાવબોધ :-**

जिम कटक-केयूर प्रमुख सुवर्णना विकार छइ ते जूठा, ते कार्यपणइं छइं जेहना एहवुं हेम छइं ते साचुं छइं, तिम जगजालरूप विकार जूठा छइं, ते मध्ये

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अविकारी ब्रह्म सत्य छइं । जे परिणामी ते असत्, जे अपरिणामी ते सत्, इम वेदांत कहइ, "कालवृत्त्यभावप्रतियोगित्वमसत्यत्वम्, तद्भिन्नत्वं सत्यत्वम्" । उक्तं च -

आदावन्ते च यन्नास्ति मध्येऽपि हि न तत् तथा ।
वितथैः सदृशाः सन्तो वितथा इव लक्षिताः ।।

- (गौडपादकारिका-६) ।।३६ ।।

**અનુવાદ :-**

**जिम.....ब्रह्म सत्य छइं ।** - જેમ કટક-કેયૂર પ્રમુખ સુવર્ણના વિકાર છે, તે જૂઠા છે; તે=કટક વગેરે કાર્યપણે છે જેનાં એવું સુવર્ણ છે તે સાચું છે. તેમ જગજાળરૂપ વિકાર અર્થાત્ જગતમાં અનેક જીવો અને ઘટ-પટાદિ અનેક પદાર્થો એ જગજાળરૂપ બ્રહ્મના વિકારો જૂઠા છે, અને તે સર્વ વિકારોમાં અનુગત એવો અવિકારી બ્રહ્મ સત્ય છે.

**ભાવાર્થ :-**

વેદાંતમતે જગતમાં દેખાતા ઘટ-પટાદિ પદાર્થો અને અનેક જીવો તે સર્વ બ્રહ્મના વિવર્તો છે, જેમ સુવર્ણના કટક=કડા, કેયૂર=બાજુબંધ, વગેરે વિવર્તો છે. અને સુવર્ણના કટક-કેયૂર પ્રમુખ વિવર્તો જેમ જૂઠા છે, અને તે સર્વમાં અનુગત એવું સુવર્ણ સાચું છે, તેમ આ સર્વ વિકારોમાં અનુગત એવું અવિકારી બ્રહ્મ તે સત્ય છે.

વેદાંત મત શુદ્ધ દ્રવ્યાસ્તિકનય ઉપર ચાલનાર છે. તેથી તે કહે છે કે, જે ત્રિકાળવર્તી હોય તે જ સત્ય હોય; જે પહેલાં ન હોય તે પાછળથી ક્યાંથી આવે ? અને જે હોય તે ચાલ્યું કઈ રીતે જાય ? માટે જે હોય તે સદા પોતાનું અસ્તિત્વ ધરાવે છે, અને જે વાસ્તવિક નથી તે ક્યારેક ઊંઘમાં દેખાતા પદાર્થની જેમ દેખાય છે, પણ ત્રિકાળવર્તી હોતું નથી. તેથી સુવર્ણના કટકાદિ કાર્યો જેમ મિથ્યા છે, તેમ બ્રહ્મના વિવર્તોરૂપ આ જગત મિથ્યા છે, અને અવિકારી એવું બ્રહ્મ સત્ય છે.

**ઉત્થાન :-**

સ્વસિદ્ધાંતનો સાર સ્થાપન કરતાં વેદાંતી કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**जे परिणामी.....वेदांत कहइ ।** - જે પરિણામી છે તે અસત્ છે, અને જે અપરિણામી છે તે સત્ છે. આનાથી એ પ્રાપ્ત થાય કે દરેક પર્યાયો ભિન્ન ભિન્નરૂપે પરિણામ પામે છે માટે તે પરિણામી છે, તેથી પર્યાયો અસત્ છે. અને જે અપરિણામી એવું દ્રવ્ય છે, તે સત્ છે, જે હંમેશાં ત્રિકાળવર્તી હોય છે.

વેદાંતીને અભિમત એવા સત્ય અને અસત્યનું લક્ષણ કરતાં ગ્રંથકાર કહે છે -

**कालवृत्यभावप्रतियोगित्वमसत्यत्वम्, तद्भिन्नत्वं सत्यत्वम्** - કાળવૃત્તિઅભાવનું પ્રતિયોગીપણું તે અસત્યત્વ, અને તેનાથી ભિન્નપણું તે સત્યત્વ છે.

**ભાવાર્થ :-**

પર્યાયોનો કોઈક કાળમાં અભાવ હોય છે, તેથી કાલવૃત્તિઅભાવ પર્યાયોમાં પ્રાપ્ત થાય છે, અને તેના પ્રતિયોગી તે પર્યાયો છે. તેમાં=પ્રતિયોગીમાં, રહેલું 'પ્રતિયોગિત્વ' તે 'અસત્યત્વ' છે અને તેનાથી=અસત્યત્વથી, 'ભિન્નત્વ' છે તે 'સત્યત્વ' છે. અર્થાત્ '**कालवृत्त्यभावाप्रतियोगित्वं सत्यत्वम्**=કાળવૃત્તિઅભાવનું અપ્રતિયોગીપણું તે 'સત્યત્વ' છે. દ્રવ્યનો કોઈ કાળમાં અભાવ પ્રાપ્ત થતો નથી, તેથી દ્રવ્ય કાળવૃત્તિઅભાવનો અપ્રતિયોગી છે, અને તેમાં રહેલું કાળવૃત્તિઅભાવનું અપ્રતિયોગીપણું તે 'સત્યત્વ' છે.

આ લક્ષણ પ્રમાણે બ્રહ્મ ત્રિકાળવર્તી છે માટે તે સત્ય છે, અને જગતના તમામ પદાર્થો ત્રિકાળવર્તી નથી માટે તે પદાર્થો અસત્ય છે. વેદાંતીના અસત્યના લક્ષણનું ઉદ્ધરણ બતાવે છે -

**અનુવાદ :-**

**उक्तं च** = અને કહેવાયું છે -

**आदावन्ते.....लक्षिताः ।** -આદિમાં અને અંતમાં જે નથી, મધ્યમાં પણ તે નથી. અને બ્રહ્મ સિવાયના પદાર્થો ત્રિકાળવર્તી નથી, માટે મધ્યમાં પણ નથી.

આમ છતાં, પદાર્થો દેખાય છે તે કેવા છે ? તે બતાવતાં કહે છે -

તેવા પ્રકારના=આકાશકુસુમાદિ જેવા પ્રકારના, વિતથોની સાથે સદશ છતા વિતથ જેવા જણાય છે=સ્વપ્નમાં દેખાતા વિતથ જેવા જણાય છે. **॥૩૬॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

આકાશકુસુમાદિ પદાર્થો જગતમાં સર્વથા નથી, તેના જેવા જ જગતમાં દેખાતા ભાવો છે; કેમ કે જ્યારે શુદ્ધ બ્રહ્મનું જ્ઞાન થાય છે ત્યારે તે ભાવો દેખાતા નથી. આમ છતાં સ્વપ્નમાં દેખાયેલા પદાર્થો જેવા તે વિતથ છે, તેથી વિતથ= અસત્ એવા આકાશકુસુમ સદૃશ છતા બ્રહ્મના અજ્ઞાનકાળમાં દેખાય છે.

અહીં વિતથ જેવા જણાય છે, એમ કહેવાથી એ કહેવું છે કે, વિતથ એવા આકાશકુસુમાદિ ક્યારેય દેખાતા નથી, જ્યારે જગત્વર્તી ભાવો અજ્ઞાનને કારણે દેખાય છે; પરંતુ વાસ્તવિક રીતે જેમ આકાશકુસુમ નથી તેમ તે ભાવો પણ નથી. તેથી વિતથ જેવા જણાય છે, એમ કહ્યું છે. **॥૩૬॥**

**અવતરણિકા :-**

શ્રુતિના બળથી અને દૃષ્ટાંતના બળથી સંસારવર્તી ભાવોને મિથ્યારૂપે અને બ્રહ્મને સત્યરૂપે સ્થાપન કરતાં કહે છે -

**ચોપઇ :-**

**जिम तातादिक अछता कह्या, श्रुतिं मुषुयति बुध सद्दह्या ।**
**तिम ज्ञानइं अछतु ब्रह्मंड, अहिज्ञानइ नासइ अहिदंड ।।३७।।**

**ગાથાર્થ :-**

**જેમ તાતાદિકને=પિતા આદિને, અછતા કહ્યા=પહેલાં પિતા હતા તે હવે અપિતારૂપે થયા, એ પ્રમાણે મુષુયતિ શ્રુતિમાં કહ્યું છે, તેને બુધપુરુષો માને છે. તેમ જ્ઞાન થાય ત્યારે બ્રહ્માંડ અછતું થાય અર્થાત્ પહેલાં દેખાતું હતું તે હવે દેખાતું નથી.**

હવે અનુભવનું દૃષ્ટાંત બતાવે છે -

**(જેમ) સર્પના જ્ઞાનથી સર્પદંડ નાશ પામે છે. ॥૩૭॥**

● અહીં '**मुषुयति**' શબ્દ છે, તે શ્રુતિનું વિશેષણ લાગે છે, અને તે તાતાદિ=પિતાદિ, ભાવોના હરણને બતાવનારી શ્રુતિ લાગે છે. તે બતાવવા માટે '**मुषुयति**' નામની શ્રુતિ વેદાંત મતમાં પ્રસિદ્ધ હોવી જોઈએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બાલાવબોધ :-**

**जिम तातप्रमुख अछता कहिया; अत्र पिता अपिता भवति, माता अमाता भवति, ब्राह्मणः अब्राह्मणो भवति, भ्रूणहा अभ्रूणहा भवति, इत्यादि श्रुतिं वेदांतपंडितइ सद्दह्या, तिम आत्मज्ञानइं ब्रह्मांड अछतुं थाइ; जिम अहिज्ञानइं अहिदंड नासइं तिम ज आत्मज्ञानइं आत्माज्ञानजनितप्रपंच नासइ; शुक्तिज्ञाननाश्य लाघवथी शुक्तिरजत छइं पणि तइ ज्ञान नहीं, तिम आत्मज्ञाननाश्य पणि प्रपंच ज जाणवो ।।३७।।**

**અનુવાદ :-**

'**जिम तातप्रमुख.....अछतुं थाइ ।**' - જેમ તાત=પિતા, વગેરે અછતા કહ્યા છે, અર્થાત્ જન્મ આપનાર હોવાથી તે પિતા છે, છતાં પિતા જેવું આચરણ ન કરે તો તેને શ્રુતિ અપિતા કહે છે.

એ જ વાત બતાવતાં કહે છે - પિતા અપિતા થાય છે અર્થાત્ પિતા પિતા જેવું આચરણ ન કરે તો અપિતારૂપે થાય છે, માતા વિપરીત આચરણથી અમાતારૂપે થાય છે, બ્રાહ્મણ શુદ્ર જેવું આચરણ કરે તો અબ્રાહ્મણરૂપે થાય છે, બાળઘાતક=બાળકનો હત્યારો, પ્રાયશ્ચિત્તના આચરણથી અબાળઘાતક=બાળકનો અહત્યારો થાય છે, ઇત્યાદિ તાતાદિ ભાવોને હરણ કરનારી એવી શ્રુતિને વેદાંત પંડિતો સદ્દહે છે=શ્રદ્ધા કરે છે. તેમ વેદાંતપંડિતો આત્મજ્ઞાનથી બ્રહ્માંડ અછતું થાય છે, તેમ શ્રદ્ધા કરે છે. અર્થાત્ જ્યારે બ્રહ્મસ્વરૂપ આત્માનું જ્ઞાન થાય છે ત્યારે, બ્રહ્માંડમાં દેખાતા અનેક જીવો અને ઘટ-પટાદિ ભાવો અછતા થાય છે, તેમ શ્રદ્ધા કરે છે.

● બાલાવબોધમાં '**इत्यादि श्रुतिं** છે, ત્યાં '**इत्यादि मुषुयति श्रुतिं**' હોવું જોઈએ. મૂળ ચોપઇમાં '**मुषुयति**' શબ્દ છે, તે '**श्रुतिं**' નું વિશેષણ લાગે છે.

**ઉત્થાન :-**

હવે ઉપરોક્ત કથનને જ પુષ્ટ કરવા માટે અનુભવની યુક્તિ બતાવે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**'जिम अहिज्ञान.....प्रपंच नासइ ।'** - જેમ અહિજ્ઞાનથી=સર્પના જ્ઞાનથી, અહિદંડ=સર્પનો દંડ, નાશ પામે છે; અર્થાત્ અંધારામાં દંડાકાર રહેલો સાપ દંડરૂપે ભાસે છે ત્યારે તે 'અહિદંડ' કહેવાય છે, તેને દંડ માનીને તેને ગ્રહણ કરવાની જ્યારે પ્રવૃત્તિ કરવામાં આવે ત્યારે, નજીકમાં જતાં આ સાપ છે તેવું જ્ઞાન થાય છે ત્યારે અહિદંડ દેખાતો નથી. તેમ આત્માનું જ્ઞાન થાય છે ત્યારે આત્માના અજ્ઞાનથી જનિત આ પ્રપંચ=વિશ્વમાં અનેક જીવો અને ઘટ-પટાદિ અનેક પદાર્થો છે એ પ્રપંચ, નાશ પામે છે.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે સાપનું જ્ઞાન થવાથી પૂર્વે સાપ દંડરૂપે દેખાતો હતો, તે= દંડરૂપે દેખાતો સાપ, નાશ પામતો નથી, પરંતુ સાપના દંડનું જ્ઞાન નાશ થાય છે. તેથી પૂર્વમાં કહ્યું કે સાપના જ્ઞાનથી સાપનો દંડ નાશ પામે છે, તેમ આત્મજ્ઞાનથી આત્માનો અજ્ઞાનજનિત પ્રપંચ નાશ પામે છે, એ વચન સંગત થાય નહિ. અને તેમ સ્વીકારીએ તો એ પ્રાપ્ત થાય કે, આત્માનું જ્ઞાન થવાથી આત્માના અજ્ઞાનજનિત પ્રપંચનો નાશ થતો નથી, પરંતુ આત્માના અજ્ઞાનજનિત પ્રપંચના જ્ઞાનનો નાશ થાય છે. અને તેમ સ્વીકારીએ તો આ બ્રહ્માંડવર્તી અનેક જીવો અને ઘટ-પટાદિ પદાર્થરૂપ પ્રપંચ એ તો વિદ્યમાન છે, પરંતુ જે વ્યક્તિને આત્મજ્ઞાન થયું તે વ્યક્તિને આત્માના અજ્ઞાનજનિત પ્રપંચનું જ્ઞાન થતું નથી. તેથી વેદાંતીની માન્યતા - **"ब्रह्म सत्यं जगन्मिथ्या"**="બ્રહ્મ સત્ય અને જગત્ મિથ્યા છે." તે સિદ્ધ થાય નહિ; કેમ કે આત્માના અજ્ઞાનજનિત પ્રપંચનું જ્ઞાન નાશ થાય છે, પરંતુ પ્રપંચ હોઈ શકે છે. તેનું કારણ આત્માનું જ્ઞાન પ્રપંચનું જ્ઞાન કરવામાં પ્રતિબંધક પણ હોઈ શકે, અને તેમ માનીએ તો જેને આત્માનું જ્ઞાન થાય તેને પ્રપંચનું જ્ઞાન ન થઈ શકે, પણ પ્રપંચ મિથ્યા સિદ્ધ ન થાય. ફક્ત આત્મજ્ઞાન થયા પછી તે પ્રપંચનું જ્ઞાન તે વ્યક્તિને થતું નથી તેમ સિદ્ધ થાય છે, તેનું નિરાકરણ કરવા માટે વેદાંતી કહે છે -

**અનુવાદ :-**

**शुक्तिज्ञाननाश्य.....ज जाणवो।।३७।।** - શુક્તિજ્ઞાનનાશ્ય લાઘવથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુક્તિરજત છે પણ શુક્તિનું જ્ઞાન નહિ, તેમ આત્મજ્ઞાનથી નાશ્ય પણ પ્રપંચ જ જાણવો પરંતુ પ્રપંચનું જ્ઞાન નહિ. **॥૩૭॥**

**ભાવાર્થ :-**

પુરોવર્તી શુક્તિમાં જ્યારે રજતનું જ્ઞાન થાય છે, ત્યારે તે જ્ઞાનનો વિષય શુક્તિરજત=શુક્તિરૂપ રજત, છે, અને તે શુક્તિરજતને ગ્રહણ કરવા માટે જીવ જ્યારે પ્રવૃત્તિ કરે છે ત્યારે આ પદાર્થ શુક્તિ છે તેવું જ્ઞાન થાય છે, અને તે જ્ઞાનથી શુક્તિરજત નાશ પામે છે, તેમ માનવામાં લાઘવ છે; જ્યારે શુક્તિજ્ઞાનથી શુક્તિરજતનું જ્ઞાન નાશ પામે છે, તેમ માનવામાં ગૌરવ છે, એમ વેદાંતી કહે છે અને તે આ રીતે -

જ્યારે શુક્તિનું જ્ઞાન થાય છે ત્યારે શુક્તિરજત નાશ પામતું નથી, પરંતુ શુક્તિરજતનું જ્ઞાન નાશ પામે છે. તેમ માનીએ તો પુરોવર્તી શુક્તિરજત વિદ્યમાન છે તેમ માનવું પડે. અને પુરોવર્તી શુક્તિરજત વિદ્યમાન છે છતાં શુક્તિરજતનું જ્ઞાન કેમ થતું નથી ? તો કહેવું પડે કે શુક્તિનું જ્ઞાન શુક્તિરજતના જ્ઞાન પ્રત્યે પ્રતિબંધક છે. તેથી એ પ્રાપ્ત થાય કે, શુક્તિરજતરૂપ વિષય વિદ્યમાન હોવા છતાં શુક્તિજ્ઞાનરૂપ પ્રતિબંધક હોવાને કારણે શુક્તિરજતનું જ્ઞાન થતું નથી, અને તેમ માનવામાં પ્રતિબંધકની કલ્પનારૂપ ગૌરવ છે. જ્યારે શુક્તિજ્ઞાનથી શુક્તિરજત નાશ પામે છે તેમ સ્વીકારીએ તો એ પ્રાપ્ત થાય કે, શુક્તિરજતરૂપ વિષય નથી માટે શુક્તિરજતનું જ્ઞાન થતું નથી, તેથી પ્રતિબંધકની કલ્પના કરવાની જરૂર રહેતી નથી, માટે એ પક્ષમાં લાઘવ છે. એ રીતે આત્મજ્ઞાન થાય છે ત્યારે આ પ્રપંચ નાશ પામે છે તેમ માનવાથી, બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે એ વાત સિદ્ધ થાય. તેથી દૃષ્ટાંતમાં લાઘવરૂપ યુક્તિ બતાવી તેના બળથી આત્મજ્ઞાનથી પ્રપંચ નાશ પામે છે, પરંતુ પ્રપંચનું જ્ઞાન નાશ પામતું નથી, એમ વેદાંતી સ્થાપન કરે છે.

અહીં પ્રથમ અહિદંડનું દૃષ્ટાંત લઈને આત્મજ્ઞાનથી આત્માના અજ્ઞાનજનિત પ્રપંચનો નાશ થાય છે એમ કહ્યું, અને ત્યાર પછી તે જ દૃષ્ટાંત ન લેતાં શુક્તિજ્ઞાનથી શુક્તિરજત નાશ પામે છે એ સ્થાપન કર્યું, તે શુક્તિરજતનું દૃષ્ટાંત અહિદંડના દૃષ્ટાંત સમાન છે, એ બતાવવા અર્થે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિશેષાર્થ :-**

વેદાંતમતે આત્માનું જ્ઞાન વેદાંતશાસ્ત્રના શ્રવણમાત્રથી થતું નથી, પરંતુ તેની પ્રક્રિયા આ પ્રમાણે છે - શ્રવણ, મનન અને નિદિધ્યાસનથી આત્માનું જ્ઞાન થાય છે. જે લોકોએ વેદાંતશાસ્ત્ર સાંભળ્યાં નથી અને તેના રહસ્યને જાણતા નથી, તે લોકોને આ જગત પારમાર્થિક સત્યરૂપે દેખાય છે. અને જે લોકોએ વેદાંતશાસ્ત્રને સાંભળ્યાં છે; અને તેના રહસ્યને પામ્યા છે, તેમને બ્રહ્મ પારમાર્થિક સત્યરૂપે દેખાય છે; અને આ સર્વ પ્રપંચ પારમાર્થિકરૂપે મિથ્યા હોવા છતાં વ્યવહારિક સત્યરૂપે દેખાય છે. અને ત્યાર પછી વેદાંત શાસ્ત્રનું મનન કરે અને સારી રીતે મનન કર્યા પછી નિદિધ્યાસન કરે અર્થાત્ શુદ્ધાત્મતત્ત્વનું ધ્યાન કરે, ત્યારે ધ્યાનના પ્રકર્ષથી આત્મતત્ત્વનું જ્ઞાન થાય છે; અને આ આત્મજ્ઞાન થયા પછી વ્યવહારિક સત્યરૂપે દેખાતો પ્રપંચ હવે તેને મિથ્યારૂપે દેખાય છે. આમ છતાં, પ્રારબ્ધ અદૃષ્ટનો ક્ષય ન થાય ત્યાં સુધી આભાસિક સત્યરૂપે આ પ્રપંચ દેખાય છે. અને જ્યારે આયુષ્યનો ક્ષય થાય ત્યારે તે સાધક આત્મા બ્રહ્મમાં લય પામે છે ત્યારે, આ સર્વ પ્રપંચ રહેતો નથી, ત્યારે આભાસિક સત્યરૂપે પણ પ્રપંચ ભાસતો નથી. **॥૩૭॥**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથા-૩૭ માં કહ્યું કે, આત્મજ્ઞાન થાય ત્યારે બ્રહ્માંડ અછતું થાય છે=અવિદ્યમાન થાય છે. ત્યાં શંકા થાય કે આ વિદ્યમાન બ્રહ્માંડ આત્મજ્ઞાનને કારણે અવિદ્યમાન કેમ થાય છે ? તેથી કહે છે -

**ચોપઇ :-**

**अधिष्ठान जे भवभ्रमतणुं, तेह ज ब्रह्म हुं साचुं गणुं ।**
**तेहनइं नहीं कर्मनो लेप, हुइ तो न टलइ करतां षेप ।।३८।।**

**ગાથાર્થ :-**

**ભવભ્રમનું અધિષ્ઠાન=પ્રપંચભ્રાંતિનો આધાર, જ બ્રહ્મ છે, તે જ હું સાચું ગણું છું અર્થાત્ સાચું માનું છું. અને તેને=બ્રહ્મને, કર્મનો લેપ થતો નથી. અને જો બ્રહ્મને કર્મનો લેપ સ્વીકારીએ તો ખેપ કરતાં ટળે નહિ=કર્મના લેપને દૂર કરવા યત્ન કરવા છતાં ટળે નહિ. ॥૩૮॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બાલાવબોધ :-**

भवभ्रम कहितां प्रपंचभ्रांति, तेहनुं अधिष्ठान जे ब्रह्म तेह ज हुं साचुं गणुं छुं; जिम रजतभ्रमाधिष्ठान शुक्ति, अहिभ्रमाधिष्ठान रज्जु, सत्य ब्रह्म प्रपंचनइं सादृश्य नथी तो भ्रम किम होइ ? ए शंका न करवी, जे माटइं कोइ भ्रम सादृश्य चिर(विण)पणि होइ छइ 'नभो नीलम्' इतिवत् । ते ब्रह्म परमार्थसत्यनइं कर्मनो लेप नथी, जो चेतननइं कर्मनो लेप होइ तो घणोइ उद्यम करतां टलइ नहीं ।।३८।।

● બાલાવબોધમાં **जे माटइं कोइ भ्रम सादृश्य चिरपणि होइ छइ** આ પંક્તિમાં '**चिर**'ના બદલે '**विण**' પાઠની સંભાવના છે, અને તે મુજબ અર્થ કરેલ છે.

**અનુવાદ :-**

**भवभ्रम.....अहिभ्रमाधिष्ठान रज्जु** । - પ્રપંચની ભ્રાંતિનું અધિષ્ઠાન= પ્રપંચની ભ્રાંતિનો વિષય જે બ્રહ્મ છે, તે જ હું સાચું ગણું=માનું છું, એમ વેદાંતી કહે છે. તેમાં દૃષ્ટાંત આપે છે - જેમ રજતના ભ્રમનો વિષય શુક્તિ છે અને અહિના= સર્પના, ભ્રમનો વિષય રજ્જુ છે, તેમ પ્રપંચના ભ્રમનો વિષય બ્રહ્મ છે. તેથી જેમ રજતના ભ્રમનો વિષય શુક્તિ એ સાચી છે પણ રજત સાચું નથી, તેમ પ્રપંચના ભ્રમનો વિષય બ્રહ્મ સાચો છે પણ પ્રપંચ સાચો નથી. આથી પૂર્વ ગાથા-૩૭ માં કહ્યું એ પ્રમાણે આત્મજ્ઞાન થાય ત્યારે બ્રહ્માંડરૂપ પ્રપંચ અવિદ્યમાન થાય છે, જેમ શુક્તિનું જ્ઞાન થાય છે ત્યારે રજત અછતું થાય છે.

**सत्य ब्रह्म.....न करवी** । -અહીં કોઈ શંકા કરે કે સત્ય બ્રહ્મને પ્રપંચની સાથે સાદૃશ્ય નથી, તો સત્ય બ્રહ્મમાં પ્રપંચનો ભ્રમ કેમ થઈ શકે ? તો વેદાંતી કહે છે કે એ શંકા ન કરવી,

**जे माटइं.....इतिवत्** । - જે માટે કોઈક બ્રહ્મ સાદૃશ્ય વિના પણ હોય છે. જેમ - 'આકાશ નીલ છે' એ પ્રકારનો ભ્રમ સાદૃશ્ય વગર પણ થાય છે.

**ભાવાર્થ :-**

શંકાકારનો આશય એ છે કે, રજત અને શુક્તિમાં કાંઈક સાદૃશ્ય છે અને સાપ અને રજ્જુમાં કાંઈક સાદૃશ્ય છે, તેથી શુક્તિમાં રજતનો ભ્રમ કે રજ્જુમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાપનો ભ્રમ થાય છે; પરંતુ સત્ય બ્રહ્મ અને જગતનો પ્રપંચ એ બે વચ્ચે કોઈ સાદૃશ્ય નથી, તો સત્ય બ્રહ્મમાં પ્રપંચનો ભ્રમ કેમ થાય ? અર્થાત્ થઈ શકે નહિ. તેના જવાબરૂપે વેદાંતી કહે છે કે જેમ આકાશ નીલ છે એ પ્રકારનો ભ્રમ સાદૃશ્ય વગર થાય છે, તેમ બ્રહ્મમાં પણ સાદૃશ્ય વગર પ્રપંચનો ભ્રમ થાય છે.

**વિશેષાર્થ :-**

આકાશ અરૂપી છે છતાં નીલ વાદળાંરૂપ ઉપાધિને કારણે આકાશ નીલ દેખાય છે, તેથી આકાશમાં નીલપણાનો ભ્રમ થાય છે. તે જ રીતે શુદ્ધ બ્રહ્મ જ્ઞાનમાત્રરૂપ એક છે, તો પણ ચિત્તરૂપ ઉપાધિને કારણે આ સંસારનો પ્રપંચ અનેકરૂપ દેખાય છે. જ્યારે આત્મજ્ઞાન પ્રગટે છે ત્યારે પ્રપંચનો ભ્રમ ચાલ્યો જાય છે. માટે સાદૃશ્ય વગર પણ બ્રહ્મમાં પ્રપંચના ભ્રમને સ્વીકારવામાં કોઈ દોષ નથી.

**ઉત્થાન :-**

અહીં કોઇને શંકા થાય કે પ્રપંચના ભ્રમનું અધિષ્ઠાન જે બ્રહ્મ સત્ય છે તેને કર્મનો લેપ થવાથી આ આખો પ્રપંચ ઊભો થયો છે. તેમ માનીએ તો એ પ્રાપ્ત થાય કે, કર્મના લેપવાળો બ્રહ્મરૂપ આ પ્રપંચ પણ સત્ય છે, અને કર્મના લેપ વગરનો બ્રહ્મ તે શુદ્ધ બ્રહ્મ છે, તેનું નિરાકરણ કરવા માટે વેદાંતી કહે છે -

**અનુવાદ :-**

**તે ब्रह्म.....टलइ नहीं।।३८।।** - પરમાર્થથી સત્ય એવા તે બ્રહ્મને કર્મનો લેપ થતો નથી, અને જો ચેતન એવા બ્રહ્મને કર્મનો લેપ હોય તો ઘણો ઉદ્યમ કરતાં ટળે નહિ. **॥૩૮॥**

**ભાવાર્થ :-**

વેદાંતીનો આશય એ છે કે શુક્તિમાં રજતનો ભ્રમ થાય છે, પણ શુક્તિ રજત થતી નથી, તેથી શુક્તિના જ્ઞાનથી રજતનો ભ્રમ ટળી શકે છે, તેથી રજત રહેતું નથી. તેમ પરમાર્થથી બ્રહ્મનું જ્ઞાન થાય છે ત્યારે પ્રપંચનો ભ્રમ ટળી શકે છે, તેથી પ્રપંચ રહેતો નથી. પરંતુ સત્ય એવા બ્રહ્મને કર્મનો લેપ થતો નથી, આથી જ કર્મના લેપને કારણે આ બ્રહ્મમાંથી પ્રપંચ પેદા થયો છે તેમ માનવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉચિત નથી, પરંતુ બ્રહ્મના અજ્ઞાનને કારણે આ પ્રપંચ ઉત્પન્ન થયો છે. અને જો ચેતનને કર્મનો લેપ સ્વીકારીએ તો ઘણો ઉદ્યમ કરવા છતાં પણ તે ટળી શકે નહિ. કેમ કે સાધના દ્વારા આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાનો ઉદ્યમ કરવામાં આવે છે, અને આત્મજ્ઞાનથી બ્રહ્મનું અજ્ઞાન ટળે છે; પરંતુ જો બ્રહ્મ ઉપર કર્મનો લેપ થતો હોય તો આત્મજ્ઞાનથી તે ટળી શકે નહિ. વસ્ત્ર ઉપર મળ લાગેલો હોય તો ધોવાની ક્રિયાથી ટળી શકે, તેવી ધોવાની કોઈ ક્રિયા બ્રહ્મને પ્રગટ કરવામાં થતી નથી કે જેથી ઉદ્યમથી કર્મનો લેપ ટળી શકે; પરંતુ જે કાંઈ ઉદ્યમ કરવામાં આવે છે, તે આત્મજ્ઞાન માટે કરવામાં આવે છે, અને આત્માના જ્ઞાનથી બ્રહ્મનું અજ્ઞાન ટળે છે. **॥૩૮॥**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથા-૩૮ માં કહ્યું કે ચેતનને કર્મનો લેપ હોય તો ઘણા ઉદ્યમથી પણ ટળે નહિ, તે જ વાતને સ્પષ્ટ કરતાં કહે છે -

**ચોપાઇ :-**

**जे अनादि अज्ञान संयोग, तेहनो कहिइं न होइ वियोग ।**
**भाव अनादि अनंत ज दिट्ठ, चेतनपरिं विपरीत अनिट्ठ ।।३९।।**

**ગાથાર્થ :-**

**જે કારણે અજ્ઞાન=જ્ઞાનાવરણકર્મ, તેનો અનાદિ સંયોગ કહીએ તો તેનો= કર્મના સંયોગનો, વિયોગ થાય નહિ.** તેમાં યુક્તિ બતાવે છે - **જે ભાવ અનાદિ હોય તે ચેતનની જેમ અનંત જ દેખાય છે, વિપરીત=અનાદિ સાંત, અનિષ્ટ છે. ॥૩૯॥**

**બાલાવબોધ :-**

जे माटि अज्ञान कहितां ज्ञानावरणकर्म तेहनो अनादिसंयोग जीवनइ मानो तो कहिइं तेहनो वियोग न थाइ, भाव अनादि होइ ते अनंत ज होइ जिम चेतनभाव, विपरीत अनिष्ट छइ-अनादिसांतभाव प्रमाणसिद्ध ज नथी, ते माटइं कर्मसंयोग जीवनइ अनादि नथी, सदा कर्ममुक्त ज ब्रह्म छइं, नित्यमुक्तनइं अविद्याइं जड बद्ध जाणइ छइ ।।३९।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**जे माटि.....जिम चेतनभाव;** - જે કારણે અજ્ઞાન=જ્ઞાનાવરણકર્મ, તેનો અનાદિ સંયોગ જીવને માનવામાં આવે તો તેનો વિયોગ થાય નહિ. તેમાં યુક્તિ બતાવે છે - જે ભાવ અનાદિ હોય તે અનંત જ હોય. તેમાં દૃષ્ટાંત બતાવે છે - જેમ ચેતનભાવ.

**ભાવાર્થ :-**

જેમ ચેતનનો ભાવ=ચેતનની વિદ્યમાનતા સદા છે, તેથી જેમ ચેતનની વિદ્યમાનતા અનાદિ-અનંત છે, તેમ જે ભાવ અનાદિ હોય તે અનંત જ હોય; અને તે નિયમ પ્રમાણે જ્ઞાનાવરણકર્મનો સંયોગ અનાદિ માનવામાં આવે તો તેનો વિયોગ ક્યારેય થાય નહિ. માટે પૂર્વગાથા-૩૮ માં બતાવ્યું તે રીતે, ચેતનને કર્મનો લેપ થતો નથી, એ પ્રકારનો વેદાંતીનો આશય છે.

**ઉત્થાન :-**

અનાદિ-અનંતભાવ જ જગતમાં છે. તેને દૃઢ કરવા માટે વેદાંતી કહે છે -

**અનુવાદ :-**

**विपरीत.....प्रमाणसिद्ध ज नथी,** = વિપરીત અનિષ્ટ છે=અનાદિ-સાંતભાવ પ્રમાણસિદ્ધ જ નથી.

**ઉત્થાન :-**

આ રીતે અનાદિભાવને અનંત સ્થાપીને ફલિતાર્થ બતાવે છે -

**અનુવાદ :-**

**ते माटइं.....ब्रह्म छइं,** = જે કારણે કર્મનો સંયોગ જીવને અનાદિ નથી, તે કારણે બ્રહ્મ=જીવ, સદા કર્મમુક્ત છે.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે બ્રહ્મ=જીવ, સદા કર્મમુક્ત હોય તો હું કર્મથી બંધાયો છું, એમ જાણીને યોગીઓ સાધના માટે પ્રયત્ન કેમ કરે છે ? તેથી કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**नित्यमुक्तनइं.....।।३९।।** - નિત્યમુક્તને જડ અવિદ્યાથી બદ્ધ જાણે છે. **॥૩૯॥**

**ભાવાર્થ :-**

વાસ્તવિક રીતે આત્મા કર્મને બાંધતો નથી, તેથી નિત્યમુક્ત છે. આમ છતાં, તેનામાં અજ્ઞાન છે, તેથી તે જડ જેવો છે, અને જડ એવો આત્મા અવિદ્યાને કારણે જ હું કર્મથી બંધાયેલો છું તેમ જાણે છે; તેથી મારે કર્મથી છૂટવું છે, એમ માનીને સાધનામાં પ્રવૃત્તિ કરે છે. જ્યારે વેદાંતશાસ્ત્રના શ્રવણથી યોગી જાણે છે કે આત્મા નિત્યમુક્ત છે, તો પણ અજ્ઞાનને કારણે આ પ્રપંચ ઊભો થયો છે, તેથી અજ્ઞાનને કાઢવા માટે તે સાધના કરે છે. આમ છતાં અજ્ઞાન ગયું નથી ત્યાં સુધી તે જડ છે, તેથી આત્માને બંધ માને છે. **॥૩૯॥**

**અવતરણિકા :-**

બ્રહ્મના અજ્ઞાનને કારણે બ્રહ્મનો ભેદ દેખાય છે, તેથી અનેક જીવો અને આ પ્રપંચ દેખાય છે, અને પોતે કર્મથી બંધાયેલો છે તેવો ભ્રમ થાય છે, તે વાત દૃષ્ટાંતથી બતાવે છે -

**ચોપઇ :-**

**काचघरिं जिम भूंके श्वान, पडइ सीह जलि बिंबनिदान ।**
**जिम कोलिक जालिं गुंथाइ, अज्ञानिं निजबंधन थाय ।।४०।।**

**ગાથાર્થ :-**

**જેમ કાચના ઘરમાં શ્વાન=કૂતરો, ભૂંકે છે, જેમ સિંહ બિંબના=પ્રતિબિંબ પડવાના, કારણે પાણીમાં પડે છે. (તેમ બ્રહ્મના અજ્ઞાનને કારણે જીવને બ્રહ્મનો ભેદ પ્રતિભાસ થાય છે.).**

હવે અજ્ઞાનને કારણે જીવ પોતાને બદ્ધ જાણે છે, તેમાં દૃષ્ટાંત બતાવે છે -

**જેમ કરોળિયો જાળને ગૂંથે છે, (અને તેમાં પોતે બંધાય છે) તેમ અજ્ઞાનને કારણે નિજબંધન થાય છે=જીવ પોતે બંધાયેલો છે તેમ માને છે. ॥૪૦॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બાલાવબોધ :-**

तिहां दृष्टांत कहइ छइ-जिम काचनइं घरिं प्रतिबिंबनइं अपर श्वान जाणी श्वान भुकइ छइ, सिंह जलि पोतानुं प्रतिबिंब देषी तेणइ निमित्तइं अपर सिंह जाणी क्रोधइ तेमांहिं पडइ छइं, जिम तंतुवाय पोतइं जाल करइ तेहमां पोतइं ज गुंथाइ छइं, तिम ब्रह्मज्ञान विना भेद प्रतिभासइं, जूठइं जूठुं ज बंधन थाइ छइ ।।४०।।

**અનુવાદ :-**

**तिहां दृष्टांत.....पडइ छइं,** = ત્યાં દૃષ્ટાંત કહે છે - જે કાચના ઘરમાં પોતાનું પ્રતિબિંબ જોઈને આ બીજો કૂતરો છે, તેમ જાણીને કૂતરો ભૂંકે છે; અને પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોઈને આ બીજો સિંહ છે, એમ જાણીને ક્રોધથી સિંહ તેમાં પડે છે.

વાસ્તવિક રીતે ત્યાં બીજો કૂતરો કે બીજો સિંહ નથી, તેમ વાસ્તવિક રીતે બ્રહ્મ એક છે તેથી આત્મા એક છે, અનેક આત્માઓ નથી; આમ છતાં સંસારી જીવોને અજ્ઞાનને કારણે અનેક આત્માઓ દેખાય છે.

**ઉત્થાન :-**

આ રીતે અજ્ઞાનને કારણે અનેક જીવો દેખાય છે તે બતાવીને, અજ્ઞાનને કારણે જીવ પોતે બંધાયેલો છે તેમ દેખાય છે, તે બતાવતાં કહે છે -

**અનુવાદ :-**

**जिम तंतुवाय.....थाइ छइ।।४०।।** - જેમ કરોળિયો પોતે જાળ કરીને તેમાં પોતે જ ગૂંથાય છે, તેમ સંસારી જીવ અજ્ઞાનને કારણે હું કર્મથી બંધાયેલો છું એ પ્રકારની કાલ્પનિક બંધનની જાળ પેદા કરીને પોતે બંધાય છે, જે ખોટું બંધન છે, વાસ્તવિક રીતે જીવ તો નિત્યમુક્ત જ છે. **॥૪૦॥**

**ભાવાર્થ :-**

જેમ કૂતરાને અને સિંહને પ્રતિબિંબનું જ્ઞાન નહિ હોવાને કારણે પોતાનાથી ભિન્ન એવો કૂતરો કે સિંહ દેખાય છે; તેમ સંસારી જીવને બ્રહ્મજ્ઞાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહિ હોવાથી પોતાનાથી ભિન્ન જીવો અને ઘટ-પટાદિ પદાર્થો દેખાય છે. અને જેમ કરોળિયો પોતે જ જાળાં કરીને તેમાં ગૂંથાય છે, તેમ બ્રહ્મના અજ્ઞાનને કારણે જીવ સ્વકલ્પના કરીને પોતે કર્મથી બંધાયેલો છે, તેમ તે માને છે. વાસ્તવિક જીવ નિત્યમુક્ત જ છે, તેથી જૂઠે જૂઠું બંધન છે. **॥૪૦॥**

**ચોપઇ :–**

**इम अज्ञानि बांधी मही, चेतन करता तेहनो नहीं ।**
**गलचामीकरनइ दृष्टांति, धरमप्रवृत्ति जिहां लगइ भ्रांति ।।४१।।**

**ગાથાર્થ :–**

**એમ=પૂર્વ ગાથા-૪૦ માં કરોળિયાના દૃષ્ટાંતથી બતાવ્યું કે અજ્ઞાનને કારણે જૂઠું બંધન થાય છે એ રીતે, અજ્ઞાને કરીને પૃથ્વી=જગતના જીવો, બંધાણા, (પરંતુ) તેનો=તે બંધનનો, કર્તા ચેતન નથી.**

**ઉત્થાન :–**

અહીં પ્રશ્ન થાય કે તો પછી ધર્મમાં પ્રવૃત્તિ કઈ રીતે થઈ શકે ? તેથી કહે છે -

**ગાથાર્થ :–**

**ગળામાં સોનાની માળાના દૃષ્ટાંતથી જ્યાં સુધી ભ્રાંતિ જાય નહિ, ત્યાં સુધી ધર્મની પ્રવૃત્તિ છે. ॥૪૧॥**

**બાલાવબોધ :–**

**इम अज्ञानइं मही कहितां पृथ्वी ते बंधाणी छई, ते बंधनो कर्ता चेतन नथी। जो परमार्थथी बंध नथी तो बंधवियोगनइं अर्थि योगी किम प्रवर्तइं छइं? ते आशंकाइं कहइ छइ-गलचामीकर कहितां कंठगत हेममाला तेहनइ दृष्टांतइं भ्रांति छइ, तिहांताइं धर्मनइ विषइ प्रवृत्ति छइं, जिम छती ज कंठस्वर्णमाला गई जाणी कोइ घणे ठामे सोंधइं तिम अबद्ध ब्रह्मनइं ज बद्ध जाणी बंधवियोगनइ अर्थि तपस्वी प्रवर्तइं छइं ।।४१।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**इम अज्ञानइं.....आशंकाइं कहइ छइ ।'** - એમ=પૂર્વ ચોપઇ-૪૦માં બતાવ્યું કે કરોળિયો જેમ સ્વયં જાળાં કરે છે; તેમ બ્રહ્મના અજ્ઞાનને કારણે સ્વકલ્પનાનાં જાળાંથી જૂઠું જૂઠું બંધન થાય છે. એ રીતે, બ્રહ્મના અજ્ઞાનને કારણે પૃથ્વી=જગત્વર્તી લોકો, બંધાણા છે, પરંતુ વાસ્તવિક રીતે તે બંધનો કર્તા ચેતન નથી.

આશય એ છે કે વેદાંતમતે ચેતન કર્મનો કર્તા નથી, પરંતુ બ્રહ્મના અજ્ઞાનને કારણે 'હું કર્મને બાંધું છું' એવો ભ્રમ તેને વર્તે છે.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે જો પરમાર્થથી આત્માને બંધ નથી, તો બંધના વિયોગ અર્થે યોગીની પ્રવૃત્તિ કેમ થાય છે ? તેના સમાધાનરૂપે ગાથાના ઉત્તરાર્ધમાં કહે છે -

**અનુવાદ :-**

**गलचामीकर.....प्रवर्तइं छइं ।।૪૧।।** - કંઠમાં રહેલી માળાના દૃષ્ટાંતથી કર્મબંધનો ભ્રમ છે અર્થાત્ કોઈ વ્યક્તિના કંઠમાં સોનાની માળા પડી હોય અને તે ખોવાઇ ગઇ હોય તેવો ભ્રમ થાય તો તેને શોધવા માટે ઘણા સ્થાને પ્રયત્ન કરે છે. તેમ પોતાને કર્મબંધ થયો નથી, આમ છતાં બ્રહ્મના અજ્ઞાનને કારણે પોતાને કર્મબંધ થયો છે, તેવો ભ્રમ વર્તે છે; તેથી જ્યાં સુધી બ્રહ્મના અજ્ઞાનનો નાશ થાય નહિ, અને પોતે કર્મથી બંધાયેલો છે એ પ્રકારનો ભ્રમ જાય નહિ, ત્યાં સુધી કર્મને કાઢવા અર્થે ધર્મવિષયક પ્રવૃત્તિ છે. આથી જ અબદ્ધ એવા બ્રહ્મને બદ્ધ જાણીને કર્મબંધના વિયોગને અર્થે તપસ્વી પ્રવૃત્તિ કરે છે.

આનાથી એ ફલિત થાય કે અજ્ઞાનના નાશના અર્થે ધર્મમાં પ્રવૃત્તિ છે, અને જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી જ ધર્મમાં પ્રવૃત્તિ છે. **॥૪૧॥**

**અવતરણિકા :-**

પૂર્વગાથા-૪૧ ના ઉત્તરાર્ધમાં કહ્યું કે કંઠગત ચામીકરના દૃષ્ટાંતથી ધર્મમાં પ્રવૃત્તિ છે. તેથી હવે જ્યારે ભ્રાંતિ ચાલી જાય ત્યારે સાધુને શું પ્રવૃત્તિ હોય ? તે બતાવવા અર્થે કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોપઇ :-**

**भ्रांति मिटइ चितमान अगाध, करता नहि पणि साषी साध ।**
**व्यवहारइं करतां ते होउ, परमारथ नवि बांध्यो कोउ ।।४२।।**

**ગાથાર્થ :-**

**ભ્રાંતિ મટે છે (ત્યારે) ચિતમાન=ચૈતન્યમાત્ર, અગાધ છે. સાધુ કર્તા નથી પણ સાક્ષી છે.**

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે તો પછી સાધક એવા સાધુની લોકવ્યવહારમાં પ્રવૃત્તિ દેખાય છે, તે કઇ રીતે સંગત થાય ? તેથી કહે છે -

**ગાથાર્થ :-**

**વ્યવહારથી તે=સાધુ, કર્તા હોય (પણ) પરમાર્થથી કોઈ બાંધ્યા નથી= બંધાણા નથી. ॥૪૨॥**

**બાલાવબોધ :-**

**ते भ्रांति मिट्यइ सिद्धयोगीनइं न प्रवृत्ति न निवृत्ति छइं, अगाध-निस्तरंग चेतनादिविलासमात्र छइं, ते दशाइं साधु करता नथी पणि साषी छइ, व्यवहारइं-लोकप्रतिभासइं ते कर्ता थाओ पणि परमार्थइं कोइ बांध्यो नथी ।।४२।।**

**અનુવાદ :-**

**ते भ्रांति.....विलासमात्र छइं** । - તે ભ્રાંતિ મટે=પ્રથમ હું બદ્ધ છું એ પ્રકારની ભ્રાંતિના કારણે બંધના વિયોગ અર્થે યોગી યમ-નિયમમાં પ્રવૃત્તિ કરે છે, પછી વેદાંત વચનના શ્રવણથી હું બંધાયેલો નથી તેમ જાણે છે, ત્યાર પછી તે વચનોનું મનન અને નિદિધ્યાસન કરે છે ત્યારે તેને ભ્રાંતિ જાય છે, અને તે વખતે તે સિદ્ધયોગી બને છે. અને સિદ્ધયોગી થાય ત્યારે તે બંધના વિયોગ માટે સાધનામાં પ્રવૃત્તિ કરતા નથી કે સાધનાથી નિવૃત્ત થતા નથી, અર્થાત્ સાધના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છોડી દેતા નથી. તો શું કરે છે ? એ પ્રશ્ન થાય, તેથી બતાવે છે -

ચૈતન્યમાત્ર અગાધ તેઓમાં વર્તે છે=નિસ્તરંગ ચેતનાદિ વિલાસમાત્ર તેઓમાં છે.

**ભાવાર્થ :-**

આશય એ છે કે સર્વ પ્રકારના વિકલ્પોરૂપ તરંગો શાંત થઈ જાય છે તેથી, તરંગ વગરની ચેતનાદિમાં વિલાસ કરવારૂપ અવસ્થા ત્યાં છે, અને તે દશામાં સિદ્ધયોગી એવા સાધુ કોઈ પ્રવૃત્તિ કરતા નથી; પરંતુ તેના દેહથી જે કાંઈ પ્રવૃત્તિ થાય છે તે પ્રવૃત્તિના તેઓ સાક્ષી છે.

● **चेतनादिविलासमात्र** અહીં **'ચેતનાદિ'** માં **'आदि'** પદથી સુખમાં વિલાસમાત્ર છે, તે ગ્રહણ કરવાનું છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે સિદ્ધયોગી પ્રવૃત્તિ કરતા નથી અને નિવૃત્તિ કરતા નથી, ત્યાં પ્રશ્ન થાય કે જો પ્રવૃત્તિ કરતા ન હોય તો નિવૃત્તિ જ હોય, અને નિવૃત્તિ કરતા ન હોય તો પ્રવૃત્તિ જ પ્રાપ્ત થાય. તેનું સમાધાન એ છે કે, પ્રથમ તેઓ કર્મબંધના વિયોગ અર્થે પ્રવૃત્તિ કરતા નથી, આમ છતાં હજુ તે સાધુઓ દેહધારી છે, તેથી દેહકૃત જે કાંઈ પ્રવૃત્તિ છે તે પ્રવૃત્તિઓ કઈ રીતે તેઓ કરે છે, તે બતાવતાં કહે છે -

**અનુવાદ :-**

**ते दशाइं.....पणि साषी छइ ।** - તે દશામાં=સિદ્ધયોગી દશામાં, સાક્ષીભાવે તેઓ પ્રવૃત્તિ કરે છે, તેથી પ્રથમ બંધના વિયોગના અભિલાષથી પ્રવૃત્તિ હતી તેવી પ્રવૃત્તિ હવે નથી. અને હવે જે સાધુની પ્રવૃત્તિ છે તે સાક્ષીભાવે પ્રવૃત્તિ છે, તેથી પ્રવૃત્તિની નિવૃત્તિ નથી તેમ કહેલ છે.

આનાથી એ ફલિત થયું કે પ્રવૃત્તિ નથી એટલે અભિલાષથી પ્રવૃત્તિ નથી, અને નિવૃત્તિ નથી એટલે અભિલાષથી થતી પ્રવૃત્તિની નિવૃત્તિ હોવા છતાં સાક્ષીભાવથી પ્રવૃત્તિ છે, માટે નિવૃત્તિ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે સાધુ કર્તા નથી પણ સાક્ષી છે. ત્યાં પ્રશ્ન થાય કે હું કર્તા છું એવી ભ્રાંતિ ચાલી ગઇ છે, તો પછી ભ્રાંતિ ચાલી ગઇ છે તેવા સાધુ સાક્ષીથી પણ પ્રવૃત્તિ કેમ કરે છે ? તેથી કહે છે -

**અનુવાદ :-**

**व्यवहारइं.....बांध्यो नथी ।।४२।।'** - વ્યવહારથી=લોકપ્રતિભાસથી, તે કર્તા થાઓ, પણ પરમાર્થથી કોઈ બાંધ્યો=બંધાયેલો, નથી. **॥૪૨॥**

**ભાવાર્થ :-**

સાક્ષીભાવથી જ્યારે સિદ્ધયોગી પ્રવૃત્તિ કરે છે, ત્યારે લોકપ્રતિભાસથી એ કર્તા છે, તો પણ પરમાર્થથી કોઈ બંધાયેલ નથી, એમ તેઓ જાણે છે. તેથી જ અભિલાષથી કર્મબંધના વિયોગ અર્થે તે પ્રવૃત્તિ કરતા નથી. **॥૪૨॥**

**અવતરણિકા :-**

વાસ્તવિક કોઈ બંધાયેલું નથી, પરંતુ બ્રહ્મના અજ્ઞાનને કારણે જ હું બંધાયેલો છું તેવો ભ્રમ વર્તે છે, તેમ પૂર્વમાં સ્થાપન કર્યું. હવે તે ભ્રમની નિવૃત્તિ ક્રમથી થાય છે, તે બતાવવા અર્થે કહે છે -

**ચોપઇ :-**

**अभिध्यान योजन कैवल्य, गुण पामिइं श्रुति कहइ निःशल्य ।**
**परमारथ व्यवहार आभास, भासनशकति टलै सवि तास ।।४३।।**

**ગાથાર્થ :-**

અભિધ્યાન=વેદાંતશ્રવણ, યોજન=તત્ત્વજ્ઞાન, કૈવલ્ય=વિદેહકૈવલ્ય, આ ત્રણ ગુણને પામીને અનુક્રમે તેની=આ ત્રણ ગુણ પામનારની, પરમાર્થ ભાસનશક્તિ, વ્યવહાર ભાસનશક્તિ અને આભાસ ભાસનશક્તિ સર્વ નિઃશલ્ય= સંદેહરહિત=નક્કી, ટળે, (એ પ્રમાણે) શ્રુતિ કહે છે. **॥૪૩॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બાલાવબોધ :-**

अभिमुख्र ध्यान ते अभिध्यान वेदांतश्रवण, योजइं मुक्तिनइं ते योजन तत्त्वज्ञान, कैवल्य कहितां विदेहकेवलभाव, ए ३ गुण पामिइं ते जीवनइं अनुक्रमइं प्रपंचनी पारमार्थिक-व्यवहारिक-आभासिकता-प्रतिभासननी शकति छै ते मिटइं, तिहां नैयायिकादिवासनाइं प्रपंचनइ पारमार्थिकपणुं जणातुं ते वेदांतश्रवण पछी मिटइ, तिवार पछी प्रपंचनइ योगी व्यावहारिक करी जाणइ पणि पारमार्थिक करी न जाणइं, वलतुं तत्त्वज्ञान उपजइं तिवारइं प्रपंचनइ व्यावहारिकपणि न जाणइं बाधितानुवृत्तिं आभासिकमात्र जाणइं, विदेहकैवल्यइं प्रपंचनुं ज्ञान मात्र ज टलइं, निःप्रपंच चिन्मात्र हुइ रहइ, "तस्याभिध्यानाद् योजनात् तत्त्वभावाद्भूयश्चान्ते विश्वमाया निवृत्तिः" **इति श्रुतिः ।।४३।।**

**અનુવાદ :-**

પ્રથમ અભિધ્યાનનો અર્થ કરે છે -

**अभिमुख.....वेदांतश्रवण** - અભિમુખ ધ્યાન તે અભિધ્યાન= વેદાંતશ્રવણ. વેદાંતશાસ્ત્રમાં બતાવાયેલા તત્ત્વને અભિમુખ જે વિચાર છે, તે અભિમુખ ધ્યાન છે. તેથી અભિધ્યાનનો અર્થ વેદાંતશ્રવણ કરેલ છે. હવે યોજનનો અર્થ બતાવતાં કહે છે -

**योजइं.....तत्त्वज्ञान**- મુક્તિને જે યોજે તે યોજન. વેદાંતમતે તત્ત્વજ્ઞાનથી મુક્તિ છે, તેથી યોજનનો અર્થ તત્ત્વજ્ઞાન કરેલ છે.

હવે કૈવલ્યનો અર્થ બતાવતાં કહે છે -

**कैवल्य.....केवलभाव** - કૈવલ્ય=વિદેહ કેવલભાવ, અર્થાત્ સાધનાને અંતે બ્રહ્મમાં લય અવસ્થા, જે દેહ વગરની કૈવલ્યસ્વરૂપ અવસ્થા છે.

**ए ३ गुण.....ते मिटइं**,- આ ત્રણ ગુણને પામીને તે જીવને અનુક્રમે - (૧) પારમાર્થિક ભાસનશક્તિ, (૨) વ્યાવહારિક ભાસનશક્તિ અને (૩) આભાસિક ભાસનશક્તિ છે તે ટળે છે.

તેમાં પ્રથમ પારમાર્થિક ભાસનશક્તિ ક્યારે ટળે છે તે બતાવે છે -



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तिहां..... आभासिकमात्र जाणइं,** - વેદાતમતથી અન્ય એવા નૈયાયિકાદિવાસનાથી પ્રપંચનું પારમાર્થિકપણું જણાતું હતું, તે વેદાંતશ્રવણ પછી ટળે છે. તેથી વેદાંતશાસ્ત્રના પરમાર્થને જાણીને જે વ્યક્તિ જાણે છે કે જગતમાં **"ब्रह्म सत्यं जगन्मिथ्या"**= "બ્રહ્મ સત્ય છે અને આખું જગત મિથ્યા છે," તેવા યોગીને, આ જગત અનેક જીવાત્મક અને ઘટ-પટાદિ અનેક પદાર્થાત્મક દેખાય છે, પરંતુ તે જાણે છે કે પારમાર્થિક રીતે બ્રહ્મ સિવાય જગતમાં કાંઈ નથી. આમ છતાં જે મને દેખાય છે તે વ્યાવહારિક જગત છે, પારમાર્થિક તો બ્રહ્મ એક જ છે, બ્રહ્મ સિવાય જગતમાં કાંઈ નથી. આવો યોગી વેદાંતશાસ્ત્રના શ્રવણથી જ્યારે બ્રહ્મનું જ્ઞાન કરે છે, ત્યાર પછી તેનું મનન કરે છે અને ત્યાર પછી નિદિધ્યાસન કરે છે=શુદ્ધ બ્રહ્મનું ધ્યાન કરે છે; અને તે ધ્યાનથી જ્યારે તત્ત્વજ્ઞાન પ્રગટે છે, તે વખતે પ્રપંચ વ્યાવહારિક પણ તેને જણાતો નથી, પરંતુ બાધિત અનુવૃત્તિવાળો આભાસિકમાત્ર જણાય છે.

**ભાવાર્થ :-**

વેદાંતશાસ્ત્રના શ્રવણ પછી યોગીને આખો પ્રપંચ વ્યાવહારિક દેખાય છે ત્યારે તે પ્રપંચના સંશ્લેષવાળો હોય છે, = સંસારવર્તી પદાર્થો સાથે રાગ-દ્વેષના પરિણામવાળો હોય છે, અને તે સંશ્લેષ દૂર કરવા માટે જ તે શુદ્ધ બ્રહ્મનું મનન અને નિદિધ્યાસન કરે છે; અને જ્યારે તત્ત્વજ્ઞાન પ્રગટે છે ત્યારે તે સિદ્ધયોગી બને છે. અને તે વખતે આ જગતના પદાર્થો સાથે કોઈ સંશ્લેષ=રાગ-દ્વેષનો પરિણામ, તેને વર્તતો નથી, તેથી હવે તેને જગત વ્યાવહારિકરૂપે ભાસતું નથી. આમ છતાં, ચક્ષુથી અનેક જીવો અને ઘટ-પટાદિ અનેક પદાર્થો તેને દેખાય છે, તે સર્વને તે સાક્ષીરૂપે જ જુએ છે. તેથી સંશ્લેષ વગરના યોગીને આ જગત વ્યાવહારિકરૂપે દેખાતું નથી, પરંતુ આભાસિકમાત્ર દેખાય છે.

અહીં 'બાધિત અનુવૃત્તિવાળો આભાસિકમાત્ર દેખાય છે.' એમ કહ્યું એનાથી એ કહેવું છે કે - જેમ ચિત્રમાં નિમ્ન-ઉન્નતભાવો દેખાય છે, અને અનુભવથી તે ચિત્ર નિમ્ન-ઉન્નતભાવ વગરનું સપાટ છે તેમ જણાય છે; તેથી ત્યાં નિમ્ન-ઉન્નતભાવો બાધિત છે તેમ પણ જણાય છે, અને ચક્ષુથી નિમ્ન-ઉન્નતભાવો દેખાય પણ છે. તેથી એ પ્રાપ્ત થાય કે ચિત્રમાં નિમ્ન-ઉન્નતભાવો બાધિત છે. એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકારે બાધિત અનુવૃત્તિથી સહિત ચિત્રમાં આભાસિકમાત્ર નિમ્ન-ઉન્નતભાવો છે. એ રીતે પ્રસ્તુતમાં શુદ્ધ બ્રહ્મને છોડીને અન્ય કોઈ વસ્તુ જગતમાં નથી એમ તત્ત્વજ્ઞાનથી યોગી જાણે છે. તેથી દેખાતા અનેક પદાર્થો વાસ્તવિક નથી, પણ બાધિત છે તેમ તત્ત્વજ્ઞાનીને દેખાય છે. અને તે બાધિતની અનુવૃત્તિ સહિત પુરોવર્તી અનેક પદાર્થો આભાસિકમાત્રરૂપે સિદ્ધયોગીને જણાય છે. તેથી જ તે સિદ્ધયોગી આ દેખાતા પદાર્થોમાં સંશ્લેષ પામતા નથી, અને સાક્ષીભાવે જગતને જુએ છે.

**અનુવાદ :-**

**विदेहकैवल्यइं.....हुइ रहइ,** = તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થયા પછી તે યોગી જ્યારે દેહનો ત્યાગ કરે છે, ત્યારે વિદેહકૈવલ્ય અવસ્થાને પામે છે, ત્યારે પ્રપંચનું જ્ઞાનમાત્ર જ ટળી જાય છે. અને તેવો યોગી નિષ્પ્રપંચ એવો ચૈતન્યમાત્ર થઈને રહે છે, જે અવસ્થા બ્રહ્મમાં લયસ્વરૂપ છે. બ્રહ્મમાં લય પામ્યા પછી આ જગત તેને દેખાતું જ નથી. જેમ ઊંઘમાંથી જાગ્યા પછી સ્વપ્નમાં દેખાયેલા પદાર્થો જે ખરેખર વાસ્તવિક નથી, તેથી જાગ્યા પછી તે દેખાતા નથી; તે જ રીતે ઊંઘરૂપ સંસારાવસ્થામાં જે આ પદાર્થો પારમાર્થિક, વ્યાવહારિક કે આભાસિકરૂપે દેખાતા હતા, તે સર્વે બ્રહ્મમાં લય થયા પછી દેખાતા નથી. તેથી જ વેદાંતમતે બ્રહ્મ સત્ય છે અને ઊંઘમાં દેખાતા પદાર્થ જેવું આ જગત મિથ્યા છે.

**तस्याभिध्यानाद्.....श्रुतिः ।।४३।।** - અભિધ્યાનથી, યોજનથી અને તત્ત્વભાવથી=વિદેહકૈવલ્યથી, તેને=જીવને, અંતે વિશ્વમાયાની અત્યંત નિવૃત્તિ થાય છે, એ પ્રમાણે શ્રુતિ છે. **॥૪૩॥**

**વિશેષાર્થ :-**

કોઈ જીવ તત્ત્વની જિજ્ઞાસાથી વેદાંતદર્શનને સાંભળવા માટે આવેલો હોય તો તેને પ્રથમ શુદ્ધબ્રહ્મનું કથન કરવાનો વેદાંતશાસ્ત્રમાં નિષેધ છે, પરંતુ તેને યમ-નિયમાદિરૂપ વેદાંતશાસ્ત્ર કહે છે. જ્યારે તત્ત્વનો અર્થી જીવ યમ-નિયમાદિમાં સંપન્ન થાય છે, ત્યાર પછી વેદાંતશાસ્ત્રનો પરમાર્થ બતાવવા અર્થે તેને શુદ્ધબ્રહ્મનું સ્વરૂપ બતાવવામાં આવે છે. જ્યારે તે વેદાંતશાસ્ત્રથી શુદ્ધબ્રહ્મને જાણે છે તે અવસ્થા "અભિમુખ ધ્યાનરૂપ" છે. જ્યારે તે શ્રવણ પછી તેનું મનન અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિદિધ્યાસન કરે છે અને તેના કારણે તે પ્રપંચથી નિર્લેપ બને છે, તે અવસ્થા "તત્ત્વજ્ઞાન સ્વરૂપ" છે. અને તે તત્ત્વજ્ઞાનના કારણે દેહના ત્યાગ પછી વિદેહકૈવલ્ય અવસ્થાને પામે છે. **॥૪૩॥**

**અવતરણિકા :-**

ગાથા-૪૧ માં કહેલ કે, બ્રહ્મના અજ્ઞાનને કારણે જ ધર્મના વિષયમાં પ્રવૃત્તિ છે, અને ગાથા-૪૨ માં કહેલ કે, જ્યારે ભ્રાંતિ ટળી જાય છે ત્યારે સિદ્ધયોગી પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરતા નથી, પરંતુ સાક્ષીભાવથી પ્રપંચને જોનારા છે. ત્યારપછી ભ્રમને ટાળવાની વેદાંત પ્રક્રિયાનું સ્વરૂપ ગાથા-૪૩ માં બતાવ્યું. હવે તત્ત્વજ્ઞાન પ્રગટે છે ત્યારે કોઈ પ્રવૃત્તિ નથી, અને અવિદ્યા છે ત્યાં સુધી જ ધર્માર્થે પ્રવૃત્તિ છે, તે જ વાતને સ્પષ્ટ બતાવતાં કહે છે -

**ચોપઇ :-**

**जीवनमुगत लह्यो निजधाम, तेहनिं करणीनू नहि काम ।**
**जिहां अविद्या करणी तिहां, वीसामो छइ विद्या जिहां ।।४४।।**

**ગાથાર્થ :-**

**જીવન્મુક્ત નિજધામ=પોતાનું ધામ=આત્માનું તેજ, પામે છે તેને ધર્મપ્રવૃત્તિરૂપ કરણીનું કામ નથી. જ્યાં સુધી અવિદ્યા છે, ત્યાં સુધી ધર્મની કરણી છે, જ્યાં વિદ્યા (છે) ત્યાં (ધર્મપ્રવૃત્તિઓનો) વિસામો છે. ॥૪૪॥**

**બાલાવબોધ :-**

**तत्त्वज्ञानी ज्ञानइं संचितकर्म दही प्रारब्ध मात्र भोगनी प्रतीक्षा करतो जीवन्मुक्त थयो ते पोतानुं तेज पामिओ, तेहनइ करणीनुं काम नथी, जिहांतांइं अविद्या छइ तिहांतांइं क्रिया छइ, जिहां विद्या तत्त्वसाक्षात्काररूप आवी तिहां वीसामो छइं,**

आरुरुक्षोर्मुनेर्योगं क्रिया कारणमुच्यते ।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते ।। गीतासु

- (अध्यात्मसार.प्र.३ अधि. १५. श्लो. २२)।।४४।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**तत्त्वज्ञानी.....करणीनुं काम नथी ।** - વેદાંતશ્રવણ પછી મનન અને નિદિધ્યાસન દ્વારા તત્ત્વજ્ઞાન પ્રગટે છે, અને તેવો તત્ત્વજ્ઞાની સંચિતકર્મને જ્ઞાનથી બાળીને પ્રારબ્ધમાત્ર ભોગની પ્રતીક્ષા કરતો=પ્રારબ્ધમાત્રથી પ્રાપ્ત એવા ભોગોને દ્રષ્ટાભાવથી જોતો, જીવન્મુક્ત થયેલો તે પોતાના આત્માનું તેજ પામેલો છે. તેને ધર્મકરણીનું કામ નથી.

**ભાવાર્થ :-**

આશય એ છે કે આવો તત્ત્વજ્ઞાની ભૂતકાળનાં સંચિતકર્મને બાળે છે, અને ભૂતકાળનાં બંધાયેલાં કર્મો જે ઉદયમાં આવી રહ્યાં છે, તેને ભોગવે છે; પરંતુ તેમાં લેપાતો નથી, કેવલ સાક્ષીભાવથી તેને ભોગવે છે. તેથી સર્વકર્મથી મુક્ત નહિ હોવા છતાં દેહધારી મુક્ત છે, કેમ કે ભાવથી નિર્લેપ છે. અને તેવો યોગી નિર્લેપદશારૂપ તેજને પામેલો છે, તેને કર્મનાશ માટે ધર્મ કરવાનું કામ નથી.

તત્ત્વજ્ઞાનીનાં ભૂતકાળમાં બંધાયેલ કર્મ ઉદયમાં વર્તે છે, તેનાથી જ તેની આહારાદિમાં પ્રવૃત્તિ હોય છે, સ્વયં તેમાં જોડાતો નથી, તેથી પ્રારબ્ધમાત્રથી તેની ભોગની પ્રવૃત્તિ છે. અને તે ભોગની દ્રષ્ટાભાવથી પ્રતીક્ષા કરે છે, પણ ભોગ સાથે સંશ્લેષથી પ્રવૃત્તિ કરતો નથી, તે બતાવવા માટે, પ્રારબ્ધમાત્ર ભોગની પ્રતીક્ષા કરતો જીવન્મુક્ત છે, તેમ કહેલ છે.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે તો પછી ધર્મ માટે પ્રવૃત્તિની કોને જરૂર છે ? તેથી કહે છે -

**અનુવાદ :-**

**जिहांतांइ.....वीसामो छइं,** = જ્યાં સુધી અવિદ્યા છે ત્યાં સુધી ધર્મની ક્રિયા છે, અર્થાત્ જ્યાં સુધી હું કર્મથી બંધાયેલો છું એ પ્રકારનું અજ્ઞાન છે, ત્યાં સુધી કર્મનાશના અર્થે તપાદિમાં યોગીની પ્રવૃત્તિ છે. અને જ્યારે નિદિધ્યાસનથી વિદ્યા પ્રગટે છે, ત્યારે હું શુદ્ધ બ્રહ્મરૂપ છું એ પ્રકારનો તત્ત્વસાક્ષાત્કાર થાય છે, ત્યારે તપાદિમાં પ્રવૃત્તિરૂપ બાહ્યક્રિયા વિશ્રાંત થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં સાક્ષીરૂપે ગીતાનો શ્લોક બતાવે છે -

**आरुरुक्षोः.....।।४४।।** - યોગ ઉપર આરૂઢ થવાની ઈચ્છાવાળા એવા મુનિને યોગ ઉપર ચડવા માટે ક્રિયા કારણ છે, યોગ ઉપર આરૂઢ થયેલા એવા તેને જ=મુનિને જ, વિશેષ યોગની પ્રાપ્તિ માટે શમનો પરિણામ કારણ છે. **॥૪૪॥**

**ભાવાર્થ :-**

સાક્ષીપાઠમાં યોગ ઉપર આરૂઢ થવાની ઇચ્છાવાળા મુનિ તે અવિદ્યાવાળા છે અને યોગ ઉપર આરૂઢ થયેલા મુનિ તે તત્ત્વજ્ઞાની છે. યોગ ઉપર આરૂઢ થવાની ઇચ્છાવાળા મુનિ તપાદિની ક્રિયા દ્વારા યોગ ઉપર ચડી રહ્યા છે, અને તેનાથી જ તેઓ મોક્ષમાર્ગને પ્રાપ્ત કરે છે. અને જેમને તત્ત્વજ્ઞાન પ્રગટ્યું છે તેઓ મોક્ષમાર્ગરૂપ યોગ ઉપર આરૂઢ થયેલા છે, તેથી જ નિર્લેપદશાવાળા છે. નિર્લેપદશા શમપરિણામરૂપ છે અને તે શમપરિણામ જ તેઓને આરૂઢ થયેલી દશાથી અધિક દશામાં જવાનું કારણ છે. **॥૪૪॥**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથા-૪૪ માં બતાવ્યું કે તત્ત્વજ્ઞાનીને બાહ્ય ક્રિયાનો વિસામો છે. હવે તે તત્ત્વજ્ઞાનીને પ્રારબ્ધ અદૃષ્ટની ક્રિયા સાંપ્રદાયિક વેદાંતી માને છે અને ઉચ્છૃંખલ વેદાંતી માનતા નથી. તે બંને મત બતાવવા અર્થે કહે છે -

**ચોપઇ :-**

**विधि-निषेध ज्ञानीनइं नहीं, प्रारब्धिं तस किरिया कही ।**
**अवर कहिं नहीं तास अदृष्ट, जीवन कारण अन्य अदृष्ट ।।४५।।**

**ગાથાર્થ :-**

**વિધિ-નિષેધ જ્ઞાનીને નથી અને પ્રારબ્ધક્રિયા=આહાર-વિહારાદિની ક્રિયા, તેને=જ્ઞાનીને, કહી છે.**

**આ સાંપ્રદાયિક મત કહ્યો. હવે ઉચ્છૃંખલ વેદાંતીનો મત બતાવતાં કહે છે -**

**બીજો=ઉચ્છૃંખલ કહે છે કે તેને=જ્ઞાનીને, અદૃષ્ટ નથી, અને અન્યનું અદૃષ્ટ (જ્ઞાનીના) જીવનનું કારણ છે. ॥૪૫॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બાલાવબોધ :-**

**तत्त्वज्ञानीनइं विधि-निषेधरूप वैदिक क्रिया कोइ नथी, जे माटइं विधि-निषेध सर्व अविद्यावत्पुरुषविषय छइ, आहार-विहारादिक्रिया शरीरसाधन छइं, ते पणि प्रारब्धादृष्टइं छइं, इम सांप्रदायिक वेदांती कहइं छइ,**

**उच्छृंखल कहइं छइ -**

क्षीयते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे। (श्रुतिः) (मुण्ड.२/२)

ज्ञानाग्निः सर्वकर्माणि भश्मसात्कुरुतेऽर्जुन!।। - (गीता, अ० ४, श्लो. ३७)

**इत्यादि वाक्यइं कर्म सर्वपद संकोचनी अन्याय्यताइं ज्ञानीनइं, अदृष्टमात्रनो नाश मानिइं छइं, अनइं तेहनइं शरीरास्थिति(शरीरस्थिति) कारण ते ईश्वर शरीरनी परि अन्यादृष्ट छइ ।।४५।।**

● બાલાવબોધમાં '**शरीरास्थिति**' પાઠ છે ત્યાં '**शरीरस्थिति**' પાઠ સંગત લાગે છે.

**અનુવાદ :-**

**तत्त्वज्ञानीनइं.....पुरुषविषय छइ,** = તત્ત્વજ્ઞાનીને વિધિ-નિષેધરૂપ વૈદિક ક્રિયાઓ કોઇ નથી, જે કારણથી વિધિ-નિષેધરૂપ સર્વ ક્રિયાઓ અવિદ્યાવાળા પુરુષનો વિષય છે. અર્થાત્ હું શુદ્ધ બ્રહ્મ છું એવું જેને જ્ઞાન નથી, અને હું કર્મથી લેપાયેલો છું એવું જે વિપરીત જ્ઞાન છે, એવા પુરુષને માટે વિધિ-નિષેધરૂપ સર્વ ક્રિયાઓ છે.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે તત્ત્વજ્ઞાનીને વિધિ-નિષેધરૂપ ક્રિયા નથી, તો અન્ય કોઈ ક્રિયા છે કે નહિ ? તેથી કહે છે -

**અનુવાદ :-**

**आहार.....साधन छइं,** - જ્ઞાનીને આહાર-વિહારાદિની ક્રિયા શરીરના સાધનરૂપે છે અર્થાત્ શરીરને ટકાવવા માટે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે જ્ઞાનીની આહાર-વિહારાદિની ક્રિયા કોના કારણે છે ? તેથી બતાવે છે -

**અનુવાદ :-**

**ते पणि.....कहइं छइ,** - તે આહાર-વિહારાદિની ક્રિયા પણ પ્રારબ્ધ અદૃષ્ટથી=ઉદયમાં આવેલા અને દેહને ટકાવવાના કારણ એવા કર્મથી છે. એ પ્રકારે સાંપ્રદાયિક વેદાંતી કહે છે.

**उच्छृंखल.....नाश मानिइं छइं,** - ઉચ્છૃંખલ વેદાંતી કહે છે - શ્રુતિના વાક્યમાં જે 'કર્મ' પદ છે. તેનો અને ગીતાના વાક્યમાં જે 'સર્વ' પદ છે, તેનો સંકોચ કરવો અન્યાયરૂપ છે. તેના સંકોચની અન્યાયતા હોવાને કારણે જ્ઞાનીને અદૃષ્ટમાત્રનો નાશ માને છે. તે શ્રુતિનો અર્થ આ પ્રમાણે છે -

**क्षीयते.....कुरुतेऽर्जुन !** - પરાવર=પરમાં ઉત્તમ એવું તે=શુદ્ધ બ્રહ્મ, દેખાયે છતે આનાં=જ્ઞાનીનાં, કર્મો ક્ષય પામે છે.

ગીતાના શ્લોકનો અર્થ આ પ્રમાણે છે -

હે અર્જુન ! જ્ઞાનરૂપ અગ્નિ સર્વકર્મને ભસ્મસાત્ કરે છે.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે જો જ્ઞાનીને સર્વ કર્મનો નાશ થાય છે, તો તેના શરીરની સ્થિતિનો પણ નાશ કેમ થતો નથી ? તેથી કહે છે -

**અનુવાદ :-**

**अनइं.....अन्यादृष्ट छइ ॥४५॥** - અને ઇશ્વરના શરીરની જેમ તેના=જ્ઞાનીના, શરીરની સ્થિતિનું કારણ અન્યનું=શિષ્યાદિનું, અદૃષ્ટ છે. **॥૪૫॥**

**ભાવાર્થ :-**

જે શિષ્યાદિનો જ્ઞાનીથી ઉપકાર થઈ શકે એવું અદૃષ્ટ છે, તેઓના અદૃષ્ટથી જ્ઞાનીનું શરીર ટકી રહેલું છે, પરંતુ તેના શરીરની સ્થિતિના કારણીભૂત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવું કોઈ અદૃષ્ટ જ્ઞાનીનું પોતાનું નથી. તેથી જ્ઞાનીને પ્રારબ્ધ અદૃષ્ટના કારણે આહાર-વિહારાદિની ક્રિયા નથી તેમ ઉચ્છૃંખલ વેદાંતી કહે છે. **॥૪૫॥**

**અવતરણિકા :-**

વેદાંતમતનું નિગમન કરીને સાંખ્ય મત પ્રમાણે આત્મા કર્તા અને ભોક્તા નથી, તે બતાવતાં કહે છે -

**ચોપઇ :-**

**करइ न भुंजइ इम आतमा, वेदंती बोलइ महातमा ।**
**सांख्य कहइ प्रकृति ज सवि, करि चेतनरूप बुद्धिमांहिं धरि ।।४६।।**

**ગાથાર્થ :-**

**આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, આત્મા કર્તા નથી અને ભોક્તા નથી એમ વેદાંતી મહાત્મા કહે છે. ( અને) સાંખ્ય કહે છે કે બુદ્ધિમાં ચેતનરૂપને ધારણ કરીને પ્રકૃતિ જ બધું કરે છે. ॥૪૬॥**

**બાલાવબોધ :-**

**"इम आत्मा न कर्ता, न भोक्ता" इम वेदांती बोलइ छइं । सांख्य कहइं छइं सत्त्व-रजस्तमोगुणनी साम्यावस्थाऽनादिमूलकारण प्रकृति छइं, तेह ज सर्व प्रपंच करइं छइं 'स्वपरिणाममहत्तत्त्वापरनामक स्वच्छ बुद्धि छइ' तेहमां चिन्मात्र आत्मरूप प्रतिबिंब धरइ छइं ।।४६।।**

**અનુવાદ :-**

**इम.....बोलइ छइं ।** - એમ=પૂર્વમાં કહ્યું એ રીતે, આત્મા કર્તા અને ભોક્તા નથી, એ પ્રમાણે વેદાંતી કહે છે. આ કથન વેદાંતમતના નિગમનરૂપ છે.

હવે સાંખ્યમતનો ઉપન્યાસ કરતાં કહે છે -

**सांख्य कहइं छइं.....प्रपंच करइं छइं** - સાંખ્ય કહે છે - સત્ત્વ-રજો અને તમોગુણની સામ્ય અવસ્થાનું અનાદિ મૂલકારણ પ્રકૃતિ છે અને તે જ=પ્રકૃતિ જ, સર્વ પ્રપંચ કરે છે.

Jain Education International · For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

આ સંસારનું અનાદિ મૂલ કારણ પ્રકૃતિ છે, અને તે પ્રકૃતિનું સ્વરૂપ સાંખ્યમતે સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણની સામ્યાવસ્થા છે. જૈનમત પ્રમાણે જેને કર્મ કહીએ છીએ તેને જ સાંખ્ય પ્રકૃતિરૂપે કહે છે, અને તે પ્રકૃતિ જ સર્વપ્રપંચ કરે છે, અને તે પ્રકૃતિમાંથી મહત્ તત્ત્વ પેદા થાય છે. તે બતાવતાં કહે છે -

**અનુવાદ :-**

**स्वपरिणाम.....धरइ छइं ।।४६।।**-સ્વપરિણામ=પ્રકૃતિનો પરિણામ= પ્રકૃતિનું કાર્ય, મહત્ તત્ત્વ છે બીજું નામ જેનું એવી તે સ્વચ્છ બુદ્ધિ છે. તેમાં=બુદ્ધિમાં, ચિન્માત્ર આત્મરૂપ પ્રતિબિંબ ધારણ કરે છે. **॥૪૬॥**

**ભાવાર્થ :-**

પ્રકૃતિમાંથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે જે સ્વચ્છ બુદ્ધિ છે, અને તેનું જ બીજું નામ મહત્ તત્ત્વ છે, અને તે બુદ્ધિમાં ચિન્માત્ર આત્મરૂપ પ્રતિબિંબને પ્રકૃતિ ધારણ કરે છે. આ પ્રમાણે સાંખ્ય કહે છે. **॥૪૬॥**

**અવતરણિકા :-**

હવે બુદ્ધિમાં આત્માનું પ્રતિબિંબ પડવાથી પ્રપંચ કેવી રીતે થાય છે, તે દૃષ્ટાંતથી બતાવે છે -

**ચોપઇ :-**

**जिम दरपण मुखि लालिम तास, बिंबचलननो होइ उल्लास ।**
**विषय-पुरुष-उपराग-निवेस, तिम बुद्धिं व्यापारावेश ।।४७।।**

**ગાથાર્થ :-**

**જેમ દર્પણમાં મુખ (દેખાય છે) અને તેની=મુખની, લાલિમ (દેખાય છે) (દર્પણના ચલનથી) બિંબચલનનો ઉલ્લાસ થાય છે અર્થાત્ બિંબ ચાલે છે તેવું ભાન થાય છે. તેમ બુદ્ધિમાં વિષયઉપરાગનિવેશ, પુરુષઉપરાગનિવેશ અને વ્યાપારાવેશ થાય છે. ॥૪૭॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● અહીં 'વિષયઉપરાગનિવેશ' મુખની લાલિમાસ્થાનીય છે, 'પુરુષઉપરાગનિવેશ' મુખસ્થાનીય છે અને **વ્યાપારાવેશ** બિંબચલનના ઉલ્લાસ=ભાન, સ્થાનીય છે.

**બાલાવબોધ :-**

**तिवारइ ३ प्रकार थाइ छइ ते देषाडइ छइ दृष्टांतइ- जिम दरपणि कहितां आरीसइ मुख दीसइ १, ते मुखनी लालिम-रक्तता दीसइ २, दरपण चलनाइं बिंबना चलननो उल्लास होइ ३, तिम ते बुद्धि चित्प्रतिबिंबइ घटादि विषयोपराग, अहं ए पुरुषोपराग, क्रियारूप व्यापारावेश होइ ।।४७।।**

**અનુવાદ :-**

**तिवारइ.....होइ ।।४७।।** - ત્યારે=બુદ્ધિમાં આત્માનું પ્રતિબિંબ પડે છે તે વખતે, ત્રણ પ્રકાર થાય છે. તે દૃષ્ટાંતથી બતાવે છે -

જેમ (૧) દર્પણમાં મુખ દેખાય છે, (૨) તે મુખની લાલિમ=રક્તતા, અર્થાત્ લાવણ્ય દેખાય છે અને (૩) દર્પણના ચલનથી દર્પણમાં પ્રતિબિંબિત મુખચલનનો ભાસ થાય છે; તેમ તે બુદ્ધિમાં ચેતનાના પ્રતિબિંબથી મુખના લાવણ્યના સ્થાને ઘટાદિ વિષયઉપરાગ છે; અને દર્પણમાં મુખ દેખાય છે તત્સ્થાનીય 'અહં' એ પ્રકારનો પુરુષઉપરાગ છે અર્થાત્ દર્પણમાં દેખાતું મુખ એ જેમ હું છું, તેમ બુદ્ધિમાં પ્રતિબિંબિત એવો આત્મા એ હું છું, એ પ્રકારનો જે ભ્રમ છે તે પુરુષઉપરાગ છે; અને દર્પણના ચલનથી જેમ મુખનું ચલન દેખાય છે, તેમ બુદ્ધિના વ્યાપારાવેશથી પુરુષ ક્રિયા કરે છે તેવું ભાન થાય છે, તે ક્રિયા વ્યાપારાવેશ છે. **॥૪૭॥**

**વિશેષાર્થ :-**

સાંખ્યમતે પુરુષ અકર્તા છે, પરંતુ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલી જે બુદ્ધિ છે, તેમાં પુરુષનું પ્રતિબિંબ પડે છે, અને તેના કારણે પ્રતિબિંબિત એવા પુરુષમાં 'અહં' એ પ્રકારનો વ્યવહાર થાય છે, એ પુરુષઉપરાગ છે; તેથી તે બુદ્ધિ પુરુષઉપરાગવાળી છે. (૧) જેમ બાળકને આરીસામાં પોતાનું મુખ દેખાય છે ત્યારે આ દેખાતું મુખ તે હું છું તેમ ભાસે છે, વાસ્તવિક તે મુખ હું નથી પણ મારું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિબિંબ છે; તેમ બુદ્ધિમાં પુરુષનું જે પ્રતિબિંબ છે તે પુરુષ નથી પરંતુ પુરુષનું પ્રતિબિંબ છે, તો પણ તે પ્રતિબિંબમાં 'અહં' એ પ્રકારનો અજ્ઞ જીવોને ભ્રમ થાય છે. અને (૨) જેમ આરીસામાં મુખનું પ્રતિબિંબ પડ્યા પછી મુખનું લાવણ્ય દેખાય છે, તેમ બુદ્ધિમાં ચેતનાનું પ્રતિબિંબ પડ્યા પછી તે પ્રતિબિંબિત ચેતનામાં ઘટાદિને જાણવાનું જે સામર્થ્ય છે, તે મુખની લાલિમાસ્થાનીય છે. કેમ કે જે વ્યક્તિના મુખમાં લાવણ્ય હોય તેના પ્રતિબિંબિત મુખમાં પણ લાવણ્ય દેખાય છે, તેમ પુરુષમાં ચિત્ શક્તિ છે, તેથી તેના પ્રતિબિંબમાં ઘટાદિ વિષયોને જાણવાની શક્તિ છે, એ મુખની લાલિમાસ્થાનીય છે. એથી જો બુદ્ધિમાં ચૈતન્યનું પ્રતિબિંબ ન પડ્યું હોત તો જડ એવી બુદ્ધિ ઘટાદિ વિષયોને જાણી શકે નહિ, પરંતુ ચેતનાના પ્રતિબિંબને કારણે તે બુદ્ધિ ઘટાદિને જાણવા સમર્થ બની, તે ચેતનાનું લાવણ્ય છે, જે બુદ્ધિરૂપી દર્પણમાં દેખાય છે. અને (૩) દર્પણના ચલનથી જેમ દર્પણમાં પ્રતિબિંબિત મુખનું ચલન ભાસે છે, તેમ બુદ્ધિના વ્યાપારથી બુદ્ધિમાં પ્રતિબિંબિત એવું ચૈતન્ય આ બધી ક્રિયા કરે છે તેવો ભાસ થાય છે. પરંતુ દર્પણના ચલનથી જ્યારે મુખ ચાલતું હોય ત્યારે પણ જે વ્યક્તિનું એ પ્રતિબિંબ છે તે વ્યક્તિ સ્થિર છે, તેમ બુદ્ધિથી જ્યારે આ બધી ક્રિયાઓ થાય છે ત્યારે પણ આત્મા નિષ્ક્રિય છે; આમ છતાં આત્મા ક્રિયાઓ કરે છે તેવો અજ્ઞ જીવોને પ્રતિભાસ થાય છે. અને જે જ્ઞાની છે તે જાણે છે કે બુદ્ધિમાં આ ચેતનનું પ્રતિબિંબ છે અને તેના કારણે જ લોકોને **'હું કર્તા છું'** એમ દેખાય છે; પરંતુ હું પોતે આ પ્રતિબિંબ નથી, તેથી મારા પ્રતિબિંબવાળી બુદ્ધિ જે કરે છે, તે હું કરતો નથી, તેથી હું કર્તા નથી. **॥૪૭॥**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથા-૪૭ માં દર્પણના દૃષ્ટાંતથી પુરુષઉપરાગ, વિષયઉપરાગ અને વ્યાપારાવેશ બતાવ્યા. હવે વિવેકખ્યાતિ જેને થઈ નથી તેવા અજ્ઞ જીવને જે જાતનો ભ્રમ થાય છે, તે બતાવવા અર્થે કહે છે -

**ચોપઇ :-**

**हुं जाणुं ए करणी करुं, ए त्रिहुं अंशिं मानइ षरुं ।**
**पणि ते सरव भरमनी जाति, जाणइ शुद्ध विवेकह ख्याति ।।४८।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ :-**

**હું=આત્મા, જાણું=ઘટાદિ પદાર્થોને જાણું છું, એ કરણી કરું=ગમનાદિ ચેષ્ટા કરું છું. આ ત્રણ અંશને જીવ ખરું=સાચું, કરીને માને છે, પણ તે સર્વ ભ્રમની જાતિ (છે.). વિવેકખ્યાતિ (જેને થઈ છે તે) શુદ્ધ જાણે છે. ॥૪૮॥**

**બાલાવબોધ :-**

**हूं-आत्मा, जाणुं घटादिक, ए करणी गमनादिरूप करुं, ए ३ अंशे जीव खरुं करी मांनइ, पणि ते सर्व प्रतिबिंब भ्रमनी जाति छइ, विवेकख्याति कहितां प्रकृति-पुरुषान्यताबुद्धि जेहनइ हुई होइ, ते शुद्ध केवलात्मस्वरूपजाणइ ।।४८।।**

**અનુવાદ :-**

(૧) **हुं=आत्मा**=દર્પણમાં જેમ મુખનું પ્રતિબિંબ પડે છે, તેમ સ્વચ્છ બુદ્ધિમાં ચિત્=ચેતના, પ્રતિબિંબિત થાય છે, અને તે પ્રતિબિંબને અજ્ઞ જીવ હું=હું પોતે છું, તેમ જાણે છે.

(૨) **जाणुं घटादिक**=જેમ દર્પણમાં પ્રતિબિંબિત થયેલા મુખની લાલિમા દેખાય છે, તેમ સ્વચ્છ બુદ્ધિમાં પ્રતિબિંબિત થયેલી ચેતનાને કારણે ઘટાદિ પદાર્થો જણાય છે. કેમ કે બુદ્ધિ સ્વયં જડ છે તે જાણી શકતી નથી, પરંતુ ચેતનાનું પ્રતિબિંબ તેનામાં પડેલું હોવાને કારણે તે ઘટાદિ પદાર્થોને જાણવા સમર્થ બને છે, અને અજ્ઞ જીવને તે ઘટાદિ પદાર્થો હું જાણું છું તેવો ભ્રમ થાય છે.

(૩) **ए करणी गमनादिरूप करुं**=જેમ અરીસામાં મુખનું પ્રતિબિંબ પડેલું હોય, અને અરીસાને કોઈ હલાવે તો અરીસામાં પ્રતિબિંબિત થયેલું મુખ હાલતું દેખાય છે, ત્યારે તે અરીસાની સામે ઊભેલો બાળક એમ કહે છે કે હું હાલી રહ્યો છું. એ રીતે બુદ્ધિમાં ચેતનાનું પ્રતિબિંબ પડતું હોવાને કારણે બુદ્ધિની ગમનાદિરૂપ કરણીને હું કરું છું, એમ અજ્ઞ જીવને ભાસે છે.

**ए ३ अंशे.....भ्रमनी जाति छइ**, - આ ત્રણે અંશો જીવ ખરું કરીને માને છે, પણ તે સર્વ પ્રતિબિંબ ભ્રમની જાતિ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

દર્પણમાં મુખનું પ્રતિબિંબ પડવાને કારણે જેમ બાળકને તે મુખ એ હું છું, અને દર્પણમાં દેખાતી મુખની લાલિમા એ મારી લાલિમા છે, અને દર્પણનું ચલન એ મારું ચલન છે તેમ ભાસે છે; તેમ સ્વચ્છ બુદ્ધિમાં ચેતનાનું પ્રતિબિંબ પડે છે, તેના કારણે થયેલી આ ત્રણ પ્રકારની ભ્રમની જાતિ છે.

**અનુવાદ :-**

**विवेकख्याति.....जाणइ ।।४८।।** - જે વ્યક્તિને વિવેકખ્યાતિ કહેતાં પ્રકૃતિ અને પુરુષની અન્યતાબુદ્ધિ=જુદાપણાની બુદ્ધિ, થઈ છે; તેવી વિવેકખ્યાતિવાળી વ્યક્તિ શુદ્ધ એવા કેવલ આત્મસ્વરૂપને જાણે છે. **॥૪૮॥**

**ભાવાર્થ :-**

સાંખ્યમત પ્રમાણે જ્યારે જીવને એ જ્ઞાન પ્રગટે છે કે પ્રકૃતિ અને પુરુષ એ બે જુદા પદાર્થો છે, ત્યારે તેનામાં વિવેકખ્યાતિ પ્રગટે છે. અને જ્યારે વિવેકખ્યાતિ પ્રગટ થાય છે, ત્યારે બુદ્ધિમાં પ્રતિબિંબિત થયેલા ચેતનને 'હું આ છું' તેમ તે જાણતો નથી, પરંતુ 'બુદ્ધિમાં આ મારું પ્રતિબિંબ છે' તેમ તે જાણી શકે છે. તેથી 'પ્રકૃતિથી હું જુદો છું અને હું કર્તા નથી અને ભોક્તા નથી, પરંતુ ચેતનાના પ્રતિબિંબવાળી એવી બુદ્ધિ કર્તા છે અને ભોક્તા છે,' તેમ તે જાણે છે.

● આ વિવેકખ્યાતિ સ્વમત પ્રમાણે આત્મા અને પુદ્ગલના ભેદજ્ઞાનના પ્રકર્ષરૂપ અસંગઅનુષ્ઠાનની ભૂમિકા પ્રાયઃ હોય તેમ જણાય છે. **॥૪૮॥**

**અવતરણિકા :-**

યોગીપુરુષને પ્રકૃતિ અને પુરુષના ભેદનું જ્ઞાન પ્રથમ શાસ્ત્રના વચનોથી થાય છે, અને તેને જ આગમથી જાણ્યા પછી તેણે યુક્તિથી અને અનુભવથી વિવેકખ્યાતિકાળમાં સ્થિર કરેલ હોય છે. આમ છતાં તે યોગી હજુ સાધના માટે યત્ન કરે છે, ત્યાં પ્રશ્ન થાય કે જો તે યોગી પૂર્વ ચોપઇ-૪૮ માં કહ્યા મુજબ વિવેકખ્યાતિમાં જાણે છે કે પુરુષ કર્તા અને ભોક્તા નથી, તો પછી વિધિ-નિષેધરૂપ ક્રિયાઓ કેમ કરે છે ? તેના સમાધાનરૂપે કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોપઇ :-**

**प्रकृतिधर्म हित-अहित आचार, चेतनना कहइ ते उपचार ।**
**विजय-पराजय जिम भटतणा, नरपतिनइं कहिइ अतिघणा ।।४९।।**

**ગાથાર્થ :-**

હિત-અહિત આચાર તે પ્રકૃતિના ધર્મ છે. જેમ સુભટના વિજય અને પરાજય છે તે અતિઘણા=સર્વ, રાજાના કહેવાય છે, તેમ તે=પ્રકૃતિના ધર્મો, ઉપચારથી ચેતનના કહેવાય છે. ॥૪૯॥

**બાલાવબોધ :-**

अपरोक्षभ्रम ते अपरोक्षसाक्षात्कारइ ज निवर्त्तइं ते शुद्धात्मज्ञान छइ, हित-अहित कहितां विधि-निषेध, आचार-क्रियारूप छइ ते सवि प्रकृतिना (प्रकृतिना धर्म) छइ, आत्मा तो अक्रिय छइ, तेहनइ जे चेतनना कहइ छइ ते उपचार करी ज़ाणवो; जिम सुभटना विजय-पराजय छइ अतिघणा ते सर्व राजाना कहिइं, सुभट जीत्यइं राजा जीत्या सुभट हार्यइं राजा हार्यो एहवो व्यवहार छइं, इम प्रकृतिगत शुभाशुभ क्रिया आत्मानी करीनइ व्यवहारी लोक मानइ छइ ।।४९।।

● ટબામાં **'प्रकृति नाना छई'** એ પાઠ છે, ત્યાં **'प्रकृतिना धर्म छइ'** એવા પાઠની સંભાવના છે. કેમ કે મૂળ ગાથામાં **'प्रकृति धर्म'** પાઠ છે.

**અનુવાદ :-**

**अपरोक्षभ्रम.....शुद्धात्मज्ञान छइ,** - પૂર્વગાથા ૪૮માં કહ્યું કે વિવેકખ્યાતિ થાય છે ત્યારે કેવળ આત્મસ્વરૂપશુદ્ધ એવા પુરુષને તે યોગી જાણે છે, ત્યાં પ્રશ્ન થાય કે તો પછી શુદ્ધ આત્મા કર્તા અને ભોક્તા નથી એમ વિવેકખ્યાતિવાળો જાણે છે, છતાં સાધના માટે પ્રવૃત્તિ કેમ કરે છે ? તેથી કહે છે કે - અપરોક્ષ ભ્રમ તે અપરોક્ષ સાક્ષાત્કારથી જ નિવર્તન પામે છે, અને તે શુદ્ધ આત્મજ્ઞાન છે. આ શુદ્ધ આત્મજ્ઞાન કૈવલ્ય અવસ્થામાં પ્રગટ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :–**

પૂર્વગાથા-૪૭/૪૮ માં દર્પણના દૃષ્ટાંતથી બતાવ્યું કે, જીવને ત્રણ અંશથી ભ્રાંતિ વર્તે છે, તે ભ્રમ 'અપરોક્ષ ભ્રમ' છે. જેમ પર્વત ઉપરથી જોનારને નીચેમાં રહેલા બધા માણસો વેંતિયા દેખાય છે તે અપરોક્ષ ભ્રમ છે, તેમ જીવ કર્તા-ભોક્તા નહિ હોવા છતાં, સ્વચ્છ બુદ્ધિમાં ચેતનનું પ્રતિબિંબ પડવાને કારણે પૂર્વગાથા ૪૭/૪૮ માં બતાવાયેલા ત્રણ પ્રકારના અપરોક્ષ ભ્રમ તેને વર્તે છે, અને તે અપરોક્ષ ભ્રમ જ્યારે અપરોક્ષ એવા આત્માનો સાક્ષાત્કાર થાય ત્યારે જ નિવર્તન પામે છે.

દરેકનો આત્મા અપરોક્ષજ્ઞાનનો=પ્રત્યક્ષજ્ઞાનનો વિષય છે, છતાં જ્યાં સુધી સાધના દ્વારા જીવને તેનો સાક્ષાત્કાર થતો નથી ત્યાં સુધી જ તેને 'હું કર્તા છું, હું ભોક્તા છું,' એ પ્રકારનો ભ્રમ વર્ત્યા કરે છે. જ્યારે અપરોક્ષ એવા પોતાના આત્માનો સાધના દ્વારા સાક્ષાત્કાર થાય છે, ત્યારે 'પોતે કર્તા નથી, ભોક્તા નથી' એવું આત્મજ્ઞાન તેને પ્રગટે છે, જે જૈનદર્શનની પ્રક્રિયા પ્રમાણે પ્રાયઃ કરીને કેવલજ્ઞાનની અવસ્થા છે. અને તે વખતે શુદ્ધ આત્માનું જ્ઞાન તેને થાય છે, તેના કારણે પોતે કર્તા-ભોક્તા છે એ પ્રકારનો ભ્રમ તેને રહેતો નથી. પરંતુ જ્યાં સુધી સાધનાની પૂર્ણતા થઈ નથી ત્યાં સુધી અપરોક્ષ એવા આત્માના સાક્ષાત્કાર માટે વિવેકખ્યાતિવાળો પણ યોગી સાધનાનો પ્રયત્ન કરે છે. અને વિવેકખ્યાતિ હોવાને કારણે તે જાણે છે કે 'હું નિર્લેપ છું, હું કાંઈ કરતો નથી, વસ્તુતઃ પ્રકૃતિ બધું કરે છે,' તો પણ અકર્તા અને અભોક્તા એવા આત્માના સાક્ષાત્કાર માટે તે યત્ન કરે છે. તેથી લોકમાં યોગી સાધના કરે છે એ પ્રકારનો વ્યવહાર થાય છે.

વિવેકખ્યાતિવાળો પણ યોગી વિધિ-નિષેધરૂપ ક્રિયામાં આભાસિક યત્ન કરે છે તે અપરોક્ષ એવા આત્માના સાક્ષાત્કાર માટે કરે છે. આમ છતાં, સાંખ્યમત પ્રમાણે તે યોગીનો આત્મા પરમાર્થથી તો અક્રિય છે, પરંતુ તે યોગીના આત્માના પ્રતિબિંબવાળી સ્વચ્છ બુદ્ધિ=પ્રકૃતિ, વિધિ-નિષેધરૂપ આચારની ક્રિયા કરે છે; અને તેનો ઉપચાર "આ યોગીનો આત્મા કરે છે" એ પ્રકારે વ્યવહારી લોક માને છે. અને તે વિવેકખ્યાતિવાળા યોગીની પ્રવૃત્તિ આભાસિકમાત્ર હોય છે. તત્ત્વથી તો તે નિર્લેપ એવા આત્મસ્વરૂપમાં જ મગ્ન હોય છે. તેથી તેને પણ એ પ્રતીતિ થાય છે કે અપરોક્ષ એવા મારા આત્માના સાક્ષાત્કાર માટે હું યત્ન કરું છુ. જ્યારે અપરોક્ષનો સાક્ષાત્કાર થાય છે ત્યારે તે યોગીના આત્માને પોતે કર્તા-ભોક્તા નથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેવા શુદ્ધ આત્માનો સાક્ષાત્કાર થાય છે, જે અપરોક્ષ સાક્ષાત્કાર રૂપ છે, જે પ્રાયઃ કરીને કેવલજ્ઞાનની અવસ્થારૂપ છે. તેની પૂર્વે જ્યારે વિવેકખ્યાતિ પ્રગટેલી હોય છે ત્યારે તે શુદ્ધ આત્માને જાણે છે, તો પણ શુદ્ધ આત્માનો સાક્ષાત્કાર તેમને થયેલો નથી. તેથી જ યોગી શુદ્ધ આત્માના સાક્ષાત્કાર માટે વિધિ-નિષેધરૂપ આચારોનું પાલન કરે છે, તે આભાસિકમાત્ર છે; તેને લઈને જ લોક ઉપચારથી યોગી સાધના કરે છે, તેમ માને છે. અને આ વિવેકખ્યાતિ એ પ્રાયઃ કરીને અસંગઅનુષ્ઠાનની ભૂમિકારૂપ છે.

**ઉત્થાન :-**

ઉપરમાં કહ્યું એ પ્રકારનો વ્યવહાર કેમ થાય છે, તે બતાવતાં કહે છે -

**અનુવાદ :-**

**हित-अहित.....उपचार करी जाणवो,** - હિત-અહિત=વિધિ-નિષેધ આચારરૂપ ક્રિયા છે, તે સર્વ પ્રકૃતિના ધર્મ છે, આત્મા તો અક્રિય છે. તેને= પ્રકૃતિના ધર્મને, જે ચેતનના કહેવાય છે તે ઉપચારથી જાણવા.

**जिम सुभटना.....मानइ छइ।।४९।।** - જેમ સુભટના વિજય-પરાજય છે, તે સર્વ રાજાના કહેવાય છે. સુભટ જીત્યે રાજા જીત્યો અને સુભટ હાર્યે રાજા હાર્યો એવો વ્યવહાર છે, એમ પ્રકૃતિગત શુભ-અશુભ ક્રિયા આત્માની કરીને વ્યવહારી લોક માને છે. **॥૪૯॥**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથા-૪૯માં સ્થાપન કર્યું કે હિત-અહિત આચાર=વિધિનિષેધ આચાર, પ્રકૃતિના ધર્મ છે અને ઉપચારથી તે ચેતનના કહેવાય છે, તે વાતને દૃઢ કરવા માટે ચેતન કોઇ ક્રિયા કરતો નથી પણ પ્રકૃતિ જ સર્વે કરે છે, એ બતાવતાં કહે છે -

**ચોપઇ :-**

**प्रकृति करइ नवि चेतन क्लीब, प्रतिबिंबइ ते भुंजइ जीव ।**
**पंचवीसमुं तत्त्व अगम्य, छइं कूटस्थ सदाशिव रम्य ।।५०।।**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

**પ્રકૃતિ કરે છે, ક્લીબ=નપુંસક એવો ચેતન કરતો નથી. પ્રતિબિંબ વડે કરીને તે=પ્રકૃતિ, કરે છે તે જીવ ભોગવે છે. અને પચીસમું તત્ત્વ અગમ્ય, કૂટસ્થ, સદાશિવ અને રમ્ય છે. ॥૫૦॥**

**બાલાવબોધ :-**

**प्रकृति ते सर्व कार्य करइ छइ, चेतन-आत्मा नवि करइ जे माटइ ते क्लीब छइ-क्रियानो असमर्थ छइ, ज्ञस्वभाव ते कर्तृस्वभाव किम हुइ ? बुद्धि करइ छइं ते प्रतिबिंबइ जीव भुंजइ छइ,** "बुद्धिनिष्ठप्रतिबिम्बग्राहित्वमेव चितो भोगः" **अत एव सांख्यमतइ साक्षाद् भोक्ता आत्मा नथी । पंचवीसमुं तत्त्व आत्मरुप अगम्य-अगोचर छइ, कूटस्थ कहितां अनित्यधर्मरहित, सदाशिव कहितां सदानिरुपद्रव, रम्य कहितां मनोहर ।।५०।।**

**અનુવાદ :-**

**प्रकृति.....असमर्थ छइ ।** - પ્રકૃતિ તે સર્વ કાર્ય કરે છે અર્થાત્ જગતમાં જે કાંઈ કાર્ય દેખાય છે તે સર્વ કાર્ય પ્રકૃતિ કરે છે. ચેતન=આત્મા, કાંઈ કરતો નથી, જે કારણથી તે ક્લીબ=નપુંસક, છે અર્થાત્ ક્રિયા કરવા માટે અસમર્થ છે.

તેમાં યુક્તિ બતાવે છે -

**ज्ञस्वभाव.....किम हुइ ?** - જીવ જ્ઞસ્વભાવ છે તે કર્તૃસ્વભાવ કેમ થાય ? અર્થાત્ જીવનો જાણવાનો સ્વભાવ છે તેથી તે જાણવાનું કામ કરે છે, પરંતુ તે જાણવાનો સ્વભાવ ક્રિયા કરવાના સ્વભાવરૂપે થઈ શકે નહિ, તેથી જીવ ક્રિયા કરવા માટે અસમર્થ છે. એ પ્રકારે સાંખ્ય માને છે.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે જો પ્રકૃતિ સર્વ કાર્ય કરતી હોય અને જીવ કરતો ન હોય તો આ જીવ ભોગાદિ કરે છે, એવી લોકપ્રતીતિ છે, તે કઈ રીતે સંગત થાય ? તેથી કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**बुद्धि करइ.....आत्मा नथी ।**- પ્રકૃતિમાંથી બુદ્ધિ ઉત્પન્ન થઈ છે, તે બુદ્ધિ કરે છે તે પ્રતિબિંબથી જીવ ભોગવે છે. કેમ કે બુદ્ધિનિષ્ઠ પ્રતિબિંબગ્રાહીપણું જ ચિતનો=પુરુષનો, ભોગ છે. આથી કરીને જ સાંખ્યમતે આત્મા સાક્ષાત્ ભોક્તા નથી.

**ભાવાર્થ :-**

પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલી એવી બુદ્ધિ સર્વ કાર્ય કરે છે, અને તે બુદ્ધિમાં આત્માનું પ્રતિબિંબ પડે છે અને તે પ્રતિબિંબને જ જીવ ભોગવે છે, અર્થાત્ પોતાના પ્રતિબિંબને જીવ ગ્રહણ કરે છે, તેથી તેને ભ્રમ થાય છે કે હું ભોગવું છું; વાસ્તવિક તો પોતાના પ્રતિબિંબવાળી બુદ્ધિ ભોગવે છે, પોતે ભોગવતો નથી. પરંતુ જેમ બાળક દર્પણમાં રહેલા પોતાના પ્રતિબિંબને 'આ હું છું' તેમ જાણે છે, તેમ અજ્ઞ જીવ બુદ્ધિમાં રહેલા પોતાના પ્રતિબિંબને ગ્રહણ કરે છે, તે જ તેનો ભોગ છે. તેથી જીવ ભોગવે છે એવો લોકવ્યવહાર થાય છે, પરંતુ સાંખ્યમતે જીવ સાક્ષાત્ ભોક્તા નથી.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે પછી જીવ વાસ્તવિક કેવો છે ? તેથી કહે છે -

**અનુવાદ :-**

**पंचवीसमुं.....मनोहर ।।५०।।** - પચ્ચીશમું તત્ત્વ અગોચર છે અર્થાત્ બુદ્ધિમાંથી ઉત્પન્ન થયેલ એવી ઈન્દ્રિયાદિને અગોચર છે. વળી કૂટસ્થ છે=અનિત્યધર્મ રહિત છે=એકાંત નિત્ય છે. વળી સદાશિવ છે=સદા ઉપદ્રવ વગરનું છે અર્થાત્ સંસારવર્તી જીવોને જન્મ-જરા-મૃત્યુ આદિ ઉપદ્રવ દેખાય છે તેવા ઉપદ્રવવાળું નથી, પરંતુ સર્વથા ઉપદ્રવરહિત છે. વળી રમ્ય છે=મનોહર છે અર્થાત્ ચક્ષુથી દેખાતી રમ્યતા જેવી રમ્યતા નથી, પરંતુ સર્વ ઉપદ્રવોથી રહિત એવી સુખમય અવસ્થા આત્માની છે, તેથી તત્ત્વ જોનારાઓને તે અવસ્થા રમણીય ભાસે છે. **।।૫૦।।**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથા-૫૦ માં સ્થાપન કર્યું કે પ્રકૃતિ સર્વ કાર્ય કરે છે, ચેતન કાંઈ કરતો નથી. તેથી હવે પ્રકૃતિ શું કરે છે ? અને ચેતન કાંઈ કરતો નથી તો પછી મુક્તિ શું પદાર્થ છે ? તે બતાવતાં કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોપઈ :-**

**आपविलास प्रकृति दाषवी, विरमइ जिम जगि नटुई नवी ।**

**प्रकृतिविकारविलय ते मुक्ति, निर्गुण चेतन थापि युक्ति ।।५१।।**

**ગાથાર્થ :-**

**જેમ જગતમાં નર્તિકા=નૃત્ય કરનારી, (આપ વિલાસ દેખાડીને) વિરામ પામે છે, તેમ પ્રકૃતિ પોતાનો વિલાસ બતાવીને વિરામ પામે છે. પ્રકૃતિના વિકારનો વિલય તે મુક્તિ (છે.), યુક્તિ નિર્ગુણ ચેતનને સ્થાપે છે. ॥૫૧॥**

**બાલાવબોધ :-**

**प्रकृति आत्मविलास कहितां मदनादिप्रपंच देषाडी विरमइ-निवर्त्तइ, जिम जगि नवी नटुई नाटिक देषाडी विरमइ, उक्तं च -**

रङ्गस्य दर्शयित्वा निवर्तते नर्तकी यथा नृत्यात् ।

पुरुषस्य तथाऽऽत्मानं प्रकाश्य विनिवर्तते प्रकृतिः ।। ( )

**प्रकृतिविकारनो विलय तेह ज मुक्ति, युक्ति ते** 'चितिरसङ्क्रमा' **इत्यादि सूत्रानुसारइ निरगुण चेतननइ थापइ छइ ।।५१।।**

**અનુવાદ :-**

**प्रकृति.....विरमइ ।** - પ્રકૃતિ આત્મવિલાસ=મદનાદિ પ્રપંચ, દેખાડીને વિરામ પામે છે, જેમ જગતમાં નર્તિકા નાટક દેખાડીને વિરામ પામે છે.

● અહીં '**मदनादिप्रपंच**' માં '**आदि**' પદથી સંસારની ભોગાદિ સર્વ ક્રિયાઓ પ્રકૃતિ દેખાડે છે તે બતાવવું છે.

તેમાં સાક્ષી આપતાં કહે છે -

**रङ्गस्य.....प्रकृतिः ।।** - સભાસદને (નૃત્ય) દેખાડીને નર્તકી જે રીતે નૃત્યથી નિવર્તન પામે છે, તે રીતે પ્રકૃતિ પુરુષને પોતાને દેખાડીને=પોતાના વિલાસને દેખાડીને, નિવર્તન પામે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્થાન :-**

પ્રકૃતિનો વિલાસ બતાવીને હવે સાધનાથી પ્રાપ્ત થતી મુક્તિ શું પદાર્થ છે, તે બતાવે છે -

**અનુવાદ :-**

**प्रकृतिविकारनो.....मुक्ति ।** - પ્રકૃતિના વિકારનો=કાર્યનો, વિલય તે જ મુક્તિ છે.

**ભાવાર્થ :-**

પ્રકૃતિમાંથી બુદ્ધિ આદિ ક્રમસર ૨૩ તત્ત્વો પેદા થાય છે, તે પ્રકૃતિના વિકારો છે, અર્થાત્ પ્રકૃતિનાં કાર્યો છે, અને સાધના દ્વારા તે પ્રકૃતિનાં કાર્યો પ્રતિલોમથી કારણમાં વિલય પામે છે, અને તે સર્વ વિલય જ્યારે પ્રકૃતિમાં વિશ્રાંત થાય છે, તે જ મુક્તિ પદાર્થ છે.

આ રીતે બુદ્ધિનો જ્યારે પ્રકૃતિમાં વિલય થાય છે ત્યારે પ્રકૃતિમાત્ર રહે છે, બુદ્ધિ પણ રહેતી નથી. તેથી પૂર્વમાં સ્વચ્છ બુદ્ધિમાં જે પુરુષનું પ્રતિબિંબ પડતું હતું તે હવે પડતું નથી. તેથી જડ એવી પ્રકૃતિ જે પૂર્વમાં વિલાસ કરતી હતી તેવો વિલાસ હવે કરતી નથી, તે જ સાંખ્ય મતે મુક્તિ પદાર્થ છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે પ્રકૃતિના વિકારનો વિલય તે મુક્તિ છે. તેથી એ પ્રાપ્ત થાય કે પ્રકૃતિમાંથી વિકારો પેદા થયેલા, અને તે સર્વ વિકારરૂપ કાર્યો કારણમાં વિલય પામ્યાં તે જ મુક્તિ પદાર્થ છે. તેથી પુરુષની મુક્તિ છે, તેમ પ્રાપ્ત થાય નહિ, તો ખરેખર પુરુષ કેવો છે ? તે બતાવવા માટે કહે છે -

**અનુવાદ :-**

**युक्ति.....थापइ छइ ॥५१॥** - 'चितिरसङ्क्रमा' ઇત્યાદિ સૂત્રાનુસારી યુક્તિ તે નિર્ગુણ ચેતનને સ્થાપે છે. **॥૫૧॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

પરિણામ-પરિણામીભાવગમન દ્વારા ચિતિ=પુરુષરૂપ ચિત્શક્તિ, અપ્રતિસંક્રમી છે=અન્યથી અસંકીર્ણ છે, અર્થાત્ પુરુષની ચિત્શક્તિ સદા એકસ્વરૂપે છે, અન્યરૂપે પરિણામ પામતી નથી. આ પ્રકારનો અર્થ દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા ગ્રંથમાં બત્રીશી-૧૧ શ્લોક-૧૫ માં કરેલ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે, જેમ માટી ઘડારૂપે પરિણામ પામે છે, બાલ્યાવસ્થા યુવાવસ્થારૂપે પરિણામ પામે છે; તેમ ચિત્ શક્તિ અન્યરૂપે પરિણામ પામતી નથી, પરંતુ સદા એકસ્વરૂપે રહે છે. તેથી 'ચિતિરસઙ્ક્રમા' એ પ્રકારના સૂત્રને કહેનાર વચનથી આત્મા નિર્ગુણ છે તે સિદ્ધ થાય છે. કેમકે જે પરિણામાંતરને પામે તેને ગુણ કહેવાય, જ્યારે ચિત્ શક્તિ અન્ય પરિણામને પામતી નથી, માટે નિર્ગુણ છે.

આનાથી એ ફલિત થાય છે કે પુરુષની મુક્તિ નથી, કેમ કે પુરુષ નિર્ગુણ છે, તેથી અન્ય પરિણામરૂપે થતો નથી. તેથી સાધના દ્વારા પુરુષની મુક્તિ થતી નથી, પરંતુ સાધના દ્વારા પ્રકૃતિના વિકારોનો જે વિલય છે, તે જ મુક્તિ પદાર્થ છે. **॥૫૧॥**

**અવતરણિકા :-**

પૂર્વગાથા-૫૧ માં સ્થાપન કર્યું કે પુરુષ નિર્ગુણ છે, તેથી પુરુષની મુક્તિ થતી નથી, પરંતુ પ્રકૃતિનાં કાર્યોનો પ્રકૃતિરૂપ કારણમાં વિલય તે જ મુક્તિ પદાર્થ છે. ત્યાં પ્રશ્ન થાય કે તો પછી યોગી સાધના કરે છે અને સાધનાથી મુક્તિ મેળવે છે, એ પ્રકારનો વ્યવહાર લોક કેમ કરે છે ? તેથી કહે છે -

**ચોપઇ :-**

**पंथी लूट्या देषी गूढ, कहइ पंथ लूटाणो मूढ ।**
**प्रकृति क्रिया देषी जीवनइ, अविवेकी तिम मानइ मनिं ।।५२।।**

**ગાથાર્થ :-**

પંથી=મુસાફર, લૂંટ્યા દેખી ગૂઢ-રહસ્ય (નહિ જાણતો) એવો મૂઢ પંથ લૂંટાણો કહે છે, તેમ પ્રકૃતિની ક્રિયાને દેખીને અવિવેકી મનમાં જીવની (ક્રિયા) માને છે. **॥૫૨॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બાલાવબોધ :-**

पंथी लोकनइ लूट्या देषीनइ, गूढ-रहस्य मूढबुद्धि एहवुं कहई छइ, जे पंथ लूटाणो । पंथ कहितां मार्ग ते अचेतन छइं तेहनुं लूटवुं किस्युं होइ ? ए उपचार वचननइं अनुपचार करी मांनइ ते मूढ कहिइ; तिम प्रकृतिनी क्रिया देषीनइं अविवेकी पुरुष जीवनइं क्रिया पोतानइं मनिं मानइं, कृत्यादयो मनस्थो धर्मा भेदाग्रहात् पुरुषे भासन्ते ।।५२।।

**અનુવાદ :-**

**पंथीलोकनइ.....मनिं मानइं,** = સાંખ્યમત પ્રમાણે પુરુષ કોઈ ક્રિયા કરતો નથી. આમ છતાં, તે સાધના કરે છે તેવો લોકમાં વ્યવહાર થાય છે, તે કઇ રીતે થાય છે તે બતાવતાં કહે છે કે, મુસાફરોને લૂંટેલા જોઈને તેના રહસ્યને નહિ જાણતો એવો મૂઢબુદ્ધિ એવું કહે છે કે પંથ=માર્ગ, લૂંટાણો. વાસ્તવિક રીતે માર્ગ અચેતન છે. તેથી તેનું=માર્ગનું, લૂંટાવું સંગત નથી. તો પણ આ ઉપચાર વચનને અનુપચારરૂપે માને છે, તેથી તે મૂઢ છે. જેમ તે મૂઢ એમ જ માને છે કે લોક નથી લૂંટાણો પણ માર્ગ લૂંટાણો છે, તેમ સાધનાની ક્રિયાઓ પ્રકૃતિ કરે છે તેને જોઈને અવિવેકી પુરુષ પોતાના મનમાં આ જીવની ક્રિયા છે તેમ માને છે, તેથી પરમાર્થથી જીવ નિર્ગુણ છે.

આ જ કથનની સક્ષી બતાવતાં કહે છે -

**कृत्यादयो.....भासन्ते।।५२।।** - મનમાં રહેલા કૃત્યાદિરૂપ ધર્મો ભેદના અગ્રહને કારણે પુરુષમાં ભાસે છે. **॥૫૨॥**

● ટબામાં કહેલ આ સાક્ષીપાઠમાં **कृत्यादयो** પછી **'मनस्थो'** છે, ત્યાં **'मनस्था' પાઠ ભાસે છે.**

**ભાવાર્થ :-**

જેમ પંથ અને પંથી વચ્ચેના ભેદનો અગ્રહ હોય તો મૂઢ એમ જ માને છે કે પંથ લૂંટાણો, તેમ અવિવેકી જીવને પ્રકૃતિ અને પુરુષના ભેદનો અગ્રહ છે, તેથી પ્રકૃતિમાંથી પેદા થયેલ એવા મનના ધર્મો કૃતિ આદિ છે તેને પુરુષના માને છે. વાસ્તવિક રીતે પ્રકૃતિમાંથી મન પેદા થયેલું છે, તેથી તે મનના ધર્મો પ્રકૃતિના છે **॥૫૨॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

ગાથા-૪૬ માં કહ્યું કે આ રીતે વેદાંતી આત્માને કર્તા-ભોક્તા નથી તેમ કહે છે. ત્યાર પછી સાંખ્યમત પ્રમાણે આત્મા કર્તા-ભોક્તા નથી એ કહ્યું, તેથી ત્યાં પ્રશ્ન થાય કે સાંખ્યમત પ્રમાણે કઈ જાતની પદાર્થની વ્યવસ્થા છે ? તેથી તેમને માન્ય પચીશ તત્ત્વનું સ્વરૂપ બતાવે છે -

**ચોપઇ :-**

**मूलप्रकृति नवि विकृति विख्यात, प्रकृति विकृति महदादिक सात ।**
**गणवो षोडश विकारी कह्यो, प्रकृति न विकृति न चेतन लह्यो ।।५३।।**

**ગાથાર્થ :-**

**સાંખ્યમતમાં આગળમાં કહેવાતા સ્વરૂપવાળા ૨૫ તત્ત્વો વિખ્યાત છે. મૂળપ્રકૃતિ છે તે વિકૃતિ=કાર્ય, નથી. મહત્ આદિ સાત તત્ત્વો એ પ્રકૃતિ અને વિકૃતિ છે=કારણ અને કાર્ય છે. ષોડશકગણ વિકારી કહ્યો. ચેતન પ્રકૃતિને પામ્યો નથી અને વિકૃતિને પામ્યો નથી=ચેતન કારણ પણ નથી અને કાર્ય પણ નથી.।।૫૩।।**

**બાલાવબોધ :-**

**मूलप्रकृति ते विकृतिरूप न होइ कोइनुं कार्य, महदादिक सात पदार्थ महत् अहंकार । तन्मात्र ए प्रकृति विकृति कहिइं, उत्तरोत्तरनुं कारण पूर्व पूर्वनुं कार्य छइ, ते भणि । ५ भूत ११ इन्द्रिय ए षोडशक गण विकारी कहिओ कार्य छइ पणि कारण नथी; चेतन ते प्रकृति नहीं, विकृति नहीं, अकारण अकार्य कूटस्थ चैतन्यरूप कहिओ छइ । तदुक्तं सांख्यसप्ततिकायाम् -**

'मूलप्रकृतिरविकृतिर्महदाद्याः प्रकृति-विकृतयः सप्त ।
षोडशकस्तु विकारी, न प्रकृतिर्न विकृतिः पुरुषः' ।।

**गन्धतन्मात्र १ रसतन्मात्र २ रूपतन्मात्र ३ स्पर्शतन्मात्र ४ शब्दतन्मात्र ५, ए पांच तन्मात्रनाम, श्रोत्र-घ्राण-जिह्वा-नयन-स्पर्शन ए ५ बुद्धींद्रिय, वाक् पाणि पाद पायु उपस्थ ए ५ कर्मेन्द्रिय, मन, ए ११ इंद्रिय ।।५३।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**मूलप्रकृति.....कार्य छइ, ते भणि ।** = સાંખ્યમતમાં પ્રકૃતિ એટલે વિકાર વગરની અવસ્થાવાળું દ્રવ્ય, અને વિકૃતિ એટલે તેનાથી પેદા થનારું કાર્ય. અને તેમના મત પ્રમાણે સર્વ કાર્યોનું જે કારણ તે મૂળ પ્રકૃતિ છે. પરંતુ તે મૂળ પ્રકૃતિ વિકૃતિરૂપ કોઈનું કાર્ય નથી. અને મહત્, અહંકાર અને પાંચ તન્માત્રાદિરૂપ સાત પદાર્થો પ્રકૃતિ અને વિકૃતિ કહેવાય છે. અને તે સાતે પદાર્થોમાં ઉત્તર ઉત્તરનું કારણ અને પૂર્વ પૂર્વનું કાર્ય છે, તે માટે તે પ્રકૃતિ અને વિકૃતિ કહેવાય છે. તે આ રીતે -

મૂળ પ્રકૃતિમાંથી મહત્ તત્ત્વ પેદા થાય છે, તેથી પ્રકૃતિ કારણ અને મહત્=બુદ્ધિ કાર્ય છે. અને મહત્માંથી અહંકાર પેદા થાય છે, તેથી અહંકારનું કારણ મહત્ અને મહત્નું કાર્ય અહંકાર છે. અને અહંકારમાંથી પાંચ તન્માત્રા પેદા થાય છે, તેથી અહંકાર એ કારણ અને પાંચ તન્માત્રા એ કાર્ય છે. આ રીતે મહદાદિ સાત પદાર્થો અપેક્ષાએ કારણ છે અને અપેક્ષાએ કાર્ય છે, તેથી પ્રકૃતિ અને વિકૃતિરૂપ છે.

**५ भूत.....कारण नथी,** = પાંચ ભૂત અને ૧૧ ઇંદ્રિયો એ સોળનો ગણ તે વિકારી છે તેથી કાર્ય છે, પણ કોઈનું કારણ નથી, તે આ રીતે -

પાંચ તન્માત્રામાંથી પાંચ ભૂત ઉત્પન્ન થાય છે અને પાંચ ભૂતમાંથી કોઇ ઉત્પન્ન થતું નથી, તેથી પાંચ ભૂત કોઈનું કારણ નથી. અને અહંકારમાંથી ૧૧ ઇંદ્રિયો પેદા થાય છે, તેથી ૧૧ ઈંદ્રિયો અહંકારનું કાર્ય છે અને ૧૧ ઇંદ્રિયોમાંથી કોઈ પેદા થતું નથી તેથી ૧૧ ઈંદ્રિયો કોઈનું કારણ નથી.

**चेतन ते.....कहिओ छइ,** = ચેતન પ્રકૃતિ પણ નથી અને વિકૃતિ પણ નથી, (પરંતુ) અકારણ, અકાર્ય, કૂટસ્થ ચૈતન્યરૂપ સાંખ્યમતમાં કહ્યો છે. તે આ રીતે -

ચેતન કોઈ વસ્તુમાંથી પેદા થયેલ નથી તેથી કોઈનું કાર્ય નથી, માટે વિકૃતિરૂપ નથી; અને ચેતનમાંથી કોઈ પેદા થતું નથી, તેથી ચેતન પ્રકૃતિ=કારણ, નથી. તે જ વાત બતાવે છે કે ચેતન અકારણ છે અને અકાર્ય છે. ચેતન જ્યારે કારણ અને કાર્ય નથી, તેથી સદા એક સ્વરૂપે છે, તે બતાવવા માટે કહે છે કે કૂટસ્થ ચૈતન્યરૂપ છે, અર્થાત્ અપરિવર્તનશીલ સદા એકરૂપ ચૈતન્ય સ્વરૂપ છે. એ પ્રમાણે સાંખ્યમતમાં ચેતન કહેવાયો છે=અર્થાત્ આવા પ્રકારનું ચેતનનું સ્વરૂપ કહેલું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तदुक्तं सांख्यसप्ततिकायाम्** = આ રીતે ૨૫ તત્ત્વો બતાવ્યાં. હવે તે ૨૫ તત્ત્વોને કહેનાર સાંખ્યસપ્તતિકાની સાક્ષી બતાવે છે -

"**मूलप्रकृति.....पुरुषः ।।**" = મૂળપ્રકૃતિ અવિકૃતિ છે, મહત્ આદિ સાત પ્રકૃતિ અને વિકૃતિ છે, ષોડશકગણ વિકારી છે, અને પુરુષ પ્રકૃતિ નથી અને વિકૃતિ નથી.

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે મહત્ આદિ સાત પદાર્થો છે. તેમાં પાંચ તન્માત્રાનાં નામો બતાવે છે -

**અનુવાદ :-**

**गन्धतन्मात्र.....तन्मात्रनाम** - (૧) ગંધતન્માત્ર, (૨) રસતન્માત્ર, (૩) રૂપતન્માત્ર, (૪) સ્પર્શતન્માત્ર અને (૫) શબ્દતન્માત્ર.

**ઉત્થાન :-**

હવે ૧૧ ઇંદ્રિયોનાં નામો બતાવે છે -

**અનુવાદ :-**

**श्रोत्र-घ्राण.....इंद्रिय ।।५३।।** - (૧) શ્રોત્ર, (૨) ઘ્રાણ, (૩) જિહ્વા= રસના, (૪) નયન=આંખ અને (૫) સ્પર્શન. આ પાંચ બુદ્ધિ ઈન્દ્રિય=જ્ઞાનેંદ્રિય છે. (૧) વાક્, (૨) પાણિ=હાથ, (૩) પાદ=પગ, (૪) પાયુ=ગુદા, અને (૫) ઉપસ્થ= સ્ત્રી-પુરુષનું ચિહ્ન. આ પાંચ કર્મેંદ્રિય છે. ૫ જ્ઞાનેંદ્રિય, ૫ કર્મેંદ્રિય અને ૧ મન એમ કુલ-૧૧ ઇંદ્રિય છે. **॥૫૩॥**

**અવતરણિકા :-**

ગાથા-૩૪ માં કહ્યું કે એક વેદાંતી અને બીજો સાંખ્ય આત્માને મુખ્ય કર્તા તથા ભોક્તા માનતા નથી. ત્યાર પછી પ્રથમ વેદાંતી મત બતાવ્યો અને પછી સાંખ્ય મત બતાવ્યો. હવે તે બંને મતોનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોપઇ :-**

**ए बिहुनइ साधारण दोष, न करइ तो किम बंधन मोष ।**
**मन बंधाइ छूटइ जीव, ए तो युगतूं नहीं अतीव ।।५४।।**

**ગાથાર્થ :-**

**એ બંનેને=વેદાંતી અને સાંખ્યમતને, સાધારણ=સમાન, દોષ છે, અને તે જ બતાવે છે - (જો જીવ) ન કરે તો બંધન અને મોક્ષ કેમ થાય ? મન બંધાય અને છૂટે જીવ એ તો અત્યંત ઘટતું નથી. ॥૫૪॥**

**બાલાવબોધ :-**

**इम जीव अकर्ता अभोक्ता सांख्य-वेदांती २ मते कहि, ए बिहुनइं दूषण दिइं छइ - ए बिहुनइं साधारण कहितां सरषो दोष, जो जीव करइ नहीं तो बंध न घटइ तथा मोक्ष न घटइं, जो इम कहिइं क्रियावती प्रकृति छइं माटइं प्रकृति बंधाइं, सात्त्विक-राजस-तामसभावइं प्रकृतिनइं ज संबंध छै, तद्विकारमहत्तत्त्वना ए भाव छइं, जीवनइं तो अध्यासमात्रइं,**

**सविलासप्रकृतिनिवृत्तिरूप मोक्ष ते जीवनइ छइं ए तो घटइ नहीं, जे माटइं जे बंधाइं ते छूटइं- अन्यनइं बंध, अन्यनइं मोक्ष ए कहवुं ज किम होइ ? ।।५४।।**

**અનુવાદ :-**

**इम जीव.....सरषो दोष,** = એમ જીવ અકર્તા - અભોક્તા સાંખ્ય અને વેદાંત મતે કહીને એ બંનેને દૂષણ આપે છે -

એ બંનેને સાધારણ=સરખો, દોષ છે.

હવે તે સાધારણ દોષ શું છે ? તે બતાવે છે -

**जो जीव.....अध्यासमात्रइं,** = જો જીવ કરે નહિ તો બંધ ઘટે નહિ તથા મોક્ષ ઘટે નહિ. તેની સામે પૂર્વપક્ષી જો એમ કહે કે ક્રિયાવાળી પ્રકૃતિ છે, માટે પ્રકૃતિ બંધાય છે; કેમ કે સાત્ત્વિક, રાજસ અને તામસભાવો સાથે પ્રકૃતિનો જ સંબંધ છે. કેમ કે તદ્વિકાર=પ્રકૃતિના વિકારરૂપ, મહત્ તત્ત્વના=બુદ્ધિના, એ ભાવો છે=સાત્ત્વિક,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજસ અને તામસભાવો છે, અને જીવને તો અધ્યાસમાત્રથી સાત્ત્વિક, રાજસ અને તામસભાવો છે.

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીનું કહેવું એ છે કે, પુરુષ કર્તા નથી તેથી પુરુષને બંધ ન થઈ શકે; પરંતુ પ્રકૃતિ ક્રિયાવાળી છે, માટે પ્રકૃતિ બંધાય છે તેમ કહી શકાય. તેથી અમારા મતમાં બંધ સંગત થશે. બંધ કઈ રીતે સંગત થાય છે, તે બતાવતાં કહે છે કે, બંધ એ સાત્ત્વિક, રાજસ અને તામસભાવરૂપ છે અને તેનો પ્રકૃતિ સાથે સંબંધ છે.

અહીં પ્રશ્ન થાય કે પ્રકૃતિ સાથે સાત્ત્વિક, રાજસ અને તામસભાવોનો સંબંધ કઈ રીતે થાય છે ? તેથી કહે છે -

સાંખ્યમત પ્રમાણે પ્રકૃતિના વિકારરૂપ મહત્ તત્ત્વ છે અર્થાત્ પ્રકૃતિના કાર્યરૂપ છે, અને મહત્ તત્ત્વ બુદ્ધિસ્વરૂપ છે અને બુદ્ધિના સાત્ત્વિક, રાજસ અને તામસભાવો છે. તેથી પરંપરાએ આ ત્રણ ભાવો પ્રકૃતિ સાથે સંબંધવાળા છે માટે પ્રકૃતિ બંધાય છે તેમ કહી શકાય છે.

જીવ તો ક્રિયાવાળો નથી તેથી બંધાતો નથી. આમ છતાં સ્વચ્છ બુદ્ધિમાં જીવનું પ્રતિબિંબ પડે છે, તેથી પ્રકૃતિ બંધાતી હોય તો પણ જીવ બંધાય છે તેવો અધ્યાસમાત્ર થાય છે. તે આ રીતે -

દેહનો આત્મા સાથે કથંચિત્ અભેદ છે તો પણ દેહ અને આત્મા જુદા છે; આમ છતાં, જેમ અજ્ઞાની જીવને દેહ એ હું છું એવો અધ્યાસ=ભ્રમ, થાય છે, તેમ સાંખ્યમત પ્રમાણે સ્વચ્છ બુદ્ધિમાં જીવનું પ્રતિબિંબ પડે છે, અને તે બુદ્ધિ સાત્ત્વિક, રાજસ અને તામસ ભાવોને પામી, ત્યાં જીવને તેવો અધ્યાસ થાય છે કે સાત્ત્વિકાદિ ભાવો મને થાય છે. વાસ્તવિક જીવ તો તે ભાવો કરતો નથી, પણ બુદ્ધિમાં પોતાનું પ્રતિબિંબ પડતું હોવાથી આ ભાવો મારા છે તેવો જીવને ભ્રમ થાય છે. અને તે જ જીવ બંધાણો એ પ્રકારનો વ્યવહાર છે.

**ઉત્થાન :-**

આ રીતે સાંખ્યે પ્રકૃતિના બંધને સ્થાપન કરીને બંધની સંગતિ કરી, તેને ગ્રંથકાર કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**सविलास.....किम होइ ?।।५४।।** - સવિલાસ એવી પ્રકૃતિની નિવૃત્તિરૂપ મોક્ષ તે જીવને છે એ વાત સાંખ્યમતમાં ઘટે નહિ, જે માટે જે બંધાય તે છૂટે, અન્ય બંધાય અને અન્યનો મોક્ષ થાય એ કહેવું જ કેવી રીતે સંગત થાય ?**॥૫૪॥**

**ભાવાર્થ :-**

સાંખ્ય કહે છે કે પ્રકૃતિ ક્રિયા કરનારી છે, અને તે પ્રકૃતિનો વિલાસ તે જ આ સંસાર છે અને તેની નિવૃત્તિરૂપ જ મોક્ષ છે. મોક્ષ જીવને પ્રાપ્ત થાય છે તેથી સાધના કરીને યોગીપુરુષો મોક્ષને પામે છે. તેને ગ્રંથકાર કહે છે - જીવનો મોક્ષ સાંખ્યમતમાં ઘટે નહિ. કેમ કે પ્રકૃતિ બંધાય છે એ પ્રકારે પૂર્વમાં પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું, અને તે પ્રમાણે પ્રકૃતિ બંધાતી હોય તો પ્રકૃતિનો જ મોક્ષ થાય, જીવનો નહિ. કેમ કે જે બંધાય તે છૂટે, પરંતુ અન્ય બંધાય અને અન્ય છૂટે એમ કહેવું અનુભવથી વિરુદ્ધ છે. માટે પ્રકૃતિ બંધાય અને જીવ મોક્ષ પામે એમ કહેવું યુક્તિરહિત છે. **॥૫૪॥**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથા-૫૪ માં સ્થાપન કર્યું કે સાંખ્યમતે પ્રકૃતિ બંધાય છે, અધ્યાસથી=ઉપચારથી, જીવ બંધાય છે તેમ વ્યવહાર થાય છે; તો તે રીતે મોક્ષ પણ જીવનો છે તેમ કહી શકાય નહિ. અને સાંખ્ય એમ કહે કે પ્રકૃતિ જેમ બંધાણી અને મોક્ષ પણ પ્રકૃતિનો જ છે, આમ છતાં અધ્યાસથી=ઉપચારથી, જીવ બંધાણો છે, તેમ અધ્યાસથી=ઉપચારથી, જીવ મુકાય છે. તેને ગ્રંથકાર કહે છે -

**ચોપઇ :-**

**परमारथ नवि बंध न मोष, उपचारइं जो करस्यो तोष ।**
**मोक्षशास्त्र तो तुह्य सवि वृथा, जेहमां नहीं परमारथ कथा ।।५५।।**

**ગાથાર્થ :-**

પરમાર્થથી બંધ નથી અને મોક્ષ નથી, જો ઉપચારથી (બંધ, મોક્ષનો સ્વીકાર કરીને) તોષ કરશો=સંતોષ માનશો, તો તમારાં મોક્ષશાસ્ત્ર સર્વ વૃથા છે. તેમાં હેતુ કહે છે - જેમાં=જે શાસ્ત્રમાં, પરમાર્થ કથા નથી તે શાસ્ત્ર વ્યર્થ છે. **॥૫૫॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બાલાવબોધ :-**

**हवइ कोइ कहस्यइं बंध-मोक्ष जीवनइ व्यवहारइ कहइं छइ परमार्थई तो अबद्धमुक्त चित्स्वरूप छइ** "न मुमुक्षुर्न विमुक्त इत्येषा परमार्थता" **इति वचनात्। तेहनइ कहिइ- जो परमार्थइं बंध-मोक्ष नथी तो मोक्ष उपचारइं होइ, ए वातइ ज तुह्मे संतोष करस्यो तो सर्व तुह्मारइ वृथा छइ मोक्षशास्त्र, जेहमां परमार्थनी कथा नथी तिवारइ,**

'पञ्चविंशतितत्त्वज्ञो यत्र-तत्राश्रमे रतः ।
जटी मुण्डी शिखी वाऽपि मुच्यते नात्र संशयः ।।

- (अध्यात्मसार, प्रबन्ध-४. श्लोः ६०)

ब्रह्मविद् ब्रह्म भूयमाप्नोति **(अध्यात्मसार, प्रबंध-७. श्लो. २५) इत्यादि शास्त्र सर्वप्रवर्तक न थाइ ।।५५।।**

**અનુવાદ :-**

**हवइ कोइ.....इति वचनात् ।** - પૂર્વ ગાથા-૫૪ માં સ્થાપન કર્યું કે જે બંધાય તે મુકાય, માટે પ્રકૃતિ બંધાય તો પ્રકૃતિનો જ મોક્ષ થાય. ત્યાં કોઈક સાંખ્ય હવે કહે કે બંધ અને મોક્ષ જીવને વ્યવહારથી કહીએ છીએ, અર્થાત્ ઉપચારથી કહીએ છીએ, પરમાર્થથી તો અબદ્ધમુક્ત ચિત્સ્વરૂપ જીવ છે. તેમાં હેતુ કહે છે - "કોઇ મુમુક્ષુ નથી અને કોઈ મુક્ત નથી એ પ્રકારની આ પરમાર્થતા છે" એ પ્રકારનું શાસ્ત્રવચન છે.

**ભાવાર્થ :-**

જે બંધાયેલો હોય તેને મોક્ષની ઈચ્છા થાય અને સાધના કરીને મોક્ષ પામે, પરંતુ જીવ બંધાયેલો નથી તેથી જીવને પરમાર્થથી મોક્ષની ઈચ્છા નથી, તેથી તે મુક્ત થતો નથી, એ જ ખરેખર પરમાર્થ છે, આવું શાસ્ત્રવચન છે. તેથી જીવ અબદ્ધમુક્ત ચિત્સ્વરૂપ છે, એ પ્રકારે સાંખ્ય કહે છે.

**અનુવાદ :-**

**तेहनइ.....नथी तिवारइ,** - તેને ગ્રંથકાર કહે છે કે, જો પરમાર્થથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંધ-મોક્ષ નથી, તો મોક્ષ ઉપચારથી છે, એ વાતમાં તમે સંતોષ કરશો તો તમારાં મોક્ષશાસ્ત્ર વૃથા=ફોગટ, છે; જેમાં=જે મોક્ષશાસ્ત્રમાં પરમાર્થની કથા નથી તે માટે.

હવે સાંખ્યમત પ્રમાણે મોક્ષને કહેનાર શાસ્ત્ર બતાવે છે -

**पञ्चविंशति.....नात्र संशयः ।।** - જેમાં પચીશ તત્ત્વને જાણનારો, તે આશ્રમમાં રત, જટી=જટાવાળો, મુંડી=મુંડન કર્યું હોય, શિખી=શિખાવાળો, કોઈપણ હોય (તે) મુકાય છે, એમાં સંશય નથી.

હવે વેદાંતમત પ્રમાણે મોક્ષને કહેનાર શાસ્ત્ર બતાવે છે -

**ब्रह्मविद्.....न थाइ ।।५५।।** - બ્રહ્મને જાણનારો બ્રહ્મને અત્યંત પામે છે, ઈત્યાદિ સાંખ્યશાસ્ત્ર અને વેદાંતશાસ્ત્ર સર્વ મોક્ષાર્થે પ્રવર્તક થશે નહિ, કેમ કે સાંખ્યમત અને વેદાંતમતમાં પરમાર્થથી બંધ અને પરમાર્થથી મોક્ષ નથી. તેથી પરમાર્થને જાણનાર વ્યક્તિ તે શાસ્ત્રોથી મોક્ષમાં પ્રવૃત્તિ કરે નહિ. **॥૫૫॥**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથા-૫૫ માં સાંખ્ય અને વેદાંતીનાં મોક્ષપ્રવર્તક શાસ્ત્ર જો પરમાર્થથી મોક્ષ ન માને તો પ્રવર્તક થઈ શકે નહિ, તે સ્થાપન કર્યું. હવે જો તે શાસ્ત્રથી મોક્ષની પ્રવૃત્તિ સ્વીકારવામાં આવે તો આત્માનું કૂટસ્થપણું માની શકાય નહિ, તે બતાવતાં કહે છે -

**ચોપઇ :-**

**प्रकृति अविद्या नाशइं करी, पहिली आत्मदशा जो फिरी ।**
**तो कूटस्थपणुं तुम्ह गयुं, नहि तो कहो स्युं अधिकुं थयुं ।।५६।।**

**ગાથાર્થ :-**

**(સાંખ્યમત પ્રમાણે) પ્રકૃતિ અને (વેદાંતમત પ્રમાણે) અવિદ્યાનો નાશ કરવાથી પહિલી=પ્રકૃતિવાળી અને અવિદ્યાવાળી, આત્મદશા જો ફરે, તો તમારે કૂટસ્થપણું ગયું. જો તેમ નહિ માનો તો કહો (કે મુક્તિદશામાં સાધનાથી) શું અધિકું થયું ? ॥૫૬॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બાલાવબોધ :-**

ए २, आत्मानइ कूटस्थपणुं मानइ छइ ते दूषइ छइ- प्रकृतिनो सांख्यमतइ, अविद्यानो वेदांतिमतइ नाश होइ तिवारी पहली आत्मानइ संसारिदशा हुती ते जो फिरी तो तुह्मारइ कूटस्थपणुं गयुं, परिणामिपणुं थयुं, नहीं तो कहो मुक्तिदशाइं अधिकुं स्युं थयुं ? सदा शुद्ध आत्मा छइ, प्रकृति-अविद्यानाशनइ अर्थइं स्यो साधनप्रयास करो छो ? ।।५६।।

**અનુવાદ :-**

**ए २, आत्मानइ.....करो छो ?।।५६।।** - એ બે=સાંખ્ય અને વેદાંતી એ બે, આત્માને કૂટસ્થપણું માને છે, તેને દૂષણ આપે છે -

સાધના કરવાથી સાંખ્યમતે પ્રકૃતિનો નાશ થાય છે અને વેદાંતમતે અવિદ્યાનો નાશ થાય છે, તે વખતે પહેલી આત્માની સંસારીદશા હતી તે જો ફરે, તો તમારે=સાંખ્ય અને વેદાંતીને, આત્માનું કૂટસ્થપણું ગયું અને આત્માનું પરિણામીપણું થયું; અને જો એમ માનો કે આત્મા પરિણામી નથી, તો તમે કહો કે સાધનાથી મુક્તિ મેળવી ત્યારે મુક્તિદશામાં અધિક શું થયું ? અર્થાત્ કાંઈ થયું નથી. સદા શુદ્ધ આત્મા છે, તો પછી પ્રકૃતિ કે અવિદ્યાના નાશ માટે સાધનાનો પ્રયાસ શા માટે કરો છો ? અર્થાત્ વિચારકે સાધના માટે પ્રયાસ કરવો જોઈએ નહિ. **॥૫૬॥**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથા-૫૬ માં કહ્યું કે પ્રકૃતિ કે અવિદ્યાના નાશથી સંસાર અવસ્થામાં રહેલી આત્મદશા ફરે છે, તેમ માનશો, તો સાંખ્ય અને વેદાંતને અભિમત આત્માનું કૂટસ્થપણું જશે. તેના નિરાકરણરૂપે પૂર્વપક્ષી કહે કે માયાનાશથી આત્માનું કૂટસ્થપણું ફરતું નથી. તેનું ઉદ્ભાવન કરીને નિરાકરણ કરતાં કહે છે -

**ચોપઇ :-**

**मायानाश न अधिको भाव, शुद्धरूप तो प्रथम विभाव ।**
**रत्नादिकमां शुद्धि अशुद्धि, जो कहो तो सी इहां कुबुद्धि ? ।।५७।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ :-**

**માયાનાશ અધિક ભાવ નથી=માયા નાશ થવાથી જીવમાં કોઈ અધિક ભાવ થતો નથી, તો પ્રથમ વિભાવ શુદ્ધરૂપ થાય=જીવની સંસાર અવસ્થારૂપ વિભાવ જીવની શુદ્ધ અવસ્થારૂપ થાય.**

**ઉત્થાન :-**

આ રીતે માયાનાશથી જીવમાં કાંઈ અધિક થતું નથી, એ પ્રકારના પૂર્વપક્ષીના કથનમાં દોષ બતાવીને, હવે અનુભવસિદ્ધ દૃષ્ટાંતથી સંસાર અવસ્થા અને મુક્ત અવસ્થામાં જીવનો ભેદ છે તે બતાવીને, આત્માને પરિણામી સ્થાપન કરતાં કહે છે -

**ગાથાર્થ :-**

**જો રત્નાદિકમાં શુદ્ધિ-અશુદ્ધિ કહો તો ઈહાઁ=આત્મામાં, શું કુબુદ્ધિ છે ? અર્થાત્ આત્મામાં શુદ્ધિ-અશુદ્ધિનો ભેદ નહિ સ્વીકારવામાં શું કુબુદ્ધિ છે ? ॥૫૭॥**

**બાલાવબોધ :-**

**जो कहस्यो "मायानाश अधिको भाव नथी अधिकरणस्वरूप ज छइ" तो प्रथम विभावरूप आत्मा ते शुद्धरूप थइ जाइ, ते माँटइ ते आत्मामांहिं मायिकभावनो अत्यंताभाव छइ, शुद्धरूपज्ञानइ ज जो शुद्ध थाइ तो समल भाजनादिक पणि निर्मलताज्ञानइ ज निर्मल थयुं जोइइ; रत्नादिकनइ जिम शुद्धि अशुद्धउपायउपाधिं, कहो छो तिम आत्मानइं परिणामविशेषइ जाणो, एसी कुबुद्धि जे पुद्गलद्रव्यनइ परिणामइं शुद्धि-अशुद्धि कहो छो, अनइ आत्मानइ तिम नथी कहता ? ।।५७।।**

● મૂળ ગાથામાં 'अशुद्धि' શબ્દ છે, તેનો જ અર્થ બાલાવબોધમાં 'अशुद्धउपायउपाधिं' કર્યો છે. તેનો અર્થ અશુદ્ધના કારણરૂપ મળ છે.

**અનુવાદ :-**

**जो कहस्यो.....अत्यंताभाव छइ,** - જો પૂર્વપક્ષી કહે કે માયાનાશ અધિક ભાવ નથી પરંતુ અધિકરણસ્વરૂપ જ છે, તો પ્રથમ વિભાવરૂપ આત્માની અવસ્થા તે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ શુદ્ધરૂપ થઈ જાય. તે માટે=તેથી કરીને, તે આત્મામાં માયિકભાવનો અત્યંતાભાવ છે=માયારૂપ ભાવનો ત્રિકાળવર્તી અભાવ છે, તેમ પૂર્વપક્ષીને માનવું પડે.

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીનો આશય એ છે કે, જેમ ભૂતલ ઉપર ઘટ વિદ્યમાન હોય અને ત્યાર પછી ઘટનો નાશ થાય તો ભૂતલમાં કોઈ પરિવર્તન થતું નથી, પરંતુ ઘટના અધિકરણરૂપ ભૂતલ સ્વરૂપ જ તે ઘટનાશ છે; તેમ માયાનો નાશ થવાથી જીવમાં કોઈ અધિકભાવ થતો નથી, પરંતુ પહેલાં જેમ માયાના અધિકરણસ્વરૂપ જીવ હતો તેવો જ અધિકરણસ્વરૂપ અત્યારે છે, ફક્ત આગંતુક એવી માયા પહેલાં હતી હવે તેનો નાશ થયો. જેમ આગંતુક એવો ઘટ ભૂતલ ઉપર પૂર્વે હતો, હવે તે આગંતુક ઘટ ચાલ્યો ગયો તે વખતે પણ ભૂતલરૂપ અધિકરણ પહેલાં જેવું જ છે, પણ ભૂતલરૂપ અધિકરણમાં કોઈ પરિવર્તન નથી, તેથી ઘટનો અભાવ અધિકરણ સ્વરૂપ જ છે. તે જ રીતે માયાનો નાશ પણ આત્મારૂપ અધિકરણ સ્વરૂપ જ છે. તેને ગ્રંથકાર કહે છે - તેમ સ્વીકારવાથી માયાના નાશ પૂર્વે આત્મા વિભાવરૂપ હતો તેને પણ શુદ્ધ રૂપ છે તેમ તમારે માનવું પડે, અને તેમ માનવાથી આત્મામાં માયિકભાવનો અત્યંતાભાવ છે તેમ કહેવું પડે. અર્થાત્ સંસાર અવસ્થામાં આત્મા વિભાવરૂપ છે તે વખતે પણ માયાનો અત્યંતાભાવ છે, અને સાધના કરીને જ્યારે આત્મા વિભાવ વગરનો થાય છે ત્યારે પણ માયાનો અત્યંતાભાવ છે, તેમ માનવું પડે. અને તેમ પૂર્વપક્ષી સ્વીકારે તો જ તેમને માન્ય એવું આત્માનું કૂટસ્થપણું સંગત થાય. પરંતુ તે રીતે આત્માનું કૂટસ્થપણું સ્વીકારતાં આત્મામાં માયિકભાવનો અત્યંતાભાવ પૂર્વપક્ષીને બળાત્કારે સ્વીકારવો પડે. અને તેમ પૂર્વપક્ષી સ્વીકારી શકે તેમ નથી, કેમ કે માયાનાશ માટે જ સર્વ શાસ્ત્રનો ઉપદેશ તેમના મતે છે.

**ઉત્થાન :-**

અહીં પૂર્વપક્ષી કહે કે માયાનાશથી આત્મારૂપ અધિકરણમાં અધિક ભાવ નથી, પરંતુ જીવ ત્રિકાળવર્તી સદા શુદ્ધ જ છે, તેથી શુદ્ધ આત્માને પ્રાપ્ત કરવા માટે સાધનાની આવશ્યકતા રહે નહિ; પરંતુ આત્મા ત્રિકાળવર્તી શુદ્ધ હોવા છતાં અજ્ઞાનને કારણે પોતે શુદ્ધ નથી તેવો તેને ભ્રમ છે, અને તે ભ્રમ કાઢવા માટે જ શાસ્ત્રનો ઉપદેશ છે. આથી શાસ્ત્રનો ઉપદેશ સાંભળીને મનન-નિદિધ્યાસન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવાથી શુદ્ધરૂપ આત્માનું જ્ઞાન થાય છે, તેથી જ પોતે શુદ્ધ છે તેવો અનુભવ તેને થાય છે; જ્યારે પૂર્વમાં પોતે શુદ્ધ હોવા છતાં હું અશુદ્ધ છું એ પ્રકારનું અજ્ઞાન વર્તે છે. આથી આત્માને ત્રિકાળવર્તી શુદ્ધ સ્વીકારવાથી આત્મા ફૂટસ્થ છે તે પણ સંગત થશે અને અજ્ઞાનનાશ માટે શાસ્ત્રનો ઉપદેશ પણ સફળ છે તે સંગત થશે, એ પ્રકારના પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે -

**અનુવાદ :-**

**शुद्धरूपज्ञानइ.....थयुं जोइइ,**- શુદ્ધરૂપ જ્ઞાનથી જ જો આત્મા શુદ્ધ થાય તો સમલ=મલસહિત, ભાજનાદિક પણ નિર્મળતા જ્ઞાનથી જ નિર્મળ થવાં જોઈએ.

**ભાવાર્થ :-**

આત્મા ત્રિકાળવર્તી શુદ્ધ હોવા છતાં શાસ્ત્રના શ્રવણ, મનન અને નિદિધ્યાસનથી આત્માના શુદ્ધરૂપનું જ્ઞાન થાય છે, અને તે જ્ઞાનથી જ આત્મા શુદ્ધરૂપે દેખાય છે, પરંતુ આત્મા ઉપર કોઈ મળ ન હતો કે જેને દૂર કરવા માટે જીવે યત્ન કરવો પડે, એમ જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર કહે છે -

કોઈ ભાજન પણ મળથી યુક્ત હોય અને આ ભાજન નિર્મળ છે એવું જ્ઞાન કરવામાં આવે, તો તે ભાજન નિર્મળ થવું જોઈએ. વાસ્તવિક રીતે નિર્મળતાના જ્ઞાનમાત્રથી ભાજન નિર્મળ થતું નથી, પરંતુ તેને શુદ્ધ કરવા માટે નિર્મળતાનું જ્ઞાન થયા પછી શોધન કરવાની ક્રિયા કરવી પડે છે. અર્થાત્ આ ભાજન વાસ્તવિક રીતે શુદ્ધ છે તો પણ અત્યારે આગંતુક મળથી મલિન છે, તેમ જણાવાથી આ વાસ્તવિક શુદ્ધ છે તેવું જ્ઞાન થયા પછી તેને પ્રગટ કરવા માટે શોધનક્રિયા કરવી પડે છે. તેવી જ રીતે પરમાર્થથી શુદ્ધ એવા આત્માને પ્રગટ કરવા માટે શોધનક્રિયા કરવી પડે છે, એ જ બતાવે છે કે શોધનક્રિયા પૂર્વે આત્મા અશુદ્ધ હતો અને શોધનક્રિયા પછી તે શુદ્ધ થાય છે, તેથી આત્મા ત્રિકાળવર્તી શુદ્ધ છે તેમ માની શકાય નહિ. અને આ વાત યુક્તિથી પૂર્વપક્ષીને સ્વીકારવી પડે અને તેમ પૂર્વપક્ષી સ્વીકારે તો તેમને અભિમત એવું આત્માનું ફૂટસ્થપણું રહે નહિ.

**ઉત્થાન :-**

પૂર્વમાં સમલ ભાજનના દૃષ્ટાંતથી આત્માનું ફૂટસ્થપણું માની શકાય નહિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમ સ્થાપન કર્યું, હવે પૂર્વપક્ષી જેમ રત્નાદિકની શુદ્ધિ-અશુદ્ધિ વ્યવહારમાં માને છે, તેમ આત્માની પણ શુદ્ધિ-અશુદ્ધિ સ્વીકારવી જોઈએ, તે સ્થાપન કરતાં કહે છે -

**અનુવાદ :-**

**रत्नादिकनइ.....विशेषइ जाणों** - રત્નાદિકની જેમ શુદ્ધિ અને અશુદ્ધ ઉપાયરૂપ ઉપાધિ કહો છો, તેમ આત્માને પણ પરિણામવિશેષે જાણો.

**ભાવાર્થ :-**

લોકવ્યવહારમાં પૂર્વપક્ષી પણ કહે છે કે, જે રત્ન શોધનક્રિયાથી શુદ્ધ કરાયેલું નથી તેમાં અશુદ્ધિ છે, અર્થાત્ તે રત્નને અશુદ્ધના ઉપાયરૂપ=કારણરૂપ, ઉપાધિ છે, અર્થાત્ તે રત્ન ઉપર આગંતુક મળરૂપ ઉપાધિ છે, તેથી તે રત્ન અશુદ્ધ છે. આમ, જે રત્નને શોધનક્રિયાથી શુદ્ધ કરવામાં આવે છે તે રત્નમાં લોક શુદ્ધિ કહે છે, અને જે રત્ન ઉપર શોધનક્રિયા કરવામાં આવતી નથી તેના ઉપર આગંતુક મળ હોવાથી તે રત્નમાં અશુદ્ધિ છે તેમ કહે છે; તે જ રીતે જે આત્માએ સાધના કરી નથી તેવા આત્મામાં આગંતુક મળરૂપ ઉપાધિ છે તેથી તે આત્મામાં અશુદ્ધિ છે, અને જે આત્માએ સાધના કરીને શુદ્ધિ પ્રગટ કરી છે તે આત્મામાં શુદ્ધિ છે, આ પ્રકારનો આત્મામાં પરિણામનો ભેદ જાણો. અને એ પ્રકારના પરિણામના ભેદને પૂર્વપક્ષી માને તો આત્માનું કૂટસ્થપણું સ્વીકારી શકાય નહિ.

**ઉત્થાન :-**

આ રીતે આત્માના પરિણામવિશેષને સ્થાપન કરીને ગ્રંથકાર પૂર્વપક્ષીને કહે છે કે, રત્નાદિકમાં શુદ્ધિ-અશુદ્ધિને તું સ્વીકારે છે અને આત્મામાં શુદ્ધિ-અશુદ્ધિને તું સ્વીકારતો નથી એ તારી કુબુદ્ધિ છે, તે જ બતાવતાં કહે છે -

**અનુવાદ :-**

**एसी कुबुद्धि.....नथी कहता ?।।५७।।** - આ પ્રકારની તારી કુબુદ્ધિ છે કે જે પુદ્ગલ દ્રવ્યને પરિણામે શુદ્ધિ-અશુદ્ધિ તું કહે છે, અને આત્માને તેમ કહેતો નથી. **।।૫૭।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

રત્નાદિકમાં આગંતુક મલ હોય છે ત્યારે રત્નાદિક પુદ્ગલમાં અશુદ્ધિ છે, અને શોધનક્રિયા પછી તે રત્નમાં શુદ્ધિ છે, એ પ્રકારનો વ્યવહાર પૂર્વપક્ષી કરે છે; અને આત્માને સાધના પૂર્વે અશુદ્ધિ છે, અને સાધના પછી શુદ્ધિ છે, તેમ માનતો નથી; અને આત્મા કૂટસ્થ નિત્ય છે એમ કહીને સદા શુદ્ધ સ્થાપન કરે છે, એ પૂર્વપક્ષીની કુબુદ્ધિ છે. **॥૫૭॥**

**અવતરણિકા :-**

પૂર્વગાથા-૫૭માં રત્નના દૃષ્ટાંતથી આત્મામાં શુદ્ધિ-અશુદ્ધિનું સ્થાપન કરીને આત્મા કૂટસ્થ નથી તેમ સ્થાપન કર્યું. હવે માત્ર શુદ્ધતાના જ્ઞાનથી અશુદ્ધતાનો ભ્રમ ટળે છે, બાકી વાસ્તવિક આત્મા શુદ્ધ છે, એ પ્રકારની પૂર્વપક્ષીની માન્યતાનું નિરાકરણ કરવા માટે, રત્નશોધન માટે જેમ ક્ષારાદિ દ્રવ્યોથી ક્રિયા કરવામાં આવે છે, તેમ આત્માના શોધન માટે ક્રિયારૂપ વ્યવહાર આવશ્યક છે, એ બતાવતાં ગ્રંથકાર કહે છે -

**ચોપઇ :-**

**रतनशोध जिम शतपुटखार, तिम आतमशोधक व्यवहार ।**
**गुणधाराइ अखिल प्रमाण, जिम भाषइ दासूर सुजाण ।।५८।।**

**ગાથાર્થ :-**

**સો વાર ક્ષારપુટથી જેમ રત્નનું શોધન થાય છે, તેમ આત્માનો શોધક વ્યવહાર છે.**

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે રત્નની શુદ્ધિ ચરમક્રિયાથી થાય છે, તેમ આત્માની શુદ્ધિ પણ ચરમક્રિયાથી થાય છે, તેથી આત્માની શુદ્ધિ માટેની પૂર્વની વ્યવહારની ક્રિયાઓ પ્રમાણરૂપ નથી; પરંતુ ચરમક્રિયા જ જેમ રત્નની શુદ્ધિ કરે છે, તેમ શુદ્ધાત્માનું ધ્યાન જ આત્માની શુદ્ધિ કરે છે, પૂર્વની ક્રિયાઓ નહિ. અને તેમ સ્વીકારીએ તો શુદ્ધાત્માનું ધ્યાન જ્ઞાનના ઉપયોગસ્વરૂપ છે, તેથી જ્ઞાનથી જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્માની શુદ્ધિ થાય છે, ક્રિયાથી નહિ, એ સ્વીકૃત થાય. અને તે રીતે સ્વીકારવાથી વસ્તુતઃ આત્મા સદા શુદ્ધ જ છે. ફક્ત શુદ્ધ આત્મજ્ઞાનથી, હું અશુદ્ધ છું એવું અજ્ઞાન જ નાશ પામે છે. માટે આત્મા કૂટસ્થનિત્ય છે, એમ પ્રાપ્ત થાય. તેનું નિરાકરણ કરતાં કહે છે -

**ગાથાર્થ :-**

**ગુણધારા અખિલ પ્રમાણ છે, જે પ્રમાણે સુજાણ એવા દાસૂરઋષિ કહે છે.** (જે આગળના શ્લોકમાં બતાવવાના છે.) **॥૫૮॥**

**બાલાવબોધ :-**

**जिम रतनशोधक-रतनदोषनो टालणहार, शतपुटषार-सो षारपुट छइ, तिम आतमाना दोषनो शोधक क्रियाव्यवहार छइ । चरमक्रियासाधन माटइं प्रथमादि क्रिया पणि लेखइ छइ, प्रथमादि विना चरम षारपुट न होइ ते विना रतनशुद्धि न होइ, ए क्रिया दृष्टांत जाणवो । गुणधारावृद्धिं सर्व प्रमाण, एह ज अभिप्रायइ योगवाशिष्ठग्रंथ मध्ये दासूरऋषि रामचंद्रप्रतिं बोल्या-।।५८।।**

**અનુવાદ :-**

**जिम.....क्रियाव्यवहार छइ,-** જેમ રત્નશોધક=રત્નના દોષને દૂર કરનાર, સો વાર ક્ષારના પુટો છે, તેમ આત્માના દોષને શુદ્ધ કરનાર ક્રિયારૂપ વ્યવહાર છે.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે ચરમ ક્ષારપુટથી રત્નથી શુદ્ધિ થાય છે, તેમ ચરમ ધ્યાનની પ્રક્રિયાથી આત્માની શુદ્ધિ થાય છે, પરંતુ પૂર્વની ક્રિયા શુદ્ધિમાં કારણ કઈ રીતે કહી શકાય ? તેથી કહે છે -

**અનુવાદ :-**

**चरमक्रियासाधन.....दृष्टांत जाणवो,** - ચરમ ક્રિયાના સાધનરૂપ પ્રથમાદિ ક્રિયાઓ છે, માટે પ્રથમાદિ ક્રિયા પણ ઉપયોગી છે. જેમ રત્નમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમાદિ ક્ષારપુટ વગર ચરમ ક્ષારપુટ પ્રાપ્ત ન થાય, અને ચરમ ક્ષારપુટની પ્રાપ્તિ વગર રત્નની શુદ્ધિ થાય નહિ, તેમ પ્રથમાદિ વ્યવહારની ક્રિયાઓથી આત્માની શુદ્ધિ થયા પછી મહાધ્યાનરૂપ ચરમ ક્રિયા આત્માના શોધનનું કારણ બને છે. તેથી જેમ આત્માની શુદ્ધિમાં ચરમ ક્રિયા સાક્ષાત્ કારણ છે, તેમ પ્રથમાદિ ક્રિયા પરંપરાએ કારણ છે.

**गुणधारावृद्धिं सर्व प्रमाण** - ગુણધારાની વૃદ્ધિથી સર્વ પ્રમાણ છે=પ્રથમ ક્રિયાથી પ્રાથમિક ગુણધારા પ્રગટે છે, અને ઉત્તર ઉત્તરની ક્રિયાથી તે તે ગુણધારાની વૃદ્ધિ થાય છે; અને તે ગુણધારાની વૃદ્ધિ તે તે ક્રિયાઓથી પ્રગટ થઈને પૂર્ણ શુદ્ધ આત્માને પ્રગટ કરે છે. તેથી આત્માની શુદ્ધિ પ્રત્યે પ્રથમથી માંડીને ચરમ પ્રકારની ક્રિયા સુધીની સર્વ ક્રિયાઓ કારણરૂપે પ્રમાણ છે.

एह ज.....बोल्या- ।।५८।। - એ જ અભિપ્રાયથી=રત્નશોધકના દૃષ્ટાંતથી "આત્મશોધક વ્યવહાર છે" એ જ અભિપ્રાયથી, યોગવાસિષ્ઠ ગ્રંથમાં દાસૂરઋષિએ રામચંદ્ર પ્રતિ કહ્યું છે, તે આગળની ગાથામાં બતાવે છે. **॥૫૮॥**

**ચોપઇ :-**

**सतुषपणुं जिम तंदुले घणुं, श्यामपणुं त्रांबानिं घणुं ।**
**क्रिया विना न विनासइ पुत्र !, जाणि पुरुषमल तिम अपवित्र ।।५९।।**

**ગાથાર્થ :-**

**જેમ તંદુલમાં સતુષપણું=ફોતરાસહિતપણું ઘણું અને ત્રાંબામાં શ્યામપણું ઘણું ક્રિયા વગર વિનાશ પામે નહિ, તેમ હે પુત્ર ! અપવિત્ર પુરુષમલ તું જાણ. ॥૫૯॥**

● અહીં તંદુલમાં સતુષપણું ઘણું છે એમ કહ્યું. ત્યાં ઘણું કહેવાથી એમ કહેવું છે કે ચોખા ઉપર વગર પ્રયત્ને નીકળે તેવાં ફોતરાં નથી, પરંતુ ઘણા પ્રયત્ને નીકળે તેવાં ફોતરા છે, તેથી તેને શોધન માટે ક્રિયાની જરૂર પડે છે.

**બાલાવબોધ :-**

सतुषपणुं-फोतरासहितपणुं, जिम तंदुलतणुं-व्रीहितणुं; त्रांबाभाजननुं घणुं-घणेरुं श्यामपणुं-मलिनपणुं; कंडन-मार्जनप्रमुख क्रिया विना हे पुत्र

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रामचंद्र ! नासइ नहीं; तिम अपवित्र जे अनादिकालीन पुरुषमल कर्मरूप छइ ते क्रिया विना ज्ञानमात्रइ नासै नहीं, वचनमात्रइ आत्मा संतोस्यइ स्यूं थाइ, उक्तं च -

भणंता अकरंता य बंध-मुक्खपइन्निणो ।
वायाविरियमित्तेणं समासासिति अप्पयं ।।

- (६-१०, उत्तराध्ययनसूत्र) ।।५१।।

**અનુવાદ :-**

**सतुषपणुं.....नासै नहीं,** - જેમ ચોખાનું ફોતરાસહિતપણું અને ત્રાંબાના ભાજનનું શ્યામપણું ઘણું, કંડન-માર્જન પ્રમુખ ક્રિયા વગર હે પુત્ર ! રામચંદ્ર ! નાશ પામતુ નથી; તેમ અપવિત્ર જે અનાદિકાલીન પુરુષમળ જે કર્મરૂપ છે, તે ક્રિયા વિના જ્ઞાનમાત્રથી નાશ પામતો નથી.

**ભાવાર્થ :-**

તંદુલના ઉપર ફોતરાસહિતપણું છે તે, અને ત્રાંબા ઉપર ઘણું શ્યામપણું છે તે તંદુલનું કંડન ક્રિયાથી=છડવાથી, અને ત્રાંબાના ભાજનનું માર્જન ક્રિયાથી= માંજવાથી, દૂર થાય છે; તેમ અનાદિકાલીન પુરુષમલ જે કર્મરૂપ છે તે વ્યવહારની ઉચિત ક્રિયાઓ વગર, મારો આત્મા પરમાર્થથી શુદ્ધ છે એ પ્રકારના જ્ઞાનમાત્રથી, નાશ પામતો નથી. માટે જેમ શુદ્ધ તંદુલની પ્રાપ્તિ માટે છડવાની ક્રિયા અને શુદ્ધ તાંબાની પ્રાપ્તિ માટે માંજવાની ક્રિયા આવશ્યક છે, તેમ શુદ્ધ આત્માનું જ્ઞાન કર્યા પછી આત્માની શુદ્ધિ માટે ઉચિત ક્રિયાઓ પણ આવશ્યક છે.

ઉપરોક્ત સ્થાપનથી એ પ્રાપ્ત થાય છે કે, સાંખ્ય અને વેદાંતી જે આત્માને કર્તા અને ભોક્તા માનતા નથી, અને અજ્ઞાનને કારણે જ આ માયારૂપ સંસાર દેખાય છે એમ માને છે, અને તેથી અજ્ઞાનના નાશ માટે સાધના સ્વીકારે છે, અને કહે છે કે "શુદ્ધાત્માના જ્ઞાનમાત્રથી જ અજ્ઞાન ટળે છે, તદર્થે જ શાસ્ત્રનો ઉપદેશ છે અને શુદ્ધ આત્મા કૂટસ્થ નિત્ય છે;" તેનું નિરાકરણ, ઉચિત ક્રિયા કરવાથી આત્મા શુદ્ધ થાય છે, એમ સ્થાપન કરવાથી થાય છે. કેમ કે આત્મા કર્મરૂપ મળનો કર્તા છે, અને તેના શોધનની ક્રિયાથી તે મળનો નાશ કરી શકે છે; તેથી આત્મા કૂટસ્થ નિત્ય નથી, પરંતુ ક્રિયાનો કર્તા અને ક્રિયાના ફળનો ભોક્તા છે, એમ સ્થાપન થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્થાન :-**

વેદાંતી અને સાંખ્ય આત્માને કૂટસ્થ નિત્ય માને છે, તેથી તેઓના મત પ્રમાણે આત્મા નિત્યમુક્ત છે; આમ છતાં પોતે મુક્ત છે તેનું અજ્ઞાન હોવાને કારણે તેને ભ્રમ થાય છે કે હું બંધાયેલો છું; અને જ્યારે હું મુક્ત છું એવું જ્ઞાન થાય છે, ત્યારે તેની સાધના પૂર્ણ થાય છે. વાસ્તવિક રીતે મુક્ત થવા માટે ક્રિયાની કોઈ આવશ્યકતા નથી, એમ તેઓ કહે છે. તેથી ગ્રંથકાર કહે છે -

**અનુવાદ :-**

**वचनमात्रइ स्यूं थाइ,** - વચનમાત્રથી આત્માના સંતોષથી શું થાય ?

**ભાવાર્થ :-**

પૂર્વમાં આત્મા શુદ્ધ જ હતો અને પાછળથી શુદ્ધ આત્માનું જ્ઞાન થયું, તેથી પોતાને ભ્રમ ટળ્યો, અને પોતાને શુદ્ધ આત્માની પ્રતીતિ થઈ; તેથી શુદ્ધ આત્માને પ્રગટ કરવા માટે ક્રિયાની આવશ્યકતા નથી એમ તેઓ માને છે, અને મારો આત્મા શુદ્ધ છે એ પ્રકારના વચનમાત્રથી સંતોષ માને છે. તેને ગ્રંથકાર કહે છે કે હું શુદ્ધ છું, એ પ્રકારના વચનમાત્રના સંતોષથી શું થાય ? અર્થાત્ કાંઈ થાય નહિ. પરંતુ શુદ્ધાત્માનું જ્ઞાન કરીને તેના શોધન માટેની ક્રિયા કરવી જોઈએ, તો જ પુરુષનો મળ નાશ પામે.

**ઉત્થાન :-**

"હું શુદ્ધ છું", એ પ્રકારના વચનમાત્રથી આત્મા શુદ્ધ બનતો નથી. તેમાં સાક્ષી આપતાં કહે છે -

**અનુવાદ :-**

**भणंता.....।।५९।।** - બંધ અને મોક્ષની પ્રતિજ્ઞાવાળા (હું શુદ્ધ છું) એ પ્રમાણે બોલતા, અને (આત્માના શોધન માટે ક્રિયાને) નહિ કરતા, વચનના વીર્યમાત્રથી=વચનના વ્યાપારમાત્રથી, આત્માને=પોતાને, આશ્વાસન આપે છે. **।।૫૯।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

જેઓ જ્ઞાનમાત્રથી જ મોક્ષ માને છે તેઓ સંસાર બંધરૂપ છે અને સાધના કરીને મોક્ષ મેળવવો જોઈએ એમ માને છે. તેથી તેઓ બંધ અને મોક્ષની પ્રતિજ્ઞાવાળા છે અને છતાં મોક્ષની પ્રાપ્તિ માટે ક્રિયાની આવશ્યક્તા નથી તેમ કહે છે. કેમ કે આત્મા તો વાસ્તવિક રીતે નિત્યમુક્ત જ છે, તેથી મુક્તિ માટે કોઈ ક્રિયાની આવશ્યક્તા નથી, અને મુક્તિ માટે અજ્ઞાનને દૂર કરવાની જ આવશ્યક્તા છે એમ તેઓ માને છે. તેથી "હું શુદ્ધ છું" એ પ્રકારે બોલતા હોય છે, તેવા જીવો, "હું શુદ્ધ છું" એ પ્રકારના વચનવ્યાપારમાત્રથી આત્માને સંતોષ આપે છે, પરંતુ મોક્ષ માટે પ્રયત્ન નહિ કરતા હોવાથી મોક્ષ મેળવતા નથી. **॥૫૯॥**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથા-૫૯ માં સ્થાપન કર્યું કે ક્રિયા વગર આત્મા શુદ્ધ થાય નહિ, તેથી આત્મા ક્રિયાનો કર્તા અને ક્રિયાના ફળનો ભોક્તા છે એ સિદ્ધ થયું. અને તેમ થવાથી જ મોક્ષને કહેનારાં શાસ્ત્રોની સંગતિ થઈ શકે છે, પરંતુ એકાંતે આત્માને શુદ્ધ કહેનારાં એવાં વેદાંત આદિનાં વચનોમાં મોક્ષશાસ્ત્રની સંગતિ થતી નથી, એ બતાવવા અર્થે કહે છે -

**ચોપઇ :-**

**ए तो शुद्धाशुद्धस्वभाव, कहिइ तो सवि फावइ दाव ।**
**कालभेदथी नहि विरोध, सघट-विघट जिम भूतलबोध ।।६०।।**

**ગાથાર્થ :-**

**એ તો=આ રીતે=પૂર્વ ગાથા-૫૯ માં સ્થાપન કર્યું કે ક્રિયાથી આત્મા શુદ્ધ થાય છે એ રીતે, (આત્માનો) શુદ્ધ-અશુદ્ધ સ્વભાવ કહીએ તો મોક્ષને કહેનારાં શાસ્ત્રોના સર્વ દાવો ફાવે=સર્વ વાત સંગત થાય. જેમ સઘટ-વિઘટ એવા ભૂતલનો બોધ કાળના ભેદથી થાય છે, તેમ કાળના ભેદથી એક જ આત્માનો શુદ્ધ-અશુદ્ધ સ્વભાવ માનવામાં વિરોધ નથી. ॥૬૦॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બાલાવબોધ :-**

ए तो आत्मानो स्वभाव जो संसारिदशाइ अशुद्ध, सिद्धदशाइ शुद्ध, इम शुद्धाशुद्ध स्याद्वादप्रमाणइ करी मानिइ तो सर्व दाव मुक्तिशास्त्रनो पावइ, पणि एकांतवादइ तो कांइ न मिलइ; विरोध परिहरइ छइ- कालनइ भेदथी विरोध नइ, जेमाटइ एक ज भूतल घटकालइ घटवत्स्वभाव छइ, अन्यकालइ अघटस्वभाव छइ, इम शुद्धाशुद्धोभयस्वभाव कालभेदइ मानतां विरोध नथी, अन्यनइ जे भावाभावसंबंध घटक ते ज अह्मारइ शबलस्वभाव छै ।।६०।।

**અનુવાદ :-**

**ए तो आत्मानो.....कांइ न मिलइ,**- આ રીતે=પૂર્વગાથા-૫૯ માં બતાવ્યું એ રીતે, આત્માનો સ્વભાવ જો સંસારીદશામાં અશુદ્ધ અને સિદ્ધદશામાં શુદ્ધ, એ પ્રકારે શુદ્ધાશુદ્ધરૂપ સ્યાદ્વાદને પ્રમાણ કરીને માનીએ, તો મુક્તિશાસ્ત્રના સર્વ દાવો પ્રાપ્ત થાય=મુક્તિશાસ્ત્રની સર્વ વાતો સંગત થાય. પરંતુ એકાંતવાદમાં તો=આત્મા એકાંતે શુદ્ધ છે એ પ્રકારના વાદમાં તો, મુક્તિશાસ્ત્રની વાતો કાંઈ મળે નહિ.

**विरोध परिहरइ छइ** - આત્માને શુદ્ધ-અશુદ્ધરૂપ સ્વીકારવામાં પરસ્પર વિરોધ દેખાય, કેમ કે જો આત્માને શુદ્ધ કહીએ તો અશુદ્ધ ન હોય, અને અશુદ્ધ કહીએ તો શુદ્ધ ન હોય, તેથી એક જ વસ્તુને શુદ્ધાશુદ્ધ સ્વીકારવામાં પરસ્પર વિરોધ દેખાય છે, તે વિરોધનો પરિહાર કરતાં કહે છે -

**कालनइ.....विरोध नथी,** - કાળના ભેદથી વિરોધ નથી. જેમ એક જ ભૂતલ, ઘટના વિદ્યમાનકાળમાં ઘટવત્ સ્વભાવવાળો છે અને અન્યકાળમાં=ઘટના અવિદ્યમાનકાળમાં, અઘટસ્વભાવવાળો છે, એ રીતે આત્મામાં પણ શુદ્ધ-અશુદ્ધ ઉભય સ્વભાવ કાળભેદે માનવામાં વિરોધ નથી.

**ભાવાર્થ :-**

સાધના પૂર્વે જીવ સંસારીદશામાં અશુદ્ધ સ્વભાવવાળો છે, અને સાધના કરીને જ્યારે કર્મરહિત બને છે ત્યારે શુદ્ધ સ્વભાવવાળો છે. આ રીતે પૂર્વકાળમાં અશુદ્ધ અને પશ્ચાત્કાળમાં શુદ્ધસ્વભાવવાળો આત્મા માનવામાં કોઈ વિરોધ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમ સ્વીકારવાથી આત્મા કર્મનો કર્તા અને કર્મના નાશનો કર્તા સ્વીકારી શકાય છે, તો જ મુક્તિને કહેનારાં શાસ્ત્રોની સંગતિ થાય છે. આ પ્રકારનો કથનનો ધ્વનિ છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે કાળભેદથી શુદ્ધ-અશુદ્ધ ઉભયસ્વભાવ માનવામાં વિરોધ નથી, તેમાં મૂળ ગાથામાં દૃષ્ટાંત આપ્યું કે ભૂતલમાં જેમ સઘટ અને વિઘટનો બોધ થાય છે, તે જ વાતને નૈયાયિકની માન્યતા પ્રમાણે સ્પષ્ટ કરતાં કહે છે -

**અનુવાદ :-**

**अन्यनइ.....शबलस्वभाव छै ॥६०॥** - અન્યને=નૈયાયિકને, જે ભાવાભાવ સંબંધ ઘટક તે જ અમારે શબલ સ્વભાવ છે. **॥૬૦॥**

**ભાવાર્થ :-**

નૈયાયિક ચાર અભાવ માને છે, અને તેમના મત પ્રમાણે અત્યંતાભાવ એક અને સર્વત્ર છે, તેથી જ્યાં ઘટ છે ત્યાં ઘટનો અત્યંતાભાવ પણ છે. તો પ્રશ્ન થાય કે જ્યાં ઘટ છે ત્યાં ઘટાભાવની પ્રતીતિ કેમ થતી નથી ? તેથી તે કહે છે -

જ્યાં ઘટ છે ત્યાં ઘટ અસંબંધકાલીન ભૂતલ નથી, તેથી ત્યાં ઘટાભાવ હોવા છતાં પ્રતીત થતો નથી; અને જ્યાં ઘટ અસંબંધકાલીન ભૂતલ છે ત્યાં ઘટાભાવની પ્રતીતિ થાય છે. તેથી નૈયાયિકના મત પ્રમાણે ઘટના ભાવ-અભાવ સંબંધ ઘટક જુદા છે. તે જ અમારા મતે=સ્યાદ્વાદીના મતે શબલ સ્વભાવ છે, અર્થાત્ સ્યાદ્વાદી પદાર્થને અનેકાંત સ્વભાવવાળો કહે છે.

જેમ એક જ ભૂતલ ભિન્ન ભિન્ન કાળમાં ઘટના સંબંધવાળું છે અને ઘટના અસંબંધવાળું પણ છે, તેથી ઘટાભાવ સર્વત્ર હોવા છતાં ઘટના સંબંધકાળમાં ઘટાભાવની પ્રતીતિ થતી નથી, અને ઘટના અસંબંધકાળમાં ઘટાભાવની પ્રતીતિ થાય છે. તેથી નૈયાયિક એક જ ભૂતલમાં ભાવાભાવસંબંધ ઘટક માને છે. તે જ અમારા મતે ભૂતલ અનેક સ્વભાવવાળું છે. તેથી એ પ્રાપ્ત થાય કે એક જ ભૂતલ ભિન્નકાળમાં ઘટના સંબંધસ્વભાવવાળું છે અને ભિન્નકાળમાં ઘટના અસંબંધ સ્વભાવવાળું છે, તે જ ભૂતલનો શબલ સ્વભાવ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આનાથી એ ફલિત થયું કે જેમ એક જ ભૂતલ કાળભેદે ઘટના સંબંધ-સ્વભાવવાળું અને ઘટના અસંબંધસ્વભાવવાળું નૈયાયિકમત પ્રમાણે છે, તેમ આત્મા ભિન્નકાળમાં અશુદ્ધ સ્વભાવવાળો અને ભિન્નકાળમાં શુદ્ધ સ્વભાવવાળો છે **.॥૬૦॥**

**અવતરણિકા :-**

પૂર્વગાથા-૬૦ માં આત્માનો શુદ્ધાશુદ્ધ સ્વભાવ માનીએ તો જ સર્વ વાત સંગત થાય છે તેમ સ્થાપન કર્યું. ત્યાં પ્રશ્ન થાય કે તો પછી શ્રુતિ આત્માને કેવલ શુદ્ધ કહે છે, તે કઈ રીતે સંગત થશે ? તેથી કહે છે -

**ચોપઇ :-**

**केवलशुद्ध कहइ श्रुति जेह, निश्चयथी नहि तिहां संदेह ।**
**ते निमित्तकारण नवि सहि, चेतन निजगुणकरता कहइ ।।६१।।**

**ગાથાર્થ :-**

**શ્રુતિ (આત્માને) કેવલ શુદ્ધ કહે છે, જે નિશ્ચયનયથી તેમાં સંદેહ નથી.**

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે શ્રુતિ આત્માને નિશ્ચયનયથી કેવલ શુદ્ધ કેમ કહે છે ? શુદ્ધ-અશુદ્ધ કેમ કહેતી નથી ? તેથી કહે છે -

**ગાથાર્થ :-**

**તે=નિશ્ચયનય, નિમિત્તકારણને સહન કરતો નથી, (અને) ચેતનને નિજગુણકર્તા=પોતાના ગુણનો કર્તા, કહે છે. ॥૬૧॥**

**બાલાવબોધ :-**

**श्रुतिं कूटस्थपणुं कहिउं छइ ते मेंलइ - श्रुतिं जे केवल शुद्ध आत्मा कहिओ छइ ते निश्चयनयथी, तेहमां संदेह नहीं, जेहनो आविर्भाव सिद्धमांहिं छइं, ते निश्चय निमित्तकारण न मानइ शुद्धपर्यायउपादानइ स्वभावे ज शुद्ध कहइ ।।६१।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**श्रुतिं.....संदेह नहीं,** - શ્રુતિ આત્માનું ફૂટસ્થપણું કહે છે, તે મેળવે છે= કઈ રીતે સંગત થાય તે બતાવે છે - શ્રુતિ જે કેવલ શુદ્ધ આત્મા કહે છે તે નિશ્ચયનયથી છે, તેમાં સંદેહ નથી=શ્રુતિના તે કથનમાં કોઈ સંદેહ નથી. કેમ કે નિશ્ચયનયથી સંસાર અવસ્થામાં પણ આત્મા શુદ્ધ જ છે.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે તો શુદ્ધાત્માની પ્રતીતિ સંસાર અવસ્થામાં કેમ થતી નથી ? તેથી કહે છે -

**અનુવાદ :-**

**जेहनो.....सिद्धमांहिं छइ** - નિશ્ચયનય કેવલ આત્માને શુદ્ધ કહે છે જેનો આવિર્ભાવ સિદ્ધમાં છે, પરંતુ સંસાર અવસ્થામાં આત્મા શુદ્ધ છે તેમ ભાસતો નથી. વસ્તુતઃ સંસાર અવસ્થામાં પણ નિશ્ચયનયના મતે આત્મા શુદ્ધ જ છે, ફક્ત સંસાર અવસ્થામાં શુદ્ધાવસ્થાનો આવિર્ભાવ નહિ હોવાથી તે શુદ્ધાવસ્થા દેખાતી નથી.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે નિશ્ચયનયના મતથી સંસાર અવસ્થામાં પણ આત્મા શુદ્ધ જ કેમ સ્વીકારાય છે ? અશુદ્ધ કેમ સ્વીકારાતો નથી ? તેથી કહે છે -

**અનુવાદ :-**

**ते निश्चय....न मानइ** = તે નિશ્ચયનય નિમિત્તકારણને માનતો નથી.

**ભાવાર્થ :-**

વ્યવહારનયથી કર્મને બાંધવામાં આત્મા નિમિત્તકારણ છે, ઉપાદાનકારણ નથી. અને નિશ્ચયનય નિમિત્તકારણને કારણ તરીકે માનતો નથી, તેથી કર્મબંધ પ્રત્યે આત્માને નિમિત્તકારણરૂપે નિશ્ચયનય સ્વીકારતો નથી, તેથી નિશ્ચયનયથી આત્મા કર્મનો કર્તા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે જો નિશ્ચયનય નિમિત્તકારણને માનતો નથી, તો શું માને છે કે જેથી આત્માનું ફૂટસ્થ નિત્યપણું કહે છે ? તેથી કહે છે -

**અનુવાદ :-**

**शुद्धपर्याय.....शुद्ध कहइ ।।६१।।** - શુદ્ધ પર્યાયના ઉપાદાનથી આત્માને સ્વભાવથી જ શુદ્ધ કહે છે=સંસાર અવસ્થામાં પણ આત્માના શુદ્ધ પર્યાયને ગ્રહણ કરીને આત્માને સ્વભાવથી જ શુદ્ધ છે, તેમ કહે છે. **॥૬૧॥**

**ભાવાર્થ :-**

આનાથી એ ફલિત થયું કે, નિશ્ચયનયથી સંસાર અવસ્થામાં આત્મા સ્વભાવથી શુદ્ધ છે, અને સિદ્ધ અવસ્થામાં પણ સ્વભાવથી શુદ્ધ છે; ફક્ત સંસાર અવસ્થામાં આત્માનો શુદ્ધ પર્યાય તિરોભાવ રૂપે છે, આવિર્ભાવરૂપે નથી; જ્યારે સિદ્ધ અવસ્થામાં તે આવિર્ભાવરૂપે છે. **॥૬૧॥**

**અવતરણિકા :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે આત્મા કર્મનો કર્તા છે, ત્યાં શ્રુતિમાં કેવલ આત્માને શુદ્ધ કહે છે એ કથનનો વિરોધ દેખાય, તેથી તેનો પરિહાર ગાથા-૬૧ માં કરતાં કહ્યું કે નિશ્ચયનયથી કેવલ શુદ્ધાત્મા છે. તેથી શ્રુતિનું કથન નિશ્ચયનયની અપેક્ષાએ છે, વ્યવહારનયની અપેક્ષાએ નથી. હવે વ્યવહારનયથી આત્મા કર્મનો કર્તા કઈ રીતે છે, તે બતાવતાં કહે છે -

**ચોપઈ :-**

**चेतन कर्मनिमित्तइ जेह, लागइ तेलि जिम रज देह।**
**करम तास करता सद्दहि, नयव्यवहार परंपर ग्रहि।।६२।।**

**ગાથાર્થ :-**

**ચેતનના કર્મનિમિત્તથી=ભાવકર્મના નિમિત્તથી, જે લાગે (તે દ્રવ્યકર્મ છે.) દેહ ઉપર તેલના નિમિત્તથી જેમ રજ લાગે તેમ, તાસ=જીવના, કર્મનો= દ્રવ્યકર્મનો, કર્તા વ્યવહારનય પરંપરાસંબંધને ગ્રહણ કરીને સદ્દહણા=શ્રદ્ધા, કરે છે. ॥૬૨॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બાલાવબોધ :-**

**चेतनकर्म जे राग-द्वेष ते निमित्त पामी जे पुद्गल जीवनइ आवइ, जिम तेलनिमित्त पामी रज देहइ आवी लागइ छै, तेहनइ ज्ञानावरणादि द्रव्यकरम कहिइ, तेहनो कर्ता जीव छइ इम व्यवहारनय सद्दहइ, ते भावकर्मघटित परंपरासंबंध मानइ छइ, निश्चयनय ते पुद्गलनिमित्त जीव- स्वपरिणामकर्ता, अध्यवसायनिमित्त पुद्गल स्वपरिणामकर्ता इम मानइ ।।६२।।**

**અનુવાદ :-**

**चेतन.....सद्दहइ** - ચેતનના જે રાગ-દ્વેષરૂપ ભાવકર્મ છે તે નિમિત્તને પામીને જે પુદ્ગલ જીવના ઉપર આવે છે=લાગે છે; જેમ તેલના નિમિત્તને પામીને દેહ ઉપર રજ આવે છે=લાગે છે, તેને=રાગ-દ્વેષના નિમિત્તને પામીને જે પુદ્ગલો આવે છે તેને, જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મ કહેવાય છે. અને તેનો=દ્રવ્યકર્મનો, કર્તા જીવ છે, તે પ્રકારે વ્યવહારનય સદ્દહે છે=શ્રદ્ધા કરે છે.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે જીવને દ્રવ્યકર્મનો કર્તા વ્યવહારનય કેમ સ્વીકારે છે ? તેથી કહે છે -

**અનુવાદ :-**

**ते भावकर्मघटित.....मानइ छइ** - તે=વ્યવહારનય, ભાવકર્મઘટિત પરંપરાસંબંધ માને છે.

**ભાવાર્થ :-**

જેમ દેહ ઉપર તેલ લાગેલું ન હોય અને રજનો દેહની સાથે સંયોગ થાય તો તે સંયોગ સ્પર્શમાત્રરૂપ હોય છે, અને જ્યારે દેહ ઉપર તેલ લાગેલું હોય ત્યારે રજનો સંયોગ થાય તે સ્પર્શ કરતાં કાંઈક વિશેષ હોય છે. તે રજનો દેહની સાથે વિશેષ સંબંધ તેલથી ઘટિત પરંપરાસંબંધ છે, અને તેલનો દેહની સાથે સાક્ષાત્ સંબંધ છે. તેમ આત્મા ઉપર તેલસ્થાનીય ભાવકર્મ=રાગાદિ પરિણામો, છે, અને ભાવકર્મ સંબંધથી ઘટિત એવો પરંપરાસંબંધ આત્મા ઉપર ચોંટેલા દ્રવ્યકર્મનો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આથી જ સિદ્ધના આત્મામાં ભાવકર્મ નહિ હોવાથી સિદ્ધનો આત્મા જે ક્ષેત્રમાં છે, તે જ ક્ષેત્રમાં કાર્મણવર્ગણા હોવા છતાં, એક આકાશના અવગાહનરૂપ તે કાર્મણવર્ગણા સાથે સિદ્ધના જીવોને સંબંધ હોવા છતાં ભાવકર્મઘટિત પરંપરાસંબંધ સિદ્ધના જીવોને નથી. જ્યારે સંસારી જીવોને રાગાદિરૂપ ભાવકર્મ વર્તે છે, તેનાથી જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ થાય છે, તે ભાવકર્મઘટિત પરંપરા સંબંધ છે અને તેને વ્યવહારનય માને છે, તેથી જીવને કર્મનો કર્તા કહે છે.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે નિશ્ચયનયની શું માન્યતા છે કે જેથી કર્મનો કર્તા જીવને માનતો નથી ? તેથી કહે છે -

**અનુવાદ :-**

**निश्चयनय.....इम मानइ ।।६२।।** - નિશ્ચયનય તે પુદ્ગલનિમિત્ત= ભાવકર્મથી ભેગા થયેલા એવા દ્રવ્યકર્મના નિમિત્તને પામીને, જીવ સ્વપરિણામનો કર્તા છે એમ માને છે. અને જીવના અધ્યવસાયના નિમિત્તને પામીને, પુદ્ગલ દ્રવ્ય= કાર્મણવર્ગણારૂપ પુદ્ગલ દ્રવ્ય, સ્વપરિણામનો કર્તા છે એ પ્રમાણે માને છે. **॥૬૨॥**

**ભાવાર્થ :-**

અહીં નિશ્ચયનયથી અશુદ્ધ નિશ્ચયનય ગ્રહણ કરવો છે. અશુદ્ધ નિશ્ચયનય જીવને કર્મનો કર્તા માનતો નથી, પરંતુ ઉદયકાળને પ્રાપ્ત એવાં કર્મપુદ્ગલોના નિમિત્તને પામીને જીવ પોતાનામાં વર્તતા રાગાદિ પરિણામોનો કર્તા છે તેમ માને છે. અને જીવના અધ્યવસાયના=રાગાદિ પરિણામોના નિમિત્તને પામીને કર્મપુદ્ગલો પણ પોતાનામાં થતા તે તે પરિણામોના બંધપર્યાયાદિ ભાવોના કર્તા છે, પરંતુ જીવના પરિણામના કર્તા નથી, તેમ માને છે. **॥૬૨॥**

**અવતરણિકા :-**

ગાથા-૩૯ માં જે કહ્યું કે અનાદિ ભાવ હોય તે અનંત જ હોય, પણ અનાદિ-સાંતભાવ ન હોય, માટે જો આત્માને કર્મનો કર્તા માનીએ તો પદાર્થની સંગતિ માટે અનાદિથી કર્મનો કર્તા માનવો પડે. અને તેમ માનીએ તો અનાદિ ભાવ અનંત હોવાથી સદા કર્મનો કર્તા આત્મા છે તેમ માનવું પડે. તેથી મોક્ષની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંગતિ થાય નહિ, માટે આત્માને કર્મનો કર્તા માનવો જોઈએ નહિ. એ પ્રમાણે વેદાંતીના આશયને સામે રાખીને, તેમજ પૂર્વ ગાથા-૬૨માં વ્યવહારનયથી જીવ કર્મનો કર્તા છે, તે સ્થાપન કર્યું, ત્યાં આવતા અન્યોન્યાશ્રય દોષને સામે રાખીને તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે -

**ચોપઇ :-**

**बीज-अंकुरन्याइ ए धार, छै अनादि पणि आवइ पार ।**
**मुगति सादि नइ जेम अनंत, तिम भव्यत्व अनादि सअंत ।।६३।।**

**ગાથાર્થ :-**

**બીજ-અંકુરન્યાયે એ ધારા=દ્રવ્યકર્મ અને ભાવકર્મની ધારા, અનાદિ છે, પણ તેનો પાર આવે છે.**

**ઉત્થાન :-**

અહીં કોઈને શંકા થાય કે જે અનાદિ હોય તે અનંત હોય અને સાદિ હોય તે સાંત હોય, પણ અનાદિ સાંત ભાંગો માનવો ઉચિત નથી. તેના સમાધાનરૂપે કહે છે -

**ગાથાર્થ :-**

**જેમ મુક્તિ સાદિ છે અને અનંત છે, તેમ ભવ્યત્વ અનાદિ સાંત છે.॥૬૩॥**

**બાલાવબોધ :-**

इम भावकर्मइ द्रव्यकर्म द्रव्यकर्मइ भावकर्म, कहतां अन्योन्याश्रयदोष थाइ ते टालइ छइ, ए द्रव्यकर्म-भावकर्म अन्योन्यापेक्षनी धारा बीज-अंकुरपणइ अनादि छइ, प्रामाणिकत्वान्न दोषः; ए धारा अनादि छइ पणि शुक्लध्यानइ दाह थाइ तिवारइ पार आवइ, जिम बीजांकुरसंताननो एकनइ नाशइ; अनादिभावनो किम अंत होइ ? तिहां कहइ छइ-जिम सादि होइ ते सांत ज, ए व्याप्ति नथी, मोक्षपदार्थइ ज व्यभिचार होइ तेमाटइं; तिम 'अनादि होइ ते अनंत' इम निश्चय न कहवो, भव्यत्वइ विघटइ ते माटइ ।।६३।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**इम भावकर्मइ.....टालइ छइ,** = આ રીતે=ઉપરમાં કહ્યું કે, રાગાદિ ભાવકર્મ નિમિત્તે જીવને દ્રવ્યકર્મ લાગે છે એ રીતે, ભાવકર્મથી દ્રવ્યકર્મની પ્રાપ્તિ અને દ્રવ્યકર્મથી ભાવકર્મની પ્રાપ્તિ થાય એ રીતે અન્યોન્યાશ્રય દોષ આવે છે, તે ટાળે છે -

**ભાવાર્થ :-**

ભાવકર્મથી દ્રવ્યકર્મ આવે છે અને તે દ્રવ્યકર્મથી ભાવકર્મ આવે છે, એમ માનવામાં અન્યોન્યાશ્રય દોષ છે. તે આ રીતે -

જેમ પિતાથી પુત્ર થાય છે અને તે પુત્રથી તે પિતા થયો એમ કોઈ કહે તો એ બંનેની ઉત્પત્તિમાં અન્યોન્યાશ્રય દોષ હોવાથી બંનેની ઉત્પત્તિની સંગતિ થાય નહિ. કેમ કે જ્યાં સુધી પિતા ઉત્પન્ન થયો નથી ત્યાં સુધી પુત્ર ઉત્પન્ન થઈ શકે નહિ, અને જ્યાં સુધી પુત્ર ઉત્પન્ન થઈ શકે નહિ ત્યાં સુધી તે પિતાને ઉત્પન્ન કરી શકે નહિ, તેથી પિતા-પુત્ર વચ્ચે પરસ્પર જન્ય-જનકભાવ માનવો ઉચિત નથી. તેમ ભાવકર્મથી દ્રવ્યકર્મ થાય અને તે દ્રવ્યકર્મ ભાવકર્મને પેદા કરે છે એમ માનવું ઉચિત નથી.

**ઉત્થાન :-**

આ પ્રકારનો અન્યોન્યાશ્રય દોષ પ્રાપ્ત થાય છે તેને ટાળતાં કહે છે -

**અનુવાદ :-**

**ए द्रव्यकर्म.....प्रामाणिकत्वान्न दोषः,** - એ દ્રવ્યકર્મ અને ભાવકર્મ અન્ય અન્ય અપેક્ષાની ધારા, બીજ-અંકુરપણે અનાદિ છે. આ અનાદિ ધારા પ્રામાણિક હોવાથી તેમ માનવામાં કોઈ દોષ નથી.

**ભાવાર્થ :-**

ભાવકર્મથી દ્રવ્યકર્મ થાય છે, અને તે દ્રવ્યકર્મ તે પૂર્વના ભાવકર્મનો જનક નથી પણ અન્ય ભાવકર્મનો જનક છે. તેથી જેમ બીજથી અંકુર પેદા થાય છે અને પછી વૃક્ષ થઈને તેમાંથી બીજ પેદા થાય છે તે અન્ય બીજ છે, પણ પૂર્વનું બીજ નથી; અને તે અન્ય બીજથી ફરી અંકુર પેદા થઈને નવાં બીજો પેદા થાય છે. તેથી અન્ય બીજ અને અન્ય અંકુર એ પ્રકારની અનાદિની ધારા પ્રામાણિક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ જ પ્રમાણે જીવમાં રાગાદિરૂપ ભાવકર્મ દ્રવ્યકર્મને પેદા કરે છે, તેથી ભાવકર્મ બીજસ્થાનીય છે અને દ્રવ્યકર્મ અંકુરસ્થાનીય છે; અને તે દ્રવ્યકર્મથી પૂર્વમાં થયેલ ભાવકર્મ પેદા થતું નથી પણ નવું ભાવકર્મ પેદા થાય છે, તેથી દ્રવ્યકર્મ અને ભાવકર્મની ધારા અન્ય અન્ય અપેક્ષાવાળી છે. તેથી અન્યોન્યાશ્રય દોષ આવતો નથી, અને આવી ધારા અનાદિની માનવી એ પ્રામાણિક છે, માટે દોષ નથી.

**અનુવાદ :-**

**ए धारा.....एकनइ नाशइ;** - એ ધારા અનાદિની છે=દ્રવ્યકર્મથી ભાવકર્મ અને ભાવકર્મથી દ્રવ્યકર્મ એ ધારા અનાદિની છે, પણ શુક્લધ્યાનથી દાહ થાય છે ત્યારે તેનો=એ અનાદિની ધારાનો, પાર=અંત, આવે છે. જેમ બીજ-અંકુર સંતાનનો એકના નાશે પાર આવે છે, તેમ દ્રવ્યકર્મ અને ભાવકર્મની ધારા શુક્લધ્યાનનો દાહ થાય છે ત્યારે નાશ પામે છે.

**ભાવાર્થ :-**

જીવ જ્યારે શુક્લધ્યાન ઉપર ચડે છે ત્યારે એ ધ્યાનથી સમતા પ્રગટે છે, અને તે સમતાથી અતિશયવાળું ધ્યાન પ્રગટે છે, તેથી શુક્લધ્યાનમાં ઉત્તરોત્તર સમતાના પરિણામનો અતિશય થાય છે; અને તે સમતાનો પરિણામ જીવના મૂળભૂત સ્વભાવ સ્વરૂપ છે. અને જે ભાવોથી કર્મબંધ થાય છે તેનાથી વિપરીત ભાવોથી કર્મનાશ થાય છે એવા પ્રકારનો ન્યાય છે, તેથી અત્યાર સુધી જે ભાવોથી જીવે કર્મ બાંધેલાં તેના વિરુદ્ધ ભાવોરૂપ સમતાના પરિણામથી જીવ કર્મનો નાશ કરે છે, તેથી શુક્લધ્યાનને દાહરૂપ કહેલ છે. અને તે શુક્લધ્યાન જેમ જેમ પ્રકર્ષવાળું થાય છે, તેમ તેમ દ્રવ્યકર્મ બળીને ભસ્મ થાય છે, તેથી કર્મનો પાર=અંત, આવે છે. જેમ બીજ-અંકુર સંતાનનો એકના નાશે પાર=અંત, આવે છે, તેમ દ્રવ્યકર્મ અને ભાવકર્મની ધારા શુક્લધ્યાનનો દાહ થાય છે ત્યારે નાશ પામે છે.

**વિશેષાર્થ :-**

શુક્લધ્યાનકાળમાં જીવનો અધ્યવસાય જેટલા અંશમાં સમતાના પરિણામવાળો છે, તેટલા અંશમાં તે ભાવ કષાયના ઉદય માટે અનુકૂળ નથી. તેથી અનુકૂળ દ્રવ્ય-ક્ષેત્રાદિ અંતર્ગત ભાવ અનુકૂળ નહિ હોવાથી તે કષાય વિપાકને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાપ્ત કરી શકતો નથી, પરંતુ પ્રદેશોદયથી નિષ્ફળ જાય છે. અને જે ભૂમિકાની વિશેષ સમતા હજુ શુક્લધ્યાનમાં પ્રગટી નથી તે પ્રકારનો કષાય શુક્લધ્યાનમાં પણ વિપાકને પામે છે, તેથી જ ૧૦ મા ગુણસ્થાનકના અંત સુધી કષાયનો વિપાકોદય વર્તે છે. અને જે કષાય વિપાકોદયને પામ્યા છે, તે શુક્લધ્યાનરૂપ જીવના સામર્થ્ય કરતાં અધિક સામર્થ્યવાળા હોવાથી પ્રદેશોદયને પામી ક્ષય પામી જતા નથી, તો પણ શુક્લધ્યાનના ઉપયોગને કારણે મંદશક્તિવાળા થઈને વિપાકમાં આવે છે. આથી જ જેમ શુક્લધ્યાનનો ઉપયોગ અતિશય-અતિશયતર થતો જાય છે, તેમ કષાયો મંદ મંદ શક્તિવાળા થઈને ઉદયમાં આવે છે, અને ૧૦ મા ગુણસ્થાનકના અંતે સર્વથા તે કષાયોને કરનારાં દ્રવ્યકર્મો નાશ પામી જાય છે. તેથી જ ૧૨મા ગુણસ્થાનકે ક્ષપકશ્રેણિમાં ભાવકર્મનાં કારણભૂત એવાં દ્રવ્યકર્મનો અભાવ થાય છે, અને ભાવકર્મનાં કારણ ન બને એવાં અન્ય કર્મો જીવના રાગાદિ અધ્યવસાયનું બળ નહિ મળવાથી કેટલાંક વિપાકોદયથી અને કેટલાંક પ્રદેશોદયથી ભોગવાઈને અંતે નાશ પામે છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે બીજ-અંકુરન્યાયથી દ્રવ્યકર્મ અને ભાવકર્મની ધારા અનાદિની છે તો પણ તેનો અંત પ્રાપ્ત થાય છે. તેમાં જે દૃષ્ટાંત બતાવવું છે તે દૃષ્ટાંત આપવામાં અનાદિ ભાવ સાંત કેમ થાય ? તે શંકાને સામે રાખીને દૃષ્ટાંત બતાવવું છે, તેથી કહે છે -

**અનુવાદ :-**

**अनादि भावनो.....होइ तेमाटइं** - અનાદિ ભાવનો અંત કેમ થઈ શકે ? ત્યાં કહે છે - જેમ સાદિ હોય તે સાંત જ, એ વ્યાપ્તિ નથી, મોક્ષ પદાર્થમાં જ વ્યભિચાર આવે છે તે માટે. તેથી જેમ મુક્તિ સાદિ છે અને અનંત છે, તેમ દ્રવ્યકર્મ અને ભાવકર્મની ધારા અનાદિ છે, તો પણ તેનો અંત થાય છે, એ પ્રકારનું જોડાણ '**जिम**' શબ્દથી મૂળગાથામાં અને વિવરણમાં સમજવું.

આનાથી એ ફલિત થાય છે કે, જેમ મોક્ષ સાદિ છે અને અનંત છે, તેમ દ્રવ્યકર્મ અને ભાવકર્મની ધારા અનાદિ છે અને સાંત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીનો આશય એ છે કે જગતમાં જીવદ્રવ્ય, પુદ્ગલદ્રવ્ય આદિ બધાં દ્રવ્યો અનાદિનાં છે, તેથી બધાં દ્રવ્યો અનંત હોય છે; પરંતુ કોઈ દ્રવ્ય અનાદિ-સાંત નથી. અને પર્યાયો બધા આદિવાળા હોય છે, તેથી તે સાદિ-સાંત હોય છે; પરંતુ કોઈ પર્યાય અનાદિનો નથી, માટે જે સાદિ હોય તે સાંત હોય. આ યુક્તિના બળથી પૂર્વપક્ષીએ સર્વ વસ્તુમાં જે અનાદિ છે તે અનંત છે, જેમ-સર્વ દ્રવ્યો અનાદિ છે માટે અનંત છે તેમ સ્વીકાર્યું; અને જે સાદિ હોય તે સાંત હોય તેમ પર્યાયના બળથી સ્વીકાર્યું.

તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારે એ બતાવ્યું કે, દ્રવ્યકર્મ અને ભાવકર્મ એ દ્રવ્ય નથી, પરંતુ પર્યાય છે; આમ છતાં તે પર્યાયો તે તે વ્યક્તિરૂપે સાદિ હોવા છતાં પ્રવાહથી અનાદિરૂપે હોઈ શકે છે. જેમ મોક્ષ પણ પર્યાય છે, તેથી તે આદિમાન-સાદિ છે છતાં અંત વગરનો છે, તેથી જેમ મોક્ષ સાદિ-અનંત છે, તેમ દ્રવ્યકર્મ અને ભાવકર્મનો પ્રવાહ અનાદિ-સાંત છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે સાદિ હોય તે સાંત હોય એવી વ્યાપ્તિ નથી, કેમ કે મોક્ષમાં વ્યભિચાર છે. તેથી સાદિ હોય તે સાંત છે એમ કહીને પૂર્વપક્ષીને અનાદિ ભાવને સાંત માનવો નથી તેનું નિરાકરણ કર્યું, હવે કહે છે -

**અનુવાદ :-**

**तिम.....ते माटइ ।।६३।।** - જેમ સાદિ હોય તે સાંત છે એવી વ્યાપ્તિ નથી, તેમ અનાદિ હોય તે અનંત છે, એમ નિશ્ચય ન કહેવો=એમ નક્કી ન કહેવું, કેમ કે ભવ્યત્વનું વિઘટન થાય છે, તેથી અનાદિ એવું ભવ્યત્વ સાંત છે. તેથી ગાથા-૩૯માં વેદાંતીએ કહેલ કે, અનાદિ જ્ઞાનાવરણીયકર્મનો સંયોગ માનશો તો વિયોગ થશે નહિ; તેનું નિરાકરણ થયું. **॥૬૩॥**

**ભાવાર્થ :-**

આનાથી એ ફલિત થયું કે, અનાદિ ભાવ અનંત જ હોય એવી વ્યાપ્તિ નથી. કેમ કે મોક્ષમાં જવાની યોગ્યતારૂપ ભવ્યત્વ જીવનો અનાદિ ભાવ છે, છતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવ મોક્ષે જાય છે ત્યારે ભવ્યત્વનું વિઘટન=ભવ્યત્વનો નાશ, થાય છે. માટે અનાદિ હોય તે અનંત છે એવી વ્યાપ્તિ નથી. તેથી ગાથા-૩૯માં વેદાંતીએ કહેલ કે અનાદિ જ્ઞાનાવરણીયકર્મનો સંયોગ માનશો તો વિયોગ થશે નહિ, તેનું નિરાકરણ થયું. **॥૬૩॥**

**અવતરણિકા :-**

ગાથા-૩૯ માં કહેલ કે જો જ્ઞાનાવરણાદિ કર્મનો સંયોગ અનાદિ હોય તો તે કર્મનો વિયોગ થઈ શકે નહિ. આ પ્રકારની વેદાંતમતની યુક્તિનું ગાથા-૬૩ માં ખંડન કર્યું અને સ્થાપન કર્યું કે, અનાદિ હોય તે અનંત હોઈ શકે; તેમ અનાદિ ભાવ સાંત પણ હોઈ શકે અને સાદિ ભાવ અનંત પણ હોઈ શકે. જીવમાં રહેલું સિદ્ધિગમનયોગ્યત્વરૂપ ભવ્યત્વ અનાદિ છે છતાં સાંત છે તેમ સ્થાપન કર્યું; હવે તે ભવ્યત્વ શું ચીજ છે તે યુક્તિથી બતાવતાં કહે છે -

**ચોપઇ :-**

**मुगति प्रागभवह ते ठामि, जाति योग्यता जियपरिणामि ।**
**जूठी माया कारण थाइ, वंध्या माता किम न कहाय ।।६४।।**

**ગાથાર્થ :-**

**મુક્તિના પ્રાગભાવને સ્થાને તે જાતિ છે=ભવ્યત્વ જાતિ છે, (જે) જીવના પારિણામિકભાવરૂપ યોગ્યતા છે=મોક્ષમાં જવાની યોગ્યતારૂપ છે. અને જૂઠી માયા કારણ થાય તો 'વંધ્યા માતા' કેમ ન કહેવાય ? ॥૬૪॥**

**બાલાવબોધ :-**

ते जाति भव्यत्वनामइ जीवपारिणामिकभावरूप छइ, नैयायिकाद्यभिमत मुक्तिप्रागभावनइ ठामि छइ, तुच्छ अभावरूप ज मानिइ तो जातिकार्य न करइ, मुक्त्यधिकार ते भव्यत्व छइ; शमदमवत्त्वइ अधिकारिता हुइ तो तदज्ञानइ प्रवृत्ति तदुत्तर शमादिसंपत्ति, इम अन्योन्याश्रय थाइ, इत्यादि घणी युक्ति न्यायालोकइं कही छइ, ते भव्यत्ववंतजीव तथाभव्यत्वपरिणामइ तत्तत्कार्यनो कर्ता छइ, जो जूठीं माया ज कारण कहिइ तो 'वंध्या माता' ए

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

साचुं थाइ, उक्तं च हेमसूरिभिः -

माया सती चेद् द्वयतत्त्वसिद्धिरथाऽसती हन्त कुतः प्रपञ्चः ?।
मायैव चेदर्थसहा च तत् किं माता च वंध्या च भवत् परेषाम् ।।
(अन्ययोग-१३) इति ।।६४।।

● બાલાવબોધમાં '**तदज्ञानइ** પાઠ છે, ત્યાં '**तद् ज्ञानइ**' પાઠ ભાસે છે, તે મુજબ અનુવાદમાં અર્થ કરેલ છે.

**અનુવાદ :-**

**ते जाति.....ठामि छइ,** - ભવ્યત્વ નામની તે જાતિ જીવના પારિણામિકભાવરૂપ છે, અને તે ભવ્યત્વજાતિ નૈયાયિકાદિને અભિમત મુક્તિના પ્રાગભાવને સ્થાને છે.

**ભાવાર્થ :-**

જીવની અંદર ક્ષાયોપશમિક આદિ પાંચ ભાવો છે, તેમાંથી જે પારિણામિકભાવ છે તે કર્મકૃત નથી કે કર્મના ક્ષયોપશમ કે ક્ષયકૃત નથી, પરંતુ કર્મનિરપેક્ષ જીવના પરિણામરૂપ છે. જેમ જીવમાં રહેલું જીવત્વ એ પારિણામિકભાવરૂપ છે, તે જ રીતે મોક્ષમાં જવાની યોગ્યતારૂપ ભવ્યત્વજાતિ પણ પારિણામિકભાવ સ્વરૂપ છે.

નૈયાયિકાદિ મુક્તિનો પ્રાગભાવ માને છે, અને તે મુક્તિનો પ્રાગભાવ જ્યાં સુધી જીવનો મોક્ષ ન થાય ત્યાં સુધી હોય છે. તેના સ્થાને જૈનમત પ્રમાણે ભવ્યત્વ જાતિ છે, કેમ કે મુક્તિનો પ્રાગભાવ તે મુક્તિમાં જવાની યોગ્યતારૂપ છે અને ભવ્યત્વજાતિ પણ મોક્ષમાં જવાની યોગ્યતારૂપ છે. તેથી નૈયાયિક મુક્તિના પ્રાગભાવ શબ્દથી જેને ગ્રહણ કરે છે તે જ ભવ્યત્વજાતિ છે.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે મુક્તિનો પ્રાગભાવ મુક્તિરૂપ કાર્યના અભાવ સ્વરૂપ છે, અને કાર્યનો અભાવ તે વસ્તુ નથી, પરંતુ વસ્તુનો અભાવમાત્ર છે. તેથી તે અભાવ તુચ્છ પદાર્થ છે, પરંતુ જીવનો ધર્મ નથી. તેનું નિરાકરણ કરતાં કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**तुच्छ.....कार्य न करइ,** - ભવ્યત્વ જાતિને તુચ્છ અભાવરૂપ માનીએ તો જાતિ કાર્ય ન કરે.

**ભાવાર્થ :-**

'ભવ્યત્વ' એ જીવની મોક્ષમાં જવાની યોગ્યતા છે, તેથી તે જીવનો ધર્મ છે, તેથી તે યોગ્યતારૂપ ધર્મ જ મોક્ષરૂપ કાર્ય કરે છે. જો ભવ્યત્વને તુચ્છ અભાવરૂપ સ્વીકારીએ તો તે તુચ્છ અભાવ શશશૃંગ જેવો સિદ્ધ થાય, પરંતુ જીવના ધર્મરૂપ સિદ્ધ થાય નહિ. જે વસ્તુ ન હોય તે કાર્ય કરે નહિ, તેથી ભવ્યત્વજાતિ શશશૃંગ જેવી માનીએ તો મોક્ષરૂપ કાર્ય કરે નહિ. તેથી ભવ્યત્વજાતિને પારિણામિકભાવરૂપ માનવી ઉચિત છે.

**ઉત્થાન :-**

હવે તે ભવ્યત્વજાતિ કેવી છે ? તે વિશેષ બતાવતાં કહે છે -

**અનુવાદ :-**

**मुक्त्यधिकार ते भव्यत्व छइ,** - મુક્તિનો અધિકાર તે ભવ્યત્વ છે.

**ભાવાર્થ :-**

જે જીવમાં મોક્ષમાં જવાની યોગ્યતા છે, તે જીવમાં મુક્તિનો અધિકાર છે. અભવ્ય કે દુર્ભવ્યમાં મુક્તિનો અધિકાર નથી, તેથી જીવમાં વર્તતો જે મુક્તિનો અધિકાર તે મોક્ષમાં જવાની યોગ્યતારૂપ છે, તે જ ભવ્યત્વ છે.

**ઉત્થાન :-**

અહીં અન્ય કોઈ મોક્ષના અધિકારને શમદમવત્ત્વરૂપે સ્વીકારે છે. તેથી શંકા થાય કે ભવ્યત્વ એ મુક્તિનો અધિકાર છે કે શમદમવત્ત્વ એ મુક્તિનો અધિકાર છે ? એ શંકાનું નિરાકરણ કરવા કહે છે -

**અનુવાદ :-**

**शम-दमवत्त्वइ.....न्यायालोकइं कही छइ,** - શમદમવત્ત્વ એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધિકારિતા હોય તો તેના જ્ઞાનથી=પોતાનામાં શમદમવત્ત્વ છે તેના જ્ઞાનથી, મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ થશે. અને તદુત્તર=મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કર્યા પછી, શમાદિની પ્રાપ્તિ થશે. એ પ્રકારે અન્યોન્યાશ્રય થાય, ઈત્યાદિ ઘણી યુક્તિ ન્યાયાલોકમાં કહી છે.

● અહીં શમદમવત્ત્વ=શમ અને દમ, અધિકારિતા=અધિકાર સમજવો.

**ભાવાર્થ :-**

કેટલાક એમ માને છે કે કષાયોનું શમન અને ઈન્દ્રિયોનું દમન જે જીવમાં વર્તે છે તે મોક્ષનો અધિકારી છે. આ માન્યતાનું નિરાકરણ કરવા માટે ન્યાયાલોકમાં ઘણી યુક્તિઓ આપી છે, તેમાંથી એક અન્યોન્યાશ્રય દોષ અહીં બતાવતાં કહે છે -

શમ-દમાદિને મોક્ષના અધિકારરૂપ સ્વીકારશો તો મોક્ષનો અર્થી પોતાનામાં મોક્ષનો અધિકાર છે કે નહિ એમ નિર્ણય કરીને પ્રવૃત્તિ કરશે. તેથી જ્યારે જ્યારે જીવને પોતાનામાં શમ-દમ છે તેવું જ્ઞાન થાય ત્યાર પછી મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરશે, અને મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરે ત્યારે જ જીવમાં કષાયોનું શમન અને ઈન્દ્રિયોના દમનરૂપ શમ-દમનો પરિણામ પ્રગટે. તેથી જ્યાં સુધી પોતાનામાં શમ-દમ છે તેવો નિર્ણય થાય નહિ ત્યાં સુધી મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ થાય નહિ, અને મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ થાય નહિ ત્યાં સુધી શમ-દમ પ્રગટે નહિ. આ પ્રકારનો અન્યોન્યાશ્રય દોષ આવતો હોવાને કારણે શમ-દમને મોક્ષના અધિકારરૂપે માની શકાય નહિ. તેથી ભવ્યત્વને અધિકારરૂપે સ્વીકારો તો તેમાં કોઈ દોષ નથી.

આશય એ છે કે કોઈ જીવ ઉપદેશક પાસે મોક્ષનું સ્વરૂપ સાંભળતો હોય અને તે સાંભળતાં જ મોક્ષનું વર્ણન તેને ગમે, તેથી તેને શંકા થાય કે હું ભવ્ય છું કે નહિ ? આ પ્રકારની તેની શંકાને કારણે જ તે ભવ્ય છે, એમ નક્કી થાય છે, અને તેનામાં ભવ્યત્વનો નિર્ણય થવાથી મોક્ષના ઉપાયરૂપ શમ-દમાદિમાં તે પ્રવૃત્તિ કરશે, તેથી અન્યોન્યાશ્રય દોષ આવતો નથી.

**વિશેષાર્થ :-**

"હું ભવ્ય છું કે નહિ" એ પ્રકારની શંકા જે જીવને થાય તે નિયમા ભવ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય, એમ શાસ્ત્ર કહે છે તેનું કારણ, પોતાને મોક્ષમાં જવાની ઈચ્છા થઈ છે, તેથી જ તેવી શંકા થઈ છે. મોક્ષની ઈચ્છા જીવને ચરમાવર્ત પહેલાં થઈ શકે નહિ, તેથી 'ભવ્યત્વ' શબ્દ અચરમાવર્તી ભવ્યત્વનો=દુર્ભવ્યત્વનો વ્યવચ્છેદ કરે છે. તેથી દુર્ભવ્યત્વ અને ભવ્યત્વ એમ સાધારણ ભવ્યત્વને ગ્રહણ કરીને અહીં મોક્ષનો અધિકાર કહેલ નથી, પરંતુ દુર્ભવ્યથી વ્યતિરિક્ત એવા ભવ્યમાં જ વર્તતા ભવ્યત્વને ગ્રહણ કરીને મુક્તિનો અધિકારી કહેલ છે. ભવ્યત્વને 'અનાદિ સાંત' એમ કહેલ છે, ત્યાં દુર્ભવ્ય-ભવ્યસાધારણ એવા ભવ્યત્વને ગ્રહણ કરીને કહેલ છે.

**ઉત્થાન :-**

આ રીતે ભવ્યત્વને મોક્ષના અધિકારરૂપે સ્થાપન કરીને વિશિષ્ટ ભવ્યત્વ શું છે, તે બતાવતાં કહે છે -

**અનુવાદ :-**

**भव्यत्ववंत.....कर्ता छइ,** - ભવ્યત્વવાળો જીવ તથાભવ્યત્વના પરિણામથી તે તે કાર્યનો કર્તા છે.

**ભાવાર્થ :-**

સિદ્ધિગમનયોગ્યત્વરૂપ ભવ્યત્વ જે જીવમાં છે, તે જીવ જ્યારે ચરમાવર્તમાં આવે છે ત્યારે તેનું ભવ્યત્વ મુક્તિના અધિકારરૂપ બને છે. અને તેવા ભવ્યત્વવાળો જીવ તરત મોક્ષ પામતો નથી, પરંતુ કોઈક ભવ્ય જીવ શીઘ્ર સાધના કરીને મોક્ષે જાય છે, તો કોઈ વિલંબે કરીને જાય છે, કોઈક થોડી સાધના કરે, પાછી સાધના મૂકી દે, ફરી થોડી સાધના કરે, આ બધા આંતરાઓથી મોક્ષે જાય છે, તે તે પ્રકારનાં જુદાં જુદાં કાર્યો જુદા જુદા જીવમાં મળે છે, તેનું કારણ દરેક જીવોનું તથાભવ્યત્વ જુદું છે; અને જેનું જેવું તથાભવ્યત્વ હોય તેને અનુરૂપ તે તે કાર્યો થાય છે. અર્થાત્ મોક્ષને અનુકૂળ એકધારી સાધના, વિલંબથી સાધના કે આંતરાથી સાધના ઇત્યાદિરૂપ જુદાં જુદાં કાર્યો થાય છે.

વળી કોઈક જીવ તીર્થંકરરૂપે, કોઈ ગણધરરૂપે, કોઈ પુરુષરૂપે, કોઈ સ્ત્રીરૂપે સિદ્ધ થાય છે, તે સર્વનું કારણ જીવનું તથાભવ્યત્વ=તેવા તેવા પ્રકારનું ભવ્યત્વ છે. તે બતાવવા માટે જ કહ્યું કે ભવ્યજીવો ભવ્યત્વરૂપે સમાન હોવા છતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથાભવ્યત્વથી દરેક જીવો જુદા જુદા પ્રકારના સ્વભાવવાળા છે. તેથી તે તથાભવ્યત્વને અનુરૂપ તે તે કાર્યનો કર્તા છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં ભવ્યત્વને મોક્ષગમનનું કારણ સ્વીકાર્યું, ત્યાં વેદાંતદર્શન કહે કે વાસ્તવિક રીતે તો આત્મા નિત્યમુક્ત જ છે, તેથી મોક્ષમાં જવાની યોગ્યતા છે તેમ માનીને સાધના દ્વારા તે યોગ્યતાને ખીલવીને મોક્ષ થાય છે એમ માનવું ઉચિત નથી. કેમ કે તેમ માનીએ તો આત્મા નિત્યમુક્ત છે એ વાત સંગત થાય નહિ. પરંતુ એમ માનવું જોઈએ કે આત્મા નિત્યમુક્ત છે, ફક્ત અજ્ઞાનને કારણે આ પ્રપંચ દેખાય છે, વાસ્તવિક રીતે દેખાતો આ પ્રપંચ જૂઠી માયા છે. અને આત્મા નિત્યમુક્ત હોવા છતાં આ જૂઠી માયાને કારણે જ તેને કાઢવા માટે જીવ સાધના કરે છે, અને પોતે નિત્યમુક્ત હોવા છતાં સાધનાથી પોતાને મોક્ષ મળે છે તેમ માને છે. તેથી એ પ્રાપ્ત થાય કે જૂઠી માયા જ મોક્ષપ્રાપ્તિનું કારણ છે. કેમ કે આ જૂઠી માયાને કાઢવા માટે સાધક યત્ન કરે છે, જ્યારે આ જૂઠી માયા જાય છે, ત્યારે મોક્ષ પ્રાપ્ત થાય છે. તેથી જૂઠી માયા મોક્ષને અનુકૂળ પ્રવૃત્તિ કરાવવા દ્વારા મોક્ષનું કારણ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે -

**અનુવાદ :-**

**जो जूठी.....साचुं थाइ,** - જો જૂઠી માયા જ કારણ કહીએ તો 'વંધ્યા માતા' એ સાચું થાય.

**ભાવાર્થ :-**

જીવમાં રહેલું ભવ્યત્વ એ મોક્ષનું કારણ નથી, પરંતુ જે વાસ્તવિક રીતે નથી અને ભ્રમથી દેખાય છે, એવો આ પ્રપંચ જે જૂઠીમાયારૂપ છે, તે જ મોક્ષ માટેના પ્રયત્નનું કારણ છે; તેથી જીવ સાધના કરીને મોક્ષમાં જાય છે, એમ વેદાંતી કહે છે. તેને ગ્રંથકાર કહે છે કે માયા વાસ્તવિક નથી. એનો અર્થ "એ વસ્તુ નથી છતાં કારણ છે" એમ કહીએ તો 'વંધ્યા માતા' એ વચનને સાચું માનવું પડે. વાસ્તવિક રીતે માતા હોય તે વંધ્યા ન હોય અને વંધ્યા હોય તે માતા ન હોય, તેથી 'વંધ્યા માતા' કહી શકાય નહિ. તેમ પ્રપંચ વાસ્તવિક હોય તો તેને કારણ કહી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકાય, પરંતુ વાસ્તવિક પ્રપંચ નથી છતાં કારણ છે એમ કહી શકાય નહિ.

તેમાં સાક્ષી આપતાં કહે છે -

**અનુવાદ :-**

**उक्तं च हेमसूरिभिः.....इति ।।६४।।** - આચાર્ય ભગવંત શ્રીહેમસૂરિ વડે કહેવાયેલું છે - જો માયા સાચી છે, તો બે તત્ત્વની સિદ્ધિ થઈ; અને જો માયા ખોટી છે, તો પ્રપંચ ક્યાંથી હોય ? અર્થાત્ માયારૂપ જ પ્રપંચ છે. માટે માયા અસત્ છે, તો પ્રપંચ અસત્ છે. માટે પ્રપંચ નથી. જો માયા જ અર્થ-ક્રિયા કરવા સમર્થ હોય તો પરને=વેદાંતીને, શું માતા અને વંધ્યા એમ થાય ? અર્થાત્ જો માતા અને વંધ્યા એ પ્રમાણે પરને સંમત ન હોય, તો અસત્ એવી માયા અર્થ-ક્રિયા કરે છે, એમ માની શકાય નહિ. **॥૬૪॥**

**ભાવાર્થ :-**

અહીં માયા અર્થક્રિયા કરે છે એમ કહ્યું તેનો આશય એ છે કે, આ જૂઠા પ્રપંચરૂપ જૂઠી માયા છે, છતાં નિત્યમુક્ત એવા આત્માને સાધનાની પ્રવૃત્તિ કરવારૂપ અર્થક્રિયા કરે છે, તેનાથી સાધકને મુક્તિની પ્રાપ્તિરૂપ કાર્ય થાય છે. પરંતુ તેમ માનવું ઉચિત નથી, કેમ કે માયા જૂઠી છે - અવાસ્તવિક છે, તેથી તે તે કાર્યરૂપ અર્થક્રિયા કરે નહિ. **॥૬૪॥**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથા-૬૪ માં કહેલ કે જૂઠી માયા કારણ હોય તો 'વંધ્યા માતા' એમ કેમ ન કહેવાય ? તેથી એ પ્રાપ્ત થાય કે માયાને કારણ સ્વીકારીએ તો જૂઠી કહી શકાય નહિ, એ જ વાતને દઢ કરવા માટે અન્ય દૃષ્ટાંત અને યુક્તિ દ્વારા આ માયા જૂઠી નથી. એ સ્થાપન કરતાં કહે છે -

**અથવા**

દૂર દૂર કોઈ વસ્તુ જ ન હોય છતાં કોઈને ભ્રમ થાય કે ત્યાં કાંઈક છે, તો તેને પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન થાય છે. તેમ પ્રપંચ જૂઠો છે, છતાં ભ્રમને કારણે દેખાય છે, તેથી તેને કાઢવા યોગીપુરુષ પ્રવૃત્તિ કરે છે, માટે મોક્ષ થાય છે; તેમ વેદાંતી કહે, તેથી કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોપઇ :-**

**जगि मिथ्या तो ए सी वाच, आशामोदक मोदक साच ।**
**जो अज्ञान कहइ बहुरूप, साचभावनो स्यो अंधकूप ।।६५।।**

**ગાથાર્થ :-**

(જો) જગ મિથ્યા (કહો છો), તો આશામોદક અને સાચા મોદક (અજ્ઞાનજન્ય છે,) એવી વાણી થશે. જો અજ્ઞાનને બહુરૂપ કહો છો, (તો) સાચા ભાવને (બહુરૂપ કહેવામાં) શું અંધકૂપ છે ?=શું અજ્ઞાન છે ? (કે તું નથી સ્વીકારતો.) ॥૬૫॥

**બાલાવબોધ :-**

**जो सविलासाज्ञानकार्य जग मिथ्या कहो छो तो ए सी वाच जे एक आशाना मोदक अनइं एक साचमोदक अज्ञानजन्य छइ, जो अज्ञान जाग्रत स्वप्नप्रपंचारंभक भिन्न भिन्न मानो तो साचभाव घट-पटादिक दृष्टवैचित्र्यवंत मानतां स्यो अंधकूप छइ तुह्मनइ ?, अत्र श्लोकः -**

आशामोदकतृप्ता ये, ये चास्वादितमोदकाः ।
रसवीर्यविपाकादि तुल्यं तेषां प्रसज्यते ।। ( ) ।।६५।।

**અનુવાદ :-**

**जो सविलासाज्ञानकार्य.....छइ तुह्मनइ ?,** - જો સવિલાસ એવા અજ્ઞાનના કાર્યરૂપ જગતને મિથ્યા કહો છો, તો આવી વાચ=વાણી, પ્રાપ્ત થશે- જે એક આશાના મોદક અને એક સાચા મોદક, એ બંને અજ્ઞાનજન્ય છે. અને આમ સ્વીકારવાથી એ પ્રાપ્ત થાય કે જાગ્રતપ્રપંચઆરંભકઅજ્ઞાન અને સ્વપ્નપ્રપંચઆરંભકઅજ્ઞાન એ બંને પૂર્વપક્ષીને ભિન્ન ભિન્ન માનવા પડે. અને તેમ માને તો સાચા ભાવ ઘટ-પટાદિને દૃષ્ટવૈચિત્ર્યવાળા માનતાં તને=પૂર્વપક્ષીને, શું અંધકૂપ=અજ્ઞાન, છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

વેદાંતીનું કહેવું એ છે કે, આત્માને બ્રહ્મનું અજ્ઞાન છે, તેથી જ આ બધો જગતનો વિલાસ તેને દેખાય છે. તેથી અજ્ઞાન સવિલાસ છે, અને આત્મામાં રહેલા સવિલાસ અજ્ઞાનના કાર્યરૂપે આ જગત દેખાય છે, પરંતુ જગતમાં બ્રહ્મ સિવાય અન્ય કાંઈ નથી. તેથી આ આખું જગત દેખાવા છતાં મિથ્યા છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે -

જો જગતને મિથ્યા કહીએ તો આવી વાણી પ્રાપ્ત થાય - કોઈ માણસ આશાના મોદક ખાતો હોય=મને મોદક પ્રાપ્ત થશે એવી આશાઓ જ કરતો હોય, અને એક સાચા મોદક ખાતો હોય=મોદક ખાઈને તૃપ્તિનો અનુભવ કરતો હોય, તે બંને અજ્ઞાનજન્ય છે. કેમ કે બ્રહ્મ સિવાય જગતમાં કાંઈ સત્ય નથી. તેથી પ્રત્યક્ષ રીતે અનુભવાતા એવા આશામોદક અને સાચા મોદક એ બંને પણ વાસ્તવિક નથી, પરંતુ અજ્ઞાનજન્ય છે એમ માનવું પડે.

પૂર્વપક્ષી આમ સ્વીકારે તો તેણે એમ માનવું પડે કે, જાગ્રતપ્રપંચઆરંભક અજ્ઞાન જુદું છે, જેથી સાચા મોદક પોતે ખાય છે તેવી પ્રતીતિ થાય છે; અને સ્વપ્નપ્રપંચઆરંભક અજ્ઞાન જુદું છે, જેથી સ્વપ્નમાં મોદક ખાય છે તેવી પ્રતીતિ થાય છે. આ રીતે પૂર્વપક્ષીને બે પ્રકારનાં અજ્ઞાન સ્વીકારવાં પડે. અને તેમ જો તે સ્વીકારે તો પોતાની પ્રતીતિને અનુરૂપ સાચા એવા ઘટ-પટાદિ ભાવો દેખાતા વૈચિત્ર્યવાળા છે તેમ માનવામાં તેમને શું વાંધો છે ? અર્થાત્ નથી માનતો એ તેનું અજ્ઞાન જ છે. કેમ કે અનુભવથી વિરુદ્ધ પદાર્થ માનવો અનુચિત છે, અને અનુભવ તો પ્રત્યક્ષ એવા ઘટ-પટાદિ પદાર્થોને જુદા દેખાડે છે, છતાં વેદાંતી કહે છે કે દેખાતા ઘટ-પટાદિ સર્વ પદાર્થો મિથ્યા છે. સ્વપ્નપ્રપંચઆરંભક અને જાગ્રતપ્રપંચઆરંભક એવું અજ્ઞાન બે પ્રકારનું છે. આ બે પ્રકારનાં અજ્ઞાન છે તે સાક્ષાત્ દેખાતાં નથી, પરંતુ સ્વપ્નના મોદક અને સાચા મોદકના ભેદના બળથી તેઓ અજ્ઞાનનો ભેદ કરે છે, તો અનુભવને અનુરૂપ એ માનવું ઉચિત છે કે સાચા મોદક અને આશામોદક જુદા છે, અને સાચા મોદકને જુદા માનો તો સાચા એવા ઘટ-પટાદિ પદાર્થો જુદા જુદા છે, એમ માનવામાં કોઈ દોષ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**अत्र श्लोकः** - અહીંયાં=સ્વપ્નમાં દેખાતા મોદક અને સાચા મોદક બંનેને અજ્ઞાનજન્ય સ્વીકારવા ઉચિત નથી, તેમાં સાક્ષી આપતાં કહે છે -

**आशामोदक.....।।६५।।** - જેઓ આશામોદકથી તૃપ્ત છે અને જેઓએ મોદકનો આસ્વાદ કર્યો છે, તેઓને રસ-વીર્ય વિપાકાદિ સમાન પ્રાપ્ત થશે. **॥૬૫॥**

**ભાવાર્થ :-**

આશામોદકને અને સાચા મોદકને બંનેને અજ્ઞાનજન્ય માનવામાં આવે તો, જેઓ સ્વપ્નમાં આશામોદક ખાય છે અને જેઓ જાગ્રત અવસ્થામાં સાચા મોદક ખાય છે, તે બંનેને મોદકના સ્વાદરૂપ રસ અને મોદક ખાવાથી શરીરની ધાતુની વૃદ્ધિરૂપ વીર્ય, એ બંનેનાં ફળાદિ સમાનરૂપે પ્રાપ્ત થવાં જોઈએ; કેમ કે આશામોદક અને સાચા મોદક બંને અજ્ઞાનજન્ય હોવાથી વાસ્તવિક મિથ્યા છે. પરંતુ બંને પ્રકારના મોદકનાં ફળો સમાન નથી તેમ અનુભવ કહે છે. માટે અનુભવની વિરુદ્ધ એવી આ વેદાંતમતની કલ્પના છે કે આશામોદક અને સાચા મોદક બંને અજ્ઞાનજન્ય છે. તેથી સાચા મોદક એ અજ્ઞાનજન્ય નથી, પરંતુ વાસ્તવિક છે. આથી જ સાચા મોદક ખાનારને રસની પ્રાપ્તિ અને વીર્યની વૃદ્ધિ થાય છે. તેમ જાગ્રત અવસ્થામાં જે જગત દેખાય છે તે મિથ્યા નથી, પરંતુ સ્વપ્ન અવસ્થામાં જે જગત દેખાય છે તે મિથ્યા છે. આ પ્રકારના અનુભવ પ્રમાણે પદાર્થ માનવો ઉચિત છે, એ પ્રકારનો સાક્ષીપાઠનો ધ્વનિ છે. **॥૬૫॥**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથા-૬૫ માં સ્થાપન કર્યું કે આશામોદક અને સાચા મોદક એ બેના જનક એવા અજ્ઞાનને જુદું માનો, તો ઘટ-પટાદિ સાચા ભાવોને જુદા માનવામાં શું વાંધો? આનાથી જગતમાં દેખાતા પદાર્થો સાચા છે એનું સ્થાપન થયું. ત્યાં પૂર્વપક્ષી કહે કે, જ્ઞાનને પ્રમાણ માનવું ઉચિત છે, પરંતુ જ્ઞાનના વિષયને પ્રમાણ માનવામાં ગૌરવ છે. તે આ રીતે - ઘટ-પટાદિનું જ્ઞાન અનુભવસિદ્ધ છે, અને ઘટ-પટાદિ પદાર્થો છે, તે માનવામાં પ્રમાણ તેવું જ્ઞાન જ છે. કેમ કે ઘટ-પટાદિનું જ્ઞાન થતું ન હોય તો તે છે તેમ સ્વીકારી શકાય નહિ. હવે જ્ઞાન અને ઘટ-પટાદિ પદાર્થો બંને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માનીએ તો ગૌરવ થાય. તેથી લાઘવથી ઘટ-પટાદિ પદાર્થના બોધસ્વરૂપ જ્ઞાન માત્ર જ છે, પદાર્થો નથી. જેમ સ્વપ્નમાં પદાર્થો વગર જ જ્ઞાન થાય છે, તેમ જાગૃત અવસ્થામાં પણ પદાર્થો વગર જ તેવા પ્રકારનું માત્ર જ્ઞાન જ થાય છે. તેથી જ્ઞાનના વિષયભૂત બાહ્ય પદાર્થો નથી, અને જ્ઞાનસ્વરૂપ એવું બ્રહ્મ જ સત્ય છે. તેના નિરાકરણરૂપે ગ્રંથકાર કહે છે -

**ચોપઇ :-**

**साधक छइ सविकल्प प्रमाण, तेणि सामान्य-विशेष मंडाण ।**
**निरविकल्प तो निजरुचि मात्र, अंशइ श्रुति निर्वाहिं यात्र ।।६६।।**

**ગાથાર્થ :-**

**સાધક એવું સવિકલ્પજ્ઞાન પ્રમાણ છે, તેનાથી=સાધક એવા સવિકલ્પજ્ઞાનથી, સામાન્ય-વિશેષનું મંડાણ થાય છે.** (અને તે રીતે જગત ત્રિલક્ષણરૂપ છે, એમ સિદ્ધ થાય છે.)

**ઉત્થાન :-**

અહીં પૂર્વપક્ષી કહે કે સાધક સવિકલ્પજ્ઞાનને અમે પ્રમાણ કહેતા નથી, પરંતુ નિર્વિકલ્પજ્ઞાનને પ્રમાણ કહીએ છીએ, તેથી કહે છે -

**ગાથાર્થ :-**

**નિર્વિકલ્પ તો નિજ રુચિમાત્ર છે=નિર્વિકલ્પજ્ઞાન પ્રમાણ છે એમ કહેવું, તે પોતાની રુચિમાત્ર છે.** (વસ્તુતઃ યુક્તિરૂપ નથી.).

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે નિર્વિકલ્પજ્ઞાનને પ્રમાણ કહેનાર શ્રુતિ છે, માટે શ્રુતિથી નિર્વિકલ્પજ્ઞાન પ્રમાણરૂપે સિદ્ધ થશે; અને સવિકલ્પજ્ઞાનને પ્રમાણ તરીકે અમે નહિ સ્વીકારીએ, તેથી જગત ત્રિલક્ષણરૂપ સિદ્ધ નહિ થાય. તેને સામે રાખીને ગ્રંથકાર કહે છે -



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ :-**

(શ્રુતિ જે નિર્વિકલ્પ બ્રહ્મનું પ્રતિપાદન કરે છે તે શ્રુતિનો) **અંશથી=એક નયથી યાત્ર=વ્યવહાર, નિર્વાહ થાય છે=તે કથન સંગત થાય છે.** (તેથી અન્ય નયથી સવિકલ્પજ્ઞાન પ્રમાણ છે અને તેનાથી સામાન્ય-વિશેષનું મંડાણ થાય છે, તેથી પદાર્થ ત્રિલક્ષણરૂપ સિદ્ધ થાય છે, માટે જગત સત્ય છે એમ સ્થાપન થાય છે.) **॥૬૬॥**

**બાલાવબોધ :-**

**कोइ वेदांती कहइ छइ-प्रमाणपणइ ज्ञान अवश्य उपस्थित छइ तेहनइ विषय संबंध प्रागभावादिक जनइं गौरव छइ, ते माटइ बाह्य संबंधरहित अनाद्यनंत ब्रह्म ज छइ सत्य, अन्य वस्तु प्रमाणाभावइ ज असिद्ध छइ, तेहनइ कहइ जे तुह्मे साधकज्ञान अवलंबो छो ते सविकल्प ज प्रमाण छइ निर्विकल्प स्वयं असिद्ध परसाधक किम हुइ ? ते सविकल्पक तो सामान्य-विशेषरूप अर्थनइ ग्रहइ छइ, स्वयं उपयोगरूपइ तथा अवग्रहादिरूपइ सामान्य-विशेषरूप छइ, तिवारइ सर्वत्र त्रिलक्षणपणुं ज सत्य छइ, निर्विकल्प मानवुं ते तो निजरुचिमात्र छइ, बौद्ध स्वलक्षणविषय ते मानइ, वेदांती ब्रह्मविषय, ए सर्व रुचिमात्र थयुं, श्रुति जे निर्विकल्पब्रह्मप्रतिपादक छइ ते अंशइ कहितां एकनयइं यात्र कहितां व्यवहार ते निर्वाहइ छइ ।।६६।।**

**અનુવાદ :-**

**कोइ.....छइ** - પૂર્વની ગાથામાં મોદકના દૃષ્ટાંતથી સાચા ભાવો અનેક છે, એમ સ્થાપન કર્યું, ત્યાં કોઇ વેદાંતી કહે છે -

**प्रमाणपणइ.....असिद्ध छइ,** - પ્રમાણપણે જ્ઞાન અવશ્ય ઉપસ્થિત છે, અને તેનો=જ્ઞાનનો, વિષય, સંબંધ અને પ્રાગભાવાદિક જન=વ્યક્તિને, સ્વીકારવામાં ગૌરવ છે. તેથી કરીને બાહ્ય સંબંધરહિત=બાહ્ય જગતના પદાર્થોના સંબંધરહિત, અનાદિ-અનંત બ્રહ્મ જ સત્ય છે. પ્રમાણના અભાવને કારણે જ અન્ય વસ્તુ=બ્રહ્મથી અન્ય વસ્તુ, સત્યરૂપે અસિદ્ધ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

કોઈ વેદાંતીનો આશય એ છે કે, જગતમાં આપણને જ્ઞાનથી ઘટ-પટાદિ અનેક પદાર્થો દેખાય છે, ત્યાં ત્રણ વિકલ્પ થાય છે કે - (૧) શું ઘટ-પટાદિ પદાર્થો અને જ્ઞાન ઉભય છે ? (૨) ઘટ-પટાદિ પદાર્થો છે અને જ્ઞાન નથી? (૩) જ્ઞાન છે અને ઘટ-પટાદિ પદાર્થો નથી ?

(૧) હવે જો જ્ઞાન અને ઘટ-પટાદિ બધા પદાર્થો ઉભય માનવામાં આવે તો ગૌરવ દોષ છે. કેમ કે જ્ઞાનને માનવું પડે, જ્ઞાનના વિષયભૂત પદાર્થો માનવા પડે, જ્ઞાન અને પદાર્થોનો પરસ્પર સંબંધ માનવો પડે, અને જગતમાં જે ઘટ-પટાદિ પેદા થયા નથી તેનો તેના ઉપાદાનમાં પ્રાગભાવાદિ માનવા પડે, અને 'પ્રાગભાવાદિ' કહ્યું ત્યાં 'આદિ' પદથી જે ઘટ-પટાદિ પદાર્થોનો નાશ થાય છે તેનો ધ્વંસ માનવો પડે, તેથી અનંત પદાર્થોની કલ્પના માનવારૂપ ગૌરવ દોષ આવે.

(૨) ત્યાં પ્રમાણપણે વિચારીએ તો જ્ઞાનને ન સ્વીકારવામાં આવે તો ઘટ-પટાદિ પદાર્થો છે એમ કહી શકાય નહિ. કેમ કે ઘટ-પટાદિ પદાર્થો છે એમાં પ્રમાણ શું ? તો ઘટ-પટાદિ પદાર્થોનું જ્ઞાન મને થઈ રહ્યું છે તે જ પ્રમાણ છે. તેથી જ્ઞાન નથી અને ખાલી ઘટ-પટાદિ પદાર્થો છે તેમ કહી શકાય નહિ.

(૩) હવે જો વિષય ન સ્વીકારીએ અને માત્ર જ્ઞાન છેં તેમ સ્વીકારીએ તો, જેમ ઊંઘમાં વિષયોના અભાવમાં જ્ઞાન થતું દેખાય છે, તે જ રીતે જ્યારે તત્ત્વવિષયક ભ્રમ ટળી જાય છે ત્યારે, જાગ્રત થયેલા યોગીને જ્ઞાનસ્વરૂપ એવા બ્રહ્મથી અતિરિક્ત જગત દેખાતું નથી, માટે જગત અંતર્ગત જે પદાર્થો દેખાય છે તે બધા મિથ્યા છે. અને પ્રમાણપણે જ્ઞાન અવશ્ય ઉપસ્થિત થાય છે તેમ પ્રતીત થાય છે, અને તે જ્ઞાન બાહ્ય પદાર્થના સંબંધ વગરનું ત્રિકાળવર્તી બ્રહ્મસ્વરૂપ છે. અન્ય પદાર્થને સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી, કેમ કે જ્ઞાનમાં દેખાય છે તેથી તે વસ્તુ છે, એમ સ્વીકારવાનો એક વિકલ્પ રહે છે; આમ છતાં બાહ્ય પદાર્થ વગર ઊંઘમાં જ્ઞાન થાય છે તેમ સ્વીકારીએ તો, બ્રહ્મથી અતિરિક્ત કોઈ વસ્તુ છે એમ સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી, માટે અન્ય વસ્તુ સત્યરૂપે અસિદ્ધ છે. એ પ્રકારનો કોઈ વેદાંતીનો આશય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**तेहनइ.....साधक किम हुइ ?** - તેને=ઉપરમાં કોઈ વેદાંતીએ કહ્યું તેને, ગ્રંથકાર કહે છે - જે તમે સાધકજ્ઞાન અવલંબો છો તે સવિકલ્પ જ પ્રમાણ છે, નિર્વિકલ્પ સ્વયં અસિદ્ધ, પરસાધક કેમ થઈ શકે ?

**ભાવાર્થ :-**

પૂર્વમાં વેદાંતીએ કહ્યું કે, પ્રમાણપણે જ્ઞાન અવશ્ય ઉપસ્થિત છે તે સાધકજ્ઞાન છે, કેમ કે બાહ્ય પદાર્થો દેખાઈ રહ્યા છે, તેવું પોતાને જ્ઞાન થઈ રહ્યું છે. તેથી ત્યાં ત્રણ વિકલ્પો પાડીને વેદાંતીએ સિદ્ધ કર્યું કે, ઊંઘની જેમ બાહ્ય પદાર્થ વગર જ્ઞાન સ્વીકારીએ તો દેખાતો અનુભવ સંગત થાય છે. તેથી વેદાંતીએ પ્રમાણપણે જ્ઞાન અવશ્ય ઉપસ્થિત થાય છે એ કથન દ્વારા બાહ્ય પદાર્થને સાધક= બાહ્ય પદાર્થને જણાવનાર, એવા જ્ઞાનનું અવલંબન લીધું છે. તેને ગ્રંથકાર કહે છે, તે સાધકજ્ઞાન સવિકલ્પ જ પ્રમાણ છે=આ ઘટ છે, આ પટ છે એ પ્રકારના વિકલ્પવાળું જ જ્ઞાન પ્રમાણ છે; પરંતુ જેમાં કોઈ પદાર્થનો વિકલ્પ નથી તેવું નિર્વિકલ્પજ્ઞાન સ્વયં અસિદ્ધ છે, તેથી તે પરનું સાધક કેમ થઈ શકે ? અર્થાત્ અનાદિ અનંત એવા શુદ્ધ બ્રહ્મનું સાધક કેમ થઈ શકે ? અર્થાત્ ન થઈ શકે.

આશય એ છે કે ઘટ-પટાદિ વિકલ્પરહિત એવું જે જ્ઞાન છે, તે બ્રહ્મસ્વરૂપ છે, એમ વેદાંતી કહે છે. પરંતુ વર્તમાનમાં તો કોઈ વિકલ્પને સ્પર્શતું ન હોય તેવું જ્ઞાન પ્રતીત થતું નથી કે જેથી તેવા નિર્વિકલ્પજ્ઞાનના બળથી વેદાંતી શુદ્ધ બ્રહ્મની સિદ્ધિ કરી શકે.

**ઉત્થાન :-**

આ રીતે ગ્રંથકારે સ્થાપન કર્યું કે, વેદાંતી જે જ્ઞાનને પ્રમાણપણે અવશ્ય ઉપસ્થિત કહે છે, તે જ્ઞાન સવિકલ્પ છે. હવે તે સવિકલ્પજ્ઞાન કેવું છે તે બતાવીને પદાર્થ ત્રિલક્ષણાત્મક છે, તેનું સ્થાપન કરતાં કહે છે -

**અનુવાદ :-**

**ते सविकल्पक.....निजरुचिमात्र छइ,** - તે સવિકલ્પકજ્ઞાન તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામાન્ય-વિશેષરૂપ અર્થને ગ્રહણ કરે છે, સ્વયં ઉપયોગરૂપે સામાન્ય છે અને અવગ્રહાદિરૂપે વિશેષ છે. તે રીતે=સવિકલ્પકજ્ઞાન સામાન્ય-વિશેષરૂપ અર્થને ગ્રહણ કરે છે અને સ્વયં સામાન્ય-વિશેષરૂપ છે તે રીતે, સર્વત્ર ત્રિલક્ષણપણું જ સત્ય છે=બાહ્ય સર્વ પદાર્થોમાં ત્રિલક્ષણપણું અને જ્ઞાનમાં પણ ત્રિલક્ષણપણું જ સત્ય છે. નિર્વિકલ્પ માનવું તે તો નિજરુચિમાત્ર છે=કોઈ પદાર્થનો વિકલ્પ જેમાં ન હોય તેવું વિકલ્પ વગરનું જ્ઞાન માનવું તે તો વેદાંતમતવાળાને પોતાની રુચિમાત્ર છે, પરંતુ પદાર્થના અનુભવ પ્રમાણે સ્વીકારવાની રુચિરૂપ નથી.

**ભાવાર્થ :-**

પૂર્વમાં જે સાધકજ્ઞાનનું વેદાંતીએ અવલંબન લીધું તે સાધકજ્ઞાન પદાર્થને સામાન્ય-વિશેષરૂપ દેખાડે છે, તે આ રીતે -

તે જ્ઞાનની અંદરમાં આખું જગત દ્રવ્યરૂપે સામાન્ય દેખાય છે, અને પર્યાયરૂપે વિશેષ દેખાય છે. અને અવાંતર સામાન્યની અપેક્ષાએ સર્વત્ર ઘટ, ઘટઘટ એ પ્રમાણે સામાન્ય અર્થને દેખાડે છે, અને વિશેષની અપેક્ષાએ પરસ્પર ઘટોને જુદા જુદા પણ દેખાડે છે. તે જ રીતે મનુષ્યમાં બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થારૂપે વિશેષને દેખાડે છે. આ રીતે સવિકલ્પજ્ઞાન અનેક રીતે સામાન્ય-વિશેષરૂપ અર્થને ગ્રહણ કરે છે.

સવિકલ્પજ્ઞાન પોતે પણ ઉપયોગરૂપે સામાન્ય છે, અને અવગ્રહાદિરૂપે વિશેષ છે. જેમ કોઈ વ્યક્તિને ઘટવિષયક ઉપયોગ પ્રવર્તે છે ત્યારે તે ઉપયોગ પ્રથમ અવગ્રહરૂપે, પછી ઈહારૂપે, પછી અપાયરૂપે અને પછી ધારણારૂપે થાય છે, અને તે દરેકમાં જુદા જુદા પ્રકારનો બોધ છે તેથી તે વિશેષરૂપ છે. આમ છતાં તે અવગ્રહાદિક સર્વ વિશેષમાં જ્ઞાનના ઉપયોગરૂપ સામાન્ય છે, તેથી તે સવિકલ્પજ્ઞાન પણ સામાન્ય-વિશેષરૂપ છે. આ રીતે સવિકલ્પજ્ઞાનનો વિષય અને સવિકલ્પજ્ઞાન બંનેને સામાન્ય-વિશેષરૂપે અનુભવના બળથી બતાવીને, તેના બળથી જ સર્વ પદાર્થો ત્રિલક્ષણરૂપ સત્ય છે. કેમ કે સામાન્યરૂપે પદાર્થને કહેવાથી અનુગત પ્રતીતિ થાય છે અને તે ધ્રૌવ્યરૂપ છે, અને વિશેષરૂપે પદાર્થને કહેવાથી પૂર્વ અવસ્થાનો વિનાશ અને ઉત્તર અવસ્થાની પ્રાપ્તિરૂપ છે, તેથી ઉત્પાદ અને વિનાશની પ્રાપ્તિ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ કે જ્ઞાનના વિષયમાં મનુષ્યનું ગ્રહણ કરીએ તો, તેની બાલ્યાવસ્થાનો નાશ થાય છે અને યુવાવસ્થાની પ્રાપ્તિ થાય છે તે અવસ્થારૂપ વિશેષમાં, ઉત્પાદ-વ્યયની પ્રાપ્તિ છે. અને બાલ્યાદિ સર્વ અવસ્થામાં અનુગત મનુષ્યપણાની પ્રતીતિ છે તે સામાન્યરૂપ છે, અને તે મનુષ્યપણું બાલ્યાદિ સર્વ વિશેષ અવસ્થામાં અનુગત એવા ધ્રૌવ્ય અંશરૂપ છે. આ રીતે સર્વત્ર ત્રિલક્ષણ જ સત્ય છે તેમ સ્થાપન થવાથી સ્યાદ્વાદની સિદ્ધિ થાય છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે નિર્વિકલ્પજ્ઞાન માનવું તે નિજરુચિમાત્ર છે, ત્યાં બૌદ્ધ નિર્વિકલ્પજ્ઞાન માને છે અને વેદાંતી નિર્વિકલ્પજ્ઞાન માને છે, તે કેવું છે તે બતાવવા અર્થે કહે છે -

**અનુવાદ :-**

**बौद्ध.....रुचिमात्र थयुं,** - બૌદ્ધ સ્વલક્ષણવિષય તે=નિર્વિકલ્પજ્ઞાન, માને છે અને વેદાંતી બ્રહ્મવિષય નિર્વિકલ્પજ્ઞાન માને છે, એ સર્વ રુચિમાત્ર છે= પદાર્થને વાસ્તવિક જોનારી અનુભવદૃષ્ટિરૂપ નથી, પરંતુ વિચાર્યા વગર પોતાની રુચિરૂપે પદાર્થના સ્વીકારરૂપ છે.

**ભાવાર્થ :-**

બૌદ્ધ સ્વલક્ષણવિષય નિર્વિકલ્પજ્ઞાન માને છે તેનો આશય એ છે કે, બાહ્ય સર્વ પદાર્થો જેવા છે તેવા જ બાળકને દેખાય છે અને આપણને પણ દેખાય છે, આમ છતાં બાળકને આ ઘટ છે, આ પટ છે, તેવા વિકલ્પો થતા નથી. આ રીતે પદાર્થનું જે સ્વસ્વરૂપ છે તેને વિષય કરનારું જ્ઞાન તે નિર્વિકલ્પજ્ઞાન છે.

પદાર્થનું સ્વસ્વરૂપ પ્રતિક્ષણ વિનાશશીલ છે, તેથી પ્રતિક્ષણ વિનાશ પામતા અને નવા નવા ઉત્પન્ન થતા વિષયોને જણાવનારું જ્ઞાન સ્વલક્ષણ વિષયવાળું છે, અને તે જ્ઞાન નિર્વિકલ્પ છે. પરંતુ પદાર્થને જોયા પછી આ પદાર્થ સ્થિર છે અથવા દીર્ઘકાળ અવસ્થિત છે, તેમ આ ઘટ છે, આ પટ છે, એ પ્રકારના જે વિકલ્પો થાય છે, તે વિકલ્પાત્મક જ્ઞાન મિથ્યા છે. કેમ કે પદાર્થમાં આ ઘટ છે, આ પટ છે, એવું કાંઈ લખેલ નથી કે એવું કાંઈ દેખાતું નથી; ચક્ષુથી જે પદાર્થ જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વરૂપે છે તે રૂપે જ દેખાય છે. તેથી પદાર્થ અને શબ્દ વચ્ચે વાચ્ય-વાચકભાવ સંબંધ બૌદ્ધ માનતો નથી, અને કહે છે કે પદાર્થના સ્વસ્વરૂપને વિષય કરનારું એવું જ્ઞાન નિર્વિકલ્પજ્ઞાન છે.

વેદાંતી બ્રહ્મવિષય નિર્વિકલ્પજ્ઞાન માને છે=નિર્વિકલ્પજ્ઞાનમય બ્રહ્મ છે, તેમ માને છે. તેથી જ્યારે સાધના કરીને આ આભાસિક પ્રપંચનો નાશ થાય છે ત્યારે બ્રહ્મમાત્રનું જ્ઞાન રહે છે, અને તે જ્ઞાન નિર્વિકલ્પ છે; એ સિવાય ઘટ-પટાદિ પદાર્થોનું જ્ઞાન તે સવિકલ્પજ્ઞાન છે. આમ કહીને વેદાંતી એમ સ્થાપન કરે છે કે, બ્રહ્મવિષયક નિર્વિકલ્પજ્ઞાન છે તે જ સત્ય છે, અને સવિકલ્પજ્ઞાન આભાસિકમાત્ર છે વાસ્તવિક નથી, તે તેમની રુચિમાત્ર છે.

**ઉત્થાન :-**

અહીં વેદાંતી કહે કે બ્રહ્મવિષયક નિર્વિકલ્પજ્ઞાનને કહેનારી શ્રુતિ છે, તે શ્રુતિના બળથી અમે નિર્વિકલ્પજ્ઞાનને પ્રમાણ કહીએ છીએ. તેને ગ્રંથકાર કહે છે -

**અનુવાદ :-**

**श्रुति.....निर्वाहइ छइ ।।६६।।** - નિર્વિકલ્પબ્રહ્મપ્રતિપાદક જે શ્રુતિ છે, તે એક નયના વ્યવહારથી નિર્વાહ પામે છે. **॥૬૬॥**

**ભાવાર્થ :-**

**एगे आया** સૂત્ર સ્વદર્શનમાં ઋજુસૂત્રનયથી ઉપબૃંહિત સંગ્રહનયથી પ્રવર્તે છે, અને તે દૃષ્ટિથી જગતમાં બ્રહ્મસ્વરૂપ એક આત્માને છોડીને કોઈ વસ્તુ નથી, કેમ કે ઋજુસૂત્રનય અનુપયોગી એવી પરવસ્તુના અસ્તિત્વને સ્વીકારતો નથી. તેથી આત્માથી પર એવા પુદ્ગલાદિ સર્વ દ્રવ્યો આત્મા માટે અનુપયોગી હોવાથી ઋજુસૂત્રનય તેનો સ્વીકાર કરતો નથી. જો કે ઋજુસૂત્રનયથી પોતાનાથી અન્ય આત્મા પણ પર છે, આમ છતાં સંગ્રહનય સર્વ આત્માનો એકરૂપે સંગ્રહ કરે છે, તેથી '**एगे आया**' સૂત્રથી બધા આત્માનો સંગ્રહ થાય છે. અને જ્ઞાનસ્વરૂપ આત્મા છે, તેથી બાહ્ય પદાર્થના જ્ઞાન વગર શુદ્ધ બ્રહ્મનું જ્ઞાન ઋજુસૂત્રનયથી ઉપબૃંહિત સંગ્રહનય કરાવે છે, તેથી નિર્વિકલ્પબ્રહ્મપ્રતિપાદક શ્રુતિનો નિર્વાહ તે નયથી થઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકે છે. અને આ નયથી સંસારી અને મુક્ત બધા આત્મા સ્વરૂપથી સમાન છે. તેથી એક સ્વરૂપ હોવાથી એક છે, તેવી પ્રતીતિ થાય છે. (આધાર-અધ્યાત્મોપનિષદ્ જ્ઞાનયોગ અધિકાર ગાથા-૪૩) **॥૬૬॥**

**અવતરણિકા :-**

પૂર્વમાં ગાથા-૬૬ માં કહ્યું કે નિર્વિકલ્પબ્રહ્મપ્રતિપાદક શ્રુતિનો એક નયથી નિર્વાહ થઈ શકે છે, તે જ વાતને દૃઢ કરવા માટે ગાથા-૬૭-૬૮ માં કહે છે કે વેદવચન, ઉપનિષદવચન અને શ્રુતિવચન જુદું જુદું કહે છે, તે સર્વનો નિર્વાહ સ્યાદ્વાદથી જ થઈ શકે છે. તેથી નિર્વિકલ્પ બ્રહ્મને કહેનારા શ્રુતિના વચનને એક નયથી માનવા ઉચિત છે તે બતાવતાં કહે છે -

**ચોપઇ :-**

**ब्रह्म परापरवचनिं कहिउं, एक ब्रह्म उपनिषदइं रहिउं ।**
**मायोपम पणि जगि श्रुति सुण्यो, जेहनी जिम रुचि तेणि तुम मुण्युं ।।६७।।**

**ગાથાર્થ :-**

**(વેદમાં) પર-અપર વચનરૂપે બ્રહ્મ કહ્યું, ઉપનિષદ્‌માં એક બ્રહ્મ લીધું છે, અને શ્રુતિમાં જગત માયાની ઉપમાવાળો પણ સંભળાય છે. જેની જેવી રુચિ તેણે તેમ માન્યું છે. ॥૬૭॥**

**બાલાવબોધ :-**

"द्वे ब्रह्मणी वेदितव्ये परं चापरं च" **ए वचनइं वेदमांहिं ब्रह्म परापर द्विभेदइ कहिउं, उपनिषदइं एक ज ब्रह्म लहिउं** - "एकमेवाद्वितीयं ब्रह्म, नेह नानाऽस्ति किञ्चन" **इत्यादिवचनात्, तथा** "मायोपमं वै सकलं जगत्" **ए वचनइं सर्व जगत शून्यरूपपणि कहिउं, तिहां जेहनी जिम रुचि तेणिं तिम जाण्युं खरुं करीनइ द्वैतवादी अद्वैतवादी शून्यवादीइं, वलतुं ते वादी युक्ति पणि तेहवी ज कल्पइ ।।६७।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**द्वे ब्रह्मणी.....कल्पइ ।।६७।।** - બે બ્રહ્મ જાણવા-(૧) પર અને (૨) અપર. એ પ્રકારના વચનથી વેદમાં બ્રહ્મ પર અને અપર એમ બે ભેદે કહ્યા છે. (વળી) - એક જ અદ્વિતીય બ્રહ્મ છે, અહીં=બ્રહ્મમાં, ભેદ કાંઈ નથી એ પ્રકારના વચનથી ઉપનિષદમાં એક જ બ્રહ્મ કહ્યું છે. તથા (શ્રુતિમાં) માયાની ઉપમાવાળું સકલ જગત છે, એ પ્રકારના વચનથી સર્વ જગત શૂન્યરૂપે પણ કહેલું છે. આ પ્રકારના વેદવચન, ઉપનિષદવચન અને શ્રુતિવચનના પરસ્પર ભિન્ન ભિન્ન કથનમાં જેની જેમ રુચિ તેણે દ્વૈતવાદ, અદ્વૈતવાદ અને શૂન્યવાદને ખરું કરીને જાણ્યું, અને તેને અનુરૂપ જ તે તે વાદી યુક્તિ પણ તેહવી જ કલ્પે છે. **॥૬૭॥**

**ભાવાર્થ :-**

દ્વૈતવાદ, અદ્વૈતવાદ અને શૂન્યવાદ નયસાપેક્ષ ઈષ્ટ હોવા છતાં પોતાની રુચિ પ્રમાણે જેને જે રુચ્યું તે એકાંતરૂપે તે તે વાદીઓ સ્વીકારે છે, અને એકાંતે તેનું સ્થાપન કરવા માટે તેને અનુરૂપ યુક્તિઓ પણ તે તે વાદી કલ્પના કરે છે. તે જ રીતે બ્રહ્માદ્વૈતવાદી વેદાંતી પણ શ્રુતિને એકાંતે ગ્રહણ કરીને બ્રહ્માદ્વૈતનું સ્થાપન કરે છે, તેથી તે ઉચિત નથી.

વ્યવહારનયથી દ્વૈતવાદ છે, સંગ્રહનયથી અદ્વૈતવાદ છે, એવંભૂતનયથી શૂન્યવાદ છે. અને એવંભૂતનયથી શૂન્યવાદ છે એ કથન અનેકાંતવ્યવસ્થા ગ્રંથમાં છે. **॥૬૭॥**

**ચોપઇ :-**

**स्यादवाद विण पणि सवि मृषा, षारइ जलइं नवि भाजइ तृषा ।**
**माया मिटै रहइ जो अंग, तो किम नहीं परमारथरंग ? ।।६८।।**

**ગાથાર્થ :-**

**પણ સ્યાદ્વાદ વગર સર્વ=નિજ નિજ નયરુચિ સર્વ, મિથ્યા છે. ખારા જલથી તૃષા=તરસ, ભાંગતી નથી, અર્થાત્ એક નયની રુચિ ખારા જલ જેવી છે, તેનાથી તત્ત્વની પ્રાપ્તિરૂપ તૃષાનું શમન=તરસનું શમન થતું નથી, પરંતુ સ્યાદ્વાદથી જ થાય છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્થાન :-**

સ્યાદ્વાદથી તત્ત્વથી પ્રાપ્તિ કેમ થાય છે ? તે જ બ્રહ્માદ્વૈતવાદીની માન્યતા લઈને યુક્તિથી બતાવે છે -

**ગાથાર્થ :-**

**માયા મટી જાય (અને) જો અંગ રહે તો તે અંગ પરમાર્થરંગરૂપ કેમ નહિ ? ॥૬૮॥**

**ભાવાર્થ :-**

વેદાંતશાસ્ત્રના શ્રવણથી આ જગત માયામય છે એવું જ્ઞાન થવાથી તે માયાનો ભ્રમ ચાલ્યો જાય છે. આમ છતાં વ્યવહારથી પ્રપંચ દેખાય છે તેમ ગાથા-૪૩ માં કહેલ તે પ્રમાણે માયાના કાર્યરૂપ અંગ રહેતું હોય, તો તે પ્રપંચને પરમાર્થરૂપ કેમ ન કહેવાય ? અર્થાત્ તે પ્રપંચ વાસ્તવિક છે, તેમ સ્વીકારવું પડે. તેથી બ્રહ્માદ્વૈતવાદી આ પ્રપંચને જે માયારૂપ કહે છે, તે ઋજુસૂત્ર ઉપબૃંહિત સંગ્રહનયથી માનવું ઉચિત છે, એકાંતે નહિ.

**બાલાવબોધ :-**

**पणि ते निज-निज नयरुचि छइ, ते स्याद्वाद विना सर्व जूठी, जे विना स्वमतनिर्वाह न थाइ, षारइं जलइं तृषा न भाजइं तिम स्याद्वाद विना कांक्षा न टलइ, जो वेदांतनइं मतिं सर्व मायाजनित प्रपंच छइ तो माया मिटयइ तत्कार्यअंग किम रहइ ? जो रहइ अंग पारमार्थिक ज थाइ व्यावहारिक किम कहिइं ? ।।६८।।**

**ભાવાર્થ :-**

**पणि ते .....निर्वाह न थाइ,** - પણ તે પોતપોતાના નયની રુચિ છે= પૂર્વમાં કહ્યું કે દ્વૈતવાદ, અદ્વૈતવાદ અને શૂન્યવાદને પોતાની રુચિ પ્રમાણે ગ્રહણ કરીને વાદી યુક્તિ પણ તેવી જ કલ્પે છે, તે પોતપોતાના નયની રુચિ છે, અને તે સર્વ રુચિ સ્યાદ્વાદ વગર જૂઠી છે. આથી જ દ્વૈતવાદી, અદ્વૈતવાદી અને શૂન્યવાદીનાં કથનો પરસ્પર વિરોધરૂપ બને છે. સ્યાદ્વાદ વગર તેઓના મતોનો નિર્વાહ થતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી. તેથી જ તે સર્વ મતો યુક્તિથી પોતાના મતને સ્થાપન કરે છે તો પણ એકાંતવાદી હોવાથી જૂઠા છે. તે જ મતો સ્યાદ્વાદનું અવલંબન લઈને પ્રવર્તે તો તેમના મતનો નિર્વાહ થાય છે; જેમ ઋજુસૂત્રનયથી ઉપબૃંહિત સંગ્રહનયથી બ્રહ્માદ્વૈતવાદનો નિર્વાહ થાય છે, તે જ વાદી વ્યવહારનયથી આ પ્રપંચને સાચો માને તો જ સંગત થાય, પરંતુ એકાંતે પ્રપંચને જૂઠો કહે તો તેમના મતનો નિર્વાહ થતો નથી.

**ઉત્થાન :-**

એકાંતવાદમાં સર્વ મતો જૂઠા છે તે જ વાત દૃષ્ટાંતથી બતાવે છે -

**અનુવાદ :-**

**षारइं जलइ.....किम कहिइं ?।।६८।।** - ખારા પાણીથી તૃષા જાય નહિ, તેમ સ્યાદ્વાદ વગર તત્ત્વના નિર્ણયની આકાંક્ષા ટળતી નથી. જો વેદાંતમતે સર્વ=આખું જગત, માયાજનિત પ્રપંચ છે, તો માયા મટી ગયા પછી તેના કાર્યરૂપ અંગ=માયાના કાર્યરૂપ અંગ, કેમ રહે ? જો રહે તો અંગ પારમાર્થિક જ થાય, વ્યાવહારિક કેમ કહેવાય ? **॥૬૮॥**

**ભાવાર્થ :-**

વેદાંતશાસ્ત્રનું શ્રવણ કરવાથી આખું જગત માયારૂપ છે તે પ્રમાણે જ્ઞાન થાય છે, તેથી અજ્ઞાન મટી જાય છે. અને માયા એ અજ્ઞાનરૂપ છે માટે અજ્ઞાન ગયા પછી અજ્ઞાનના કાર્યરૂપ અંગસ્વરૂપ માયારૂપ આ જગત રહેવું જોઈએ નહિ. અને વેદાંતમત પ્રમાણે વેદાંતશ્રવણ પછી આ પ્રપંચ પારમાર્થિક નથી તેવો નિર્ણય થાય છે, તો પણ વ્યાવહારિક પ્રપંચ રહે છે. તો ગ્રંથકાર કહે છે-વેદાંતશ્રવણથી અજ્ઞાન ચાલ્યું જવાના કારણે અજ્ઞાનના કાર્યરૂપ અંગનું અસ્તિત્વ હોવું જોઈએ નહિ. જો અસ્તિત્વ રહેતું હોય તો તે પારમાર્થિક= વાસ્તવિક છે, પણ વ્યાવહારિક છે વાસ્તવિક નથી તેમ કહી શકાય નહિ. તેથી વેદાંતી વેદાંતશ્રવણ પછી દેખાતા જગતને વ્યાવહારિક કહે છે, પણ વાસ્તવિક કહેતો નથી, તે વચન તેનું જૂઠું છે. **॥૬૮॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

પૂર્વમાં વેદાંતશ્રવણ પછી પ્રપંચ વ્યાવહારિક ભાસે છે, પારમાર્થિક નહિ, એમ જે વેદાંતી કહે છે તેનું નિરાકરણ કર્યું. હવે વેદાંતી તત્ત્વજ્ઞાનીને પ્રપંચ આભાસિક ભાસે છે તેમ કહે છે, તેનાથી જ પ્રપંચ કલ્પિત નથી તેનું સ્થાપન કરતાં કહે છે -

**ચોપઇ :-**

**बाधितअनुवृत्तिं ते रही, ज्ञानीनइं प्रारब्धिं कही ।**
**कर्मविलास थयो तो साच, ज्ञानिं न मिट्यो जेहनो नाच ।।६९।।**

**ગાથાર્થ :-**

**પ્રારબ્ધિં કહી=પ્રારબ્ધે કરીને, જ્ઞાનીને બાધિતઅનુવૃત્તિરૂપે તે=માયા, રહી છે તો કર્મવિલાસ સાચો થયો, જેનો નાચ જ્ઞાનીને પણ મટ્યો નથી. ||૬૯||**

**બાલાવબોધ :-**

**हवइं इम कहस्यो जे ज्ञानीनइं पणि माया बाधितानुवृत्तिं रही छइ दग्धरज्जु आकार ते प्रारब्धइ करीनइ,** "ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुतेऽर्जुन !" (गीता ४,३७) **इहां कर्मपद प्रारब्धातिरिक्त कर्म पर कहवुं, तो कर्मविलास साचो थयो पणि कल्पित (न) थयो जेहनुं नाच कहितां नाटक ज्ञानइ पणि न मिटिउं, सिद्धांत पणि एह ज छइ केवलज्ञान ऊपनइ पणि भवोपग्राही कर्म टलतां नथी, सर्वकर्मक्षय ते मुक्तिदशाइं परनी समाधिं ज होइ सत्य ।।६९।।**

**અનુવાદ :-**

**हवइ.....प्रारब्धइ करीनइ,** - હવે એમ કહેશો=હવે વેદાંતી આમ કહે કે, જ્ઞાનીને પણ જે માયા બાધિતઅનુવૃત્તિરૂપે રહે છે અર્થાત્ આ પ્રપંચ બાધિત છે, એ પ્રમાણેનું જ્ઞાન હોવા છતાં આભાસિકરૂપે પ્રપંચ દેખાય છે, તે દગ્ધરજ્જુઆકારરૂપે છે અને તે પ્રારબ્ધે કરીને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● અહીં '**माया**' શબ્દ પ્રપંચ અર્થમાં છે.

**ભાવાર્થ :-**

વેદાંતીનો આશય એ છે કે તત્ત્વજ્ઞાન પ્રગટ્યા પછી પ્રપંચ આભાસિકરૂપે દેખાય છે. આ વાસ્તવિક દેખાઈ રહ્યું છે તે પ્રપંચ બાધિત છે તેમ પણ તેઓ જાણે છે, છતાં પ્રપંચની અનુવૃત્તિ છે. જેમ ચિત્રમાં નિમ્ન-ઉન્નતાદિ બાધિત છે છતાં પ્રતીતિરૂપે નિમ્ન-ઉન્નતાદિ ભાવો દેખાય છે, તે દેખાતો પ્રપંચ દગ્ધરજ્જુઆકાર જેવો છે, અર્થાત્ બળેલો રજ્જુ ફક્ત રજ્જુઆકાર બતાવે છે પણ વાસ્તવિક રજ્જુ નથી, તેમ પ્રપંચ આભાસિકરૂપે દેખાય છે, પરંતુ વાસ્તવિક પ્રપંચ નથી, એ પ્રમાણે વેદાંતી કહે છે.

**ઉત્થાન :-**

તેની જ પુષ્ટિ કરવા માટે ગીતાની સાક્ષી આપતાં કહે છે -

**અનુવાદ :-**

**ज्ञानाग्निः.....अर्जुन** ! - હે અર્જુન ! જ્ઞાનરૂપી અગ્નિ સર્વકર્મોને ભસ્મસાત્ કરે છે, એ પ્રમાણે ગીતામાં કહ્યું છે.

**इहां.....पर कहवुं** - ત્યાં 'સર્વકર્મ' શબ્દમાં રહેલું 'કર્મ' પદ પ્રારબ્ધથી અતિરિક્ત કર્મ પર કહેવું.

**ભાવાર્થ :-**

સર્વકર્મમાં રહેલું 'કર્મ' પદ પ્રારબ્ધથી અતિરિક્ત સર્વકર્મને ગ્રહણ કરે છે, પરંતુ પ્રારબ્ધકર્મને ગ્રહણ કરતું નથી. તેથી એ પ્રાપ્ત થાય કે જ્ઞાનીનું જ્ઞાન પ્રારબ્ધકર્મને ભસ્મસાત્ કરી શકતું નથી.

**ઉત્થાન :-**

પ્રારબ્ધકર્મથી આ માયારૂપ પ્રપંચ દેખાય છે, તેથી જ્ઞાનીને દેખાતો પ્રપંચ આભાસિક છે, આ પ્રકારે વેદાંતી કહે તો ગ્રંથકાર કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**तो कर्मविलास.....न मिटिउं,** - તો કર્મનો વિલાસ સાચો થયો પણ કલ્પિત થયો નહિ, કેમ કે કર્મનું નાટક જ્ઞાનીને પણ મટ્યું નથી.

તે જ વાતની સ્વસિદ્ધાંતથી પુષ્ટિ કરતાં કહે છે -

**सिद्धांत.....ज होइ सत्य ।।६९।।** - સિદ્ધાંત પણ એ જ છે - કેવલજ્ઞાન ઉત્પન્ન થયા પછી પણ ભવોપગ્રાહી કર્મ ટળતાં નથી. સર્વકર્મક્ષય તે મુક્તિદશામાં છે. પરની સમાધિ=પરનું સમાધાન, (મુક્તિદશામાં) જ સત્ય હોય. **॥૬૯॥**

**ભાવાર્થ :-**

વેદાંતીએ કહ્યું કે દગ્ધરજ્જુ આકારવાળો પ્રપંચ પ્રારબ્ધકર્મને કારણે જ્ઞાનીને છે, ત્યાં પ્રારબ્ધકર્મ જ્ઞાનીને છે, તે સિદ્ધાંતને પણ માન્ય છે. કેમ કે કેવલજ્ઞાન ઉત્પન્ન થયા પછી ભવોપગ્રાહી કર્મ ટળતાં નથી અને તે ભવોપગ્રાહી કર્મ જ પ્રારબ્ધકર્મ છે. પ્રારબ્ધકર્મથી જ કેવલીને પણ કર્મનો નાચ હોય છે=કર્મકૃત પ્રવૃત્તિ હોય છે, તેથી કર્મનો વિલાસ કલ્પિત નથી પણ વાસ્તવિક છે તેમ સિદ્ધ થાય છે. સર્વ કર્મનો ક્ષય તે મુક્તિ દશામાં છે. તેથી પર જે સમાધાન કરે છે કે શુદ્ધ બ્રહ્મથી અતિરિક્ત કોઈ નથી, તે સમાધાન મુક્તિદશામાં જ સત્ય થાય છે, કેમ કે મુક્તિદશામાં રહેલા જીવોને કર્મનો નાચ સર્વથા નથી. તેથી ત્યાં અનુપયોગી એવું બાહ્ય જગત તેમના માટે નથી, તેથી શુદ્ધ બ્રહ્મસ્વરૂપ તેઓ છે. પરંતુ સિદ્ધ અવસ્થા પૂર્વે આત્માથી અતિરિક્ત કર્મ સાચાં છે, આથી જ તેનો વિલાસ કેવલીને પણ છે, એ પ્રકારનો ગ્રંથકારનો આશય છે. **॥૬૯॥**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથા-૬૯ માં પૂર્વપક્ષીએ કહ્યું કે, જ્ઞાનીને માયા પણ બાધિતઅનુવૃત્તિરૂપે રહી છે, તે દગ્ધરજ્જુ આકાર પ્રારબ્ધે કરીને છે. તેનાથી પૂર્વપક્ષીને એ કહેવું છે કે જેમ બળેલી રજ્જુ રજ્જુઆકારરૂપે દેખાય છે, વાસ્તવિક તે રજ્જુ નથી પણ રજ્જુનો આભાસમાત્ર છે; તેમ પ્રારબ્ધકર્મથી જ્ઞાનીની માયા= બોલવા ચાલવાની પ્રવૃત્તિ, શરીર ધારણ કરવાની પ્રવૃત્તિ, તે સર્વ આભાસિક છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાસ્તવિક નથી. તેનું નિરાકરણ કરવા અર્થે કહે છે -

**અથવા**

પૂર્વગાથા-૬૯ માં એ સ્થાપન કર્યું કે પ્રારબ્ધ અદૃષ્ટથી જ્ઞાનીને પણ માયા બાધિતઅનુવૃત્તિરૂપે રહેતી હોય તો કર્મવિલાસ સાચો છે તેમ માનવું પડે, કેમ કે જ્ઞાનીને પણ પ્રારબ્ધકર્મનો નાચ છે. હવે તે પ્રારબ્ધકર્મથી થતો જ્ઞાનીનો પ્રપંચ દગ્ધરજ્જુઆકાર નથી, પરંતુ વાસ્તવિક છે તે બતાવતાં કહે છે -

**ચોપઇ :-**

**व्यवहारिक आभासिक गणइ, योगी ते छै भ्रम अंग गणइ (अंगणइ) ।**
**योगि अयोगि शरीर अशेष, स्यो व्यवहार आभासविशेष ।।७०।।**

**ગાથાર્થ :-**

**વ્યવહારિક=વ્યવહારમાં દેખાતા એવા પ્રપંચને, આભાસિક ગણે છે= કાલ્પનિક ગણે છે, તે યોગી ભ્રમના આંગણામાં છે.**

તે ભ્રમના આંગણામાં કેમ છે તે યુક્તિથી બતાવતાં કહે છે -

**યોગીના અને અયોગીના અશેષ શરીરમાં=બધાના શરીરમાં, વ્યવહાર અને આભાસ વિશેષ શો ? અર્થાત્ એવો વિશેષ નથી.**

● પૂર્વે ગાથા-૪૩ માં પારમાર્થિક, વ્યાવહારિક અને આભાસિક એમ પ્રપંચના ત્રણ ભેદો કહ્યા તે વ્યાવહારિક અને આભાસિક પ્રપંચ અહીં ગ્રહણ કરવાનો નથી, પરંતુ વ્યવહારમાં દેખાતા એવા પ્રપંચને આભાસિક કહીને કાલ્પનિક સ્થાપવા જે પ્રપંચ કરે છે, તે ભ્રમરૂપ છે તેમ કહેવું છે. **॥૭૦॥**

**બાલાવબોધ :-**

जे योगी व्यावहारिक प्रपंचनइ आभासिक गणइ छइ ते भ्रमगृहनइं अंगणइ रमइ छइ, अन्यनइ अन्य करी जाणवुं तेह ज भ्रम । योगीनुं शरीर ते आभासिक, अयोगीनुं शरीर ते व्यावहारिक, कथनमात्र, सदृशपरिणाम ज छइ, तेणइ करी जे एहवुं कहइ छइ ज्ञानीनइ क्रोधादिक भाव छइ ते आभासिक

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**गुंजापुंजवह्निसमान ते सर्व निरस्त करिउं जाणवुं, कर्मजनित भाव ते सत्य ज छइ, नहीं तो क्षुधा-तृषादिभाव पणि सर्व जूठा थाइ ते तो प्रत्यक्ष विरोध ।।७०।।**

**અનુવાદ :-**

**जे योगी.....तेह ज भ्रम ।** - જે યોગી વ્યાવહારિક પ્રપંચને આભાસિક ગણે છે=પોતાને દેખાતા એવા વ્યાવહારિક પ્રપંચને આભાસિક ગણે છે=કહે છે કે આ વ્યવહારમાં દેખાતો તત્ત્વજ્ઞાનીનો પ્રપંચ આભાસમાત્રરૂપ છે, વાસ્તવિક તે પ્રપંચ દગ્ધરજ્જુઆકાર જેવો જૂઠો છે, તે યોગી ભ્રમગૃહના= ભ્રમઘરના, આંગણામાં રમે છે, કેમ કે અન્યને અન્ય કરીને જાણવું તે જ ભ્રમ છે.

● પ્રસ્તુતમાં વેદાંતી વાસ્તવિક વ્યવહારમાં દેખાતા એવા જ્ઞાનીના જગતને આભાસિક ગણીને તે વાસ્તવિક નથી પરંતુ દગ્ધરજ્જુઆકાર જેવો દેખાય છે, તેમ કહે છે. તેથી વાસ્તવિકને અવાસ્તવિક કહેવું તે તેમનો ભ્રમ છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે યોગીના વ્યાવહારિક પ્રપંચને જે આભાસિક ગણે છે તે તેનો ભ્રમ છે. તેને જ સ્પષ્ટ કરતાં કહે છે -

**અનુવાદ :-**

**योगीनुं.....ज छइ,** - યોગીનું શરીર તે આભાસિક અને અયોગીનું શરીર તે વ્યાવહારિક (તે) કથનમાત્ર છે, કેમ કે સદૃશપરિણામ જ છે.

**ભાવાર્થ :-**

જેઓ યોગીના=તત્ત્વજ્ઞાનીના, શરીરને આભાસિક કહે છે, અને કહે છે કે પ્રારબ્ધ અદૃષ્ટને કારણે તેઓનું શરીર દગ્ધરજ્જુઆકાર છે, તેથી તે યોગીનો વ્યાવહારિક પ્રપંચ આભાસિક છે; અને અયોગીનું શરીર પ્રારબ્ધથી અતિરિક્ત કર્મને કારણે છે તેથી તે વ્યાવહારિક છે, તે તેઓનું કથનમાત્ર છે. કેમ કે તત્ત્વજ્ઞાની એવા યોગીનું શરીર અને સંસારી એવા અયોગીનું શરીર સદૃશપરિણામ જ છે, પરંતુ સંસારી જીવોનું વાસ્તવિક રજ્જુ જેવું શરીર છે અને યોગીનું દગ્ધરજ્જુ જેવું શરીર છે એવું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે યોગીનું શરીર આભાસિક અને અયોગીનું શરીર વ્યાવહારિક એ કથનમાત્ર છે, બેના શરીરમાં કોઈ ભેદ નથી. તેનાથી આગળમાં કહેવાતું કથન નિરસ્ત જાણવું, અને તે જ બતાવતાં કહે છે -

**અનુવાદ :-**

**तेणइ करी.....करिउं जाणवुं**, - તેણે કરીને જે આવું કહે છે કે જ્ઞાનીને ક્રોધાદિક ભાવ છે તે આભાસિક ગુંજાપૂંજના વહ્નિ સમાન છે. અર્થાત્ ચણોઠીનો પુંજ પડેલો હોય અને કોઈને તેમાં દેખાતો લાલ રંગ તે વહ્નિ લાગે, પરંતુ વાસ્તવિક તે વહ્નિ નથી પણ ચણોઠીનો પુંજ છે; તેમ યોગીને વાસ્તવિક ક્રોધાદિ નથી છતાં ક્રોધાદિ છે એવું ભાસે છે, તેથી તેના ક્રોધાદિ આભાસિક છે, તે સર્વ કથન નિરસ્ત જાણવું.

**ઉત્થાન :-**

વ્યવહારમાં પ્રત્યક્ષ દેખાતા ક્રોધાદિ ભાવોને ક્રોધાદિ નથી એમ કહેવું તે પ્રત્યક્ષના અપલાપરૂપ છે. ફક્ત એટલું કહી શકાય કે વિવેકયુક્ત જ્ઞાનીને જે ક્રોધાદિ ભાવ દેખાય છે તે વિવેકથી યુક્ત હોવાને કારણે પ્રશસ્ત છે, પરંતુ દેખાતા પણ ક્રોધાદિ ભાવો આભાસિકમાત્ર છે તેમ કહી શકાય નહિ. આથી જ કહે છે -

**અનુવાદ :-**

**कर्मजनित.....विरोध ॥७०॥** - કર્મજનિતભાવ તે સત્ય જ છે, માટે કર્મજનિત એવા જ્ઞાનીના ક્રોધાદિ સત્ય જ છે, નહીં તો ક્ષુધા-તૃષાદિ ભાવો પણ સર્વ જૂઠા થાય; અને તેમ માનીએ તો પ્રત્યક્ષ વિરોધ છે. **॥૭૦॥**

**અવતરણિકા :-**

ગાથા-૪૫ માં ઉચ્છૃંખલ વેદાંતીનો મત બતાવ્યો કે, જ્ઞાનીને સર્વ કર્મો ક્ષય થઈ ગયાં છે, આમ છતાં તેઓના શરીરની સ્થિતિ અન્યના અદૃષ્ટને કારણે છે. અને તે મત સ્વીકારીએ તો જ્ઞાનીને કર્મનો નાચ છે તે સિદ્ધ થાય નહિ. વસ્તુતઃ કેવલીને પણ પ્રારબ્ધ અદૃષ્ટકૃત કર્મનું નાટક છે તે સ્થાપન કરવું છે, તેથી ગ્રંથકાર ઉચ્છૃંખલ વેદાંતીમતનું નિરાકરણ કરતાં કહે છે -



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોપઇ :-**

**अन्यअदृष्टिं योगिशरीर, रहि कहइ ते नहि श्रुतधीर ।**
**जो शिष्यादि अदृष्टिं रहि, अरिअदृष्ट तेहनइ किम सहइ ? ।।७१।।**

**ગાથાર્થ :-**

**અન્યના અદૃષ્ટથી યોગીનું શરીર રહે છે (એમ જે) કહે તે શ્રુતધીર નથી= સિદ્ધાંતના પદાર્થોનો સાચો નિર્ણય કરવા માટે ધૈર્યવાળો નથી.**

**ઉત્થાન :-**

અન્યના અદૃષ્ટથી યોગીનું શરીર રહે છે, એમ જે ઉચ્છૃંખલ વેદાંતી કહે છે, તે યુક્તિરહિત છે, તે બતાવતાં કહે છે -

**ગાથાર્થ :-**

**જો શિષ્યાદિના અદૃષ્ટથી (યોગીનું શરીર) રહે (તો) શત્રુનું અદૃષ્ટ તેને= યોગીના શરીરને, કેમ સહન કરે ? અર્થાત્ પાડી નાંખે. ॥૭૧॥**

**બાલાવબોધ :-**

**कोइ कहइ छइ उन्मत्तप्राय - ज्ञानीनइ सर्व अदृष्ट गयां, (२) शरीर रहइ छइ अन्य शिष्यादिकनइं, जिम लोकादृष्टइ ईश्वरशरीर रहइ छइ, ते श्रुतधीर नहीं-सिद्धांतमांहि धैर्यवंत नहीं, जो योगीनुं शरीर शिष्यादिकनइ अदृष्टइं रहइ तो अरि कहितां वैरी तेहनइ अदृष्टइं पडइ कां नहीं, ते माटि स्वादृष्टइ ज स्वशरीरनिर्वाह मानवो ।।७१।।**

● अदृष्ट गयां પછી બાલાવબોધમાં ૨ છે, તે વધારાનો ભાસે છે. તેથી કૌંસમાં મૂકેલ છે.

**અનુવાદ :-**

**कोइ कहइ छइ.....शरीर रहइ छइ,** - ઉન્મત્તપ્રાય:=ઉન્મત્ત જેવો કોઇ કહે છે - જ્ઞાનીને સર્વ અદૃષ્ટ ગયાં. જેમ લોકના અદૃષ્ટથી ઈશ્વરશરીર રહે છે, (તેમ) અન્ય શિષ્યાદિકના અદૃષ્ટથી શરીર રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

ઉચ્છ્રૃંખલ વેદાંતી પદાર્થના સ્વરૂપને જોવામાં ઉન્મત્ત જેવો છે અને તે કહે છે કે, જ્ઞાનીને સર્વ કર્મ ચાલ્યાં ગયાં છે. તેથી વાસ્તવિક રીતે તેમનું શરીર રહેવું જોઈએ નહિ, આમ છતાં શિષ્યાદિના અદૃષ્ટથી જ્ઞાનીનું શરીર રહે છે. તેમાં તે દૃષ્ટાંત આપે છે કે લોકના અદૃષ્ટથી ઇશ્વરનું શરીર રહે છે, તેમ શિષ્યના અદૃષ્ટથી જ્ઞાનીનું શરીર રહે છે.

વસ્તુતઃ તેમના મત પ્રમાણે ઈશ્વર સર્વથા અદૃષ્ટ વગરનો છે, આમ છતાં લોકના ઉપકાર માટે ઇશ્વર જન્મ લે છે; અને જ્યાં સુધી લોકના ઉપકાર માટે આવશ્યક હોય છે ત્યાં સુધી તે જીવે છે, તે સર્વ લોકના અદૃષ્ટથી થાય છે. તે રીતે જ્યાં સુધી શિષ્યનો ઉપકાર કરવાનું આવશ્યક હોય છે ત્યાં સુધી જ્ઞાની જીવે છે, તે જેમના ઉપર ઉપકાર થાય છે તેવા શિષ્યાદિના અદૃષ્ટથી જીવે છે.

**તે શ્રુતધીર.....ધૈર્યવંત નહી,** - આ પ્રકારે કહેનાર ઉચ્છ્રૃંખલ વેદાંતી શ્રુતધીર નથી=સિદ્ધાંતમાં ધૈર્યવાળો નથી.

● **'શિષ્યાદિના અદૃષ્ટથી'** કહ્યું ત્યાં **'आदि'** પદથી ઉપકાર થાય તેવા અન્ય લોકોના અદૃષ્ટથી જ્ઞાની જીવે છે, તેનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

રાગાદિને આકુળ થયા વગર સિદ્ધાંતના પદાર્થોને જોડવા માટે જે લોકો યત્ન કરે છે, તેઓ સિદ્ધાંતમાં ધીરતાવાળા છે. ઉચ્છ્રૃંખલ વેદાંતીઓ સિદ્ધાંતના પદાર્થોને સ્વરુચિ પ્રમાણે જોડવા માટે યત્ન કરે છે, તેથી સિદ્ધાંતમાં ધૈર્યવાળા નથી.

**ઉત્થાન :-**

અન્યના અદૃષ્ટથી યોગીનું શરીર રહે નહિ, તે વાત યુક્તિથી બતાવે છે -

**અનુવાદ :-**

**जो योगीनुं.....पडइ कां नहीं** - જો યોગીનું શરીર શિષ્યાદિના અદૃષ્ટથી રહે છે, તો યોગીના વૈરી=શત્રુ, એવા તેઓના અદૃષ્ટથી યોગીનું શરીર પડતું કેમ નથી ? અર્થાત્ જે રીતે શિષ્યોનું અદૃષ્ટ યોગીને જિવાડવા સમર્થ છે, તેમ વૈરીનું અદૃષ્ટ યોગીના શરીરનો નાશ કરવા પણ સમર્થ થવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ते माटि.....मानवो ।।७१।।** - તે માટે=બીજાનું અદૃષ્ટ બીજાને જીવાડી શકે કે નાશ કરી શકે નહિ તે માટે, સ્વઅદૃષ્ટથી સ્વશરીરનો નિર્વાહ માનવો.**॥૭૧॥**

**અવતરણિકા :-**

ગાથા-૬૪ થી ૭૧ સુધીમાં સ્થાપન કર્યું કે વેદાંતીને સંમત માયા આ પ્રપંચનું કારણ છે તેમ માની શકાય તેમ નથી. તો પ્રશ્ન થાય કે ખરેખર આ પ્રપંચનું વાસ્તવિક કારણ શું છે ? તે બતાવતાં કહે છે -

**ચોપઇ :-**

**शकतिअनंतसहित अज्ञान, कर्म कहो तो वाधइ वान ।**
**करमिं हुइ जनमनी युक्ति, दर्शन-ज्ञान-चरणथी मुक्ति ।।७२।।**

**ગાથાર્થ :-**

**શક્તિઅનંતસહિત અજ્ઞાન કર્મ કહો તો (કહેનારનું) વાન વધે=કહેનારનું વચન યુક્તિયુક્ત છે તેમ લાગે.**

**ઉત્થાન :-**

અનંતશક્તિવાળું અજ્ઞાનરૂપ કર્મ સ્વીકારવામાં કહેનારનું વચન યુક્તિયુક્ત છે તે બતાવે છે -

**ગાથાર્થ :-**

**કર્મથી જન્મની યુક્તિ=યોજન, છે, અર્થાત્ કર્મથી જન્મ થાય છે. દર્શન-જ્ઞાન અને ચરણથી=ચારિત્રથી, મુક્તિ છે. (અર્થાત્ દર્શન-જ્ઞાન અને ચારિત્રના સાધન દ્વારા કર્મથી મુક્તિ થાય છે.) ॥૭૨॥**

**બાલાવબોધ :-**

इम अविद्या-मायाशब्दवाच्य अनिर्वचनीय अज्ञान वेदांतीसंमत न घटइं, जो अनंतशक्तिसहित अज्ञानरूप कर्म कहो तो वान वधइ, तेहना उदय-क्षयोपशमादिकथी अनेक कार्य थाइ, 'कर्मक्षयइ मोक्ष थाइं' तेह ज कहइ छइ, कर्मइं जन्मनी-संसारनी युकति होइ, क्षायिक भावइं दर्शन-ज्ञान-चारित्र प्रक(ट)इ तिवारइ मुक्ति होइ ।।७२।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**इम अविद्या.....न घटइं,** - એમ=ગાથા-૬૪ થી ૭૧ માં કહ્યું એ રીતે, અવિદ્યા-માયાશબ્દવાચ્ય અનિર્વચનીય એવું અજ્ઞાન વેદાંતી માને છે, તે ઘટતું નથી.

**ભાવાર્થ :-**

વેદાંતી નિર્વિકલ્પ બ્રહ્મને જ વાસ્તવિક માને છે, તેનાથી અતિરિક્ત કોઇ વસ્તુ નથી, તેમ માને છે; અને કહે છે કે, જે કાંઈ દેખાઈ રહ્યું છે તે અવિદ્યારૂપ છે અને માયાશબ્દથી વાચ્ય છે; અર્થાત્ વાસ્તવિક પદાર્થ નથી, પરંતુ ઈંદ્રજાલ જેવી માયા છે કે જે નથી તે દેખાડે છે.

વેદાંતીની આ માન્યતામાં પ્રશ્ન થાય કે અજ્ઞાન શું પદાર્થ છે ? અને જો અજ્ઞાન વસ્તુ હોય તો બ્રહ્મથી અતિરિક્ત પદાર્થ સિદ્ધ થાય. તેથી વેદાંતી કહે છે -

તે અજ્ઞાન અનિર્વચનીય છે, વસ્તુતઃ નિર્વિકલ્પ બ્રહ્મથી અતિરિક્ત કાંઈ નથી, આ પ્રકારનો વેદાંતસંમત પદાર્થ જો સ્વીકારીએ તો આ જગતની વ્યવસ્થા સંગત થાય. પરંતુ ગાથા-૬૪ થી ૭૧ સુધી સ્થાપન કર્યું એ રીતે, વેદાંતસંમત અજ્ઞાન ઘટતું નથી, તેમ ગ્રંથકાર કહે છે. (તેમાં અનુભવથી વિરુદ્ધ છે એ હેતુ અધ્યાહાર છે. આથી જ અનુભવની સંગતિ આગળ બતાવે છે.)

તે અજ્ઞાનને અનિર્વચનીય કહ્યું તેનો ભાવ આ પ્રમાણે છે -

જેમ નૈયાયિક અભાવનું લક્ષણ કરે છે કે, ભાવથી ભિન્ન તે અભાવ. ત્યાં ભિન્ન=ભેદવાન અને ભાવથી ભેદ એટલે જ ભાવનો અભાવ. તેથી અભાવના બોધ માટે કરેલ લક્ષણની કુક્ષિમાં જ અભાવનો પ્રવેશ થઈ ગયો. તેથી તેવું લક્ષણ કરી શકાય નહિ. તે દોષને ટાળવા માટે નૈયાયિક અભાવને અખંડ ઉપાધિરૂપ કહે છે, અને કહે છે કે, તે અખંડ ઉપાધિ અનિર્વચનીય છે=કહી શકાય તેમ નથી. તેની જેમ વેદાંતી પણ અજ્ઞાનને અનિર્વચનીય કહીને બ્રહ્મથી જુદો અજ્ઞાન નામનો પદાર્થ નથી, છતાં ન કહી શકાય તેવું અજ્ઞાન છે, જેના કારણે આ પ્રપંચ દેખાય છે, તેમ કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે શું વસ્તુ માનીએ કે જેથી અનુભવથી દેખાતા પદાર્થની યથાર્થ સંગતિ થાય ? તેથી કહે છે -

**અનુવાદ :-**

**जो अनंतशक्ति.....वान वधइ**, - જો અનંતશક્તિ સહિત અજ્ઞાનરૂપ કર્મ=જડ કર્મ, માનો તો વાન વધે છે=કહેનારનું વચન યુક્તિયુક્ત છે, તેમ દેખાય છે. તે જ તેના વચનનું તેજ વધ્યું તે બતાવવા માટે **'वान'** વધે છે તેમ કહેલ છે.

**तेहना.....कार्य थाइ**, - તેના=અનંતશક્તિસહિત અજ્ઞાનરૂપ કર્મના=જડ કર્મના, ઉદય-ક્ષયોપશમાદિકથી અનેક કાર્ય થાય છે.

● **उदय-क्षयोपशमादिक** અહીં **'आदि'** પદથી ઉપશમ અને ક્ષયનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

અનંતશક્તિવાળા એવા જડ કર્મના ઉદયથી દેહાદિની પ્રાપ્તિ, જન્માદિની પ્રાપ્તિ વગેરે કાર્ય થાય છે; ક્ષયોપશમથી જીવમાં વીર્યશક્તિ, જ્ઞાનશક્તિ આદિ પ્રગટે છે; ઉપશમથી કે ક્ષયોપશમથી કે ક્ષયથી સમ્યક્ત્વાદિ ગુણો પ્રગટે છે; અને સર્વકર્મના નાશથી મોક્ષરૂપ કાર્ય થાય છે. આ રીતે અનેક કાર્યો થાય છે.

**ઉત્થાન :-**

ગાથાના ઉત્તરાર્ધનું યોજન કરતાં કહે છે -

**અનુવાદ :-**

**कर्मक्षयइ.....मुक्ति होइ ।।७२।।** - કર્મના ક્ષયે મોક્ષ થાય. તે જ કહે છે - કર્મથી જન્મની=સંસારની યુક્તિ છે અર્થાત્ સંસારનું યોજન છે, અને ક્ષાયિકભાવનાં દર્શન-જ્ઞાન અને ચારિત્ર પ્રગટે ત્યારે મુક્તિ થાય=સર્વકર્મથી મુક્તિ થાય. **।।૭૨।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

ગાથા-૪૬ થી સાંખ્યમતનો પ્રારંભ કરીને ગાથા-૫૦ માં સ્થાપન કર્યું કે, ચેતન નપુંસક છે, એ કાંઈ કરતો નથી, બુદ્ધિ જે કરે છે તેને પ્રતિબિંબથી જીવ ભોગવે છે. તેનું નિરાકરણ કરતાં કહે છે -

**ચોપઇ :-**

**प्रतिबिंबइ जे भाषइ भोग, किम तस रूपी अरूपी योग ।**
**आकाशादिकनुं प्रतिबिंब, जिम नहीं तिम चेतन अवलंब ।।७३।।**

**ગાથાર્થ :-**

**(બુદ્ધિમાં આત્માના) પ્રતિબિંબને જે ભોગ કહે છે, તેને=તેમના મતમાં, રૂપી-અરૂપીનો યોગ કેમ સંભવે ? = રૂપી એવી બુદ્ધિમાં અરૂપી એવા આત્માનો યોગ કેમ સંભવે ?**

**ઉત્થાન :-**

રૂપી-અરૂપીનો યોગ ન સંભવે. તે વાત દૃષ્ટાંતથી સમજાવતાં કહે છે -

**ગાથાર્થ :-**

**આકાશાદિકનું પ્રતિબિંબ જેમ દર્પણમાં નથી, તેમ ચેતનનું અવલંબ= પ્રતિબિંબ, ન થાય. ॥૭૩॥**

**બાલાવબોધ :-**

चित् प्रतिबिंबइं बुद्धिनिष्ठ भोग छइ ते साक्षात् आत्मानइ नथी, इम कहइ छइं तेहनइ रूपी-अरूपीनो योग संभवइ नहीं । आकाश अरूपीनुं जिम आदर्शइं प्रतिबिंब नथी तिम बुद्धिमांहि चेतननो अवलंब न होइ । गभीरं जलं कहतां आकाशप्रतिबिंब नथी, गभीरपणुं ते जलधर्म छइ, प्रतिबिंबस्वरूप देषाडी चित् प्रतिबिंब (कहइ छइं), न होइ इस्युं कहइ छइ ।।७३।।

● **चित् प्रतिबिंब** પછી '**कहइ छइं**' તે અધ્યાહાર છે. અર્થાત્ પૂર્વપક્ષી કહે છે, એમ સમજવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**चित् प्रतिबिंबइ....कहइ छइं** - બુદ્ધિમાં આત્માના પ્રતિબિંબથી બુદ્ધિનિષ્ઠ ભોગ છે - તે ભોગ, આત્માને સાક્ષાત્ નથી એમ સાંખ્ય કહે છે.

**तेहनइ.....संभवइ नहीं ।** - તેને=તેના મતમાં=સાંખ્યમતમાં, રૂપી એવી બુદ્ધિને અરૂપી એવા આત્માનો યોગ સંભવે નહિ. તે જ વાત દૃષ્ટાંતથી બતાવે છે -

**आकाश.....न होइ ।** - આકાશનું જેમ દર્પણમાં પ્રતિબિંબ નથી, તેમ બુદ્ધિમાં ચેતનનું અવલંબ=પ્રતિબિંબ નથી.

**ભાવાર્થ :-**

સાંખ્ય કહે છે કે આત્મા ભોક્તા નથી, પરંતુ બુદ્ધિમાં આત્મા પ્રતિબિંબિત થાય છે, તેથી બુદ્ધિના ભોગને હું ભોગવું છું તેવો આત્માને ભ્રમ થાય છે. વાસ્તવિક આત્મા ભોગ કરતો નથી, કેમ કે આત્મા નિર્લેપ છે.

સાંખ્યના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે -

બુદ્ધિ રૂપી છે, કારણ કે તે પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલી છે, અને પ્રકૃતિ તે કર્મપુદ્ગલોનો પરિણામ છે, તેથી રૂપી એવી બુદ્ધિમાં અરૂપી એવા આત્માનો યોગ સંભવે નહિ.

તે જ વાતને દૃષ્ટાંતથી બતાવે છે -

જેમ આકાશ અરૂપી છે, અને તેનું પ્રતિબિંબ દર્પણમાં પડતું નથી, તેમ દર્પણસ્થાનીય બુદ્ધિમાં આકાશસ્થાનીય ચેતનનું અવલંબ=પ્રતિબિંબ, પડતું નથી.

**ઉત્થાન :-**

અહીં પૂર્વપક્ષી કહે કે કૂવામાં પાણી ઊંડું હોતું નથી, છતાં **'गभीरं जलं'** એ પ્રકારની પ્રતીતિ થાય છે અર્થાત્ પાણી ઊંડું છે એવી પ્રતીતિ થાય છે, તે કૂવામાં આકાશનું પ્રતિબિંબ છે એવી પ્રતીતિ કરાવે છે. માટે અરૂપી એવા આકાશનું પ્રતિબિંબ પડતું નથી તેમ કહી શકાય નહિ. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**गभीरं जलं.....कहइ छइ ।।७३।।** - કૂવામાં ઊંડું પાણી છે એ પ્રતીતિમાં આકાશનું પ્રતિબિંબ નથી, પરંતુ ગંભીરપણું=ઊંડાપણું, તે જલધર્મ છે; અર્થાત્ કૂવામાં પાણી ઊંડું નહિ હોવા છતાં જલનો એવો ધર્મ છે કે, જલ ઊંડું છે એ પ્રકારની ભ્રમાત્મક પ્રતીતિ થાય છે. તેથી પૂર્વપક્ષી જલમાં આકાશને પ્રતિબિંબસ્વરૂપ દેખાડીને ચિત્પ્રતિબિંબને=બુદ્ધિમાં આત્માના પ્રતિબિંબને, કહે છે, તે ન થાય એમ કહીએ છીએ. **॥૭૩॥**

**અવતરણિકા :-**

પૂર્વગાથા-૭૩ માં કહ્યું કે, આકાશનું પ્રતિબિંબ દર્પણમાં થાય નહિ, તેમ આત્માનું પ્રતિબિંબ બુદ્ધિમાં થઈ શકે નહિ. ત્યાં પૂર્વપક્ષીએ કહ્યું કે આકાશનું પ્રતિબિંબ દર્પણમાં ભલે ન થાય પણ જલમાં થાય છે, માટે જ **'गभीरम् जलम्'** એવી પ્રતીતિ થાય છે. તેનું નિરાકરણ કરીને ગ્રંથકારે સ્થાપન કર્યું કે ગભીરપણું એ જલધર્મ છે, પણ આકાશનો ધર્મ નથી; માટે અરૂપી પદાર્થનું પ્રતિબિંબ પડે નહિ. તેથી પૂર્વપક્ષી કહે છે કે પ્રતિબિંબ એ શું વસ્તુ છે, કે બુદ્ધિમાં આત્માનું પ્રતિબિંબ પડતું નથી તેમ કહો છો ? તેનું સમાધાન આપતાં કહે છે -

**ચોપઇ :-**

**आदर्शादिकमां जे छाय, आवइ ते प्रतिबिंब कहाय ।**
**मूल खंधनुं संगत तेह, नवि पामइ प्रतिबिंब अदेह ।।७४।।**

**ગાથાર્થ :-**

આદર્શાદિકમાં=આરીસા વગેરેમાં, જે છાયા આવે છે, તે પ્રતિબિંબ કહેવાય છે. સ્થૂલ સ્કંધનું તે=પ્રતિબિંબ, સંગત છે, અદેહ એવો આત્મા પ્રતિબિંબને પામતો નથી. **॥૭૪॥**

**બાલાવબોધ :-**

आदर्शादिक कहितां आरीसाप्रमुख जे स्वच्छ द्रव्य, तेहमां जे छाया आवइ ते प्रतिबिंब कहाइ, उक्तं च -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे आयरिसस्संतो देहावयवा हवंति संकंता ।

तेसिं तत्थुवलद्धी पगासजोगा ण इयरेसिं ।।  - (विंशिका-१८।१०)

**ते प्रतिबिंब स्थूलपुद्‌गलनु होइ, उक्तं च-**

सामा उदिया छाया अभासुरगया णिसिं तु कालाभा ।

स च्चेय भासुरगया सदेहवन्ना मुणेयव्वा ।।  - (विंशिका-१८।९)

**अदेह कहितां अशरीर जे आत्मा ते बुद्धिमांहिं प्रतिबिंब नवि पामइ ।।७४।।**

**અનુવાદ :-**

**आदर्शादिक.....कहाइ,** - આરીસો વગેરે જે સ્વચ્છ દ્રવ્ય છે, તેમાં જે છાયા આવે છે, તે પ્રતિબિંબ કહેવાય છે. તેમાં સાક્ષી આપતાં કહે છે -

**जे आयरिसस्संतो.....ण इयरेसिं ।।** - આરીસાની અંદરમાં જે દેહના અવયવો સંક્રાંત થાય છે. પ્રકાશના યોગથી તેઓની=સંક્રાંત થયેલા દેહના અવયવોની, ત્યાં=આરીસામાં, ઉપલબ્ધિ થાય છે, ઈતરની નહિ.

**ते.....पुद्‌गलनु होइ,** - તે પ્રતિબિંબ સ્થૂલ પુદ્‌ગલોનું હોય છે. તેમાં સાક્ષી આપતાં કહે છે -

**उक्तं च** - અને કહેવાયેલું છે -

**सामा.....मुणेयव्वा** - અભાસુરગત છાયા શ્યામ ઉદિત છે, રાત્રિમાં કાલાભા ઉદિત છે અને તે જ ભાસુરગત સ્વદેહના વર્ણવાળી જાણવી.

**ભાવાર્થ :-**

અભાસુર પદાર્થોમાં દેહની છાયા દિવસે શ્યામ પડે છે, રાત્રિમાં તે છાયા અત્યંત કાળી હોય છે, અને તે છાયા જ ભાસુર એવા દર્પણગત સ્વદેહના વર્ણવાળી જાણવી.

**ઉત્થાન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે પ્રતિબિંબ સ્થૂલ પુદ્‌ગલોનું હોય છે, અને તે જ વાત વિંશિકા-૧૮/૧૦ની સાક્ષીથી બતાવી. જ્યારે આત્મા દેહરૂપ નથી કે પુદ્‌ગલાત્મક નથી, તેથી તેનું બુદ્ધિમાં પ્રતિબિંબ થઈ શકે નહિ તે બતાવતાં કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**अदेह.....नवि पामइ ।।७४।।** - અદેહ=અશરીરવાળો જે આત્મા છે, તે બુદ્ધિમાં પ્રતિબિંબ પામતો નથી. કેમ કે પ્રતિબિંબ સ્થૂલ પુદ્ગલોનું થાય છે.**॥૭૪॥**

**વિશેષાર્થ :-**

નિશ્ચયનયથી આત્મા અને કર્મપુદ્ગલો જુદાં છે, કેમ કે આત્મા પુદ્ગલરૂપે બનતો નથી અને પુદ્ગલો આત્મારૂપે બનતાં નથી. કર્મથી અને શરીરથી આત્માને જુદો સ્વીકારીએ ત્યારે, શુદ્ધ દ્રવ્યાસ્તિકનયથી આત્માને પુદ્ગલોનો ભોગ નથી. અને તે જ શુદ્ધનયની એકાંત દૃષ્ટિથી ચાલનાર સાંખ્યદર્શન છે, તેથી સાંખ્યમતવાદી કહે છે કે આત્માને ભોગ નથી; અને પોતાના મતને સ્થાપન કરવા માટે અનુભવમાં દેખાતા ભોગની સંગતિ બુદ્ધિમાં આત્માના પ્રતિબિંબને સ્વીકારીને તેઓ કરે છે. પરંતુ તે યુક્ત નથી તે વાત ગાથા-૭૩\૭૪માં ગ્રંથકારે કહેલ છે.

સ્વસિદ્ધાંત પ્રમાણે શુદ્ધ નિશ્ચયનયથી આત્મા પુદ્ગલોનો ભોક્તા નથી, તે અપેક્ષાએ દેખાતા ભોગો ભ્રમાત્મક છે; તો પણ વ્યવહારનયથી આત્મા શરીર સાથે અને કર્મ સાથે કથંચિત્ એકત્વને પામેલો છે, તેથી જ શરીર દ્વારા થતા ભોગો વ્યવહારનયથી આત્માને પ્રાપ્ત થાય છે તેમ કહેવામાં કોઈ બાધ નથી. માટે સ્યાદ્વાદીને અનુભવને અનુરૂપ દેખાતા ભોગોની સંગતિ થાય છે, અને પરમાર્થથી આત્મા પુદ્ગલોનો ભોક્તા નથી તે વાત પણ સંગત થાય છે.

એકાંતવાદી એવા સાંખ્યમતે અનુભવની સંગતિ માટે જે પ્રતિબિંબની કલ્પના કરી તે કલ્પના જ અનુભવવિરુદ્ધ છે, કેમ કે અરૂપી એવા આત્માનું બુદ્ધિમાં પ્રતિબિંબ સ્વીકારવું તે યુક્તિરહિત છે; તેમ સ્થાપન કરીને વ્યવહારનયથી આત્મા કર્મનો કર્તા છે અને કર્મના ફળનો ભોક્તા છે, તેમ સ્થાપન કરવાનો ગ્રંથકારનો આશય છે. **॥૭૪॥**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથા-૭૪માં સ્થાપન કર્યું કે બુદ્ધિમાં આત્માનું પ્રતિબિંબ થઈ શકે નહિ, તે જ વાતને દૃઢ કરતાં કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોપઇ :-**

**बुद्धिं चेतनता संक्रमइं, किम नवि गगनादिक गुण रमै।**
**बुद्धि ज्ञान उपलब्धि अभिन्न, एहनो भेद करि स्युं खिन्न।।७५।।**

**ગાથાર્થ :-**

**બુદ્ધિમાં ચેતનતા=ચૈતન્ય, સંક્રમે તો આકાશાદિના ગુણો બુદ્ધિમાં કેમ ન રમે ? અર્થાત્ કેમ સંક્રમ ન પામે ?**

**ઉત્થાન :-**

સાંખ્ય બુદ્ધિ, જ્ઞાન અને ઉપલબ્ધિરૂપ ત્રણ ભેદની સંગતિ બુદ્ધિમાં ચેતનનો સંક્રમ સ્વીકારીને કરે છે. વસ્તુતઃ બુદ્ધિમાં ચેતનનો સંક્રમ ઉચિત નથી, તેમ પૂર્વમાં સ્થાપન કર્યું. હવે તે ત્રણ ભેદો પણ ઉચિત નથી તેમ બતાવીને, બુદ્ધિમાં ચેતનનો સંક્રમ ઉચિત નથી, તે બતાવતાં કહે છે -

**ગાથાર્થ :-**

**બુદ્ધિ, જ્ઞાન અને ઉપલબ્ધિ ત્રણે અભિન્ન છે=એક છે, તેનો ભેદ કરીને (તું) કેમ ખેદ પામે છે ? ॥૭૫॥**

**બાલાવબોધ :-**

**बुद्धिं-बुद्धितत्त्वइं चेतनता कहितां चैतन्य जो संक्रमइ-प्रतिबिंबइं, तो गगनादिक अरूपी द्रव्यना गुण बुद्धिमांहिं किम न विरमइ ? बुद्धि ते चित् प्रतिबिंबाधिष्ठान, ज्ञान ते इंद्रियवृत्ति, घटादिसंग उपलब्धि ते आदर्शमलिनताथी प्रतिबिंबित मुखमलिनतास्थानीय भोग, ए सांख्यकल्पना जूठी छइ, ३ एकार्थ छइ । अत एव गौतमसूत्र इस्युं छइ** "बुद्धिरुपलब्धिर्ज्ञानमित्यनर्थान्तरम्" ( ) **इति, एहनो भेद खिन्न थको तूं स्युं करइ छइ ? समो अर्थ कां न मानइ ? ।।७५।।**

**અનુવાદ :-**

**बुद्धिं.....न विरमइ ?** - બુદ્ધિતત્ત્વમાં ચેતનતા=ચૈતન્ય, જો સંક્રમ પામતું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય તો ગગનાદિક અરૂપી દ્રવ્યના ગુણો બુદ્ધિમાં કેમ વિરામ પામતા નથી ? અર્થાત્ બુદ્ધિમાં કેમ સંક્રમ પામતા નથી ?

**ભાવાર્થ :-**

સાંખ્ય બુદ્ધિમાં ગગનાદિકના ગુણનો સંક્રમ માનતો નથી, તેથી ગ્રંથકાર કહે છે કે, જો અરૂપી એવી ચેતના બુદ્ધિમાં સંક્રમ પામતી હોય તો અરૂપી એવા ગગનાદિકના ગુણો બુદ્ધિમાં સંક્રમ પામવા જોઈએ. તેથી એ ફલિત થયું કે જેમ ગગનાદિકના ગુણો બુદ્ધિમાં સંક્રમ પામતા નથી, તેમ ચેતના પણ બુદ્ધિમાં સંક્રમ પામતી નથી.

**ઉત્થાન :-**

સાંખ્ય બુદ્ધિ, જ્ઞાન અને ઉપલબ્ધિ એમ ત્રણ ભેદોની સંગતિ બુદ્ધિમાં ચેતનનો સંક્રમ સ્વીકારીને કરે છે. તેથી તે ત્રણ ભેદો ઉચિત નથી, તે બતાવીને બુદ્ધિમાં ચેતનનો સંક્રમ નથી. તેમ સ્થાપન કરે છે -

**અનુવાદ :-**

**बुद्धि.....३ एकार्थ छइ ।** - બુદ્ધિ તે ચૈતન્યના પ્રતિબિંબનું અધિષ્ઠાન= આધાર, જ્ઞાન તે ઈંદ્રિયોની વૃત્તિ=ઈંદ્રિયોની જ્ઞેયાકાર પરિણતિ અને ઘટાદિ સંગ તે ઉપલબ્ધિ છે, તે આદર્શની મલિનતાથી પ્રતિબિંબિત મુખની મલિનતાસ્થાનીય ભોગ છે, એ સાંખ્યકલ્પના જૂઠી છે. એ ત્રણ=બુદ્ધિ, જ્ઞાન અને ઉપલબ્ધિ એ ત્રણ, એકાર્થવાચી છે.

**ભાવાર્થ :-**

સાંખ્ય બુદ્ધિ, જ્ઞાન અને ઉપલબ્ધિ એ ત્રણને જુદાં કહે છે, અને કહે છે કે પ્રકૃતિમાંથી બુદ્ધિ ઉત્પન્ન થયેલી છે અને ચિત્‌ના પ્રતિબિંબનો આધાર બુદ્ધિ છે, પરંતુ બુદ્ધિ તે જ્ઞાનરૂપ નથી.

સાંખ્યમતે પ્રકૃતિમાંથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે અને બુદ્ધિમાંથી અહંકાર ઉત્પન્ન થાય છે અને અહંકારમાંથી ઈંદ્રિયો પેદા થાય છે અને તે ઈંદ્રિયોની જ્ઞેયાકાર પરિણતિ તે જ્ઞાન પદાર્થ છે, તેથી જ્ઞાન બુદ્ધિથી જુદું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે જ્ઞાનને બુદ્ધિથી જુદું બતાવ્યા પછી ઉપલબ્ધિને બુદ્ધિ અને જ્ઞાનથી જુદી બતાવે છે - સાંખ્યમતમાં ઘટાદિ ભોગ્ય પદાર્થોનો સંગ તે ઉપલબ્ધિ છે અને તે ઉપલબ્ધિ આત્માના ભોગરૂપ કઈ રીતે છે તે બતાવે છે -

દર્પણની મલિનતાથી દર્પણમાં પ્રતિબિંબિત મુખની મલિનતા દેખાય છે, તત્સ્થાનીય ભોગ પદાર્થ છે.

આશય એ છે કે દર્પણમાં પોતાનું મુખ પ્રતિબિંબ પામેલું હોય, અને મુખ ઉપર કોઈ ડાઘ ન હોય તો પણ દર્પણમાં રહેલો ડાઘ દર્પણમાં પ્રતિબિંબિત થયેલા મુખ ઉપર દેખાય છે, તેમ બુદ્ધિમાં પ્રતિબિંબિત થયેલા એવા આત્માને ઘટાદિ સંગની ઉપલબ્ધિરૂપ ભોગ દેખાય છે. વસ્તુતઃ ઘટાદિ ભોગ્ય પદાર્થોનો સંગ બુદ્ધિને થાય છે, આત્માને થતો નથી; તો પણ પુરુષ ભોગવે છે તેવો ભ્રમાત્મક બોધ સાંખ્યમતે થાય છે.

સાંખ્યને અભિમત બુદ્ધિ, જ્ઞાન અને ઉપલબ્ધિરૂપ ત્રણ ભેદોની કલ્પના જૂઠી છે, વાસ્તવિક ત્રણે એકાર્થવાચી શબ્દો છે. કેમ કે જ્ઞેયાકારરૂપે પરિણમન પામેલ જ્ઞાન તે જ બુદ્ધિ પદાર્થ છે, તેનાથી અતિરિક્ત કોઈ બુદ્ધિ નથી. અને જ્ઞેયાકારરૂપે પરિણમન પામેલ જીવનો પરિણામ તે જ જ્ઞાન પદાર્થ છે, અને જ્ઞાનમાં જ્ઞેયાકારરૂપે જ્ઞેયવસ્તુની ઉપલબ્ધિ તે ઉપલબ્ધિ પદાર્થ છે. તેથી બુદ્ધિ, જ્ઞાન અને ઉપલબ્ધિ એ ત્રણે એકાર્થવાચી શબ્દો છે.

એ જ વાતની પુષ્ટિ ગૌતમસૂત્રથી કરે છે -

**અનુવાદ :-**

**अत एव.....अनर्थान्तरम्** - આથી કરીને જ=બુદ્ધિ, જ્ઞાન અને ઉપલબ્ધિ ત્રણે એકાર્થવાચી છે, આથી કરીને જ, ગૌતમસૂત્ર આવું છે - બુદ્ધિ, ઉપલબ્ધિ અને જ્ઞાન એ અનર્થાંતર=એકાર્થવાચી છે.

'**इति**' શબ્દ ગૌતમસૂત્રના ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**एहनो.....कां न मानइ ? ।।७५।।** - એનો ભેદ=બુદ્ધિ, જ્ઞાન અને ઉપલબ્ધિનો ભેદ, ખિન્ન થયેલો તું કેમ કરે છે ? ત્રણેનો સમાન અર્થ કેમ માનતો નથી ? **।।૭૫।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

પ્રતીતિ પ્રમાણે વિચારીએ તો બુદ્ધિ, જ્ઞાન અને ઉપલબ્ધિ એ ત્રણે પદાર્થો એકાર્થવાચી જ પ્રતીત થાય છે. છતાં પોતાની માની લીધેલી કલ્પનાની સંગતિ કરવા માટે ખોટા શ્રમથી ખેદને પામેલો એવો સાંખ્ય એ ત્રણેના ભેદને કહે છે, પરંતુ અનુભવને અનુરૂપ એ ત્રણેનો સમાન અર્થ દેખાય છે તે કેમ માનતો નથી ? એ પ્રકારે ગ્રંથકાર સાંખ્યને ઉપાલંભ આપે છે. **॥૭૫॥**

**અવતરણિકા :-**

**बुद्धितत्त्व जे सांख्य मानइ छइं ते नित्यानित्यविकल्पइं दूषइं छइं -**

**અવતરણિકાર્થ :-**

પૂર્વ ગાથા-૭૫ માં બુદ્ધિ અને જ્ઞાન એક છે, તેમ સ્થાપન કર્યું. હવે તેની જ પુષ્ટિ કરવા માટે બુદ્ધિને જે સાંખ્ય માને છે, તેને નિત્યાનિત્ય વિકલ્પે કરીને દૂષિત કરે છે -

**ચોપઇ :-**

**बुद्धि नित्य तो पुरुष ज तेह, ज्ञानप्रवृत्ति इच्छा समगेह ।**
**जो अनित्य तो किहां वासना ?, प्रकृति, तो सी बुद्धि साधना ? ।।७६।।**

**ગાથાર્થ :-**

**બુદ્ધિ જો નિત્ય હોય તો (તે) પુરુષ જ છે, કેમ કે જ્ઞાન, પ્રવૃત્તિ-ઈચ્છા સમગેહ=એકાશ્રય છે. જો (બુદ્ધિને) અનિત્ય (કહો) તો વાસના ક્યાં રહે ?**

**તેના જવાબરૂપે સાંખ્ય કહે કે પ્રકૃતિ=પ્રકૃતિમાં લીન વાસના રહે છે, તો બુદ્ધિસાધનાનું શું કામ છે ? ॥૭૬॥**

**બાલાવબોધ :-**

**जो ज्ञानादिधर्माश्रय बुद्धि नित्य मांनिइं तो तेह ज पुरुष छइं, जे माटइं ज्ञान इच्छा प्रवृत्ति समगेह कहितां समानाश्रय छइं, ज्ञानप्रवृत्तिनइं व्यधिकरणपणुं कल्पवुं अनुचित छइ, तथा बुद्धि नित्य पुरुषोपाधिरूप न टलइ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तो मुक्ति पणि किम हुइं ? जो अनित्य मानो तो बुद्धिविनाशइं वासना किहां रहइ ? जो न रहइ तो पुनः प्रपंचोत्पत्ति किम हुइं ? जो इम कहस्यो बुद्धिविनाशइं प्रकृतिं लीन वासना रहइ तो बुद्धिसाधनानुं स्युं काम ? प्रकृत्याश्रित ज्ञानादिगुणाविर्भावइ ज कार्य हुस्यइ ।।७६।।**

**અનુવાદ :-**

**जो ज्ञानादि.....समानाश्रय छइं,** - જો જ્ઞાનાદિ ધર્મના આશ્રયરૂપ બુદ્ધિ નિત્ય હોય તો તે પુરુષ જ છે, કેમ કે જ્ઞાન-ઈચ્છા-પ્રવૃત્તિ સમગેહ= સમાનાશ્રય છે. તેની જ પુષ્ટિ કરતાં કહે છે -

**ज्ञानप्रवृत्तिनइं.....छइ** - જ્ઞાન-પ્રવૃત્તિનું વ્યધિકરણ=જ્ઞાનનું અધિકરણ જુદું અને પ્રવૃત્તિનું અધિકરણ જુદું, એમ કલ્પવું અનુચિત છે.

**ભાવાર્થ :-**

સાંખ્ય બુદ્ધિને જ્ઞાનાદિ ધર્મનો આશ્રય માને છે. ગ્રંથકાર તેને બે વિકલ્પો દ્વારા દોષ આપે છે. ત્યાં પ્રથમ વિકલ્પથી કહે છે કે, "બુદ્ધિ નિત્ય છે" એમ જો તું માને તો 'બુદ્ધિ' શબ્દથી વાચ્ય પુરુષ જ થાય છે. તેમાં યુક્તિ આપે છે કે જ્ઞાન, ઈચ્છા અને પ્રવૃત્તિનો આશય એક હોઈ શકે, જુદા હોઈ શકે નહિ. કેમ કે જ્ઞાન અને પ્રવૃત્તિ ભિન્ન આશ્રયમાં છે તેમ કલ્પવું ઉચિત નથી. કારણ કે જે જાણે છે તે જ જ્ઞાનને અનુકૂળ પ્રવૃત્તિ કરે છે, તેવો અનુભવ છે.

સાંખ્ય જ્ઞાનનો આશ્રય બુદ્ધિ માને છે, તેથી જો તે બુદ્ધિને નિત્ય કહે તો જ્ઞાન-ઈચ્છા અને પ્રવૃત્તિના આશ્રયરૂપ તેવો પુરુષ જ 'બુદ્ધિ' શબ્દથી વાચ્ય બને છે.

***ઉત્થાન :-***

આ પ્રકારે બુદ્ધિને નિત્ય માનવામાં સાંખ્યને દોષ આપ્યા પછી સાંખ્ય કહે છે કે, અમે બુદ્ધિને પુરુષની ઉપાધિરૂપ માનીએ છીએ, પુરુષરૂપ માનતા નથી. તો ગ્રંથકાર કહે છે -

**અનુવાદ :-**

**तथा बुद्धि.....किम हुइं ?** - તથા પુરુષની ઉપાધિરૂપ બુદ્ધિને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વીકારીને જો તું બુદ્ધિને નિત્ય કહીશ, તો નિત્ય પુરુષઉપાધિરૂપ બુદ્ધિ ટળશે નહિ, તો મુક્તિ પણ કેમ થશે ?

**ભાવાર્થ :-**

સાંખ્ય બુદ્ધિને પુરુષથી જુદી બતાવવા માટે પુરુષની ઉપાધિરૂપ બુદ્ધિ છે તેમ સ્થાપન કરે છે. તેને ગ્રંથકાર કહે છે કે પુરુષની ઉપાધિરૂપ બુદ્ધિને જો તું નિત્ય માનીશ, તો સદા તે પુરુષની ઉપાધિરૂપે રહેશે. તેથી સાધના દ્વારા પણ કોઇની મુક્તિ થઇ શકશે નહિ.

● પુરુષની ઉપાધિરૂપ બુદ્ધિ એટલે વસ્ત્રમાં જેમ મળ લાગે છે, તે ઉપાધિરૂપ છે, તેમ બુદ્ધિ ઉપાધિરૂપ છે.

**ઉત્થાન :-**

સાંખ્ય બુદ્ધિને નિત્ય માનતો નથી. આમ છતાં, બુદ્ધિને નિત્ય માને તો શું દોષ આવે તે બતાવ્યું, હવે અનિત્ય માને તો શું દોષ આવે તે બતાવતાં ગ્રંથકાર કહે છે -

**અનુવાદ :-**

**जो अनित्य.....किम हुइं ?** - જો તું બુદ્ધિને અનિત્ય માને તો બુદ્ધિના વિનાશથી વાસના ક્યાં રહે ? જો ન રહે તો ફરી પ્રપંચની ઉત્પત્તિ કેમ થાય ?

**जो इम.....कार्य हुस्यइ ।।७६।।** - જો સાંખ્ય એમ કહે કે, બુદ્ધિવિનાશથી પ્રકૃતિમાં લીન વાસના રહે છે, તો ગ્રંથકાર કહે છે કે તો બુદ્ધિને સાધવાનું શું કામ છે ? અર્થાત્ બુદ્ધિને સ્વીકાર્યા વગર પ્રકૃતિને આશ્રિત જ્ઞાનાદિ ગુણના આવિર્ભાવરૂપ જ કાર્ય થશે.

**ભાવાર્થ :-**

સાંખ્ય જો બુદ્ધિને અનિત્ય માને તો, જ્યારે બુદ્ધિનો નાશ થઇ જાય છે ત્યારે વાસનાનો આધાર તેણે કોઇક માનવો પડે. તો જ આ સંસારરૂપી પ્રપંચની ઉત્પત્તિ તેના મત પ્રમાણે સંગત થઇ શકે.

સાંખ્યમતે બુદ્ધિનો આકાર આ પ્રમાણે છે -



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**"मम इदं कर्तव्यं"** આ પ્રકારની બુદ્ધિ સાંખ્ય અનિત્ય માને છે, અને આવી બુદ્ધિ ઉત્પન્ન થયા પછી જ્યારે તે બુદ્ધિનો નાશ થાય છે, ત્યાર પછી જ્યાં સુધી તેના જેવી બીજી કોઈ બુદ્ધિ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી વાસનાનો આશ્રય સાંખ્યને સ્વીકારવો પડે. આથી જ તે વાસનાના બળથી ફરી તેવી અન્ય પ્રકારની બુદ્ધિ થાય છે તેમ કહે છે. અને જો તે વાસના ન સ્વીકારે તો પ્રપંચનો ઉચ્છેદ થાય. કેમ કે સાંખ્યમત પ્રમાણે પ્રકૃતિમાંથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે, અને તે બુદ્ધિમાંથી અહંકારાદિ બધાં તત્ત્વો ઉત્પન્ન થાય છે, જેથી આ સંસારરૂપ પ્રપંચ છે.

હવે જો સાંખ્ય કહે કે, અહંકારાદિ તત્ત્વના આશ્રયરૂપ એવી બુદ્ધિ વિનાશ પામી ગઈ અને વાસનારૂપે પણ ક્યાંય નથી, તો ગ્રંથકાર કહે છે કે પ્રપંચ થઈ શકે નહિ. તેથી એક બુદ્ધિ નાશ થયા પછી બીજી બુદ્ધિ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી બુદ્ધિને વાસનારૂપે ક્યાંય રાખવી પડે છે.

હવે જો સાંખ્ય કહે કે, એક બુદ્ધિ નાશ થયા પછી પ્રકૃતિમાં લીન વાસના રહે છે અને તેનાથી જ ફરી બુદ્ધિ ઉત્પન્ન થાય છે, માટે પ્રપંચની ઉત્પત્તિ થાય છે; તો ગ્રંથકાર કહે છે કે જ્ઞાનથી અતિરિક્ત બુદ્ધિને સાધવાનું કામ નથી. કેમ કે પ્રકૃતિને આશ્રયીને જ જ્ઞાનાદિ ગુણોના આવિર્ભાવરૂપ કાર્ય સ્વીકારી લઈએ તો અનુભવસિદ્ધ પદાર્થની સંગતિ થાય છે, માટે જ્ઞાનથી અતિરિક્ત બુદ્ધિ માનવાની જરૂર રહેતી નથી. **II૭૬II**

**વિશેષાર્થ :–**

સાંખ્ય એક બુદ્ધિના વિનાશ પછી પ્રકૃતિમાં વાસનારૂપે લીન બુદ્ધિને સ્વીકારે છે, અને તેનાથી જ પ્રપંચની સંગતિ કરે છે; તેને ગ્રંથકાર કહે છે કે, પ્રકૃતિમાં લીન એવી બુદ્ધિથી પ્રપંચ થાય છે એમ તું માની શકતો હોય, તો પ્રકૃતિને આશ્રિત એવા જ્ઞાનાદિ ગુણો આવિર્ભાવ થાય છે અને તેનાથી પ્રપંચ થાય છે, એમ માનવામાં બુદ્ધિ નામના પદાર્થની કલ્પના કરવાની જરૂર રહેતી નથી.

વળી અનુભવથી પણ પ્રપંચની સંગતિ થાય છે, તે આ રીતે -

જીવમાં જ્ઞાનાવરણીયકર્મની પ્રકૃતિના ક્ષયોપશમથી જ્ઞાનગુણ પ્રગટે છે, અને મોહનીયકર્મની પ્રકૃતિના ઉદયથી ઈચ્છા આદિ થાય છે, અને વીર્યાંતરાયના ક્ષયોપશમથી પ્રવૃત્તિ થાય છે. તેથી જ્ઞાન, ઈચ્છા અને પ્રવૃત્તિથી પ્રપંચરૂપ કાર્ય થાય છે. **II૭૬II**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

ગાથા-૭૫/૭૬માં જ્ઞાનથી અતિરિક્ત બુદ્ધિ માનવી ઉચિત નથી તેમ સ્થાપન કરીને, સાંખ્યને માન્ય ૨૫ તત્ત્વોમાંથી બુદ્ધિની અસિદ્ધિ કરી. હવે બુદ્ધિમાંથી અહંકારાદિ પેદા થાય છે તેમ સ્થાપન કરીને, આત્માથી અતિરિક્ત ૨૪ તત્ત્વો છે તેમ સાંખ્ય કહે છે તેનું નિરાકરણ કરીને, જીવાદિ નવ તત્ત્વો માનવાં ઉચિત છે તે બતાવતાં કહે છે -

**ચોપઇ :-**

**अहंकार पणि तस परिणाम, तत्त्व चउवीसतणो किहां ठाम ।**
**शकति विगति प्रकृति सवि कहो, बीजां तत्त्व विमासी रहो ।।७७।।**

**ગાથાર્થ :-**

**તેનો=બુદ્ધિનો, પરિણામ અહંકાર પણ (મિથ્યા) છે, (તેથી) પુરુષ સિવાયનાં પ્રકૃતિ આદિ ૨૪ તત્ત્વોનું સ્થાન સ્વીકારીને પ્રકૃતિથી સવિ કહો= પ્રકૃતિથી સર્વ કાર્યો થાય છે તેમ કહો. અને બીજાં તત્ત્વને વિમાસીને રહો= પ્રકૃતિથી બુદ્ધિ આદિ પેદા થાય છે, તે પદાર્થના વિષયમાં તમે વિમાસા=વિચારણા, કરો કે, ખરેખર પ્રકૃતિમાંથી સાંખ્ય માને છે તેમ બુદ્ધિ આદિ કાર્યો પેદા થાય છે ? કે પ્રકૃતિનાં જ આ સર્વ છે ? તેની વિમાસા=વિચારણા કરો. ॥૭૭॥**

**બાલાવબોધ :-**

बुद्धितत्त्व मिथ्या, तिवारइ तत्परिणाम अहंकारादिकइ मिथ्या, २४ तत्त्वनो ठाम किहां हुई ? २४ तत्त्वना धर्मशक्ति विगतिं करी प्रकृतिथी ज सर्व कहो, बीजां तत्त्व बुद्ध्यादिक छइ ते विमासीनइं रहो एतलइ प्रकृतिविलास ते अजीवतत्त्व विलास ज हुओ, जीवतत्त्व तो मुख्य ज, बीजां तत्त्व उभयपरिणामरुप छइ इम नवतत्त्वप्रक्रिया तेह शुद्ध थई जाणवो ।।७७।।

**અનુવાદ :-**

बुद्धि तत्त्व.....किहा हुई ? - પૂર્વ ગાથા-૭૫\૭૬માં કહ્યું એ પ્રકારે બુદ્ધિતત્ત્વ મિથ્યા છે તે સિદ્ધ થયું, ત્યારે તેનો પરિણામ=બુદ્ધિતત્ત્વનો પરિણામ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહંકારાદિ મિથ્યા સિદ્ધ થાય. તેથી પ્રકૃતિ આદિ ૨૪ તત્ત્વોનું સ્થાન ક્યાં રહે ? અર્થાત્ ૨૪ તત્ત્વો સિદ્ધ થાય નહિ.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે, આ જગતમાં સર્વ કાર્યો દેખાય છે, તે કેવી રીતે સંગત થાય ? તેથી કહે છે -

**અનુવાદ :-**

**૨૪ तत्त्वना.....सर्व कहो,** = ૨૪ તત્ત્વની ધર્મશક્તિની=કાર્યશક્તિની વિગતિ કરી પ્રકૃતિથી જ સર્વ કહો.

**ભાવાર્થ :-**

સાંખ્ય કહે છે કે, પ્રકૃતિની શક્તિ બુદ્ધિ ઉત્પન્ન કરવાની છે, અને બુદ્ધિની અહંકાર પેદા કરવાની શક્તિ છે. તેથી જ્યારે બુદ્ધિતત્ત્વ જ મિથ્યા સિદ્ધ થાય ત્યારે પ્રકૃતિની બુદ્ધિને ઉત્પન્ન કરવાની શક્તિ છે તે સિદ્ધ થાય નહિ. અને બુદ્ધિ જ મિથ્યા છે, તેથી અહંકાર પેદા કરવાની બુદ્ધિની શક્તિ છે તે પણ સિદ્ધ થાય નહિ. આ રીતે સાંખ્યને અભિમત ૨૪ તત્ત્વોની ધર્મશક્તિની વિગતિ કરીને=૨૪ તત્ત્વોની કાર્યશક્તિનો અભાવ સ્વીકારીને, પ્રકૃતિથી જ દેખાતાં સર્વ કાર્યો થાય છે, તેમ સાંખ્યને સ્વીકારવું જોઈએ.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે સાંખ્યદર્શનમાં પ્રકૃતિ આદિ ૨૪ તત્ત્વો બતાવ્યાં છે, તેનું શું ? તેથી કહે છે -

**અનુવાદ :-**

**बीजां तत्त्व.....विमासीनइं रहो** - પ્રકૃતિ આદિમાંથી પેદા થતાં બીજાં તત્ત્વ બુદ્ધિ આદિ છે, તે વિમાસીને રહો.

**ભાવાર્થ :-**

પ્રકૃતિ આદિમાંથી બુદ્ધિ આદિ તત્ત્વો પેદા થાય છે કે નહિ તેની પ્રામાણિક રીતે વિમાસા=વિચારણા, કરવા બેસો તો દેખાશે કે, પ્રકૃતિનો જ આ વિલાસ છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમ માનવું ઉચિત છે; પરંતુ સાંખ્યમતની પ્રક્રિયા પ્રમાણે પ્રકૃતિ ફક્ત બુદ્ધિને પેદા કરે છે, અને બુદ્ધિ બીજાં તત્ત્વોને પેદા કરે છે, તેમ માનવું ઉચિત નથી.

**અનુવાદ :-**

**एतलइ.....थई जाणवो ।।૭૭।।** - એટલે પ્રકૃતિનો વિલાસ તે જૈનદર્શન પ્રમાણે અજીવ તત્ત્વનો વિલાસ જ છે, અને જીવતત્ત્વ તો મુખ્ય જ છે. આ રીતે જીવ અને અજીવ બે પદાર્થ સિદ્ધ થયા, અને બીજાં તત્ત્વ જીવ-અજીવ ઉભયના પરિણામરૂપ છે. આ રીતે નવતત્ત્વની પ્રક્રિયા તે શુદ્ધ થઈ જાણવી. **।।૭૭।।**

**વિશેષાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું એ રીતે, પ્રકૃતિ આદિ ૨૪ તત્ત્વો સિદ્ધ થતાં નથી, પરંતુ પ્રકૃતિનો આ સર્વ વિલાસ છે. એટલે જગતમાં જે કાંઈ કાર્યરૂપે દેખાય છે તે પ્રકૃતિનો વિલાસ છે. તેથી એ સિદ્ધ થયું કે એક જીવતત્ત્વ છે અને એક પ્રકૃતિરૂપ અજીવ તત્ત્વ છે. જે કાંઈ કાર્ય દેખાય છે તે પ્રકૃતિનો વિલાસ છે, તેથી જીવની સાથે પ્રકૃતિ ભળવાને કારણે જીવ અને અજીવ એ બે તત્ત્વોથી સંસારની દેખાતી સર્વ વ્યવસ્થા સંગત થાય છે. અને એ રીતે માનવાથી આત્મકલ્યાણને માટે ઉપયોગી એવાં ૨૫ તત્ત્વનું જ્ઞાન આવશ્યક છે એમ જે સાંખ્ય કહે છે, તે અસંગત સિદ્ધ થાય છે.

આત્મકલ્યાણ માટે ઉપયોગી જીવાદિ નવતત્ત્વોનું પરિજ્ઞાન આવશ્યક છે, એ વાત સિદ્ધ થાય છે. તે આ રીતે -

જીવ અને અજીવ એ બે મુખ્ય તત્ત્વ છે, અને જીવની સાથે અજીવ તત્ત્વનો યોગ થવામાં કારણીભૂત એવું આશ્રવતત્ત્વ છે, જેના ફળરૂપે કર્મબંધની પ્રાપ્તિ થાય છે, અને તે કર્મબંધ જીવની સાથે અજીવતત્ત્વના સંયોગસ્વરૂપ છે. તેથી એ પ્રાપ્ત થયું કે જીવમાં કર્મબંધને અનુકૂળ પરિણતિ છે તે આશ્રવતત્ત્વ છે, અને તેના કાર્યરૂપે જીવને અજીવતત્ત્વનો સંયોગ થાય છે તે બંધતત્ત્વરૂપ છે. અને આવતા કર્મને અટકાવવા માટે સંવરતત્ત્વ છે અર્થાત્ જીવની એવી કોઈ પરિણતિ છે કે જેનાથી કર્મના સંબંધનું આગમન અટકે છે. અને જીવની કર્મથી પૃથગ્ અવસ્થા થવી તે નિર્જરાતત્ત્વ છે, જે જીવ અને કર્મની પૃથગ્ અવસ્થારૂપ ઉભય તત્ત્વની પરિણતિરૂપ છે. અને સંપૂર્ણ કર્મનો વિયોગ થવો તે મોક્ષતત્ત્વ છે, જે જીવતત્ત્વની કર્મથી પૃથગ્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવસ્થારૂપ પરિણતિ છે. અને જ્યાં સુધી સંપૂર્ણ કર્મનો નાશ ન થઈ શકે, ત્યાં સુધી સંસાર અવસ્થામાં જીવને હિતકારી એવી પુણ્યપ્રકૃતિ છે, અને અહિતકારી એવી પાપપ્રકૃતિ છે, જે જીવ સાથે બંધાયેલાં કર્મોના અવાંતર ભેદો છે.

આ રીતે જીવતત્ત્વનું પરિજ્ઞાન થાય તો જીવ મોક્ષની પ્રાપ્તિ અર્થે યત્ન કરતો હોય તો આશ્રવના નિરોધમાં યત્ન કરી શકે, અને સંવરને સેવવામાં યત્ન કરી શકે, અને પૂર્વે બંધાયેલાં કર્મોનો નાશ કરવા માટે નિર્જરાના ઉપાયમાં યત્ન કરી શકે, અને સંપૂર્ણ કર્મનો નાશ કરીને લક્ષ્ય એવા મોક્ષતત્ત્વને પામી શકે. અને જ્યાં સુધી મોક્ષ ન પામે ત્યાં સુધી મોક્ષમાં સહાયક એવા પુણ્યને ઉપાર્જન કરવા માટે યત્ન કરી શકે, અને મોક્ષમાં વિઘ્નભૂત એવા પાપને અટકાવવામાં યત્ન કરી શકે. આ રીતે નવ તત્ત્વોનું પરિજ્ઞાન આત્મકલ્યાણ માટે આવશ્યક છે. જ્યારે સાંખ્યે માનેલ એવા તત્ત્વની કલ્પના, એ ફક્ત કલ્પનાથી કલ્પિત પદાર્થની વિચારણામાત્ર રૂપ છે, એ પ્રકારનો પ્રસ્તુત ગાથાનો આશય છે. **॥૭૭॥**

**અવતરણિકા :-**

આ રીતે સાંખ્યે બતાવેલાં ૨૪ તત્ત્વોની અસંગતિ સ્થાપન કરીને, જીવાદિ નવતત્ત્વની પ્રક્રિયા શુદ્ધ છે તેમ સ્થાપન કર્યું. વળી પ્રકૃતિના વિલાસથી આ જગતનો બધો વિલાસ થાય છે, આમ છતાં પુરુષ અકર્તા છે, એ પ્રકારનો સાંખ્યમત ગાથા-૫૧ માં બતાવેલ. તેમજ નર્તકીના દૃષ્ટાંતથી પ્રકૃતિને જ કર્તારૂપે સાંખ્યે બતાવેલ તે સંગત નથી તેમ બતાવીને, પ્રકૃતિ અને પુરુષ ઉભયના વિલાસરૂપ જ આ પ્રપંચ છે, એ બતાવવા અર્થે કહે છે -

**ચોપઇ :-**

**विरमै रमै यथा नर्तकी, अवसर देषी अनुभव थकी ।**
**प्रकृति अचेतन किम तिम रमै, विरमै जो करता नवि गमि ।।७८।।**

**ગાથાર્થ :-**

**(પોતાના) અનુભવથી જેમ નર્તકી રમે છે અને અવસર દેખીને વિરામ પામે છે, તેમ અચેતન એવી પ્રકૃતિ કેમ રમે અને વિરામ પામે ? જો (પુરુષ) કર્તા તરીકે તને ગમે નહિ ? ॥૭૮॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

આનાથી એ ફલિત થાય છે કે, સાંખ્ય જો પુરુષને કર્તા ન માને તો પ્રકૃતિના વિલાસની સંગતિ માટે નર્તકીનું દૃષ્ટાંત આપે છે, તે સંગત થાય નહિ; માટે સાંખ્યે પુરુષને કર્તા સ્વીકારવો જોઈએ. અને પુરુષને કર્મનો કર્તા સ્વીકારે તો પ્રકૃતિ અને પુરુષ ઉભયના વિલાસરૂપ આ પ્રપંચ સિદ્ધ થાય. જેથી નવતત્ત્વની પ્રક્રિયા જ આત્મકલ્યાણ માટે આવશ્યક સિદ્ધ થાય છે.

**બાલાવબોધ :-**

**जिम नर्तकी कहितां नाटिकणी कार्यनासादिकनइ (कार्यनाचादिकनइ) विषयि रमइ तथा अवसर देषी दानादिक पामी विरमइ पोताना अनुभवथी, तिम प्रकृति अचेतन छइ ते किम रमइ विरमइं जो करता पुरुष तुझनइ न गमइ?, एवं च -**

रङ्गस्य दर्शयित्वा निवर्तते नर्तकी यथाऽऽत्मानम् ।
पुरुषस्य तथाऽऽत्मानं प्रकाश्य विनिवर्तते प्रकृतिः ।। ( )

**इत्यादि शिष्य कहइ छइ ते शिष्यधंध न मात्र(?)वुं (शिष्यधंधन मानवुं), पुरुषनइ आत्मदर्शन प्रकृति करइ ते अचेतननइं न संभवइ, न वा तिहां प्रयोजन तद्ज्ञान छइ ।।७८।।**

● બાલાવબોધમાં '**कार्यनासादिकनइ**' પાઠ છે, ત્યાં '**कार्यनाचादिकनइ**' પાઠ ભાસે છે, તે મુજબ અમે અર્થ કરેલ છે.

● '**शिष्यधंध न मात्र वुं**' પાઠ છે, ત્યાં '**शिष्यधंधन मानवुं**' પાઠ 'ઉચિત લાગે છે' તે મુજબ અમે અર્થ કરેલ છે.

**અનુવાદ :-**

**जिम नर्तकी.....न गमइ,** - પોતાના અનુભવથી જેમ નર્તકી કાર્ય નાચાદિકને વિષયે રમે છે તથા અવસર દેખી દાનાદિક પામી વિરમે છે=અટકે છે, તેમ જો પુરુષ કર્તા તને ગમે નહિ, તો પ્રકૃતિ અચેતન છે તે કેમ રમે અને વિરમે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

નર્તકીને પોતાનો અનુભવ છે કે હું મારી કળા દેખાડીશ તો લોકો મારી કળાથી ખુશ થઈને દાનાદિ આપશે, જેથી પોતાના અનુભવને અવલંબીને તે નાચાદિ=નૃત્યાદિ, કાર્યો કરે છે; અને જ્યારે તેને અવસર દેખાય છે કે હવે લોકો બરાબર ખુશ થયા છે માટે અવશ્ય દાનાદિ આપશે, ત્યારે તે નૃત્યથી વિરામ પામે છે અને દાનાદિને પ્રાપ્ત કરે છે. તે પોતાના અનુભવથી નર્તકી કરે છે તેનું કારણ નર્તકી સચેતન છે જડ નથી. જ્યારે સાંખ્ય જો પુરુષને કર્તારૂપે સ્વીકારે નહિ તો જડ એવી પ્રકૃતિ કેવી રીતે આ પ્રપંચનો વિલાસ કરે ? અને વિલાસથી વિરામ પામી શકે ? કેમ કે પુરુષની સહાયથી જ પ્રકૃતિ આ વિલાસ કરી શકે અને પુરુષની સહાયથી જ તે વિરામ પામી શકે. અને જો તેમ માનીએ તો કહી શકાય કે જ્યારે પુરુષ વાસ્તવિક રીતે પોતાના હિતના વિષયમાં અજાણ હતો, ત્યારે પુરુષની સહાયથી જ આ પ્રપંચ કરવામાં કર્મપ્રકૃતિ સમર્થ બને છે; અને જ્યારે પુરુષને પોતાના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન થયું, ત્યારે પોતાનું હિત જોઈને પુરુષના પ્રયત્નથી જ પ્રકૃતિનો આ વિલાસ વિરામ પામી જાય છે. પરંતુ પુરુષને અકર્તા સ્વીકારીને સાંખ્ય નર્તકીના દૃષ્ટાંતથી એકાંતે પ્રકૃતિના વિલાસની સંગતિ કરે છે, તે સંગત નથી.

**અનુવાદ :-**

**एवं च.....शिष्यधंधन मानवुं** - અને આ રીતે=પૂર્વમાં સ્થાપન કર્યું કે પુરુષને અકર્તા સ્વીકારીને નર્તકીના દૃષ્ટાંતથી પ્રકૃતિનો વિલાસ સંગત નથી એ રીતે, સાંખ્યકારિકાના શ્લોકમાં જે કહેલ છે, એ કથન શિષ્યને ધંધન માનવું= પોતાના શિષ્યને સમજાવી દેવામાત્રરૂપ માનવું. પરંતુ તે કથન યુક્તિસંગત નથી અને તે યુક્તિસંગત કેમ નથી તે બતાવે છે -

સાંખ્યકારિકાનો અર્થ આ પ્રમાણે છે -

**रङ्गस्य.....प्रकृतिः ॥** - સભાસદને દેખાડીને નર્તકી જે રીતે નૃત્યથી વિરામ પામે છે, તે રીતે પ્રકૃતિ પુરુષને પોતાને દેખાડીને=પોતાના વિલાસને દેખાડીને, વિરામ પામે છે.

**पुरुषनइ.....तद्ज्ञान छइ ॥७८॥** - પુરુષને આત્મદર્શન પ્રકૃતિ કરે તે અચેતનને ન સંભવે, અથવા ત્યાં=અચેતન એવી પ્રકૃતિમાં, પ્રયોજન=પુરુષને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાનું દર્શન કરાવવાનું પ્રયોજન, કે તદ્દ્જ્ઞાન=પુરુષને પોતાનાં દર્શન કરવાનું જ્ઞાન, નથી. **॥૭૮॥**

**ભાવાર્થ :-**

સાંખ્યે આત્માને અકર્તા સ્વીકારીને નર્તકીના દૃષ્ટાંતથી પ્રકૃતિનો વિલાસ બતાવ્યો, તે ખરેખર પોતાને સમર્પિત થયેલા એવા શિષ્યને આડુંઅવળું સમજાવીને બુદ્ધિનો વ્યામોહ કરવામાત્રરૂપ છે, કેમ કે અચેતન એવી પ્રકૃતિ પોતાનું દર્શન પુરુષને કરાવે તે સંભવે નહિ; જ્યારે નર્તકી તો સચેતન છે, તેથી પોતાનું નૃત્ય કરવાનું સ્વરૂપ લોકોને બતાવે તે સંભવે. વળી પ્રકૃતિને પોતાનું સ્વરૂપ દેખાડવા પાછળ કોઈ પ્રયોજન નથી, અને નર્તકીને તે જ્ઞાન છે કે મારું આ સ્વરૂપ છે અને હું આ સ્વરૂપ બતાડીશ તો લોકો ખુશ થઈને મને ધન આપશે, તેથી પોતાના જ્ઞાન પ્રમાણે નૃત્યમાં યત્ન કરે છે. જ્યારે પ્રકૃતિને તેવું જ્ઞાન નથી કે હું આ રીતે વિલાસ કરું અને પુરુષને મારું સ્વરૂપ બતાવું; કેમ કે જડ પ્રકૃતિને જ્ઞાન સંભવે નહિ. માટે નર્તકીના દૃષ્ટાંતથી પ્રકૃતિનો વિલાસ કહેવો તે અસંગત છે, પરંતુ પુરુષને કર્તા માનીને કર્તા એવા પુરુષની સહાયથી આ કર્મપ્રકૃતિનો સર્વ વિલાસ છે, તેમ માનવું ઉચિત છે. **॥૭૮॥**

**અવતરણિકા :-**

પૂર્વે ગાથા-૭૫/૭૬/૭૭ માં સાંખ્યને માન્ય ૨૫ તત્ત્વોનું નિરાકરણ કરીને, ત્યાર પછી નર્તકીના દૃષ્ટાંતથી પ્રકૃતિ જ પ્રપંચની કર્તા છે, એમ જે સાંખ્ય કહે છે તેનું નિરાકરણ કરીને, પ્રકૃતિ અને પુરુષ ઉભયના પરિણામરૂપ પ્રપંચ છે તેમ સ્થાપન કર્યું. હવે સાંખ્યની માન્યતા ગ્રહણ કરીને, યુક્તિથી કાર્ય પ્રત્યે કાલાદિ પાંચ કારણો માનવાં ઉચિત છે તેમ સ્થાપન કરીને, કાર્ય-કારણભાવના સ્યાદ્વાદને સ્થાપન કરતાં કહે છે -

**ચોપઇ :-**

**प्रकृतिदिदृक्षाइं जिम सर्ग, शांतवाहिताइं मुक्ति निसर्ग।**
**करता विण ए काल विशेष, तिहां वलगै नय अन्य अशेष।।७९।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ :-**

**(સાંખ્યની માન્યતા પ્રમાણે) જેમ પ્રકૃતિની દિદૃક્ષાથી=જોવાની ઈચ્છાથી, સર્ગ=સૃષ્ટિ, તેમ શાંતવાહિતાથી પુરુષના સ્વભાવરૂપ મુક્તિ થાય છે. કર્તા વગર એ કાળવિશેષ થાય (=પ્રકૃતિની દિદૃક્ષા ભિન્નકાળમાં થાય અને શાંતવાહિતા ભિન્નકાળમાં થાય, તેથી એ બેનો કાળવિશેષ છે; અને એમ માનીએ તો) ત્યાં અશેષ નય વળગે= સ્વભાવ, પુરુષકાર અને નિયતિ એ ત્રણરૂપ અન્ય અશેષ નય વળગે. ॥૭૯॥**

**બાલાવબોધ :-**

**प्रकृतिदिदृक्षाइं सर्ग कहितां सृष्टि जिम सांख्य कहइ छइ तिम निसर्गमुक्ति कहितां स्वभावमुक्ति शांतवाहिताइं हुइ, ए बे लक्षण कर्तानां छइ, ते विना जो प्रकृतिपरिणामनां लक्षण कहिइ तो कालनां लक्षण थाइ, तिहां अन्य अशेष नय वलगइ, ते सर्वना अर्थनो अनुग्रह करवा ५ कारण समवाय मांनवो, तिवारइ कर्ता मुख्यपणइ आवइ, उक्तं च -**

कालो सहाव णियई पुव्वकयं पुरिसकारणेगंता ।
समवाए सम्मत्तं एगंते होइ मिच्छत्तं ।।

- (सम्मतौ, का.३, गा.५३)।।७९।।

**અનુવાદ :-**

**प्रकृतिदिदृक्षाइं.....कर्ताना छइ,** - પ્રકૃતિની દિદૃક્ષાથી સર્ગ કહેતાં સૃષ્ટિ જેમ સાંખ્ય કહે છે, તેમ નિસર્ગમુક્તિ કહેતાં સ્વભાવમુક્તિ શાંતવાહિતાથી થાય છે, એમ પણ સાંખ્ય કહે છે. અને આ બે લક્ષણ કર્તાનાં છે.

**ભાવાર્થ :-**

સાંખ્ય માને છે કે, પ્રકૃતિને જગતના પદાર્થોને જોવાની ઇચ્છા પ્રગટે છે, તે દિદૃક્ષાને કારણે જગતનો પ્રપંચ ઊભો થયો છે. જ્યારે યોગીને ખ્યાલ આવે છે કે આ દિદૃક્ષાને કારણે જ આ સંસારની સર્વ કદર્થનાઓ છે, ત્યારે યોગી દિદૃક્ષાને શાંત કરવા માટે યત્ન કરે છે. તેથી શાંતવાહિતા પ્રગટે છે, અને તેના કારણે સ્વભાવમુક્તિ=જીવના સ્વભાવરૂપ મુક્તિ, થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસ્તુતઃ સાંખ્યમતે પુરુષ તો નિત્યમુક્ત છે, પરંતુ પ્રકૃતિમાંથી ઉત્પન્નથયેલી બુદ્ધિમાં પુરુષનું પ્રતિબિંબ પડે છે, તેથી પ્રકૃતિ જે કરે છે તે હું કરું છું એવો પુરુષને ભ્રમ થાય છે. જ્યારે શાંતવાહિતા પ્રગટે છે ત્યારે તેનાથી તે ભ્રમ ટળી જાય છે, અને પોતે નિસર્ગથી મુક્ત છે એમ તે જાણે છે. અને શાંતવાહિતા પ્રગટ થયા પહેલાં પોતે મુક્ત નથી તેવો ભ્રમ હોવાને કારણે પુરુષ સાધન માટે પ્રયત્ન કરે છે, અને સાધનાને કારણે ભ્રમ ટળી જવાથી તેની સ્વભાવમુક્તિ છે, તે પ્રગટ દેખાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે, યોગસાધનાની પૂર્વ અવસ્થામાં પ્રકૃતિને દિદક્ષા હતી તેથી સંસાર પેદા થયો, અને યોગસાધનાના કાળમાં શાંતવાહિતા પ્રગટી તેનાથી સ્વભાવમુક્તિ થઈ.

વસ્તુતઃ વિચારીએ તો દિદક્ષા અને શાંતવાહિતા એ બે કર્તાનાં લક્ષણ છે, કેમ કે દિદક્ષા એ કોઇક કરે છે અને શાંતવાહિતા પણ કોઈક કરે છે. તેથી એ બે ભાવોને કરનાર એવા કર્તાનાં આ બે પરિણામ છે, તેથી પુરુષનાં આ બે લક્ષણ માનવાં જોઈએ.

**ઉત્થાન :-**

સાંખ્ય પુરુષને અકર્તા માને છે, તેથી પુરુષનાં આ-બે લક્ષણ=દિદક્ષા અને શાંતવાહિતા આ બે લક્ષણ, તે કહી શકે નહિ, તેથી ગ્રંથકાર કહે છે -

**અનુવાદ :-**

**ते विना.....मुख्यपणइ आवइ,** - તે વિના=પુરુષના લક્ષણ વિના, જો પ્રકૃતિપરિણામનાં લક્ષણ સાંખ્ય કહે તો કાળનાં લક્ષણ થાય, અને ત્યાં અન્ય અશેષ નય વળગે. અને તે સર્વના=સર્વકારણના, અર્થનો=કાર્યનો, અનુગ્રહ કરવા માટે પાંચ કારણનો સમવાય માનવો તે ઉચિત છે, ત્યારે કર્તા મુખ્યપણે આવે.

**ભાવાર્થ :-**

દિદક્ષાથી સૃષ્ટિ અને શાંતવાહિતાથી નિસર્ગમુક્તિ થાય છે, એ બંને લક્ષણ પ્રકૃતિના પરિણામ છે, પુરુષના નહિ; એમ જો સાંખ્ય કહે તો કાળનાં લક્ષણ પ્રાપ્ત થાય. કેમ કે આ બંને પરિણામો એક કાળમાં થતાં નથી, ભિન્ન ભિન્ન કાળમાં થાય છે. તેથી પ્રકૃતિને દિદક્ષા થઈ તે જેમ પ્રકૃતિનું લક્ષણ છે, તેમ કાળનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ લક્ષણ માનવું પડે. અને પ્રકૃતિમાં શાંતવાહિતા પ્રગટી=દિદક્ષાથી વિરુદ્ધ એવી શાંતવાહિતાનો પરિણામ પ્રગટ્યો, તે ભિન્નકાળમાં થાય છે; તેથી જેમ તે પ્રકૃતિનો પરિણામ છે તેમ કાળનો પણ માનવો પડે. તેથી એ પ્રાપ્ત થાય કે દિદક્ષા કે શાંતવાહિતા પ્રત્યે પ્રકૃતિ કારણ છે તેમ કાળ પણ કારણ છે, પરંતુ એકાંતે પ્રકૃતિ જ કારણ છે તેમ માની શકાય નહિ. તેથી સાંખ્યમાન્ય એકાંતવાદનો ભંગ થાય છે, અને જ્યારે બંને કારણો=પ્રકૃતિ અને કાળ, સાંખ્યને યુક્તિથી સ્વીકારવાં પડે, ત્યાં અન્ય અશેષ નય વળગે, તે આ રીતે -

જેમ પ્રકૃતિને કારણે દિદક્ષા કે શાંતવાહિતા થઈ, તેમ કાળને કારણે પણ આ બે પરિણામો થયાં. અને પ્રકૃતિ જડ છે, તેથી તે ભાવો કરવા પ્રત્યે તેને કોઇ પ્રયોજન નથી, પરંતુ ચેતનને જ્યારે દિદક્ષા થઈ ત્યારે પ્રપંચ પેદા થાય તેવો યત્ન કર્યો, અને જ્યારે આ પ્રપંચ ક્લેશકારી દેખાય છે ત્યારે તેનાથી છૂટવા માટે શાંતવાહિતામાં યત્ન કરે છે. માટે દિદક્ષા કરવામાં પ્રયત્ન કરનાર રૂપે કે શાંતવાહિતા કરવામાં પ્રયત્ન કરવા રૂપે પુરુષકારને પણ માનવો પડે. તે જ રીતે કોઇકનો દિદક્ષા કરવાનો સ્વભાવ હતો, તેમ શાંતવાહિતા કરવાનો પણ સ્વભાવ હતો; માટે પૂર્વમાં દિદક્ષા કરવાના સ્વભાવને કારણે પ્રયત્નથી દિદક્ષા થઈ, અને પાછળથી શાંતવાહિતા થવાનો સ્વભાવ હોવાથી પ્રયત્નથી શાંતવાહિતા પ્રગટી; કેમકે જે સ્વભાવ વસ્તુમાં કે વ્યક્તિમાં ન હોય ત્યાં પ્રયત્નથી પણ તે પ્રગટે નહિ. જેમ કોરડા મગમાં રંધાવાનો સ્વભાવ નથી તો પાકક્રિયાથી પણ રંધાતા નથી. માટે દિદક્ષાને અનુકૂળ અને શાંતવાહિતાને અનુકૂળ એવો કાર્યના અધિકરણમાં સ્વભાવ માનવો જોઈએ. અને તે જ રીતે નિયતિ પણ માનવી જોઈએ, કેમ કે જે કાળે જે રીતે જે નિયત હોય છે તે કાળે તે રૂપે તે કાર્ય થાય છે. તેથી જ કોઈ યોગીને શાંતવાહિતા પ્રગટે છે, તે અનંતકાળમાં પૂર્વે ક્યારેય પ્રગટી નહિ, પણ વર્તમાનકાળમાં નિયતસામગ્રીને પામીને નિયત ક્રમથી પ્રગટી, તેનું કારણ કાર્ય નિષ્પત્તિ કરવા પ્રત્યે નિયતિ પણ કારણ છે તેમ માનવું પડે. આ રીતે સર્ગરૂપ કાર્ય પ્રત્યે કે મોક્ષરૂપ કાર્ય પ્રત્યે પ્રકૃતિ કારણ છે, તેમ કાળ પણ કારણ છે, તેમ પુરુષકાર, સ્વભાવ અને નિયતિ પણ કારણ છે તેમ માનવું જોઈએ. અને તે સર્વના=સર્વકારણના, અર્થનો=કાર્યનો, અનુગ્રહ કરવા માટે પાંચ કારણનો સમવાય માનવો તે ઉચિત છે, અને ત્યારે કર્તા તે મુખ્યપણે આવે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વમાં યુક્તિથી અન્ય અશેષ નય વળગે એ બતાવ્યું, તે સર્વ અર્થની સંગતિ કરવા માટે કાર્ય પ્રત્યે પાંચ કારણનો સમુદાય માનવો યુક્ત છે તેમ સિદ્ધ થાય છે. અને તેમ સ્વીકારીએ તો કર્તા મુખ્ય પ્રાપ્ત થાય છે, કેમ કે કર્તા સ્વતંત્ર છે જ્યારે બીજાં કારણો કર્તાને પરતંત્ર છે. આશય એ છે કે પુરુષકાર કરનાર જીવ કર્તા છે, અને પૂર્વમાં જ્યારે દિદક્ષા વર્તતી હતી ત્યારે પ્રકૃતિના દબાણ નીચે પુરુષકાર પ્રવર્તતો હતો; પરંતુ જ્યારે ઉપદેશાદિની સામગ્રીથી આ પ્રપંચની અનર્થકારિતા જણાઈ, ત્યારે તે પુરુષ સ્વેચ્છાથી જ શાંતવાહિતા માટે યત્ન કરે છે; અને તે વખતે કર્મપ્રકૃતિ ક્ષયોપશમભાવરૂપે શાંતવાહિતા પ્રત્યે કારણ બને છે, અને શાંતવાહિતાને અનુકૂળ એવો સ્વભાવ શાંતવાહિતારૂપે પરિણમન પામે છે. જ્યારે જીવ પુરુષકાર કરે છે ત્યારે શાંતવાહિતા પ્રગટ થવાનો કાળ પરિપાકને પામે છે. અને તે શાંતવાહિતા જે નિયતકાળ, નિયતસામગ્રી અને નિયતક્રમથી જ જીવમાં પ્રગટે છે, તે નિયતિને આધીન છે. તેથી પુરુષકારને આધીન જ અન્ય કારણો કાર્યને અભિમુખ થયાં. માટે કર્તા મુખ્ય બને છે અને અન્ય કારણો ગૌણ બને છે, તો પણ કાર્ય પ્રત્યે પાંચ કારણોનો સમુદાય કારણરૂપે માનવો ઉચિત છે.

કાર્ય પ્રત્યે પાંચ કારણોનો સમવાય=સમુદાય, માનવો ઉચિત છે, તેમાં સાક્ષી આપતાં કહે છે -

**અનુવાદ :-**

**उक्तं च** = અને કહેવાયું છે -

**कालो सहाव.....।।૭૯।।** - કાળ, સ્વભાવ, નિયતિ પૂર્વકૃત=કર્મ, અને પુરુષકાર આ કારણો છે, તે એકાંત નથી. સમુદાયમાં સમ્યક્ત્વ છે અને એકાંતમાં મિથ્યાત્વ છે. **॥૭૯॥**

**ભાવાર્થ :-**

કાળાદિ પાંચે કારણો એકાંતે કારણ નથી, તેથી પાંચે કારણોના સમુદાયને કારણરૂપે સ્વીકારવામાં આવે ત્યારે સમ્યક્ત્વ છે, અર્થાત્ તે સ્વીકાર યથાર્થ છે. અને તે પાંચ કારણોમાંથી કોઈ એક કારણને એકાંતે સ્વીકારીને કાર્ય-કારણભાવની સ્થાપના કરવામાં આવે, તો મિથ્યાત્વ છે; અર્થાત્ તે પ્રરૂપણા વિપર્યાસવાળી છે, માટે મિથ્યાત્વ છે. **॥૭૯॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

આ રીતે પૂર્વ ગાથાઓમાં આત્માને અકર્તા અને અભોક્તા માનનાર વેદાંત અને સાંખ્યમતનું નિરાકરણ કરીને છેલ્લે સ્થાપન કર્યું કે, સાંખ્યને માન્ય ૨૫ તત્ત્વો સંગત નથી પરંતુ જીવાદિ નવતત્ત્વ સંગત છે. અને ગાથા-૭૯ માં યુક્તિથી સ્થાપન કર્યું કે, કાર્ય પ્રત્યે પ્રકૃતિ આદિ પાંચ કારણો માનવાં સંગત છે. તે સર્વ કથનનું નિગમન કરતાં કહે છે -

**ચોપઇ :-**

**प्रकृति कर्म ते माटइं गणो, ज्ञान-क्रियाथी तस क्षय भणो ।**
**अशुद्धभावकरता संसार, शुद्धभावकरता भवपार ।।८०।।**
**अकर्तृ-अभोक्तृवादिनौ गतौ ।।**

**ગાથાર્થ :-**

**તે માટે પ્રકૃતિ (એ) કર્મ ગણો, અને તેનો=પ્રકૃતિનો, જ્ઞાન-ક્રિયાથી ક્ષય કહો. અશુદ્ધભાવકર્તા=અશુભભાવનો કરનાર (એવો જીવ) સંસાર, અને શુદ્ધભાવકર્તા=શુભભાવનો કરનાર (એવો જીવ) ભવપાર છે. ll૮૦ll**

અહીં આત્માને અકર્તા અને અભોક્તા માનનારા બે વાદીઓનું નિરાકરણ પૂર્ણ થયું.

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે, પ્રકૃતિ આદિ પાંચ કારણોથી કાર્ય થાય છે, ત્યાં પ્રકૃતિ એ જૈનદર્શનને માન્ય કર્મ છે, અને મોક્ષરૂપ કાર્ય પ્રત્યે પુરુષકાર કારણ છે. એ પુરુષકાર શું છે તે બતાવે છે - જ્ઞાન-ક્રિયા એ પુરુષકાર છે, અને તેનાથી પ્રકૃતિનો ક્ષય થાય છે. આ રીતે જીવને પુરુષકારનો કર્તા સ્થાપ્યો, તે જ વાતને સ્પષ્ટ કરતાં કહે છે -

જીવ જે અશુદ્ધ ભાવો કરે છે તે સંસાર છે, તેથી જીવ અશુદ્ધ ભાવનો કર્તા છે, અને તે અશુદ્ધ ભાવ કરવામાં પ્રકૃતિ, સ્વભાવ અને કાળાદિ પણ કારણો છે. જ્યારે અશુદ્ધ ભાવનો કરનાર જીવ શુદ્ધ ભાવનો કર્તા=કરનાર, થાય છે, ત્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવનો પાર પામે છે; અને તે વખતે પ્રકૃતિ ક્ષયોપશમાદિભાવરૂપે કારણ છે, અને કાલાદિ અન્ય પણ કારણ છે. તેથી મોક્ષરૂપ કાર્ય પાંચ કારણોથી જન્ય છે, એમ સ્થાપન કરીને, સંસારમાં જીવ કર્મનો કર્તા અને ભોક્તા છે, અને જ્યારે આત્મભાવનો કર્તા અને ભોક્તા થાય છે, ત્યારે ભવના પારને પામે છે, એમ સ્થાપિત થાય છે.

**બાલાવબોધ :-**

**તે माटइं प्रकृति ते कर्मनुं ज नाम गणो, ते प्रधान, कर्म, संस्कार, वासना, विद्या, सहजमल ए सर्व एकार्थ ज शब्द छइ दर्शनभेदइं, ते कर्मनो क्षय ज्ञान-क्रियाथी जाणो; अशुद्धभाव जे आत्मा छइ ते संसारनो कर्ता छइ, शुद्धभाव छइ ते भवपारनो कर्ता छइ,** अप्पा कत्ता विकत्ता य सुहाण य दुहाण य। (उत्तराध्ययन. २०,३७) **इत्यादि शास्त्रवचन पणि छइ । अकर्ता अभोक्ता आत्मा मानइ छइ ते २ वादी गया ।।८०।।**

● બાલાવબોધમાં **वासना** પછી **विद्या** છે ત્યાં **अविद्या** પાઠ સંગત છે.

**અનુવાદ :-**

**ते माटइं.....दर्शनभेदइं,** - તે માટે=પૂર્વ ગાથા-૭૭માં નવતત્ત્વ છે તેમ સ્થાપન કર્યું તે માટે, સાંખ્યને માન્ય એવી પ્રકૃતિ તે કર્મનું જ નામ ગણો; અને તે પ્રકૃતિને સાંખ્ય પ્રધાન કહે છે, જૈનદર્શન કર્મ કહે છે, વળી કેટલાક સંસ્કાર કહે છે, કેટલાક વાસના કહે છે, બૌદ્ધ અને વેદાંતી અવિદ્યા કહે છે, અને કેટલાક સહજમળ કહે છે. એ સર્વ દર્શનભેદથી એકાર્થવાચી જ શબ્દ છે અર્થાત્ કર્મને જ જુદા જુદા દર્શનકારો તે તે શબ્દથી વાચ્ય કહે છે.

બૌદ્ધ અને વેદાંતી કર્મને 'અવિદ્યા' કહે છે, તે યોગબિંદુ ગ્રંથ શ્લોક-૧૭ માં કહેલ છે.

**ते कर्मनो.....कर्ता छइ,** - તે કર્મનો ક્ષય જ્ઞાન-ક્રિયાથી જાણો = જીવના જ્ઞાન-ક્રિયાવિષયક યત્નથી તે કર્મનો નાશ થાય છે, તેથી જીવ કર્મના નાશનો કર્તા છે. અને અશુદ્ધભાવવાળો જે આત્મા છે તે સંસારનો કર્તા છે અને શુદ્ધભાવવાળો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મા છે તે ભવપારનો કર્તા છે. તેથી સંસારનો અને મોક્ષનો કર્તા આત્મા છે તે સિદ્ધ થાય છે.

આત્મા સંસારનો અને મોક્ષનો કર્તા છે તેમાં સાક્ષી આપે છે -

**अप्पा.....पणि छइ ।** - આત્મા સુખ-દુઃખરૂપ સંસારનો કર્તા છે અને સુખ-દુઃખરૂપ સંસારનો વિકર્તા છે=નાશ કરનાર છે, ઈત્યાદિ શાસ્ત્રવચન પણ છે, જે આત્માને કર્તા સિદ્ધ કરે છે.

**अकर्ता.....वादी गया ।।८०।।** - અકર્તા અભોક્તા આત્મા માને છે, તે બે વાદી=સાંખ્ય અને વેદાંતી ગયા = તે બે મતનું નિરાકરણ થયું. એટલે આત્મા કર્મનો કર્તા અને ભોક્તા છે તે સિદ્ધ થયું. **॥૮૦॥**

**સમ્યક્ત્વનું પાંચમું સ્થાન 'મોક્ષ છે' તેનું વર્ણન -**

**અવતરણિકા :-**

'આત્મા છે' ઇત્યાદિ સમ્યક્ત્વનાં ચાર સ્થાનો બતાવ્યા પછી હવે પાંચમું સ્થાન બતાવવા અર્થે, પ્રથમ મોક્ષ નથી. એ પ્રકારની પૂર્વપક્ષીની યુક્તિઓ બતાવે છે -

**ચોપઇ :-**

**एक कहि नवि छे निरवाण, इंद्रिय विण स्यां सुखमंडाण ।**
**दुख अभाव मुरछा अनुसरै, तिहां प्रवृत्ति पंडित कुण करै ? ।।८१।।**

**ગાથાર્થ :-**

**એક=એક વાદી, કહે છે કે નિર્વાણ નથી. તેમાં યુક્તિ આપે છે - ઈંદ્રિય વિના સુખનું મંડાણ ક્યાં હોય ?**

**ઉત્થાન :-**

કોઇ કહે કે દુઃખાભાવરૂપ મોક્ષ સ્વીકારી લઇએ તો શું વાંધો ? તેથી કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ :-**

દુઃખાભાવ મૂર્છાને અનુસરે છે, ત્યાં વિચારક કોણ પ્રવૃત્તિ કરે ? અર્થાત્ ન કરે, માટે મોક્ષ નથી. ॥૮૧॥

**બાલાવબોધ :-**

**एक वादी कहै छै - निर्वाण कहितां मोक्ष, ते नथी; इंद्रियविलास विना मुक्तिसुख छइ तेहनां मंडाण छइ ते कुण सद्दहइ ? तो अशेषविशेषगुणोच्छेदरूप वैशेषिकाभिमत मुक्ति मानो दुःखाभावेच्छाइं ज मुमुक्षुप्रवृत्ति हुस्यइं, ते ऊपरि कहइ छइ-दुःखाभाव ते पुरुषार्थ नथी, जे माटइं मूर्च्छावस्थाइ पणि अवेद्य दुःखाभाव छइ तिहां कुण प्रवृत्ति पंडित करै ? उक्तं च -**

दुःखाभावोऽपि नावेद्यः पुरुषार्थतयेष्यते ।
न हि मूर्च्छाद्यवस्थार्थे प्रवृत्तो दृश्यते सुधीः।। ( ) इति।।८१।।

**અનુવાદ :-**

**एक वादी.....कुण सद्दहइ ?** - એક વાદી કહે છે કે નિર્વાણ=મોક્ષ, તે નથી, તેમાં યુક્તિ આપે છે -

ઇન્દ્રિયોના વિલાસ વગર મુક્તિસુખ છે, તેનાં મંડાણ છે=તેનો સ્વીકાર છે, તે કોણ સ્વીકારે ? અર્થાત્ કોઇ વિચારક સ્વીકારે નહીં.

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીનું એ કહેવું છે કે, સુખ એ ઇન્દ્રિયોના વિલાસથી દેખાય છે. જ્યારે ભૌતિક સામગ્રી નથી, ત્યારે જીવ ઇન્દ્રિયોનો વિલાસ કરી શકતો નથી; તેથી સુખની પ્રતીતિ થતી નથી, આ પ્રકારનો સર્વજનનો અનુભવ છે. અને જે લોકો મોક્ષ સ્વીકારે છે તેઓ પણ મોક્ષમાં ભોગસામગ્રી કે ઇન્દ્રિયોનો વિલાસ સ્વીકારતા નથી, તેથી ઇન્દ્રિયોના વિલાસ વગર માત્ર મોક્ષમાં પડ્યા રહેવું તે સુખરૂપ હોઇ શકે નહિ. માટે પ્રયત્નથી સાધ્ય એવો મોક્ષ નામનો કોઇ પદાર્થ નથી, પરંતુ અવિચારક જીવોએ કલ્પના કરેલ સુખાત્મક મોક્ષ છે, વાસ્તવિક મોક્ષ પદાર્થ નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**तो अशेषविशेष.....ऊपरि कहइ छइ** - = આ રીતે સુખાત્મક મોક્ષ નથી, તે યુક્તિથી સ્થાપન કર્યું. તો કોઈ કહે કે અશેષ વિશેષગુણના ઉચ્છેદરૂપ વૈશેષિકમતને અભિમત એવી મુક્તિ માનો, તેથી દુઃખાભાવની ઇચ્છાથી મુમુક્ષુની પ્રવૃત્તિ થશે, માટે મોક્ષ માનવામાં કોઈ દોષ નથી. તે ઉપર મોક્ષ નહિ માનનાર વ્યક્તિ કહે છે -

**दुःखाभाव.....पंडित करै ?** - દુઃખાભાવ તે પુરુષાર્થ નથી. જે માટે મૂર્છા અવસ્થામાં પણ અવેદ્ય એવો દુઃખાભાવ છે, ત્યાં કોણ પંડિત પ્રવૃત્તિ કરે ? અર્થાત્ કોઈ કરે નહિ.

**ભાવાર્થ :-**

વૈશેષિકમત સંપૂર્ણ ગુણના ઉચ્છેદરૂપ મોક્ષ માને છે, અને તે મત પ્રમાણે મોક્ષ દુઃખાભાવરૂપ છે પણ સુખરૂપ નથી. અને તેઓ કહે છે કે સંસાર જન્મ, જરા, ક્લેશ આદિ અનેક દુઃખોથી વ્યાપ્ત છે; અને તે અનેક દુઃખોના વચમાં ઈંદ્રિયોના વિલાસરૂપ યત્કિંચિત્ સુખ છે, તો પણ ઘણા ક્લેશ સહવર્તી એવું તે ઈંદ્રિયોનું સુખ છે. તેથી વિચારક વ્યક્તિ સંસારથી ઉદ્વિગ્ન થઈને મોક્ષ માટે યત્ન કરે છે. અને તે મતને સ્વીકારીએ તો મુમુક્ષુની પ્રવૃત્તિ મોક્ષ અર્થે સંગત છે તેમ સિદ્ધ થાય. તેથી મુમુક્ષુની પ્રવૃત્તિના વિષયભૂત મોક્ષ છે તેમ સિદ્ધ થાય.

તેનું નિરાકરણ કરતાં મોક્ષ નહિ માનનાર વાદી કહે છે -

દુઃખાભાવને પુરુષાર્થરૂપે સ્વીકારી શકાય નહિ, કેમ કે મૂર્છા અવસ્થામાં પણ દુઃખાભાવ છે. તે દુઃખાભાવ એ અભાવાત્મક હોવાથી અવેદ્ય છે, તેથી જેનું અનુકૂળરૂપે વેદન ન હોય તેવા દુઃખાભાવ માટે કોઈ વિચારક પ્રવૃત્તિ કરે નહિ. માટે જેનું અનુકૂળરૂપે વેદન ન હોય તેવા અવેદ્ય દુઃખાભાવ સ્વરૂપ મોક્ષ સ્વીકારવામાં આવે તો વિચારકની પ્રવૃત્તિ થઈ શકે નહિ. માટે વિચારકની પ્રવૃત્તિના વિષયરૂપે મોક્ષની સિદ્ધિ થતી નથી, તેથી મોક્ષ નથી. આ પ્રકારનો વાદીનો આશય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્થાન :-**

દુઃખાભાવ એ પુરુષાર્થ નથી, તેમાં સાક્ષી આપે છે -

**અનુવાદ :-**

**दुःखाभावोऽपि.....इति ।।८१।।** - અવેદ્ય એવો દુઃખાભાવ પણ પુરુષાર્થપણાથી ઇચ્છાતો નથી, જે કારણથી વિચારક મૂર્છાદિ અવસ્થા માટે પ્રવૃત્ત થતો દેખાતો નથી. **॥૮૧॥**

**ભાવાર્થ :-**

અહીં અવેદ્ય દુઃખાભાવ કહ્યો તેનો આશય એ છે કે, સુખ અને દુઃખ વેદ્ય છે, જ્યારે દુઃખનો અભાવ એ જીવના વેદનનો વિષય નથી, પરંતુ અવેદ્ય છે. **॥૮૧॥**

**અવતરણિકા :-**

પૂર્વગાથા-૮૧માં સુખરૂપ મુક્તિ નથી, અને દુઃખાભાવને પુરુષાર્થરૂપે સ્વીકારી શકાય નહિ માટે મુક્તિ નથી, તેમ યુક્તિથી સ્થાપન કર્યું. હવે કદાચ મુક્તિને સ્વીકારીએ તો દૃષ્ટ વ્યવસ્થાની સંગતિ થાય નહિ, તે બતાવીને મોક્ષ નથી તે બતાવતાં કહે છે -

**ચોપઇ :-**

**काल अनंते मुक्तिं जतां, हुइ संसारविलय आजतां ।**
**व्यापकनइ कहो केहो ठाम ?, जिहां एक सुख-संपत्तिधाम ।।८२।।**

**ગાથાર્થ :-**

**કાલ અનંતે મુક્તિ જતાં આજ સુધી સંસારનો વિલય થાય (માટે મુક્તિ નથી.).**

**ઉત્થાન :-**

હવે મુક્તિ નથી તેમાં બીજી યુક્તિ બતાવતાં કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ :-**

**વ્યાપક એવા આત્માને કયું સ્થાન હોય, જ્યાં એક સુખસંપત્તિનું ધામ બને ? અર્થાત્ ન બને, માટે મુક્તિ નથી. ॥૮૨॥**

**બાલાવબોધ :-**

**जो मोक्षपदार्थ सत्य होइ तो अनंतकालइ मुक्तिं जतां आजतांइं संसारनो विलय थाइ, एक एक युगइ १।१ मुक्तिं जाइ तोइ अनंतयुग गयाइं तिवारइं संसार षाली कां न थाइ ?** "सत्यम् अनन्ता एव ह्यपवृक्ता(? त्ता)स्तथापि संसारस्य प्रत्यक्षसिद्धत्वाद्" **इत्यादि किरणावलिकारइ कहिउं ते तो तो घटइ जो कालानन्त्यथी जीवपरिमाणानन्त्य अधिक हुइं; ते माटिं ए कल्पनामात्र । बीजुं आत्मा व्यापक सर्व कहइ छे, तेहनइ किहो ठाम छइ एक सुख्र-संपत्तिनुं घर जिहां ए जाइ ? क्रियावत्त्वाभावान्नात्मनः सिद्धिक्षेत्रे गमनमित्यर्थः ।।८२।।**

**અનુવાદ :-**

**जो मोक्षपदार्थ.....षाली कां न थाइ ?** - જો મોક્ષપદાર્થ સત્ય હોય તો અનંતકાળે મુક્તિ જતાં આજ સુધી સંસારનો વિલય થાય. એક એક યુગમાં એક એક જીવ મુક્તિ જાય તો અનંત યુગ ગયા ત્યારે સંસાર ખાલી કેમ ન થાય ? અર્થાત્ થવો જોઈએ.

આ પ્રકારની મોક્ષ નહિ માનનારની યુક્તિનું નિરાકરણ કરતાં કોઇ કહે છે -

**सत्यम्.....माटिं ए कल्पनामात्र ।** - તારી વાત સાચી છે, અનંતા મોક્ષમાં ગયા તો પણ સંસાર પ્રત્યક્ષસિદ્ધ હોવાથી સંસાર ખાલી થશે, તેમ કહેવું પ્રત્યક્ષવિરુદ્ધ છે.

તેને મોક્ષ માનનાર વાદી કહે છે -

અનંતા મોક્ષમાં ગયા તો પણ સંસાર પ્રત્યક્ષસિદ્ધ હોવાથી ઇત્યાદિ જે કિરણાવલીકારે કહ્યું છે, તે તો ઘટે કે કાલ આનંત્યથી જીવપરિણામનું આનંત્ય અધિક હોય. તે માટે=કાલ અનંત કરતાં જીવ અનંત અધિક નથી તે માટે, આ= કિરણાવલીકારે કહ્યું એ, કલ્પનામાત્ર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

આશય એ છે કે, પ્રથમ મોક્ષનો સ્વીકાર કરી લીધો; ત્યાર પછી દરેક કાળમાં જીવો મોક્ષે જાય છે તેમ સ્વીકારીને, સંસાર પ્રત્યક્ષસિદ્ધ છે તેના બળથી, કાળ કરતાં જીવોની અનંત સંખ્યા અધિક છે તેમ માનીને, પોતાને અભિમત એવા મોક્ષની સંગતિ મોક્ષને માનનારા કરે છે. પરંતુ વાદીને એ કહેવું છે કે, હજુ મોક્ષ સિદ્ધ નથી, માટે તમે કાળ કરતાં જીવ અનંત છે તેમ કહો છો તે તમારી કલ્પનામાત્ર છે. વસ્તુતઃ કાળ સીમા વગરનો છે, અને જો મોક્ષ નામનો પદાર્થ હોય તો એક એક યુગમાં એક એક જીવ મોક્ષમાં જાય તો પણ સંસાર ખાલી થઈ જવો જોઈએ. અને સંસાર દેખાય છે, ખાલી થયો નથી, તે જ બતાવે છે કે મોક્ષ નામનો પદાર્થ નથી.

**ઉત્થાન :-**

મોક્ષ નથી તેની બીજી યુક્તિ બતાવે છે -

**અનુવાદ :-**

**बीजुं आत्मा व्यापक.....गमनमित्यर्थः ।।૮૨।।** - આત્માને વ્યાપક સર્વ કહે છે; અર્થાત્ નૈયાયિકાદિ દર્શનકારો કહે છે, તેમને કયું સ્થાન છે જે એક સુખસંપત્તિનું ઘર જ્યાં સિદ્ધના જીવો જાય ? અર્થાત્ વ્યાપક આત્મામાં ક્રિયાવત્ત્વનો અભાવ હોવાથી આત્માનું સિદ્ધક્ષેત્રમાં ગમન નથી, એ પ્રમાણે અર્થ જાણવો. **॥૮૨॥**

**ભાવાર્થ :-**

આત્માનો મોક્ષ નહિ માનનાર વ્યક્તિ યુક્તિથી બતાવે છે કે, નૈયાયિકાદિ આત્માને વ્યાપક માને છે, તેથી દરેક આત્માઓ સર્વત્ર વ્યાપીને રહેલા છે, માટે દરેક આત્માનું સ્થાન એક જ છે. તેથી આ સંસારનું સ્થાન દુઃખસંપત્તિનું છે, અને મોક્ષનું સ્થાન સુખસંપત્તિનું છે, એમ કહીને મોક્ષને સ્થાપન કરવું તે યુક્તિરહિત છે; કેમ કે આત્મા વ્યાપક હોવાથી તેમાં ક્રિયા નથી. માટે આત્માને રહેવાનું સ્થાન આ વિશ્વ છે, પરંતુ એવું કોઇ સિદ્ધક્ષેત્ર સ્થાન નથી કે જે સુખમય હોય. માટે ક્રિયા કરીને સિદ્ધિસ્થાનને પામે છે, તેમ માની શકાય નહિ. તેથી મોક્ષ માનવો ઉચિત નથી.**॥૮૨॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

વળી બીજી રીતે પણ મોક્ષ માનવો ઉચિત નથી, તે બતાવવા અર્થે કહે છે -

**ચોપઈ :-**

**किम अनंत इक ठामि मिलै, पहिलो नहि तो कुणस्युं भलै ? ।**
**पहिलां भव कइ पहिलां मुक्ति ?, ए तो जोतां न मिलइ युक्ति ।।८३।।**

**ગાથાર્થ :-**

**જો મોક્ષ સ્વીકારીએ તો અનંતા જીવો એક સ્થાને કેવી રીતે રહી શકે ? પહેલો સિદ્ધ કોઈ નહિ તો (જે પહેલો સિદ્ધ થાય તે) કોનામાં ભળે ? પહેલાં ભવ કે પહેલાં મુક્તિ ? એ બંને વિચારતાં કોઈ યુક્તિ મળતી નથી. (માટે મોક્ષ નથી.) ॥૮૩॥**

**બાલાવબોધ :-**

**वली मोक्षमां अनंत सिद्ध मानो तो इक ठामइ अनंता किम मिलइ ? पहलो अनादिसिद्ध न मानो तो बीजा सिद्ध थाइं ते कुणमांहि मिलइ ? पहलो नहीं तो कुण सिद्धनइ सर्व साधक नमइ ? पहलां संसार कइ पहलां मुक्ति ? प्रथम पक्षइ मुक्ति सादि थई, द्वितीय पक्षइ वदद्व्याघात, बंध विना मुक्तिं किम हुइ ? युक्ति जोतां मिलती नथी ।।८३।।**

**અનુવાદ :-**

**वली मोक्षमां.....किम मिलइ ?** - વળી મોક્ષમાં અનંત સિદ્ધ માનો તો એક સ્થાને અનંતા કેમ મળે ?

**ભાવાર્થ :-**

આત્માને વ્યાપક માનીએ તો મોક્ષનું કોઈ સ્વતંત્ર સ્થાન નથી તેમ સિદ્ધ થાય. પરંતુ આત્માને વ્યાપક ન માનીએ, અને સિદ્ધક્ષેત્રમાં સાધક આત્મા સાધના કરીને જાય છે તેમ માનીએ, તો અનાદિથી જીવો મોક્ષમાં જાય છે, તેથી મોક્ષમાં અનંત સિદ્ધો માનવા પડે. અને તે એક સ્થાને અનંતા કેવી રીતે રહી શકે ? અર્થાત્ રહી શકે નહિ. માટે મોક્ષ નથી. મોક્ષ એ કલ્પનામાત્ર છે, એ પ્રકારનો આશય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્થાન :-**

અહીં મોક્ષવાદી કહે કે પૂર્વમાં મોક્ષે ગયેલા જીવો સાથે નવા મોક્ષમાં જનારા જીવો ભળી જાય છે, તેથી એક સ્થાને અનંતા રહી શકે. તેને મોક્ષ નહિ માનનાર કહે છે -

**અનુવાદ :-**

**पहलो अनादि.....साधक नमइ ?** - પહેલો અનાદિસિદ્ધ ન માનો તો બીજા સિદ્ધ થાય તે કોનામાં ભળે ? પહેલો નહિ તો કોણ સિદ્ધને સર્વ સાધક નમે ?

**ભાવાર્થ :-**

મોક્ષ માનનાર વ્યક્તિ દરેક મોક્ષમાં જનાર જીવને સાધના દ્વારા મોક્ષમાં જાય છે તેમ કહે છે. તેથી એ પ્રાપ્ત થાય કે બધા મોક્ષમાં જનારાને આશ્રયીને મોક્ષની સાદિ છે, અને તે બધામાં કોઈ અનાદિસિદ્ધ નથી, માટે તે બધામાં સૌથી પહેલો મોક્ષમાં જનાર વ્યક્તિ કોનામાં ભળે ? કેમ કે જે પહેલો સિદ્ધ થયો તેના પહેલાં કોઇ અનાદિસિદ્ધ છે તેમ તમે માનતા નથી. તેથી પ્રથમ સિદ્ધ થનાર બીજા કોઈમાં ભળતો નથી, અને પાછળમાં સિદ્ધ થનારા પ્રથમ થનારા સિદ્ધમાં ભળે છે તેમ કહેવું સંગત થાય નહિ. માટે કોઈ અનાદિસિદ્ધ તમારે માનવો પડે. તો જ તેમાં સિદ્ધ થનારા બીજા ભળે છે તેમ માની શકાય. અને મોક્ષમાં ગયેલામાં અનાદિસિદ્ધ કોઈ છે તેમ તમે માનતા નથી, માટે મોક્ષના સ્વીકારની વાત યુક્તિરહિત છે.

મોક્ષ નથી તે બીજી રીતે બતાવે છે -

વળી તમે અનાદિસિદ્ધ કોઈ ન માનો, અને જે જે સિદ્ધ થાય છે તે સાધના કરીને જ સિદ્ધ થાય છે તેમ માનો તો, જે મોક્ષમાં ગયા છે તે સર્વમાં જે પ્રથમ સાધના કરીને ગયા છે, તેના પહેલાં કોઈ સિદ્ધ ન હતું તેમ માનવું પડે. અને પહેલાં કોઈ સિદ્ધ ન હતું તો તે વખતે સર્વ સાધક આત્મા કયા સિદ્ધને નમતા હતા ? અને સિદ્ધને નમ્યા વગર સાધક આત્મા સિદ્ધ થઈ શકે નહિ તેમ તમે માનો છો, તેથી સિદ્ધો છે તેમ માનવું તે કલ્પનામાત્ર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્થાન :-**

બીજી રીતે મોક્ષ નથી તે બતાવતાં પ્રશ્ન કરે છે -

**અનુવાદ :-**

**पहलां संसार.....नथी ।।८३।।** - પહેલાં સંસાર કે પહેલાં મોક્ષ ?

પ્રથમ પક્ષે મુક્તિ સાદિ થઈ, બીજા પક્ષમાં વદતો વ્યાઘાત છે. કેમ કે બંધ વગર મુક્તિ કેવી રીતે થાય ? અર્થાત્ થાય નહિ. અને આ રીતે યુક્તિથી જોતાં સંસાર અને મોક્ષ એ બે વસ્તુ છે તે સંગત થતું નથી. **॥૮૩॥**

**ભાવાર્થ :-**

જેઓ મોક્ષ માને છે, તેને મોક્ષ નહિ માનનાર કહે છે કે સંસાર પહેલાં છે કે પહેલાં મોક્ષ છે ?

આશય એ છે કે સાધક આત્માઓ સાધના કરીને મોક્ષમાં જાય છે, તેથી જે જે મોક્ષમાં ગયા તે પહેલાં સંસારમાં હતા. માટે સર્વ મોક્ષમાં ગયેલા જીવોની અપેક્ષાએ પહેલાં સંસાર હતો, અને પછી સાધના કરીને મોક્ષમાં ગયા, તેમ માનો તો મુક્તિ સાદિ થાય. અને મોક્ષને માનનાર મુક્તિને સાદિ માનતો નથી, માટે મોક્ષ માનવો ઉચિત નથી.

હવે કોઈ એમ કહે કે પહેલાં મોક્ષ છે પછી સંસાર છે, તો તે વચન સંગત થતું નથી; કેમ કે મુક્તિ તે બંધનથી મુક્તિ છે, અને સંસાર તે બંધનરૂપ છે. જો પહેલાં બંધન હોય નહિ તો મુક્તિ થઈ તેમ કઈ રીતે કહેવાય ? માટે પહેલાં મોક્ષ એ વચનમાં પરસ્પર વચનનો જ વિરોધ છે. કેમ કે મોક્ષ કહો એટલે પહેલાં ન કહેવાય અને પહેલાં કહો તો મોક્ષ ન કહેવાય. જેમ માતા વંધ્યા કહી શકાય નહિ તેમ પહેલાં મોક્ષ કહી શકાય નહિ. આ રીતે યુક્તિ જોતાં મોક્ષ સ્વીકારની કોઈ યુક્તિ મળતી નથી, માટે મોક્ષ નથી. **॥૮૩॥**

**અવતરણિકા :-**

મોક્ષ નથી તેની સાધક અન્ય યુક્તિ બતાવતાં કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોપઇ :-**

**जिहां न गीत नवि भावविलास, नहि शृंगार कुतूहल हास ।**
**तेह मुगतिथी कहइ कृपाल, वनमइ जनम्यो भलो शृगाल ।।८४।।**

**ગાથાર્થ :-**

**જ્યાં ગીત નથી, ભાવવિલાસ=હાવભાવનો વિલાસ નથી, શૃંગારરસ નથી, કુતૂહલ નથી, હાસ્ય નથી; તે મુક્તિથી વનમાં જન્મેલો શિયાળ સારો છે, તેમ કૃપાલઋષિ કહે છે. ॥૮૪॥**

**બાલાવબોધ :-**

**जिहां गीत-ध्यान नहि(हीं), भावविलास नहीं, शृंगाररस नहीं, कुतूहल कहितां ष्याल नहीं, हास कहितां हास्यरस नहीं ते मुगतिमांहिं स्युं सुख हुस्यइ ? ते मुक्तिथी कृपालऋषि कहइ छइ वनमांहिं सीयालजन्म होइ तोइ भलो,**

वरं वृन्दावने रम्ये शृगालत्वं स ईहते ।
न तु वैशेषिकीं मुक्तिं जैमिनिर्गन्तुमिच्छति ।। ( )।।८४।।

**અનુવાદ :-**

**जिहां.....होइ तोइ भलो** - જ્યાં ગીત-ધ્યાન નથી=ગીત સાંભળવાની ક્રિયા નથી, જ્યાં ભાવવિલાસ નથી=હાવભાવનો વિલાસ નથી, શૃંગારરસ નથી, કુતૂહલ=ખ્યાલ નથી, (અહીં 'ખ્યાલ' છે ત્યાં પ્યાસ=વસ્તુને જોવાની તરસ= લાલસા, આવો શબ્દ હોવો જોઈએ.) હાસ્ય=હાસ્યરસ, નથી, તે મુક્તિમાં સુખ શું હોય ? અને તે મુક્તિથી કૃપાલઋષિ કહે છે કે વનમાં શિયાળનો જન્મ હોય તો સારો છે.

**वरं.....मिच्छति।। ( ) ।।८४।।** - રમ્ય એવા વૃંદાવનમાં શિયાળપણું શ્રેષ્ઠ છે એમ તે ઇચ્છે છે, પરંતુ વૈશેષિકને અભિમત એવી દુઃખાભાવરૂપ મુક્તિમાં જૈમિનિ જવા માટે ઇચ્છતો નથી. **॥૮૪॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

મોક્ષ નહિ માનનાર મતની યુક્તિ બતાવીને, તેનું નિરાકરણ કરતાં, પ્રથમ મોક્ષ નહિ માનનાર જીવ કેવો છે, તે બતાવે છે -

**ચોપઇ :-**

**भवअभिनंदी एहवा बोल, बोलइ ते गुणरहित निटोल।**
**जेहनइ नहीं मुगतिकामना, बहुलसंसारी ते दुरमना।।८५।।**

**ગાથાર્થ :-**

**ભવાભિનંદી જીવ એવા=ગાથા-૮૧ થી ૮૪માં કહ્યા એવા, બોલ=વચન, બોલે છે. તે=આવા બોલ બોલનાર તે, નિટોલ=નિઃશૂક છે, જેને મુક્તિની કામના નથી તે દુર્મનવાળો બહુલસંસારી છે. ॥૮૫॥**

**બાલાવબોધ :-**

**भवअभिनंदिलक्षणवंत जे कहिया छइ ते मुगति ऊथापवा एहवा बोल बोलइ छइ; ते गुणरहित कहिंइ अनइ निटोल-निशूक कहिइ, जेहनइ मोक्षनी कामना कहितां वांछना नथी ते दुरमना कहितां माठा मनवंत बहुलसंसारी कहितां अभव्य अथवा दूरभव्य कहिइ, चरमपुद्गलावर्तवर्त्ती होइ तेहनइ ज मुक्तिकामना हुइ । उक्तं च -**

मुक्खासओ वि नऽन्नत्थ होइ गुरुभावमलपहावेणं ।
जह गुरुवाहिविगारे न जाओ पत्थासओ सम्मं ।। (विंशिका, ४/२) ।।८५।।

**અનુવાદ :-**

**भवअभिनंदि.....मुक्तिकामना हुइ** - ભવાભિનંદી લક્ષણવંત જે કહ્યા છે, તે મુક્તિનું ઉત્થાપન કરવા એવાં વચન બોલે છે. તે ગુણરહિત કહેવાય છે અને નિટોલ=નિઃશૂક કહેવાય છે, જેને મોક્ષની કામના=વાંછના, નથી તે દુર્મન= માઠા મનવાળો, બહુલસંસારી કહેતાં અભવ્ય અથવા દુર્ભવ્ય કહેવાય છે.

**उक्तं च** = તેમાં સાક્ષી આપતાં કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मुक्खासओ.....॥८५॥** - અન્યત્ર=ચરમપુદ્ગલપરાવર્ત સિવાય અન્ય ઠેકાણે, ગુરુભાવમળના પ્રભાવથી=ઘણા ભાવમળના કારણે, મોક્ષનો આશય પણ થતો નથી. જે પ્રમાણે ગુરુવ્યાધિના=મોટી વ્યાધિના, વિકારમાં સમ્યક્ પથ્યનો આશય થતો નથી. **॥૮૫॥**

● **'मुक्खासओ वि'** અહીં **'अपि'** થી એ કહેવું છે કે મોક્ષને અનુકૂળ સાધના તો ન થાય પણ મોક્ષનો આશય પણ થતો નથી.

**ભાવાર્થ :-**

જે જીવોને સંસારના પરિભ્રમણરૂપ, ભવના કારણીભૂત એવા બાહ્ય વિષયોમાં અત્યંત આકર્ષણ છે, એવા ભવાભિનંદી જીવો સ્વમતિ પ્રમાણે મોક્ષ નથી, એ પ્રકારનાં વચનો બોલે છે; અને તેઓ તત્ત્વના પક્ષપાતી નથી, પરંતુ સંસારમાં ભટકવાના કારણના પક્ષપાતી છે. તેથી તેઓ ગુણરહિત છે અને સંસારમાં થતા આરંભ-સમારંભ પ્રત્યે નિઃશૂક હૃદયવાળા છે. અર્થાત્ પાપો પ્રત્યે તેઓને સૂગ નથી, તેથી જ પાપમય એવા સંસાર પ્રત્યે તેઓને આદરભાવ છે.

વળી જેઓને મોક્ષની કામના નથી તેઓ ખરાબ મનવાળા છે, અર્થાત્ અસારભૂત એવા સંસારને સારરૂપે જુએ છે, એવી વિપરીત બુદ્ધિવાળા છે. આથી જ તેઓ અભવ્ય કે દુર્ભવ્ય છે, કેમ કે ચરમપુદ્ગલપરાવર્તમાં જેઓ આવે છે તેમને જ મુક્તિની કામના થાય છે, અને તે સિવાયના જીવોને મુક્તિની કામના થતી નથી, પરંતુ મુક્તિ પ્રત્યે દ્વેષ વર્તે છે. તેથી જ તેવા જીવો સ્વમતિ પ્રમાણે મોક્ષ માનવો ઉચિત નથી તેમ વિચારીને સારભૂત એવા પણ મોક્ષને નિઃસારરૂપે જુએ છે.

**मुक्खासओ** અહીં અપાયેલ વિંશિકા-૪/૨ના સાક્ષીપાઠનો ભાવ એ છે કે, જેમ ભારે રોગ હોય ત્યારે જીવને પથ્ય વસ્તુના સેવનનો આશય પણ સમ્યક્ થતો નથી, અર્થાત્ અપથ્ય જ તેને પથ્ય તરીકે લાગે છે, તેથી અપથ્યને સેવીને રોગની વૃદ્ધિ કરે છે; તેમ જીવમાં જ્યારે ભારે ભાવમળ વિદ્યમાન હોય, ત્યારે મોક્ષની ઇચ્છા થતી નથી, પરંતુ મોક્ષ નિઃસાર દેખાય છે. **॥૮૫॥**

**અવતરણિકા :-**

**पहलां मोक्ष सुखरूप साधइं छइ ।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકાર્થ :-**

"નિર્વાણ નથી" એ પ્રકારના મિથ્યાત્વના પાંચમા સ્થાનની યુક્તિઓ બતાવ્યા પછી તેનું નિરાકરણ કરતાં ગાથા-૮૫ માં બતાવ્યું કે, ભવાભિનંદી જીવો મોક્ષ નથી, એ પ્રકારની યુક્તિઓ સ્થાપે છે. હવે ગાથા-૮૧ માં કહેલ કે ઇંદ્રિયોના વિલાસ વગર મોક્ષમાં સુખ હોઇ શકે નહિ માટે મોક્ષ નથી, તેનું નિરાકરણ કરતાં પ્રથમ મોક્ષ સુખરૂપ છે, તે બતાવતાં કહે છે -

**ચોપઇ :-**

**इंद्रिय जे सुख दुखनुं मूल, व्याधिपडिगण अतिप्रतिकूल ।**
**इंद्रियवृत्तिरहित सुख सार, उपशम अनुभवसिद्ध उदार ।।८६।।**

**ગાથાર્થ :-**

**ઇંદ્રિયોનું જે સુખ (તે) દુઃખનું મૂળ છે. વળી તે ઇંદ્રિયોનું સુખ વ્યાધિના પ્રતિકારરૂપ છે અને જીવને અતિ પ્રતિકૂળ છે. (જ્યારે) ઇંદ્રિયોની વૃત્તિથી રહિત એવું સુખ સાર=નિરુપચરિત, ઉપશમરૂપ અને અનુભવસિદ્ધ એવું ઉદાર=વિશાળ, છે. ॥૮૬॥**

**ભાવાર્થ :-**

પાંચે ઇંદ્રિયોના વિકારો જ્યારે આત્મામાં વર્તતા હોય છે, ત્યારે વિષયોના ભોગથી આત્માને ઇંદ્રિયોનું સુખ થાય છે, અને તે સુખથી કર્મબંધ થાય છે. તેનાથી જન્મ-જરા-મૃત્યુ આદિની પરંપરા ચાલે છે, માટે ઇંદ્રિયોનું સુખ તે દુઃખનું મૂળ છે. વળી કોઇ માણસને વ્યાધિ હોય, જેમ-કોઈના શરીરમાં અતિખણજ ઊઠતી હોય, તે ખણજની વ્યાધિના પ્રતિકારરૂપ ખણજની ક્રિયા છે; તે જ રીતે ઇંદ્રિયોના વિકારો જીવમાં વર્તતા હોય છે તે ભાવવ્યાધિ છે, અને ભાવવ્યાધિથી વિસ્વળ થયેલ વ્યક્તિ ભોગની ક્રિયા કરે છે તે વ્યાધિના પ્રતિકારકરૂપ છે. તેથી ઇંદ્રિયોનું સુખ તે અતિપ્રતિકૂળ છે.

આશય એ છે કે, જેમ કોઇ વ્યક્તિ ખણજથી પીડાતી હોય, તેથી તે ખણજરૂપ વ્યાધિને હળવો કરવા માટે ખણવાની ક્રિયા કરે છે, તે ક્ષણભર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આસ્લાદ આપે છે તો પણ જીવને તે ખણવાની ક્રિયા કે ખણજની વ્યાધિ અનુકૂળ નથી પણ પ્રતિકૂળ છે; તેમ ઇંદ્રિયોના વિકારોથી વ્યાકુળ થયેલો જીવ ભોગની ક્રિયાઓ કરે છે, તેથી ક્ષણભર સુખનું વેદન કરે છે, તો પણ ખણજની ક્રિયાની જેમ તે ભોગક્રિયા કે ભોગથી થતું સુખ જીવને અતિ પ્રતિકૂળ છે.

આ રીતે ગાથા-૮૬ ના પૂર્વાર્ધમાં સાંસારિક સુખ દુઃખનું મૂળ છે, અને જીવને અતિ પ્રતિકૂળ છે તેમ બતાવીને, ગાથાના ઉત્તરાર્ધમાં મોક્ષનું સુખ શ્રેષ્ઠ છે તે બતાવે છે -

ઇંદ્રિયોની વૃત્તિથી રહિત=ઇંદ્રિયોના વિકારોથી રહિત, જીવની સહજ સ્વસ્થતારૂપ જે સુખ છે, તે સાર છે=નિરુપચરિત સુખ છે. અર્થાત્ ઇંદ્રિયોના સુખની જેમ વ્યાધિના પ્રતિકારરૂપ નથી, પરંતુ જીવના સ્વાસ્થ્યરૂપ છે. જેમ ખણજની વ્યાધિ વગરનાને સ્વસ્થતાનું સુખ હોય છે, અને ખણજની વ્યાધિવાળાને ખણવાની ક્રિયાનું સુખ હોય છે; તેમ ઇંદ્રિયોના વિકારવાળાને ખણવાની ક્રિયા જેવું સુખ હોય છે, અને ઇંદ્રિયોના વિકાર વગરનાને સ્વસ્થતાનું સુખ હોય છે, માટે તે સુખ નિરુપચરિત છે. વળી તે સુખ કર્મના ઉપશમથી થયેલું છે, જ્યારે ઇંદ્રિયોનું સુખ કર્મના ઉદયથી છે. વળી ઇંદ્રિયોનું સુખ તુચ્છ છે અને આત્મિક સુખ ઉદાર છે. આવું આત્મિક સુખ સિદ્ધમાં તો પ્રગટ છે જ, પરંતુ યોગીને અનુભવસિદ્ધ છે. **॥૮૬॥**

**બાલાવબોધ :-**

**इंद्रियसुख छइ ते दुखनुं मूल छइ, ते व्याधिप्रतिकार छइ, क्षुधाइ पीडित हुइ तिवारइ भोजन भलुं लागइ, तृसाइ होठ सूकाइ तिवारइ पाणी पीवुं भलुं लागइ, हृदयमांहिं कामाग्नि दीपइ तिवारइ मैथुनइच्छा उपजइ, ए व्याधिनां औषध छइ, सुख जाणइ ते मिथ्या, यत् सूक्तम्**

क्षुधार्तः सन् शालीन् कवलयति मांस्पाक(शाक)वलितान्,
तृषाशुष्यत्यास्ये पिबति च सुधास्वादु सलिलम् ।
प्रदीप्ते कामाग्नौ निजहृदि वृषस्यत्यथ वधूं,
प्रतीकारो व्याधेः सुखमिति विपर्यस्यत्यथ जनः ।।

- (भर्तृहरि शतक) ३-९४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**इंद्रियवृत्तिरहित ध्यानसमाधिजनित उपशमसुख छइ तेह ज सार कहितां निरुपचरित छइ, ते क्षणइ एक राग-द्वेषरहित थई आत्मामांहिं जोइइ तो अनुभवसिद्ध छइ, उक्तं च प्रशमरतौ -**

स्वर्गसुखानि परोक्षाण्यत्यन्तपरोक्षमेव मोक्षसुखम् ।
प्रशमसुखं प्रत्यक्षं न परवशं न व्ययप्राप्तम् ।। (२३७)

**तथा -**

यत् सर्वविषयकांक्षोद्भवं सुखं प्राप्यते सरागेण ।
तदनन्तकोटिगुणितं मुधैव लभते विगतरागः।। - (प्रशम-१२४)

इत्यादि।।८६।।

**અનુવાદ :-**

**इंद्रियसुख......मूल छइ** - ઇંદ્રિયોનું સુખ છે, તે દુઃખનું મૂળ છે.

**ભાવાર્થ :-**

ઇંદ્રિયોને કારણે જીવને જે જે ઇચ્છા થાય છે, તે તે ઇચ્છા પ્રમાણે જીવ જ્યારે ભોગાદિમાં પ્રવૃત્તિ કરે છે, ત્યારે જીવને ક્ષણભર સુખનું વેદન થાય છે; પરંતુ તે સુખ અર્થે જે ભોગાદિમાં યત્ન કરાય છે, તે આરંભ-સમારંભાદિરૂપ હોય છે. તેથી જ જીવ કર્મ બાંધે છે, અને તે કર્મબંધનથી અનેક ભવોમાં ઘણા પ્રકારની કદર્થના પ્રાપ્ત થાય તેવા સંસારપરિભ્રમણની પ્રાપ્તિ થાય છે. તેથી ઇંદ્રિયોનું સુખ તે દુઃખનું મૂળ છે.

**ઉત્થાન :-**

આ રીતે ફળથી સાંસારિક સુખને દુઃખરૂપ બતાવીને, સ્વરૂપથી પણ સંસારનું સુખ દુઃખરૂપ છે, તે બતાવતાં કહે છે -

**અનુવાદ :-**

**ते व्याधिप्रतिकार छइ,** - વળી તે ઇંદ્રિયોનું સુખ વ્યાધિના પ્રતિકારરૂપ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

જીવને ઇંદ્રિયોથી થયેલી મનોવૃત્તિરૂપ ભાવવ્યાધિ વર્તે છે. ભાવવ્યાધિથી વિહ્વળ થયેલો જીવ તે દુઃખને દૂર કરવા અર્થે જે કાંઈ ભોગાદિ ક્રિયા કરે છે, તેનાથી દુઃખનો ઉચ્છેદ થતો નથી પરંતુ દુઃખ કાંઈક હળવું થાય છે; તેથી ક્ષણભર જીવને સુખનો અનુભવ થાય છે.

**ઉત્થાન :-**

એ જ વાતને દૃષ્ટાંતથી બતાવે છે -

**અનુવાદ :-**

**क्षुधाइ.....भलु लागइ** - જેમ ક્ષુધાથી પીડિત થયેલો=વિહ્વળ થયેલો, હોય તે વખતે ભોજન ભલું લાગે છે=ભોજનની ક્રિયાથી રતિનો અનુભવ થાય છે. તેથી ક્ષુધાની પીડાની વિહ્વળતાના પ્રતિકારરૂપ ભોજનની ક્રિયા છે.

બીજા દૃષ્ટાંતથી બતાવે છે -

**तुसाइ.....भलु लागइ** - તૃષાથી હોઠ સુકાય છે ત્યારે પાણી પીવું ભલું લાગે છે. તેથી તૃષાથી જ્યારે હોઠ સુકાય છે ત્યારે આકુળ-વ્યાકુળ થયેલો જીવ આકુળતાના પ્રતિકારરૂપ પાણી પીવાની ક્રિયાથી રતિનો=સુખનોં, અનુભવ કરે છે.

ત્રીજું દૃષ્ટાંત બતાવે છે -

**हृदयमांहि.....ते मिथ्या,** - હૃદયમાં કામાગ્નિ પ્રદીપ્ત થાય ત્યારે મૈથુનની ઇચ્છા ઉત્પન્ન થાય છે, અને તે વખતે મૈથુનની ક્રિયા એ કામાગ્નિરૂપ વ્યાધિના ઔષધ જેવી છે. અર્થાત્ રોગને મટાડવા માટેના ઔષધ જેવી નથી, પરંતુ રોગથી વિહ્વળ થયેલાને કાંઇક હળવાશ કરવાના ઔષધ જેવી તે ભોગક્રિયા છે. તેથી ઇંદ્રિયોના સુખને જેઓ સુખ માને છે તે મિથ્યા છે, વાસ્તવિક જીવને અપ્રતિકૂળ એવું તે વેદન છે. કેમ કે ભોગકાળમાં પણ ભાવવ્યાધિની પીડાથી જીવ વિહ્વળ છે, અને સંસારની મહાપરિભ્રમણરૂપ કદર્થનાનું તે કારણ છે.

**यत् सूक्तम्** - ઇંદ્રિયોના સુખને સુખ જાણે છે તે મિથ્યા છે, જે કારણથી આ સુષ્ઠુ=સારું કહેલું છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**क्षुधार्त्तः.....जनः ।।** - ક્ષુધાથી પીડિત થયેલો જીવ શાકથી યુક્ત ભોજન કરે છે, તૃષાથી મુખ સુકાયે છતે અમૃત જેવું સ્વાદિષ્ટ પાણી પીવે છે, નિજહૃદયમાં કામાગ્નિ પ્રદીપ્ત થયે છતે પત્નીને સેવે છે, આ વ્યાધિના પ્રતિકાર છે, (તેને) મનુષ્ય સુખ એ પ્રકારે વિપર્યાસ પામે છે=વિપરીત જુએ છે.

● આ ભર્તૃહરિ શતક-૩ નો ૯૪ મો શ્લોક છે, અને ત્યાં **'मांस्पाकवलितान्'** પાઠના સ્થાને **'शाकवलितान्'** પાઠ છે, તે મુજબ અમે ઉપર અર્થ કરેલ છે.

**ઉત્થાન :-**

આ રીતે પૂર્વમાં ઇંદ્રિયોનું સુખ તે દુઃખનું કારણ છે, અને તે વ્યાધિના પ્રતિકારરૂપ હોવાથી જીવને અતિપ્રતિકૂળ છે, તે યુક્તિથી બતાવ્યું. હવે ખરેખર સુખ મોક્ષમાં જ છે એ બતાવવા અર્થે મોક્ષના કારણીભૂત એવા ઉપશમસુખને બતાવે છે -

**અનુવાદ :-**

**इंद्रियवृत्तिरहित.....अनुभवसिद्ध छइ,** - ઇંદ્રિયોની વૃત્તિથી રહિત, ધ્યાનની સમાધિથી જનિત=પેદા થયેલું, ઉપશમ સુખ છે; અને તે જ સાર= નિરુપચરિત અર્થાત્ વ્યાધિના પ્રતિકારરૂપ નથી, પરંતુ આત્માની સ્વસ્થતારૂપ છે. તે=ઉપશમસુખ, એક ક્ષણ રાગ-દ્વેષ રહિત થઈ આત્મામાં જુઓ તો અનુભવસિદ્ધ છે.

**उक्तं य प्रशमरतौ'** - ઉપશમસુખ સાર છે, તેમાં પ્રશમરતિ ગ્રંથની સાક્ષી આપતાં કહે છે -

**स्वर्गसुखानि....व्ययप्राप्तम् ।।** - સ્વર્ગસુખો પરોક્ષ છે, મોક્ષસુખ અત્યંત પરોક્ષ જ છે, પ્રશમસુખ પ્રત્યક્ષ છે અને વ્યયપ્રાપ્ત નથી.

**यत्.....इत्यादि ।।८६।।** - જે સર્વ વિષયની કાંક્ષાથી ઉત્પન્ન થયેલું સુખ સરાગી જીવ વડે પ્રાપ્ત થાય છે, તે અનંતકોટિગણું વીતરાગ વગર પ્રયત્ને મેળવે છે. **॥૮૬॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

જીવ જ્યારે તત્ત્વને જાણે છે અને જાણ્યા પછી તત્ત્વથી આત્માને ભાવિત કરે છે ત્યારે ઇંદ્રિયોના વિકારો શાંત થાય છે. તેથી જીવમાં પાંચ ઇંદ્રિયોની પદાર્થવિષયક કુતૂહલવૃત્તિ શાંત થાય છે ત્યારે ઇંદ્રિયવૃત્તિથી રહિત એવું ઉપશમ સુખ પ્રગટે છે. ઇંદ્રિયોની વૃત્તિ શાંત થયેલી હોવાને કારણે જીવનો મનોયોગ સ્વાભાવિક જ ધ્યાનમાં યત્નવાળો હોય છે, અને તે ધ્યાનને કારણે આત્મામાં સ્થિરતારૂપ સમાધિ પ્રગટે છે. તે સમાધિથી કષાયોના ઉપશમરૂપ ઉપશમનું સુખ પ્રગટે છે અને આ જ સુખ જીવ માટે સારરૂપ છે. કેમ કે, સંસારના સુખમાં જેમ વ્યાધિથી પીડાયેલો જીવ દુઃખનો પ્રતીકાર કરે છે અને તેનાથી તેને સુખ થાય છે, તેના જેવું આ સુખ નથી; પરંતુ જીવના પોતાના મૂળ સ્વભાવમાં સ્વસ્થતા પ્રગટ થવાને કારણે થયેલું આ સુખ છે. તેથી ત્યાં સુખનો ઉપચાર નથી, પરંતુ વાસ્તવિક સુખનો અનુભવ છે. જ્યારે સાંસારિક સુખમાં વ્યાધિની હળવાશમાં સુખનો ઉપચાર છે, અને આ ઉપશમનું વાસ્તવિક સુખ છે. તે જ વાત યુક્તિથી બતાવતાં કહે છે -

તત્ત્વના ભાવનથી એક ક્ષણભર પણ જીવ આત્મામાં જોવા યત્ન કરે, તો અનુભવથી તે ઉપશમનું સુખ જોઈ શકે તેમ છે. રાગ-દ્વેષ સત્તામાં પડેલા હોય છે અને જીવ તેને પ્રવર્તાવવામાં ઉપયુક્ત હોય છે, પરંતુ એક ક્ષણભર પણ સાવચેત થઇને વિષયોમાં પ્રવર્તતા રાગ-દ્વેષનો નિરોધ કરીને આત્મામાં વર્તતી સ્વસ્થતાને જોવા યત્ન કરે, તો સ્વાનુભવથી ઉપશમસુખનો અનુભવ કરી શકે છે; અને તે ઉપશમસુખના પ્રકર્ષરૂપ મોક્ષ છે, તેથી મોક્ષમાં સુખ છે.

ઉપશમસુખ સાર છે તેમાં પ્રશમરતિ ગ્રંથની સાક્ષી આપી તેનો ભાવ એ છે કે, સ્વર્ગ સાક્ષાત્ દેખાતું નથી. શાસ્ત્રના વર્ણનથી તેનું જ્ઞાન થાય છે તેથી પરોક્ષ શ્રુતરૂપ શાસ્ત્રથી સ્વર્ગસુખ જાણી શકાય છે, માટે સ્વર્ગસુખ પરોક્ષ છે.

મોક્ષસુખ અત્યંત પરોક્ષ જ છે એમ કહ્યું, તેનાથી એ કહેવું છે કે, જેમ સ્વર્ગનાં સુખો શાસ્ત્રના વર્ણનથી જણાય છે, તેમ મોક્ષનું સુખ પણ શાસ્ત્રના વર્ણનથી જણાય છે. આમ છતાં, સ્વર્ગનાં સુખોનું વર્ણન કરતાં કહેવામાં આવે છે કે, સ્વર્ગમાં સુંદર અપ્સરાઓ, સુંદર રત્નો, સુંદર અલંકારો આદિ છે, એ વર્ણનથી પરોક્ષ એવાં સ્વર્ગનાં સુખોની જીવને કાંઇક કલ્પના થઈ શકે છે. જ્યારે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોક્ષસુખના વર્ણનમાં કોઇ ભોગવિલાસનું વર્ણન નથી, ફક્ત કર્મરહિત શુદ્ધ આત્મા મોક્ષમાં છે, અને શુદ્ધ આત્મા જે પ્રકારનાં સુખો મોક્ષમાં અનુભવે છે, તે સામાન્ય રીતે જીવોને મોક્ષસુખના વર્ણનથી પ્રતીત થતાં નથી, તેથી મોક્ષનું સુખ અત્યંત પરોક્ષ જ છે તેમ કહ્યું છે.

જીવ જ્યારે સંસારમાં તત્ત્વનું ભાવન કરે છે ત્યારે, વિકારોનું શમન થવાથી જીવને પ્રશમસુખ પ્રગટે છે તે સ્વાનુભવ પ્રત્યક્ષ છે. વળી તે બાહ્ય પદાર્થોને વશ નથી માટે પરવશ નથી, અને જીવની પ્રકૃતિરૂપ હોવાથી વ્યયપ્રાપ્ત નથી. જ્યારે સંસારનું સુખ ભૌતિક પદાર્થોને આધીન હોવાથી પુણ્યના ક્ષયથી વ્યય પામે છે, કે બાહ્ય સામગ્રીના વ્યયથી પણ વ્યય પામે છે. જ્યારે જીવ પ્રશમસુખમાં યત્ન કરે અને તે પ્રગટ થયા પછી અપ્રમાદભાવથી તેમાં યત્ન ચાલુ હોય, તો તે સુખ ક્યારે પણ વ્યય પામે નહિ અને ધીરે ધીરે પ્રકર્ષને પામીને વીતરાગભાવમાં વિશ્રાંત પામે છે.

કોઈ જીવ પુણ્યના પ્રકર્ષથી પોતાની ઇચ્છા પ્રમાણે સર્વ વિષયોને પ્રાપ્ત કરીને તે જ સુખનો અનુભવ કરતો હોય, તે વખતે ભોગકાળમાં હું અત્યંત સુખી છું એ પ્રકારનો અનુભવ થાય છે, તેના કરતાં અનંતગણું સુખ વીતરાગને શ્રમ વગર મળે છે; કેમ કે સરાગી જીવને વિષયોમાંથી સુખ મેળવવા માટે ભોગનો શ્રમ કરવો પડે છે, અને તે શ્રમથી કાંઇક વિષયોની આકાંક્ષા શમે છે, તેથી જ સુખની પ્રતીતિ થાય છે; જ્યારે વીતરાગને પોતાને જે ઇષ્ટ હતું તે સર્વ પ્રાપ્ત થઇ ચૂક્યું છે, તેથી સર્વથા ઉત્સુકતા શમી ગયેલ છે; તેથી કાંઇક ઉત્સુકતાના શમનરૂપ સુખ કરતાં સંપૂર્ણ ઉત્સુકતાના શમનરૂપ વીતરાગનું સુખ અનંતગણું છે. **॥૮૬॥**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથા-૮૬ માં કહ્યું કે ઉપશમનું સુખ ઉદાર છે, તેથી હવે તે ઉપશમનું સુખ કેવી રીતે પ્રગટ થાય છે, તે બતાવવા અર્થે કહે છે -

**ચોપઇ :-**

**तिहां अभ्यास मनोरथ प्रथा, पहिला आगिं नवि परकथा ।**
**चंद्रचंद्रिका शीतलधाम, जिम सहजइ तिम ए सुखठाम ।।८७।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ :-**

**ત્યાં=ઉપશમ સુખમાં, પહેલાં અભ્યાસ અને મનોરથની પ્રથા=વિસ્તાર, હોય છે; અર્થાત્ અભ્યાસ અને મનોરથની પ્રવૃત્તિનો વિસ્તાર હોય છે. આગળમાં= અભ્યસ્ત દશામાં=નિર્વિકલ્પ દશામાં, પરકથા હોતી નથી.**

**ઉત્થાન :-**

આ રીતે ઉપશમના સુખમાં પ્રારંભમાં અને પાછળથી કેવો યત્ન હોય છે તે બતાવીને, ઉપશમનું સુખ એ જ ખરેખર પારમાર્થિક સુખ છે, તે દૃષ્ટાંતથી બતાવે છે -

**ગાથાર્થ :-**

**ચંદ્રની ચંદ્રિકા જેમ સહજ શીતળતાનું સ્થાન છે, તેમ એ=ઉપશમ, સુખનું સ્થાન છે. ॥૮૭॥**

**બાલાવબોધ :-**

**ते उपशमसुखमांहिं पहलां अभ्यास अनइ मनोरथ तेहनी प्रथा कहितां विस्तार होइ, दृष्टं चाभ्यासिकं मानोरथिकं च सुखं लोकेऽपि, पछइ निर्विकल्पकसमाधिं परद्रव्यनी कथा ज न होइं, उक्तं च ज्ञानसारे -**

परब्रह्मणि मग्नस्य श्लथा पौद्गलिकी कथा ।
क्वामी चामीकरोन्मादाः स्फारा दारादराः क्व च ? ।। (२, ४)

**अभ्यासमाश्रित्याप्युक्तं प्रशमरतौ -**

यावत् परगुणदोषपरिकीर्तने व्यापृतं मनो भवति ।
तावद् वरं विशुद्धे ध्याने व्यग्रं मनः कर्तुम् ।। (१८४)

**चंद्रनी चंद्रिका जिम सहजइ शीतल तिम आत्मस्वभावरूप उपशम छइ ते सहजइ सुखनुं ठाम छै ।।८७।।**

**અનુવાદ :-**

**ते उपशमसुखमांहि.....विस्तार होइ,** _ તે ઉપશમસુખમાં પહેલાં= પ્રારંભમાં, અભ્યાસ અને મનોરથ, તેની પ્રથા=વિસ્તાર, હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

જીવે અનાદિકાળથી ઇંદ્રિયોનું સુખ જ અનુભવ્યું છે, તેથી જીવનો મૂળ સ્વભાવ નહિ હોવા છતાં સહજ રીતે જીવની પ્રવૃત્તિ ઇંદ્રિયોના સુખમાં થાય છે. પરંતુ જ્યારે સંસારનું સ્વરૂપ અને આત્માનું સ્વરૂપ જીવ જાણે છે, ત્યારે સંસારની કદર્થનાઓથી બચવા માટે અને આત્માના સુખને મેળવવા માટે જીવને ઇચ્છા થાય છે. તેથી તે સુખ મેળવવા માટે મનોરથો કરે છે, અને સામગ્રીને અવલંબીને તે સુખ માટેનો પ્રારંભિક અભ્યાસ શરૂ કરે છે. જેમ જેમ શાસ્ત્રવચનનું અવલંબન લઈને ઉપશમસુખ માટે જીવ અભ્યાસ કરે છે, ત્યારે પોતાના મનોરથ પ્રમાણે જો તે યત્ન કરી શકે તો તે મનોરથ પુરાવાથી માનોરથિક સુખ થાય છે; અને તે શાસ્ત્રની ક્રિયાઓના અભ્યાસથી અંશે અંશે ઇંદ્રિયોના વિકાર શમવાથી આભ્યાસિક સુખ થાય છે. આ રીતે નવા નવા મનોરથો અને વિશેષ વિશેષ પ્રકારનો ઉપશમવિષયક જીવ અભ્યાસ કરે, તો વિશેષ વિશેષ પ્રકારનું ઉપશમનું સુખ અભ્યાસદશામાં આભ્યાસિક અને માનોરથિક થાય છે. તેથી જ કહ્યું કે પ્રારંભદશામાં આભ્યાસિક અને માનોરથિક સુખનો વિસ્તાર છે અર્થાત્ ક્રમસર ઉપર ઉપરની ભૂમિકાનું ઉપશમનું સુખ પ્રાપ્ત થાય છે.

અથવા પ્રારંભિક ભૂમિકામાં જે ધર્મની ક્રિયાઓ જીવ કરે છે, તે વખતે તે ક્રિયાઓથી કાંઈક અંશે ઉપશમનું સુખ પ્રગટે છે, તે અભ્યાસથી થનારું ઉપશમસુખ છે. અને તે વખતે પણ ઉપરની ભૂમિકામાં જવાનું પોતાનું સામર્થ્ય ન હોય ત્યારે ઉપરની ભૂમિકામાં જવા માટેના મનોરથો જીવ કરે છે. જેમ દેશવિરતિધર શ્રાવક દેશવિરતિની ક્રિયાથી કાંઈક અંશે ઉપશમનું સુખ પામતો હોય, અને પોતાની સર્વવિરતિની ભૂમિકા ત્યારે નહિ હોવાને કારણે તે સર્વવિરતિ ગ્રહણ કરતો નથી, તો પણ પ્રસંગે પ્રસંગે સર્વવિરતિ ગ્રહણ કરવાના મનોરથો કરે છે. જ્યારે તેવા મનોરથોને અનુકૂળ ભાવનાઓથી ચિત્ત વાસિત થાય છે, ત્યારે તે મનોરથોથી પણ કાંઇક વિશેષ પ્રકારનો ઉપશમભાવ પ્રગટે છે. તેથી પ્રારંભિક દશામાં અભ્યાસથી અને મનોરથથી ઉપશમસુખનો વિસ્તાર હોય છે, તેમ કહેલ છે.

**ઉત્થાન :-**

અભ્યાસથી અને મનોરથથી સુખ થાય છે, તે વાત અનુભવથી બતાવે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**દૃષ્ટ.....કથા જ ન હોઇં,** - અભ્યાસથી અને મનોરથથી લોકમાં પણ સુખ દેખાય છે, અને પછી નિર્વિકલ્પ સમાધિમાં પરદ્રવ્યની કથા જ ન હોય.

**ભાવાર્થ :-**

સંસારી જીવોને સંસારની ક્રિયાથી પણ પ્રથમ અભ્યાસ કરતાં કરતાં સુખ પ્રગટે છે, અને સંસારના નવા નવા મનોરથો કરવાથી સુખ પ્રગટે છે. જેમ સંસારમાં કોઇ કળા શીખવાનો અભ્યાસ કરતો હોય, ત્યારે તે કળામાં થોડી થોડી નિપુણતા મળે ત્યારે તેને માનોરથિક સુખ થાય છે; અને કળા શીખવાના પ્રયત્નથી જે પોતાને આનંદ આવે છે, તે આભ્યાસિક સુખ છે. તે જ રીતે સંસારના દરેક નવા નવા વિષયોમાં પ્રથમ આભ્યાસિક અને માનોરથિક સુખો હોય છે

અથવા તો સંસારમાં પણ જે નવી નવી કળાઓ શીખતો હોય, ત્યારે પ્રારંભિક ભૂમિકામાં તે કળાઓ વિશે આભ્યાસિક સુખ હોય છે; અને જે કળાઓ હજુ પોતાને હસ્તગત થઈ નથી, તેના મનોરથો કરીને પણ જીવ માનસિક સુખ મેળવે છે, તે માનોરથિક સુખ છે. અને જ્યારે જે વિષયોનો અભ્યાસ અતિશય થયેલો હોય છે, ત્યાં અભ્યસ્તદશામાં તે ભોગક્રિયામાં મગ્ન હોય છે, અને તેમાં મગ્નતાનો આનંદ હોય છે.

તે જ રીતે ઉપશમસુખમાં પણ પહેલાં અભ્યાસદશા હોય છે ત્યારે, આભ્યાસિક અને માનોરથિક સુખનો અનુભવ થાય છે; અને જ્યારે અભ્યાસનો અતિશય પ્રગટ થાય છે, ત્યારે જીવ નિર્વિકલ્પ સમાધિને પામે છે, તે વખતે પરદ્રવ્યની કથા જ હોતી નથી.

આશય એ છે કે, નિર્વિકલ્પસમાધિવાળા મુનિઓ કોઇ દ્રવ્ય, કોઇ ક્ષેત્ર, કોઇ કાળ કે કોઇ ભાવોમાં પ્રતિબંધવાળા નથી, પરંતુ આત્મસ્વભાવમાત્રમાં પ્રતિબંધને ધારણ કરનારા હોય છે. તેથી બાહ્ય કોઇપણ પદાર્થવિષયક અનુકૂળ-પ્રતિકૂળનો વિકલ્પ તેમનો ઊઠતો નથી. તેથી પરદ્રવ્યમાં તેમને પ્રવૃત્તિ હોતી નથી, પરંતુ આત્મસ્વભાવમાત્રમાં સહજધ્યાનથી તેમની વિશ્રાંતિ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**उक्तं च ज्ञानसारे** = એ જ વાત જ્ઞાનસારની સાક્ષીથી બતાવતાં કહે છે -

**परब्रह्मणि.....क्व च ?।।** - પરબ્રહ્મમાં મગ્ન થયેલાને પૌદ્‌ગલિકી કથા શિથિલ=નિરસ હોય છે, તેથી પરબ્રહ્મમાં મગ્ન થયેલા જીવોને આ ચામીકરનો= સુવર્ણનો, ઉન્માદ કે સ્ત્રીઓના વિશાળ આદરો ક્યાં હોય ? અર્થાત્ સ્ત્રીઓની ગમે તેવી લાગણી તેમના હૈયાને અડતી નથી.

**अभ्यासमाश्रित्याप्युक्तं प्रशमरतौ** - અભ્યાસને આશ્રયીને ઉપશમસુખ થાય છે, એ વાત પ્રશમરતિ ગ્રંથમાં કહેવાઇ છે -

**यावत्.....कर्तुम् ।।** - પરદ્રવ્યના ગુણ અને દોષને ગ્રહણ કરવામાં જ્યાં સુધી મન વ્યાપૃત થાય છે, ત્યાં સુધી ધ્યાનમાં મનને વ્યગ્ર કરવું શ્રેષ્ઠ છે.

**ભાવાર્થ :-**

જ્યાં સુધી જીવનું મન સ્વાભાવિક આત્મભાવમાં સ્થિર થયું નથી, ત્યાં સુધી તેને જો ચોક્કસ રીતે પ્રવર્તાવવામાં ન આવે, તો પોતાનાથી ભિન્ન એવા પુદ્‌ગલદ્રવ્ય કે અન્ય જીવદ્રવ્યના ગુણ-દોષને ગ્રહણ કરવામાં મન વ્યાપૃત થાય છે; અર્થાત્ આ પુદ્‌ગલ કે આ જીવ મને અનુકૂળ છે એ રૂપ ગુણ, અને આ પુદ્‌ગલ કે આ જીવ મને પ્રતિકૂળ છે એ રૂપ દોષ, ગ્રહણ કરવામાં વ્યાપૃત થાય છે. અને તેમ થવાથી જીવને ઉપશમનું સુખ પ્રગટ થતું નથી. માટે અભ્યાસદશામાં ઉપશમના સુખ માટે કેવો યત્ન કરવો જોઈએ, તે બતાવવા માટે કહે છે કે, ત્યાં સુધી વિશુદ્ધ એવા ધ્યાનમાં મનને વ્યગ્ર કરવું શ્રેષ્ઠ છે; અર્થાત્ વિશુદ્ધ એવા આત્માના સ્વરૂપને કહેનારાં સત્શાસ્ત્રોનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવા રૂપ ધ્યાનમાં મનને પ્રવર્તાવવું જીવને માટે હિતાવહ છે.

**ઉત્થાન :-**

આ રીતે ઉપશમનું સુખ પ્રથમ આભ્યાસિક હોય છે, અને અભ્યસ્ત દશામાં નિર્વિકલ્પ સમાધિરૂપ હોય છે, તેમ બતાવ્યું. હવે તે ઉપશમનું સુખ શ્રેષ્ઠ છે, તે બતાવવા અર્થે કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**चंद्रनी.....ठाम छै ।।८७।।** = ચંદ્રની ચંદ્રિકા જેમ સહજ શીતળ હોય છે, તેમ આત્મસ્વભાવરૂપ ઉપશમ છે તે સહજ સુખનું સ્થાન છે. તેથી આત્મામાં કષાયોના સંક્લેશ વગરનું સહજ શીતળતારૂપ ઉપશમસુખ છે, માટે ઉપશમનું સુખ શ્રેષ્ઠ છે. **॥૮૭॥**

**અવતરણિકા :-**

પૂર્વેગાથા-૮૬ ની અવતરણિકામાં કહેલ કે, પહેલાં મોક્ષનું સુખ સાધીએ છીએ, તેથી ગાથા-૮૬ માં પ્રથમ સંસારનું સુખ અને ઉપશમસુખ કેવું છે તે બતાવ્યું. ત્યારપછી ગાથા-૮૭ માં ઉપશમનું સુખ પ્રારંભની દશામાં=અભ્યાસ દશામાં, અને પાછળની દશામાં=અભ્યસ્ત દશામાં, કેવું હોય છે તે બતાવ્યું. હવે તે ઉપશમસુખની તરતમતા સંસારમાં દેખાય છે તેના પ્રકર્ષરૂપ મોક્ષ છે, એ વાત બતાવીને યુક્તિથી પણ મોક્ષમાં સુખ છે, તે બતાવતાં કહે છે -

**ચોપઇ :-**

**तरतमता एहनी देषीइ, अतिप्रकर्ष ते शिव लेखीइ ।**
**दोषावरणतणी पणि हाणि, इम निशेष परमपद जाणि ।।८८।।**

**ગાથાર્થ :-**

**એહની=ઉપશમસુખની, તરતમતા દેખાય છે, (તેનો) અતિપ્રકર્ષ તે શિવ=મોક્ષ, જાણો.**

**ઉત્થાન :-**

મોક્ષ સંભવી શકે છે, તે યુક્તિથી બતાવે છે -

**ગાથાર્થ :-**

**દોષ અને આવરણની હાનિ પણ (થાય છે.) એમ નિઃશેષ=સંપૂર્ણ (દોષ અને આવરણની હાનિ તે) પરમપદ જાણો. ॥૮૮॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બાલાવબોધ :-**

**एह शमसुखनी तरतमता उत्कर्षापकर्ष देषिइं, जे अतिप्रकर्ष ते शिव-मोक्ष लेखविइ, दोषावरणनी हानि पणि तरतमइ भावइ छइ, जे निःशेष ते परमपद जाणि, उक्तं च -**

दोषावरणयोर्हानिर्निःशेषाऽस्त्यतिशायनात् ।

क्वचिद् यथा स्वहेतुभ्यो बहिरन्तर्मलक्षयः ।।

**इति अष्टसहस्र्याम् (परिच्छेद १, श्लो. ४) दुःखाभावथी पणि सुख ज सिद्धनइ कहवुं ।।८८।।**

**અનુવાદ :-**

**एह.....परमपद जाणि,** - અહીંયાં=સંસારમાં, શમસુખની=ઉપશમસુખની, ઉત્કર્ષ-અને અપકર્ષરૂપ તરતમતા દેખાય છે, તેનો જે અતિપ્રકર્ષ=પ્રશમસુખનો જે અતિપ્રકર્ષ, તે શિવ=મોક્ષ, જાણો.

**ભાવાર્થ :-**

અહીં 'દોષ' શબ્દથી રાગાદિ કષાયો ગ્રહણ કરવાના છે, અને 'આવરણ' શબ્દથી જ્ઞાનનું આવરણ ગ્રહણ કરવાનું છે. સંસારમાં જીવોને રાગાદિ દોષો દેખાય છે અને જ્ઞાનના આવરણને કારણે અજ્ઞાનતા દેખાય છે, અને જીવના પ્રયત્નથી રાગાદિ દોષોની હાનિ અને સમ્યગ્ જ્ઞાન માટેના પ્રયત્નથી જ્ઞાનાવરણીય કર્મની હાનિ દેખાય છે. તે રીતે તરતમભાવથી દોષની અને આવરણની હાનિ પ્રાપ્ત થાય છે, જે સંસારમાં પ્રત્યક્ષ સિદ્ધ છે. તે દોષ અને આવરણની સંપૂર્ણ હાનિ થવાથી જીવમાં રાગાદિ દોષરહિત અવસ્થારૂપ વીતરાગતા પ્રગટે છે, અને જ્ઞાનાવરણીયના નિઃશેષ=સંપૂર્ણ, અપગમથી પૂર્ણજ્ઞાન પ્રગટે છે, તે જ પરમપદ છે તેમ જાણો.

યદ્યપિ દોષ અને આવરણના સંપૂર્ણ ક્ષયથી કેવલજ્ઞાનની અવસ્થા પ્રાપ્ત થાય છે, પરંતુ તે અવસ્થા પ્રાપ્ત થયા પછી અવશિષ્ટ=બાકી રહેલાં, અઘાતી કર્મો ભવના અંતે ક્ષય થવાથી અવશ્ય મોક્ષ મળે છે, તેથી કેવલજ્ઞાનની અવસ્થાને પરમપદ તરીકે અહીં ગ્રહણ કરેલ છે. આ દોષ અને આવરણની હાનિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુભવસિદ્ધ છે, તેના બળથી વીતરાગતા અને સર્વજ્ઞતાનું અનુમાન કરીને મોક્ષની સિદ્ધિ કરેલ છે.

**અનુવાદ :-**

**उक्तं च** = દોષ અને આવરણની તરતમતાની હાનિથી મોક્ષની સિદ્ધિ થાય છે, તેમાં સાક્ષી બતાવે છે -

**दोषावरणयोः.....सिद्धनइ कहवुं ।।८८।।** - દોષ અને આવરણની હાનિ છે, તેથી કોઇક ઠેકાણે અતિશયને કારણે નિઃશેષ=સંપૂર્ણ, હાનિ છે. જે પ્રકારે સ્વહેતુઓથી બહારના અને અંદરના મળનો ક્ષય થાય છે=જે પ્રકારે સુવર્ણની શુદ્ધિના હેતુઓથી સુવર્ણના બહારના અને અંદરના મળનો ક્ષય થાય છે, એ પ્રકારે અષ્ટસહસ્રી ગ્રંથમાં કહેલ છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં અષ્ટસહસ્રી ગ્રંથના કથનથી સ્થાપન કર્યું કે, કોઈક જીવમાં દોષ અને આવરણનો પૂર્ણ ક્ષય થઈ શકે છે. તેથી દોષ અને આવરણના ક્ષયને કારણે જીવને દુઃખનો અભાવ પ્રાપ્ત થશે, પણ સુખ પ્રાપ્ત નહિ થાય; એવી કોઈને શંકા થાય. તેથી કહે છે -

**અનુવાદ :-**

દુઃખાભાવથી પણ સિદ્ધોને સુખ જ છે તેમ કહેવું. **॥૮૮॥**

**ભાવાર્થ :-**

જે પ્રમાણે સુવર્ણની શુદ્ધિના હેતુઓથી ખાણમાંથી નીકળેલા સુવર્ણની શુદ્ધિ કરાય છે ત્યારે, સુવર્ણની ઉપર લાગેલા મળનો અને સુવર્ણ સાથે એકમેક થયેલા મળનો ક્ષય થાય છે, તેથી શુદ્ધ સુવર્ણ પ્રાપ્ત થાય છે; તેમ આત્મા ઉપર બાહ્ય મળ જેવાં જ્ઞાનાવરણીયાદિકર્મ અને અંદરના મળસ્થાનીય કાષાયિક ભાવોરૂપ દોષો, તેનો સંપૂર્ણ ક્ષય થાય છે.

અહીં કોઇને પ્રશ્ન થાય કે સુવર્ણમાં તેના હેતુઓથી બાહ્ય અને અંતર્મલ ક્ષય થાય છે તે પ્રત્યક્ષસિદ્ધ છે, પરંતુ તે દૃષ્ટાંતના બળથી આત્મામાં બાહ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મલસ્થાનીય આવરણ અને અંતર્મલસ્થાનીય આત્માના દોષોનો નિઃશેષ=સંપૂર્ણ, નાશ થાય છે તે કઇ રીતે નક્કી થાય ? કેમ કે સુવર્ણમાં તેવો સંભવ હોય એટલા માત્રથી, આત્મામાં દોષ અને આવરણનો નિઃશેષ=સંપૂર્ણ, નાશ થાય તેવું અનુમાન થઇ શકે નહિ, તેથી યુક્તિથી બતાવે છે -

દોષ અને આવરણની તરતમતાની હાનિ તેના હેતુઓથી પ્રત્યક્ષસિદ્ધ છે, તેથી કોઇક સ્થાને તેની પૂર્ણ હાનિ પણ હોવી જોઈએ. જેમ સુવર્ણમાં તેના હેતુઓથી તરતમતાની હાનિ પણ દેખાય છે અને પૂર્ણ હાનિ પણ દેખાય છે. તે આ પ્રમાણે -

સંસારમાં પ્રયત્નથી જ્ઞાનાવરણીયાદિ કર્મની હાનિ તેમજ રાગાદિ દોષોની હાનિ તરતમતાથી થતી દેખાય છે, જે પ્રયત્નના પ્રકર્ષથી કોઈક જીવમાં તેની પૂર્ણ હાનિ હોવી જોઈએ, તેમ અનુમાન થઈ શકે છે; અને તે જીવ વીતરાગ અને સર્વજ્ઞ છે, તેમ નક્કી થાય છે; આ પ્રકારે અષ્ટસહસ્રી ગ્રંથમાં કહેલ છે.

સંસારમાં જીવોને કર્મ જ દુઃખને આપનારાં છે, અને કર્મનાશથી દુઃખનો પૂર્ણ નાશ થાય છે, આથી જન્મ-જરા-મરણાદિરૂપ દુઃખોનો પૂર્ણ ઉચ્છેદ થાય છે, તે મોક્ષ છે. ત્યાં દુઃખાભાવથી પણ સિદ્ધના જીવોને સુખ જ છે, તેમ કહેવું. કેમ કે, જીવ ચેતન છે, અને તેને કોઈ દુઃખનો અનુભવ ન હોય તો, સુખનો જ અનુભવ થાય છે. જેમ શરીરમાં કોઈ રોગ ન હોય તો આરોગ્યના સુખનો જ અનુભવ થાય છે.**॥૮૮॥**

**અવતરણિકા :-**

ગાથા-૮૮ ના અંતે કહ્યું કે દુઃખાભાવથી પણ સિદ્ધને સુખ જ કહેવું, તેથી હવે સિદ્ધમાં દુઃખાભાવ કઇ રીતે છે, તે બતાવતાં કહે છે -

**ચોપઇ :-**

**दुख होवइ मानस-शारीर, जिहां लगैं मनतनुवृत्तिसमीर ।**
**तेह टलइ नासइ दुक्ख, नहि उपचारविसेसइं मुक्ख ।।८९।।**

**ગાથાર્થ :-**

**જ્યાં સુધી મન અને શરીરની વૃત્તિરૂપ પવન હોય ત્યાં સુધી શારીરિક અને માનસિક દુઃખ થાય; તે ટળે=શરીર અને મન ટળે, દુઃખનો નાશ થાય; અને દુઃખ નહિ તે ઉપચારવિશેષે મોક્ષ છે. ॥૮૯॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બાલાવબોધ :-**

**मननुं अनइ शरीरनुं दुख होइ तिहां लगइ, जिहां लगइ मनतनुवृत्तिरूप समीर कहितां वायु विस्तारवंत हुइ, तेह टलइ तिवारइं निस्तरंग समुद्रसमान आत्मदशा होइ; दुःख नहीं, उपचारविशेषइ ते मोक्ष कहिइ, उक्तं च प्रशमरतौ-**

देहमनोवृत्तिभ्यां भवतः शारीरमानसे दुःखे ।
तदभावात् तदभावे सिद्धं सिद्धस्य सिद्ध(द्धि)सुखम् ।। (२९६) ।।८९।।

**અનુવાદ :-**

**मननुं.....उपचारविशेषइ ते मोक्ष कहिइ** - જ્યાં સુધી મન અને શરીરની વૃત્તિરૂપ પવન વિસ્તાર પામે છે ત્યાં સુધી મન અને શરીરનું દુઃખ હોય છે. તે ટળે ત્યારે=શરીર અને મન ટળે ત્યારે, નિસ્તરંગ સમુદ્ર સમાન આત્મદશા હોય છે. અને નિસ્તરંગ સમુદ્ર સમાન આત્મદશા તે દુઃખ નથી, અને તેવી આત્મદશાને ઉપચારવિશેષથી મોક્ષ કહેવાય છે.

**ભાવાર્થ :-**

સંસારમાં શરીર અને મનનું દુઃખ હોય છે તેનું કારણ સંસારી જીવોને શરીર અને મનની પ્રાપ્તિ છે, અને તેને કારણે મનની વૃત્તિ અને શરીરની વૃત્તિરૂપ પવન વાય છે; અર્થાત્ મનની અંદરમાં જલ્પવિકલ્પો થાય છે, અને શરીરના કારણે ક્ષુધા-તૃષા આદિ પરિણામો થાય છે, તે રૂપ પવન વાય છે, તેને કારણે, માનસિક વ્યગ્રતા કે શારીરિક પીડારૂપ દુઃખો થાય છે. જ્યારે સાધનાથી જીવ શરીર અને મન વગરનો થઇ જાય, ત્યારે સ્થિર સમુદ્રના જેવી આત્માની સ્થિર અવસ્થા પ્રગટ થાય છે. તે આત્મદશા દુઃખરૂપ નથી, કેમ કે દુઃખના કારણરૂપ મન અને શરીરની વૃત્તિ નથી. આવી આત્મદશાને ઉપચારવિશેષથી મોક્ષ કહેવાય છે, કેમ કે 'મોક્ષ' શબ્દથી વાચ્ય કર્મરહિત અવસ્થા છે. જ્યારે જીવ કર્મરહિત થાય ત્યારે તેના ફળરૂપે નિસ્તરંગ સમુદ્ર જેવી આત્મદશા પ્રગટ થાય છે, તે આત્મદશારૂપ કાર્યમાં 'મોક્ષ' શબ્દનો ઉપચાર કરીને તે આત્મદશાને મોક્ષ કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**'उक्तं च प्रशमरतौ'** - પૂર્વમાં સ્થાપન કર્યું કે, શરીર અને મનના અભાવમાં મન અને શરીરની વૃત્તિ નહિ હોવાથી સિદ્ધમાં દુ:ખ નથી, તેમાં પ્રશમરતિ ગ્રંથની સાક્ષી આપતાં કહે છે -

**देह मनोवृत्तिभ्यां.....।।८९।।** - દેહ અને મનની વૃત્તિ દ્વારા શારીરિક અને માનસિક દુ:ખ થાય છે, અને તેના અભાવથી=દેહ અને મનની વૃત્તિના અભાવથી, તેના અભાવમાં=શારીરિક અને માનસિક દુ:ખના અભાવમાં, સિદ્ધિનું સુખ સિદ્ધને સિદ્ધ થાય છે.

● પ્રશમરતિના સાક્ષીપાઠમાં **सिद्धसुखम्** પાઠ છે, ત્યાં પ્રશમરતિ ગ્રંથમાં **'सिद्धिसुखम्'** પાઠ છે તે સંગત છે. તેથી તે મુજબ અર્થ કરેલ છે. **॥૮૯॥**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથા-૮૯ માં મોક્ષમાં દુ:ખ નથી તે બતાવ્યું, અને તેના દ્વારા અર્થથી સિદ્ધમાં સુખ છે તેમ ગ્રહણ કરવાનું છે. હવે સિદ્ધમાં સુખ કઈ રીતે છે, તે બતાવતાં કહે છે -

**ચોપઇ :-**

**सर्व शत्रुक्षय सर्व ज रोग, अपगम सर्वारथ संयोग ।**
**सर्वकामनापूरति सुक्ख, अनंतगुण तेहथी मुखसुक्ख ।।९०।।**

**ગાથાર્થ :-**

**સર્વ શત્રુનો ક્ષય, સર્વ જ રોગોનો અપગમ=નાશ, સર્વ(ઇષ્ટ) અર્થનો સંયોગ અને સર્વ કામનાઓની પૂર્તિરૂપ સુખ છે, તેથી=તે કારણથી મોક્ષનું સુખ અનંતગણું છે. ॥૯૦॥**

**બાલાવબોધ :-**

कोइनइ घणा शत्रु छइ तेहनइ एक शत्रु क्षय सांभलिइं केहवुं सुख होइ ? सर्वशत्रु क्षयइं महासुख होइ, तेहमां स्युं कहवुं ? इम सर्व रागादिशत्रुक्षयजनित अतिशयित सुख मोक्षमांहिं छइ; तथा सोल रोग जमग-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

समग ऊपना होइ तेहमांहिलो १ रोग टल्यइ घणुं सुख ऊपजइ १६ टल्यइ तो पूरुं ज सुख उपजइ, तिम सर्वकर्मव्याधिविलयजनित सिद्धनइ सुख छइ; एक अर्थयोगइ सुख ऊपजइ तेहथी सर्वार्थयोगइ अनंतगुण, इम सर्वअर्थसहजगुणसिद्धिजनित मोक्षमांहिं सुख छइ; एक इच्छा पूर्ण थातां सुख ऊपजइ तो सर्व इच्छा पूर्ण थातां अनंतगुण ज होइ, इम सर्व अनिच्छारूप वैराग्येच्छा पूर्ण थातां अनंत सुख सिद्धनइं छइ ।

उक्तं च विंशिकायाम् -

तह सव्वसत्तु-सव्ववाहि-सव्वट्ठ-सव्वमिच्छाणं ।
खय-विगम-जोग-पत्तीहिं होइ तत्तो अणंतगुणं ।।

- (२०,३,) इत्यादि।।९०।।

**અનુવાદ :-**

**कोइनइ.....मोक्षमाहिं छइ,** - કોઇ વ્યક્તિને ઘણા શત્રુ છે, તેને એક શત્રુનો ક્ષય સાંભળીને કેવું સુખ થાય ? અર્થાત્ ઘણું સુખ થાય, અને સર્વ શત્રુના ક્ષયે મહાસુખ થાય તેમાં શું કહેવું ?

આ રીતે સર્વ રાગાદિશત્રુક્ષયજનિત અતિશય સુખ-મોક્ષમાં છે.

**तथा सोल रोग.....सिद्धनइ सुख** - અને કોઈને સોળ રોગ જમગ-સમગ નામના ઉત્પન્ન થયા હોય, તેમાંથી એક રોગ ટળે ઘણું સુખ ઊપજે, અને સોળ રોગ ટળે તો પૂરું જ સુખ ઊપજે=ઉત્પન્ન થાય. તેમ સર્વ કર્મવ્યાધિના વિલયજનિત સિદ્ધને સુખ છે.

**ઉત્થાન :-**

આ રીતે બે પ્રતિકૂળ ભાવોના ક્ષયથી ઉત્પન્ન થતાં બે પ્રકારનાં સુખો બતાવ્યાં, હવે અનુકૂળ ભાવોની પ્રાપ્તિથી થતા સુખને બતાવે છે.

**અનુવાદ :-**

**एक अर्थयोगइ.....सुख छइ,** - એક અર્થના યોગથી=એક ઇષ્ટ અર્થના યોગથી, સુખ ઉપજે છે, તેથી સર્વ અર્થના યોગે=બધા ઇષ્ટ અર્થના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગે, અનંતગણું સુખ થાય. એમ સર્વ અર્થરૂપ જે સહજ ગુણ, તેની સિદ્ધિથી જનિત=પેદા થયેલું, મોક્ષમાં સુખ છે.

**ઉત્થાન :-**

આ રીતે ઇષ્ટ અર્થની પ્રાપ્તિથી થતું સુખ બતાવ્યું. હવે ઇચ્છાની પૂર્તિથી થતા સિદ્ધના સુખને બતાવે છે -

**અનુવાદ :-**

**एक इच्छा.....सिद्धनइं छइ,** - એક ઇચ્છા પૂર્ણ થતાં સુખ ઉત્પન્ન થાય છે, તો સર્વ ઇચ્છા પૂર્ણ થતાં અનંતગણું જ સુખ થાય. એમ સર્વ અનિચ્છારૂપ વૈરાગ્યની ઇચ્છા પૂર્ણ થતાં અનંત સુખ સિદ્ધને છે.

**उक्तं च विंशिकायाम्** - એ જ વાતને વિંશિકાની સાક્ષીથી બતાવે છે -

**तह सव्वसत्तु.....इत्यादि ।।९०।।** - જે કારણથી સર્વ શત્રુનો ક્ષય તથા સર્વ વ્યાધિનો વિગમ, સર્વ અર્થનો યોગ અને સર્વ ઇચ્છાની પ્રાપ્તિ થાય છે, તે કારણથી (સિદ્ધનું સુખ) અનંતગુણ છે. ઇત્યાદિ કથન છે. **॥૯૦॥**

● અહીં **तह सव्वसत्तु** પાઠ છે. ત્યાં વિંશિકામાં **'जं सव्वसत्तु तह'** પાઠાંતર છે, તે મુજબ અર્થ કરેલ છે.

**ભાવાર્થ :-**

(૧) કોઇ વ્યક્તિને બાહ્ય શત્રુ ટળે ત્યારે તેનાથી થતા ઉપદ્રવો ટળે છે તેથી સુખ થાય છે, અને જ્યારે સર્વ શત્રુઓ ટળી જાય ત્યારે ઘણું સુખ થાય છે. તે રીતે આત્માને અંતરંગ રીતે ઉપદ્રવ કરનારા રાગાદિ શત્રુઓ છે; અને સાધનાકાળમાં તે રાગાદિ શત્રુઓ અલ્પ પણ ઓછા થાય છે ત્યારે, તે રાગાદિ શત્રુઓ દ્વારા થતા ઉપદ્રવના શમનથી કાંઇક સુખ થાય છે. અને જીવનો જ્યારે મોક્ષ થાય છે ત્યારે તે રાગાદિ સર્વ શત્રુઓનો નાશ થાય છે, તેથી મોક્ષમાં અતિશયિત સુખ છે.

(૨) કોઈ વ્યક્તિને શરીરમાં ઘણા રોગો હોય, તેમાંથી સર્વ રોગો ટળે ત્યારે ઘણું સુખ થાય છે; તેમ આત્માને કર્મરૂપ વ્યાધિ છે, અને સિદ્ધ અવસ્થામાં સર્વકર્મરૂપ વ્યાધિનો ક્ષય થાય છે, તેથી સિદ્ધ અવસ્થામાં ઘણું સુખ પ્રગટે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં વિશેષ એ છે કે, રાગાદિ શત્રુઓનો ક્ષય ૧૨ મા ગુણસ્થાનકે થાય છે, તેથી રાગાદિશત્રુક્ષયકૃત સુખ વીતરાગને પણ હોય છે; પરંતુ સર્વકર્મક્ષયકૃત સુખ સિદ્ધને જ હોય છે.

(૩) સંસારમાં જેમ શત્રુના નાશથી અને રોગના નાશથી સુખ થાય છે, તેમ શરીર, ઇંદ્રિય અને મનને અનુકૂળ પદાર્થના સંયોગથી પણ સુખ થાય છે. આમ છતાં, સંસારવર્તી કોઇપણ જીવને સર્વ ઇષ્ટ અર્થનો સંયોગ સદાકાળ માટે ક્યારેય મળતો નથી. ક્વચિત્ પુણ્યના પ્રકર્ષથી ઘણા ઇષ્ટ અર્થનો સંયોગ થાય, તો પણ કોઇક ઇષ્ટ અર્થની અપ્રાપ્તિ પણ પ્રાયઃ હોય; અને કદાચ બધા ઇષ્ટ અર્થની પ્રાપ્તિ થાય, તો પણ સદાકાળ માટે તે સંભવે નહિ. તેથી ઇષ્ટ અર્થની પ્રાપ્તિથી થતું સુખ પણ અધૂરું જ હોય છે. જ્યારે સિદ્ધમાં સર્વ ઇષ્ટ અર્થના સંયોગનું સુખ હોય છે, તે આ રીતે -

જીવને પોતાને ઇષ્ટ અર્થ પોતાના સહજ ગુણો છે, અને તે સર્વ સહજ ગુણો સિદ્ધોને પ્રગટી ગયા છે, તેથી સર્વ અર્થની તેમને સિદ્ધિ થઇ ચૂકી છે. સામાન્ય રીતે સંસારી જીવોને પણ ઇંદ્રિયોને અનુકૂળ હોય તેવા જ ઇષ્ટ અર્થનો સંયોગ ઇષ્ટ છે, પ્રતિકૂળ નહિ; તેમ આત્માને માટે ઇષ્ટ આત્માના સહજ ગુણો છે, પરંતુ આત્માને પ્રતિકૂળ એવા આત્માના વિકૃત ભાવો નહિ. સાધના દ્વારા જ્યારે તે સહજ ગુણો બધા પ્રગટી જાય ત્યારે, હવે પોતાને ઇષ્ટ એવા કોઇ અર્થના સંયોગની ખામી સિદ્ધમાં નથી, તેથી સર્વ ઇષ્ટ અર્થના સંયોગનું સુખ સિદ્ધોને છે.

(૪) સંસારમાં જેમ ઇષ્ટ અર્થના સંયોગથી સુખ થાય છે, તેમ પોતાની ઇચ્છાઓ પૂર્ણ થતાં પણ સુખ થાય છે. કોઇને એકાદ ઇચ્છા પૂર્ણ થવાથી સુખ થાય છે, તો સર્વ ઇચ્છાઓ પૂર્ણ થાય તો અનંતગણું સુખ થાય.

જીવને જ્યારે વિવેક પ્રગટે છે ત્યારે અનિચ્છાની ઇચ્છા થાય છે. કેમ કે સંસારમાં કોઇ પણ વસ્તુની ઇચ્છા થાય ત્યારે, તે ઇચ્છાના વિષયભૂત પદાર્થો તેને અનુકૂળ હોય તેની જ ઇચ્છા થાય છે, પ્રતિકૂળ હોય તેની ઇચ્છા થતી નથી. તેમ આત્માને અનિચ્છાનો ભાવ છે તે જ અનુકૂળ છે, અન્ય કોઇ ભાવ અનુકૂળ નથી, તેથી વિવેકીને અનિચ્છાની જ ઇચ્છા પ્રગટે છે. જ્યારે સાધના દ્વારા અનિચ્છા પ્રગટે છે, ત્યારે જીવની સર્વ ઇચ્છાઓ પૂર્ણ થાય છે; કેમ કે અનિચ્છાને લક્ષમાં રાખીને જ સાધક આત્માઓ તેના ઉપાયભૂત સર્વ પદાર્થની ઇચ્છા કરે છે. જ્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનિચ્છા પ્રગટે છે ત્યારે હવે કાંઇ ઇચ્છા રહેતી નથી, તેથી સર્વ ઇચ્છાની પૂર્તિનું સુખ સિદ્ધોને છે. આ પ્રકારના સંસારી જીવોના અનુભવથી મોક્ષનું સુખ અનંત છે, એમ ગ્રંથકારે બતાવ્યું છે. **॥૯૦॥**

**અવતરણિકા :-**

**अनंत मोक्ष गए संसार शून्य किम नथी ? एहवुं पूछ्युं छइ तेहनो उत्तर कहइं छइ -**

**અવતરણિકાર્થ :-**

અનંતા મોક્ષમાં ગયા તો સંસાર શૂન્ય કેમ નથી ? એ પ્રકારે ગાથા-૮૨ માં મોક્ષને નહિ માનનાર વ્યક્તિએ પૂછયું, તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે -

**ચોપઇ :-**

**घटइ न राशिं अनंतानंत, अक्षत भवनइं सिद्ध अनंत ।**
**परमित जीवनयइं भव रिक्त, थाइ जन्म लहइ कइ मुक्ति ।।९१।।**

**ગાથાર્થ :-**

**સંસારમાં જીવોની અનંતાનંત સંખ્યા છે, તે ઘટતી નથી= જીવો મોક્ષમાં જાય છે એ અપેક્ષાએ સંખ્યા ઘટતી હોવા છતાં અનંતાનંત રૂપ સંખ્યા છે, તે અનંતાનંત રહે છે.**

**આ અનંતાનંત રાશિ ઘટતી નથી, તેથી ભવ=સંસાર, અક્ષત છે = સદા માટે છે, (અને) સિદ્ધ અનંત છે. જો જીવની રાશિ અનંતાનંત ન હોય અને પરિમિત હોય, તો (જીવો સદા મોક્ષમાં જવાને કારણે) ભવ ખાલી થાય, કાં તો મુક્તિ પામીને (જીવ) જન્મ લહે. (તો જ અક્ષત ભવ રહી શકે.) ॥૯૧॥**

**બાલાવબોધ :-**

अनंतानंत राशि होइ ते घटइ नहीं ते माटइं भव कहितां संसार ते अक्षत कहितां आषो छइ, अनइ सिद्ध पण अनंत छइ, समयानंत संख्याथी जीवानंतसंख्या घणी मोटी छइ तिहां किस्योइ बाध नथी, जे मित ज जीव कहइ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**छइ तेहनइ संसार षाली थाइ, कइ मोक्षमांहिथी इहां आव्या जोइइ, उक्तं च -**

मुक्तोऽपि वाऽभ्येतु भवं भवे (भवो) वा भवस्य (भवस्थ) शून्योऽस्तु मितात्मवादे ।
षड्जीवकायं त्वमनन्तसंख्यमाख्यस्तथा नाथ यथा न दोषः ।।

(स्याद्वादमञ्जर्याम्) (अन्य.योग० २९)

**जिवारइं पूछिइं भगवंत कहइ जे-एक निगोदनो अनंतभाग मोक्षइं गयो । एहवइ अनंत जीववादइ किस्युंइ बाधक नथी ।।९१।।**

● સ્યાદ્વાદમંજરીના પાઠમાં 'भवे वा' પાઠ છે, ત્યાં સ્યાદ્વાદમંજરીમાં 'भवो वा' પાઠ છે, અને 'भवस्य शून्यो' પાઠ છે, ત્યાં 'भवस्थशून्यो' પાઠ છે.

**અનુવાદ :-**

**अनंतानंत.....आव्या जोइइ,** - અનંતાનંત રાશિ છે તે ઘટતી નથી= ઓછી થતી નથી. તે માટે ભવ=સંસાર તે અક્ષત=આખો છે, અને સિદ્ધ પણ અનંત છે. સમય અનંત સંખ્યાથી જીવ અનંતી સંખ્યા ઘણી મોટી છે. ત્યાં= સંસારમાંથી અનાદિકાળથી જીવો મોક્ષમાં જાય છે, છતાં સંસાર અક્ષત સ્વીકારવામાં, કોઇ બાધ નથી. જે મિત=પરિમિત, જીવો કહે છે, તેમને સંસાર ખાલી થાય, કાં તો મોક્ષમાંથી જીવ અહીં આવવા જોઈએ.-

**ભાવાર્થ :-**

સંસારમાં જીવોની રાશિ અનંતાનંત સંખ્યાવિશેષવાળી છે. તેમાંથી મોક્ષમાં જવાનું અનાદિકાળથી ચાલુ હોવા છતાં, અને તેને કારણે સંસારમાં જીવોની સંખ્યા ઘટતી હોવા છતાં, તે સંખ્યાની રાશિ અનંતાનંત રાશિ કરતાં ઓછી થતી નથી. ફક્ત પૂર્વ પૂર્વ કાળમાં તે અનંતાનંત સંખ્યા મોટી હતી, પછી જેમ જેમ જીવો મોક્ષમાં જાય છે તેમ તેમ તે અનંતાનંત સંખ્યા પૂર્વની અપેક્ષાએ નાની થાય છે; તો પણ અનંતાનંતરૂપ જ રહે છે, જેથી સંસાર ખાલી થતો નથી; અર્થાત્ જીવો બધા મોક્ષમાં પહોંચી જાય, અને સંસારમાં કોઇ રહે નહિ, તેવો પ્રસંગ પ્રાપ્ત થતો નથી. વળી સિદ્ધો પણ અનાદિકાળથી થઈ રહ્યા છે અને તેઓની સંખ્યા અનંત છે, નવા નવા સિદ્ધો થવાને કારણે સિદ્ધોની સંખ્યામાં વધારો થાય છે, તો પણ સંસાર ખાલી થતો નથી; તેનું કારણ સમય અનંત સંખ્યાથી જીવની અનંત સંખ્યા ઘણી મોટી છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ કાળ અનાદિનો છે અને અનંત છે, તે ભૂતકાળ અને ભવિષ્યકાળના દરેક સમયોની સંખ્યા અનંત છે, તેના કરતાં જીવની સંખ્યા ઘણી મોટી છે. માટે મોક્ષમાં જવાનું ચાલુ હોવા છતાં સંસાર ખાલી થવાની આપત્તિ આવતી નથી. પરંતુ જેઓ સંસારમાં પરિમિત એવા અનંત જીવોને સ્વીકારે છે, તેમના મતે જો અનાદિકાળથી મોક્ષે જવાનું ચાલુ હોય તો સંસાર ખાલી થવાની આપત્તિ આવે, કાં તો સાધના કરીને મોક્ષમાં ગયા પછી ફરી જીવ સંસારમાં આવે છે તેમ માનવું પડે. તો જ સંસાર અક્ષત છે તેમ તેમના મતમાં સંગત થાય.

**ઉત્થાન :–**

જેઓ સંસારમાં પરિમિત જીવ માને છે તેમના મતમાં આ સંસાર ખાલી થવાની આપત્તિ આવે, કાં મોક્ષમાં ગયેલા ફરી સંસારમાં પાછા આવે, તેમ સ્વીકારવાની આપત્તિ ગાથાના ઉત્તરાર્ધમાં બતાવી, તેમાં સાક્ષી આપતાં કહે છે -

**અનુવાદ :–**

**उक्तं च** = અને કહ્યું છે -

**मुक्तोऽपि.....यथा न दोषः ।।** - મિતાત્મવાદમાં મુક્ત પણ ભવને પામે, અથવા ભવ=સંસાર, ભવસ્થ જીવોથી શૂન્ય થાય. હે નાથ ! જે પ્રકારે દોષ નથી, તે પ્રકારે ષડ્જીવનિકાય અનંત સંખ્યાવાળો આપે કહ્યો છે.

**ઉત્થાન :–**

ઉપરમાં કહેલ સાક્ષીપાઠથી એ બતાવ્યું કે, ભગવાને તે પ્રકારે જીવની સંખ્યા બતાવી છે કે જેથી સદા જીવો મોક્ષમાં જાય છે, છતાં સંસાર ખાલી થવાની આપત્તિ આવતી નથી. તેથી હવે ભગવાને જીવોની કેટલી સંખ્યા બતાવી છે, તે બતાવતાં કહે છે -

**અનુવાદ :–**

**जिवारइं.....बाधक नथी ।।९१।।** - જ્યારે=જે વખતે, ભગવાનને કોઇ પૂછે ત્યારે ભગવાન કહે છે કે, "એક નિગોદનો અનંતમો ભાગ મોક્ષે ગયો." આવા પ્રકારના અનંત જીવવાદમાં સદા મોક્ષે જવાનું ચાલુ હોવા છતાં ક્યારે પણ સંસાર ખાલી થવાની આપત્તિરૂપ કોઇ બાધક નથી. **॥૯૧॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

ગમે ત્યારે=વર્તમાનમાં કે ભવિષ્યમાં કે ઘણા કાળ પછી, ભગવાનને પૂછવામાં આવે છે કે કેટલા જીવો મોક્ષે ગયા ? તો ભગવાન એક જ જવાબ કહે છે કે, એક નિગોદનો અનંતમો ભાગ મોક્ષે ગયો. તેથી એ પ્રાપ્ત થાય કે, જીવોની સંખ્યાનો જથ્થો ઘણો મોટો છે. તેમાંથી સદા મોક્ષમાં જીવો જાય છે, તેથી તે સંખ્યા ઘટે છે, તો પણ મોક્ષમાં જનારા જીવોની સંખ્યા સદા નાની જ રહે છે. આમ તો મોક્ષમાં ગયેલા જીવો અનંતા છે, અને સતત તેમાં વૃદ્ધિ થાય છે, તો પણ તે સંખ્યા સંસારવર્તી અન્ય જીવોની સંખ્યાની અપેક્ષાએ સદા નાની જ રહેવાની. આ પ્રકારની સંસારના જીવોની વ્યવસ્થા સ્વીકારીએ તો, ક્યારેય સંસાર ખાલી થવાની આપત્તિ કે મોક્ષમાં ગયેલ જીવોને ક્યારેય સંસારમાં પાછા આવવાની આપત્તિ આવતી નથી. આ રીતે સંસારની વ્યવસ્થા, અને સાધના દ્વારા મોક્ષ પામવાની વ્યવસ્થા, સદા ચાલુ સ્વીકારવામાં કોઇ બાધ નથી. **॥૯૧॥**

**અવતરણિકા :-**

**कहिउ तेह ज स्पष्टपणि कहइ छइ -**

**અવતરણિકાર્થ :-**

ગાથા-૯૧ના અંતે કહ્યું કે, જ્યારે ભગવાનને પૂછવામાં આવે છે ત્યારે ભગવાન કહે છે કે, એક નિગોદનો અનંતમો ભાગ મોક્ષમાં ગયો. એ પ્રમાણે જે કહ્યું તેને જ સ્પષ્ટ કરતાં ગાથામાં કહે છે -

**ચોપઇ :-**

**थया अने थास्ये जे सिद्ध, अंश निगोद अनंत प्रसिद्ध ।**
**तो जिनशासन सी भयहाणिं, बिंदु गयै जलधि सी काणि ।।९२।।**

**ગાથાર્થ :-**

**થયા અને થશે જે સિદ્ધ**=જે સિદ્ધ થયા અને જે સિદ્ધ થશે, **તે અંશ છે**=એક **નિગોદનો અંશ છે, અને નિગોદ અનંત છે એમ પ્રસિદ્ધ છે. તો**=તેથી, **જિનશાસનમાં ભયહાનિ શી ? બિંદુ ઓછું થાય તો સમુદ્રમાં શું કાણું પડે ? ॥૯૨॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

સંસારમાંથી સદા મોક્ષમાં જીવો જતા હોય તો એક દિવસ સંસાર ખાલી થઈ જશે, એ પ્રકારે સંસારમાં જીવોની હાનિ પ્રાપ્ત થશે. અને સંસારમાં જીવો ન હોય તો વર્તમાનમાં દેખાતા સંસારની સંગતિ કઈ રીતે કરવી ? એ પ્રકારનો ભય થશે. કેમ કે કાળ આદિ વગરનો અનંત છે. તેથી ભૂતકાળમાં જ આ રીતે મોક્ષમાં જતાં જતાં સંસાર ખાલી કેમ ન થયો ? એમ માનવાની આપત્તિ આવે. અને તેમ સ્વીકારીએ તો સંસારની દૃષ્ટ વ્યવસ્થા સંગત થાય નહિ. માટે જીવો મોક્ષમાં જાય છે તેમ માનવું જોઈએ નહિ, એ પ્રકારનો મોક્ષને નહિ માનનારાઓનો આશય છે.

તેને ગ્રંથકાર કહે છે કે, જિનશાસનમાં આવા પ્રકારની ભયહાનિ નથી, કેમ કે સમુદ્રમાંથી એક બિંદુ જાય તો સમુદ્રમાં કાણું પડતું નથી. સંસારમાં સમુદ્ર જેટલા જીવો છે, તેમાંથી જે મોક્ષમાં ગયા છે તે બિંદુ જેટલા છે, અને જે જશે તેમને ઉમેરીએ તો પણ બિંદુ જેટલા છે. માટે સંસાર સમુદ્રમાં કાણું પડવારૂપ જીવોની સંખ્યા ઘટી જશે, તેથી સંસાર ખાલી થઈ જશે, એમ કહી શકાશે નહિ. **॥૯૨॥**

**બાલાવબોધ :-**

**जे सिद्ध थया अतीत अद्धाइं अनइ जे थास्यइ अनागत अद्धाइं ते सर्व मिली एक निगोदना अनंतभागप्रमाण सिद्ध थया छइ, तो जिनशासनमांहिं सी हाणि संसारनी ? समुद्रमांहिंथी बिंदु गयइ सी काणि छइ ? ए संख्या उत्कर्षापकर्षनिमित्त नथी, अतीताद्धाथी अनंताद्धा (अनागताद्धा) अनंतगुण छइ तोइ ते सर्व मिली एक निगोदजीवनइ अनंतमइ ज भागइ छइ, ए परमार्थ ।।९२।।**

● **'अतीताद्धाथी अनंताद्धा अनंतगुण छइ'** એ પ્રમાણે બાલાવબોધમાં પાઠ છે, ત્યાં અન્ય પ્રતમાં **अतीताद्धाथी अनागताद्धा अनंतगुण छइ** પાઠ મળે છે. તે પાઠ સંગત છે તે મુજબ અહીં અર્થ કરેલ છે.

**અનુવાદ :-**

**जे सिद्ध.....हाणि संसारनी** - જે અતીતઅદ્ધામાં સિદ્ધ થયા= અતીતકાળમાં જે સિદ્ધ થયા, અને અનાગતઅદ્ધામાં=ભવિષ્યકાળમાં, જે સિદ્ધ થશે, તે સર્વ મળી એક નિગોદનો અનંતભાગપ્રમાણ સિદ્ધ થાય છે. તેથી જિનશાસનમાં સંસારની હાનિ ક્યાંથી હોય ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**समुद्रमांहिथी.....उत्कर्षापकर्षनिमित्त नथी,** - સમુદ્રમાંથી બિંદુ ઓછું થાય તો સમુદ્રમાં કાણું ક્યાંથી હોય ? અર્થાત્ સમુદ્રમાં કોઇ ગાબડું પડતું નથી. એ સંખ્યા ઉત્કર્ષ-અપકર્ષનું નિમિત્ત નથી=સમુદ્રમાંથી એક બિંદુ કાઢી લેવામાં આવે તો સમુદ્રનો અપકર્ષ થાય, અને તે સમુદ્રમાંથી એક બિંદુ કાઢવામાં ન આવે તો સમુદ્રનો ઉત્કર્ષ રહે, તેમ બનતું નથી. એ રીતે સમુદ્ર જેટલા સંસારવર્તી જીવો છે. તેમાંથી ભૂતમાં જે સિદ્ધ થયા અને ભવિષ્યમાં જે સિદ્ધ થનાર છે, તે એક બિંદુ જેટલા છે. તેથી તે જીવો મોક્ષમાં ગયા તેટલા માત્રથી સંસારવર્તી જીવોમાં અપકર્ષની પ્રાપ્તિ થતી નથી, અને જો તે જીવો મોક્ષમાં ન ગયા હોત તેટલા માત્રથી સંસારવર્તી જીવોમાં ઉત્કર્ષની પ્રાપ્તિ થતી નથી.

**વિશેષાર્થ :-**

નિશ્ચયનયથી સમુદ્રમાંથી એક બિંદુ-ટીપું જેટલું પાણી કાઢી લેવામાં આવે તો તેટલા અંશમાં સમુદ્રમાં અપકર્ષ થાય છે, અને જો તે એક ટીપું પાણી કાઢવામાં ન આવે તો કાઢેલ અવસ્થા કરતાં તેટલા અંશમાં ઉત્કર્ષની પ્રાપ્તિ થાય છે. તે રીતે નિશ્ચયનયથી સંસારમાં જેટલા જીવો છે, તેમાંથી જે કોઇ જીવો મોક્ષમાં ગયા અને જવાના છે, તેટલા અંશમાં તો સંસારમાં જીવોની સંખ્યાનો અપકર્ષ થાય છે, અને જો મોક્ષમાં કોઇ જતું ન હોય તો સંસારમાં જીવોની સંખ્યામાં તેટલો ઉત્કર્ષ પ્રાપ્ત થાય. પરંતુ વ્યવહારનયની દૃષ્ટિથી વિચારીએ તો, સમુદ્રમાંથી કોઇ એક ટીપું પાણી કાઢી લે તો ત્યાં અપકર્ષ મનાતો નથી, કેમ કે ચક્ષુથી ત્યાં અપકર્ષની પ્રતીતિ થતી નથી. અને વ્યવહારનય સ્થૂલદૃષ્ટિથી જોનાર છે, તેથી ઘણા પાણીમાંથી મોટું પ્રમાણ ઓછું થાય ત્યારે ત્યાં અપકર્ષની પ્રતીતિ થાય છે, અને ત્યારે જ તે અપકર્ષ થયો તેમ સ્વીકારે છે. તે વ્યવહારની દૃષ્ટિને સામે રાખીને અહીં કહ્યું છે કે, સંસારમાં ઘણા જીવો છે તેમાંથી ગમે તેટલા મોક્ષમાં જાય તો પણ સંસારવર્તી જીવોની સંખ્યામાં કોઇ અપકર્ષ પ્રાપ્ત થતો નથી, અને તે જીવો કદાચ મોક્ષમાં ન જાય તેટલા માત્રથી સંસારમાં કોઇ ઉત્કર્ષ થતો નથી.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે ભૂતકાળ તો અનંત છે જ, પરંતુ તેના કરતાં ભવિષ્યકાળ અનંતગુણ અધિક છે; તેથી ભૂતકાળના અનંત કરતાં સંસારી જીવોની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંખ્યા અધિક સ્વીકારીએ તો સંસાર અત્યાર સુધી ખાલી થયો નહિ તે વાત સંગત થાય, તો પણ ભૂતકાળ કરતાં ભવિષ્યકાળ અનંત હોવાથી સર્વ સંસારી જીવ ભવિષ્યમાં મોક્ષમાં પહોંચી જશે, ત્યારે સંસાર ખાલી થવાની આપત્તિ આવશે. તેથી કહે છે -

**અનુવાદ :-**

**अतीताद्धाथी.....ए परमार्थ ।।९२।।** - અતીતઅદ્ધાથી અનાગતઅદ્ધા અનંતગુણ છે, તો પણ તે સર્વ મળી=અતીતઅદ્ધા અને અનાગતઅદ્ધા તે સર્વ મળી, એક નિગોદ જીવનો અનંતમો ભાગ જ છે, એ પરમાર્થ છે=ભગવાને કહ્યું કે "એક નિગોદનો અનંતમો ભાગ મોક્ષે ગયો છે" એ કથનનો આ પરમાર્થ છે.**॥૯૨॥**

**ભાવાર્થ :-**

અહીં અતીતઅદ્ધાથી ભૂતકાળના સર્વ સમયો ગ્રહણ કરવાના છે, અને અનાગતઅદ્ધાથી ભવિષ્યકાળના સર્વ સમયો ગ્રહણ કરવાના છે. અને ભૂતકાળના સમયો કરતાં ભવિષ્યકાળના સમયો અનંતગુણ છે એ પ્રકારનું શાસ્ત્રવચન છે. વળી ભૂતકાળ હંમેશાં વધતો હોય છે અને ભવિષ્યકાળ હંમેશાં ઘટતો હોય છે, તો પણ ભૂતકાળ કરતાં ભવિષ્યકાળના સમયોની સંખ્યા અનંતગુણી છે. આમ છતાં, ભૂતકાળ અને ભવિષ્યકાળના સર્વ સમયોની સંખ્યા ભેગી કરીએ તો પણ, એક નિગોદના જીવોની સંખ્યાનો અનંતમો ભાગ જ થાય છે, એ પ્રકારનો પરમાર્થ છે. =એક નિગોદના જીવોની સંખ્યાનો અનંતમો ભાગ મોક્ષે ગયો એ કથનનો પરમાર્થ છે. માટે સંસારમાંથી સાધના કરીને જીવો મોક્ષે જાય છે તેમ સ્વીકારીએ તો સંસાર ખાલી થવાની આપત્તિ આવશે, એ પ્રશ્ન રહેતો નથી. **॥૯૨॥**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથા-૮૨ માં કહ્યું કે, આત્માને બધા સર્વવ્યાપક કહે છે. તેથી જો મોક્ષ સ્વીકારવામાં આવે તો સર્વ સુખસંપત્તિના સ્થાનભૂત એવા મોક્ષમાં આત્મા જાય છે તેમ માની શકાય નહિ. માટે મોક્ષ નથી તેમ માનવું જોઈએ. એ પ્રકારની મોક્ષને નહિ માનનારા મતની શંકાનું નિરાકરણ કરતાં કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોપઇ :-**

**व्यापकनइं नवि भव नवि सिद्धि, बांधइ छोडइ क्रियाविवृद्धि ।**
**पणि तनुमित आतम अह्मे कहुं, तिहां तो सघलुं घटतुं लहुं ।।९३।।**

**ગાથાર્થ :-**

**વ્યાપકને નહિ ભવ અને નહિ સિદ્ધિ=આત્માને સર્વવ્યાપક માનીએ તો ભવ ઘટે નહિ અને સિદ્ધિ ઘટે નહિ.**

તેમાં યુક્તિ બતાવે છે - **ક્રિયાની વિવૃદ્ધિ=ક્રિયાની પ્રવૃત્તિ, કર્મને બાંધે છે અને કર્મને છોડે છે=સંસારની ક્રિયાની પ્રવૃત્તિથી કર્મ બંધાય છે અને સાધનાની ક્રિયાની પ્રવૃત્તિથી કર્મ છૂટે છે. આત્માને વ્યાપક માનીએ તો કર્મબંધ અને કર્મ છોડવાનું સંગત થાય નહિ, માટે ભવ પણ સંગત થાય નહિ અને સિદ્ધિ પણ સંગત થાય નહિ.**

**ઉત્થાન :-**

અહીં પ્રસ્તુત ગાથાના પૂર્વાર્ધમાં સર્વવ્યાપી આત્માના મત પ્રમાણે સંસાર અને મોક્ષ ઘટે નહિ, તે બતાવીને, સ્વમત પ્રમાણે મોક્ષ માનવામાં કોઇ વિરોધ નથી, તે બતાવે છે -

**ગાથાર્થ :-**

**પરંતુ અમે શરીરપ્રમાણ આત્મા કહીએ છીએ ત્યાં તો બધું ઘટતું પ્રાપ્ત થાય છે=આત્મામાં ક્રિયા ઘટી શકે છે. તેથી કર્મબંધ અને કર્મ છોડવાની ક્રિયા ઘટી શકે છે, તેથી આત્માનો ભવ અને મોક્ષ પણ ઘટી શકે છે. ॥૯૩॥**

**બાલાવબોધ :-**

सर्वव्यापक जे आत्मा मानइ छइ तेहनइ परभवि जावुं नथी तिवारइ न संसार न वा मोक्ष घटइं, पणि अह्मे तो आत्मा तनुमित कहितां शरीरप्रमाण मानुं छुं तिहां सघलुंइ घटतुं ज लहुं छुं । जेहवुं गतिजात्यादिनिधत्त (नियत) आउषुं बांधइ तेहवइ ते उदय आव्यइं, ते क्षेत्रइ जीव जाइ, वक्रगति हुइ तो आनुपूर्वी तिहां

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

षांची आणइ, मोक्षइ तो पूर्वप्रयोगादि ४ कारणइ समयांतर प्रदेशांतर अणफरसतो नियतस्थानइं जई ऊपजइ, तिहां शाश्वतानंदघन थई बइसइ ।।९३।।

● બાલાવબોધમાં **गतिजात्यादिनिधत्त** પાઠ છે, ત્યાં **गतिजात्यादिनियत** પાઠની સંભાવના છે. તે મુજબ અર્થ કરેલ છે.

**અનુવાદ :-**

**सर्वव्यापक.....ज लहुं छुं,** - સર્વવ્યાપક જે આત્માને માને છે, તેને પરભવમાં જવું નથી, તે વખતે સંસાર કે મોક્ષ ઘટે નહિ; પરંતુ અમે તો આત્માને શરીરપ્રમાણ માનીએ છીએ. ત્યાં સઘળું ઘટે જ છે, તે યુક્તિથી બતાવે છે -

**जेहवुं गति.....तिहां षांची आणइ,** - જીવ જેવું ગતિ-જાત્યાદિ નિયત આયુષ્ય બાંધે છે, તેવું ઉદયમાં આવે ત્યારે તે ક્ષેત્રમાં જીવ જાય છે; અને વક્રગતિ થાય તો આનુપૂર્વી ત્યાં ખાંચો=વળાંક આપે.

**मोक्षइ तो .....थई बइसइ ।।९३।।** - મોક્ષ વળી પૂર્વપ્રયોગાદિ ચાર કારણો વડે થાય છે, અને મોક્ષમાં જતી વખતે સમયાંતર પ્રદેશાંતરને સ્પર્શ્યા વગર નિયત સ્થાનમાં જઇને જીવ ઉત્પન્ન થાય છે. ત્યાં શાશ્વત આનંદના ઘનરૂપ થઇ વસે છે. **॥૯૩॥**

**ભાવાર્થ :-**

જેઓ આત્માને સર્વવ્યાપી માને છે, તેમના મતમાં ગમનાદિ ક્રિયા સંભવી શકે નહિ. તેથી તેમના મત પ્રમાણે પરભવમાં ગમન ઘટે નહિ. તેથી તેમના મત પ્રમાણે સંસાર ઘટે નહિ અને સંસારમાંથી છૂટીને મોક્ષમાં જવાનું પણ ઘટે નહિ.

જૈનશાસન આત્માને શરીરપ્રમાણ માને છે, તેથી આત્મામાં ક્રિયા ઘટે છે. તેથી પોતાની ક્રિયાથી જે પ્રકારે નવા ભવને પેદા કરનાર ગતિ-જાતિ આદિ નામકર્મથી નિયત એવું આયુષ્ય જીવ બાંધે છે, તેના ઉદયથી તે ક્ષેત્રમાં જીવ જાય છે.

આશય એ છે કે, જીવ જ્યારે આયુષ્યકર્મ બાંધે છે ત્યારે, તે આયુષ્ય સાથે પરભવનું જે ગતિનામકર્મ-જાતિનામકર્મ આદિ નિયત થાય છે, તે આયુષ્ય અને નામકર્મ પ્રમાણે તે તે ગતિ-જાતિ આદિમાં જીવ જાય છે. જીવ જ્યારે સાધના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરીને સર્વ કર્મનો નાશ કરે છે ત્યારે, પૂર્વપ્રયોગાદિ ચાર કારણે મોક્ષમાં જાય છે; અર્થાત્ પૂર્વપ્રયોગાદિ ચાર કારણે જીવ સિદ્ધશિલા ઉપર જાય છે.

અહીં સંસારમાં જન્માંતરમાં જવામાં કર્મ કારણ હતું, તેથી આ ભવથી અન્ય ભવમાં જીવ સમયાંતર અને પ્રદેશાંતરને સ્પર્શીને જાય છે; જ્યારે મોક્ષસ્થાનની પ્રાપ્તિ કર્મને કારણે થતી નથી, પરંતુ પૂર્વપ્રયોગાદિ ચાર કારણથી થાય છે; અને તે વખતે જે સમયે સર્વ કર્મનો નાશ થાય છે, તે જ સમયમાં જીવ સિદ્ધશિલા ઉપર પહોંચી જાય છે, પણ સમયાંતરને સ્પર્શતો નથી. જે આકાશપ્રદેશમાં પોતે અહીં અવસ્થિત છે, તે આકાશપ્રદેશોનો આત્માને સ્પર્શ છે, અને મોક્ષમાં પહોંચે છે ત્યારે સિદ્ધશિલાના સ્થાનમાં રહેલ આકાશપ્રદેશને સ્પર્શે છે; પરંતુ વચ્ચે રહેલા સર્વ આકાશપ્રદેશોને સ્પર્શ્યા વગર અસ્પૃશદ્ગતિથી સિદ્ધનો આત્મા સિદ્ધશિલા ઉપર પહોંચે છે, ત્યાં શાશ્વત આનંદમય બનીને સદા રહે છે.

અહીં કહ્યું કે પૂર્વપ્રયોગાદિ ચાર કારણે જીવનું મોક્ષમાં ગમન થાય છે, તે પૂર્વપ્રયોગાદિ ચાર કારણો આ પ્રમાણે-

**पूर्वप्रयोगादसंगत्वाद् बन्धछेदात्तथागतिपरिणामाच्च तद्गतिः ।** **तत्त्वार्थ सूत्र-१०/६** સર્વકર્મનો ક્ષય થતાં પૂર્વપ્રયોગ(કુલાલચક્ર), અસંગ(તુંબડું), બંધવિચ્છેદ (એરંડફળ), અને તથાગતિપરિણામ (પુદ્ગલ) એ ચાર હેતુઓથી આત્મા ઊર્ધ્વગતિ કરે છે.

(૧) **પૂર્વપ્રયોગ** :- લાકડીથી ચાકડો ઘૂમાવ્યા બાદ લાકડી ખસેડી લેવા છતાં ચાકડો કેટલોક કાળ ઘૂમ્યા કરે છે, તેમ કર્મના કારણે ગતિશીલ રહેલો જીવ, કર્મ ખસી ગયા પછી પણ એક સમય માટે ગતિશીલ રહે છે.

(૨) **સંગનો અભાવ** :- માટીના લેપવાળું હોવાથી તળાવમાં નીચે રહેલ તુંબડું, એ લેપ ઊખડી જવાથી જેમ તળિયેથી ઠેઠ ઉપર પાણીની સપાટીએ આવે છે, તેમ કર્મનો લેપ-સંગ દૂર થવાથી જીવ ઊર્ધ્વગમન કરે છે.

(૩) **બંધવિચ્છેદ** :- જેમ કોશમાં રહેલું એરંડાનું બીજ કોષનું બંધન તૂટતાં જ ઊડીને બહાર નીકળે છે, તેમ કર્મનું બંધન ખસવાથી જીવ ઊર્ધ્વગતિ કરે છે.

(૪) **ગતિપરિણામ** :- પુદ્ગલની જેમ ગતિપરિણામવાળો હોઇ જીવ ગતિ કરે છે. **॥૯૩॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

ગાથા-૯૩ માં કહ્યું કે, જૈનશાસન શરીરપ્રમાણ આત્માને માને છે, તેથી સઘળું ઘટે છે. તેનાથી એ ફલિત થયું કે, શરીરપ્રમાણ આત્મા માનવાથી સાધના કરીને મોક્ષમાં ગમન ઘટે છે. માટે પૂર્વપક્ષી કહે છે કે આત્મા વ્યાપક છે તેથી મોક્ષગમન સંભવે નહિ, તેનું આનાથી નિરાકરણ થયું. હવે આત્મા મોક્ષમાં કઇ રીતે જાય છે અને ક્યાં વસે છે, તે બતાવતાં કહે છે -

**ચોપઇ :-**

**योगनिरोध करी भगवंत, हीनत्रिभाग अवगाह लहंत ।**
**सिद्धशिला ऊपरि जइ वसै, धर्म विना न अलोकइ धसइ ।।९४।।**

**ગાથાર્થ :-**

**યોગનિરોધ કરીને ભગવંત=સિદ્ધભગવંત, હીનત્રિભાગ અવગાહના પ્રાપ્ત કરે છે, અને સિદ્ધશિલા ઉપર જઇને વસે છે. અને ગતિસહાયક એવું ધર્મદ્રવ્ય= ધર્માસ્તિકાયદ્રવ્ય, નહિ હોવાને કારણે અલોકમાં ધસતો નથી=સિદ્ધનો આત્મા અલોકમાં જતો નથી. ॥૯૪॥**

**બાલાવબોધ :-**

**केवलज्ञानी भगवंत आवर्जीकरण करी योग रुंधी चरम भवइ जेवडुं शरीर छइ ते त्रिभागहीनावगाहना पामता सिद्धसिला ऊपरि जईनइ वसइं, आगलि कां न जाइ ? ते ऊपरि कहइ छइ जे धर्म विना-धर्मास्तिकाय विना अलोकाकाशमांहिं धसइ नहीं ।।९४।।**

**અનુવાદ :-**

**केवलज्ञानी.....ते उपरि कहइ** - કેવલજ્ઞાની ભગવંત ૧૩મા ગુણસ્થાનકના અંતે આવર્જીકરણ કરીને યોગને રૂંધે છે, અને ચરમભવમાં જેટલું શરીર છે, તે ત્રિભાગહીન અવગાહના પામતા સિદ્ધશિલા ઉપર જઇને વસે છે. આગળમાં કેમ જતા નથી ? તે ઉપર કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**जे धर्म.....धसइ नहीं ।।९४।।** - જે કારણથી ધર્મ વિના=ધર્માસ્તિકાય વગર અલોકમાં જીવ ધસતો નથી=જતો નથી. **॥૯૪॥**

**અવતરણિકા :-**

ગાથા-૯૪ માં કહ્યું કે, સિદ્ધનો આત્મા સિદ્ધશિલા ઉપર જઇને રહે છે. હવે તે સિદ્ધના જીવો એક જ ક્ષેત્રમાં અનંતા કઇ રીતે રહે છે, તે બતાવતાં કહે છે -

**ચોપઇ :-**

**जिहां एक तिहां सिद्ध अनंत, पय-साकरपरि भिलइ एकंत ।**
**रूपीनइ भिलतां सांकडुं, रूपरहितनइं नवि वांकडुं ।।९५।।**

**ગાથાર્થ :-**

**જ્યાં એક સિદ્ધ છે ત્યાં અનંત સિદ્ધ છે, દૂધ અને સાકરની જેમ ભળી જાય છે. આ દૃષ્ટાંત એકાંત=એક દેશવાળું છે.**

આ દૃષ્ટાંત એકદેશી કેમ છે તે બતાવે છે - **રૂપીને (પરસ્પર) ભળતાં સાંકડું છે, રૂપરહિતને (ભળતાં) વાંકડું નથી. ॥૯૫॥**

**ભાવાર્થ :-**

દૂધ-સાકરનું જે દૃષ્ટાંત છે તે રૂપી પદાર્થનું છે, અને તેઓ પરસ્પર ભળે તો પૂર્વ કરતાં વધારે અવગાહના થાય છે. તેથી નવા પદાર્થના ભળવાથી જગ્યા સાંકડી થાય છે, તેથી જ અવગાહના વધે છે. અને રૂપરહિત એવા સિદ્ધના આત્માઓ એક ક્ષેત્રમાં રહેવા છતાં પરસ્પર કોઇ બાધા થતી નથી. તેથી કોઇ વાંકાઇ આવતી નથી.

**બાલાવબોધ :-**

जिहां एक सिद्ध छइ तिहां अनंता सिद्ध छइ, दूध-साकरनी परि एकठा भिलइं छइ, एकांत ए पणि एकदेशी दृष्टांत, रूपीनइ माहोमाहिं भिलतां सांकडुं होइ, पणि रूपरहितनइ भिलतां किस्युंइ वांकडुं नथी, धर्माकाशादिवत् -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अत्र गाथा -

जत्थ य एगो सिद्धो तत्थ अणंता भवक्खयविमुक्का ।
अन्नुन्नमणाबाहं चिट्ठंती सुही सुहं पत्ता ।।
(विंशिका-२०,१८) (विंशिका १९,२०) ।।९५।।

**અનુવાદ :-**

**जिहां.....एकदेशी दृष्टांत,** - જ્યાં એક સિદ્ધ છે ત્યાં અનંત સિદ્ધ છે, અને તે સિદ્ધના આત્માઓ દૂધ અને સાકરની જેમ એકઠા ભળે છે. આ દૂધ અને સાકરનું દૃષ્ટાંત એકાંત છે=એક અંશવાળું છે, તે સ્પષ્ટ બતાવતાં કહે છે -

એ પણ=સિદ્ધના આત્માઓમાં દૂધ અને સાકરનું દૃષ્ટાંત બતાવ્યું એ પણ, એકદેશી દૃષ્ટાંત છે.

**ભાવાર્થ :-**

દૂધ અને સાકર ભેગાં થાય છે ત્યાર પછી, આ દૂધ છે અને આ સાકર છે તેવો ભેદ જણાતો નથી, તેમ આ સિદ્ધનો આત્મા અહીં છે અને આ સિદ્ધનો આત્મા અન્યત્ર છે તેવો ભેદ જણાતો નથી; એ અર્થમાં અહીં દૂધ અને સાકરનું દૃષ્ટાંત છે. પરંતુ દૂધ અને સાકર ભેગાં થયા પછી એકલા દૂધના ક્ષેત્રનું અવગાહન હતું તે સાકર નાંખ્યા પછી અવગાહન વધે છે; જ્યારે પૂર્વના સિદ્ધના આત્માઓ જ્યાં રહેલા છે ત્યાં નવા સિદ્ધના આત્માઓ આવે છે ત્યારે, અવગાહના જુદી પ્રાપ્ત થતી નથી. તેથી તે અંશમાં દૃષ્ટાંત નથી.

**ઉત્થાન :-**

હવે આ દૃષ્ટાંત એકદેશી કેમ છે, તે સ્પષ્ટ કરતાં કહે છે -

**અનુવાદ :-**

**रूपीनइ.....वांकडुं नथी,** - રૂપીને માંહોમાંહે=પરસ્પર, ભળતાં સાંકડું થાય, પરંતુ રૂપરહિતને પરસ્પર ભળતાં ધર્મ-આકાશાદિની જેમ કાંઇ વાંકું પડતું નથી.

● **धर्माकाशादिवत्** અહીં '**आदि**' પદથી અધર્માસ્તિકાય અને આકાશનું ગ્રહણ કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

દૂધ અને સાકર રૂપી છે, તેથી દૂધમાં સાકર નાંખવામાં આવે ત્યારે પૂર્વમાં દૂધથી જે જગ્યા રોકાયેલી છે, તે જગ્યા સાકર નાંખ્યા પછી સાંકડી થાય છે; તેથી દૂધના ક્ષેત્ર કરતાં સાકર નાંખવાથી અવગાહના વધે છે. કેમ કે દૂધનાં પુદ્ગલોએ જે જગ્યા રોકી છે, તે સાંકડી પડે છે, તેથી સાકરનાં પુદ્ગલો નવા ક્ષેત્રમાં રહે છે. પરંતુ સિદ્ધના આત્માઓ રૂપરહિત છે, તેથી એક જ ક્ષેત્રમાં અનંતા ભેગા થાય છે તો પણ તેઓને પરસ્પર કોઇ બાધા થતી નથી; જેમ અરૂપી એવા ધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય આદિ એક ક્ષેત્રમાં હોવા છતાં પરસ્પર તેઓને કોઇ બાધા થતી નથી.

**અનુવાદ :-**

**अत्र गाथा** - અરૂપી એવા સિદ્ધના આત્માઓને પરસ્પર ભળતાં કોઇ બાધા થતી નથી, એમાં વિંશિકાની સાક્ષી આપતાં કહે છે -

**जत्थ.....||९५||** - જ્યાં એક સિદ્ધનો આત્મા છે, ત્યાં અનંત સિદ્ધના આત્માઓ રહે છે. અને તે કેવા છે તે બતાવે છે - ભવના ક્ષયને કારણે કર્મથી મુકાયેલા છે અને તેને કારણે સુખને પામેલા છે, કેમ કે કર્મથી મુકાવાના કારણે તેઓ સુખને પામેલા છે.

**ઉત્થાન :-**

સિદ્ધના જીવો આમ એક ઠેકાણે પરસ્પર બાધા વગર અનંતા રહે છે, ત્યાં કોઇને શંકા થાય કે એક ઠેકાણે અનંતા ભેગા થઇ ગયા, તેથી કર્મથી મુકાવાને કારણે સુખને પામવા છતાં હવે સુખી નહિ હોય. તેના નિવારણ માટે કહે છે -

**અનુવાદ :-**

સુખી એવા તેઓ અન્યોન્ય=પરસ્પર, બાધા વગર રહે છે. **॥૯૫॥**

**અવતરણિકા :-**

ગાથા-૮૩ ના ઉત્તરાર્ધમાં મોક્ષને નહિ માનનાર પક્ષે શંકા કરેલી કે, જો તમે મોક્ષને માનો છો તો પહેલાં ભવ કે પહેલાં મુક્તિ ? બંને રીતે વિચારતાં યુક્તિ મળતી નથી, માટે મોક્ષ નથી. તેનું નિરાકરણ કરતાં કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોપઇ :-**

**काल अनादिं सिद्ध अनादि, पूर्व-अपर तिहां होइ विवाद ।**
**भवनिर्वाणतणो क्रमयोग, शाश्वत भाव अपर्यनुयोग ।।९६।।**

**ગાથાર્થ :-**

**કાળ અનાદિ છે, સિદ્ધ અનાદિ છે. ત્યાં=સંસાર અને મોક્ષમાં, પૂર્વ-અપરના વિષયમાં વિવાદ છે.**

**ઉત્થાન :-**

પૂર્વપક્ષી કહે, સંસાર અને મોક્ષમાં પહેલાં કોણ ? અને પછી કોણ ? એ વિવાદ છે. તેનો જવાબ આપતાં કહે છે -

**ગાથાર્થ :-**

**ભવ અને નિર્વાણતણો ક્રમયોગ છે, છતાં જે શાશ્વત ભાવ છે, તે અપર્યનુયોગ છે=ભવ પહેલો કે નિર્વાણ પહેલો એ પ્રકારનો પ્રશ્નનો વિષય નથી. ॥૯૬॥**

**ભાવાર્થ :-**

દરેક જીવ ભવમાંથી નિર્વાણ પામે છે, તેથી ભવ અને નિર્વાણનો ક્રમયોગ છે. અને આ ક્રમયોગ શાશ્વત ચાલે છે=અનાદિકાળથી જીવો ભવમાંથી મોક્ષમાં જાય છે અને સદા જવાના. તેથી ભવમાંથી મોક્ષમાં જવાનો આ ક્રમયોગ છે, તે શાશ્વત છે. અને જે શાશ્વતભાવ હોય તેમાં પહેલાં કોણ અને પછી કોણ, એ પ્રકારનો પ્રશ્ન કરી શકાય નહિ.

**બાલાવબોધ :-**

**सिद्ध यद्यपि सिद्धभावइ प्रथम छइ, सिद्ध थाइ छइ संसारी टलीनइ तेवती, पणि कालनी अनादिता छइ, ते माटइ प्रवाहइ अनादिसिद्ध कहिइ, तिहां 'पहलां कुण, पछइ कुण ?' ए विवाद होइ, भवनिर्वाणनो अनुक्रमयोग कहवाइ नहीं, शाश्वता भावनो पाछो उत्तर नथी, इंडुं पहलां कइ कूकडी पहलां ? राती पहलां कइ दिन पहलां ? इत्यादि भाव भगवतीमध्ये कहिया छइ, जे क्षण**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**वर्तमानत्व पाम्यो ते अतीत थयो, पणिं 'पहलो कुण अतीत समय ?' ते न कहवाइ, इम न कहवाइ तिम संसारी टल्यो ते सिद्ध थयो, पणि 'पहलां कुण ?' इम न कहाइ, प्रवाहइ अनादिसिद्ध अनादिशुद्ध तो कहिइं, व्यक्तिं न कहिइ, उक्तं च विंशिकायाम् -**

एसो अणाइमं चिय सुद्धो य तओ अणाइसुद्धु त्ति ।
जुत्तो अ पवाहेणं ण अन्नहा सुद्धया सम्मं ।।
(२,१२, विंशिका) **इत्यादि** ।।९६।।

**અનુવાદ :-**

**सिद्ध....छइ,** - સિદ્ધ જો કે સિદ્ધભાવે પ્રથમ છે. તેમાં યુક્તિ આપે છે -

**सिद्ध थाइ....अनादिसिद्ध कहिइ,** - સંસાર ટળીને સિદ્ધ થાય છે, તે વતી=તેને કારણે. કોઇ એક જીવને આશ્રયીને સિદ્ધભાવ પ્રથમ થાય છે, અર્થાત્ પ્રથમ સિદ્ધભાવ ન હતો અને તે જીવને અત્યારે પ્રથમ સિદ્ધભાવ પ્રગટ્યો; તો પણ કાળની અનાદિતા છે, તે માટે પ્રવાહથી અનાદિસિદ્ધ કહેવાય છે.

આશય એ છે કે, કોઈ એક જીવને આશ્રયીને સિદ્ધભાવ પ્રથમ થાય છે; તો પણ કાળ અનાદિનો છે, તેથી પ્રવાહને આશ્રયીને સિદ્ધો અનાદિ કહેવાય છે.

**तिहां.....विवाद होइ,** - તેમાં=સિદ્ધમાં અને સંસારમાં, પહેલાં કોણ= પહેલાં સિદ્ધભાવ કે પહેલાં સંસારભાવ ? અને પાછળ કોણ ? તે પ્રકારનો વિવાદ થાય. તેનો જવાબ આપતાં કહે છે -

**भवनिर्वाणनो....उत्तर नथी,** - ભવનિર્વાણનો અનુક્રમયોગ છે, છતાં આ પહેલાં અને આ પછી એમ કહેવાય નહિ. અર્થાત્ વ્યક્તિને આશ્રયીને ભવ અને નિર્વાણનો અનુક્રમયોગ છે, અને તેમાં પહેલાં ભવ અને પછી નિર્વાણ, તેમ કહી શકાય છે. તો પણ સમષ્ટિગત ભવ અને નિર્વાણમાં પહેલાં કોણ હતો, અને પછી કોણ શરૂ થયો, એમ કહેવાય નહિ. કેમ કે ભવ અને નિર્વાણનો શાશ્વત ભાવ છે, તેમાં આ પહેલાં અને આ પછી એ પ્રકારનો પાછો ઉત્તર નથી.

તેમાં દૃષ્ટાંત બતાવે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**इंडुं.....पहलां ?** - ઇંડું પહેલાં કે કૂકડી પહેલાં ? અર્થાત્ ઇંડું અને કૂકડીનો અનુક્રમ, પ્રવાહથી અનાદિનો છે; ક્યારેય પણ કૂકડી વગર ઇંડું થતું નથી અને ઇંડા વગર કૂકડી હોતી નથી. વળી બીજું દૃષ્ટાંત બતાવે છે -

**राती....पहलां ?** - રાત્રિ પહેલાં કે દિવસ પહેલાં ? અર્થાત્ તે રાત્રિની અપેક્ષાએ તે રાત્રિની પૂર્વમાં વર્તતો દિવસ પહેલો હોવા છતાં, અને તે દિવસની અપેક્ષાએ તેની પૂર્વની રાત પહેલાં હોવા છતાં, પ્રવાહની અપેક્ષાએ રાત્રિ અને દિવસ જેમ શાશ્વત છે; તેમ તે વ્યક્તિને આશ્રયીને પહેલાં સંસારઅવસ્થા અને પછી જ્યારે સિદ્ધ થાય ત્યારે સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિ હોવા છતાં, સમષ્ટિગત વિચારીએ તો જીવો સદા સિદ્ધગતિમાં જઈ રહ્યા છે. તેથી પહેલાં મોક્ષ ન હતો અને પાછળથી મોક્ષ શરૂ થયો તેમ કહેવાય નહિ, પરંતુ મોક્ષગમન અનાદિકાળનું છે.

**इत्यादि.....कहिया छइ,** - ઇત્યાદિ ભાવ=ઇંડું અને કૂકડીનું દૃષ્ટાંત, રાત્રિ અને દિવસનું દૃષ્ટાંત બતાવ્યું, ઇત્યાદિ ભાવો ભગવતીમાં કહ્યા છે.

પૂર્વમાં બતાવ્યું કે, મોક્ષ અને સંસાર એ બેમાં પહેલાં કોણ ? તે કહી શકાય નહિ. હવે પહેલો સિદ્ધ કોણ ? તે પણ કહી શકાય નહિ. તે વાત દૃષ્ટાંતથી બતાવે છે -

**जे क्षण.....इम न कहाइ,** - જે ક્ષણ વર્તમાનપણું પામી તે અતીત થઇ; પણ પહેલો અતીત સમય કોણ તે ન કહેવાય. અને એમ ન કહેવાય તેમ સંસારી ટળ્યો તે સિદ્ધ થયો, પણ પહેલાં કોણ ? અર્થાત્ પહેલો સિદ્ધ કોણ ? એમ ન કહેવાય.

**ભાવાર્થ :-**

દરેક સમયો વર્તમાનપણાને પામે છે તે જ અતીત થાય છે, પરંતુ અતીત સમયો અનંતા છે, તેમાં સૌથી પહેલો અતીત સમય કોણ ? તેમ કહી ન શકાય. એ જ રીતે સંસારી જીવો સાધના કરીને સિદ્ધઅવસ્થાને પામે છે, તેથી સંસારીઅવસ્થા ટળે છે પછી સિદ્ધઅવસ્થા આવે છે, તો પણ આ પહેલો સિદ્ધ છે એમ કહી શકાય નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્થાન :-**

ઉપરોક્ત કથનનો ફલિતાર્થ કહે છે -

**અનુવાદ :-**

**प्रवाहइ.....न कहिइ,** - પ્રવાહથી અનાદિસિદ્ધ અનાદિશુદ્ધ તો કહેવાય, વ્યક્તિથી=વ્યક્તિને આશ્રયીને ન કહેવાય.

**ભાવાર્થ :-**

સિદ્ધિગમનનો પ્રવાહ અનાદિ છે તે અપેક્ષાએ, સર્વ જીવોને આશ્રયીને પ્રવાહથી વિચારીએ તો, અનાદિસિદ્ધ છે અને તે જ અનાદિશુદ્ધ છે તેમ કહેવાય; પરંતુ કોઇ એક વ્યક્તિરૂપ આત્માને ગ્રહણ કરીને આ અનાદિશુદ્ધ છે તેમ કહી શકાય નહિ.

**અનુવાદ :-**

**उक्तं च विंशिकायाम्** - પૂર્વમાં કહ્યું કે પ્રવાહની અપેક્ષાએ અનાદિસિદ્ધને અનાદિશુદ્ધ કહેવાય, પણ વ્યક્તિને આશ્રયીને ન કહેવાય; તે કથનમાં વિંશિકાની સાક્ષી બતાવે છે -

**एसो अणाइमं.....इत्यादि ।।९६।।** - આ=ઇશ્વર, અનાદિ જ શુદ્ધ છે તે કારણથી અનાદિશુદ્ધ એ પ્રવાહની અપેક્ષાએ યુક્ત છે; અને એમ ન માનો= પ્રવાહની અપેક્ષાએ અનાદિશુદ્ધ ન માનો અને વ્યક્તિની અપેક્ષાએ માનો તો, સમ્યક્ શુદ્ધતા નથી. **॥૯૬॥**

**ભાવાર્થ :-**

જે પ્રથમ અશુદ્ધ હોય અને પછી શોધનક્રિયાથી શુદ્ધ થાય તેને જ શુદ્ધ કહેવાય, આ પ્રકારનો નિયમ છે. તેથી જે લોકો ઇશ્વરને અનાદિશુદ્ધ માને છે, તે પ્રવાહની અપેક્ષાએ યુક્ત છે. અને પ્રવાહની અપેક્ષાએ ન સ્વીકારીએ અને વ્યક્તિની અપેક્ષાએ જેઓ ઇશ્વરને અનાદિશુદ્ધ કહે છે, તેમાં સમ્યક્ શુદ્ધતા નથી. કેમ કે પૂર્વમાં જીવ અશુદ્ધ ન હોય તો આ શુદ્ધ છે તેમ પ્રયોગ થઇ શકે નહિ. **॥૯૬॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

ગાથા-૮૧ માં મોક્ષ નહિ માનનાર મતની યુક્તિઓ આપીને અને ત્યારપછી તેનું નિરાકરણ કરીને મોક્ષ છે એમ સ્થાપન કર્યું, હવે તેનું નિગમન કરતાં કહે છે -

**ચોપઇ :-**

**मोक्षतत्त्व इम जे सद्दहै, धर्मिं मन थिर तेहनुं रहै ।**
**मुक्तिइच्छा ते मोटा योग, अमृतक्रियानो रससंयोग ।।९७।।**
**अनिर्वाणवादी गतः।।**

**ગાથાર્થ :-**

**આ પ્રકારે=પૂર્વમાં મોક્ષ સ્વીકારવાની જે યુક્તિઓ બતાવી એ પ્રકારે, જે વ્યક્તિ મોક્ષની શ્રદ્ધા કરે તેનું મન ધર્મમાં સ્થિર રહે.**

તે જ વાતને યુક્તિથી પુષ્ટ કરતાં કહે છે -

**મોક્ષની ઇચ્છા તે મોટો યોગ છે, જે અમૃતક્રિયાનો રસસંયોગ છે.॥૯૭॥**

અહીં મોક્ષ નહિ માનનાર વાદીનું નિરાકરણ થઈ ગયું.

**ભાવાર્થ :-**

પૂર્વમાં બતાવ્યા પ્રમાણે કોઇ વ્યક્તિને મોક્ષની રુચિ થાય ત્યારે મોક્ષના ઉપાયભૂત એવા ધર્મમાં મન સ્થિર થવા માંડે છે.

અહીં કોઇને પ્રશ્ન થાય કે મોક્ષતત્ત્વ ગમ્યા પછી પણ ધર્મની સાધના અતિદુષ્કર છે. તેથી જ મોક્ષની ઇચ્છાપૂર્વક ધર્મમાં યત્ન કરનારાઓનું પણ મન વારંવાર સ્ખલના પામતું હોય છે. તેથી તેઓનું મન ધર્મમાં સ્થિર છે તેમ કઈ રીતે કહી શકાય ? તેથી કહે છે -

જે વ્યક્તિ વાસ્તવિક રીતે મોક્ષની ઇચ્છાપૂર્વક ધર્મમાં યત્ન કરે તે વખતે, અનાદિભવઅભ્યસ્ત પ્રમાદને કારણે ધર્મની પ્રવૃત્તિમાં દૃઢ યત્ન ન થતો હોય તો પણ, તેની ક્રિયામાં વર્તતી મોક્ષની ઇચ્છા તે મોટો યોગ છે; અર્થાત્ આત્માને મોક્ષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાથે જોડી આપે એવા યોગના પરિણામમાં મહત્ત્વનો પરિણામ છે. અને તે મોક્ષની ઇચ્છા ભાવિમાં થનારી અમૃતક્રિયામાં વર્તતા સંવેગરૂપ રસના સંયોગસ્વરૂપ છે; અર્થાત્ મોક્ષની ઇચ્છાપૂર્વક કરાતું તદ્દહેતુઅનુષ્ઠાન, ભવિષ્યમાં થનારા અમૃતઅનુષ્ઠાનનું કારણ છે. અમૃતઅનુષ્ઠાનમાં ઉત્કટ મોક્ષની ઇચ્છા સુદૃઢ યત્નપૂર્વક ધર્મમાં પ્રવૃત્તિ કરાવતી હોય છે, તે જ મોક્ષની ઇચ્છા તદ્દહેતુઅનુષ્ઠાનમાં પણ છે; આમ છતાં અમૃતઅનુષ્ઠાન જેવા સુદૃઢયત્નવાળું અનુષ્ઠાન કરાવી શકતી નથી. અમૃતક્રિયામાં જે સંવેગનો રસ છે તે રસનો યોગ તો તદ્દહેતુઅનુષ્ઠાનમાં પણ છે, તેથી ત્રુટિત પણ તદ્દહેતુઅનુષ્ઠાન મોક્ષની ઇચ્છારૂપ મોટા યોગને કારણે રુચિરૂપે ધર્મમાં મનને સ્થિર કરે છે. આ પ્રકારે મૂળ શ્લોકનું યોજન છે.

પ્રસ્તુત ગાથા-૯૭ નો અર્થ બીજી રીતે પણ થઇ શકે છે, તે આ રીતે -

પૂર્વમાં બતાવ્યું એ રીતે, જે વ્યક્તિ મોક્ષતત્ત્વની રુચિ કરે છે તેને મોક્ષના ઉપાયભૂત ધર્મ જ કરવા જેવો છે, એ પ્રકારે મન સ્થિર છે. તેથી વારંવાર ધર્મ કરવાના મનોરથો કરે છે, અને પોતાના ઉત્સાહને અનુરૂપ ધર્મમાં યત્ન પણ કરે છે. આવી વ્યક્તિની ત્રુટિત ધર્મક્રિયા થતી હોય તો પણ, તેનામાં વર્તતી મુક્તિની ઇચ્છા છે તે મોટો યોગ છે; અને તેના કારણે તેની ત્રુટિત ધર્મક્રિયા પણ અમૃતક્રિયાનું કારણ બને તેવી છે. તેથી જ્યારે તેની ક્રિયા અમૃતક્રિયા બનશે ત્યારે અમૃતક્રિયાના રસનો સંયોગ થશે, જે અંતે મોક્ષરૂપ ફળને પ્રાપ્ત કરાવશે.

**બાલાવબોધ :-**

**इम जे परीक्षा करीनइ मोक्षतत्त्व सद्दहइ तेहनुं धर्मनइं विषइं मन थिर रहै, मुक्तिनी इच्छा छइ ते मोटो योग छइ चरमपुद्गलपरावर्तइ अपुनर्बंधकादिकनइ, भारे कर्ममल होइ तेहनइ न हुइ, उक्तं च विंशिकायाम् -**

मुक्खासओ वि णऽण्णत्थ होइ गुरुभावमलपभावेणं ।
जह गुरुवाहिविगारे ण जाऊ पत्थासओ सम्मं ।। (४, २) ।।९७।।

● અહીં બાલાવબોધના અંતે અન્ય પ્રતમાં આ રીતે પાઠ છે - **एतलइ अनिर्वाणवादी निरस्त थयो.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**इम जे.....मन थिर रहै,** - આ રીતે=ગાથા-૮૧ થી મોક્ષ નહિ માનનાર મતનું સ્થાપન કર્યું અને ત્યાર પછી યુક્તિથી તેનું નિરાકરણ કર્યું એ રીતે, પરીક્ષા કરીને જે વ્યક્તિ મોક્ષતત્ત્વની શ્રદ્ધા કરે છે, તેનું મન ધર્મને વિશે સ્થિર રહે છે.

**ભાવાર્થ :-**

તત્ત્વની જિજ્ઞાસાને કારણે, મોક્ષ નહિ માનનાર મતની યુક્તિઓને સમ્યગ્ વિચારીને, મોક્ષ સ્વીકારવાની યુક્તિ શું છે, તેનું સમ્યક્ પર્યાલોચન કરે ત્યારે, વિચારક વ્યક્તિને મોક્ષ માનવો યુક્તિયુક્ત લાગે છે. અને તેના કારણે મોક્ષ છે એ પ્રકારનો સ્થિર નિર્ણય થાય છે, તે મોક્ષની શ્રદ્ધારૂપ છે. અને તેવી શ્રદ્ધા જેમને પ્રગટે છે તેમને મોક્ષના ઉપાયભૂત ધર્મને વિશે સ્થિર મન થાય છે; અર્થાત્ હું સમ્યગ્ ધર્મનું સેવન કરું કે જેથી મને મોક્ષ પ્રાપ્ત થાય, એ પ્રકારની સ્થિરતા પ્રગટે છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે, મોક્ષતત્ત્વની શ્રદ્ધા કરવાથી ધર્મમાં મન સ્થિર થાય છે, તે જ વાત યુક્તિથી બતાવે છે -

**અનુવાદ :-**

**मुक्तिनी.....तेहनइ न हुइ,** - મોક્ષની ઇચ્છા છે તે મોટો યોગ છે, અને તે મોક્ષની ઇચ્છા ચરમપુદ્ગલપરાવર્તમાં અપુનર્બંધકાદિને થાય છે. ચરમાવર્ત બહારના જીવોને ભારે કર્મમળ હોવાને કારણે મોક્ષની ઇચ્છા થતી નથી.

**उक्तं च विंशिकायाम्**- ઉપરોક્ત કથનમાં વિંશિકાની સાક્ષી આપતાં કહે છે -

**मुक्खासओ.....।।९७।।** - મોક્ષનો આશય પણ ઘણા ભાવમળના પ્રભાવને કારણે થતો નથી, જે પ્રકારે ભારે વ્યાધિના વિકારમાં સમ્યક્ પથ્યનો આશય થતો નથી. **॥૯૭॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું એ રીતે, મોક્ષતત્ત્વની પરીક્ષા કરવાથી પૂર્ણ સુખાત્મક મોક્ષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, તેવો નિર્ણય થાય છે; અને તેવી વ્યક્તિને અવશ્ય તેવો મોક્ષ મેળવવાની ઇચ્છા થાય છે. તે મોક્ષની ઇચ્છા એ મોટો યોગ છે એમ કહ્યું તેનો ભાવ એ છે કે, મોક્ષમાર્ગને ઉચિત પ્રવૃત્તિ કોઈ જીવ કરતો હોય તે જીવની તે પ્રવૃત્તિમાં મોક્ષની ઇચ્છા એ મોટો યોગ છે. તેથી જ મોક્ષની ઇચ્છા વગરની તે યોગની પ્રવૃત્તિ યોગરૂપ બનતી નથી, પરંતુ મોક્ષની ઇચ્છાવાળી ત્રુટિત પણ પ્રવૃત્તિ અવશ્ય મોક્ષનું કારણ બને છે. તેથી આચરણાત્મક ક્રિયા એ નાનો યોગ છે અને તે આચરણાત્મક ક્રિયામાં વર્તતો મોક્ષનો અભિલાષ એ મોટો યોગ છે. આથી જ જેમ મોક્ષની ઇચ્છા ઉત્કટ તેમ મોક્ષ માટેનો સુદઢ યત્ન વિશેષ થાય છે. આવી મોક્ષની ઇચ્છા ચરમપુદ્ગલપરાવર્તમાં વર્તતા અપુનર્બંધકાદિને હોય છે; જ્યારે ચરમાવર્ત બહારના જીવો ભારે કર્મમળવાળા હોય છે, તેથી તેમને મોક્ષની ઇચ્છા થતી નથી. ક્વચિત્ તેઓ મોક્ષતત્ત્વની પરીક્ષા કરવા યત્ન કરે, તો પણ તેમને મોક્ષ સુખાત્મક દેખાતો નથી; તેથી તેઓને મોક્ષની ઇચ્છા પ્રગટ થતી નથી.

વિંશિકા-૪/૨નો સાક્ષીપાઠ કહ્યો તેનો ભાવ એ છે કે, ચરમાવર્ત બહારમાં જીવોને અત્યંત ભાવમળનો પ્રભાવ હોવાને કારણે મોક્ષનો આશય થતો નથી; અને તેમાં દૃષ્ટાંત બતાવે છે કે, જે પ્રમાણે ભારે વ્યાધિના વિકારમાં સમ્યક્ પથ્યનો આશય થતો નથી. કોઇ વ્યક્તિને વિપર્યાસકારી એવો રોગનો અતિશય હોય ત્યારે તે રોગની વૃદ્ધિના ઉપાયને જ હિતકારી માને છે, પરંતુ તેને સમ્યક્ પથ્યનો આશય થતો નથી, તેમ ચરમાવર્ત બહારમાં ભાવમળ અતિશય હોવાને કારણે સંસારના ઉપાયો જીવને સારભૂત દેખાય છે, તેથી મોક્ષનો આશય થતો નથી. અહીં **"મોક્ષ નથી"** એમ માનનાર વાદીનું નિરાકરણ થઈ ગયું. **॥૯૭॥**

**સમ્યક્ત્વનું છટ્ઠું સ્થાન 'મોક્ષનો ઉપાય છે' તેનું વર્ણન -**

**અવતરણિકા :-**

મોક્ષના ઉપાયરૂપ છટ્ઠું સ્થાન બતાવવા અર્થે પ્રથમ મોક્ષના ઉપાયને નહિ માનનાર મતની યુક્તિ બતાવે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોપઇ :-**

नास्तिक सरिषा भाषइं अन्य, छे निर्वाण उपाइं शून्य ।
सरज्युं होस्यइ लहस्युं तदा, करो उपाय फरो नर सदा ।।९८।।

**ગાથાર્થ :-**

નાસ્તિક સરખા અન્ય કોઇ કહે છે કે, નિર્વાણ છે, પણ નિર્વાણના ઉપાય નથી. અને તે જ કથન યુક્તિથી બતાવે છે-ઉપાય કરો અને નર=મનુષ્ય, સદા ફર્યા કરો, પરંતુ સર્જ્યું હોય ત્યારે મેળવશું. ॥૯૮॥

**ભાવાર્થ :-**

સમ્યક્ત્વનાં છ સ્થાનોમાંથી છટ્ઠું સ્થાન તે મોક્ષનો ઉપાય છે. તેને નહિ માનનાર નાસ્તિક જેવો છે અને તે કહે છે કે, નર મોક્ષનો ઉપાય કર્યા કરે અને સદા ફર્યા કરે, પરંતુ ઉપાય કરવાથી મોક્ષ થતો નથી. પણ જ્યારે મોક્ષ થવાનો સર્જાયો હશે તે દિવસે મોક્ષ આપણે પ્રાપ્ત કરીશું.

**બાલાવબોધ :-**

अन्यवादी नास्तिक सरषा भाषइ जे-निर्वाण छइ पणि उपायइं शून्य छइ, यदृच्छाइं होइ, जिवारइं सरज्युं हुस्यइ तदा लहस्युं, करो उपाय नर-मनुष्य सदाइ फिरो, उक्तं च -

प्राप्तव्यो नियतिबलाश्रयेण योऽर्थः सोऽवश्यं भवति नृणां शुभोऽशुभो वा ।
भूतानां महति कृतेऽपि हि प्रयत्ने नाभाव्यं भवति न भाविनोऽस्ति नाशः ।।( )
इति ।।९८।।

**અનુવાદ :-**

अन्यवादी.....सदाइ फिरो, - અન્યવાદી નાસ્તિક સરખા જે બોલે છે કે, નિર્વાણ છે પણ ઉપાયશૂન્ય છે. તેઓ કહે છે કે મોક્ષ યદૃચ્છાથી થાય છે. તે જ પદાર્થ સ્પષ્ટ કરતાં કહે છે -

જ્યારે સર્જ્યું હશે ત્યારે મોક્ષ પામીશું. મનુષ્ય ઉપાય કર્યા કરે અને સદા ફર્યા કરે, પરંતુ ઉપાયથી મોક્ષ પ્રગટ થતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उक्तं च = મોક્ષ યદચ્છાથી થાય છે, તેમાં સાક્ષી આપે છે -

प्राप्तव्यो.....इति ।।९८।। - નિયતિના બળના આશ્રયથી જે અર્થ પ્રાપ્ત કરવા યોગ્ય છે, તે શુભ કે અશુભફળ મનુષ્યને અવશ્ય થાય છે. જીવોનો મોટો પ્રયત્ન કરાયે છતે પણ જે થવાનું નથી તે થતું નથી, અને જે થવાનું હોય તેનો નાશ થતો નથી. **॥૯૮॥**

**અવતરણિકા :-**

ગાથા-૯૮ માં સ્થાપન કર્યું કે, મોક્ષનો ઉપાય કરતા તમે ફરો તો પણ જ્યારે મોક્ષ સર્જ્યો હશે ત્યારે જ પ્રાપ્ત થશે. માટે મોક્ષના ઉપાયો તમે જે કહો છો તે ખરેખર ઉપાય નથી, એ વાત બતાવવા માટે કહે છે -

**ચોપઇ :-**

**दर्शन-ज्ञान-चरण शिवहेत, कहो तो स्यो पहलो संकेत ।**
**गुण विण गुण जो पहिला लह्या, तो गुणमां स्युं जाओ वह्या ? ।।९९।।**

**ગાથાર્થ :-**

**દર્શન, જ્ઞાન અને ચારિત્રને તમે શિવના હેતુ કહો છો, તો તે હેતુપ્રાપ્તિનો પહેલો સંકેત શું છે ?=તે હેતુપ્રાપ્તિનું પહેલું કારણ શું છે ? અર્થાત્ પહેલું કારણ કાંઇ નથી.**

તે જ વાતને દૃઢ કરવા ગાથાના ઉત્તરાર્ધમાં કહે છે -

**ગુણ વિના જો પહેલાં ગુણ લહ્યા તો ગુણમાં શું વહ્યા જાઓ છો ? = ગુણ માટે કેમ પ્રયત્ન કરો છો ? ॥૯૯॥**

**ભાવાર્થ :-**

મોક્ષના કારણને નહિ માનનાર કહે છે કે, તમે મોક્ષના કારણ તરીકે દર્શન-જ્ઞાન અને ચારિત્રને કહો છો, તો તે દર્શન-જ્ઞાન અને ચારિત્રગુણના પહેલાં એવો શું સંકેત હતો કે જેથી દર્શન-જ્ઞાન અને ચારિત્રગુણ પ્રગટ્યા ?= અને કોઈ કારણ વગર ભવિતવ્યતાના બળથી તે દર્શન-જ્ઞાન અને ચારિત્ર ગુણ પ્રગટ્યા તેમ સ્વીકારો, તો એ પ્રાપ્ત થાય કે પહેલાં ગુણ ન હતા, અને ભવિતવ્યતાના બળથી ગુણ પ્રગટ્યા. તો તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ રીતે મોક્ષ પણ ગુણ વગર પ્રગટ થઇ શકે છે. માટે મોક્ષના કારણીભૂત દર્શન-જ્ઞાન અને ચારિત્ર છે, એમ કહીને તેમાં શા માટે યત્ન કરી રહ્યા છો ? અર્થાત્ તેમાં યત્ન કરવો વ્યર્થ છે, પરંતુ જ્યારે મોક્ષ સર્જાયો હશે તે દિવસે પ્રાપ્ત થશે.

**બાલાવબોધ :-**

**उपायरूपइ दर्शन-ज्ञान-चारित्र जो मोक्षहेतु कहो छो तो स्यो ए संकेत छइ ? ए ३ गुण जो गुण विना लहिया तो गुणमांहिं वह्या स्युं फिरो छो ? जिम गुंण विना भवितव्यताइं गुण पाम्या तिम मोक्षइ पामस्यो । जो इम कहस्यो-पहलां गुण शकतिं हुता ते कालपरिपाकइं विगतिं हुआ, तो भव्यनइं शक्तिं मोक्षभाव छइ ते कालपरिपाकइं व्यक्तिं प्रकट हुस्यइ, कारणनो तंत किहो रहिओ, इत्यादि घणी युक्ति छइ ।।९९।।**

**અનુવાદ :-**

**उपायरूपइ.....मोक्षइ पामस्यो,** - જો તમે મોક્ષના ઉપાયરૂપે દર્શન, જ્ઞાન અને ચારિત્ર મોક્ષહેતુ કહો છો તો કયા પ્રકારનો એ સંકેત છે ? તે સંકેત બતાવે છે - એ ત્રણ ગુણ જો ગુણ વિના લહ્યા તો ગુણમાં વહ્યા શું કરો છો ? જેમ ગુણ વિના ભવિતવ્યતાએ ગુણ પામ્યા, તેમ મોક્ષ પણ પામશો.

**ભાવાર્થ :-**

મોક્ષના ઉપાયને નહિ માનનાર વાદી કહે છે કે, મોક્ષના ઉપાયરૂપે તમે જ્ઞાન, દર્શન અને ચારિત્રને કહો છો, ત્યાં એવો શું સંકેત છે કે આ ત્રણ ગુણથી જ મોક્ષ થાય પણ ભવિતવ્યતાથી નહિ ? એમ કહીને તેમને એ કહેવું છે કે, આ ત્રણ ગુણથી મોક્ષ થતો નથી, પરંતુ ભવિતવ્યતાથી જ થાય છે; અને તે જ વાતને સ્પષ્ટ કરવા માટે તેઓ કહે છે -

તમે મોક્ષના કારણ આ ત્રણ ગુણ માનો છો, અને તે ત્રણ ગુણો જો ગુણ વગર પ્રાપ્ત થતા હોય, તો મોક્ષના ઉપાયરૂપ રત્નત્રયીરૂપ ગુણ માટે શું કામ યત્ન કરો છો ? = યત્ન કરવો નિરર્થક છે. તે જ યુક્તિથી બતાવે છે -

જેમ પ્રથમ ગુણ વગર ભવિતવ્યતાથી રત્નત્રયીરૂપ ગુણને પામ્યા, તેમ મોક્ષ પણ ભવિતવ્યતાથી પામશો. આમ કહીને પૂર્વપક્ષીનો કહેવાનો આશય એ છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે, મોક્ષ પૂર્ણગુણરૂપ છે, તે પૂર્ણગુણરૂપ મોક્ષની પ્રાપ્તિ માટે તેના કારણીભૂત રત્નત્રયીમાં યત્ન કરવો જોઈએ એમ તમે માનો છો, પરંતુ વસ્તુતઃ રત્નત્રયીની પ્રાપ્તિરૂપ ગુણ નિર્ગુણ એવો આત્મા પ્રથમ મેળવે છે. તેથી જ નક્કી થાય છે કે જ્યારે તે ગુણ મેળવવાની ભવિતવ્યતા હોય ત્યારે તે ગુણ પ્રગટે છે. તે જ રીતે જ્યારે મોક્ષમાં પહોંચવાની ભવિતવ્યતા હશે ત્યારે મોક્ષ થશે.

અહીં રત્નત્રયી હેતુ અને સ્વરૂપથી લેવાની છે. તેમાં હેતુથી રત્નત્રયી અપુનર્બંધકને હોય છે. અને જીવ તે પહેલા ગુણ વગરનો હતો, છતાં જેમ ભવિતવ્યતાને કારણે અપુનર્બંધક અવસ્થાને પામ્યો, તેમ મોક્ષ પણ ભવિતવ્યતાથી જ મળશે. તેથી જેમ પ્રથમ ગુણ યત્ન વગર પ્રાપ્ત થાય છે, તેમ મોક્ષ પણ યત્ન વગર જ થશે.

**ઉત્થાન :–**

ગુણ વગર પ્રથમ ગુણ પ્રગટે છે, તેમ મોક્ષ પણ પ્રગટ થશે, તે જ વાતને યુક્તિથી બતાવતાં કહે છે -

**અનુવાદ :–**

**जो इम कहस्यो.....घणी युक्ति छइ ।।९९।।** - જો એમ કહેશો - પહેલાં ગુણ શક્તિએ હતા, તે કાળપરિપાકથી વિગતિ થયા=પ્રગટરૂપે થયા; તો ભવ્યને મોક્ષભાવ શક્તિએ છે, તે કાળપરિપાકથી વ્યક્તિ=પ્રગટ થશે, તો કારણનો તંત કિહાં રહ્યો ?= મોક્ષનું કારણ છે એ વાત ક્યાં રહી ? ઇત્યાદિ ઘણી યુક્તિ છે. તેથી કારણ વગર જ મોક્ષ પ્રગટ થાય છે, એમ મોક્ષના અનુપાયવાદી કહે છે.**॥૯૯॥**

**ભાવાર્થ :–**

મોક્ષના ઉપાયને નહિ માનનાર વાદી કહે છે કે, જો તમે એમ કહેશો કે આત્મામાં પહેલાં ગુણ શક્તિરૂપે હતા માટે અપ્રગટ હતા, તેથી સર્વથા ગુણરહિત એવો આત્મા જ્યારે કાળપરિપાક થાય છે ત્યારે મોક્ષના કારણીભૂત ગુણો તેનામાં પ્રગટ થાય છે; તો તે જ ન્યાયથી ભવ્યમાં મોક્ષ શક્તિરૂપે છે, તેથી જ્યારે કાળપરિપાક થશે ત્યારે તે ભવ્યજીવમાં મોક્ષ વ્યક્તિરૂપે પ્રગટ થશે. માટે મોક્ષના કારણરૂપ રત્નત્રયી છે એ માનવાનું કોઇ પ્રયોજન નથી, ઇત્યાદિ ઘણી યુક્તિઓ છે. માટે મોક્ષ વગર કારણે થાય છે તેમ માનવું ઉચિત છે. **॥૯૯॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

एह ज कहइ छइ -

**ભાવાર્થ :-**

ગાથા-૯૯ ના અંતમાં કહ્યું કે, શક્તિરૂપે રહેલ ગુણ કાળના પરિપાકથી જેમ પ્રગટ થાય છે; તેમ મોક્ષનો ભાવ ભવ્ય આત્મામાં શક્તિરૂપે રહેલો છે, અને કાળના પરિપાકથી પ્રગટ થાય છે; માટે મોક્ષનું કારણ રત્નત્રયીનું સેવન છે, તે વાત રહેતી નથી. એ જ કહે છે -

**ચોપઇ :-**

**मरुदेवा विण चारित्र सिद्ध, भरह नाण दरपणघर लिद्ध ।**
**थोडइ कष्टइं सीधा केइ, बहुकष्टिं बीजा शिव लेइ ।।१००।।**

**ગાથાર્થ :-**

**ચારિત્ર વગર મરુદેવા સિદ્ધ થયા, આરીસાભુવનમાં ભરતમહારાજાએ કેવલજ્ઞાન લીધું=પામ્યા. થોડા કષ્ટથી કેટલાક સિદ્ધ થયા અને બીજા ઘણા કષ્ટથી શિવ=મોક્ષ, પામે છે. ॥૧૦૦॥**

**ભાવાર્થ :-**

આનાથી એ નક્કી થાય છે કે, ચારિત્રની ક્રિયા કે કષ્ટ સહન કરવાની ક્રિયા મોક્ષનું કારણ નથી, પરંતુ જ્યારે મોક્ષ પ્રગટ થવાનો સર્જાયો હશે, તે દિવસે થશે.

**બાલાવબોધ :-**

मरुदेवा अत्यंतवनस्पतिमांहिंथी नीकली कहीइं धर्म न पाम्यां, क्रियारुप चारित्र पाम्या विना भगवद्दर्शनजनितयोगस्थैर्यइं ज अंतकृत् सिद्ध थयां, भरतचक्रवर्ती दीक्षा ग्रह्या विना भावनाबलइं दर्पणघरइ ज्ञान पाम्या, जो क्रियाकष्टइं ज मोक्ष पामिइं तो तदुत्कर्षइं तदुत्कर्ष होइ, तेह तो नथी, जे माटइ केतलाइक थोडइ कष्टइ सिद्ध थया भरतादिक, केतलाइक गजसुकुमालादिक बहु कष्टइं मोक्ष पाम्या ।।१००।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**मरुदेवा.....अंतकृत् सिद्ध थयां,** - મરુદેવા માતા અનાદિ વનસ્પતિમાં=નિગોદમાં હતાં, ત્યાંથી પ્રત્યેક વનસ્પતિમાં આવ્યાં અને પ્રત્યેક વનસ્પતિમાંથી નીકળીને સીધાં મરુદેવા માતારૂપે થયાં, તેથી કોઈ ભવમાં ધર્મ પામ્યાં ન હતાં. અને મરુદેવા માતાના ભવમાં પણ ક્રિયારૂપ ચારિત્ર પામ્યા વગર ભગવાનના દર્શનના કારણે મન-વચન-કાયાના ત્રણે યોગો આત્માના ભાવમાં સ્થિર થયા, તેથી જ કેવલજ્ઞાન થયું; અને કેવલજ્ઞાન થતાંની સાથે જ યોગનિરોધ કરીને સિદ્ધ થયાં. તેથી તેઓ અંતકૃત્ સિદ્ધ થયાં.

**ભાવાર્થ :-**

ઉપરોક્ત કથનથી એ પ્રાપ્ત થાય છે કે, ક્રિયારૂપ ચારિત્ર એ મોક્ષનું કારણ નથી, અને કોઈ ધર્મનું સેવન કરે તે પણ મોક્ષનું કારણ નથી; કેમ કે ધર્મની આચરણાનું સેવન કે ક્રિયારૂપ ચારિત્ર મોક્ષનું કારણ હોય, તો તેના વગર મરુદેવામાતા કેવલજ્ઞાન પામી શકે નહિ.

તો પ્રશ્ન થાય કે, તેઓ મોક્ષ શેનાથી પામ્યાં ? તો પૂર્વપક્ષીને કહેવું છે કે, જ્યારે મરુદેવા માતાનો મોક્ષ સર્જાયો હતો ત્યારે ભગવાનનાં દર્શનથી તેઓમાં યોગસ્થૈર્ય પ્રગટ્યું અને સિદ્ધ થયાં. માટે મોક્ષરૂપ કાર્યના અર્થીએ ધર્મની ક્રિયાઓમાં યત્ન કરવો જોઈએ, એમ કહી શકાય નહિ. પરંતુ જ્યારે જેનો મોક્ષ સર્જાયો હશે, ત્યારે તે મોક્ષમાં મરુદેવાદિની જેમ જશે.

**ઉત્થાન :-**

હવે બીજા દૃષ્ટાંતથી કેવલજ્ઞાનમાં ધર્મની ક્રિયાઓ કારણ નથી, તે બતાવે છે -

**અનુવાદ :-**

**भरतचक्रवर्ती.....ज्ञान पाम्या,** - ભરતચક્રવર્તી દીક્ષા લીધા વગર ભાવનાના બળથી આરીસાભુવનમાં જ્ઞાન પામ્યા. તેથી જ્યારે મોક્ષ પ્રાપ્ત થવાનો હોય ત્યારે ક્રિયા કરનાર કે ક્રિયા નહિ કરનાર મોક્ષને અનુકૂળ પરિણામવાળો બને છે, અને મોક્ષમાં જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

ભરતચક્રવર્તી આરીસાભુવનમાં બેઠા છે. આંગળીમાંથી વીંટી પડી જવાને કારણે શરીર શોભારહિત દેખાય છે. તેનાથી અન્યત્વભાવના ઉપર વિચાર કરવાને કારણે તેમણે શુક્લધ્યાન પ્રાપ્ત કર્યું, અને કેવલજ્ઞાન પામ્યા. માટે સંયમની કષ્ટમય ક્રિયા નિર્વાણનું કારણ નથી, પરંતુ નિર્વાણ થવાનો હોય ત્યારે સહજ રીતે તેવો ભાવ પ્રગટે છે, જેથી મોક્ષ થાય છે.

**ઉત્થાન :-**

મરુદેવા અને ભરતચક્રવર્તીના દૃષ્ટાંતથી ધર્મની ક્રિયા મોક્ષનું કારણ નથી તેમ બતાવીને, યુક્તિથી પણ ધર્મની ક્રિયા મોક્ષનું કારણ નથી, તે બતાવતાં કહે છે -

**અનુવાદ :-**

**जो क्रियाकष्टइं.....मोक्ष पाम्या ।।१००।।** - જો ક્રિયાના કષ્ટથી જ મોક્ષ પામીએ તો તેના ઉત્કર્ષથી=ક્રિયાના ઉત્કર્ષથી, તેનો ઉત્કર્ષ=મોક્ષનો ઉત્કર્ષ થાય; તે તો નથી. જે માટે કેટલાક થોડા કષ્ટથી ભરતાદિ સિદ્ધ થયા અને કેટલાક ગજસુકુમાલાદિ બહુ કષ્ટથી મોક્ષ પામ્યા. **॥૧૦૦॥**

**ભાવાર્થ :-**

જો ક્રિયાના કષ્ટથી જ મોક્ષ પામીએ, તો જે જીવો પોતાના જીવનમાં અતિ અપ્રમાદભાવથી ઘણી ક્રિયા કરે છે, તેઓને ક્રિયાના ઉત્કર્ષથી મોક્ષરૂપ ફળમાં પણ ઉત્કર્ષ થવો જોઈએ. પરંતુ મોક્ષ સર્વકર્મરહિત અવસ્થારૂપ છે, તેથી ઘણી કષ્ટવાળી ક્રિયા કરનાર ગજસુકુમાલાદિ અને ક્રિયા નહિ કરનાર મરુદેવા કે ભરતચક્રવર્તી આદિને પણ જે મોક્ષ થાય છે, તે સર્વથા સમાન જ છે. માટે ક્રિયાના ઉત્કર્ષથી મોક્ષમાં ઉત્કર્ષ નથી. તેથી જ સિદ્ધ થાય છે કે મોક્ષનું કારણ ક્રિયાનું કષ્ટ નથી; પરંતુ જ્યારે મોક્ષ થવાનો સર્જાયો હોય ત્યારે, કોઇ કષ્ટ કરતો હોય અને મોક્ષ થઈ શકે, અને કોઇ સર્વથા કષ્ટ વગર જીવતો હોય તો પણ મોક્ષ થઇ શકે છે. માટે મોક્ષ હોવા છતાં મોક્ષનો કોઇ ઉપાય નથી, આ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. **॥૧૦૦॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

મોક્ષ રત્નત્રયીથી થતો નથી, પરંતુ ભવિતવ્યતાથી થાય છે, તેમ બતાવીને ગાથા-૯૮ માં કહેલ કે જ્યારે મોક્ષ સર્જાયો હશે ત્યારે જ પ્રાપ્ત થશે. તે વાતને દૃઢ કરે છે -

**ચોપઇ :-**

**जेहनी जेहवी भवितव्यता, तिम तेहनि होइ निःसंगता ।**
**कष्ट सहइ ते करमनिमित्त, नियति विना नवि साध्य विचित्त ।।१०१।।**

**ગાથાર્થ :-**

**જેહની જેવી ભવિતવ્યતા તેમ તેહને નિ:સંગતા=મોક્ષ, થાય; અને જેઓ મોક્ષપ્રાપ્તિ પૂર્વે કષ્ટ સહન કરે છે, તે તેઓને કષ્ટપ્રાપ્તિને કરાવનારા કર્મના નિમિત્તે છે; અને નિયતિ વગર વિચિત્ર સાધ્ય નથી=નિયતિને કારણે કોઇ તીર્થંકર થઇને સિદ્ધ થાય છે, કોઇ અતીર્થંકર થઇને સિદ્ધ થાય છે, એ રૂપ વિચિત્ર સાધ્ય નથી. ॥૧૦૧॥**

**બાલાવબોધ :-**

**जेहनी जेहवी भवितव्यता छइ तेहनइं तिम- ते प्रकारइ ज निःसंगता-मोक्षलाभ होइ छइ, जेतलुं कष्ट सहवुं छइ तेटलुं वेदनीयादिकर्म निमित्त छइ, नहीं तो महावीरनइ घणा उपसर्ग, मल्लिनाथप्रमुखनइ कोइ उपसर्ग नहीं, ते किम मिलइ ? नियति विना विचित्र साध्य न हुइ, अत एव 'प्रत्येकबुद्धसिद्धादि भेदस्तथाभव्यतया' इति ललितविस्तरायाम् ।।१०१।।**

● અહીં 'ભવિતવ્યતા' અને 'નિયતિ' શબ્દ એકાર્થવાચી છે.

**અનુવાદ :-**

**जेहनी.....के किम मिलइ ?** - જેની જેવી ભવિતવ્યતા છે તેહને તેમ= તે પ્રકારે જ, નિ:સંગતા=મોક્ષલાભ, થાય છે. જેટલું કષ્ટ સહન કરે છે તેટલું વેદનીયાદિ કર્મ નિમિત્ત છે, નહીં તો મહાવીરને ઘણા ઉપસર્ગ, મલ્લિનાથ વગેરેને કોઈ ઉપસર્ગ નથી, તે કેમ મળે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીનો કહેવાનો ભાવ એ છે કે, મોક્ષની પ્રાપ્તિ ભવિતવ્યતાથી થાય છે, અને જે વ્યક્તિ સંયમનું કષ્ટ ભોગવે છે તે મોક્ષનું કારણ નથી, પરંતુ વેદનીયાદિ કર્મ કષ્ટપ્રાપ્તિનું નિમિત્તકારણ છે. તે જ વાતને દૃષ્ટાંતથી બતાવે છે - ભગવાન મહાવીરને ઘણા ઉપસર્ગો થયા તેનું કારણ તેમનાં વેદનીયાદિ કર્મો હતાં, અને ભગવાન મલ્લિનાથ આદિને કોઇ ઉપસર્ગ વગર કેવલજ્ઞાન પ્રાપ્ત થયું, તેનું કારણ તેમને તેવાં કોઈ વેદનીયાદિ કર્મો ન હતાં. તેથી કષ્ટો વેઠવાં તે મોક્ષનો ઉપાય નથી, પરંતુ ભવિતવ્યતા પ્રમાણે જ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે, વેદનીયાદિ કર્મોના નિમિત્તે મહાવીર ભગવાને ઘણા ઉપસર્ગો સહન કર્યા, અને મલ્લિનાથ ભગવાનને તેવાં કર્મ ન હતાં તેથી ઉપસર્ગો સહન ન કર્યા, અને જેવી તેમની ભવિતવ્યતા હતી તે પ્રકારે તેઓને મોક્ષપ્રાપ્તિ થઈ; તેથી સાધના એ મોક્ષનો ઉપાય નથી, પરંતુ ભવિતવ્યતાથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે. તો પ્રશ્ન થાય કે મોક્ષની પ્રાપ્તિ વીર ભગવાનને ૧૨ વર્ષ સુધી ઉપસર્ગાદિ સહન કરવા દ્વારા થઈ, અને મલ્લિનાથ ભગવાનને કોઇ ઉપસર્ગ વિના દીક્ષા લીધા પછી તરત મોક્ષપ્રાપ્તિ થઈ, એ રૂપ સાધ્યની વિચિત્રતા કોનાથી થઈ ? તેથી કહે છે -

**અનુવાદ :-**

**नियति विना.....ललितविस्तरायाम् ।।१०१।।** - નિયતિ વગર વિચિત્ર સાધ્ય હોય નહિ. આથી કરીને જ તથાભવ્યતાને કારણે પ્રત્યેકબુદ્ધસિદ્ધાદિ ભેદ છે, એ પ્રકારે લલિતવિસ્તરામાં કહેલ છે. **।।૧૦૧।।**

**ભાવાર્થ :-**

વીરભગવાનને ઘણા ઉપસર્ગો સહન કરીને મોક્ષમાં જવું તેવા પ્રકારની ભવિતવ્યતા હતી, તેથી જ પૂર્વભવમાં તેવા પ્રકારનાં વેદનીયાદિ કર્મો વીરભગવાને બાંધેલાં; અને મલ્લિનાથ ભગવાનને કોઈ ઉપસર્ગો સહન કર્યા વગર મોક્ષમાં જવું તેવી ભવિતવ્યતા હતી, તેથી તેવાં વેદનીયાદિ કર્મો મલ્લિનાથ ભગવાને બાંધ્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહિ. તેથી મોક્ષરૂપ સાધ્યની પ્રાપ્તિમાં પૂર્વે જે વિચિત્રતા દેખાય છે, તે નિયતિ વગર થઈ શકે નહિ.

સ્વકથનની પુષ્ટિ કરતાં પૂર્વપક્ષી કહે છે કે, નિયતિના કારણે મોક્ષરૂપ સાધ્યની પૂર્વમાં વિચિત્રતા હોય છે; આથી કરીને જ લલિતવિસ્તરામાં, તથાભવ્યતાને કારણે કોઈ જીવ પ્રત્યેકબુદ્ધ થઇને સિદ્ધ થાય છે, તો કોઇ જીવ સ્વયંબુદ્ધ થઇને સિદ્ધ થાય છે ઇત્યાદિ ભેદ છે.

પૂર્વમાં કહ્યું કે નિયતિ વગર વિચિત્ર સાધ્ય નથી; અને તેની પુષ્ટિ માટે કહ્યું કે, તથાભવ્યત્વના કારણે પ્રત્યેકબુદ્ધસિદ્ધાદિ ભેદો છે. ત્યાં પ્રશ્ન થાય કે તથાભવ્યત્વ એ કાંઈ નિયતિ નથી, પરંતુ જીવનો ભવ્યત્વ સ્વભાવ છે. તેમાં વિશેષ પ્રકારના ભવ્યત્વને તથાભવ્યત્વથી ગ્રહણ કરેલ છે. તેના કારણે નિયતિ વગર વિચિત્ર સાધ્ય નથી, એ વાતની પુષ્ટિ કઈ રીતે થઇ શકે ? તેનું સમાધાન આ પ્રમાણે છે -

પાંચ કારણોમાં જેમ નિયતિ એક કારણ છે, તેમ ભવ્યત્વ પણ એક કારણ છે. અને જ્યારે તથાભવ્યત્વ ગ્રહણ કરીએ ત્યારે તેવા પ્રકારનું ભવ્યત્વ=જેવું કાર્ય થાય છે તેવા પ્રકારનું યોગ્યત્વ, તે તથાભવ્યત્વ છે. અને જેવું કાર્ય થાય તેવું યોગ્યત્વ ગ્રહણ કરીએ તેથી, તે યોગ્યત્વની કુક્ષિમાં નિયતિનો પ્રવેશ થાય છે. કેમ કે નિયત કાર્યને અનુકૂળ એવું યોગ્યત્વ એ તથાભવ્યત્વ છે. તેથી નિયતિથી વિચિત્ર સાધ્ય પ્રાપ્ત થાય છે, તેની પુષ્ટિ લલિતવિસ્તરાના વચનથી પૂર્વપક્ષીએ કરેલ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે, જેવો નિયત કાર્ય કરવાનો સ્વભાવ જીવમાં છે તે પ્રકારે નિયત કાર્ય થાય છે. તેથી જે પ્રત્યેકબુદ્ધ થઇને સિદ્ધ થવાના સ્વભાવવાળા છે, તે પ્રત્યેકબુદ્ધ થઇને સિદ્ધ થાય છે, અન્ય રીતે નહિ. તેમ જેમને ઘણાં કષ્ટો વેઠીને મોક્ષમાં જવાનો સ્વભાવ છે, તેઓ વેદનીયાદિ કર્મો બાંધીને તેવાં કષ્ટો વેઠીને મોક્ષમાં જાય છે; અને જેમનો કોઇ કષ્ટ વેઠ્યા વગર મોક્ષમાં જવાનો સ્વભાવ છે, તેઓ તે રીતે મોક્ષમાં જાય છે. માટે સાધ્યનું વૈચિત્ર્ય નિયતિને આધીન છે, તેથી મોક્ષનો ઉપાય નથી. પણ જ્યારે મોક્ષ સર્જાયો હશે તે રીતે થશે, એમ પૂર્વપક્ષી કહે છે. **॥૧૦૧॥**

**અવતરણિકા :-**

નિયતિથી જ મોક્ષ થાય છે, પણ મોક્ષનો અન્ય કોઈ ઉપાય નથી, તે જ વાતની પુષ્ટિ કરવા માટે પૂર્વપક્ષી કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોપઇ :-**

**ज्ञानीइं दीठुं तिम जाणि, दीठा भवमां वृद्धि न हाणि ।**
**कायाकष्ट करो स्युं फोक, क्रिया देषाडी रंजो लोक ।।१०२।।**

**ગાથાર્થ :-**

**જ્ઞાનીએ જોયું છે તેમ થાય છે એમ જાણો. દીઠા=જોયેલા, ભવમાં વૃદ્ધિ કે હાનિ નથી. (તેથી કરીને મોક્ષની પ્રાપ્તિ માટે) ફોગટ કાયકષ્ટ શું કામ કરો છો ? ક્રિયાને દેખાડીને લોકોને રંજન કરો છો. ॥૧૦૨॥**

**બાલાવબોધ :-**

**'जिम ज्ञानीइं दीठुं छइ तिम थाइ छइ' इम निश्चय करी जाणि दीठां भवमांहिं वृद्धि-हानि नथी, दीठाथी कइं ओछो अधिको न थाइ तो स्यूं कायाकष्ट करो छो? फोकइं क्रिया देषाडीनइं लोकनइं रंजो छो ? कष्ट करस्यइ तेहनइं, नहीं करइ तेहनइ पणि ज्ञानीइं भव दीठा छइ तेतला ज हुस्यइ, उक्तं च सिद्धसेनीय नियतिद्वात्रिंशिकायाम् -**

ज्ञानमव्यभिचारं चेज्जिनानां मा श्रमं कृथाः ।
अथ तत्राप्यनेकान्तो जिताः स्मः किं नु (किंतु) को भवान् ?

(१६।१६) ।।१०२।।

● અહીં નિયતિદ્વાત્રિંશિકાના શ્લોકમાં **'किं नु'** પાઠ છે ત્યાં તે દ્વાત્રિંશિકામાં **'किंतु'** પાઠ છે અને તે સંગત છે.

**અનુવાદ :-**

**जिम.....करी जाणि,** - જેમ જ્ઞાનીએ જોયું છે તેમ થાય છે, આ પ્રમાણે નિર્ણય કરીને જાણો.

આ પ્રમાણે નિર્ણય કરીને શું જાણવું તે બતાવે છે -

**दीठां भवमांहि.....कष्ट करो छो ?** - દીઠા ભવમાં=ભગવાને કેવલજ્ઞાનમાં આપણા જેટલા ભવો જોયા છે તેમાં, વૃદ્ધિ-હાનિ થવાની નથી=

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણા ભવ અધિક કે ઓછા થવાના નથી, તો કાયકષ્ટ શું કામ કરો છો ? અર્થાત્ કાયકષ્ટ કરવાનો કોઇ અર્થ નથી.

**ઉત્થાન :-**

કાયકષ્ટ મોક્ષનું કારણ નથી, કેમ કે કેવલીના જ્ઞાનમાં આપણા જોયેલા ભવમાં હાનિ-વૃદ્ધિ થતી નથી. હવે તે કાયકષ્ટ કેવું છે? કેવા ફળવાળું છે ? તે બતાવતાં કહે છે -

**અનુવાદ :-**

**फोकइं.....रंजो छो ?** - ફોગટ ક્રિયા દેખાડીને લોકને રંજો છો.

તપ-સંયમની ક્રિયા એ લોકરંજની ક્રિયા કેમ છે ? તે બતાવે છે -

**कष्ट करस्यइ.....तेतला ज हुस्यइ,** - કષ્ટ કરશે તેને અને જે કષ્ટ નહિ કરે તેને પણ જ્ઞાનીએ ભવ દીઠા છે તેટલા જ થશે, અધિક ઓછા થશે નહિ. માટે આ તપ-સંયમની ક્રિયા મોક્ષનું કારણ નથી, પણ લોકરંજન માટે કરો છો. (એમ પૂર્વપક્ષી કહે છે.)

**उक्तं च सिद्धसेनीय नियतिद्वात्रिंशिकायाम्** = જ્ઞાનીએ આપણા જેટલા ભવો જોયા છે, તેટલા જ થશે; પરંતુ તપ-સંયમની ક્રિયા કરવાથી ઓછા થઈ શકે નહિ; એ જ વાતની પુષ્ટિ નિયતિદ્વાત્રિંશિકાના શ્લોકથી કરે છે. તેનો અર્થ આ પ્રમાણે -

**ज्ञानमव्यभिचारं.....।।१०२।।** - જિનોનું જ્ઞાન જો અવ્યભિચારી હોય તો તપ-સંયમમાં શ્રમ કરો નહિ. હવે ત્યાં પણ=જિનોના જ્ઞાનમાં પણ, અનેકાંત છે; તો અમે જીતાઈ ગયા. પરંતુ તમે 'મોક્ષસાધક' કોણ ? **॥૧૦૨॥**

**ભાવાર્થ :-**

નિયતિદ્વાત્રિંશિકાનું ઉદ્ધરણ જે આપ્યું તેનો ભાવ એ છે કે, નિયતિથી જ સર્વકાર્ય થાય છે તેમ માનનાર દૃષ્ટિથી કહે છે કે, જો કેવલીનું જ્ઞાન અવ્યભિચારી હોય તો કેવલીએ જે ભવમાં તમારો મોક્ષ જોયો છે તે ભવમાં જ તમારો મોક્ષ થશે. માટે મોક્ષના ઉપાયોમાં શ્રમ કરવો નહિ; કેમ કે મોક્ષ શ્રમસાધ્ય નથી, પરંતુ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિયતિ સાધ્ય છે. કેમ કે ભગવાનના કેવલજ્ઞાનમાં નિયત ભવમાં જ તમારો મોક્ષ થશે તેમ દેખાય છે.

હવે કદાચ મોક્ષના ઉપાયવાદી કહે કે, સંયમમાં શ્રમ કરવાથી મોક્ષ જલદી થાય છે. તો નિયતિવાદી કહે છે કે, જો ત્યાં પણ=ભગવાનના જ્ઞાનમાં પણ, અનેકાંત છે, તો અમે જીતાઇ ગયા=અમે તમારાથી હારી ગયા.

આશય એ છે કે, ભગવાને કેવલજ્ઞાનમાં જે ભવમાં આપણો મોક્ષ થવાનો જોયો છે, તે ભવથી પહેલાં તપ-સંયમમાં યત્ન કરવાથી મોક્ષ થાય છે તેમ સ્વીકારીએ, તો ભગવાનના જ્ઞાનમાં અનેકાંત છે, તેમ માનવું પડે. = ભગવાનના જ્ઞાન પ્રમાણે ક્યારેક કાર્ય થાય છે, અને ક્યારેક ભગવાનના જ્ઞાનથી વિપરીત પણ કાર્ય થાય છે તેમ માનવું પડે. કેમ કે તપ-સંયમમાં યત્ન કરવાથી ભગવાને આપણા જેટલા ભવો જોયા હતા તેનાથી પહેલાં મોક્ષ થાય છે. તેથી ભગવાનનું જ્ઞાન વ્યભિચારી છે=ભગવાનના જ્ઞાનમાં અનેકાંત છે. તો નિયતિવાદી કહે છે કે તો અમે તમારાથી જીતાઈ ગયા=હારી ગયા, કેમ કે નિયતિથી મોક્ષ થાય છે તેમ અમે કહી શકીશું નહિ; પરંતુ માનવું જ પડશે કે મોક્ષના ઉપાયમાં પ્રવૃત્તિ કરીએ તો મોક્ષની પ્રાપ્તિ શીઘ્ર થાય છે. પરંતુ તેમ સ્વીકારશો તો અમારો નિયતિવાદ ઊડી જશે, આમ છતાં તમે મોક્ષસાધક કોણ છો ? એ પ્રશ્ન ઉભો થશે. કેમ કે મોક્ષના ઉપાય સાક્ષાત્ દેખાતા નથી, પરંતુ ભગવાનના વચનના બળથી તમે મોક્ષના ઉપાયમાં પ્રવૃત્તિ કરો છો, અને તમે જ કહો છો કે ભગવાનનું વચન વ્યભિચારી છે. તેથી જેમનું વચન અસંગત હોય તેમના વચનથી મોક્ષમાર્ગની પ્રવૃત્તિ થઈ શકે નહિ. તેથી મોક્ષમાર્ગની પ્રવૃત્તિ કરનાર એવા તમે કોણ રહ્યા ? અર્થાત્ મોક્ષમાર્ગની પ્રવૃત્તિ કરનાર તમે નથી. આમ કહીને નિયતિવાદીને એ સ્થાપવું છે કે, કેવલીનું જ્ઞાન અવ્યભિચારી માનવું ઉચિત છે. અને જો તેમનું જ્ઞાન અવ્યભિચારી માનીએ તો મોક્ષનો કોઈ ઉપાય નથી, પણ નિયતિથી જ મોક્ષ થાય છે, તેમ માનવું ઉચિત છે. **॥૧૦૨॥**

**અવતરણિકા :-**

મોક્ષ માને છે અને મોક્ષના ઉપાયને નથી માનતા, તેનું સ્થાપન ગાથા-૯૮ થી ૧૦૨ સુધી કર્યું. હવે તે મતનું નિરાકરણ કરતાં કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોપઇ :-**

**कामभोगलंपट इम भणै, कारण मोक्षतणां अवगणइ ।**
**कारय छै निं कारण नहीं, तेहनिं ए क्षति मोटी सही ।।१०३।।**

**ગાથાર્થ :-**

**એમ=ગાથા-૯૮ થી ૧૦૨ માં કહ્યું એ પ્રકારે, મોક્ષના ઉપાય નથી, એમ કામભોગલંપટ કહે છે,(અને) મોક્ષનાં કારણ અવગણે છે. કાર્ય છે અને કારણ નથી એ પ્રકારે તેની મોટી ક્ષતિ=ભૂલ છે. ॥૧૦૩॥**

**બાલાવબોધ :-**

**इम ए वादी कामभोगना लंपट छइ ते भणइ छइ-मोक्षतणां जे कारण छइ ते अवगणइ छइं- ऊवेषी नांषइ छइ । तेहनइ ए मोटी क्षति छइ-मोटुं दूषण छइ, जे कार्य-मोक्ष छइ अनइ तेहनां कारण नथी, इम तो स्वप्रवृत्तिं ज व्याघात हुइ, ए दंडथी कार्यकारणभाव साचो मानवो ।।१०३।।**

**અનુવાદ :-**

**इम ए वादी.....भणइ छइ** - ગાથા-૯૮ થી ૧૦૨ માં કહ્યું એ પ્રકારે, કામભોગના લંપટ એવા વાદી છે, તે ભણે છે=કહે છે.

આ પ્રકારે કહીને વાદીએ શું કહ્યું, તે બતાવે છે -

**मोक्षतणां जे कारण.....दूणष छइ** - મોક્ષનાં જે કારણ છે, તે અવગણે છે=ઉપેક્ષા કરે છે. તેને આ મોટી ક્ષતિ છે=મોટું દૂષણ છે.

મોટું દૂષણ શું છે તે બતાવે છે -

**जे कार्य.....कारण नथी,** - જે કાર્ય મોક્ષ છે અને તેનાં કારણ નથી, એ જ મોટું દૂષણ છે.

મોક્ષ છે અને તેનાં કારણ નથી, એમ માનવામાં શું વાંધો છે ? તેથી કહે છે-

**इम तो.....मानवो ।।१०३।।** - એમ તો સ્વપ્રવૃત્તિનો જ વ્યાઘાત થાય, એ દંડથી=આપત્તિથી, કાર્ય-કારણભાવ સાચો માનવો. **॥૧૦૩॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

અહીં સ્વપ્રવૃત્તિનો વ્યાઘાત થાય એમ કહ્યું તેનાથી એ કહેવું છે કે, જેમ કેવલજ્ઞાનમાં કેવલી જુએ છે એ પ્રમાણે સર્વ કાર્ય થાય છે એમ સ્થાપન કરીને, મોક્ષનો ઉપાય સંયમની ક્રિયા નથી એમ પૂર્વપક્ષી કહે છે તેમ સ્વીકારીએ તો, ધન કમાવા વગેરેની પોતાની સ્વપ્રવૃત્તિનો પણ વ્યાઘાત થાય. કેમ કે કેવલીએ કેવલજ્ઞાનમાં ધનપ્રાપ્તિ જોઈ હોય તો ધનપ્રાપ્તિ થશે જ, માટે ધનપ્રાપ્તિના ઉપાયમાં પ્રવૃત્તિથી ધનપ્રાપ્તિ થાય છે, તેમ માનીને તે પોતે પ્રવૃત્તિ કરે છે, એ પ્રવૃત્તિ તે કરી શકે નહિ. તેથી પોતાની પ્રવૃત્તિના વ્યાઘાતરૂપે આપત્તિ હોવાને કારણે કાર્ય-કારણભાવને સાચો માનવો જોઈએ=કારણમાં પ્રવૃત્તિ કરવાથી જ કાર્ય નિષ્પન્ન થાય છે તેમ માનવું જોઈએ. જેમ ધનપ્રાપ્તિના ઉપાયમાં પ્રવૃત્તિ કરવાથી ધનપ્રાપ્તિ થાય છે, તેમ ઉપેય એવા મોક્ષની પ્રાપ્તિ માટે મોક્ષપ્રાપ્તિના ઉપાયભૂત તપ-સંયમમાં પ્રવૃત્તિ કરવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે, તેમ માનવું જોઈએ. **॥૧૦૩॥**

**અવતરણિકા :-**

મોક્ષ સર્જ્યો હોય ત્યારે જ થાય છે, એ પ્રકારની પૂર્વપક્ષીની માન્યતા યુક્તિ વગરની છે, તે બતાવવા અર્થે કહે છે -

**ચોપઇ :-**

**वायसताली न्याय न एह, सरजै तो सकलै संदेह ।**
**जो सरज्युं जंपइ निसदीस, अव्यभिचारीस्युं सी रीस ? ।।१०४।।**

**ગાથાર્થ :-**

**એહ=આ=મોક્ષની પ્રાપ્તિ, વાયસતાલીયન્યાયથી નથી. (જો) સર્જ્યું હોય તેમ થાય (એમ માનીએ તો) સકલમાં=બધા કાર્યમાં, સંદેહ થાય.**

**ઉત્થાન :-**

હવે જ્યારે મોક્ષ સર્જાયો હશે ત્યારે થશે એમ પૂર્વપક્ષી કહે છે, તેને તેની જ યુક્તિથી દૂષિત કરે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ :-**

જો મોક્ષની પ્રાપ્તિના વિષયમાં નિસદીસ=હંમેશાં, સર્જ્યું જંપે છે=બોલે છે, તો ઘટના અવ્યભિચારી કારણોમાં શું રીસ છે ? અર્થાત્ ત્યાં પણ ઘટના ઉપાયોમાં પ્રવૃત્તિ કરવી ન જોઈએ, અને કહેવું જોઈએ કે ઘટ સર્જાયો હશે ત્યારે થશે. ॥૧૦૪॥

**બાલાવબોધ :-**

ए वायसताली कहितां काकतालीयन्याय न कहिइं, 'कागडो ऊडनार तालफल पडनार' इम नहीं, जे माटिं नियतान्वयव्यतिरेक छइ, जो सरज्युं थाइ इम कहिइं तो सघलइं संदेह थाइ 'किम सरज्युं हुस्यइ ?' प्रवृत्ति तो इष्टसाधनतानिश्चयइं ज थाइ, जो सरज्युं निसदीस कहइ छइ तो अव्यभिचारी कारण घटादिकनां दंडादिक छइ तिहां सी रीस ? इम मोक्षकारण ज्ञानादिक पणि सद्दहवां अथवा अरि-व्यभिचारी-चौर-पारदारिकस्युं सी रीस ? ते तो सरज्युं करइ छइ ।।१०४।।

**અનુવાદ :-**

**ए वायस.....नियतान्वयव्यतिरेक छइ,** - આ=મોક્ષની પ્રાપ્તિ, કાકતાલીય ન્યાયથી નથી=કાગડાનું ઊડવું અને તાલફળનું પડવું એ ન્યાયથી નથી, જે કારણે નિયત અન્વય-વ્યતિરેક છે=મોક્ષસાધક ક્રિયાઓ અને મોક્ષપ્રાપ્તિરૂપ ફળની સાથે ચોક્કસ કાર્યકારણભાવ છે. તે આ રીતે -

જ્યાં જ્યાં મોક્ષસાધક પ્રવૃત્તિ છે, ત્યાં ત્યાં મોક્ષરૂપ ફળ છે; અને જ્યાં જ્યાં મોક્ષસાધક પ્રવૃત્તિ નથી, ત્યાં ત્યાં મોક્ષરૂપ ફળ નથી.

**ઉત્થાન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે કાકતાલીય ન્યાયથી મોક્ષરૂપ ફળ નથી, પરંતુ મોક્ષસાધક ક્રિયા સાથે મોક્ષરૂપ ફળનો અન્વય-વ્યતિરેક છે. હવે તે જ વાતને દઢ કરવા માટે કહે છે -

**અનુવાદ :-**

**जो सरज्युं थाइ.....साधनतानिश्चयइं ज थाइ,** - મોક્ષના વિષયમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો એમ કહીએ કે જે સર્જ્યું હોય તે થાય, તો સંસારની દરેક પ્રવૃત્તિમાં સંદેહ થાય, અર્થાત્ પ્રશ્ન થાય કે કયું સર્જ્યું થશે ? અને પ્રવૃત્તિ તો ઇષ્ટસાધનતાના નિશ્ચયથી જ થાય છે.

**ભાવાર્થ :-**

આશય એ છે કે, સર્જ્યું હોય તે જ થાય તેમ માનીએ તો સંસારમાં ધનની પ્રાપ્તિ થવાની સરજી હશે તો ધનની પ્રાપ્તિ થશે, અને ધનની પ્રાપ્તિ થવાની નહિ સરજી હોય તો નહિ થાય; આ પ્રકારનો ધનપ્રાપ્તિ-ધનઅપ્રાપ્તિના વિષયમાં વિચાર આવશે. તેથી ફળનો સંદેહ રહ્યા કરશે. અને ફળની પ્રાપ્તિનો ઉપાય ધન મેળવવા માટેનો યત્ન નથી, પરંતુ જે સર્જ્યું હશે તે જ થશે, એવો નિર્ણય હોવાથી, ધનપ્રાપ્તિના ઉપાયમાં પ્રવૃત્તિ થઇ શકશે નહિ. અને ધનની પ્રાપ્તિમાં પ્રવૃત્તિ તો ઇષ્ટસાધનતાના નિશ્ચયથી જ થાય છે=ધન મને ઇષ્ટ છે અને તેનું સાધન વેપારની ક્રિયા છે, એવો નિર્ણય થવાથી જ પ્રવૃત્તિ થાય છે. તેથી જેમ ધનની પ્રાપ્તિ અને વ્યાપાર વચ્ચે અન્વય-વ્યતિરેક છે, તેમ મોક્ષસાધક ક્રિયા અને મોક્ષરૂપ ફળ પ્રત્યે નિયત અન્વય-વ્યતિરેક છે.

**ઉત્થાન :-**

જે લોકો મોક્ષની પ્રવૃત્તિમાં યત્ન કરતા નથી, અને કહે છે કે જે દિવસે મોક્ષ થવાનો છે તે દિવસે જ મોક્ષ થશે, તેમને સ્વપ્રવૃત્તિનો વ્યાઘાત કઇ રીતે થાય છે, તે બતાવતાં કહે છે -

**અનુવાદ :-**

**जो सरज्युं निसदीस.....ज्ञानादिक पणि सद्दहवां** - જો સર્જ્યું નિસદીસ કહે છે, તો અવ્યભિચારી કારણ ઘટાદિકનાં દંડાદિક છે, ત્યાં શી રીસ છે ? એમ, મોક્ષનાં કારણ જ્ઞાનાદિક પણ સ્વીકારવાં જોઈએ.

**ભાવાર્થ :-**

જે વ્યક્તિ મોક્ષના વિષયમાં સર્જ્યું હશે તે થશે એ પ્રમાણે હંમેશાં કહે છે, તે વ્યક્તિને ઘટાદિનાં અવ્યભિચારી કારણ એવાં દંડાદિ છે, ત્યાં શી રીસ છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ જ્યારે તે ઘટનો અર્થી છે ત્યારે ઘટના ઉપાયભૂત દંડાદિ કારણમાં કેમ યત્ન કરે છે ? ત્યાં પણ તેણે કહેવું જોઈએ કે, જો ઘટ સર્જાયો હશે તો થશે, અને નહિ સર્જાયો હોય તો ગમે તેટલો યત્ન કરવા છતાં પણ ઘટ થશે નહિ. અને એમ માનીને ઘટના અર્થીપણાથી દંડાદિમાં પ્રવૃત્તિ ન કરે તો ઘટની પ્રાપ્તિ થાય નહિ એવો અનુભવ છે. તેથી જે જે કાર્ય પોતાને ઇષ્ટ છે ત્યાં ત્યાં તેના ઉપાયોમાં જેમ તે પ્રવૃત્તિ કરે છે, તેમ જો તે મોક્ષનો અર્થી હોય તો મોક્ષનાં કારણ એવાં જ્ઞાનાદિને પણ ઉપાયરૂપે તેણે સ્વીકારવાં જોઈએ.

**ઉત્થાન :-**

બાલાવબોધમાં ગાથા-૧૦૪ ના ઉત્તરાર્ધમાં **जो सर्ज्युं जंपइ निसदीस अव्यभिचारीस्युं सी रीस** ? એ કહ્યું તેનો અર્થ પૂર્વમાં બતાવ્યો. ત્યાર પછી તે જ વાતને વિશેષ બતાવવા માટે બાલાવબોધમાં **'अथवा'** થી કહે છે -

**અનુવાદ :-**

**अथवा अरि-.....करइ छइ ।।१०४।।** = અથવા શત્રુ, વ્યભિચારી, ચોર, પારદારિક પ્રત્યે શી રીસ છે ? અર્થાત્ તેના પ્રત્યે ગુસ્સો કરવો જોઈએ નહિ. કેમ કે તેઓ તો સર્જ્યું કરે છે. **॥૧૦૪॥**

**ભાવાર્થ :-**

આ કથન દ્વારા ગ્રંથકારને એ કહેવું છે કે, શત્રુ આદિ પ્રત્યે સર્જ્યું માનીને દ્વેષ ન કરવો જોઈએ; પરંતુ તેમ તું કરતો નથી, અને આ શત્રુએ મારું અહિત કર્યું તેમ માનીને તું ગુસ્સે થાય છે. તે જ બતાવે છે કે તું કારણને પણ સ્વીકારે છે. માટે જ કહે છે કે શત્રુએ મારું અહિત કર્યું, ત્યાં જેમ કારણને સ્વીકારે છે, તેમ મોક્ષના ઉપાયભૂત ધર્મને કારણરૂપે કેમ સ્વીકારતો નથી ?

● **अथवा............करइ छइ** । આ લખાણ પૂ. ઉપાધ્યાયજી મહારાજે સ્વહસ્તે લખેલ પ્રતમાં ગાથા-૧૦૪ના બાલાવબોધને છેડે નિશાની કરી એનું અનુસંધાન **अथवा**........... કરીને હાંસિયામાં મૂકેલું છે. તેથી **अव्यभिचारीस्युं सी रीस** ? એનો અર્થ ગાથા-૧૦૪ના બાલાવબોધમાં જણાવીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अथवा अरिव्यभिचारीस्युं सी रीस** એ પ્રકારનો વિકલ્પ સામે રાખીને અર્થ કરે છે. અન્ય પ્રતોમાં **अथवा..........करइ छइ** આ પાઠ ગાથા-૧૦૬ના બાલાવબોધના પ્રારંભમાં જોડાઈ ગયો છે. તે પાઠ ગાથા-૧૦૪ના બાલાવબોધમાં ગ્રહણ કરવો સંગત છે, અને તે મુજબ અમે અર્થ કરેલ છે. **॥૧૦૪॥**

**અવતરણિકા :-**

જે જીવ મોક્ષને માને છે અને મોક્ષના ઉપાયને માનતો નથી, તેવો જીવ, જ્યારે મોક્ષ સર્જાયો હશે ત્યારે થશે તેમ કહે છે, તેણે સંસારના ઇષ્ટ પદાર્થમાં પણ પ્રવૃત્તિ કરવી ન જોઈએ; અને જ્યારે તે ઇષ્ટ પદાર્થની પ્રાપ્તિ સર્જાઇ હશે ત્યારે થશે, તેમ માનવું જોઈએ; એ બતાવીને મોક્ષ માટે મોક્ષના ઉપાયમાં પ્રવૃત્તિ કરવી ઉચિત છે, તે બતાવવા અર્થે કહે છે -

**ચોપઇ :-**

**सरज्युं दीठुं सघलै कहै, तो दंडादिक किम सद्दहै ? ।**
**कारण भेली सरिजी(जि)त दीठ, कहितां विघटइ नवि निज इट्ठ ।।१०५।।**

**ગાથાર્થ :-**

**જે રીતે સર્જ્યું હશે=કાર્ય થવાનું સર્જાયેલું હશે, (જે રીતે કેવલીએ દીઠું છે તે રીતે થશે,) એમ ધર્મના ક્ષેત્રમાં સઘળે=બધે, કહે છે; તો ઘટનો અર્થી એવો તે દંડાદિને કેમ સદ્દહે છે ? અર્થાત્ દંડાદિને ઘટના કારણરૂપે કેમ સ્વીકારે છે ?**

**ઉત્થાન :-**

આના સમાધાનરૂપે પૂર્વપક્ષી કહે છે કે, કેવલીએ સર્વ કારણોથી સહિત ઘટાદિનું સર્જન જોયું છે, તેથી ઘટાદિના અર્થી એવા અમારી દંડાદિમાં પ્રવૃત્તિ અસંગત નથી. તેથી કહે છે -

**ગાથાર્થ :-**

**કારણ ભેલી=કારણોના ભેગા થવાથી, ઘટાદિ કાર્યો સર્જિત દીઠ=ઘટાદિ કાર્યો સર્જિત કેવલીએ જોયાં છે, એમ કહો તો અમારું ઇષ્ટ વિઘટન પામતું નથી;**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ મોક્ષના ઉપાયોથી સહિત મોક્ષની પ્રાપ્તિ કેવલીએ જોઈ છે, તેથી મોક્ષના અર્થીએ મોક્ષના ઉપાયમાં યત્ન કરવો જોઇએ એ અમને ઇષ્ટ છે, તેનું વિઘટન થતું નથી. ॥૧૦૫॥

**બાલાવબોધ :-**

जो सघलइं सरज्युं दीठुं कहइ छइ तो दंडादिक घटादिकारण किम सद्दहइं? सरज्युं ते तत्प्रकारक सिसृक्षा ज, तेणइ तो बाह्यकारण सर्व अन्यथासिद्ध थाइ, एणइ करी 'जं जहा तं भगवया दिट्ठं तं तहा विपरिणमइ'( ) ए सूत्र व्याख्यान थयुं, जे माटइ केवलज्ञान ते व्यापक छइ, कारण नथी। तेह ज कहइ छइ-'कारण भेली सरजित दीठुं' इम कहतां तो निज इष्ट विघटइ नहीं, जे माटिं दंडादिकारण सहित ज घटादिक सरज्या छइ, इम कहतां ज्ञानादिकारणसहित ज मोक्ष सरज्यो छइ, इम कहतां बाधक नथी ।।१०५।।

● બાલાવબોધમાં **जं जहा** પછી **तं** શબ્દ છે, તે વધારાનો ભાસે છે.

**અનુવાદ :-**

**जो सघलइं.....किम सद्दहइं ?** - જો સઘળે સર્જ્યું દીઠું કહે છે=ધર્મના ક્ષેત્રમાં બધે જે કાર્ય જે રીતે થવાનું સર્જાયું હશે તે પ્રમાણે કેવલીએ દીઠું છે એમ કહે છે, તો ઘટાદિનાં કારણ દંડાદિ કેમ સદ્દહે છે=કેમ સ્વીકારે છે ?

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે, સર્જ્યું દીઠું બધે કહેતો હોય તેણે ઘટાદિનાં કારણરૂપે દંડાદિને સ્વીકારવાં જોઈએ નહિ. તે જ વાતને બતાવવા અર્થે સર્જ્યું શું વસ્તુ છે, અને સર્જ્યું સ્વીકારવાથી ઘટાદિના કારણરૂપે દંડાદિ નહિ સ્વીકારવાની આપત્તિ કેમ આવે છે, તે બતાવવા અર્થે કહે છે -

**અનુવાદ :-**

**सरज्युं.....कारण नथी,** - સર્જ્યું તે તત્પ્રકારક સિસૃક્ષા જ=જે પ્રકારે કાર્ય થવાનું છે, તે પ્રકારની સર્જવાની પરિણતિ જ=કેવલીના જ્ઞાનની પરિણતિ જ, તેવો અર્થ સર્જ્યુંનો માનીએ તો, બાહ્ય કારણો બધાં અન્યથાસિદ્ધ થાય. આનાથી "જે, જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રીતે ભગવાન વડે (કેવલજ્ઞાનમાં) જોવાયું છે, તે, તે રીતે પરિણમન પામે છે." એ સૂત્ર વ્યાખ્યાન થયુ='**जो.....एणइ करी**' કરી એ બાલાવબોધના પૂર્વના કથનથી '**जं जहा.....विपरिणमइ**' એ સૂત્રનું અર્થથી તાત્પર્ય કહેવાયું, અને તેમાં યુક્તિ બતાવતાં કહે છે- જે માટે કેવલજ્ઞાન તે વ્યાપક છે, કારણ નથી.

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષી કહે છે કે, જગતમાં જે વસ્તુ જે રીતે સર્જાઈ હોય તે રીતે જ ભગવાને જોયું છે. માટે જે દિવસે મારો મોક્ષ સર્જાયો છે, તે દિવસે જ મારો મોક્ષ થશે, એમ ભગવાને જોયું છે. તેને ગ્રંથકાર કહે છે કે, તો પછી ઘટાદિનો અર્થી એવો તું દંડાદિ કારણોની કેમ શ્રદ્ધા કરે છે ? અર્થાત્ જ્યારે તું ઘટાદિનો અર્થી છે, ત્યારે તું દંડાદિ કારણોમાં કેમ પ્રવૃત્તિ કરે છે ?

હવે સર્જ્યું શું પદાર્થ છે, તે બતાવતાં કહે છે - સર્જ્યું તે તત્પ્રકારક સિસૃક્ષા જ=તે તે કાર્યો સર્જવાની ઈચ્છા. તે સિસૃક્ષા એ ભગવાનના જ્ઞાનરૂપ જ છે, એમ કહીએ તો બાહ્ય કારણો સર્વ અન્યથાસિદ્ધ થાય. તેથી ઘટાદિના અર્થીએ દંડાદિમાં પ્રવૃત્તિ કરવી જોઈએ નહિ, એ અર્થ પ્રાપ્ત થાય. અને આ કથનથી '**जं जहा.....** સૂત્રનું વ્યાખ્યાન થયું= '**जं जहा.....** સૂત્રનો અર્થ જે પ્રકારે પૂર્વપક્ષી ગ્રહણ કરીને કહે છે કે, "જે પ્રકારે સર્જ્યું છે, તે પ્રકારે ભગવાને દીઠું છે," એમ કહીને મોક્ષના કારણોનો અપલાપ કરે છે, તે કરવું ઉચિત નથી. એ સૂત્રનું તાત્પર્ય જો પૂર્વપક્ષી કહે છે તેમ સ્વીકારીએ તો, બધાં બાહ્ય કારણો અન્યથાસિદ્ધ થાય. માટે '**जं जहा.....** સૂત્રનો અર્થ બીજી રીતે છે, અને તે જ સ્પષ્ટ કરવા માટે કહે છે કે, "જે માટે કેવલજ્ઞાન તે વ્યાપક છે, પણ કારણ નથી." અને તેનો આશય આ પ્રમાણે છે -

જગતમાં જેટલાં કાર્યો થાય છે તે સર્વ કાર્યો કેવલજ્ઞાનનો વિષય થાય છે. તેથી જગતનાં સર્વ કાર્યો વ્યાપ્ય છે અને કેવલજ્ઞાન વ્યાપક છે, અર્થાત્ જગતનાં સર્વ કાર્યોને વ્યાપીને કેવલજ્ઞાન રહેલું છે. તેથી કેવલજ્ઞાનમાં જેમ દેખાય છે તેમ જ સર્વ કાર્યો થાય છે તેમાં સંદેહ નથી. પરંતુ કાર્યની નિષ્પત્તિ કારણથી થાય છે, અને કેવલજ્ઞાન કાર્યનિષ્પત્તિનું કારણ નથી; અને કાર્યાર્થી કારણમાં જ પ્રવૃત્તિ કરે, માટે '**जं जहा.....**સૂત્ર અમે માનીએ છીએ, તો પણ અમારા મત પ્રમાણે બાહ્ય કારણો કાર્ય પ્રત્યે અન્યથાસિદ્ધ નથી. તેથી અમારા મતે મોક્ષાર્થે પ્રવૃત્તિ સંગત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે પૂર્વપક્ષી સર્જ્યું હશે ત્યારે થશે એમ કહે છે, અને કારણનો અપલાપ કરે છે, તેથી ઘટાદિના અર્થી એવા તેણે દંડાદિમાં પ્રવૃત્તિ કરવી જોઈએ નહિ, એ પ્રકારનો દોષ પૂર્વપક્ષીને પ્રાપ્ત થાય.

**અનુવાદ :-**

**तेह ज कहइ छइ** - તે જ કહે છે=પૂર્વમાં કહ્યું કે **जं जहा**.........સૂત્ર અમે માનીએ છીએ, અને તે સૂત્ર પ્રમાણે કેવલજ્ઞાન વ્યાપક છે એમ પ્રાપ્ત થાય છે. અને કાર્ય તો કારણથી થાય છે, પણ કેવલજ્ઞાનથી થતું નથી, એમ જે કહ્યું તે જ કહે છે -

**कारण भेली.....कहतां बाधक नथी ।।१०५।।** - કારણના ભેગા થવાથી જે સર્જિત છે તે કેવલીએ જોયું છે, એમ કહેતાં તો પોતાનું ઇષ્ટ વિઘટે નહિ=પૂર્વપક્ષી કહે કે, ઘટાદિના કારણરૂપે દંડાદિ અમે સ્વીકારીએ છીએ તે વિઘટે નહિ, જે કારણથી દંડાદિ કારણ સહિત જ ઘટાદિ સર્જ્યાં છે. તેને ગ્રંથકાર કહે છે - એમ કહેતાં જ્ઞાનાદિ કારણ સહિત જ મોક્ષ સર્જ્યો છે, એમ કહેતાં બાધક નથી. **॥૧૦૫॥**

**ભાવાર્થ :-**

'જે સર્જ્યું હશે તે થશે' એમ પૂર્વપક્ષી કહે છે, તેને ગ્રંથકારે કહ્યું કે, તું જ્યારે ઘટાદિનો અર્થી છે, ત્યારે દંડાદિમાં કેમ પ્રવૃત્તિ કરે છે ? વસ્તુતઃ તારા મત પ્રમાણે ઘટાદિની પ્રાપ્તિ જ્યારે સર્જાઈ હશે ત્યારે ઘટાદિ પ્રાપ્ત થશે. તેના સમાધાનરૂપે પૂર્વપક્ષી કહે કે, કારણના ભેગા થવાથી કાર્ય સર્જિત છે, અને તે જ પ્રમાણે કેવલીએ જોયું છે. તેથી અમે પણ ઘટાદિના અર્થી જ્યારે હોઇએ છીએ ત્યારે તેના કારણમાં પ્રવૃત્તિ કરીએ છીએ, તેમાં કોઇ દોષ નથી; કેમ કે ભગવાને તે જ રીતે જોયું છે, તેથી અમારી તે પ્રકારની પ્રવૃત્તિથી કાર્ય થાય છે.

તો ગ્રંથકાર કહે છે કે, તેની જેમ જ જ્ઞાનાદિ કારણ સહિત જ દરેક જીવોનો મોક્ષ સર્જાયો છે તેમ સ્વીકારી લો તો, જેમ ઘટાદિનો અર્થી સર્જ્યું હોય તેમ થશે તેમ માનવા છતાં દંડાદિમાં પ્રવૃત્તિ કરે છે; તેમ સર્જ્યું હશે તેમ થશે તેમ માનનાર, જો મોક્ષનો અર્થી હોય તો મોક્ષના ઉપાયમાં પ્રવૃત્તિ કરે, તેમ માનવામાં કોઇ બાધક નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિશેષાર્થ :-**

અહીં કહ્યું કે સર્જ્યું તે તત્પ્રકારક સિસૃક્ષા, ત્યાં પ્રશ્ન થાય કે, સર્જ્યું એટલે કાર્ય સર્જાયું હોય તે, અને સિસૃક્ષા એ સર્જવાની ઇચ્છારૂપ છે, તેથી તે બે એક કેમ કહેવાય ? તેનો આશય એ છે કે, સિસૃક્ષા એ કારણ છે અને તેનાથી કાર્ય સર્જિત થાય છે, તેથી અભેદ ઉપચાર કરીને સિસૃક્ષાને જ સર્જ્યું કહે છે.

વળી 'સિસૃક્ષા' એ સર્જવાની ઇચ્છારૂપ છે, અને ભગવાનને તો કોઇ સર્જવાની ઇચ્છા નથી, તેથી 'સિસૃક્ષા' શબ્દથી ભગવાનનું જ્ઞાન ગ્રહણ કરીએ તો જ **जं जहा**......... સૂત્ર તેની સાથે જોડી શકાય.

આશય એ છે કે, સામાન્ય રીતે ઇશ્વર સર્જન કરનાર છે તેમ લોકની માન્યતા છે. તેથી ઇશ્વરની સર્જન કરવાની ઇચ્છા પ્રમાણે જગતનું બધું સર્જન થાય છે, તેમ લોક માને છે; અને જૈનશાસન ઇશ્વરની સર્જન કરવાની ઇચ્છા માનતું નથી. તો પણ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાએ દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા ગ્રંથમાં સમાધાન કરેલ છે કે, જે પ્રકારે ભગવાને જોયું છે તે જ પ્રકારે વસ્તુ પરિણામ પામે છે, એ અપેક્ષાએ ભગવાનને જગતના સર્જન કરનાર માનો તો અમને કોઇ દોષ નથી. તેથી એ પ્રાપ્ત થાય કે 'સિસૃક્ષા' એ સર્જવાની ઇચ્છારૂપ મોહના પરિણામરૂપ નથી, પરંતુ કેવલીના જ્ઞાનના પરિણામરૂપ છે. **॥૧૦૫॥**

**અવતરણિકા :-**

'સર્જ્યું હશે તેમ થશે' એમ કહીને મોક્ષનો ઉપાય માનતો નથી, એ તેની વિપરીત મતિ છે, એ બતાવવા અર્થે કહે છે -

**ચોપઇ :-**

**तृप्ति हस्ये जो सरजी हस्यै, भोजन करवा स्युं धसमसै ? ।**
**पापि उद्यम आगलि करइ, धरमि स्युं सरज्युं उच्चरइ ? ।।१०६।।**

**ગાથાર્થ :-**

**જો સર્જિત=સર્જાયેલી, હશે તો તૃપ્તિ થશે, ભોજન કરવા માટે શું ધસમસે= પ્રયત્ન કરે છે ? પાપમાં ઉદ્યમ આગળ કરે છે અને ધર્મમાં સર્જ્યું ઉચ્ચરે છે=કહે છે. ॥૧૦૬॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બાલાવબોધ :-**

**जो सरज्युं ज लीजइ तो सरजी हुस्यइ तो तृप्ति हुस्यइ, इम करीनइ भोजन करवानइ स्युं धसमसइ छइ ? पापकार्यइ उद्यमनइं आगलि करइं, कृष्यादिक आरंभ करतां पाछुं जोतो नथी, धर्मनी वेला गलिओ बलद थई रहइ छइ, सरज्युं हुस्यइ ते थास्यइ इम स्युं मुखि उच्चरइ छइ ? ।।१०६।।**

**અનુવાદ :-**

**जो सरज्युं.....उच्चरइ छइ ? ।।१०६।।** - જો સર્જ્યું જ પ્રાપ્ત થાય છે, તો સર્જી હશે તો તૃપ્તિ થશે, એમ કરીને ભોજન કરવા માટે કેમ દોડે છે ? પાપકાર્યમાં ઉદ્યમને આગળ કરે છે=ઉદ્યમથી કાર્ય થાય છે તેમ માને છે, આથી કરીને ખેતી આદિ આરંભ કરતાં પાછું જોતો નથી, અને ધર્મની વેળા ગળિયો બળદ થઇને રહે છે, અને 'સર્જ્યું હશે તે થશે' એમ મુખથી કેમ ઉચ્ચરે છે ? **II૧૦૬II**

**ભાવાર્થ :-**

જીવ જેમ પાપકાર્યમાં ઉદ્યમને આગળ કરીને પ્રવૃત્તિ કરે છે, તેમ ધર્મકાર્યમાં પણ તેણે ઉદ્યમને આગળ કરવો જોઈએ; અને એમ માનવું જોઈએ કે, જેવો ઉદ્યમ કરીશ તેવો ધર્મ મારામાં પ્રગટશે, અને ધર્મના પ્રકર્ષથી મારો મોક્ષ થશે. **II૧૦૬II**

**અવતરણિકા :-**

**पहलां गुण विना गुण थया तो पछइ गुणनुं स्युं काम ? ते ऊपरि कहइ छइ -**

**અવતરણિકાર્થ :-**

ગાથા-૯૯ માં કહ્યું કે પહેલો ગુણ, ગુણ વિના પ્રાપ્ત થાય છે, તો પછી મોક્ષ માટે ગુણનું શું કામ છે ? અર્થાત્ ગુણ વગર પણ પહેલો ગુણ મળ્યો, તેમ રત્નત્રયીરૂપ ગુણ વગર પણ મોક્ષ મળે, તેમ પૂર્વપક્ષી કહે છે. તેના ઉપર ગ્રંથકાર કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોપઇ :-**

**पहिला गुण जे गुण विण थया, पाकी भवथितीनी ते दया ।**
**जेह गुण ते किम जाइ ?, गुण विण किम गुणकारय थाइ ? ।।१०७।।**

**ગાથાર્થ :-**

**પહેલા ગુણ જે ગુણ વગર થયા તે પાકેલી ભવસ્થિતિની દયા છે. ભવસ્થિતિના પરિપાકને કારણે જે ગુણ થયો તે ચાલ્યો કેમ જાય ? અર્થાત્ ન જાય. ગુણ વગર= રત્નત્રયીરૂપ ગુણ વગર, ગુણના કાર્યરૂપ મોક્ષ કેમ થાય ? અર્થાત્ ન થાય. ||૧૦૭||**

**બાલાવબોધ :-**

**पहिला गुण जे गुण विना थया ते पाकी भवस्थितिनी दया छइ, एतलइ ते भवस्थितिपरिपाक कार्य जाणवुं, हवइ ते थया गुण जाइ केम रहइ ? तिवारइं अनन्यथासिद्ध नियतं पूव(र्व)वर्तिपणइ कारण किम हुइं ? गुण विना गुणकार्य ते किम थाइ ? स्वाव्यवहितोत्तरोत्पत्तिकत्व-स्वसामानाधिकरण्योभयसम्बन्धेन गुणविशिष्ट गुणत्वावच्छिन्नं प्रति गुणः कारणं तदन्यगुणं प्रति काल विशेष इति तत्त्वम् ।।१०७।।**

**અનુવાદ :-**

**पहिलां.....केम रहइ ?** - પહેલા જે ગુણ, ગુણ વગર થયા, તે પાકેલી ભવસ્થિતિની દયા છે. એટલે તે ભવસ્થિતિના પરિપાકનું કાર્ય જાણવું.

હવે ભવસ્થિતિના પરિપાકથી થયેલા ગુણ જતા કેમ રહે ? અર્થાત્ જાય નહિ.

ભવસ્થિતિના પરિપાકથી થયેલા ગુણ જતા નથી, તે વાત યુક્તિથી બતાવે છે -

**तिवारइं.....किम हुइं ?** - જો ભવસ્થિતિના પરિપાકથી થયેલા ગુણ જતા રહે ત્યારે અનન્યથાસિદ્ધ નિયતપૂર્વવર્તીપણા વડે કારણ કેમ થાય ?

**ભાવાર્થ :-**

જીવમાં સૌથી પહેલો ગુણ ભવસ્થિતિના પરિપાકથી થાય છે, અને તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રગટ થયેલો ગુણ જતો નથી, પરંતુ ઉત્તરગુણનું કારણ બને છે. એ જ વાત યુક્તિથી બતાવે છે -

જો ભવસ્થિતિના પરિપાકથી થયેલો ગુણ ચાલ્યો જતો હોય, તો કારણનું જે લક્ષણ છે તે એમાં ઘટે નહિ; અને કારણનું લક્ષણ એ છે કે અનન્યથાસિદ્ધ હોતે છતે કાર્યની નિયત પૂર્વવર્તી જે હોય તે કારણ કહેવાય. અર્થાત્ પાંચ અન્યથાસિદ્ધિ છે તેમાંની કોઈ અન્યથાસિદ્ધિ ન હોય, અને કાર્યની નિયત પૂર્વવર્તી હોય, તે કારણ કહેવાય.

જેમ ઘટરૂપ કાર્યની નિયત પૂર્વવર્તી દંડ છે, તેથી દંડ કારણ છે, અને તેનાથી અન્ય સામગ્રી મળે તો કાર્ય અવશ્ય થાય છે.

દંડની જેમ દંડમાં રહેલું દંડત્વ અને દંડનું રૂપ એ પણ કાર્યનિયતપૂર્વવર્તી છે, છતાં તે બંને અન્યથાસિદ્ધ છે, તેથી ઘટરૂપ કાર્ય પ્રત્યે કારણ નથી; પરંતુ ઘટના કારણ તરીકે દંડનો વ્યવહાર થાય છે, કેમ કે ઘટકાર્યનો અર્થી ઘટરૂપ કાર્ય પ્રત્યે દંડને કારણ તરીકે સ્વીકારે છે, દંડત્વ કે દંડરૂપને નહિ.

એ રીતે પ્રસ્તુતમાં જ્યારે જીવની ભવસ્થિતિનો પરિપાક થાય છે ત્યારે પ્રથમ ગુણ પ્રગટે છે, અને એ ગુણને વિકસાવવાની અન્ય સામગ્રી મળે છે ત્યારે અવશ્ય ઉત્તરમાં ગુણ વિકસે છે; અને જ્યાં સુધી અન્ય સામગ્રી ન મળે ત્યાં સુધી એ ગુણ વિકાસ પામતો નથી, તો પણ તે ગુણ નાશ પણ પામતો નથી. આથી જ અપુનર્બંધક થયા પછી જીવ માર્ગથી દૂર થઈ જાય તો પણ તે અપુનર્બંધક રહે જ છે; તેથી ઉત્કૃષ્ટ સંક્લેશને ત્યાર પછી પામી શકતો નથી, અને તે ગુણ જ આગળના ગુણ પ્રત્યે કારણ બને છે. જેમ દંડને અન્ય સામગ્રી ન મળે ત્યાં સુધી દંડથી ઘટ નિષ્પન્ન થતો નથી, જ્યારે અન્ય સામગ્રી મળે ત્યારે દંડથી ઘટરૂપ કાર્ય થાય છે.

**ઉત્થાન :-**

આ રીતે પહેલા ગુણ ભવસ્થિતિના પરિપાકથી થાય છે એ બતાવ્યું. હવે મોક્ષ રત્નત્રયીરૂપ ગુણની પ્રાપ્તિથી થાય છે, માટે મોક્ષનો ઉપાય રત્નત્રયી છે; પરંતુ ભવિતવ્યતાથી મોક્ષ થાય છે એમ જે પૂર્વપક્ષી કહે છે, તે યુક્ત નથી. તે બતાવતાં કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**गुण विना.....किम थाइ ?** - રત્નત્રયીરૂપ ગુણ વગર ગુણના કાર્યરૂપ મોક્ષ કઇ રીતે થઇ શકે ? અર્થાત્ ન થાય.

**ભાવાર્થ :-**

મોક્ષ એ કર્મના નાશરૂપ છે, અને કર્મનો નાશ જીવમાં પ્રગટ થતા પૂર્ણ ગુણથી થાય છે; એટલે ગુણનું કાર્ય મોક્ષ છે. અને જે ગુણનું કાર્ય હોય તે ગુણ વગર થઈ શકે નહિ, માટે ગુણના કાર્યરૂપ મોક્ષના અર્થીએ મોક્ષના ઉપાયભૂત એવી રત્નત્રયીમાં યત્ન કરવો જોઈએ.

● અહીં વિશેષ એ છે કે, પ્રથમ ગુણ પછીના બધા ગુણો ગુણના કાર્યરૂપ છે, અને પૂર્ણ ગુણરૂપ મોક્ષ પણ ગુણનું જ કાર્ય છે.

**ઉત્થાન :-**

પ્રસ્તુત ગાથા-૧૦૭ નું તાત્પર્ય સંસ્કૃતમાં સંક્ષેપથી બતાવે છે -

**અનુવાદ :-**

**स्वाव्यवहितो..........इति तत्त्वम् ।।१०७।।** - સ્વ=પ્રથમ ગુણ, જે ભવસ્થિતિના પરિપાકથી થયેલ છે, તેનાથી અવ્યવહિત ઉત્તરમાં ઉત્પત્તિ છે જેને, તે બીજો ગુણ જે '**स्वाव्यवहितोत्तरोत्पत्तिक**' છે, અને તે બીજા ગુણમાં '**स्वाव्यंवहितोत्तरोत्पत्तिकत्व**' છે, એ સંબંધથી પ્રથમ ગુણ બીજા ગુણમાં રહે છે.

અહીં બે ભિન્ન વ્યક્તિને ગ્રહણ કરીએ તો, અન્ય વ્યક્તિનો પ્રથમ ગુણ અન્ય બીજી વ્યક્તિના દ્વિતીય ગુણમાં **स्वाव्यवहितोत्तरोत्पत्तिकत्व** સંબંધથી રહી શકે છે, તેના નિવારણાર્થે સંબંધની કુક્ષિમાં **स्वसामानाधिकरण्य**' નો પ્રવેશ છે. સ્વ=પ્રથમ ગુણ, એનો અધિકરણ જે આત્મા, તે જ આત્મારૂપ અધિકરણમાં રહેલો જે બીજો ગુણ, તે **स्वसमानाधिकरण**' છે. અને તે ગુણમાં **स्वसामानाधिकरण्य**' છે. અને તે સંબંધથી સ્વ=પ્રથમ ગુણ, બીજા ગુણમાં રહેલ છે. તેથી આ બે સંબંધથી પ્રથમ ગુણવિશિષ્ટ બીજો ગુણ છે, અને તે બીજા ગુણમાં **गुणविशिष्टगुणत्व**' છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે જ રીતે સંબંધની કુક્ષિમાં રહેલા **સ્વ**' શબ્દથી બંને ઠેકાણે બીજો ગુણ, ત્રીજો ગુણ આદિને ગ્રહણ કરીએ તો, બીજો ગુણવિશિષ્ટ ત્રીજો ગુણ, ત્રીજા ગુણવિશિષ્ટ ચોથો ગુણ એમ યાવત્ મોક્ષરૂપ કાર્યના પૂર્વવર્તીગુણ ગુણવિશિષ્ટ ગુણરૂપે પ્રાપ્ત થશે.

જ્યારે પ્રથમ ગુણ ભવસ્થિતિના પરિપાકથી પ્રાપ્ત થયેલ હોવાથી આ બે સંબંધોથી ગુણવિશિષ્ટ ગુણ થતો નથી, તેથી એ પ્રાપ્ત થાય છે કે, મોક્ષમાર્ગના આદ્ય ગુણને છોડીને દ્વિતીય ગુણથી ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમય સુધીના ગુણ તે ગુણવિશિષ્ટ ગુણ છે; અને તે **गुणविशिष्टगुणत्वावच्छिन्नं प्रति गुणः कारणं**=ગુણવિશિષ્ટગુણત્વાવચ્છિન્નગુણરૂપ કાર્ય પ્રત્યે પૂર્વ પૂર્વનો ગુણ કારણ છે, અને તેનાથી અન્ય ગુણ અર્થાત્ ગુણવિશિષ્ટગુણત્વાવચ્છિન્નથી અન્ય ગુણ, જે કેવલ પ્રથમ ગુણ છે, તેના પ્રત્યે કાળવિશેષ જ કારણ છે; જે ભવસ્થિતિની દયારૂપ છે, એ પ્રકારનું તત્ત્વ છે.

આનાથી એ ફલિત થયું કે, પ્રથમ ગુણ ભવસ્થિતિના પરિપાકથી થાય છે ત્યાં ગુણ કારણ નથી, જ્યારે ઉત્તર ઉત્તરના ગુણ પ્રત્યે પૂર્વ પૂર્વના ગુણ કારણ છે; અને જીવના પ્રયત્નથી જ પૂર્વ પૂર્વના ગુણ ઉત્તર ઉત્તરના ગુણરૂપે પરિણમન પામે છે, માટે પ્રથમ ગુણની પ્રાપ્તિ થયા પછી ઉત્તર ઉત્તરગુણની પ્રાપ્તિ માટે યત્ન કરવો જોઈએ. મોક્ષ એ ગુણનું કાર્ય છે. તે જેમ ગુણથી નિષ્પન્ન થઈ શકે છે, તેમ પ્રથમ ગુણને છોડીને સર્વ ગુણો ગુણથી નિષ્પન્ન થઇ શકે છે. માટે મોક્ષરૂપકાર્યના અર્થીએ ગુણની પ્રાપ્તિમાં ઉદ્યમ કરવો જોઈએ. **॥૧૦૭॥**

**અવતરણિકા :-**

**भवस्थितिपरिपाक ते पणि आत्मनिष्ठतथाभव्यतापर्याय, ते गुण विना किम थाइ ? ते ऊपरि कहइ छइ -**

**અવતરણિકાર્થ :-**

પૂર્વ ગાથા-૧૦૭ માં સ્થાપન કર્યું કે, પ્રથમ ગુણ ભવસ્થિતિના પરિપાકથી થાય છે, અને ત્યાર પછીના ગુણો પૂર્વ પૂર્વના ગુણથી થાય છે; ત્યાં પૂર્વપક્ષી પ્રશ્ન કરે છે કે, ભવસ્થિતિનો પરિપાક તે પણ આત્મનિષ્ઠ તથાભવ્યતાનો પર્યાય છે=



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથાભવ્યતાના કાર્યરૂપ છે, તે=ભવસ્થિતિનો પરિપાક, ગુણ વગર કેમ થાય ? તે ઉપર કહે છે=તેના સમાધાનરૂપે કહે છે -

● અહીં ટબામાં **भवस्थिति...कहइ छइ-** એ કથન અવતરણિકારૂપે હોવું જોઈએ. તે મુજબ અમે અવતરણિકા જુદી પાડેલ છે.

**ભાવાર્થ :-**

**'તથાભવ્યત્વ'** - એટલે જે પ્રકારનું કાર્ય થાય તેને અનુકૂળ યોગ્યતા. આત્મામાં રહેલી 'તથાભવ્યતા' અહીં પ્રસ્તુતમાં એ લેવાની છે કે, જે કાળમાં આત્માની ભવસ્થિતિ ટૂંકી થાય તે પ્રકારની યોગ્યતા આત્મામાં અનાદિકાળથી રહેલી છે, અને તે યોગ્યતા જ તે કાળમાં તે પર્યાયને પ્રગટ કરે છે; તેથી આત્મામાં રહેલ તથાભવ્યતાથી જન્ય એવા પર્યાયરૂપ ભવસ્થિતિનો પરિપાક છે.

આનાથી એ પ્રાપ્ત થયું કે, હવે જીવની ભવસ્થિતિ પહેલાં જેવી દીર્ઘ નથી પણ અલ્પ છે, તેવા પ્રકારનો જીવનો પર્યાય પ્રગટ થયો તે ભવસ્થિતિનો પરિપાક છે.

અહીં પૂર્વપક્ષીને એ કહેવું છે કે, આવો ભવસ્થિતિનો પરિપાક ગુણ વગર કેમ થઇ શકે ? અને જો ગુણ વગર આવા પ્રકારનો ભવસ્થિતિનો પરિપાક થઈ શકતો હોય, તો મોક્ષ પણ ગુણ વગર થાય છે તેમ માનવામાં શું વાંધો છે ? તેના સમાધાનરૂપે ગ્રંથકાર કહે છે -

**ચોપઇ :-**

**एक उपायथकी फलपाक, बीजो सहजइ डालविपाक ।**
**कारणतणो इम जाणी भेद, कारणमां स्युं आणो षेद ? ।।१०८।।**

**ગાથાર્થ :-**

**એક ઉપાય થકી ફળનો પાક થાય છે, બીજો સહજ ડાળ ઉપર ફળ પાકે છે. કારણ તણો આ પ્રમાણે ભેદ જાણીને કારણમાં શું ખેદ આણો છો ?=લાવો છો ?॥૧૦૮॥**

**ભાવાર્થ :-**

બીજા પ્રકારનો સહજ ડાળ ઉપર ફળનો વિપાક થાય છે, તેમ ભવસ્થિતિનો પરિપાક સહજ થાય છે; અને એક ઉપાયથકી ફળનો પાક થાય છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમ મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ રત્નત્રયીના ઉપાય થકી થાય છે. આ પ્રકારે ફળના કારણમાં ભેદ જાણીને મોક્ષના ઉપાયરૂપ કારણમાં ખેદ કેમ લાવો છો ? અર્થાત્ જેમ પ્રથમ ગુણ, ગુણ વગર પ્રગટ્યો; તેમ મોક્ષ પણ ગુણ વગર પ્રગટ થશે, એમ કહીને મોક્ષના ઉપાયને ઉપાયરૂપે કેમ સ્વીકારતા નથી ?

**બાલાવબોધ :–**

**एक उपायथी फलनो पाक थाइ छइं- पलालप्रमुखमां घाली अकालइ आंबा पचवीइं, बीजो सहजइ डालथी ज पाक हुइ छइ । इम करमविपाक एक उपायइ छइ, एक सहजइ छइ । ए कारणनो भेद जाणीनइ करणमांहिं स्यो खेद आणो ? केतलांइक कार्य सहजइ थयां, तो उद्यम स्यो करिइं, इम स्युं मुझाओ छो ? ।।१०८।।**

**અનુવાદ :–**

**एक उपायथी.....सहजइ छइ** । = એક ઉપાયથકી ફળનો પાક થાય છે, પલાલ પ્રમુખમાં=ઘાસ વગેરેમાં નાખીને અકાળે આંબા પકવે છે. બીજો સહજ ડાળથી જ પાક થાય છે. એ પ્રકારે કર્મનો વિપાક એક ઉપાયથી થાય છે અને એક સહજ થાય છે.

**ભાવાર્થ :–**

જેમ કેટલીક કાચી કેરીને ઘાસમાં નાંખીને પકવવામાં આવે છે, અને કેટલીક કેરીઓ ડાળ ઉપર સહજ પાકે છે; તેમ જીવમાં અનાદિકાળથી ભાવમળરૂપ ભાવકર્મ છે, તેનો વિપાક=નાશ, સહજ થાય છે, તેથી પ્રથમ ભવસ્થિતિ પાકે છે; અને ભવસ્થિતિ પાક્યા પછી જીવ સમ્યક્ પ્રયત્ન કરીને શાસ્ત્રાનુસારી મોક્ષમાર્ગની ક્રિયામાં પ્રવૃત્તિ કરીને ભાવમળનો નાશ કરે છે, તે ઉપાયથી કર્મનો નાશ થાય છે.

**અનુવાદ :–**

**ए कारणनो.....मुंझाओ छो ? ।।१०८।।** - એ કારણનો ભેદ જાણીને કરણમાં=કાર્યને કરવામાં, શું ખેદ આણો છો ? કેટલાંક કાર્ય સહજ થયાં, તો ઉદ્યમ શા માટે કરવો એમ શું, મૂંઝાઓ છો ? **॥૧૦૮॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

ભવસ્થિતિના પરિપાકને અનુકૂળ ભાવમળનો નાશ જેમ સહજ થાય છે, એમ મોક્ષપ્રાપ્તિને અનુકૂળ ભાવમળનો નાશ ઉપાયથી થાય છે; એ પ્રકારના કારણનો ભેદ જાણીને, મોક્ષના ઉપાયભૂત ગુણની પ્રાપ્તિમાં પ્રયત્ન કરવામાં ખેદ કેમ લાવો છો ? અર્થાત્ પ્રથમ ગુણપ્રાપ્તિની જેમ મોક્ષ પણ સહજ થઈ જશે, તેમ માનીને નિરુદ્યમી કેમ થાવ છો ? કેટલાંક કાર્ય સહજ થયાં=ભવસ્થિતિ-પરિપાકરૂપ કાર્ય સહજ થયું, તો મોક્ષના ઉપાયભૂત રત્નત્રયીમાં શું કામ ઉદ્યમ કરીએ ? એ પણ સહજ થશે, એમ માનીને કેમ મૂંઝાઓ છો ?

**વિશેષાર્થ :-**

'ભવસ્થિતિ' એટલે દીર્ઘકાળ સંસાર ચલાવે એવી જીવની અવસ્થા. જીવના અસદ્ગ્રહને કારણે સંસાર દીર્ઘકાળ સુધી ચાલે છે. જીવમાં રહેલો અસદ્ગ્રહ જેટલો અનુબંધશક્તિવાળો હોય એટલા સમય સુધી તે અસદ્ગ્રહ નિવર્તન પામે નહિ. આ પ્રકારનો અસદ્ગ્રહ જીવના ચરમપુદ્ગલપરાવર્તના પૂર્વ પૂર્વ પુદ્ગલપરાવર્તમાં અધિક અધિક હોય છે, અને તેના કારણે જ દીર્ઘકાળ સુધી ભવ ચાલી શકે તેવી જીવમાં પરિણતિ હોય છે. પ્રત્યેક પુદ્ગલપરાવર્તમાં ભવ્ય જીવમાં આ અસદ્ગ્રહ કાંઇક કાંઇક ઓછો થાય છે, અને છેલ્લા પુદ્ગલપરાવર્તમાં આ અસદ્ગ્રહ અત્યંત મંદ હોય છે; જેથી તેવા પ્રકારની સામગ્રીને પામીને તે નિવર્તન પામવા માંડે છે. જીવમાં જ્યારે અસદ્ગ્રહ કાંઇક મંદ થયો તે ભવસ્થિતિની પરિપાક અવસ્થા, અને આને જ કાળનો પરિપાક કહેવાય છે; કે આ જીવનો હવે ધર્મને અનુકૂળ કાળ પાક્યો. આવા જીવોને ઉપદેશાદિની સામગ્રીથી ગુણોનો વિકાસ થાય છે. તેથી એ પ્રાપ્ત થયું કે, કાળ પાકવાને કારણે જીવનો જે અસદ્ગ્રહ મંદ થયો, અને તેના કારણે ધર્મને ઝીલે તેવી યોગ્યતા પ્રાપ્ત થઈ, તે પ્રથમ ગુણ પ્રગટ્યો કહેવાય. અને તે જ પ્રથમ ગુણ ઉપદેશાદિની સામગ્રીને પામીને આગળ આગળના ગુણની પ્રાપ્તિનું કારણ બને છે.

અહીં જીવની દીર્ઘકાળ સંસાર ચલાવે તેવી અનુબંધશક્તિ એ 'ભાવમળ'રૂપ છે, અને તે ભાવમળ રાગ-દ્વેષ અને મોહની પરિણતિરૂપ છે; અને તે રાગ-દ્વેષ અને મોહની પરિણતિ સંસારી જીવોમાં સામાન્ય રીતે હોય છે, તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ દૂર દૂર પુદ્ગલપરાવર્તમાં અનિવર્તનીય હોય છે, અને ચરમાવર્તમાં નિવર્તન પામે તેવી હોય છે. તેથી ચરમાવર્તમાં આવેલો જીવ, તે રાગ-દ્વેષ અને મોહની પરિણતિને ક્રમે કરી નાશ કરીને વીતરાગ પણ થાય છે.

ભવસ્થિતિનો પરિપાક, કાળનો પરિપાક અને આત્મનિષ્ઠ તથાભવ્યતાનો પર્યાય=કાર્ય, આ ત્રણે એકાર્થવાચી છે. તે આ રીતે -

જીવનો ધર્મને અનુકૂળ કાળ પાકે છે તે કાળપરિપાક છે, અને આ કાળ પાકે એટલે સંસાર ચાલે તેવી જીવમાં જે સ્થિતિ હતી તે ગઇ. તેથી ભવસ્થિતિપરિપાક અને કાળપરિપાક એકાર્થવાચી છે. અને આત્મામાં તેવા પ્રકારનું ભવ્યત્વ=જેવા પ્રકારનું કાર્ય થાય તેવા પ્રકારનું ભવ્યત્વ, તે તથાભવ્યત્વ છે. અહીં પ્રસ્તુતમાં પ્રથમ ગુણ પ્રગટે તેવા પ્રકારનું ભવ્યત્વ તે તથાભવ્યત્વ છે. આ પ્રથમગુણ પ્રગટ્યો ત્યારે તત્ત્વને ઝીલવાની જે લાયકાત થઇ, તે તથાભવ્યત્વનું કાર્ય છે, અને તે ભવસ્થિતિના પરિપાકરૂપ છે. **||૧૦૮||**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથા-૧૦૭ માં કહ્યું કે, ભવસ્થિતિના પરિપાકથી પ્રથમ ગુણ થાય છે, અને પછીના ગુણો ગુણથી પ્રગટે છે, માટે ગુણના કાર્યરૂપ મોક્ષ માટે ગુણમાં યત્ન કરવો જોઈએ.

ત્યારપછી ગાથા-૧૦૮ માં દૃષ્ટાંતથી પ્રથમ ગુણ, ગુણ વગર કેમ પ્રગટે છે, અને પ્રથમ ગુણ પ્રગટ્યા પછી, પછીના ગુણો પ્રયત્નથી કેમ પ્રગટે છે તે બતાવ્યું. હવે અન્ય રીતે પ્રથમ ગુણ, ગુણ વગર કેમ પ્રગટે છે, અને પછીના ગુણો પ્રયત્નથી કેમ પ્રગટે છે, તે બતાવે છે -

**વિશેષાર્થ :-**

જૈનશાસન સ્યાદ્વાદરૂપ છે. તેથી એક અપેક્ષાએ પ્રથમ ગુણ, ગુણ વગર કેમ પ્રગટ્યો તેનું સમાધાન કર્યા પછી, અન્ય અપેક્ષાએ પ્રથમ ગુણ, ગુણ વગર કેમ પ્રગટે છે, અને પછીના ગુણો કેમ નહિ ? એ બતાવે તેમાં દોષ નથી; કેમ કે ભિન્ન ભિન્ન નયની દૃષ્ટિથી પદાર્થ ભિન્ન ભિન્નરૂપ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોપઇ :-**

**अथवा गुण विण पूरवसेव, मृदुतर माटइ होइ ततखेव ।**
**तिम नवि गुण विण सिद्धि गरिष्ठ, तेहमां बहुलां कह्यां अरिष्ट ।।१०९।।**

**ગાથાર્થ :-**

**અથવા પૂર્વસેવા મૃદુતર છે માટે ગુણ વગર તત્કાળ થાય, તે રીતે ગરિષ્ઠસિદ્ધિ ગુણ વગર થતી નથી.**

ગરિષ્ઠસિદ્ધિ ગુણ વગર થતી નથી, તેમાં હેતુ કહે છે -

**તેહમાં=ગરિષ્ઠસિદ્ધિમાં, ઘણાં અરિષ્ટ=વિઘ્ન, કહ્યાં છે. ॥૧૦૯॥**

**બાલાવબોધ :-**

**अथवा अपुनर्बंधकादिक्रिया ते पूर्वसेवा छइ ते मृदुतर कार्य थाइ, ते माटइ गुण विनाइं होइ, ततखेव कहितां तत्काल, तिम-तेणी परिं गरिष्ठसिद्धि गुण विना किम ? जिम महाविद्यासिद्धिमां वेतालादि ऊठइ तिम उत्कृष्टगुणसिद्धिमां बहुलां अरिष्ट थाइ, ते गुण विना किम टलइं ? अत एव शमदमादिमंतनइं अधिकारिता ते जाणी मार्गप्रवृत्तिं शमदमादिसंपत्ति, ए अन्योन्याश्रय शास्त्रकारइं ट(टा)ल्यो छइ, अल्पशमदमादिमंतनइं अधिकारिता प्रवृत्तिं विशिष्टशमादि सिद्धि ए अभिप्रायइं ।।१०९।।**

**અનુવાદ :-**

**अथवा.....विना किम ?** - અથવા અપુનર્બંધકાદિની ક્રિયા તે પૂર્વસેવા છે, (તેથી) તે મૃદુતર કાર્ય=સરળ કાર્ય, થાય, તે માટે ગુણ વગર તત્કાળ થાય; તેની જેમ ગરિષ્ઠસિદ્ધિ=વિશેષ પ્રકારના ગુણોની પ્રાપ્તિ, યાવત્ મોક્ષની પ્રાપ્તિ, ગુણ વગર કેમ થાય ? અર્થાત્ ન થાય.

**जिम महाविद्यासिद्धिमां.....किम टलइं ?** - જેમ મહાવિદ્યાની સિદ્ધિમાં વૈતાલાદિ ઊઠે છે, તેમ ઉત્કૃષ્ટ ગુણસિદ્ધિમાં=પ્રથમ ગુણથી ઉપરના ગુણની સિદ્ધિમાં, ઘણાં અરિષ્ટ થાય છે=ઘણાં વિઘ્નો થાય છે, તે ગુણ વિના ટળે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહિ. માટે પ્રથમ ગુણ, ગુણ વગર થાય છે, અને ઉત્તરના ગુણો ગુણથી થાય છે, એ પ્રકારનું તાત્પર્ય છે.

**ભાવાર્થ :-**

અપુનર્બંધકાદિની ક્રિયા તે પૂર્વસેવારૂપ છે, એનો આશય એ છે કે, મોક્ષમાર્ગની ક્રિયા રત્નત્રયીની ક્રિયાથી પ્રારંભ થાય છે, અને તેની પૂર્વની ક્રિયા તે પૂર્વસેવારૂપ છે.

અહીં અપુનર્બંધકાદિમાં 'આદિ' પદથી માર્ગાનુસારી, માર્ગપતિતનું ગ્રહણ કરવું છે; અને તેઓની તે ક્રિયા રત્નત્રયીની પ્રાપ્તિની પૂર્વભૂમિકારૂપ છે, તેથી તે પૂર્વસેવા મૃદુતર કાર્ય છે અર્થાત્ સરળ કાર્ય છે; માટે તેઓમાં કોઈ ગુણ પ્રાપ્ત ન થયો હોય તો પણ જીવમાં અપુનર્બંધકાદિની ક્રિયા પ્રગટ થઇ શકે છે. અને તે કાર્ય તત્કાળમાં થાય છે એમ કહ્યું એનાથી એ કહેવું છે કે, જ્યારે જીવની ભવસ્થિતિ પાકે છે ત્યારે તે કાળમાં જીવમાં અપુનર્બંધકાદિની ક્રિયા ગુણ વિના પ્રગટે છે, પણ ભવસ્થિતિનો પરિપાક થયા પૂર્વે નહિ; પરંતુ મોક્ષમાર્ગની ક્રિયા તો રત્નત્રયીના સેવનરૂપ છે, અને તે ગરિષ્ઠસિદ્ધિ છે, તે ગુણ વગર પ્રગટે નહિ. માટે અપુનર્બંધકાદિના ગુણ પ્રગટ્યા પછી મોક્ષમાર્ગના સેવનરૂપ ગરિષ્ઠસિદ્ધિ ગુણ પ્રગટી શકે તે માટે ગુણમાં યત્ન કરવો જોઈએ.

જેમ મહાવિદ્યાની સિદ્ધિ કરવા કોઈ પ્રયત્ન કરતો હોય ત્યાં વૈતાલાદિ ઉપદ્રવો ઊઠે છે, તેમ મોક્ષમાર્ગના સેવનરૂપ ઉત્કૃષ્ટ ગુણની સિદ્ધિમાં ઘણાં વિઘ્નો આવે છે, અને તે વિઘ્નો સાત્ત્વિકતાદિ ગુણ વગર ટળી શકે નહિ. માટે મોક્ષમાર્ગના સેવનની ક્રિયામાં યત્ન કરવાથી આગળના ગુણો ખીલે છે; અને મોક્ષ એ ગુણનું કાર્ય છે, તેથી તે પણ ગુણ વગર પ્રગટે નહિ. એ પ્રકારનો કથનનો ભાવ છે.

**વિશેષાર્થ :-**

જેમ કોઈ મહાવિદ્યા સાધતો હોય તો તે વખતે વૈતાલાદિ ઉપદ્રવો ઊઠે, અને તેને દૂર કરવા માટે સાત્ત્વિક જીવો જ સમર્થ બને, તેથી તેવા જીવોને વિદ્યાની સિદ્ધિ થાય છે; તેમ તત્ત્વનો બોધ થયા પછી તત્ત્વમાર્ગમાં ચાલવાની ઇચ્છા થાય, અને તેના માટે દેશવિરતિ કે સર્વવિરતિ કોઇ ગ્રહણ કરે, અને સમ્યક્ત્વનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વીકાર કરે, તો પણ તે સ્વીકારાયેલા વ્રતની ઉચિત પ્રવૃત્તિમાં સુદૃઢ યત્ન સાત્ત્વિક જીવો જ કરી શકે છે.

જેમનામાં તેવું સત્ત્વ નથી તેમને, તે પ્રવૃત્તિમાં વિઘ્નભૂત અંતરંગ ભોગના સંસ્કારો, બહિરંગ બાહ્ય નિમિત્તો, ઇંદ્રિયોની ચંચળતા આદિ વિઘ્નો ઊઠે છે, જેના કારણે તે પ્રકારના ગુણો પ્રગટ થતા નથી; તેથી ઉપરના ગુણોને ખીલવવા માટે આવતાં વિઘ્નોને દૂર કરવામાં પ્રથમ ગુણની આવશ્યક્તા છે. અને અપુનર્બંધક થયેલો જીવ પ્રથમ ગુણને સહજ મેળવે છે, તેથી જ તે અપુનર્બંધક જીવ જ આગળના ગુણની ક્રિયાઓને કરીને તે વિઘ્નોને દૂર કરી શકે છે, અને ઉપર ઉપરના ગુણને પ્રગટ કરી શકે છે. અને જેમને પ્રથમ ગુણ પ્રગટ્યો નથી, તેવા જીવોમાં ભવનો અભિષ્વંગ હોવાથી, ઉત્કૃષ્ટ ગુણની સાધક એવી ક્રિયા તેઓ સમ્યક્ કરી શકતા નથી, તેથી તે ક્રિયાઓ દ્વારા ગુણો પ્રગટતા નથી.

**અનુવાદ :-**

**अत एव.....ट(टा)ल्यो छइ,** - આથી કરીને જ=પૂર્વમાં કહ્યું કે અપુનર્બંધકની ક્રિયા ગુણ વગર થાય છે, અને ઉત્કૃષ્ટ ગુણની સિદ્ધિ ગુણ વગર થાય નહિ, આથી કરીને જ, શમદમાદિમંતને અધિકારિતા, અને અધિકારિતાને જાણીને માર્ગની પ્રવૃત્તિથી શમદમાદિની સંપત્તિ, એ અન્યોન્યાશ્રયદોષ શાસ્ત્રકારે ટાળ્યો છે. તે કઇ રીતે ટાળ્યો છે તે બતાવે છે -

**अल्पशम-दमादि.....ए अभिप्रायइं ।।१०९।।** - અલ્પશમદમાદિમંતને અધિકારિતા, અને (માર્ગની) પ્રવૃત્તિથી વિશિષ્ટ શમાદિની સિદ્ધિ, એ અભિપ્રાયથી શાસ્ત્રકારે અન્યોન્યાશ્રયદોષ ટાળ્યો છે. **॥૧૦૯॥**

**ભાવાર્થ :-**

અલ્પશમદમાદિ એ ગુણ વગર પ્રગટે છે, તેથી શમદમાદિમંતને અધિકારિતા એ સ્થાનમાં અલ્પશમદમાદિને ગ્રહણ કરવાના છે. અને જે વ્યક્તિમાં અલ્પશમદમાદિ વર્તતા હોય તેમાં અધિકારિતા પ્રગટી છે, અને તેને જાણીને તે માર્ગમાં પ્રવૃત્તિ કરે તો વિશિષ્ટ શમદમાદિ પ્રાપ્ત થાય છે; તેથી અન્યોન્યાશ્રય દોષ આવતો નથી, એમ શાસ્ત્રકાર કહે છે. અને જો એમ માનવામાં આવે કે, પ્રથમ ગુણ પણ પ્રયત્નથી જ પ્રગટે છે તો અન્યોન્યાશ્રય દોષ પ્રાપ્ત થાય. તે આ રીતે-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શમદમાદિમંતને અધિકારિતા પ્રાપ્ત થાય, અને મારામાં અધિકારિતા છે એ જાણીને હું માર્ગમાં પ્રવૃત્તિ કરું, તેનાથી જ શમદમાદિ પ્રગટે; તેથી એ પ્રાપ્ત થાય કે જ્યાં સુધી જીવ માર્ગમાં પ્રવૃત્તિ કરીને શમદમાદિને પ્રાપ્ત કરે નહિ, ત્યાં સુધી તેનામાં અધિકારિતા આવે નહિ; કેમ કે પ્રવૃત્તિ વગર પ્રથમ ગુણ પ્રગટ થતો નથી. તેથી પ્રથમ ભૂમિકાના શમદમાદિ તેનામાં પ્રગટ થયા નથી, તેથી તે પ્રવૃત્તિ કરવાનો અધિકારી નથી; અને જ્યાં સુધી હું આ પ્રવૃત્તિનો અધિકારી છું, એવો નિર્ણય થાય નહિ ત્યાં સુધી માર્ગમાં પ્રવૃત્તિ કરીને શમદમાદિ પ્રગટે નહિ, માટે અન્યોન્યાશ્રય દોષ આવે. તે અન્યોન્યાશ્રય દોષ તો જ ટળે કે માર્ગમાં પ્રવૃત્તિ વગર પ્રથમ ગુણ પ્રગટે.

**વિશેષાર્થ :-**

અહીં 'શમ' શબ્દથી કષાયોનું શમન અને 'દમ' શબ્દથી ઇંદ્રિયોનું દમન ગ્રહણ કરવાનું છે, અને 'આદિ' શબ્દથી અન્ય ઉચિત પ્રવૃત્તિઓ ગ્રહણ કરવાની છે. અને ત્યાં 'અલ્પ શમ' એ છે કે જીવ પ્રાથમિક ભૂમિકામાં તત્ત્વને અભિમુખ થાય છે ત્યારે અનંતાનુબંધી કષાય મંદ થાય છે, તેથી તેનો અસદ્ગ્રહ અનિવર્તનીય હોતો નથી. અને પ્રાથમિક ભૂમિકાની પૂર્વે તેને અતત્ત્વનો આગ્રહ અનિવર્તનીય હોય છે. તેથી મહાત્મા પાસે તત્ત્વ સાંભળે, અને ધર્મપ્રવૃત્તિ કરવાનું મન થાય, અને ધર્મપ્રવૃત્તિ કરે તો પણ અતત્ત્વ પ્રત્યેનો તેનો આગ્રહ નિવર્તન પામતો નથી.

અને 'અલ્પ દમ'થી એ કહેવું છે કે પ્રથમ ગુણ વગરના જીવોને ઇંદ્રિયોના વિષયોનું આકર્ષણ અતિશય હોય છે, તેથી ધર્મની પ્રવૃત્તિ કરે તો પણ પ્રાયઃ કરીને આ લોક અને પરલોકની આશંસા થાય છે; અને ક્વચિત્ અનાભોગથી કરે, પરંતુ ધર્મની પ્રવૃત્તિ ઇંદ્રિયોનું દમન કરીને આત્મગુણને વિકસાવવા માટે કરી શકે નહિ. જ્યારે અપુનર્બંધક દશામાં તેની ઇંદ્રિયો કંઈક અંશે શાંત હોય છે, તેથી તત્ત્વને સાંભળીને ઇંદ્રિયોના નિગ્રહનો અભિલાષ તેને થાય છે, તેથી જ સદ્ગુરુ પાસે તે જિજ્ઞાસાપૂર્વક તત્ત્વ સાંભળે છે અને પૃચ્છા કરે છે, કે કયા ઉપાયોથી આ ઇંદ્રિયોનું મારે દમન કરવું જોઈએ કે જેથી ઇંદ્રિયોના ઉપદ્રવો મને થાય નહિ. **॥૧૦૯॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

ગાથા-૯૯ માં કહેલ કે, પહેલો ગુણ, ગુણ વગર પ્રાપ્ત થાય છે, તો મોક્ષના અર્થે ગુણ માટે શું કામ પ્રયત્ન કરો છો ? અને તેની જ પુષ્ટિ કરતાં ગાથા-૧૦૦ માં બતાવ્યું કે ભરતમહારાજાએ આરીસાભુવનમાં કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું, તેથી મોક્ષના માટે ક્રિયાકષ્ટ આવશ્યક છે તેમ માનવાની જરૂર રહેતી નથી. આ પ્રકારના પૂર્વપક્ષીના અભિપ્રાયને સામે રાખીને કહે છે -

**ચોપઇ :-**

**भरहादिकनिं छींडीपंथ, राजपंथ किरिया निर्ग्रंथ।**
**उवटिं जातां कोई ऊगर्यो तो पणि सेर न त्यजिइ भर्यो ।।११०।।**

**ગાથાર્થ :-**

**ભરતાદિ દ્વારા સેવાયેલો માર્ગ એ છીંડીપંથ છે=ઉત્પથ=આડો માર્ગ છે, (અને) નિર્ગ્રંથની ક્રિયા (તે) રાજમાર્ગ છે. ઉત્પથ જતા કોઇ બચી ગયા તો પણ ભર્યો માર્ગ છોડવો ન જોઇએ. ॥૧૧૦॥**

**બાલાવબોધ :-**

भरतादिक भावनाइं ज क्रिया विना मुक्ति पाम्या ते छींडीपंथ कहिइ, राजपंथ ते निर्ग्रंथक्रिया ज कहिइं । कोइ उवटिं जातां ऊगर्यो-लूटाणो नहीं; तो पणि भर्यो सेर न त्यजिइं, ए शुद्ध व्यवहार छइ । अत एव भरताद्यवलंबन लेई क्रिया उच्छेदइ छइ ते महापातकी शास्त्रइं कह्या छइ । रोग घणा, औषध घणां इम मार्ग भिन्न भिन्न छइ, पणि राजमार्ग व्यवहार ज सद्दहिइं ।।११०।।

**અનુવાદ :-**

**भरतादिक.....ज कहिइं ।** - ભરતાદિ ક્રિયા વગર ભાવનાથી જ મુક્તિને પામ્યા, તે છીંડીપંથ=રક્ષણના આલંબન વગરનો પંથ છે, અને નિર્ગ્રંથની ક્રિયા તે રાજપંથ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્થાન :-**

અહીં કોઇને પ્રશ્ન થાય કે, ભરતાદિ ભાવનાથી મોક્ષમાં ગયા તે છીંડીપંથ હોવા છતાં મુક્તિનું કારણ તો છે જ, અને નિર્ગ્રંથની ક્રિયા રાજમાર્ગ હોવા છતાં અતિકષ્ટસાધ્ય એવી ક્રિયારૂપ છે, તેથી અતિકષ્ટકારી ક્રિયાને ન કરતાં ભરતાદિ વડે સેવાયેલા માર્ગ ઉપર કોઇ જાય તો શું વાંધો ? તેથી કહે છે -

**અનુવાદ :-**

**कोइ उवटि.....व्यवहार छइ ।** - કોઇ ઉત્પથ=આડા માર્ગે, જતાં ઊગર્યા, લૂંટાણા નહિ, તો પણ ભર્યો માર્ગ છોડાય નહિ; એ પ્રકારનો શુદ્ધ વ્યવહાર છે.

**ભાવાર્થ :-**

ભરતાદિ બાહ્ય ક્રિયા વગર આરીસાભુવનમાં ભાવનાના બળથી કેવળજ્ઞાનને પામ્યા તે માર્ગ અતિવિષમ છે; કેમ કે બાહ્ય ક્રિયાના આલંબન વગર નિર્લેપદશાને પ્રાપ્ત કરવી અતિદુષ્કર છે. આમ છતાં, ભરતાદિ પૂર્વભવના અભ્યાસને કારણે ભાવનાના બળથી નિર્લેપદશાને પામી શક્યા, પરંતુ રાજમાર્ગ એ નિર્ગ્રંથ સાધુની ક્રિયારૂપ છે. કેમ કે મોટાભાગના જીવો નિર્ગ્રંથ એવા સાધુને ઉચિત એવી ક્રિયાઓ કરીને નિર્લેપદશાને પામે છે. આમ છતાં, કોઇક વ્યક્તિ આડા માર્ગે ગયો અને લૂંટાયા વગર પહોંચી ગયો, એટલામાત્રથી સ્થાને પહોંચવાનો અર્થી લોકોના અવરજવરવાળા માર્ગને છોડીને આડામાર્ગે જવાનું પસંદ કરે નહિ; કેમ કે તેવા સ્થાનોમાં લૂંટાવાનો પૂરો ભય રહેલો છે. તેમ જેઓ નિર્ગ્રંથની ક્રિયાઓને છોડીને ભરતાદિનું અવલંબન લઇને ભાવનામાર્ગમાં યત્ન કરે છે, તેઓ ક્રિયાનું આલંબન નહિ હોવાને કારણે ફક્ત ભાવના કરતા બેઠેલા હોય છે; પરંતુ તે ભાવનાના બળથી નિર્લેપદશાને પામી શક્તા નથી. જેમ આડા માર્ગે કોઈ મુસાફર ઊતરી જાય તો ત્યાં રક્ષણનું સાધન નહિ હોવાથી પ્રાયઃ લૂંટાય છે, તેમ બાહ્યક્રિયાનું આલંબન નહિ હોવાથી, શબ્દોથી કરાયેલી ભાવના જીવને નિર્લેપદશા તરફ લઈ જવામાં સહાયક બનતી નથી; અને જીવને ભ્રમ થાય છે કે ભરતાદિની જેમ હું પણ મોક્ષને પામીશ. તેવા જીવો વસ્તુતઃ નિર્લેપદશાને પામ્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વગર, ફક્ત શબ્દોની વિચારણા કરીને, પ્રાપ્ત થયેલો દુર્લભ મનુષ્યભવ નિર્લેપદશાને પ્રગટ કરવામાં યોજી શક્યા નહિ; તેથી મનુષ્યભવને ખોઇ નાંખ્યો અને મનુષ્યભવના ફળને પામ્યા નહિ. તેથી લૂંટાયા વગર સ્થાને પહોંચવું હોય તેમણે ભગવાને કહેલી નિર્ગ્રંથ સાધુની ક્રિયામાં યત્ન કરવો જોઈએ. કેમ કે ઘણા લોકો આ માર્ગના બળથી જ નિર્લેપ બન્યા છે, એ પ્રકારનો શુદ્ધ વ્યવહાર છે.

**વિશેષાર્થ :-**

નિર્ગ્રંથની ક્રિયાઓ નિર્લેપ થવામાં પ્રબળ આલંબનભૂત છે. તેથી જેઓ નિર્ગ્રંથની ક્રિયામાં યત્ન કરીને પણ નિર્લેપ થઈ ન શકતા હોય, તેઓ તે ક્રિયાના આલંબન વગર નિર્લેપ થવા માટે યત્ન કઈ રીતે કરી શકે ? અર્થાત્ ન કરી શકે.

વસ્તુતઃ નિર્લેપ થવાનો સરળ માર્ગ નિર્ગ્રંથની ઉચિત ક્રિયાઓ છે. આમ છતાં, કોઇક જીવે તેવી ક્રિયાનું આલંબન ન લીધું હોય, છતાં અંતરંગ તેવા પ્રકારના ઉપયોગના પ્રકર્ષથી નિર્લેપતાનો ભાવ પ્રગટ્યો હોય, એટલામાત્રથી તેનું અવલંબન લઈને નિર્લેપ થવા માટે પ્રયત્ન થઇ શકે નહિ. કેમ કે બાહ્ય આલંબનથી પણ અંતરંગ ભાવ પેદા કરવા દુષ્કર દેખાય તેવા જીવોને, બાહ્ય આલંબન વગર તેવા ભાવ થઈ શકે નહિ. આથી જ ભરતાદિ વડે સેવાયેલો માર્ગ અતિવિષમ માર્ગ છે કે, જે માર્ગ ઉપર સામાન્ય જીવો ચાલી શકે નહિ, જ્યારે રાજમાર્ગ ઉપર ઘણા જીવો ચાલીને મોક્ષને પામે છે.

**અનુવાદ :-**

**अत एव.....कह्या छइ ।** - આથી કરીને જ ભરતાદિનું અવલંબન લઇને ક્રિયાનો જેઓ ઉચ્છેદ કરે છે, તેઓને શાસ્ત્રકારોએ મહાપાતકી કહ્યા છે.

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે નિર્ગ્રંથક્રિયા એ જ રાજપંથ છે, અને એને છોડવો નહિ એ જ શુદ્ધ વ્યવહાર છે. આથી કરીને જ જેઓ શુદ્ધ વ્યવહારને માન્ય એવા રાજમાર્ગને છોડીને ભરતાદિનું આલંબન લઈને સ્વયં ક્રિયા કરતા નથી; અને બીજાને પણ કહે છે કે ક્રિયા વગર ભરતાદિ મોક્ષમાં ગયા, તેથી મોક્ષમાં જવાનો માર્ગ નિર્લેપ થવાને અનુકૂળ ભાવના કરવી તે છે, પરંતુ બાહ્ય ક્રિયાનું સેવન નહિ; તેઓ ક્રિયાઓનો ઉચ્છેદ કરીને મહાપાપ કરે છે, તેમ શાસ્ત્રકારો કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે, ભરતાદિનું આલંબન લેનારને શાસ્ત્રકારે મહાપાતકી કહ્યા છે, ત્યાં કોઇને પ્રશ્ન થાય કે, તો પછી ભરતાદિ ક્રિયા વગર ભાવનાથી કેમ મોક્ષ પામ્યા ? તેથી કહે છે -

**અનુવાદ :-**

**रोग घणा.....ज सद्दहिइ ।।११०।।** - રોગ ઘણા ઔષધ ઘણાં, એમ માર્ગ ભિન્ન ભિન્ન છે; પણ રાજમાર્ગ તો વ્યવહાર જ સ્વીકારવો જોઈએ. **॥૧૧૦॥**

**ભાવાર્થ :-**

જેમ સંસારમાં ઘણા પ્રકારના રોગો છે, તેમ જેને જેવો રોગ હોય તેને અનુરૂપ ઔષધ હોય; તેમ મોક્ષમાં જવા માટેના ભિન્ન ભિન્ન માર્ગો છે, અર્થાત્ બાહ્ય ભિન્ન ભિન્ન અવલંબનથી જીવો રત્નત્રયીરૂપ અંતરંગ મોક્ષમાર્ગને પ્રાપ્ત કરે છે. આથી જ ભરતમહારાજા પૂર્વભવમાં નિર્ગ્રંથ ક્રિયાનો અભ્યાસ કરીને આત્માને નિષ્પન્ન કરી ચૂકેલા છે, તેથી સહેજ બાહ્ય નિમિત્તને પામીને ભાવના કરતાં કરતાં અત્યંત નિર્લેપદશાને પામી શક્યા; જ્યારે મોટાભાગના જીવો નિર્લેપદશાને અનુરૂપ એવી નિર્ગ્રંથની ક્રિયા કરીને પણ નિર્લેપદશા અતિ પ્રયત્નથી ધીરે ધીરે પ્રગટ કરી શકે છે. કેમ કે ભાવરોગ જ્યારે અતિશય વર્તતો હોય ત્યારે કષ્ટવાળી એવી શોધનક્રિયાથી રોગની અલ્પતા થઈ શકે. તેથી જે જીવોને બાહ્ય નિમિત્તો સતત સ્પર્શતાં હોય તેવા જીવો, નિર્ગ્રંથની ક્રિયા વગર નિર્લેપભાવ તરફ કઈ રીતે જઇ શકે ? અને પૂર્વભવના અતિઅભ્યાસને કારણે બાહ્ય આલંબન વગર ભાવનામાત્રથી જ ભરતમહારાજાનું અંતરંગ વીર્ય ઉછળે છે, એટલા માત્રથી આલંબનથી પણ જે વીર્ય પ્રગટાવી ન શકે તેવા જીવો, ભરતાદિના દૃષ્ટાંતથી ભાવરોગનો નાશ કરી શકે નહિ. તેથી જ ભિન્ન ભિન્ન આલંબનોથી રત્નત્રયીરૂપ માર્ગની પ્રાપ્તિ થાય છે, તેને આશ્રયીને જ મોક્ષનો માર્ગ ભિન્ન ભિન્ન છે, તેમ કહેલ છે. આમ છતાં, રાજમાર્ગ તો નિર્ગ્રંથની ક્રિયા માનવી જોઈએ. કેમ કે મોટાભાગના જીવોને ભાવરોગ અતિશય હોય છે, તેથી તેને દૂર કરવા માટે વ્યવહારનો માર્ગ જ ઉપાય છે, તેથી વ્યવહારમાર્ગની શ્રદ્ધા કરવી. **॥૧૧૦॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

પૂર્વે ગાથા-૧૦૧માં પૂર્વપક્ષીએ કહેલ કે, પ્રત્યેકબુદ્ધસિદ્ધાદિ ભેદ નિયતિ પ્રમાણે થાય છે, તે રીતે મોક્ષની પણ પ્રાપ્તિ નિયતિ પ્રમાણે થશે. તેથી મોક્ષને માટે નિર્ગ્રંથક્રિયાની આવશ્યકતા નથી. તેનું નિરાકરણ કરતાં કહે છે -

**ચોપઇ :-**

**तीरथसिन्द्धादिकनो भेद, नियति तिहां नवि क्रियाउछेद ।**
**जाणी कष्ट सही तप होय, करम निमित्त न कहिइ सोय ।।१११।।**

**ગાથાર્થ :-**

**તીર્થસિદ્ધાદિનો ભેદ નિયતિ (પ્રમાણે છે, તો પણ) ત્યાં=નિયતિ પ્રમાણે તીર્થસિદ્ધાદિનો ભેદ છે ત્યાં, ક્રિયાનો ઉચ્છેદ ન થાય.**

**ઉત્થાન :-**

પૂર્વે ગાથા-૧૦૧ માં કહેલ કે, કષ્ટ સહન કરવું તે પૂર્વ કર્મના નિમિત્તે છે, પરંતુ કષ્ટ સહન કરવું તે મોક્ષમાર્ગ નથી. તેનું નિરાકરણ કરતાં કહે છે -

**ગાથાર્થ :-**

**જાણીને કષ્ટ સહન કરે તો તપ થાય, અને તે કષ્ટ સહન કરવું, તે કર્મનિમિત્ત કહેવાય નહિ. ॥૧૧૧॥**

**ભાવાર્થ :-**

કોઇ વ્યક્તિ તીર્થની સ્થાપના થયા પછી સિદ્ધ થાય છે તે તીર્થસિદ્ધ છે, કોઇ તીર્થની સ્થાપના થયા પૂર્વે સિદ્ધ થાય છે તે અતીર્થસિદ્ધ છે. તે ભેદો નિયતિ પ્રમાણે થાય છે, તો પણ મોક્ષની પ્રાપ્તિરૂપ ફળ યાવત્ સામગ્રીથી થાય છે, અને મોક્ષની સામગ્રી અંતર્ગત મોક્ષને અનુકૂળ એવી સાધનાની ક્રિયા પણ પ્રાપ્ત થાય છે, માટે ક્રિયાનો ઉચ્છેદ થાય નહિ.

**વિશેષાર્થ :-**

તીર્થની સ્થાપના પહેલાં મરુદેવાદિ સિદ્ધ થયાં, તેનું કારણ તીર્થસ્થાપના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહેલાં જ તેમનું વીર્ય મોક્ષને અનુકૂળ ઉદ્‌ભવ્યું; જ્યારે તીર્થસ્થાપના પછી ગણધરાદિ સિદ્ધ થાય છે, તેનું કારણ તીર્થને અવલંબીને જ તેમનું વીર્ય ઉદ્‌ભવ્યું, તેથી મોક્ષની પ્રાપ્તિમાં મોક્ષને અનુકૂળ એવી ક્રિયાનો ઉચ્છેદ નથી. અને તીર્થની સ્થાપના પહેલાં જ મરુદેવાદિનું વીર્ય કેમ ઊછળ્યું ? પછી કેમ નહિ ? તો ત્યાં કહેવું પડે કે નિયતિ જ બલવાન હતી, જેથી તીર્થની સ્થાપના પહેલાં જ તેમનું વીર્ય ઊછળ્યું. અને ગણધરાદિનું તીર્થની સ્થાપના પછી જ વીર્ય ઊછળ્યું, ત્યાં પણ નિયતિ જ પ્રધાન છે.

વળી ગાથાના ઉત્તરાર્ધમાં કહ્યું કે, જાણીને કષ્ટ સહન કરે તે તપ છે, પરંતુ તે કષ્ટ કર્મનિમિત્ત નથી. આનાથી એ કહેવું છે કે, કોઈ જીવ જાણતો હોય કે મોક્ષમાં જવા માટે નિર્લેપ થવું છે, અને નિર્લેપ થવા માટે કષ્ટ પ્રત્યે દ્વેષ દૂર કરવાનો છે; તેથી સામેથી કષ્ટમાં યત્ન કરીને, અથવા કષ્ટ આવી પડે તે કષ્ટ પ્રત્યે દ્વેષ ન થાય તે રીતે, સમ્યક્ સહન કરવા યત્ન કરે તે તપ છે; અને તેનાથી નિર્જરા થાય છે, તેથી તે મોક્ષનું કારણ છે. પરંતુ જેમ કોઇને પૂર્વકર્મના ઉદયથી અશાતા પ્રાપ્ત થયેલી હોય, અને તેને અશાતાની ઇચ્છા ન હોય તો પણ કર્મના નિમિત્તે સહન કરવી પડે, તેના જેવી સંયમના કષ્ટને સહન કરવાની ક્રિયા નથી. તેથી ગાથા-૧૦૧માં પૂર્વપક્ષી જે કહે છે કે, કષ્ટ સહન કરવાની ક્રિયા એ મોક્ષનું કારણ નથી, અને પૂર્વકર્મના ઉદયથી ભગવાન મહાવીરને કષ્ટ વેઠવાં પડ્યાં તે તેનું કથન બરાબર નથી.

વસ્તુતઃ ભગવાને જે કષ્ટો વેઠ્યાં તે મોક્ષને અનુકૂળ એવી તપની ક્રિયાસ્વરૂપ છે, કેમ કે તેના બળથી જ તેમનો નિર્લેપભાવ વધ્યો અને મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ થઈ.

**બાલાવબોધ :-**

**तीर्थसिद्ध-अतीर्थसिद्धादिभेद नियतिप्रमाणइं छइ पणि क्रियाउच्छेद न हुइ, तत्कालइ तत्सामग्री ज तत्कार्यजनक हुइं । जे इम कहिउं कष्ट खमवुं ते कर्मनिमित्त ते ऊपरि कहइ छइ-जाणी कष्ट खम्यइ तप हुइं पणि कर्मवेदना मात्र नहीं, अत एव 'देहदुक्खं महाफलं' ( ) इहां 'ज्ञात्वा' इति शेषः कहिओ, आभ्युपगमिक-औपक्रमिक दुःखसहनगुण तेह ज तप, तेहथी गुणवृद्धि अनइ गुणाप्रतिपात हुइं, क्रियानुं पणि एह ज फल, अवदाम च**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गुणवृद्ध्यै ततः कुर्यात् क्रियामस्खलनाय वा ।
एकं तु संयमस्थानं जिनानामवतिष्ठते ।।
(ज्ञानसार ९, ७)

अत एव 'मार्गाच्यवननिर्जरार्थं परिषोढव्याः परीषहाः' **इति तत्त्वार्थे** (९-अ. सू. ८) **प्रोक्तम् । दुःखस्य नादेयत्वात्** (दुःखस्यानादेयत्वात्) **तत्सहनमनादेयं चेत् कर्मणोऽनादेयत्वात् तन्मोक्षोऽपि तथा स्यात् । स्वभावसमवस्थाने न दुःखतत्सहनसङ्कल्पश्चेद्** 'मोक्षे भवे च सर्वत्र निःस्पृहो मुनिसत्तमः' **इति वचनात् तदा मोक्षसङ्कल्पोऽपि नेति तुल्यमदः ।।१११।।**

● બાલાવબોધમાં **'दुःखस्य नादेयत्वात्'** પાઠ છે, ત્યાં **'दुःखस्यानादेयत्वात्'** પાઠની સંભાવના છે, તે મુજબ અર્થ કરેલ છે.

**અનુવાદ :–**

**तीर्थसिद्ध.....तत्कार्यजनक हुइं ।** - તીર્થસિદ્ધ-અતીર્થસિદ્ધાદિ ભેદ નિયતિ પ્રમાણે છે, પણ તેનાથી ક્રિયાનો ઉચ્છેદ ન થાય. તેમાં હેતુ કહે છે - તે કાળમાં તે સામગ્રી તે કાર્યની જનક છે.

● **तीर्थसिद्ध-अतीर्थसिद्धादि** અહીં **'आदि'** પદથી તીર્થંકરસિદ્ધ આદિ સર્વ ભેદોનું ગ્રહણ કરવાનું છે.

**ભાવાર્થ :–**

જે જીવને અતીર્થમાં સિદ્ધ થવાનું નિયત હોય તે અતીર્થસિદ્ધ થાય, અને તીર્થમાં સિદ્ધ થવાનું નિયત હોય તે તીર્થસિદ્ધ થાય, તેથી તે તીર્થસિદ્ધ કે અતીર્થસિદ્ધ થાય છે તો પણ, જ્યારે સિદ્ધ થાય છે તે વખતે, સર્વ સામગ્રી મોક્ષરૂપ કાર્યને પેદા કરે છે; અને તે સામગ્રી અંતર્ગત મોક્ષને અનુકૂળ એવી ક્રિયાનો પણ પ્રવેશ થાય છે. તેથી પૂર્વપક્ષીએ ગાથા-૧૦૧ માં કહેલ કે, જેમ પ્રત્યેકબુદ્ધાદિ નિયતિના વૈચિત્ર્યથી થાય છે, તેમ નિયતિથી જ જીવને જ્યારે મોક્ષ થવાનો હશે ત્યારે થશે, તે વચન તેમનું મિથ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**जे इम.....कहइ छइ-** - પૂર્વપક્ષીએ જે ગાથા-૧૦૧માં કહ્યું કે કષ્ટ ખમવું તે કર્મનિમિત્ત છે, પરંતુ મોક્ષનું કારણ નથી, તેના ઉપર કહે છે -

**जाणी.....मात्र नहीं** - જાણીને કષ્ટને સમ્યક્ સહન કરે, તે તપ થાય; પણ કર્મવેદનામાત્ર નહિ.

તેની જ પુષ્ટિ કરતાં કહે છે -

**अत एव.....कहिओ,** - આથી કરીને જ **'देहदुक्खं महाफलं'** એમ શાસ્ત્રમાં કહ્યું છે, અને એ શાસ્ત્રવચનમાં **'ज्ञात्वा'** એ અધ્યાહાર છે.

**ઉત્થાન :-**

જાણીને કષ્ટ સહન કરવું એ શું છે ? તેને જ સ્પષ્ટ કરતાં કહે છે -

**અનુવાદ :-**

**आभ्युपगमिक.....एह ज फल,** - આભ્યુપગમિક-ઔપક્રમિક દુઃખસહનગુણ તે જ તપ છે, અને તેનાથી=તે તપથી, ગુણવૃદ્ધિ અને ગુણનો અપ્રતિપાત થાય; અને ક્રિયાનું પણ=સંયમની ક્રિયાનું પણ, એ જ ફળ છે= ગુણવૃદ્ધિ અને ગુણનો અપ્રતિપાત એ જ ફળ છે.

**ભાવાર્થ :-**

મોક્ષના ઉપાયને નહિ માનનારના મતે ગાથા-૧૦૧માં કહેલ કે ચરમભવમાં જીવો જે સંયમનાં કષ્ટો સહન કરે છે, તે કર્મના નિમિત્તે છે, મોક્ષનો ઉપાય નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે - "આ કર્મનાશનો ઉપાય છે" એમ જાણીને કોઇ કષ્ટ સહન કરે તે તપ થાય, પણ કર્મનું વેદનમાત્ર નહિ. અને તપ એ મોક્ષનું કારણ છે, તેથી જાણીને સંયમનાં કષ્ટો સહન કરવાં એ મોક્ષનો ઉપાય છે, પરંતુ ફક્ત કર્મના વેદનમાત્રરૂપ નથી. આથી જ શાસ્ત્રમાં કહ્યું છે કે, જાણીને કોઈ દેહને દુઃખ આપે તે મહાફળવાળું છે, અર્થાત્ નિર્જરારૂપ મહાફળને આપે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવા પ્રકારના કષ્ટને સહન કરવાથી તપ થાય છે, તે બતાવવા અર્થે કહે છે -

આભ્યુપગમિક-ઔપક્રમિક દુઃખ સહન કરવું તે જ તપ છે, અર્થાત્ સ્વેચ્છાથી નિર્જરાના અર્થે પ્રાપ્ત થતાં દુઃખોને સ્વીકારી લેવાં, અને તે રીતે સહન કરવાં કે જેથી કર્મ ઉપર ઉપક્રમ લાગે, તે રીતે સહન કરવું તે તપ છે. તેવા પ્રકારના તપથી ગુણની વૃદ્ધિ અને ગુણનો અપ્રતિપાત થાય છે, અર્થાત્ મારે ગુણ પ્રગટાવવા છે, એવા આશયપૂર્વક દુઃખના પ્રત્યે દ્વેષનો ભાવ દૂર થાય, અને દુઃખ અને સુખ પ્રત્યે સમાનવૃત્તિ ચિત્તમાં પ્રગટ થાય, તે પ્રકારના અંતરંગ યત્નપૂર્વક દુઃખને સહન કરવાથી, ધીરે ધીરે જીવમાં દુઃખથી દૂર રહેવાની મનોવૃત્તિ અને સુખ પ્રત્યે જ યત્ન કરવાની મનોવૃત્તિ હતી તે ઓછી થાય છે, તેથી જીવના રાગ-દ્વેષ ઓછા થાય છે, તેથી જીવમાં ગુણની વૃદ્ધિ થાય છે અને પૂર્વના તપ-સંયમના પ્રયત્નથી પ્રગટ થયેલા ગુણો પણ વિવેકપૂર્વક સહન કરાયેલા દુઃખથી ટકી રહે છે. તેથી કહ્યું કે "તપથી ગુણવૃદ્ધિ અને પ્રાપ્ત થયેલા ગુણનો અપ્રતિપાત તે જ ફળ છે." જેમ જાણીને કષ્ટ સહન કરવાથી ગુણવૃદ્ધિ અને ગુણનો અપ્રતિપાત થાય છે, તે જ સંયમની ક્રિયાનું પણ ફળ છે. માટે સંયમની ક્રિયા એ કષ્ટ સહન કરવારૂપ નથી, પરંતુ ગુણની વૃદ્ધિ દ્વારા મોક્ષનું કારણ છે.

**ઉત્થાન :-**

ક્રિયાનું ફળ પણ ગુણવૃદ્ધિ અને ગુણનો અપ્રતિપાત છે, તેમાં ગ્રંથકારશ્રી પોતાના ગ્રંથ જ્ઞાનસારની સાક્ષી આપે છે -

**અનુવાદ :-**

**अवदाम च** = અને કહીએ છીએ -

**गुणवृद्ध्यै.....जिनानामवतिष्ठते** - તે કારણથી=જ્ઞાનસાર-૯ માં પૂર્વની ગાથામાં કહ્યું કે, ક્રિયાથી ભાવની વૃદ્ધિ થાય છે, તે કારણથી, ગુણની વૃદ્ધિ માટે અને ગુણની અસ્ખલના માટે ક્રિયાને કરવી જોઈએ. વળી એક સંયમસ્થાન તો જિનોને હોય છે.

**ભાવાર્થ :-**

વીતરાગને એક સંયમસ્થાન હોય છે જે પરિપૂર્ણ ગુણરૂપ હોય છે, અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાત ન થાય તેવું હોય છે, તેથી તેમને ગુણવૃદ્ધિ માટે કે ગુણની અસ્ખલના માટે ક્રિયાની આવશ્યક્તા નથી. પરંતુ વીતરાગ સિવાય સર્વ સંયમી જીવોએ પણ સંયમમાં વર્તતા ગુણોને ટકાવી રાખવા માટે, અને સંયમના સેવનથી ગુણની વૃદ્ધિ કરવા માટે, ક્રિયા કરવી જોઈએ. તેથી એ પ્રાપ્ત થાય કે ક્રિયાનું ફળ ગુણવૃદ્ધિ અને ગુણનું રક્ષણ છે.

**અનુવાદ :-**

**अत एव.....प्रोक्तम् ।** - આથી કરીને જ=કષ્ટ સહન કરવાની ક્રિયાનું ફળ ગુણવૃદ્ધિ અને ગુણનું રક્ષણ છે, આથી કરીને જ, તત્ત્વાર્થસૂત્રમાં કહેવાયેલું છે કે માર્ગના અચ્યવન માટે અને નિર્જરા માટે પરિષહો સહન કરવા જોઈએ.

અહીં માર્ગના અચ્યવનથી ગુણનું રક્ષણ ગ્રહણ થાય છે અને નિર્જરાથી ગુણની વૃદ્ધિ પ્રાપ્ત થાય છે.

**ઉત્થાન :-**

અહીં પૂર્વપક્ષી કહે છે કે દુઃખ આદેય નથી, તેથી દુઃખનું સહન કરવું આદેય છે તેમ કહી શકાય નહિ. તેથી દુઃખસહનને મોક્ષનું કારણ કઇ રીતે કહી શકાય ? તેથી કહે છે -

**અનુવાદ :-**

**दुःखस्य.....तथा स्यात् ।** - દુઃખનું અનાદેયપણું હોવાથી તેના સહનનું=દુઃખસહનનું, અનાદેયપણું છે એમ જો તું કહે, તો કર્મનું અનાદેયપણું હોવાથી તેનો મોક્ષ=કર્મનો મોક્ષ=કર્મનો નાશ, પણ તેવો થાય=અનાદેય થાય.

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીનો આશય એ છે કે, મોક્ષના અર્થી જીવો પણ દુઃખના નાશ માટે જ પ્રયત્ન કરે છે. તેથી દુઃખને કોઇ આદેય સ્વીકારતું નથી, માટે દુઃખનું સહન અનાદેય માનવું જોઈએ. તેથી મોક્ષ માટે દુઃખ સહન કરવું એ ઉપાય ન હોઈ શકે, પરંતુ ધ્યાનાદિ જ મોક્ષના ઉપાય તરીકે સ્વીકારી શકાય. તેને ગ્રંથકાર કહે છે કે, દુઃખ અનાદેય છે તેથી દુઃખપ્રાપ્તિનો ઉપાય અનાદેય હોઇ શકે, પણ દુઃખને સહન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવું તે દુઃખપ્રાપ્તિનો ઉપાય નથી; પરંતુ ભૂતકાળમાં બંધાયેલા દુઃખના આપાદક કર્મના નાશનો ઉપાય છે. એટલું જ નહિ પણ વિવેકપૂર્વક સહન કરવાથી અધ્યવસાયની વિશુદ્ધિ દ્વારા આત્મામાં રહેલાં અનેક કર્મોના નાશનો ઉપાય છે. તેથી જો દુઃખ અનાદેય હોવાના કારણે દુઃખના સહનને અનાદેય કહેવામાં આવે, તો કર્મ અનાદેય છે તેથી કર્મના નાશરૂપ મોક્ષ પણ અનાદેય થાય. કેમ કે, જેમ દુઃખનાશનો ઉપાય દુઃખસહન કરવું એ હોવા છતાં તે અનાદેય છે, તેમ મોક્ષ પણ અનાદેય કહી શકાય. અર્થાત્ દુઃખની અનાદેયતાને કારણે દુઃખનાશના ઉપાયને. અનાદેય કહેવું એ જેમ અસંગત છે, તેમ કર્મ અનાદેય હોવાને કારણે કર્મના નાશરૂપ મોક્ષ અનાદેય કહેવો એ અસંગત છે.

**અનુવાદ :-**

**स्वभावसमवस्थाने.....चेद्** - અહીં પૂર્વપક્ષી કહે કે, મોક્ષનો ઉપાય એ સ્વભાવસમવસ્થાન છે, અને સ્વભાવસમવસ્થાનમાં દુઃખનો સંકલ્પ કે દુઃખસહનનો સંકલ્પ હોતો નથી. તેને ગ્રંથકાર કહે છે -

**मोक्षे.....तुल्यमदः ।।૧૧૧।।** - ઉત્તમ મુનિ મોક્ષ કે ભવમાં સર્વત્ર નિઃસ્પૃહ હોય છે, એ પ્રકારનું વચન હોવાથી, ત્યારે=સ્વભાવ સમવસ્થાનમાં, મોક્ષનો સંકલ્પ પણ નથી, એ તુલ્ય છે=સ્વભાવ સમવસ્થાનરૂપ ઊંચી ભૂમિકામાં દુઃખસહનનો સંકલ્પ નથી, તેમ મોક્ષનો પણ સંકલ્પ નથી, એ બંને તુલ્ય છે.**॥૧૧૧॥**

**વિશેષાર્થ :-**

સ્વભાવસમવસ્થાન એ નિર્વિકલ્પદશારૂપ છે. તે વખતે ઉપસર્ગો થતા હોય તો પણ મને દુઃખ થાય છે એ પ્રકારનો સંકલ્પ હોતો નથી, અને મોક્ષના અર્થે હું દુઃખ સહન કરું એવો પણ સંકલ્પ હોતો નથી. પરંતુ ઉપસર્ગકાળમાં કાયયોગમાં ઉપયુક્ત હોય તો દુઃખના સંવેદનકાળમાં દુઃખ ચિત્તને વ્યાકુળ ન કરે એ રીતે તત્ત્વમાં ઉપયુક્ત હોય છે કે અન્ય કોઇ પદાર્થના ચિંતવનમાં ચિત્ત ઉપયુક્ત હોય છે, કે જે ઉપયોગમાં મોક્ષ અને સંસાર પ્રત્યે ચિત્ત સમાન વર્તતું હોય છે, અને ધીરે ધીરે અતિશય- અતિશયતર બનતું હોય છે.

વળી સ્વભાવસમવસ્થાનમાં દુઃખ કે દુઃખનો સંકલ્પ નથી એમ કહ્યું, તેનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણ, સ્વભાવસમવસ્થાનમાં રહેલા મુનિઓને પણ ઉપસર્ગોનું દુઃખ તો હોઇ શકે છે, આમ છતાં જ્યારે મહાત્માઓ પોતાના સ્વભાવમાં જ વર્તતા હોય છે, ત્યારે અંતરંગ રીતે સ્વસ્થતાના સુખનું જ વેદન કરે છે, તેથી બાહ્ય દુઃખો દુઃખરૂપે તેમને પ્રતીત થતાં નથી. આથી જ તેમને થતા ઉપસર્ગોનું દુઃખ પણ દુઃખરૂપ નથી.**॥૧૧૧॥**

**અવતરણિકા :-**

**कोइ घणइ कालिं मोक्षइं जाइ छइ, कोइ थोडइ कालिं, ते किम ? ते ऊपरि कहइ छइ -**

**અવતરણિકાર્થ :-**

કોઈ જીવ સંયમની કષ્ટક્રિયા શરૂ કર્યા પછી ઘણે કાળે મોક્ષમાં જાય છે અને કોઇ થોડે કાળે જાય છે, તો તે કાળમાં શું એવું પ્રાપ્ત થયું કે જેથી પહેલાને જલદી મોક્ષ પ્રાપ્ત થયો અને બીજાને વિલંબથી મોક્ષ પ્રાપ્ત થયો ? એમ કહીને પૂર્વપક્ષીને એ કહેવું છે કે, જે કાળે મોક્ષ નિયત હોય તે કાળે જ મોક્ષ થાય છે, પરંતુ સંયમનું કષ્ટ મોક્ષનું કારણ નથી; આથી જ ગૌતમસ્વામીએ ઘણા વર્ષોનું સંયમ પાળ્યું તો પણ ભગવાનના નિર્વાણ પછી જ કેવલજ્ઞાન થયું, અને અઇમુત્તામુનિને બાલ્યકાળમાં ઈરિયાવહિયા કરતાં કેવલજ્ઞાન થયું. તેથી એ ફલિત થાય છે કે સંયમનું કષ્ટ મોક્ષનું કારણ નથી, પરંતુ જે કાળે મોક્ષ નિયત હોય તે કાળે જ મોક્ષ થાય છે. માટે મોક્ષ છે, પણ મોક્ષનો ઉપાય નથી, આ પ્રકારના પૂર્વપક્ષીના આશયના નિરાકરણ માટે તેના કથન ઉપર ગ્રંથકાર કહે છે -

**ચોપઇ :-**

**बहु इंधण बहु कालिं बलै, थोडइ कालइ थोडुं जलै ।**
**अग्नितणी जिम शक्ति अभंग, तिम जाणो शिवकारण संग ।।११२।।**

**ગાથાર્થ :-**

**બહુ ઇંધન બહુ કાળે=ઘણા કાળે, બળે, થોડું ઈંધણ હોય તો થોડા કાળમાં જલે=બળે. આમ છતાં ઇંધનને બાળવામાં જેમ અગ્નિની શક્તિ અભંગ છે, તેમ કર્મરૂપી ઈંધનને બાળવામાં શિવનાં કારણોનો સંગ જાણવો. ॥૧૧૨॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

ઈંધન ઘણું હોય તો અગ્નિને બાળતાં વાર લાગે, થોડું ઇંધણ હોય તો તરત બાળે, પરંતુ અગ્નિમાં ઇંધનને બાળવાની શક્તિ છે. તેમ જે જીવનાં કર્મો ઘણાં હોય તે જીવ કર્મને બાળવાના કારણભૂત સંયમની ક્રિયા કરે છે, છતાં ઘણા કાળે કેવલજ્ઞાન થાય છે; અને જે જીવનાં કર્મો થોડાં છે, તેઓ સંયમની ક્રિયા શરૂ કરે કે તરત કેવલજ્ઞાન થાય છે; તો પણ તે કેવલજ્ઞાનની પ્રાપ્તિ કારણોના સેવનથી થયેલી છે, પરંતુ નિયતિમાત્રથી થઈ છે તેમ કહીને સંયમને મોક્ષનું કારણ નથી, તેમ કહી શકાય નહિ.

**બાલાવબોધ :-**

**घणां इंधन होइ ते घणइ कालिं बलइ, थोडुं इंधन होइ ते थोडइ कालइ जलइ, पणि अग्निन्री शक्ति अभंग ज छइ, तिम शिवकारण ज्ञानादिकनो संग जाणो; क्रमइं बहुकालक्षपणीयनइं साधन बहुकालइ षपावइ, स्तोककालक्षपणीयनइं स्तोककालइ, तथास्वभाव ते तथाभव्यतानियत छइ । भोगवइ ज कर्म षपइ तो कहिइं को मोक्ष न जाइं, चरमशरीरीनइ पणि सास्वादनादिअपूर्वकरणांतनइ अंतःकोटाकोटिबन्ध छईं, प्रतिसमय ७-८ नो, माटइं क्रमइं यथोचितकर्मसाधनइ जीव मोक्षइ जाइ, इम सद्दहिइ ।।११२।।**

**અનુવાદ :-**

**घणां.....संग जाणो,** - ઘણાં ઇંધન હોય તો ઘણે કાળે બળે, થોડું ઇંધન હોય તો થોડા કાળે બળે, પણ અગ્નિની શક્તિ અભંગ જ છે; તેમ શિવકારણ= મોક્ષનું કારણ, જ્ઞાનાદિકનો સંગ જાણો.

**क्रमइं.....स्तोककालइ,** - ક્રમસર ઘણા કાળે ક્ષપણીય=ખપાવવા યોગ્ય, કર્મને મોક્ષનું સાધન રત્નત્રયી બહુકાળે ખપાવે છે, અને સ્તોકકાળ= થોડાકાળે, ક્ષપણીય કર્મને થોડા કાળમાં ખપાવે છે.

**ભાવાર્થ :-**

અગ્નિનો સ્વભાવ ઇંધનને બાળવાનો છે. ઇંધન ઘણું હોય તો અગ્નિથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇંધન બળતાં વાર લાગે અને ઇંધન થોડું હોય તો અગ્નિથી શીઘ્ર બળી જાય. તેમ મોક્ષનાં કારણ રત્નત્રયી એ અગ્નિ જેવાં છે અને કર્મો ઇંધન જેવાં છે, તેથી જેનાં કર્મો ઘણા કાળના ક્રમથી આવે તેવાં હોય તેને રત્નત્રયીથી પણ મોક્ષની પ્રાપ્તિ દીર્ઘકાળે થાય છે, જેમ-ભગવાન ઋષભદેવને દીક્ષા લીધા પછી ૧૦૦૦ વર્ષે કેવળજ્ઞાન થયું. અને જેનાં કર્મો થોડા કાળના ક્રમથી આવે તેવાં હોય, તેને રત્નત્રયીથી શીઘ્ર મોક્ષ મળે છે, જેમ મલ્લિનાથ ભગવાનને દીક્ષા લીધી તે જ દિવસે કેવલજ્ઞાન થયું.

આનાથી પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ આ રીતે થાય છે-પૂર્વપક્ષી કહે છે કે મોક્ષનો ઉપાય રત્નત્રયી નથી, પરંતુ જે કાળે મોક્ષ નિયત છે તે કાળે મોક્ષ થાય છે, આથી જ રત્નત્રયીનું સેવન કરવા છતાં ૧૦૦૦ વર્ષ પછી ઋષભદેવ ભગવાનને કેવળજ્ઞાન થયું, અને મલ્લિનાથ ભગવાનને દીક્ષા લીધી તે જ દિવસે કેવલજ્ઞાન થયું. જો રત્નત્રયી જ મોક્ષનું કારણ હોય તો ઋષભદેવ ભગવાનને કેવળજ્ઞાન થવામાં વિલંબ કેમ થયો ? તેથી નિયતકાળે જ મોક્ષ થાય છે, તેમ માનવું જોઈએ, કષ્ટકારી સંયમની ક્રિયા મોક્ષનું કારણ નથી. આ પ્રકારની પૂર્વપક્ષીની માન્યતાનું ઉપરના કથનથી નિરાકરણ થાય છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે, ક્રમસર ઘણા કાળે ખપાવવા યોગ્ય કર્મને રત્નત્રયી બહુ કાળે ખપાવે છે, અને થોડા કાળમાં ખપે તેવાં જેનાં કર્મ હોય તેને રત્નત્રયી અલ્પકાળમાં ખપાવે છે. ત્યાં પ્રશ્ન થાય કે, તેવાં કર્મ તે જીવોનાં કેમ થયાં ? તો કહેવું પડે કે, તે જીવોએ પૂર્વમાં તેવો અધ્યવસાય કર્યો, તેથી તેવાં કર્મો બંધાયેલ. ત્યાં પ્રશ્ન થાય કે, તે તે જીવોએ તેવો તેવો જુદો અધ્યવસાય કેમ કર્યો ? તેથી કહેવું પડે કે, તે તે જીવોનો તેવો તેવો તથાસ્વભાવ હતો, કે જેથી તેવો તેવો જુદો જુદો અધ્યવસાય કર્યો. ત્યાં પ્રશ્ન થાય કે, તે તે જીવોનો તેવો તેવો જુદો જુદો તથાસ્વભાવ કેમ છે ? તેથી કહે છે -

**અનુવાદ :-**

**तथास्वभाव.....नियत छइ,** - તથાસ્વભાવ તે તથાભવ્યતાનિયત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

દરેક જીવોની તથાભવ્યતા જુદા જુદા પ્રકારની છે, અને તે તે જીવની તથાભવ્યતાથી નિયત તે તે જીવનો તથાસ્વભાવ છે. તે તથાસ્વભાવ પ્રમાણે તેવો પ્રયત્ન કરીને તે જીવ તેવાં જ કર્મો બાંધે છે કે, જેથી કોઈ જીવનાં કર્મો રત્નત્રયીથી ચરમભવમાં પણ દીર્ઘકાળે જ ખપી શકે, અને વળી બીજો જીવ પોતાના તથાસ્વભાવથી તેવો પ્રયત્ન કરીને પૂર્વમાં તેવાં જ કર્મ બાંધે છે કે જેથી રત્નત્રયીથી ચરમભવમાં પણ તેનાં કર્મો અલ્પકાળમાં ખપી શકે.

**ઉત્થાન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે, કર્મનો નાશ રત્નત્રયીથી થાય છે, અને જીવનો તથાસ્વભાવ તથાભવ્યતાથી નિયત છે. તે વાતને જ દૃઢ કરવા માટે બતાવે છે કે, જો તેમ ન માનીએ, અને પૂર્વપક્ષી કહે છે કે કોઈને રત્નત્રયીથી પણ વિલંબથી મોક્ષ મળે છે અને કોઈને અવિલંબથી મળે છે, તેથી રત્નત્રયી મોક્ષનું કારણ નથી; પણ જે કાળે જે રીતે મોક્ષ થવાનો હોય તે કાળે તે રીતે જ થાય છે, પણ મોક્ષનો કોઈ ઉપાય નથી; તેમ સ્વીકારીએ તો, કર્મનો નાશ ભોગવીને થાય છે તેમ માનવું પડે. અને તેમ માનીએ તો મોક્ષ ક્યારેય થાય નહિ. તે બતાવતાં કહે છે -

**અનુવાદ :-**

**भोगवइ.....न जाइं,** - ભોગવીને જ કર્મ ખપે તો ક્યારેય કોઇ મોક્ષમાં ન જાય. તેમાં હેતુ કહે છે -

**चरमशरीरनइ.....प्रतिसमय ७-८ नो** - ચરમશરીરીને પણ સાસ્વાદનાદિ ગુણસ્થાનકથી માંડીને અપૂર્વકરણ સુધી અંતઃકોટાકોટિનો બંધ છે, અને પ્રતિસમય સાત કે આઠ કર્મનો બંધ થાય છે.

**ઉત્થાન :-**

આનાથી એ ફલિત થયું કે, ચરમશરીરી જીવ પણ સાસ્વાદનાદિ ગુણસ્થાનકથી માંડીને અપૂર્વકરણ સુધી અંતઃકોટાકોટિની સ્થિતિ બાંધે છે, અને પ્રતિસમય ૭ કે ૮ કર્મ બાંધે છે, તેથી ભોગવીને કર્મ નાશ થાય તેમ માનીએ તો ક્યારેય કોઇ જીવ મોક્ષમાં જઇ શકે નહિ; અને મોક્ષપ્રાપ્તિ તો પૂર્વપક્ષીને પણ માન્ય છે, તેથી હવે તેને કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**माटइं.....सद्दहिइ ।।११२।।** - માટે ક્રમસર યથોચિતકર્મ=ક્રિયા= અનુષ્ઠાન, સાધવાથી જીવ મોક્ષે જાય છે, એમ શ્રદ્ધા કરવી જોઈએ. **॥૧૧૨॥**

**ભાવાર્થ :-**

જીવ મિથ્યાત્વગુણસ્થાનકમાં તો ઉત્કૃષ્ટ ૭૦ કોટાકોટિ સાગરોપમની કર્મની સ્થિતિ બાંધે છે, પરંતુ ગુણસ્થાનકમાં ચડ્યા પછી ૨ થી ૮ ગુણસ્થાનક સુધી પણ અંતઃકોટાકોટિ સાગરોપમની કર્મની સ્થિતિ બાંધે છે. અને મોક્ષ જે કાળે થવાનો હોય તે કાળે જ થાય છે તેમ સ્વીકારીએ, અને મોક્ષપ્રાપ્તિનો કોઇ ઉપાય નથી તેમ માનીએ, તો જીવે બાંધેલાં કર્મ તેણે ભોગવવાં જ પડે તેમ માનવું પડે. અને ચરમશરીરી જીવ પણ આઠમા ગુણસ્થાનક સુધી અંતઃકોટાકોટિ સ્થિતિ બાંધતો હોય, તો કર્મને બાંધવાનું કામ અટકતું નહિ હોવાથી ભોગવીને ક્યારેય પણ કર્મનો નાશ થઇ શકે નહિ. તેથી કોઇ જીવનો મોક્ષ થતો નથી, તેમ જ માનવું પડે. અને મોક્ષના અનુપાયવાદી પણ મોક્ષને માને છે, તેથી ગ્રંથકાર કહે છે કે, જો તું મોક્ષ સ્વીકારે છે તો ક્રમસર યથોચિત ક્રિયાને સાધવાથી જીવનો મોક્ષ થાય છે, તેમ માનવું જોઈએ. કેમ કે જીવ ક્રમસર યથોચિત ક્રિયા કરીને ઉપર ઉપરના ગુણસ્થાનકમાં ચડે છે, તેથી આગળ જતાં અપૂર્વકરણથી પણ ઉપરના ગુણસ્થાનકમાં જાય છે ત્યારે, કર્મબંધ ઓછો થતો જાય છે, અને પૂર્વમાં સંચિત થયેલા કર્મનો નાશ વધે છે, તેથી જીવ મોક્ષને પામે છે. માટે ઉપાયથી જ કર્મનો નાશ થાય છે, તેમ માનવું ઉચિત છે. **॥૧૧૨॥**

**અવતરણિકા :-**

પૂર્વમાં મોક્ષનું કારણ રત્નત્રયી છે તેમ સ્થાપન કર્યું, ત્યાં પ્રશ્ન થાય કે, જેમ જીવદળના ભેદથી જ કોઈ તીર્થંકર થઈને સિદ્ધ થાય છે, તો કોઈ અતીર્થંકર થઈને સિદ્ધ થાય છે, તેથી જેમ સિદ્ધના પંદર ભેદો જીવદળના ભેદથી છે, તેમ જીવદળના ભેદથી જ કોઈને અત્યારે તો કોઈને પછી મોક્ષ થાય છે, તેમ સ્વીકારીએ તો મોક્ષનો ઉપાય માનવાની જરૂરત નથી. તેથી કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોપઇ :-**

**दंडादिक विण घट नवि होय, तस विशेष मृदभेदइ जोय ।**
**तिम दलभेदइ फलमांहिं भिदा, रत्नत्रय विण शिव नवि कदा ।।११३।।**

**ગાથાર્થ :-**

**દંડાદિક વગર ઘટ થાય નહિ અને ઘટવિશેષ માટીના ભેદથી=માટીના વિશેષથી, દેખાય છે; તેમ દલના ભેદથી=જીવદળના વિશેષથી, પ્રત્યેકબુદ્ધાદિરૂપ ફળમાં ભેદ=વિશેષ, છે; (તો પણ) રત્નત્રયી વગર ક્યારેય મોક્ષ પ્રાપ્ત થતો નથી.॥૧૧૩॥**

**ભાવાર્થ :-**

જેમ માટીવિશેષ હોય તો ઘટવિશેષ થાય, તેમ કેટલાક જીવોમાં તેવી વિશેષતા હોય કે ચરમભવમાં પ્રત્યેકબુદ્ધ થઇને મોક્ષમાં જાય, તો કેટલાક જીવો તીર્થંકર થઈને મોક્ષમાં જાય. તેથી તે વિશેષતાનો નિયામક જીવનો તથાસ્વભાવ છે. આમ છતાં, ગમે તેવી સારી માટી પણ દંડાદિ વગર ઘટરૂપે પરિણમે નહિ, તેવી જ રીતે પ્રત્યેકબુદ્ધ થનાર વ્યક્તિ કે તીર્થંકર થનાર વ્યક્તિનો આત્મા રત્નત્રયી વગર ક્યારેય મોક્ષને પામતો નથી. માટે મોક્ષ છે અને મોક્ષનો ઉપાય નથી તેમ કહેવું યુક્તિરહિત છે, અને મોક્ષ નિયતિથી થાય છે તેમ કહેવું પણ યુક્તિરહિત છે.

**બાલાવબોધ :-**

**दंडादिक विना घटादिक कहइं नीपजइ नहीं, पणि तस विशेष कहितां घटादिविशेष ते उपादानकारण जे मृत्तिका तद्विशेषइं होइ, तिम रत्नत्रय विना मोक्ष कदापि न होइ पणि फल जे तीर्थकरातीर्थकरादिसिद्धावस्थारूप तद्भेद ते दलभेदइं कहितां जीवदलभेदइं होइ, उक्तं च विंशिकायाम् -**

ण य सव्वहेउतुल्लं भव्वत्तं हंदि सव्वजीवाणं ।
जं तेणेवक्खित्ता णो तुल्ला दंसणाईआ ।। (४,१७)

**विचित्रदर्शनादिसाधनोपनायकविचित्रानन्तरपरम्परसिद्धाद्यवस्थापर्यायोपनायक-तथाभव्यत्वइतरकारणाक्षेपक मुख्य कारण धारवुं ।।११३।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**दंडादिक.....जीवदलभेदइं होइ,** - દંડાદિક વગર ઘટાદિક ક્યારેય પેદા થાય નહિ, પણ તસ વિશેષ=ઘટાદિ વિશેષ, તે ઉપાદાનકારણ જે મૃત્તિકા= માટી, તેના વિશેષથી થાય. તેમ રત્નત્રય વગર ક્યારેય પણ મોક્ષ થાય નહિ, પરંતુ તીર્થંકર-અતીર્થંકર આદિ સિદ્ધાવસ્થારૂપ જે ફળ, તેનો ભેદ તે દલભેદથી= જીવદલના ભેદથી, થાય છે.

**उक्तं च विंशिकायाम्** - અને વિંશિકામાં કહેવાયેલું છે.

**ण य.....दंसणाईआ ।।** - જે કારણથી તેના વડે=ભવ્યત્વવડે, આક્ષિપ્ત દર્શનાદિ તુલ્ય નથી, તે કારણથી સર્વ જીવોનું ભવ્યત્વ સર્વ હેતુઓથી= પુરુષકારાદિ અન્ય ચાર હેતુઓથી, તુલ્ય નથી.

**ભાવાર્થ :-**

દરેક જીવોમાં સિદ્ધિગમનયોગ્યત્વ છે, તે જ પરિપાક પામીને મોક્ષરૂપ ફળમાં વિશ્રાંત થાય છે. અને તે ભવ્યત્વનો પરિપાક રત્નત્રયીના પરિણામરૂપ છે, અને સિદ્ધિગમન થાય ત્યારે તે ભવ્યત્વનો નાશ થાય છે. જીવમાં રહેલું ભવ્યત્વ રત્નત્રયીને આક્ષેપ કરે છે, આમ છતાં દરેક જીવોના ભવ્યત્વથી આક્ષિપ્ત રત્નત્રયી તુલ્ય દેખાતી નથી.

આનાથી નક્કી થાય છે કે, સર્વ જીવોનું ભવ્યત્વ, ભવ્યત્વરૂપે સમાન હોવા છતાં પુરુષકાર, નિયતિ આદિ અન્ય હેતુઓથી સમાન ભવ્યત્વ દરેક જીવોનું નથી; પરંતુ દરેક જીવોનું ભવ્યત્વ અન્ય હેતુઓથી જુદા જુદા પ્રકારનું છે. તેથી જ કોઇક ભવ્ય જીવ ક્યારેક પુરુષકાર કરે અને તેનાથી રત્નત્રયીને પ્રાપ્ત કરે, તો કોઇક ભિન્ન કાળમાં ભિન્ન રીતે પુરુષકાર કરે અને ભિન્ન રીતે રત્નત્રયીની પ્રાપ્તિ કરે છે.

**ઉત્થાન :-**

વિંશિકામાં કહેલા પદાર્થનો ફલિતાર્થ બતાવે છે -

**અનુવાદ :-**

**विचित्र......कारण धारवुं ।।११३।।** - વિચિત્ર દર્શનાદિ સાધનનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપનાયક, વિચિત્ર અનંતર-પરંપર સિદ્ધાદિ અવસ્થાપર્યાયનું ઉપનાયક એવું તથાભવ્યત્વ, ઇતર કારણ આક્ષેપક પ્રત્યેકબુદ્ધાદિરૂપે મોક્ષ થવામાં મુખ્ય કારણ માનવું. **॥૧૧૩॥**

**ભાવાર્થ :-**

દરેક જીવમાં તથાભવ્યત્વ જુદા જુદા પ્રકારનું છે, અને તથાભવ્યત્વ=જેવું કાર્ય થાય તેને અનુરૂપ તેવા પ્રકારનું યોગ્યત્વ.

તથાભવ્યત્વ શું છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે -

જે જીવ અનંતર કે પરંપર સિદ્ધાદિ અવસ્થાથી સિદ્ધ થાય, તેની સિદ્ધિ પ્રત્યે તેવા પ્રકારના અનંતર કે પરંપર સિદ્ધાદિ પર્યાયનો તે જીવ ઉપનાયક છે, અર્થાત્ તેવા પર્યાયને પ્રગટ કરનાર છે. અને તે પર્યાયની પ્રાપ્તિનાં કારણભૂત એવાં જુદા જુદા પ્રકારનાં દર્શન-જ્ઞાન અને ચારિત્રની નિષ્પત્તિનો ઉપનાયક=નિષ્પત્તિને કરનાર, તથાભવ્યત્વ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે, તથાભવ્યત્વને અનુરૂપ જીવમાં તે તે કાળમાં તે તે પ્રકારનાં દર્શનાદિની સિદ્ધિ થાય છે, અને તેના ફળરૂપે તે તે પ્રકારની અનંતર કે પરંપર સિદ્ધાવસ્થારૂપ પર્યાયની પ્રાપ્તિ થાય છે. આમ છતાં, આ તથાભવ્યત્વ સ્વયં કાર્ય કરતું નથી, પરંતુ ઇતર કારણોનો આક્ષેપ કરીને=ઇતર કારણોને લાવીને, કાર્ય કરે છે. તેથી તથાભવ્યત્વથી કાર્ય થતું હોવા છતાં પુરુષકારાદિ ઇતર કારણો નિરપેક્ષ કાર્ય થતું નથી, માટે મોક્ષની પ્રાપ્તિ તથાભવ્યત્વથી થતી હોવા છતાં પુરુષકારાદિ પણ તેમાં કારણ છે. પુરુષકારાદિ દ્વારા રત્નત્રયી પ્રગટ કરવામાં આવે તેનાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. **॥૧૧૩॥**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથા-૧૧૩માં સ્થાપન કર્યું કે, દંડાદિ વગર ઘટ થઇ શકે નહિ, તેમ રત્નત્રયી વગર મોક્ષ ક્યારેય થઇ શકે નહિ; તેથી મોક્ષનું કારણ નથી પણ ભવિતવ્યતાથી જ મોક્ષ થાય છે, તેમ કહેવું ઉચિત નથી. ત્યાં પૂર્વપક્ષી કહે કે, જો વ્રતપાલનથી મોક્ષ થતો હોય તો ઘણા વ્રત પાળનારા પણ દુર્ગતિમાં ચાલ્યા ગયા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેથી નક્કી થાય છે કે મોક્ષનું કારણ ચારિત્રની ક્રિયા નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે -

**ચોપઇ :-**

**सिद्धि न होइ कोईनी व्रत थकी, तो पणि मत विरचो ते(ए)ह थकी ।**
**फलसंदेहइं पणि कृषिकार, वपइ बीज लहइ अवसर सार ।।११४।।**

**ગાથાર્થ :-**

**વ્રત થકી=ચારિત્રપાલન થકી, કોઇની સિદ્ધિ ન થાય તો પણ, તેહ(એહ) થકી=ચારિત્રના પાલન થકી, વિરામ પામશો નહિ. તેમાં યુક્તિ બતાવે છે - ફલના સંદેહમાં પણ કૃષિકાર=ખેડૂત, સારો અવસર=વર્ષાકાળ, લઈને બીજ વપન કરે છે. ।।૧૧૪।।**

**બાલાવબોધ :-**

**कोइनइ व्रतथकी-चारित्रादिक्रियाथकी सिद्धि न होइं कर्मवैगुण्यादिकइं, तो पणि एह-मोक्षसाधनथकी विरचस्यो मां, जे माटइं फलसंदेहइ पणि कृषिकार कहितां करसणी बीज वपइ छइ, सार अवसर वर्षाकालादि लही, अग्रिमकालभावि पवन-वैगुण्यादिसामग्री विघटक जाणी विरचता नथी, न हि फलावश्यम्भावनिश्चयः प्रवृत्तौ कारणम्, किन्तु प्रकृते इष्टोपायत्वनिश्चय एव ।।११४।।**

**અનુવાદ :-**

**कोइनइ.....जाणी विरचता नथी** - કર્મના વૈગુણ્યાદિકને= વિપરીતપણાદિને, કારણે, કોઇકને ચારિત્રાદિની ક્રિયા થકી મોક્ષ ન થાય, તો પણ એ=ચારિત્રાદિની ક્રિયારૂપ, મોક્ષસાધન થકી, વિરામ પામશો નહિ. જે માટે ફલસંદેહમાં= ફળસંશયમાં, પણ કૃષિકાર=ખેડૂત, વર્ષાકાલાદિ સારા અવસરને લઇને બીજ વપન કરે છે, (પરંતુ) અગ્રિમકાલભાવી પવનવૈગુણ્યાદિ સામગ્રીનો વિઘટક જાણી વિરામ પામતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**न हि.....पायत्वनिश्चय एव ।।११४।।** - જે કારણથી ફળના અવશ્યંભાવનો નિશ્ચય પ્રવૃત્તિમાં કારણ નથી, પરંતુ પ્રકૃત કારણમાં ઇષ્ટ ઉપાયપણાનો નિશ્ચય જ પ્રવૃત્તિમાં કારણ છે. **॥૧૧૪॥**

● ટબામાં **चारित्रादिक्रियाथकी** કહ્યું ત્યાં **'आदि'** પદથી દર્શનની અને જ્ઞાનની ક્રિયા ગ્રહણ કરવાની છે.

● **कर्मवैगुण्यादि** કહ્યુ ત્યાં **'आदि'** પદથી પુરુષકાર-ભવિતવ્યતાનું વૈગુણ્ય હોય તો કાર્યની નિષ્પત્તિ પૂર્વે જ જીવ ચારિત્રાદિના પરિણામથી પાત પામી જાય છે, તેનું ગ્રહણ કરવાનું છે.

● **वर्षाकालादि** કહ્યું ત્યાં **'आदि'** પદથી કયા ધાન્યને અનુકૂળ ભૂમિ છે તેનો વિચાર કરીને, અને ઉખરભૂમિ નથી તેનો નિર્ણય કરીને, વપનમાં પ્રવૃત્તિ કરે તેનું ગ્રહણ કરવાનું છે.

● **पवनवैगुण्यादि** કહ્યું ત્યાં **'आदि'** પદથી બીજ વાવ્યા પછી આગળમાં કોઇ જીવોત્પત્તિ વગેરે થાય તે રૂપ વૈગુણ્યનું ગ્રહણ કરવાનું છે.

**ભાવાર્થ :-**

કોઈ જીવ મોક્ષનો અર્થી હોય, અને તેના ઉપાયરૂપે રત્નત્રયીની ક્રિયા છે, તેનો નિર્ણય કરીને તેમાં પ્રવૃત્તિ કરતો હોય, છતાં ભૂતકાળનાં બંધાયેલાં ભારે કર્મો હોય તો મોક્ષરૂપ ફળને પામી શકતો નથી; પરંતુ માર્ગમાં પ્રવૃત્તિનો પ્રારંભ કર્યા પછી માર્ગથી વિપરીત પણ ચાલ્યો જાય છે, એટલામાત્રથી મોક્ષનાં સાધનોથી વિરામ પામશો નહિ; એમ કહીને ગ્રંથકાર કહે છે કે, મોક્ષની પ્રાપ્તિનો ઉપાય તો રત્નત્રયીની ક્રિયા જ છે; પરંતુ મોક્ષ અનુપાયવાદી જે કહે છે કે, રત્નત્રયીની ક્રિયાથી ઘણા જીવોને મોક્ષરૂપ ફળ મળ્યું નહિ, માટે તે કારણ નથી, તેમ માનશો નહિ. તેમાં દૃષ્ટાંત આપે છે - ખેડૂતને બીજવપનની ક્રિયાથી અવશ્ય ધાન્ય થશે કે નહિ તેવો નિર્ણય નહિ હોવા છતાં ઉચિત કાળે વપનક્રિયા કરે છે, પરંતુ બીજવપન કર્યા પછી આગળમાં ધાન્યનિષ્પત્તિની વિઘટક સામગ્રીનો વિચાર કરીને વપનક્રિયાથી વિરામ પામતો નથી; તેમ પ્રસ્તુત ચારિત્રાદિની ક્રિયાથી મોક્ષરૂપ ફળનો સંદેહ હોવા છતાં મોક્ષપ્રાપ્તિનો તે જ ઉપાય છે, તેમાં સંદેહ નહિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોવાથી, વિચારકે તેમાં જ પ્રવૃત્તિ કરવી ઉચિત છે. આથી જ કહે છે કે, ફળના અવશ્યંભાવનો અર્થાત્ ફળ નક્કી થશે જ, એવો નિર્ણય પ્રવૃત્તિનું કારણ નથી; પરંતુ મારા ઇષ્ટનો ઉપાય આ પ્રવૃત્તિ છે, એવો નિર્ણય થવાથી ઉપાયમાં પ્રવૃત્તિ થાય છે.

ફક્ત એટલું વિશેષ છે કે, અતિશયજ્ઞાની ફળનો નિર્ણય કરીને પ્રવૃત્તિ કરે છે; અને અનતિશય જ્ઞાની ફળનું આ કારણ છે, અને એ કારણમાં હું પ્રવૃત્તિ કરી શકું તેમ છું કે નહિ, અને હું કરી શકું તેમ જણાય અને ફળનો અર્થી હોય તો અવશ્ય પ્રવૃત્તિ કરે. **॥૧૧૪॥**

**અવતરણિકા :-**

**एह ज कहइ छइ -**

**અવતરણિકાર્થ :-**

એ જ કહે છે=ગાથા-૧૧૪માં કહ્યું કે, ફળના સંશયમાં પણ ખેડૂત સારા અવસરે બીજ વપન કરે છે, તેમ મોક્ષના અર્થીએ પણ વ્રતની=ચારિત્રાદિની, ક્રિયામાં, કર્મના વૈગુણ્યાદિને કારણે ફળમાં સંદેહ હોય તો પણ પ્રવૃત્તિ છોડવી જોઈએ નહિ. એ જ વાત બતાવે છે -

**ચોપઇ :-**

**हेतुपणानो संशय नथी, ज्ञानादिक गुणमां मूलथी ।**
**ते माटइं शिवतणो उपाय, सद्दहयो जिम शिवसुख थाय ।।११५।।**
**अनुपायवादी गतः।।**

**ગાથાર્થ :-**

**જ્ઞાનાદિગુણમાં મૂળથી હેતુપણાનો સંશય નથી, તે માટે શિવતણો= મોક્ષનો, ઉપાય રત્નત્રયી એમ શ્રદ્ધા કરો, જેમ શિવસુખ=મોક્ષસુખ, થાય. ॥૧૧૫॥**

**ભાવાર્થ :-**

જ્ઞાન, દર્શન અને ચારિત્રગુણ મોક્ષનું મૂળ કારણ છે, તેમાં હેતુપણાનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંશય નથી. અહીં 'મૂળ કારણ' કહીને એ કહેવું છે કે સદ્ગુરુ આદિ મોક્ષ પ્રત્યે બાહ્ય કારણ છે, મૂળ કારણ નથી; પરંતુ મોક્ષરૂપ ફળ પ્રત્યે મૂળ કારણ રત્નત્રયીનો સમુદાય છે. તેમાં હેતુપણાનો સંશય નથી, માટે મોક્ષના ઉપાયરૂપે રત્નત્રયીનો સ્વીકાર કરો, જેથી મોક્ષસુખની પ્રાપ્તિ થાય.

**બાલાવબોધ :-**

**ज्ञानादिक गुण जे मोक्षसाधन छइ तेहमां हेतुपणानो संशय नथी, सामान्य व्यभिचार अनुगता गुरुधर्मारोपस्थिति विना अन्वयव्यतिरेकइं ज्ञानत्वादिकइं कारणता निश्चय छइ, जे मोक्षइ गया, जे जाइ छइ, जे जास्यइ ते ज्ञानादित्रयसाम्राज्यइ ज, अत एव प्रकाश-शोध-गुप्तिद्वारइ ज्ञान-तप-संयमनइ मोक्षहेतुता आवश्यकइं कही छइ -**

नाणं पयासयं सोहओ तवो संजमो अ गुत्तिकरो ।
तिण्हं पि समाओगे मुक्खो जिणसासणे भणिओ ।।

(आवश्यक निर्युक्ति-१०३) **ए गाथाइं, ए कारणना प्रकाशादिव्यापार अर्जवा मोक्षार्थी प्रवर्तइं, ए मोक्षनो उपाय सद्दहयो जिम सत्प्रवृत्तिं शिवसुख थाइ ।।११५।।**

**अनुपायवादी गयो । ए ६ स्थान थयां ।**

**અનુવાદ :-**

**ज्ञानादिक.....संशय नथी,** - જ્ઞાનાદિ ગુણ જે મોક્ષનાં સાધન છે, તેમાં હેતુપણાનો સંશય નથી.

**ઉત્થાન :-**

જ્ઞાનાદિ ગુણમાં મોક્ષના સાધનનો નિર્ણય કેવા પ્રકારનો છે, તે જ સ્પષ્ટ કરતાં કહે છે -

**અનુવાદ :-**

**सामान्य.....निश्चय छइ,** - ગુરુધર્મના આરોપની સ્થિતિ વગર અન્વય-વ્યતિરેકથી જ્ઞાનત્વાદિકની સામાન્ય વ્યભિચારથી અનુગત કારણતાનો નિશ્ચય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

ગુરુધર્મના આરોપની સ્થિતિથી રત્નત્રયીમાં કારણતાનો નિશ્ચય અતિશય જ્ઞાનીને હોય છે; અને ત્યાં ગુરુધર્મ આરોપની સ્થિતિ એ છે કે, કર્મના વૈગુણ્યાદિના અભાવથી વિશિષ્ટ રત્નત્રયી મોક્ષનું કારણ છે. અને આવો નિર્ણય કરીને રત્નત્રયીમાં પ્રવૃત્તિ કરવી હોય તો છદ્મસ્થ કરી શકે નહિ, કેમ કે છદ્મસ્થને પોતાના કર્મનું વૈગુણ્ય છે કે નહિ તેવો નિર્ણય થઇ શકતો નથી. આમ છતાં રત્નત્રયીનો મોક્ષરૂપ ફળ સાથે અન્વય-વ્યતિરેકનો નિર્ણય છદ્મસ્થ કરી શકે છે, અને તે નિર્ણય કરીને જ તે પ્રવૃત્તિ કરે છે. અને તે જાણે છે કે રત્નત્રયીમાં હું પ્રવૃત્તિ કરીશ તો અવશ્ય મોક્ષ થશે, તો પણ કર્મના વૈગુણ્યથી રત્નત્રયીના સેવનથી ફળનિષ્પત્તિ થાય તેની પૂર્વે જ રત્નત્રયીનું વિઘટન પણ થઈ શકે. ઘણા જીવો રત્નત્રયીને સેવતા હોવા છતાં કર્મના વૈગુણ્યથી ફળને પામ્યા વગર દુર્ગતિમાં પણ ગયા. તેથી ફળમાં સંદેહ હોવા છતાં રત્નત્રયીમાં કારણતાનો નિર્ણય છે, તેથી રત્નત્રયીમાં રહેલી કારણતા સામાન્ય વ્યભિચારથી અનુગત છે. તે આ રીતે -

રત્નત્રયી સેવનારા પણ ફળની પ્રાપ્તિ કર્યા વગર દુર્ગતિમાં ગયા. તેથી રત્નત્રયીરૂપ કારણસામગ્રી હોય ત્યાં કાર્ય થાય જ તેવી વ્યાપ્તિ નથી. તો પણ મોક્ષરૂપ કાર્યની નિષ્પત્તિનું કારણ તો રત્નત્રયી જ છે, તેમાં સંદેહ નથી.

**વિશેષાર્થ :-**

કર્મના વૈગુણ્યના અભાવથી વિશિષ્ટ રત્નત્રયી મોક્ષ પ્રત્યે કારણ છે, એવો કાર્ય-કારણભાવ કહીએ તો એવી રત્નત્રયીથી ફળની પ્રાપ્તિમાં સંદેહ રહી શકે નહિ; પરંતુ છદ્મસ્થ કર્મવૈગુણ્યાદિના અભાવથી વિશિષ્ટ કઇ રત્નત્રયી છે, અથવા તેવી રત્નત્રયી હું પ્રાપ્ત કરી શકું કે નહિ, તેવો નિર્ણય કરી શકે તેમ નથી. તેથી તેવી રત્નત્રયીમાં કારણતાનો નિર્ણય કરીને મોક્ષના અર્થે તે પ્રવૃત્તિ કરી શકે નહિ. જેમ ખેડૂત પવનવૈગુણ્યાદિના અભાવથી વિશિષ્ટ એવી બીજવપન આદિની ક્રિયાનો કારણરૂપે નિર્ણય કરીને બીજવપનમાં પ્રવૃત્તિ કરતો નથી, પરંતુ બીજવપનમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે પણ તેને ફળમાં સંદેહ છે; કેમ કે તે જાણે છે કે પવનવૈગુણ્યાદિ પ્રાપ્ત થશે તો ફળ નહિ થાય; આમ છતાં કારણમાં સંદેહ નથી, તેથી પ્રવૃત્તિ કરે છે. તે જ રીતે રત્નત્રયી મોક્ષનું કારણ છે તેમાં સંદેહ નથી, આમ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છતાં કર્મવૈગુણ્યાદિની પ્રાપ્તિ થાય તો ફળપ્રાપ્તિમાં વ્યભિચાર પ્રાપ્ત થાય. તેથી જ અહીં 'સામાન્ય વ્યભિચારથી અનુગત' એવી કારણતાનો નિશ્ચય ગ્રહણ કરેલ છે.

અહીં રત્નત્રયી એ કારણ છે, અને કારણતાનો અવચ્છેદક 'રત્નત્રયીત્વ' છે, તે લઘુધર્મ છે; અને રત્નત્રયીને કારણ સ્વીકારીને કર્મવૈગુણ્યાદિઅભાવવિશિષ્ટ રત્નત્રયીત્વ ધર્મને કારણતાનો અવચ્છેદક કહીએ, તો ગુરુધર્મ કારણતાનો અવચ્છેદક બને, તેથી તેવા કાર્ય-કારણભાવમાં ગુરુધર્મની આરોપસ્થિતિ પ્રાપ્ત થાય.

● ન્યાયની ભાષામાં લઘુધર્મ કારણતાનો અવચ્છેદક બને એ ગુણરૂપ છે, અને ગુરુધર્મ કારણતાનો અવચ્છેદક બને તે દોષરૂપ છે. અને જેની ઉપસ્થિતિ કરવામાં વિલંબ થાય તે ગુરુધર્મ કહેવાય, અને જેની શીઘ્ર ઉપસ્થિતિ થાય તે લઘુધર્મ કહેવાય; અથવા જેનું શરીર=કદ, નાનું હોય તે લઘુધર્મ કહેવાય, અને જેનું શરીર=કદ, મોટું હોય તે ગુરુધર્મ કહેવાય. જેમ પ્રસ્તુતમાં રત્નત્રયીત્વરૂપ ધર્મ એ લઘુધર્મ છે, અને કર્મવૈગુણ્યાદિ અભાવવિશિષ્ટ રત્નત્રયીત્વરૂપ ધર્મ એ ગુરુધર્મ છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે ગુરુધર્મના આરોપની સ્થિતિ વગર જ્ઞાનાદિ ત્રણમાં સામાન્ય વ્યભિચારથી અનુગત કારણતાનો નિશ્ચય છે, અને તે કારણતાનો નિશ્ચય તેવા પ્રકારના અન્વય-વ્યતિરેકને કારણે છે. તેથી તે અન્વય-વ્યતિરેક બતાવે છે -

**અનુવાદ :-**

**जे मोक्षइ.....साम्राज्यइ ज,** - જે મોક્ષે ગયા, જે મોક્ષે જાય છે અને જે મોક્ષે જશે તે જ્ઞાનાદિ ત્રણના સામ્રાજ્યથી જ. તેથી નક્કી થાય છે કે જ્ઞાનાદિ ત્રણ અને મોક્ષ વચ્ચે અન્વય-વ્યતિરેક છે. માટે જ્ઞાનાદિ ત્રણ જ મોક્ષનાં કારણ છે, તે અન્વય-વ્યતિરકેથી નક્કી થાય છે.

**अत एव.....आवश्यकइं कही छइ-** - આથી કરીને જ=રત્નત્રયીમાં અન્વય-વ્યતિરેકથી કારણતાનો નિશ્ચય છે આથી કરીને જ, પ્રકાશ-શોધ-ગુપ્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વારા જ્ઞાન-તપ અને સંયમની મોક્ષહેતુતા આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૦૩ થી કહી છે. તેનો અર્થ આ પ્રમાણે -

**नाण.....ए गाथाइं**, - જ્ઞાન પ્રકાશક, તપ શોધક અને સંયમ ગુપ્તિને કરનાર છે. ત્રણના પણ સમાયોગમાં જિનશાસનમાં મોક્ષ કહેવાયેલો છે. આવશ્યકનિર્યુક્તિની આ ગાથાથી **अत एव ..... मोक्षहेतुता** એ પ્રકારના ઉપરના કથનની સાથે '**ए गाथाइं**,'નું જોડાણ છે.

**ભાવાર્થ :-**

પૂર્વમાં બતાવ્યું કે રત્નત્રયીની સાથે મોક્ષરૂપ ફળનો અન્વય-વ્યતિરેક છે, તેનાથી રત્નત્રયીમાં કારણતાનો નિશ્ચય થાય છે. એથી કરીને જ, આવશ્યકનિર્યુક્તિમાં જ્ઞાનને પ્રકાશક, તપને શોધક અને સંયમને ગુપ્તિ કરનાર કહીને મોક્ષની હેતુતા કહી છે. ત્યાં પ્રકાશકથી જ્ઞાન-દર્શનનું ગ્રહણ છે, શોધક અને ગુપ્તિ દ્વારા તપ-સંયમનું ગ્રહણ કરીને ચારિત્રને ગ્રહણ કરેલ છે, તેથી રત્નત્રયી જ મોક્ષનું કારણ છે, એમ ફલિત થાય છે.

ઘરની વિશુદ્ધિ માટે પ્રકાશની આવશ્યક્તા હોય છે, તેમ આત્માને સ્વમાં પ્રતિષ્ઠાન કરવા માટે જ્ઞાનની આવશ્યક્તા છે. અને ઘરની વિશુદ્ધિ માટે અંદરમાં રહેલા કચરાને બહાર કાઢવામાં આવે છે, તેમ તપથી આત્માનું શોધન થાય છે. અને કચરો આવવાનાં દ્વારોને બંધ કરવાથી ઘરની શુદ્ધિ થાય છે, તેમ સંયમથી, આવતાં કર્મોનો અવરોધ થાય છે. તેથી આત્માની પૂર્ણ શુદ્ધિ થવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે, રત્નત્રયીના અન્વય-વ્યતિરેકથી કારણતાનો નિશ્ચય થાય છે, તેની જ પુષ્ટિ આવશ્યકનિર્યુક્તિની ગાથાથી કરી. હવે મોક્ષના અનુપાયવાદી જે કહે છે કે "મોક્ષ મેળવવા જેવો છે, પરંતુ મોક્ષ જ્યારે સર્જાયો હશે ત્યારે થવાનો છે, માટે તેના માટે કોઇ પ્રયત્ન કરવાની જરૂર નથી," તે જ કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**ए कारणना.....मोक्षार्थी प्रवर्तइं,** - રત્નત્રયીરૂપ એ કારણના પ્રકાશાદિ વ્યાપાર અર્જવા મોક્ષાર્થી પ્રવૃત્તિ કરે, પરંતુ મોક્ષનો અર્થી હોવા છતાં મોક્ષના ઉપાય નથી, એમ માનીને બેસી ન રહે.

**ઉત્થાન :-**

હવે મોક્ષના અનુપાયવાદીના કથનના નિરાકરણનું નિગમન કરતાં કહે છે -

**અનુવાદ :-**

**ए मोक्षनो.....शिवसुख थाइ ।।११५।।** - એ મોક્ષનો ઉપાય સદ્દહ્યો= રત્નત્રયી એ મોક્ષનો ઉપાય છે એમ શ્રદ્ધા કરો, જેથી સત્પ્રવૃત્તિને આશ્રયીને શિવસુખ થાય. અર્થાત્ આ મોક્ષનો ઉપાય છે, એવો નિર્ણય થવાથી જીવ જો મોક્ષનો અર્થી હોય તો મોક્ષના ઉપાયમાં પ્રવૃત્તિ કરે, અને મોક્ષના ઉપાયરૂપ સત્પ્રવૃત્તિથી ક્રમે કરીને મોક્ષ પ્રાપ્ત થાય. **॥૧૧૫॥**

**अनुपायवादी.....स्थान थयां ।** - અનુપાયવાદી ગયો=મોક્ષના અનુપાયવાદીનું નિરાકરણ થયું. એ છ સ્થાન પૂરાં થયાં.

**અવતરણિકા :-**

સમ્યક્ત્વનાં છ સ્થાનો પૂરાં થયાં, હવે તે કથનનું નિગમન કરતાં કહે છે -

।। ढाल ।।

**ચોપઇ :-**

**मिथ्यामतनां ए षटथानक, जेइ त्यजइ गुणवंता जी ,**
**सूधुं समकित तेह ज पामइ, इम भाषइ भगवंता जी ।**
**नयप्रमाणथी तेहनइ सूझइ, सघलो मारग साचो जी ,**
**लहै अंश जिम मिथ्यादृष्टि, तेहमांहिं कोइ मत राचो जी ।।११६।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ :-**

**મિથ્યામતનાં એ છ સ્થાનક જે ગુણવાન જીવ છોડે છે, તે જ સૂધું સમકિત પામે છે, એમ ભગવંત ભાખે છે. જેમ મિથ્યાદષ્ટિ અંશ લહે છે તેમ તેને= સમ્યગ્દષ્ટિને, નય-પ્રમાણથી સઘળો માર્ગ સાચો સૂઝે છે=પ્રાપ્ત થાય છે. તેહમાં= મિથ્યાદષ્ટિ અંશ ગ્રહણ કરે છે તેમાં, કોઇ રાચો નહિ. ॥૧૧૬॥**

**બાલાવબોધ :-**

**मिथ्यामतिनां ए ६ स्थानक-नास्तिकवाद १ अनित्यवाद २ अकर्तृवाद ३ अभोक्तृवाद ४ मोक्षाभाववाद ५ अनुपायवाद ६, जेह गुणवंत त्यजइ ते सूधुं समकित पामइं, तत्परीक्षाजन्य अपायरूप ज्ञान तेह ज समकित छइं, उक्तं च सम्मतौ -**

एवं जिणपन्नत्ते सद्दहमाणस्स भावओ भावे ।
पुरिसस्साभिणिबोहे दंसणसद्दो हवइ जुत्तो ।। (सम्मत्तौ, गा.का. २३२)

**षट्स्थानविषय तत्तत्प्रकारकज्ञानइ सम्यक्त्ववंत भगवंत थाइं, सम्यग्दृष्टि ते अंशथी केवली छइं, तेहनइ नयप्रमाणइं करी सघलो मारग साचो सूझइं । मिथ्यादृष्टी ते एक एक अंशनइ तत्त्व करीनइं ग्रहइ, बीजास्युं द्वेष करइ, तेमांहिं कोइ राचस्यो मां ।।११६।।**

**અનુવાદ :-**

**मिथ्यामतिनां.....समकित पामइं**, - મિથ્યામતિનાં એ=પૂર્વમાં વર્ણન કર્યાં એ, છ સ્થાનક છે.

તે છ સ્થાનકો બતાવે છે -

(૧) નાસ્તિકવાદ, (૨) અનિત્યવાદ, (૩) અકર્તૃવાદ, (૪) અભોક્તૃવાદ, (૫) મોક્ષાભાવવાદ અને (૬) અનુપાયવાદ.

મિથ્યામતિનાં આ છ સ્થાનકો જે ગુણવંત ત્યજે છે, તે સૂધું સમકિત પામે છે.

અહીં સૂધું સમકિત કહીને એ કહેવું છે કે, નામથી સમકિત જુદો પદાર્થ છે, અને ચોથા ગુણસ્થાનકમાં વર્તતો સમ્યક્ત્વનો પરિણામ એ સાચું સમકિત છે. કોઇ વ્યક્તિએ સમ્યક્ત્વ ઉચ્ચર્યું હોય, પરંતુ ભાવથી સમકિત ન આવ્યું હોય, તેને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રવ્ય સમ્યક્ત્વ હોવા છતાં સૂધું સમકિત નથી. પરંતુ જે તત્ત્વના પક્ષપાતરૂપ ગુણવાળો જીવ મિથ્યામતિનાં છ સ્થાનકોની સમ્યક્ પરીક્ષા કરીને છ સ્થાનકોને છોડે છે, તે સાચા સમકિતને પામે છે.

**ઉત્થાન :-**

તે સાચું સમ્યક્ત્વ કેમ છે, તે સ્પષ્ટ કરતાં કહે છે -

**અનુવાદ :-**

**तत्परीक्षाजन्य.....समकित छइं,** - તત્પરીક્ષાજન્ય અપાયરૂપ જ્ઞાન તે જ સમ્યક્ત્વ છે.

**ભાવાર્થ :-**

જે વ્યક્તિ તત્ત્વની જિજ્ઞાસાપૂર્વક મિથ્યાત્વનાં છ સ્થાનોની સમ્યક્ પરીક્ષા કરે, અને તેનાથી યથાર્થ નિર્ણયરૂપ જ્ઞાન થાય, તે અપાયરૂપ જ્ઞાન છે; અને તે જ સમકિત છે.

**ઉત્થાન :-**

તેમાં સાક્ષી આપતાં કહે છે -

**અનુવાદ :-**

**उक्तं च सम्मतौ** - સંમતિ ગ્રંથમાં કહેવાયેલું છે.

**एवं.....हवइ जुत्तो ।।** - એ પ્રમાણે=સંમતિગ્રંથની પ્રસ્તુત ગાથાથી પૂર્વની ગાથામાં કહ્યું એ પ્રમાણે, જિનેશ્વરે કહેલા ભાવોને ભાવથી શ્રદ્ધા કરતા પુરુષના આભિનિબોધિક જ્ઞાનમાં=મતિજ્ઞાનમાં, દર્શનશબ્દ=સમ્યગ્દર્શનશબ્દ, યુક્ત થાય છે.

**ભાવાર્થ :-**

સંમતિની ગાથાથી એ અર્થ પ્રાપ્ત થાય છે કે, ભગવાને કહેલા ભાવોની સમ્યક્ પરીક્ષા કરીને 'આ આમ જ છે' એ પ્રકારનો જે નિર્ણય છે, તે ભાવથી શ્રદ્ધા છે. આ નિર્ણય એ પુરુષના મતિજ્ઞાનરૂપ અપાયાંશ છે, અને તે મતિજ્ઞાનમાં અપાયાંશમાં સમ્યગ્દર્શન શબ્દ યુક્ત છે, તેથી સમ્યગ્દર્શન એ **'इदं इत्थमेव'**=આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમ જ છે=ભગવાને જેમ કહ્યું છે તેમ જ છે, એ પ્રકારના નિર્ણયરૂપ મતિજ્ઞાનની રુચિરૂપ અપાયાંશ સ્વરૂપ છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં બતાવ્યું કે મતિજ્ઞાનનું અપાયરૂપ જ્ઞાન તે સમ્યક્ત્વ છે. હવે તે જ્ઞાન અંશથી નથી, પરંતુ સર્વાંશથી છે, તે બતાવવા માટે કહે છે -

**અનુવાદ :-**

**षटस्थानविषय.....साचो सूझइं** । - ષટ્સ્થાનવિષય તત્ તત્ પ્રકારક જ્ઞાનથી સમ્યક્ત્વવંત ભગવંત થાય છે. સમ્યગ્દૃષ્ટિ તે અંશથી કેવલી છે, તેને નય-પ્રમાણે કરી સઘળો માર્ગ સાચો સૂઝે છે.

**ભાવાર્થ :-**

પૂર્વમાં બતાવેલાં મિથ્યાત્વનાં છ સ્થાનો અને તેનાં વિપરીત સમ્યક્ત્વનાં છ સ્થાનો વિષયક, તે તે પ્રકારક જ્ઞાનથી જીવ સમ્યગ્દૃષ્ટિ થાય છે. અર્થાત્ દરેક સ્થાનોને સમ્યક્ સમજવા પ્રયત્ન કરે તો તે તે સ્થાનોને તે તે રૂપે યથાર્થ સમજે છે, તેનાથી જીવ સમ્યગ્દૃષ્ટિ બને છે. તે અંશથી સમયગ્દૃષ્ટિને છએ સ્થાનોનો પરિપૂર્ણ બોધ છે, તેથી સમ્યગ્દૃષ્ટિને તે અંશથી કેવલી કહ્યા છે.

જેમ કેવલીને સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાયોનું યથાર્થ જ્ઞાન હોય છે, તેમ સમ્યગ્દૃષ્ટિને આ છ સ્થાનોનો પરિપૂર્ણ યથાર્થ બોધ છે, માટે સમ્યગ્દૃષ્ટિ તે અંશથી કેવલી છે. આવા સમ્યગ્દૃષ્ટિને નય-પ્રમાણે કરીને સઘળો માર્ગ સાચો સૂઝે છે; કેમ કે તત્ત્વની જિજ્ઞાસા હોવાને કારણે જે જે નયની અપેક્ષા છે, તે તે નયની અપેક્ષાએ તે પદાર્થને તેમ જ જોડે છે; અને દરેક નયોને યથાસ્થાને જોડનાર હોવાથી સર્વનયોનો પરિપૂર્ણ યથાર્થ બોધ પણ તેને છે. તેથી સમ્યગ્દૃષ્ટિને આ છ સ્થાનોને આશ્રયીને પરિપૂર્ણ માર્ગ સાચો સૂઝે છે.

**વિશેષાર્થ :-**

સર્વ દર્શન ભણેલો હોય કે નયવાદ જાણતો હોય, દરેક દર્શનને યથાસ્થાને જોડી શકતો હોય તેવો સમ્યગ્દૃષ્ટિ હોય તો, અવશ્ય આ છએ સ્થાનોને સર્વ નયોથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પ્રમાણથી જાણી શકે. પરંતુ તેવી પ્રજ્ઞા ન હોય તો પણ, તત્ત્વની રુચિથી છ સ્થાનોની પરીક્ષા કરતો હોય તેવા સમ્યગ્દષ્ટિને પણ, ભગવાને કહેલા વચનના બળથી પોતાના ક્ષયોપશમને અનુરૂપ ભગવાને કહેલો સઘળો માર્ગ સાચો સૂઝે છે. તેથી વ્યક્ત નય-પ્રમાણરૂપ બોધ નહિ હોવા છતાં, બીજરૂપે તેને અભિમુખ તેનો બોધ હોય છે, જે વિકસીને વ્યક્ત નય-પ્રમાણરૂપ બોધમાં વિશ્રાંત પામે છે.

**અનુવાદ :-**

**मिथ्यादृष्टि.....राचस्यो मां ।।११६।।** - મિથ્યાદૃષ્ટિ તે એકેક અંશને તત્ત્વ કરીને ગ્રહે છે અને બીજાનો દ્વેષ કરે છે, તે માંહે કોઈ રાચશો નહિ. **॥૧૧૯॥**

**ભાવાર્થ :-**

મિથ્યાદૃષ્ટિને કોઈક સ્થાનમાં પોતાની વિશેષ રુચિ હોય છે, તેથી તે પદાર્થના, પોતાની રુચિ પ્રમાણેના કોઇક એક અંશને ગ્રહણ કરીને તે અંશને જ તત્ત્વરૂપે સ્વીકારે છે; જ્યારે બીજો કોઇ મિથ્યાદૃષ્ટિ કોઇ બીજા અંશને ગ્રહણ કરીને તત્ત્વરૂપે સ્વીકારે છે; અને પોતાના ગ્રહણ કરેલા તત્ત્વ અંશ કરતાં બીજા અંશમાં દ્વેષ કરે છે, તેથી મિથ્યાદૃષ્ટિનો બોધ જૂઠો છે, માટે તેમાં કોઇ રાચશો નહિ.

અહીં પ્રસ્તુતમાં તેનું યોજન આ પ્રમાણે છે -

છ સ્થાનકોમાંથી નાસ્તિકવાદી આત્માના કોઇ સ્થાનને માનતો નથી; પરંતુ જે લોકો આત્માને શરીરથી પૃથક્ માને છે તો પણ આત્માને એકાંત ક્ષણિક કહે છે, તેવા નાસ્તિકો આત્માને સર્વથા નિત્ય સ્વીકારતા નથી; તેથી નિત્ય કહેનારા પ્રત્યે દ્વેષ ધારણ કરે છે. તેમ કેટલાક, આત્માને એકાંતે કર્મનો અકર્તા કહે છે, અને જે આત્માને કર્મનો કર્તા કહે છે તેમના પ્રત્યે દ્વેષ ધારણ કરે છે. આ રીતે જુદાં જુદાં દર્શનો, પ્રસ્તુત છ સ્થાનોને આશ્રયીને પોતાને અભિમત એવા એક અંશને તત્ત્વ કરીને સ્વીકારે છે, અને બીજા પ્રત્યે દ્વેષ કરે છે. માટે તેવા મિથ્યાદૃષ્ટિ મતોમાં રાચશો નહિ, અને સમ્યક્ પરીક્ષા કરીને છએ સ્થાનોને યથાર્થ યોજવા પ્રયત્ન કરશો, એ પ્રકારનો ગ્રંથકારનો આશય છે. **॥૧૧૯॥**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથા-૧૧૯ માં મિથ્યામતિનાં છ સ્થાનો બતાવ્યાં, અને સમ્યગ્દૃષ્ટિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેનાં વિપરીત છ સ્થાનોને સાચાં જાણે છે તે બતાવ્યું, એ સમ્યક્ત્વનાં છ સ્થાનો પદાર્થને જોવાની જુદી જુદી દૃષ્ટિરૂપ છે, તેથી તે અપેક્ષાએ તે નયવાદ છે. અને સમ્યગ્દૃષ્ટિ તે છયે સ્થાનોને પરિપૂર્ણ યથાર્થ જુએ છે, અને મિથ્યાદૃષ્ટિ તે છયે નયોમાં એકેક અંશથી જુએ છે, તે દૃષ્ટાંતથી બતાવે છે -

**ચોપઇ :-**

**ग्रही एकेक अंश जिम अंधल, कहइ कुंजर ए पूरो जी ,**
**तिम मिथ्यात्वी वस्तु न जाणइ, जाणे अंश अधूरो जी ।**
**लोचन जेहनां बिहुं विकस्वर, ते पूरो गज देषइ जी ,**
**समकितदृष्टी तिम सकलनयसम्मत वस्तु विशेषइ जी ।।११७।।**

**ગાથાર્થ :-**

**એકેક અંશને ગ્રહણ કરીને આંધળો જેમ હાથીને પૂરો=પૂર્ણ, કહે છે, તેમ મિથ્યાત્વી વસ્તુને જાણતો નથી અને અધૂરો અંશ જાણે છે. જેનાં બંને લોચન વિકસ્વર-અનુપહત છે, અર્થાત્ કોઇ પણ જાતની ખામી વગરનાં છે, તે પૂરો ગજ દેખે છે, તેમ સમ્યગ્દૃષ્ટિ સકલનયસંમત વસ્તુવિશેષને જુએ છે. ॥૧૧૭॥**

**બાલાવબોધ :-**

जिम कोइ अंधो इक इक अंश ग्रही पूरो कुंजर ए इम सद्दहइं - दंत ग्रहइ ते मूलकप्रमाण कहइ, शुंडि ग्रहइ ते दंडप्रमाण, कर्ण ग्रहइ ते सूर्पप्रमाण, चरण ग्रहइ ते कोठीप्रमाण कहइं । तिम मिथ्यात्वी वस्तु यावद्धर्ममान छइ तावद्धर्ममान जाणइ नहीं, अधूरो एक अंश - भेदादिक जाणइ । जेहनां २ लोचन विकस्वर छइ- अनुपहत छइ ते कर-चरण-दंताद्यवयवइं संस्थान-रूपादिकइं विशिष्ट पूरो हाथी देषइ, तिम सम्यग्दृष्टी सकलनयसम्मित वस्तु छइ ते विशेषइ, नयवादमांहिं उदासीन हुइ रहइ- न निंदइ, न स्तवइ, कारण विना नयभाषाइं न बोलइ, 'ओहारिणिं अप्पियकारणिं च भासं न भासिज्ज सया स पुज्जो' (दशवै. अ. ९. उ. ३ गाथा. ९) इति वचनात् ।।११७।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**जिम कोइ.....कोठीप्रमाण कहइं ।** - જેમ કોઇ આંધળો માણસ એકેક અંશ ગ્રહણ કરીને આ પૂરો કુંજર=પૂરો હાથી, છે એમ સદ્દહે છે, અને હાથીના દાંતને ગ્રહણ કરીને મૂલક પ્રમાણ કહે છે, અર્થાત્ હાથી મૂળા જેટલો છે એમ કહે છે; શુંડ ગ્રહણ કરીને તે=હાથી, દંડપ્રમાણ કહે છે, કર્ણ=કાન ગ્રહણ કરીને તે=હાથી, સૂર્પ=સૂપડા જેવો કહે છે અને ચરણ=પગ, ગ્રહણ કરીને તે=હાથી, કોઠી પ્રમાણ= કોઠી જેટલો કહે છે.

**तिम मिथ्यात्व.....भेदादिक जाणइ ।** - તેમ મિથ્યાત્વી વસ્તુ યાવત્= જેટલા ધર્મવાળી છે, તાવત્=તેટલા ધર્મવાળી જાણે નહિ, અધૂરો એક અંશ-ભેદાદિક જાણે.

**जेहनां २ लोचन.....ते विशेषइ** - જેનાં બે લોચન વિકસ્વર છે= અનુપહત છે અર્થાત્ ખામી વગરનાં છે, તે વ્યક્તિ કર-ચરણ-દંતાદિ અવયવથી અને સંસ્થાન-રૂપાદિથી વિશિષ્ટ પૂરો હાથી જુએ છે. તેમ સમ્યગ્દૃષ્ટિ સકલનયસંમિત=સકલ નયને માન્ય, વસ્તુ છે તે વિશેષિત કરે છે=સમ્યગ્દૃષ્ટિ જીવ સકલ નયને માન્ય વસ્તુ છે, તે રૂપે વસ્તુને જાણે છે.

**नयवादमाहिं.....न स्तविइ,** - વળી તે સમ્યગ્દૃષ્ટિ નયવાદમાં ઉદાસીન થઇને રહે છે, પરંતુ નયની નિંદા કરતો નથી અને નયની સ્તુતિ કરતો નથી.

**ભાવાર્થ :-**

સમ્યગ્દૃષ્ટિ આત્મા સર્વ નયોને યથાસ્થાને જોડીને પરિપૂર્ણ વસ્તુને તે રૂપે સ્વીકારે છે. તેથી નયવાદ કોઇ એકેક સ્થાનને માને છે, તે વાતમાં સમ્યગ્દૃષ્ટિ ઉદાસીન રહે છે. તેથી આ નય ખોટું કહે છે એમ કહીને તેની નિંદા કરતો નથી, અને આ નય સાચું કહે છે એમ કહીને તેની સ્તવના પણ કરતો નથી; પરંતુ પરિપૂર્ણ વસ્તુને યથાર્થરૂપે સ્વીકારતો હોવાથી, પરિપૂર્ણ વસ્તુને યથાર્થરૂપે જોવામાં તે તે નયની દૃષ્ટિને તે તે સ્થાનમાં જોડીને સ્વયં બોધ કરે છે. અને ક્વચિત્ તે નયનો બોધ કરવા માટે અન્ય નયના સ્થાનમાં તે નય કઇ અપેક્ષાએ મિથ્યા છે તેમ પણ વિચારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, તે નયવાદની નિંદા નથી; અને તે નય સ્વસ્થાનમાં જે કહે છે તે યથાર્થ છે તેમ પણ કહે છે, પરંતુ તે કથન નયવાદની સ્તવના નથી. કેમ કે નયવાદની સ્તવના એ જ છે કે તે નયને જ સર્વથા સત્ય માનીને તેનું ગુણગાન કરવું.

**અનુવાદ :-**

**कारण विना.....इति वचनात् ।।११७।।** - વળી દશવૈકાલિકમાં કહ્યું છે કે અવધારણી અને અપ્રીતિને કરનારી ભાષા ન બોલે, તે સદા પૂજ્ય છે. એ પ્રકારનું વચન હોવાથી સમ્યગ્દૃષ્ટિ કારણ વગર નયભાષા બોલે નહિ. **॥૧૧૭॥**

**ભાવાર્થ :-**

અહીં સમ્યગ્દૃષ્ટિ ગીતાર્થને ગ્રહણ કરવાના છે. ગીતાર્થ ન હોય તેવા સમ્યગદૃષ્ટિ તત્ત્વની પ્રરૂપણા કરે નહિ, પરંતુ ગીતાર્થ પાસે રહીને જાણવા યત્ન કરે. જે ગીતાર્થ છે તે સામી વ્યક્તિને બોધ કરાવવાના આશયથી પ્રમાણભાષા બોલે, કેમ કે પ્રમાણભાષાથી પદાર્થનો યથાર્થ બોધ થાય છે.

તેને સામે રાખીને દશવૈકાલિકમાં કહ્યું છે કે, અવધારણી ભાષા=એક નયની ભાષા, અને બીજાને અપ્રીતિ કરનારી ભાષા ન બોલે, તે સદા પૂજ્ય છે.

અહીં કારણ વિના નયભાષા ન બોલે એમ કહેવાથી વિશેષ કારણ હોય તો નયભાષા બોલે એ અર્થ પ્રાપ્ત થાય છે. તેથી જ શ્રોતા જ્યારે કોઇ એક નયથી વાસિત હોય તેને યથાર્થ બોધ કરાવવાના આશયથી તેના ક્ષયોપશમાદિને અનુરૂપ કોઇ એક નયથી પણ પ્રરૂપણા કરે. **॥૧૧૭॥**

**અવતરણિકા :-**

હાથીના દૃષ્ટાંતથી નયવાદી પદાર્થને કઇ રીતે જુએ છે, અને સ્યાદ્વાદી પદાર્થને કઇ રીતે જુએ છે, તે બતાવ્યું. હવે નયવાદ કેવો છે અને સ્યાદ્વાદ કેવો છે તે બતાવવા માટે, એકાંત નયવાદોને હાથીની ઉપમા આપીને, સ્યાદ્વાદને અંકુશની ઉપમા આપીને, અનર્થકારી એવા નયવાદો કઇ રીતે હિતકારી બને છે, તે બતાવે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચોપઇ :-**

अंश ग्रही नयकुंजर ऊठ्या, वस्तुतत्त्वतरु भाजइं जी ,
स्यादवादअंकुशथी तेहनइं, आणइ धीर मुलाजइ जी ।
तेह निरंकुश होइ मतवाला, चाला करइ अनेको जी ,
अंकुशथी दरबारिं छाजइ, गाजइ धरीअ विवेको जी ।।११८।।

**ગાથાર્થ :-**

નયરૂપ કુંજર=હાથી છે, તે અંશ ગ્રહી=વસ્તુના એકેક અંશને ગ્રહણ કરીને ઊઠયા છે. તે વસ્તુતત્ત્વરૂપ વૃક્ષને ભાંગે છે. તેહને ધીર પુરુષ સ્યાદ્વાદરૂપ અંકુશથી મૂલાજઈ આણઈ=વશ કરે છે. તેઓ નિરંકુશ હોઇ= નિરપેક્ષ થઇ ચાલે તો મતવાલા થઇ અનેક ચાળા કરે છે. (અને) અંકુશથી દરબારે છાજે છે, અને વિવેક ધરી ગાજે છે.॥૧૧૮॥

**બાલાવબોધ :-**

नयरूप कुंजर छइ ते एकेक अंश ग्रही उन्मत्त थका ऊठ्या छैं, ते वस्तुतत्त्वरूप तरु कहितां वृक्षनइ भाजइ छइ । धीर पुरुष छइ ते अंशग्राही नयकुंजरनइं स्याद्वादअंकुशइ मुलाजइ आणइ-वश करइ । तेह निरकुंश होइ निरपेक्ष थका चालइं तो मतवाला होइं, अनेक चाला करइं, वेदांतादिवादमांहिं प्रवेश करीनइ । हाथी पणि निरंकुश हाट-घर भांजइ, स्वतंत्र थका वनमांहिं फिरइ, अंकुशथी दरबारइ छाजइ, विवेक धरी पट्टहस्ती थई गाजइ, नय पणि स्याद्वाद अंकुशइ सीषव्या जिनशासनरूप राजद्वारइ छाजइ, आपबलइ गाजइ ।।११८।।

**અનુવાદ :-**

**नयरूप.....वश करइ ।** - નયરૂપ કુંજર=હાથી છે, તે એકેક અંશ ગ્રહણ કરીને ઉન્મત્ત થયેલા ઊઠ્યા છે, તે વસ્તુતત્ત્વરૂપ તરુ=વૃક્ષને ભાંગે છે. ધીર પુરુષ છે તે અંશગ્રાહી નયરૂપ કુંજરને=હાથીને, સ્યાદ્વાદરૂપી અંકુશથી મુલાજઈ આણઈ=વશ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तेह निरकुंश.....आपबलइ गाजइ ।।११८।।** - તેઓ નિરંકુશ થઇ નિરપેક્ષ થયેલા ચાલે તો મતવાલા થઇ વેદાંત આદિ વાદમાં પ્રવેશ કરીને અનેક ચાળા કરે છે. હાથી પણ નિરંકુશ=અંકુશ વગરનો, હાટ=દુકાન, ઘર ભાંગે છે, સ્વતંત્ર થયેલો વનમાં ફરે છે, અંકુશથી વશ કરેલો દરબારે છાજે છે, વિવેક ધારણ કરી પટ્ટહસ્તી થઇ ગાજે છે; તેમ નય પણ સ્યાદ્વાદરૂપી અંકુશથી શીખવેલા જિનશાસનરૂપ રાજદ્વારે છાજે છે, અને આપ બળે ગાજે છે. **॥૧૧૮॥**

**ભાવાર્થ :-**

નય એ પદાર્થને જોવાની એક દૃષ્ટિ છે, અને તેને હાથીની ઉપમા આપી છે. જીવમાં જ્યારે પદાર્થના એકેક અંશને જોનારી દૃષ્ટિ પ્રગટે છે, અને તે દૃષ્ટિથી જીવ ઉન્મત્ત થાય છે, ત્યારે તે પદાર્થના વાસ્તવિક સ્વરૂપને નાશ કરે છે. તેથી કહ્યું કે નયદૃષ્ટિરૂપ હાથી, એક અંશને ગ્રહણ કરીને તે અંશરૂપ જ પૂર્ણ પદાર્થને સ્થાપવા યત્ન કરે છે, ત્યારે તે ઉન્મત્ત થયેલો છે, અને વસ્તુતત્ત્વરૂપી વૃક્ષનો વિનાશ કરે છે.

જે પદાર્થને જોવામાં ધીર પુરુષ છે, તે અંશગ્રાહી નયદૃષ્ટિરૂપ હાથીને સર્વજ્ઞના વચનરૂપ સ્યાદ્વાદ, તે રૂપ અંકુશ વડે કરીને વશ કરે છે; અર્થાત્ શાસ્ત્રવચનને યથાસ્થાને જોડીને તે તે નયદૃષ્ટિને સ્વ-સ્વ સ્થાનમાં નિયંત્રિત કરે છે; જેથી દરેક નયો પદાર્થનું યથાર્થ સ્થાન બતાવીને પૂર્ણ વસ્તુનો બોધ કરાવે છે. જ્યારે તે નયદૃષ્ટિ સર્વજ્ઞના વચનના અંકુશથી રહિત હોય છે, ત્યારે અંકુશ વગરના હાથીની જેમ ચાલે છે, અને પોતપોતાના મતવાળા બને છે. જેમ હાથી અંકુશ વગર અનેક જાતના ચાળા કરે, તેમ તે નયદૃષ્ટિ સ્વસ્થાનને છોડીને અન્ય સ્થાનમાં પણ પોતાનો મત સ્થાપન કરવાના ચાળા કરે છે. તેથી કોઇ વેદાંતવાદમાં પ્રવેશ કરે છે, તો કોઇ સાંખ્યવાદમાં પ્રવેશ કરે છે, એમ જુદા જુદા સ્થાનમાં પ્રવેશ કરે છે.

જેમ હાથી અંકુશ વગરનો હાટ-ઘર વગેરેને ભાંગી નાંખે છે, અને સ્વતંત્ર થયેલો વનમાં ફરે છે, તેમ નયદૃષ્ટિ સ્યાદ્વાદના અંકુશ વગર સન્માર્ગરૂપ પથને ભાંગી નાંખે છે, અને સર્વજ્ઞના વચનથી વિખૂટો થઇને સંસારરૂપી વનમાં ભટકે છે. જ્યારે તે હાથી અંકુશથી દરબારમાં શોભે છે અને વિવેક ધારણ કરીને પટ્ટહસ્તી થઈને ગાજે છે, તેમ નય પણ સ્યાદ્વાદના અંકુશથી શીખેલા હોય તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનશાસનરૂપ રાજદરબારમાં છાજે છે, અને આપબળે ગાજે છે; અર્થાત્ કોઇ વ્યક્તિને નયદૃષ્ટિ પ્રગટ થયેલી હોય અને ભગવાનના વચનથી નિયંત્રિત થઈને ચાલતી હોય, તો ભગવાનના શાસનની શોભા વધારે છે, અને દરેક નયોને યથાસ્થાને જોડીને સન્માર્ગની વૃદ્ધિ કરે છે. તેથી તે નયો પોતાના બળથી ગાજી રહ્યા છે. **॥૧૧૮॥**

**અવતરણિકા :-**

પૂર્વ ગાથા-૧૧૮ માં કહ્યું કે, નિરંકુશ એવી નયદૃષ્ટિ વેદાંત આદિ તે તે મતોમાં પ્રવેશ કરે છે અને અનેક ચાળા કરે છે. તેથી હવે કઇ નયદૃષ્ટિથી કયું દર્શન ઊઠેલું છે, તે બતાવવા અર્થે કહે છે -

**ચોપઇ :-**

**नैयायिक वैशेषिक विचर्या, नैगमनयअनुसारइं जी ,**
**वेदांती संग्रहनयरंगि, कपिलशिष्य व्यवहारिं जी ।**
**ऋजुसूत्रादिकनयथी सौगत, मीमांसक नयभेलइ जी ,**
**पूर्ण वस्तु जैनप्रमाणे, षटदरशन एक मेले जी ।।११९।।**

**ગાથાર્થ :-**

**નૈયાયિક અને વૈશેષિક નૈગમનયને અનુસારે વિચરે છે, વેદાંતી સંગ્રહનયથી રંગાયેલો છે, કપિલશિષ્ય વ્યવહારનયથી ચાલે છે, ઋજુસૂત્રાદિક ચાર નયથી સૌગત, અને મીમાંસક નયભેલ=નયસંકરથી, થયા. પૂર્ણ વસ્તુ જૈન પ્રમાણે છે, તે ષટ્દર્શનને એક ઠેકાણે ભેગા કરે છે. ॥૧૧૯॥**

**બાલાવબોધ :-**

नैयायिक वैशेषिक ए २ दर्शन नैगमनयनइ अनुसारइ विचर्या, ते पृथग् नित्यानित्यादिद्रव्य मानइ, पृथिवी परमाणुरूपा नित्या, कार्यरूपात्वनित्या ए प्रक्रिया छइ, नैगमनय ते नयद्वयात्मक छइ, एकत्र प्राधान्येनोभयानभ्युपगमाद् मिथ्यात्वम्, उक्तं च -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दोहिं वि णएहिं णीअं सत्थमुलूएण तह वि मिच्छत्तं ।
जं सविसयप्पहाणत्तणेण अण्णुण्णनिरवेक्खा ।।
- (सम्मतौ, का ३,गा.४९)

**वेदांती ते संग्रहनयनइं रंगि चाल्या, जे माटिं ते शुद्ध आत्मद्रव्य मांनइ छइ, उक्तं च -**

दव्वट्ठियनयपयडी सुद्धा संगहपरूवणाविसओ ।- (सम्मतौ का.१ गा. ४)

**कपिलशिष्य २५ तत्त्वप्रक्रिया मानता व्यवहारनयइं चाल्या, उक्तं च-**

जं काविले दरिसणे एयं दव्वट्ठियस्स वत्तव्वं ।- (सम्मतौ, का. ३ गा. ४८)

**व्यवहार ते द्रव्यार्थिकभेद छइ ।**

**सौगत ४ ऋजुसूत्रादिकनयथी थया-सौत्रांतिक वैभाषिक योगाचार माध्यमिक, ए ऋजुसूत्र शब्द समभिरूढ एवंभूतनयथी अनुक्रमइ थया ।**

**मीमांसक उपलक्षणइ वैयाकरणादिक नयभेलइ-नयसंकरइ थया ।**

**पूर्ण-पूरुं नयभंगप्रमाणइ वस्तु जैनप्रमाणइ षट्दर्शननइ एकमेलइ मेलवइ,**

'भद्दंमिच्छद्दंसणसमूहमइअस्स' - (सम्मतौ का. ३ , गा. ६९)

**इत्यादि वचनात् ।।११९।।**

**અનુવાદ :-**

**नैयायिक.....द्रव्य मानइ,** - નૈયાયિક અને વૈશેષિક એ બે દર્શન નૈગમનયને અનુસારે પ્રવર્તે છે. તે બંને દર્શનો પૃથગ્=જુદાં, નિત્ય અને અનિત્યાદિ દ્રવ્યને માને છે. તે જ બતાવે છે -

**पृथिवी.....प्रक्रिया छइ,** - પરમાણુરૂપ પૃથ્વી નિત્ય દ્રવ્ય છે, વળી કાર્યરૂપ પૃથ્વી અનિત્ય દ્રવ્ય છે, એ પ્રકારે પ્રક્રિયા છે.

**नैगमनय ते नयद्वयात्मक छइ,** - નૈગમનય તે નયદ્વયાત્મક છે અર્થાત્ નૈગમનય એ સંગ્રહ અને વ્યવહારરૂપ નયદ્વયાત્મક છે. (તેથી તે બે દર્શનો

પૃથ્વીરૂપ પરમાણુને એકાંત નિત્ય માને છે, અને કાર્યરૂપ દ્વયણુકાદિ પૃથ્વીને એકાંત અનિત્ય માને છે )

બે નયને સ્વીકારવા છતાં તે મિથ્યાત્વ કેમ છે, તે બતાવે છે -

**एकत्र.....मिथ्यात्वम्,** - એક ઠેકાણે પ્રધાનપણાથી ઉભયનયનો અસ્વીકાર હોવાથી મિથ્યાત્વ છે. અર્થાત્ નૈગમનય ઉપર ચાલનારાં નૈયાયિક અને વૈશેષિકદર્શન મિથ્યાદર્શન છે.

**ભાવાર્થ :-**

એક જ વસ્તુમાં દ્રવ્યને પ્રધાન કરીને તે જ દ્રવ્યને નિત્ય કહેવામાં આવે, અને તે જ વસ્તુમાં પર્યાયને પ્રધાન કરીને તે જ દ્રવ્યને અનિત્ય કહેવામાં આવે, ત્યારે એક જ વસ્તુમાં પ્રધાનતાથી ઉભયનયનો અભ્યુપગમ=સ્વીકાર, થાય છે. તેથી તે દૃષ્ટિ પ્રમાણરૂપ બને છે, માટે ત્યાં સમ્યક્ત્વ છે. જ્યારે નૈયાયિક એક વસ્તુ પરમાણુરૂપ પૃથ્વીને એકાંત નિત્ય કહે છે, તેથી ત્યાં દ્રવ્યની પ્રધાનતા કરી; અને દ્વયણુકાદિ પૃથ્વીને એકાંતે અનિત્ય કહે છે, પરંતુ તે જ પરમાણુરૂપ પૃથ્વીમાં અનિત્યતા કહેતો નથી. તેથી પરમાણુરૂપ પૃથ્વીમાં નિત્યતારૂપ એક જ નયનું પ્રાધાન્ય થયું, અનિત્યતારૂપ નયનું પ્રાધાન્ય ન થયું, અને દ્વયણુકરૂપ પૃથ્વીમાં અનિત્યતારૂપ અન્યનયનું પ્રાધાન્ય થયું, નિત્યતારૂપ નયનું પ્રાધાન્ય ન થયું; માટે તેનો મત મિથ્યા છે.

પરમાણુરૂપ પૃથ્વીમાં પરમાણુરૂપ દ્રવ્યની પ્રધાનતા કરીએ તો નિત્યતા છે, અને પરમાણુમાં પરિવર્તન થતાં રૂપ-રસાદિ ભાવોની પ્રધાનતા કરીએ તો અનિત્યતા છે. તે જ રીતે દ્વયણુકાદિ પૃથ્વીમાં પુદ્ગલદ્રવ્યની પ્રધાનતા કરીએ તો નિત્યતા છે, અને તેમાં પરિવર્તન થતા ભાવોની પ્રધાનતા કરીએ તો અનિત્યતા છે. આ પ્રકારની સ્યાદ્વાદની દૃષ્ટિ છે. જ્યારે નૈયાયિક એકાંતવાદી હોવાથી પરમાણુરૂપ પૃથ્વીને એકાંતે નિત્ય કહે છે અને દ્વયણુકાદિ પૃથ્વીને એકાંતે અનિત્ય કહે છે, તેથી નિત્ય-અનિત્યરૂપ બંને નયોને નૈયાયિક માનતો હોવા છતાં મિથ્યાત્વી છે.

તેમનો મત મિથ્યા છે તેમાં સાક્ષી બતાવે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**दोहिं.....निरवेक्खा ।।** - ઉલૂકવડે=વૈશેષિકવડે, બે નયથી શાસ્ત્ર સ્વીકારેલું છે તો પણ મિથ્યાત્વ છે. જે કારણથી સ્વવિષયના પ્રધાનપણાને કારણે તે બંને નયો અન્યોન્યનિરપેક્ષ છે.

**वेदांती.....मानइ छइ,** - વેદાંતી તે સંગ્રહનયના રંગે ચાલે છે, જે કારણે તે શુદ્ધ આત્મદ્રવ્ય માને છે.

**उक्तं च-** - કહેવાયેલું છે -

**दव्वट्ठिय.....परूवणाविसओ ।** - દ્રવ્યાર્થિકનયની પ્રકૃતિ શુદ્ધ છે, (જે કારણથી) સંગ્રહનયની પ્રરૂપણાનો વિષય છે

**कपिलशिष्य.....व्यवहारनयइं चाल्या,** - કપિલશિષ્ય ૨૫ તત્ત્વપ્રક્રિયા માનતાં વ્યવહારનય ઉપર ચાલે છે.

**उक्तं च-** - કહેવાયેલું છે -

**जं काविले.....वत्तव्वं ।** - કપિલના દર્શનમાં જે આ વક્તવ્ય છે, તે દ્રવ્યાર્થિકનું છે. દ્રવ્યાર્થિકનું છે તે વ્યવહાર કેવી રીતે ? તેથી કહે છે -

**व्यवहार.....भेद छइ** - વ્યવહાર તે દ્રવ્યાર્થિકનો ભેદ છે.

**सौगत.....अनुक्रमइ थया ।** - સૌગત ચાર ઋજુસૂત્રાદિનયથી થયા, સૌત્રાંતિક-વૈભાષિક-યોગાચાર અને માધ્યમિક એ ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂતનયથી અનુક્રમે થયા. અર્થાત્ સૌત્રાંતિક ઋજુસૂત્રનયથી, વૈભાષિક શબ્દનયથી, યોગાચાર સમભિરૂઢનયથી અને માધ્યમિક એવંભૂતનયથી થયા છે.

**मीमांसक.....नयसंकरइ थया ।** - મીમાંસક અને ઉપલક્ષણથી વૈયાકરણાદિ નયસંકરથી=નયના મિશ્રણથી, થયા.

**पूर्ण.....जैनप्रमाणइ,** - નય, ભંગ, પ્રમાણથી પૂર્ણ=પૂરી, વસ્તુ જૈન પ્રમાણે છે.

**षट्दर्शननइ.....मेलवइ**- જૈનદર્શન છએ દર્શનને એક મેળામાં ભેગાં કરે છે -



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંમતિની સાક્ષી આપતાં કહે છે -

**भद्दं.....इत्यादि वचनात् ।।११९।।** - મિથ્યાદર્શનના સમૂહમય એવા જૈનદર્શનનું ભદ્ર=કલ્યાણ થાઓ, એવું વચન હોવાથી જૈનદર્શન છએ દર્શનને એક સ્થાને ભેગાં કરે છે. **॥૧૧૯॥**

**અવતરણિકા :-**

કયા નયમાંથી કયું દર્શન થયું છે, અને જૈનદર્શન સર્વનયના સમૂહરૂપ છે, તે બતાવીને, અન્યદર્શનો હાથીની જેમ લડીને કઈ રીતે વિનાશ પામે છે, અને સ્યાદ્વાદી તટસ્થ રહીને કઇ રીતે ઉપદ્રવ વગરનો બને છે, તે બતાવતાં કહે છે -

**ચોપઇ :-**

**नित्यपक्षमांहिं दूषण दाषै, नय अनित्यपक्षपाती जी ,**
**नित्यवादमांहिं जे राता, ते अनित्यनयघाती जी ।**
**मांहोमांहिं लडे बे कुंजर, भांजइ निजकरदंतो जी ,**
**स्यादवादसाधक ते देषइ, पडइ न तिहां भगवंतो जी ।।१२०।।**

**ગાથાર્થ :-**

**અનિત્યપક્ષપાતી એવો નય નિત્યપક્ષમાં દૂષણ આપે છે; નિત્યવાદમાં જે રાતા છે, તે અનિત્યનયના ઘાતી છે. આ રીતે નિત્યપક્ષ અને અનિત્યપક્ષને માનનારા બે કુંજરો પરસ્પર લડે છે અને પોતાનાં સૂંઢ-દાંતને ભાંગે છે. સ્યાદ્વાદના સાધક એવા ભગવંત તે જુએ છે પણ ત્યાં પડતા નથી. ॥૧૨૦॥**

**બાલાવબોધ :-**

अनित्यनयना पक्षपाती क्षणिकवादी बौद्धादिक छैं ते नित्यपक्षमांहिं दूषण दाषइ, अंकुरादिजनकाजननत्वादिविरोधइ (अंकुरादिजनकाजनकत्वादि-विरोधइ) क्षणिक बीजादि थापइ छइ, सदृशक्षणदोषइ अभेदग्रहादि उपपादइ छइ । जे नित्यवादमांहिं राता छइ ते अनित्यनयघाती छै, एकांतनित्य आत्मादि मांनइ ते मांहोमांहिं बे हाथी लडइ छइ, लडता पोताना कर-दंत भांजइ छइ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**स्याद्वादसाधक छइ ते ते लडाई देषइ छइ, पणि भगवंत तिहां पडइ नहीं, उदासीन रहइ, उक्तं च -**

अन्योन्यपक्षप्रतिपक्षभावाद् यथाऽपरे मत्सरिणः प्रवादाः ।

नयानशेषानविशेषमिच्छन्न पक्षपाती समयस्तथा ते ।।

द्वात्रिंशिकायाम् (अन्ययोग. ३०) ।।१२०।।

● બાલાવબોધમાં **अंकुरादिजनकाजननत्वादिविरोधइ** પાઠ છે, ત્યાં **अंकुरादिजनकाजनकत्वादिविरोधइ** પાઠ શુદ્ધ ભાસે છે.

**અનુવાદ :-**

**अनित्यनयना.....उपपादइ छइ ।** = અનિત્યનયના પક્ષપાતી ક્ષણિકવાદી બૌદ્ધાદિ છે, તે નિત્યપક્ષમાં દૂષણ આપે છે. અંકુરાદિજનક-અજનકત્વાદિના વિરોધને કારણે ક્ષણિક બીજાદિ સ્થાપે છે, અને સદૃશક્ષણના દોષને કારણે અભેદગ્રહાદિનું ઉપપાદન=સ્થાપન, કરે છે.

**ભાવાર્થ :-**

ક્ષણિકવાદી બૌદ્ધ અનિત્યનયના પક્ષપાતી છે અર્થાત્ એકાંત અનિત્યનયને સ્થાપન કરે છે, અને તે નિત્યપક્ષમાં દોષો આપે છે. તે પોતાનો પક્ષ આ રીતે સ્થાપન કરે છે -

ધર્મના ભેદથી ધર્મીનો ભેદ હોય છે. જો ધર્મના ભેદથી ધર્મીનો ભેદ ન હોય તો ઘટ કરતાં પટ જુદો છે તેમ માની શકાય નહિ. અને આ યુક્તિના બળથી ક્ષણિકવાદનું સ્થાપન કરતાં કહે છે -

વ્યવહારમાં એક બીજ છે. તે બીજમાં અંકુરજનકત્વક્ષણ અને અંકુરઅજનકત્વક્ષણનો વિરોધ છે. તેથી જે ક્ષણ અંકુરજનક છે અને જે ક્ષણ અંકુરઅજનક છે તે ક્ષણનાં બીજો જુદાં છે, કેમ કે એક જ બીજમાં અંકુરજનકત્વ અને અંકુરઅજનકત્વરૂપ બે ધર્મો રહી શકે નહિ. તેથી અંકુરજનકત્વક્ષણવાળું બીજ અંકુરઅજનકત્વક્ષણવાળા બીજ કરતાં જુદું છે. આમ છતાં સદૃશક્ષણના દોષને કારણે અભેદનું જ્ઞાન થાય છે, અર્થાત્ અંકુરઅજનકક્ષણવાળા બીજ કરતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંકુરજનકક્ષણવાળું બીજ જુદું હોવા છતાં, બીજના આકારરૂપે સદૃશની પ્રતીતિ થવાથી, પૂર્વક્ષણના બીજ અને ઉત્તરક્ષણના બીજમાં અભેદનું જ્ઞાન થાય છે. તેથી આ તે જ બીજ છે જે પૂર્વક્ષણમાં હતું, એ પ્રકારનો વ્યવહાર થાય છે. વસ્તુતઃ તે બંને બીજો જુદાં છે.

● અહીં **अंकुरादि** માં **'आदि'** પદથી **'घटादि'** નું ગ્રહણ કરવું, અને **'बीजादि'** માં **'आदि'** પદથી **'मृदादि'** નું ગ્રહણ કરવું.

● **अंकुरादिजनकाजनकत्वादि** અહીં **'आदि'** પદથી અંકુરજનકક્ષણની પૂર્વની ક્ષણ જે અંકુરજનકક્ષણની જનક છે અને અંકુરક્ષણની અજનકક્ષણ છે, તેનું ગ્રહણ કરવું.

● **अभेदग्रहादि** અહીં **'आदि'** પદથી અભેદના વ્યવહારનું ગ્રહણ કરવું.

**ઉત્થાન :-**

અનિત્યનયના પક્ષપાતી એવા બૌદ્ધો નિત્યપક્ષમાં દૂષણ આપે છે તે બતાવ્યું. હવે નિત્યવાદમાં જેઓ પક્ષપાતી છે, તેઓ અનિત્યનયમાં કઇ રીતે દૂષણ આપે છે, તે બતાવે છે -

**અનુવાદ :-**

**जे नित्यवादमांहि.....दंत भांजइ छइ ।** - જે નિત્યવાદમાં રાતા છે, તે અનિત્યનયના ઘાતી છે. એકાંત નિત્ય આત્માદિ માને છે. પરસ્પર તે બે હાથી= અનિત્યવાદી બૌદ્ધરૂપ હાથી અને નિત્યવાદીરૂપ હાથી, પરસ્પર લડે છે, અને લડતા પોતાના કર=સૂંઢ, અને દાંત ભાંગે છે.

**ભાવાર્થ :-**

એકાંત નિત્યવાદને માનનાર નિત્યવાદના રાતા=પક્ષપાતી છે, અનિત્યનયને માનનાર બૌદ્ધ છે તેનું ખંડન કરે છે, અને આત્માદિ પદાર્થોને એકાંત નિત્ય માને છે

આ રીતે એકાંત નિત્યવાદી અને એકાંત અનિત્યવાદીરૂપ બંને હાથીઓ પરસ્પર લડ્યા કરે છે. જેમ બળવાન એવા બંને હાથીઓ પરસ્પર લડીને સૂંડ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દાંતને ભાંગે છે, તેમ ક્ષણિકવાદી બૌદ્ધના હુમલાથી એકાંત નિત્યવાદીઓની યુક્તિઓ તૂટે છે, તેથી એકાંત નિત્યવાદીઓનું શરીર જર્જરિત બને છે. અને એકાંત નિત્યવાદીઓ એકાંત ક્ષણિકવાદી ઉપર હુમલો કરીને તેમની યુક્તિઓને તોડે છે, ત્યારે એકાંત ક્ષણિકવાદીની યુક્તિઓ જર્જરિત થાય છે. તેથી બંનેની લડાઇમાં બંને પરસ્પર સ્વપક્ષને નબળો કરે છે.

**વિશેષાર્થ :-**

પદાર્થને એકાંત ક્ષણિક માનનાર બૌદ્ધ, અનુગત આત્મા સર્વથા માનતો નથી. તેથી પોતાની પૂર્વક્ષણ અને ઉત્તરક્ષણમાં એકતાને કારણે 'તે જ હું છું કે જે બાલ્ય અવસ્થામાં હતો,' એ પ્રકારની પ્રામાણિક પ્રતીતિ છે, તેની સંગતિ બૌદ્ધમતમાં થતી નથી. અને એકાંત ક્ષણિકવાદના બળથી તેની સંગતિ કરવા માટે તે યત્ન કરે છે, તે અનુભવના બળથી એકાંત નિત્યવાદી તોડે છે.

તે જ રીતે એકાંત નિત્યવાદી, આત્માને અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિર એકસ્વભાવવાળો માને છે; તેને એકાંત ક્ષણિકવાદી પ્રતિક્ષણમાં દેખાતા ભેદને અવલંબીને તોડે છે. તેથી ક્ષણિકવાદના અનુભવના બળથી એકાંત નિત્યવાદીનું શરીર જર્જરિત બને છે.

**ઉત્થાન :-**

આ રીતે એકાંત નિત્યવાદી અને એકાંત અનિત્યવાદી, પક્ષપાતી હોવાને કારણે કઈ રીતે પરસ્પર વિનાશ કરે છે તે બતાવ્યું. હવે સર્વનયો પ્રત્યે અપક્ષપાતી એવા સ્યાદ્વાદીઓ શું કરે છે તે બતાવે છે -

**અનુવાદ :-**

**स्याद्वादसाधक.....उदासीन रहइ,** - સ્યાદ્વાદસાધક છે તે=વ્યક્તિ, તે લડાઇ=એકાંત ક્ષણિકવાદી અને એકાંત નિત્યવાદીની લડાઇ, જુએ છે; પણ ભગવંત એવો સ્યાદ્વાદી=ગુણવાન એવો સ્યાદ્વાદી, ત્યાં પડતો નથી પણ ઉદાસીન રહે છે.

**उक्तं च** - તેમાં સાક્ષી આપતાં કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अन्योन्य.....।।१२०।।** - અન્યોન્ય=પરસ્પર, પક્ષ-પ્રતિપક્ષના ભાવથી જે પ્રકારે અપર પ્રવાદો મત્સરી છે, અશેષ=બધા, નયોને અવિશેષરૂપે ઇચ્છતો આપનો સિદ્ધાંત તે પ્રકારે પક્ષપાતી નથી. **॥૧૨૦॥**

**ભાવાર્થ :-**

જે સ્યાદ્વાદનો સાધક ગુણવાન પુરુષ છે, તે અન્ય દર્શનોની પરસ્પર લડાઇને જોઈને તેમાં પડતો નથી. કેમ કે તેને સર્વ દર્શનોની તે તે માન્યતા પ્રત્યે પક્ષપાત નથી, તેથી તે લડાઇમાં તે ઉદાસીન રહે છે. આમ છતાં, કોઇ વ્યક્તિને ધર્મની પ્રાપ્તિનું કારણ બનતું હોય, તો તેની મિથ્યામતિના નિવારણ માટે તેઓ ધર્મવાદ પણ કરે; અને ક્વચિત્ મિથ્યાવાદી મિથ્યાવાદનો વિસ્તાર કરીને લોકમાં મિથ્યામતને વ્યાપક બનાવતો હોય, તેનો નિગ્રહ કરવા માટે તેની યુક્તિઓને રાજસભા આદિમાં ખંડિત પણ કરે. પરંતુ તે સન્માર્ગની વૃદ્ધિના આશયથી કરે છે પણ કોઇ નયના પક્ષપાતથી કરતો નથી.

જે પુરુષ નયના પક્ષપાતથી સ્યાદ્વાદને માનનારો પણ, યુક્તિઓ યોજે છે, તે પરમાર્થથી સ્યાદ્વાદી નથી. એકાંતવાદીઓમાં પણ જેઓ તત્ત્વના પક્ષપાતી છે, કેવલ અજ્ઞાનને કારણે એકાંતવાદનો ભ્રમ થયેલો છે, યોગ્ય સામગ્રીથી સ્યાદ્વાદને પામે તેવા છે, તેઓ પણ સ્યાદ્વાદના સન્મુખભાવવાળા છે. પરંતુ જેઓ સ્વદર્શનના અતિ પક્ષપાતી છે, તેઓ પરસ્પર યુદ્ધ કરીને એકબીજાનો વિનાશ કરે છે. **॥૧૨૦॥**

**અવતરણિકા :-**

રત્ન અને માલાના દૃષ્ટાંતથી એકાંતવાદને માનનારાં દર્શનો અને સ્યાદ્વાદને માનનાર જૈનદર્શનનો ભેદ બતાવે છે -

**ચોપઇ :-**

**छूटां रत्न न माला कहीइ, माला तेह परोयां जी ,**
**तिम एकेक दर्शन नवि साचां, आपहि आप विगोयां जी ।**
**स्यादवादसूत्रइं ते गुंथ्यां, समकितदर्शन कहीइं जी ,**
**समुद्रअंशनी समुद्रतणी परिं, प्रगट भेद इहां लहीइ जी ।।१२१।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ :-**

**છૂટાં રત્ન તે માળા નથી, પરસ્પર પરોવાયેલાં રત્નો તે માળા છે. તેમ એકેક દર્શન સાચાં=સત્ય નથી, પણ પરસ્પર-આપસઆપસમાં વિડંબના પામે છે. સ્યાદ્વાદરૂપી સૂત્રથી=દોરાથી, ગૂંથાયેલાં રત્નો તે સમકિતદર્શન કહેવાય. અહીંયાં= નય અને પ્રમાણમાં સમુદ્રઅંશ અને સમુદ્રની જેમ પ્રગટ ભેદ જાણવો. ॥૧૨૧॥**

● નયો ઉપર ચાલનાર તે તે દર્શનો સમુદ્રના અંશ જેવાં છે, અને સર્વદર્શનમય સ્યાદ્વાદદર્શન સમુદ્ર જેવું છે. તેથી નય અને પ્રમાણમાં સમુદ્રઅંશ અને સમુદ્રની જેમ ભેદ ગ્રહણ કરવો.

**બાલાવબોધ :-**

**छूटां रत्ननइ मालापर्याय न कहिइं, परोयां होइ तिवारइ मालापर्याय कहिइं, तिम इकेक दर्शन छूटां छइ ते एकांताभिनिवेशइ साचां न कहिइं, आपइ आप विगोयां, स्याद्वादसूत्रइं ते गुंथ्या हुइ तिवारइ सम्यग्दर्शन कहिइं, स्यात्कारइ एकांताभिनिवेश टलइं, जिम मालाकारनइ पुष्पादिक सिद्ध छइ तेहनो योजनमात्र व्यापार, तिम सम्यग्दृष्टीनइ, सिद्धदर्शननइ विषइ स्याद्वादयोजनमात्र व्यापार छइ, तावतैव जितं जगत् । समुद्रअंश नइ समुद्रमां जेतलों भेद तेतलो नयप्रमाणमां जाणवो, उक्तं च-**

न समुद्रोऽसमुद्रो वा समुद्रांशो यथोच्यते ।
नाप्रमाणं प्रमाणं वा प्रमाणांशस्तथा नयः ।।(    )

इति ।।१२१।।

**અનુવાદ :-**

**छूटां रत्नइ.....जितं जगत् ।** - છૂટાં રત્નને માળાપર્યાય ન કહેવાય, પરોવ્યાં હોય ત્યારે માળાપર્યાય કહેવાય. તેમ એકેક દર્શન છૂટાં છે, તે એકાંત અભિનિવેશથી સાચાં ન કહેવાય, કેમ કે પરસ્પર વગોવાયાં છે. સ્યાદ્વાદસૂત્રથી= સ્યાદ્વાદરૂપી દોરાથી, તે ગૂંથ્યાં હોય ત્યારે સમ્યગ્દર્શન કહેવાય, સ્યાત્કારથી એકાંત અભિનિવેશ ટળે છે. જેમ માળીને પુષ્પાદિક સિદ્ધ છે, તેનો યોજનમાત્ર વ્યાપાર તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માળી કરે છે; તેમ સમ્યગ્દૃષ્ટિ જીવ સિદ્ધદર્શનને વિષે સ્યાદ્વાદથી યોજનમાત્ર વ્યાપાર કરે છે, અને તેટલા માત્રથી=સ્યાદ્વાદમાત્રથી, જ તેણે જગત જીતી લીધું છે.

**ભાવાર્થ :-**

છૂટાં રત્નો પણ રત્ન હોવા છતાં સમ્યગ્ રીતે ગૂંથાયેલાં હોય તો માળાપર્યાયને પામે છે અને પરસ્પર શોભાની વૃદ્ધિ કરે છે; તેમ દર્શનો એકેક નય ઉપર ચાલે છે, તેથી રત્ન જેવાં હોવા છતાં સમ્યગ્ રીતે પરસ્પર જોડાય નહિ ત્યાં સુધી માળાપર્યાયને પામે નહિ; અને સ્યાદ્વાદસૂત્રથી=સ્યાદ્વરૂપી દોરાથી જ્યારે સમ્યગ્ જોડાય ત્યારે તે રત્નો શોભાયમાન થાય છે. અને તે સર્વ દર્શનો જ્યારે માળાપર્યાયવાળાં નથી ત્યારે એકાંત અભિનિવેશવાળાં હોય છે, ત્યારે તે સાચાં કહેવાતાં નથી, કેમ કે પોતાના સ્થાનમાં સાચાં હોવા છતાં પરસ્થાનમાં જઇને પણ પોતાનું સ્થાપન કરવા પ્રયત્ન કરે છે. આથી જ અન્ય દર્શન તેનું ખંડન કરીને તેને મ્લાન કરે છે, અને પોતે પણ એકાંત અભિનિવેશવાળા અન્ય દર્શનનું ખંડન કરીને તેને મ્લાન કરે છે, તેથી તેઓ પરસ્પર વગોવાય છે. અને જ્યારે સ્યાદ્વાદસૂત્રથી તે રત્નોને સમ્યગ્ ગૂંથવામાં આવે, ત્યારે તે નયો સ્વસ્થાનમાં જ પોતાની પ્રરૂપણા કરે છે અને પરસ્થાનમાં મૌન લે છે; અને તે રીતે બધાં દર્શનોનાં વક્તવ્યો પરસ્પર વિનાશનું કારણ બનતાં નથી, પણ સ્વસ્થાનમાં રહીને સાચા પદાર્થનો બોધ કરાવે છે. તેથી કહ્યું કે સ્યાદ્વાદસૂત્રથી ગૂંથાયેલાં એવાં તે દર્શનરત્નો સમ્યગ્દર્શન કહેવાય છે; કેમ કે સ્યાદ્વાદથી એકાંતનો અભિનિવેશ ટળી જાય છે, તેથી પરસ્થાનમાં પ્રવેશ કરીને પોતે વિડંબના પામતાં નથી.

**વિશેષાર્થ :-**

જે નયો ઉપર ચાલનાર દર્શનો પોતાનું સ્થાન સમ્યગ્ જાણતાં હોય, પરંતુ તેમાં એકાંત અભિનિવેશ હોવાને કારણે પરસ્થાનમાં જાય છે, તે નયો ઉપર ચાલનાર દર્શનો છૂટાં રત્નો જેવાં છે. અને જે વ્યક્તિને કોઇ એક નયનો યથાર્થ બોધ નથી, અને કોઇ નયને પકડીને પરસ્થાનમાં કે આડીઅવળી પ્રરૂપણા કર્યા કરે અને સ્વસ્થાનને પણ જાણતો ન હોય, તો તેની પ્રરૂપણા નય નથી; તેથી છૂટાં રત્નોરૂપ નથી; પરંતુ યથાતથા પ્રરૂપણામાત્ર છે. જ્યારે સર્વદર્શનો કોઇ એક એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નય સાથે જોડાયેલાં હોય છે, અને તે નયનો અભિનિવેશ થવાથી તે નયદષ્ટિથી પૂર્ણ રીતે વસ્તુને સ્થાપન કરવા પ્રયત્ન કરે છે, આવાં દર્શનો-નયો જ જ્યારે સ્યાદ્વાદસૂત્રથી ગૂંથાય છે, ત્યારે પોતપોતાના સ્થાને ગોઠવાઇને સુંદર માળાપર્યાયને પામે છે. અને જેમ માળીને પુષ્પાદિ સિદ્ધ છે, તે પુષ્પાદિને ઉચિત સ્થાને યોજનમાત્રનો વ્યાપાર તે માળી કરે છે; તેમ સમ્યગ્દષ્ટિ જીવ પુષ્પોના જેવાં તે દર્શનોને સ્યાદ્વાદરૂપ સૂત્રથી ઉચિત સ્થાને યોજનમાત્ર કરે છે, અને તે યોજનક્રિયાથી આખા જગતને જીતી લે છે; અર્થાત્ સર્વ દર્શનોમાં સાચી પ્રરૂપણા કરીને વિજયને પામે છે. અને સમ્યગ્ રીતે નહિ જોડાયેલા એવા તે નયો પરસ્પર યુદ્ધ કરીને સન્માર્ગનો વિનાશ કરે છે, તેથી તેઓ મ્લાનિને પામે છે.

**ઉત્થાન :-**

છૂટાં પડેલાં રત્નો જેવા એકેક નયો છે, અને સર્વ નયોને ઉચિત સ્થાને જોડીને સ્યાદ્વાદને સ્વીકારનાર જૈનદર્શન પ્રમાણ જેવું છે, તેને સમુદ્રની ઉપમાથી ઘટાવેલ છે.

**અનુવાદ :-**

**समुद्रअंश.....जाणवो**, - સમુદ્રઅંશ અને સમુદ્રમાં જેટલો ભેદ છે, તેટલો નય અને પ્રમાણમાં ભેદ જાણવો.

**उक्तं च** = અને સાક્ષી આપે છે -

**न समुद्रो.....।।१२१।।** - જે પ્રમાણે સમુદ્રનો અંશ સમુદ્ર નથી અને અસમુદ્ર નથી એ પ્રમાણે કહેવાય છે, તે પ્રમાણે નય અપ્રમાણ નથી અને પ્રમાણ નથી, પરંતુ પ્રમાણનો અંશ કહેવાય છે. **।।૧૨૧।।**

**ભાવાર્થ :-**

સમુદ્રનો અંશ એટલે સમુદ્રમાંથી પરિમિત જુદું ગ્રહણ કરેલું પાણી, તે રીતે નય એટલે પરિપૂર્ણ પદાર્થના એક અંશને ગ્રહણ કરનારી દષ્ટિ; અને સમુદ્ર એટલે વિશાળ પાણીનો સમુદાય, તેમ ઉચિત સ્થાને જોડાયેલા સર્વ નયોનો સમૂહ તે પ્રમાણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આનાથી એ પ્રાપ્ત થાય કે, નય એ એક અંશને યથાર્થ ગ્રહણ કરનાર દૃષ્ટિ છે, અને પ્રમાણ એટલે પદાર્થના સર્વ અંશને યથાર્થ ગ્રહણ કરનાર દૃષ્ટિ છે. આમ બતાવીને ગ્રંથકારને એ બતાવવું છે કે, સર્વદર્શનો પણ એક એક અંશને યથાર્થ ગ્રહણ કરનારાં છે, તો પણ તે એક અંશમાં તેઓને પૂર્ણ વસ્તુનો ભ્રમ છે, તે સ્યાદ્વાદની દૃષ્ટિથી ટળી જાય છે; અને પ્રમાણવચન સર્વ અંશોને યથાસ્થાને જોડીને પૂર્ણ વસ્તુનો બોધ કરનાર છે, તેથી તેનું વચન હંમેશાં સત્પ્રરૂપણા કરનાર છે. માટે જ સ્યાદ્વાદના યોજનથી પ્રમાણવચન આખા જગતને જીતી જાય છે, જ્યારે નયવચન સાચું હોવા છતાં એક અંશમાં પૂર્ણ વસ્તુનો ભ્રમ થવાથી પરસ્પર લડીને એક બીજાની મ્લાનિ કરે છે. **॥૧૨૧॥**

**અવતરણિકા :-**

ગાથા-૧૧૬ સુધી સમ્યક્ત્વનાં છ સ્થાનો બતાવ્યાં અને કહ્યું કે સમ્યગ્દષ્ટિ જીવ નય-પ્રમાણથી સઘળો માર્ગ સાચો જાણે. તેથી તે છ સ્થાનો સાથે નયોનો સંબંધ બતાવવા માટે ગાથા-૧૧૭ માં હાથીના દૃષ્ટાંતથી એકેક નયને પકડનારી મિથ્યાદૃષ્ટિ અને સર્વનયને પકડનારી સમ્યગ્દષ્ટિનો ભેદ બતાવ્યો. ત્યારપછી ગાથા-૧૧૮ માં તે નયરૂપી હાથીઓ નિરંકુશ હોવાથી તત્ત્વનો કઇ રીતે ઉચ્છેદ કરે છે તે બતાવીને, તે નય ઉપર ચાલનારા એકાંતવાદીઓ છ સ્થાનોમાં કોઇ કોઇ સ્થાનોનો ઉચ્છેદ કરે છે તે બતાવ્યું; અને સ્યાદ્વાદરૂપી અંકુશવાળા તે નયરૂપી હાથીઓ રાજદરબારમાં શોભા પામે છે તેમ બતાવીને, સમ્યક્ત્વનાં છ સ્થાનોને સ્વીકારીને શોભાની વૃદ્ધિ કરે છે તેમ બતાવ્યું. ત્યાર પછી ગાથા-૧૧૯ માં કયા નયો ઉપર કયું દર્શન ચાલે છે તે બતાવીને, ગાથા-૧૨૦ માં તે નયોરૂપી હાથીઓ પરસ્પર લડીને વિનાશ પામે છે, અને સ્યાદ્વાદસાધક તે નયોના ઝઘડામાં ન પડે પરંતુ મધ્યસ્થ રહે છે એમ બતાવીને, મિથ્યાત્વનાં છ સ્થાનોમાં એકેક નય ઉપર ચાલનારા પરસ્પર વિસંવાદ કરીને ઝઘડા કરે છે, ત્યારે સ્યાદ્વાદી તે છ સ્થાનોને સમ્યગ્ યોજીને તે નયવાદના ઝઘડામાં પડતો નથી તે બતાવ્યું. આમ છતાં, સર્વદર્શનો કોઇક કોઇક નય ઉપર ચાલનારાં છે અને તે નયની અપેક્ષાએ તે રત્ન જેવાં છે, તો પણ માળાની શોભા તો ત્યારે જ પામે કે જ્યારે સ્યાદ્વાદરૂપી સૂત્રથી ગૂંથાય, એ પ્રમાણે બતાવ્યું. તેથી એ ફલિત થાય કે, મોક્ષને અનુકૂળ એવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બોધ છ સ્થાનમાં રહેલો છે. હવે તે મોક્ષને અનુકૂળ એવો બોધ શ્રુત, ચિંતા અને ભાવના જ્ઞાનથી પણ સંલગ્ન છે, તે બતાવવા માટે કહે છે -

**ચોપઇ :-**

**वचनमात्र श्रुतज्ञानइं होवइ, निजनिजमतआवेशो जी,**
**चिंताज्ञानिं नयविचारथी, तेह टलइ संक्लेशो जी ।**
**चारामांहिं अजाणी जिम कोइ, सिद्धमूलिका चारइ जी,**
**भावनज्ञानिं तिम मुनि जननैं, मारगमां अवतारइ जी ।।१२२।।**

**ગાથાર્થ :-**

**વચનમાત્રના બોધરૂપ જે શ્રુતજ્ઞાન, તેનાથી નિજ નિજ મતનો= પોતપોતાના મતનો, આવેશ થાય છે; ચિંતાજ્ઞાનરૂપ નય વિચારથી તે=નિજ નિજ મતના આવેશરૂપ સંક્લેશ ટળે છે. ચારામાં અજાણી કોઇ સ્ત્રી જેમ સિદ્ધમૂલિકા ચરાવે છે, તેમ ભાવનાજ્ઞાનવાળો મુનિ જનને માર્ગમાં અવતારે છે. ॥૧૨૨॥**

**બાલાવબોધ :-**

वचनमात्र जे श्रुतज्ञान तेहथी निजनिजमतनो आवेश कहितां हठ होइं, जे जे नयशास्त्र सांभलइ ते ते नयार्थ रुची जाइं । चिंताज्ञान बीजुं विचाररूप तेहथी हठ टलइ, संक्लेशरूप (असंक्लेशरूप) विचारजन्य सकलनयसमावेशज्ञानइ पक्षपात टलइं, तेणइ सानुग्रह (स्वानुग्रह) होइं । भावनाज्ञान ते देशकालाद्यौचित्यइ परानुग्रहसार छइ, तेहवी रीतिं देशनादिइं जिम परानुग्रह थाइ, उत्सर्गापवादसार तादृश प्रवृत्ति होइं 'केऽयं पुरिसे कं च णए' (आचारांग. प्र. श्रु. अ. २, उ. ६) इत्याद्यागमानुसारात् । पुरुष पशुरुप थयो, तेहनइं स्त्रीइं वटच्छायानो चारो व्यंतरवचनइ चराव्यो, संजीवनीऔषधी मुखमांहिं आवी तिवारइं स्वरूप प्रकट थयुं, तिम भावनाज्ञानवंत सद्गुरु भव्यप्राणीनइ अपुनर्बंधादिकक्रियामां ते रीतिं प्रवर्तावइ, जिम सम्यग्दर्शनरूप संजीवनी औषधी आव्यइ, निश्चयस्वरूप प्रकट थाइ, मिथ्यात्वनाम पशुरूप टलइ, उक्तं च षोडशके -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आद्य इह मनाक् पुंसस्तद्रागाद् दर्शनग्रहो भवति ।
न भवत्यसौ द्वितीये चिन्तायोगात् कदाचिदपि ।। (११-१०)

चारिचरकसञ्जीवन्यचरकचारणविधानतश्चरमे ।
सर्वत्र हिता वृत्तिर्गाम्भीर्यात् समरसापत्या ।। (११-११)

**ए ३ ज्ञान तरतमभावइ उदक-दुग्ध-अमृतसरषां कहियां छइ, उक्तं च-**
उदकपयोऽमृतकल्पं पुंसां सद्ज्ञानमेवमाख्यातम् ।
विधियत्नवत्तु गुरुभिर्विषयतृडपहारि नियमेन ।। - (षोडशक. १०-१३)
**इति।।१२२।।**

●બાલાવબોધમાં **संक्लेशरूप विचारजन्य सकलनय**.......... પાઠ છે, ત્યાં **असंक्लेशरूप विचारजन्य सकलनय**......... પાઠ ભાસે છે, તે મુજબ અમે અહીં અર્થ કરેલ છે.

●**तेणइ सानुग्रह होइं** । અહીં **तेणइ स्वानुग्रह होइं** । પાઠ ભાસે છે અને તે મુજબ અમે અહીં અર્થ કરેલ છે.

**અનુવાદ :-**

**वचनमात्र.....हठ होइं,** - વચનમાત્ર જે શ્રુતજ્ઞાન, તેથી પોતપોતાના મતનો આવેશ=હઠ, થાય છે.

પોતપોતાના મતનો આવેશ શ્રુતજ્ઞાન હોવાને કારણે અપ્રજ્ઞાપનીય ભૂમિકાનો નથી. આમ છતાં તે હઠ કેવા પ્રકારની છે તે બતાવતાં કહે છે -

**जे जे.....रुची जाइं** ।- જે જે નયશાસ્ત્ર સાંભળે તે તે નયના અર્થની રુચિ થાય.

**चिंताज्ञान.....सानुग्रह(स्वानुग्रह) होइं** । - ચિંતાજ્ઞાન તે બીજું વિચારરૂપ છે, તેથી હઠ ટળે=પ્રથમ શ્રુતજ્ઞાન પછી ચિંતાજ્ઞાન થાય છે અને તે ઊહાપોહરૂપ છે, તેનાથી શ્રુતજ્ઞાનમાં જે એક એક નયની રુચિને કારણે હઠ હતી તે ટળે છે, અને તેનાથી અસંક્લેશરૂપ વિચારજન્ય સકલનયના સમાવેશવાળું જ્ઞાન થાય છે. તેનાથી પક્ષપાત ટળે છે અને તેના કારણે સ્વાનુગ્રહ થાય છે=તત્ત્વના વિષયમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખોટો પક્ષપાત દૂર થવાને કારણે નિર્મળ માર્ગાનુસારી બુદ્ધિરૂપ જીવના ઉપર અનુગ્રહ થાય છે.

**ભાવાર્થ :-**

અહીં ચિંતાજ્ઞાનની બે ભૂમિકા ગ્રહણ કરેલી છે. પ્રથમ ભૂમિકામાં ચિંતાજ્ઞાન વિચારરૂપ હોય છે, તેનાથી હઠ ટળે છે; અને ત્યારબાદ હઠ વગર જે વિચાર થાય છે તે અસંક્લેશરૂપ હોય છે. અસંક્લેશવાળા વિચારથી સકળનયસાપેક્ષ બોધ થાય છે, જે ચિંતાજ્ઞાનની બીજી ભૂમિકા છે; અને તેનું કાર્ય એક એક નય પ્રત્યેનો પક્ષપાત ટળે છે, અને પક્ષપાત ટળવાને કારણે સ્યાદ્વાદદૃષ્ટિની પ્રાપ્તિરૂપ જીવના ઉપર અનુગ્રહ થાય છે.

અહીં સકળનયનો સમાવેશ વિવક્ષિત કોઇ સ્થાનને આશ્રયીને યોજવાના પ્રયત્નરૂપ છે, અને તે યોજનથી પક્ષપાતરહિત તે પદાર્થનો બોધ થાય છે. આ રીતનો બોધ થવાને કારણે ધીરે ધીરે અનેક સ્થાનોને આશ્રયીને સમ્યગ્ બોધ થાય છે, ત્યારે જીવમાં સ્યાદ્વાદથી પદાર્થને યોજી શકે તેવી નિર્મળ બુદ્ધિ પ્રગટે છે; જે ચિંતાજ્ઞાનની સંપન્ન ભૂમિકા છે, તેને અહીં 'સ્વાનુગ્રહથી' ગ્રહણ કરેલ છે.

આનાથી એ ફલિત થયું કે, પ્રથમના ચિંતાજ્ઞાનથી હઠ ટળી, અને હઠ વગરના વિચારથી સકલનયના સમાવેશરૂપ જ્ઞાન થયું, અને તેનાથી સર્વત્ર સ્યાદ્વાદને યોજી શકે તેવી નિર્મળ બુદ્ધિ પ્રાપ્ત થઈ.

**અનુવાદ :-**

**भावनाज्ञान.....परानुग्रह थाइ,** = ભાવનાજ્ઞાન તે દેશકાલાદિ ઔચિત્યથી પરાનુગ્રહપ્રધાન છે. તે પરાનુગ્રહપ્રધાન કઈ રીતે છે, તે બતાવે છે -

જેમ પરાનુગ્રહ થાય તેવી રીતે દેશનાદિ કરે.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે પરનો અનુગ્રહ થાય તે રીતે દેશના કેવી રીતે થાય ? તેથી કહે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**उत्सर्ग.....आगमअनुसारात् ।** - ઉત્સર્ગ-અપવાદસાર તેવા પ્રકારની= પરનો અનુગ્રહ થાય તેવા પ્રકારની, પ્રવૃત્તિ છે. કેમ કે કયો આ પુરુષ છે, કયા નયથી વાસિત છે, ઇત્યાદિ આગમનું અનુસરણ કરીને તે દેશનામાં પ્રવૃત્તિ કરે છે.

**ભાવાર્થ :-**

ભાવનાજ્ઞાનવાળો સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરનાર હોય છે, અને દેશકાળને સામે રાખીને પરાનુગ્રહપ્રધાન એવી પ્રવૃત્તિ કરનાર હોય છે.

અહીં 'પરાનુગ્રહપ્રધાન' કહેવાથી એ પ્રવૃત્તિ સ્વાનુગ્રહ તો કરે જ છે, પણ મુખ્યત્વે ભાવનાજ્ઞાનસંપન્નની પ્રવૃત્તિથી પરનો અનુગ્રહ થાય છે.

ભાવનાજ્ઞાનસંપન્નની પ્રવૃત્તિથી મુખ્ય રીતે પરાનુગ્રહ થાય છે, તે કઇ રીતે થાય છે તે બતાવે છે -

જેમ પરાનુગ્રહ થાય તે રીતે દેશનાદિમાં પ્રવૃત્તિ કરે, પરંતુ સામાની પરિસ્થિતિ વિચાર્યા વગર માત્ર દેશનાદિમાં યત્ન ન કરે.

પરાનુગ્રહ થાય તેવી દેશનાની પ્રવૃત્તિ કેવી હોય ? તે બતાવતાં કહે છે -

આ પુરુષ કોણ છે ? કયા નયથી વાસિત છે ? ઇત્યાદિ આગમને અનુસારે શ્રોતાને જાણીને, જે રીતે શ્રોતાનો ઉપકાર દેખાય, તેને અનુરૂપ ઉત્સર્ગ કે અપવાદપ્રધાન દેશના આપે.

જેમ ઉપદેશકને દેખાય કે આ શ્રોતાને પ્રમાણદેશનાથી યથાર્થ બોધ થશે, તો ઉત્સર્ગપ્રધાન દેશના આપે; કેમ કે ઉત્સર્ગથી પ્રમાણદેશના આપવાની વિધિ છે. પરંતુ કોઇ શ્રોતાને એક નયથી વાસિત જુએ, તો તે શ્રોતામાં અન્ય નય સ્થિર કરવા માટે કોઇ એક નયથી પણ દેશના આપે; તેથી અપવાદદેશનામાં પ્રવૃત્તિ કરે, કે જેથી તે શ્રોતા ઉપર અનુગ્રહ થાય.

આ સિવાય કોઈક સ્થાનમાં યોગ્ય જણાય ત્યારે ઉપદેશક, સ્યાદ્વાદને સમજે તેવી ભૂમિકાવાળો જૈન દર્શનથી વાસિત શ્રોતા હોય તો તેને સ્યાદ્વાદની દેશના આપે. પરંતુ અન્ય દર્શનવાળા તે તે નયથી વાસિત તત્ત્વની જિજ્ઞાસાથી ઉપદેશ સાંભળવા આવ્યા હોય તેને, તે નયને પુષ્ટ કરે તેવી સૂક્ષ્મ યુક્તિઓ બતાવીને પણ, તેનામાં વિશેષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિજ્ઞાસા ઉત્પન્ન કરે; અને જ્યારે તે આવર્જિત થઇને વિશેષ સાંભળવા માટે અભિમુખ બને, ત્યારે તે નયની અપૂર્ણતા બતાવવાપૂર્વક અન્ય નયનું સ્થાપન પણ કરે, તેથી પરને સ્યાદ્વાદની પ્રાપ્તિરૂપ અનુગ્રહ થાય.

**ઉત્થાન :-**

ભાવનાજ્ઞાનવાળા, પરને અનુગ્રહ કઇ રીતે કરે છે તે દૃષ્ટાંતથી બતાવે છે -

**અનુવાદ :-**

**पुरुष पशुरूप.....पशुरूप टलइ,** - પુરુષ પશુરૂપ થયો, તેહની સ્ત્રીએ વડની છાયાનો ચારો વ્યંતરના વચનથી ચરાવ્યો. સંજીવની ઔષધિ મુખમાં આવી ત્યારે સ્વરૂપ પ્રગટ થયું. તેમ ભાવનાજ્ઞાનવાળા સદ્ગુરુ ભવ્ય પ્રાણીને અપુનર્બંધકાદિ ક્રિયામાં તે રીતે પ્રવર્તાવે, જેમ સમ્યગ્દર્શનરૂપ સંજીવની ઔષધિ આવે; અને પોતાનું નિશ્ચયરૂપ પ્રગટ થાય. અર્થાત્ આ પદાર્થ આમ જ છે, એ પ્રકારનો યથાર્થ નિર્ણય કરવો તે જીવનું વાસ્તવિક સ્વરૂપ છે, અને સમ્યગ્દર્શનના કારણે જીવનું તે યથાર્થસ્વરૂપ પ્રગટ થાય છે, અને મિથ્યાત્વ નામનું પશુસ્વરૂપ ટળે છે.

**ભાવાર્થ :-**

જેમ સ્ત્રી પતિપશુને સર્વ ચારો ચરાવીને બળદમાંથી ફરી પુરુષ બનાવે છે, તેમ સદ્ગુરુ કોઇ દર્શન પ્રત્યે પક્ષપાત કર્યા વગર સર્વ દેવોને નમસ્કાર કરવાનો ઉપદેશ આપીને, પશુ જેવા અપુનર્બંધક જીવને તેની ભૂમિકાને ઉચિત ક્રિયાઓમાં પ્રવર્તાવીને, મધ્યસ્થતાથી તત્ત્વજિજ્ઞાસા પ્રગટાવે છે. તેનાથી જ્યારે સર્વદર્શનમાં જૈનદર્શન શ્રેષ્ઠ છે તેવું જ્ઞાન તેને પ્રગટે છે, ત્યારે તેને સંજીવની ઔષધિની પ્રાપ્તિ થાય છે; અને તેનાથી મિથ્યાત્વ નામનો પશુભાવ ટળે છે, અને તત્ત્વનો યથાર્થ નિર્ણય કરવા રૂપ જે પોતાનું મૂળ સ્વરૂપ છે, તે પ્રગટ થાય છે.

જેમ બળદ, બળદરૂપે મટીને પોતાના મનુષ્યરૂપ નિશ્ચયસ્વરૂપને પ્રાપ્ત કરે છે, તેમ મિથ્યાત્વના જવાથી જીવમાં "આ તત્ત્વ આમ જ છે." એવા પ્રકારના નિર્ણયરૂપ પોતાનું મનુષ્ય સ્વરૂપ પ્રાપ્ત થાય છે. તે વખતે જીવને સમ્યક્ત્વનાં છ સ્થાનોનો યથાર્થ નિર્ણય થાય છે, તે જ તેનું નિશ્ચય સ્વરૂપ છે.

ચારિચરકસંજીવનીઅચરકચારણ દૃષ્ટાંત આ પ્રમાણે છે - કોઇક સ્ત્રીએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વપતિને વશ કરવા માટે કોઇક પરિવ્રાજિકાને તેનો ઉપાય પૂછ્યો. તે પરિવ્રાજિકાએ કોઇક સામર્થ્યથી તે સ્ત્રીના પતિને વૃષભ=બળદ, કર્યો, અને તેને ચરાવતી અને પીવડાવતી તે સ્ત્રી રહે છે. એક વખત વટવૃક્ષની નીચે તે પુરુષબળદ બેઠેલો હતો, તેને આકાશમાં ઊડી રહેલ વિદ્યાધરીયુગલે જોયો અને તેઓ ત્યાં આવ્યાં. ત્યાં એક વિદ્યાધરીએ કહ્યું, આ સ્વાભાવિક બળદ નથી. વળી બીજી વિદ્યાધરીએ કહ્યું, તો પછી કેવી રીતે આ સ્વાભાવિક=મૂળરૂપે થાય ? પહેલી વિદ્યાધરીએ કહ્યું, આ વટવૃક્ષની નીચે સંજીવની નામની ઔષધિ છે, જો તે ઔષધિને આ બળદ ચરે તો સહજ પુરુષપણાને પામે. અને તે વાત તે વિદ્યાધરીના વચનથી તે પુરુષબળદની પત્નીએ કર્ણપુટવડે સાંભળી. તે ઔષધિવિશેષને= સંજીવનીને, નહિ જાણતી એવી તે સ્ત્રી વડે તે પ્રદેશમાં રહેલી બધી જ ચારિ સામાન્યથી પતિબળદને ચરાવી. (એમાં) જ્યાં એ બળદે સંજીવની ચરી, ત્યાં જ એ બળદ પુરુષરૂપે પ્રગટ થયો.

જે પ્રકારે તે સ્ત્રીની તે પુરુષબળદના વિષયમાં હિતકારી પ્રવૃત્તિ છે, એ પ્રમાણે સર્વ ભવ્ય સમુદાયના અનુગ્રહમાં પ્રવૃત્ત એવા ભાવનાજ્ઞાનસંપન્નની પણ હિતકારી પ્રવૃત્તિ છે.(ષોડશક ૧૧/૧૧ પૂ. ઉપાધ્યાયજી યશોવિજયજી મ. ની ટીકાના આધારે)

અહીં વિશેષ એ છે કે, ચારો ચરાવનારી સ્ત્રી જાણતી નથી કે, સંજીવની કઈ છે, તેથી બધો ચારો ચરાવે છે. જ્યારે ભાવનાજ્ઞાનવાળો સંજીવની જાણે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુની તેવી ભૂમિકા નહિ હોવાથી સામાન્ય ચારો ચરાવીને સંજીવની પ્રાપ્ત થાય તેવો યત્ન કરે છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે શ્રુતજ્ઞાનથી, જે જે નય સાંભળે ત્યાં રુચિ થાય છે; ચિંતાજ્ઞાનથી, સર્વ નયો પ્રત્યે મધ્યસ્થભાવ પ્રગટે છે; અને ભાવનાજ્ઞાનથી, પરાનુગ્રહપ્રધાન એવી ઉચિત દેશનાદિની પ્રવૃત્તિ થાય છે. તે જ વાતને ષોડશકની સાક્ષીથી બતાવે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**उक्तं च षोडशके** - અને ષોડશકમાં કહેલું છે -

**आद्य इह.....कदाचिदपि ।।** - અહીંયાં=ત્રણ જ્ઞાનની વિચારણામાં, જે આદ્ય=શ્રુતજ્ઞાન છે, તેમાં પુરુષને જે બોધ થયો છે તેનો થોડોક રાગ હોવાથી દર્શનગ્રહ થાય છે; અને બીજામાં=ચિંતાજ્ઞાનમાં, ચિંતાના યોગથી ક્યારેય પણ આ=દર્શનગ્રહ, થતો નથી.

**चारिचरक.....समरसापत्या ।।** - ચરમમાં=ત્રીજા જ્ઞાનમાં= ભાવનાજ્ઞાનમાં, ચારિચરકસંજીવનીઅચરકચારણના વિધાનથી સર્વત્ર હિતા= હિતકારી, પ્રવૃત્તિ છે. કેમ કે સમરસાપત્તિ હોવાને કારણે ગાંભીર્ય પરિણતિ છે.

**ભાવાર્થ :-**

(૧) આદ્ય શ્રુતજ્ઞાનમાં પુરુષને જે બોધ થયો છે તેનો થોડોક રાગ હોવાથી દર્શનગ્રહ થાય છે. અહીં થોડોક રાગ હોવાથી એમ કહ્યું, તેનાથી એ કહેવું છે કે, સ્વદર્શનનો થોડો રાગ છે છતાં નિવર્તનીય છે; અને જેને સ્વદર્શનનો તીવ્ર રાગ છે તેનો રાગ અનિવર્તનીય છે, અને તેઓ ગાઢ મિથ્યાદૃષ્ટિ છે; પરંતુ શ્રુતજ્ઞાનવાળાને સ્વદર્શનનો રાગ અલ્પ છે, તેથી નિવર્તનીય છે. આમ છતાં, તે શ્રુતજ્ઞાનમાં પોતાના દર્શન પ્રત્યેનો પક્ષપાત છે તે હઠરૂપ છે, તેથી તે મોક્ષમાં કારણભૂત હોવા છતાં મિથ્યાત્વ સ્વરૂપ છે.

(૨) બીજા ચિંતાજ્ઞાનમાં ચિંતાના યોગથી ક્યારેય પણ દર્શનગ્રહ થતો નથી=સ્વદર્શન પ્રત્યેની હઠ હોતી નથી, પરંતુ કેવલ તત્ત્વ પ્રત્યેનો પક્ષપાત હોય છે. આ ચિંતાજ્ઞાનવાળો બધાં દર્શનો સારાં તેમ માનતો નથી, પરંતુ સર્વ દર્શનોમાં રહેલા તત્ત્વને જ સારરૂપે જુએ છે; તેથી સર્વ નયના યથાસ્થાન યોજનવાળું જૈનદર્શન જ તેને એકાંતે સાર દેખાય છે. આમ છતાં તે તે દર્શનની તે તે નયદૃષ્ટિ પણ તેને યથાર્થ દેખાય છે, પણ આ પરદર્શની છે માટે અસાર છે તેમ તે માનતો નથી.

(૩) ત્રીજા ભાવનાજ્ઞાનમાં ચારિચરકસંજીવનીઅચરકચારણના વિધાનથી સર્વત્ર હિતકારી પ્રવૃત્તિ છે એમ કહ્યું. તેનો ભાવ એ છે કે કોઇ પશુ ચારો ચરતું હોય અને સંજીવની ન ચરતું હોય તેને, સંજીવની ચરાવવાની ક્રિયાથી જેમ પશુ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મટીને તે પુરુષ થાય છે, તેમ ભાવનાજ્ઞાનવાળા જીવો અન્ય દર્શનમાં રહેલા જીવોનો સંજીવની ચરાવવાની જેમ ઉપકાર કરે છે.

જેમ કોઇ અન્યદર્શનમાં રહેલા જીવો તત્ત્વની જિજ્ઞાસાથી તે તે દર્શનના પદાર્થ પ્રત્યે તત્ત્વ જાણવા યત્ન કરતા હોય, પરંતુ તટસ્થતાથી તત્ત્વ-અતત્ત્વનો વિભાગ કરી શકતા ન હોય, છતાં પ્રજ્ઞાપનીય હોય, તેવા જીવોને ચારાની સાથે સંજીવની જેવી તત્ત્વ-અતત્ત્વના વિભાગની દૃષ્ટિ કઇ રીતે પ્રગટ થાય, તેવી મધ્યસ્થબુદ્ધિ આપીને, સંજીવની ચરાવવાની ક્રિયા ભાવનાજ્ઞાનવાળો કરે છે. આથી જ આદ્યભૂમિકાવાળા જીવોને સર્વ દેવોને નમસ્કાર કરવાનું કહીને, વિશેષ બોધના અભાવકાળમાં બધા દેવો પ્રત્યે મધ્યસ્થતાથી પ્રવૃત્તિ કરાવીને, તેમની તત્ત્વની જિજ્ઞાસા વિશેષ પદાર્થને પ્રાપ્ત કરવા સમર્થ બને તેવી કરાવે છે; જેથી સર્વ દર્શનનાં તત્ત્વો જાણવાના યત્ન દ્વારા, ધીરે ધીરે જૈનદર્શનની વિશેષતા જ્યારે તેને સ્વપ્રજ્ઞાથી જણાય, ત્યારે સંજીવનીની પ્રાપ્તિ થાય. એ રીતે સ્વદર્શનમાં રહેલા કે અન્યદર્શનમાં રહેલા સર્વ જીવો પ્રત્યે તેઓ હિતની પ્રવૃત્તિ કરે છે.

તેઓ સ્વદર્શનમાં રહેલા પણ કેટલાક જીવો મધ્યસ્થ બુદ્ધિવાળા ન હોય, અને તત્ત્વના અર્થી હોય, તો તત્ત્વની પ્રાપ્તિમાં તેમનો મધ્યસ્થભાવ કેમ વધે તેવો જ યત્ન કરાવે છે; પરંતુ સર્વ દર્શન સમાન છે એમ કહીને તેમને અન્ય દર્શનમાં જતા કરીને માર્ગમાં ભ્રમિત થાય તેવો યત્ન કરતા નથી; પરંતુ સ્વદર્શનમાં પણ અવિચારક રીતે જે પક્ષપાત છે, તે કેમ નિવર્તન પામે અને તત્ત્વનો પક્ષપાત કેમ પ્રગટે, એ રીતે તેઓના હિતની પ્રવૃત્તિ કરે છે. આનું કારણ ભાવનાજ્ઞાનવાળા જીવોને જીવમાત્ર પ્રત્યે **'आत्मवत् सर्वभूतेषु'** ની બુદ્ધિ હોય છે, અને બધા જીવો પ્રત્યે સ્વતુલ્યત્વની=પોતાના તુલ્ય હોવાની, બુદ્ધિ છે, એ રૂપ તેમને સમતાનો પરિણામ છે. આવી સમતાની પરિણતિ હોવાને કારણે અને નયો આદિનો સૂક્ષ્મ બોધ હોવાને કારણે, બીજાનું હિત કરવાના વિષયમાં તેઓ ગંભીર આશયવાળા હોય છે. તેથી અનાભોગથી પણ કોઇનું અહિત ન થાય તેવી સાવધાનીપૂર્વક સર્વત્ર હિત કરવાની પ્રવૃત્તિવાળા હોય છે.

**અનુવાદ :-**

**ए ३ ज्ञान.....कहियां छइ,** - આ ત્રણ જ્ઞાન=શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવનાજ્ઞાન, ઉદક=જળ, દુગ્ધ=દૂધ અને અમૃત સરખાં કહ્યાં છે.

**उक्तं च** - તેમાં ષોડશકની સાક્ષી આપતાં કહે છે -

**उदकपयो.....इति ।।१२२।।** - પુરુષનું સદ્‌જ્ઞાન વિધિમાં યત્નવાળું, નિયમથી વિષયતૃષ્ણાને દૂર કરનારું, જળ, દૂધ અને અમૃત જેવું, આ પ્રકારે=પૂર્વે કહેલાં શ્રુત, ચિંતા અને ભાવનાસ્વરૂપ ત્રણ પ્રકારવાળું, ગુરુ વડે=આચાર્ય વડે, કહેવાયું છે. **॥૧૨૨॥**

**ભાવાર્થ :-**

મોક્ષને અનુકૂળ સમ્યગ્જ્ઞાન, તરતમતાથી પાણી, દૂધ અને અમૃત સરખું શ્રુત, ચિંતા અને ભાવનાજ્ઞાનરૂપ કહ્યું છે. તેમાં ષોડશકની સાક્ષી આપી, તેનો ભાવ એ છે કે, આ ત્રણે જ્ઞાનો મોક્ષને અનુકૂળ એવી ઉચિત ક્રિયાની વિધિમાં યત્નવાળાં હોય છે, અને નિયમથી=નક્કી, વિષયોની તૃષ્ણાને દૂર કરનારાં હોય છે.

(૧) શ્રુતજ્ઞાન સ્વચ્છ સ્વાદુ પાણીના આસ્વાદ જેવા સુખના અનુભવને કરાવનાર છે. જેમ સ્વચ્છ સ્વાદુ પાણી પીવાથી જીવને આલ્લાદ પેદા થાય છે, તેમ શ્રુતજ્ઞાનથી તત્ત્વની પ્રાપ્તિ થવાથી જીવને આલ્લાદ પેદા થાય છે.

(૨) ચિંતાજ્ઞાન દૂધના આસ્વાદ જેવું છે. સ્વચ્છ સ્વાદુ જળ કરતાં દૂધ પીવાથી વિશેષ પ્રકારનો રસાસ્વાદ પ્રાપ્ત થાય છે, તેમ ચિંતાજ્ઞાનથી જીવમાં વિશેષ પ્રકારની મધ્યસ્થ બુદ્ધિ થવાથી વિશેષ આલ્લાદ પેદા થાય છે.

જેમ શ્રુતજ્ઞાનમાં નિજ નિજ મતનો આવેશ હોવા છતાં મધ્યસ્થભાવની સન્મુખ ભાવ છે, જ્યારે ચિંતાજ્ઞાનમાં મધ્યસ્થભાવ વર્તી રહ્યો છે. તેથી શ્રુતજ્ઞાન કરતાં ચિંતાજ્ઞાનનો રસાસ્વાદ વિશેષ પ્રકારનો છે.

(૩) ભાવનાજ્ઞાન અમૃતના આસ્વાદ જેવું છે. દૂધ કરતાં પણ અમૃતના પાનથી જીવને વિશેષ રસાસ્વાદ પ્રાપ્ત થાય છે, તેમ ભાવનાજ્ઞાનથી વિશેષ પ્રકારનો રસાસ્વાદ પ્રાપ્ત થાય છે.

ચિંતાજ્ઞાનમાં તત્ત્વને જાણવામાં મધ્યસ્થ પરિણતિ હોય છે, પરંતુ ભાવનાજ્ઞાનમાં મધ્યસ્થ પરિણતિથી નિષ્પન્ન થયેલો ઐદંપર્યનો બોધ હોય છે. તેના કારણે જગતના જીવમાત્ર પ્રત્યે સમરસની આપત્તિ હોવાથી, સર્વ જીવોના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હિતને કરનારી એવી ઉત્તમ પરિણતિ વર્તતી હોય છે. તેથી ચિંતાજ્ઞાન કરતાં ભાવનાજ્ઞાનનો રસાસ્વાદ વિશેષ છે, જેમ દૂધ કરતાં અમૃતનો રસાસ્વાદ વિશેષ પ્રકારનો હોય છે. **॥૧૨૨॥**

**અવતરણિકા :-**

સમ્યક્ત્વનાં છ સ્થાન સાથે જેમ શ્રુત, ચિંતા અને ભાવનારૂપ ત્રણ જ્ઞાન જોડાયેલાં છે, તેમ જ્ઞાન-ક્રિયા પણ સમ્યક્ત્વની સાથે જોડાયેલાં છે. તે જ્ઞાન-ક્રિયારૂપ મોક્ષમાર્ગમાંથી કેટલાક જીવો ક્રિયામાર્ગની રુચિવાળા હોય છે, તેથી જ્ઞાનમાર્ગની ઉપેક્ષા કરે છે, અને એમ જ માને છે કે સમ્યક્ત્વનાં છ સ્થાનો અમે માનીએ છીએ. વસ્તુતઃ તે છ સ્થાનોને સ્થિર કરવા માટે સ્વ-પરદર્શનનો વિવેક આવશ્યક છે. તેથી જેઓ ક્રિયામાત્રમાં રુચિવાળા છે, તેઓ ચારિત્રના સારને પામ્યા નથી; એમ કહીને સ્વ-પરદર્શનના અભ્યાસ દ્વારા છ સ્થાનોને સ્થિર કરવાં જરૂરી છે, તે બતાવે છે -

**ચોપઇ :-**

**चरणकरणमांहिं जे राता, नवि स्वसमय संभालइ जी ,**
**निजपरसमयविवेक करी नवि, आतमतत्त्व निहालइं जी ।**
**संमतिमां कहिउं तेणि न लह्यो, चरणकरणनो सारो जी ,**
**ते माटिं ए ज्ञानअभ्यासो, एह ज चिति दृढ धारो जी ।।१२३।।**

**ગાથાર્થ :-**

ચરણકરણમાં=ચરણસિત્તરી અને કરણસિત્તરીમાં, જેઓ રાતા= રચ્યાપચ્યા છે, સ્વસિદ્ધાંતને સંભાળતા=ભણતા નથી, (અને) સ્વશાસ્ત્ર અને પરશાસ્ત્રના વિવેકે કરીને આત્મતત્ત્વને જોતા નથી, તેણે ચરણકરણનો સાર લીધો નથી; એમ સંમતિ ગ્રંથમાં કહ્યું છે. તે માટે એ જ્ઞાનાભ્યાસ=છ સ્થાનોને સમજવા માટે સ્વ-પરદર્શનનો જ્ઞાન અભ્યાસ, એને જ ચિત્તમાં દૃઢ રીતે ધારણ કરો. **॥૧૨૩॥**

**બાલાવબોધ :-**

जे साधु चरणसत्तरी-करणसत्तरीमांहिं ज अत्यंत राता छइ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्वसमयव्यवहारथी-स्वसिद्धांतार्थपरिज्ञाननिश्चयथी श्रुतविचारजन्य आत्मविवेक न संभालइ, निजपरसमयविवेक अणपामी शुद्धात्मस्वरूप न निहालइ, तेणे संमुग्धजीवाजीवादिज्ञानइ क्रिया कीधी पणि चरणकरणनो सार न पाम्यो, जे माटइ शुद्धात्मज्ञान तेहनो सार छइ, चरणकरणादिसाधन ते तत्कारणीभूतसत्त्व-शुद्धिद्वारइं उपकारी छइ, तथा च गाथा -

चरणकरणप्पहाणा ससमयपरसमयमुक्कवावारा ।
चरणकरणस्स सारं णिच्छयसुद्धं ण उ लहंति ।।

- (सम्मतौ. का. ३, गा. ६७)

श्रीदशवैकालिक मध्ये पणि 'पढमं नाणं तओ दया' (अध्य. ४ गा. १०) ए उपदेश छइ, तिहां 'ज्ञान ते चारित्रोपयोगि षड्जीवनिकायादिसंमुग्धपरिज्ञान' इम जाणी न संतोष करवो, जे माटइं तेहनी हेतुस्वरूपअनुबंध्यादिशुद्धि करवी ते परीक्षारुप निश्चयज्ञान विना न होइ, निश्चयज्ञानइ ज निश्चयचारित्र आवइ, उक्तं चाऽऽचाराङ्गे-

'जं सम्मं ति पासहा तं मोणं ति पासहा, जं मोणं ति पासहा तं सम्मं ति पासहा' (प्र. श्रु. अध्य. ५, उ. ३) इत्यादि ।

इम कहतां 'अगीतार्थ साधु क्रियावंत छइ तेहनइ चारित्र नावइ,' इम कोइ कहस्यइ, तेहनइ कहिइं-नावइ ज, जो गीतार्थनिश्रा न होइं, गीतार्थनिश्रितनइ तो उपचारइ चारित्र होइं ज, उक्तं च-

गीयत्थो य विहारो, बीओ गीयत्थमी(नी)सिओ भणिओ ।
इत्तो तइअविहारो नाणुन्नाओ जिणवरेहिं ।। - (ओघनिर्युक्ति. गाथा-१२१)

इत्यादि ।।१२३।।

**અનુવાદ :-**

**जे साधु.....न निहालइ,** - જે સાધુ ચરણસિત્તરી અને કરણસિત્તરીમાં જ અત્યંત રાતા=રચ્યાપચ્યા છે, અને સ્વસમયવ્યવહારથી=સ્વશાસ્ત્રના અભ્યાસરૂપ વ્યવહારથી, સ્વસિદ્ધાંતના અર્થના પરિજ્ઞાનનો નિર્ણય કરવાથી થતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રુતવિચારજન્ય આત્મવિવેક સંભાળતા નથી, તેઓ સ્વસમય-પરસમયનો વિવેક નહિ પામવાને કારણે શુદ્ધાત્મસ્વરૂપને નિહાળતા નથી,

(અહીં 'સ્વસમયવ્યવહારથી'નો અર્થ સ્વશાસ્ત્રના અભ્યાસરૂપ વ્યવહારથી ગ્રહણ કરવાનો છે, અને તેનાથી સ્વસિદ્ધાંતના અર્થના પરિજ્ઞાનનો નિશ્ચય થાય છે. તે નિશ્ચય થવાથી શ્રુતવિચાર ઉત્પન્ન થાય છે, તે શ્રુતવિચારથી આત્મવિવેક પેદા થાય છે, અને આ આત્મવિવેક પેદા થયા વગર જે સાધુઓ ચરણ-કરણમાં અત્યંત રાતા=રચ્યાપચ્યા, હોય છે, તે ચરણ-કરણના સારને પામતા નથી. વળી તેઓ સ્વદર્શન અને પરદર્શનના અભ્યાસ પ્રત્યે ઉપેક્ષાવાળા હોય છે, તેથી સ્વ-પર દર્શનના વિવેકને પામ્યા વગર શુદ્ધ આત્મસ્વરૂપને જોતા નથી.)

**तेणे संमुग्ध.....उपकारी छइ** - તે કારણે જીવ-અજીવાદિના સંમુગ્ધ એવા જ્ઞાન વડે=જીવ-અજીવાદિના જ્ઞાનના પરમાર્થને નહિ સ્પર્શતા એવા સ્થૂલ જ્ઞાન વડે, ક્રિયા કરી, પણ ચરણ-કરણના સારને પામ્યા નહિ; કેમ કે તેનો=ચરણ-કરણની ક્રિયાનો સાર શુદ્ધ આત્મજ્ઞાન છે. ચરણ-કરણાદિ ક્રિયાઓ શુદ્ધ આત્મજ્ઞાનનાં સાધન છે, અને તે=શુદ્ધ આત્મજ્ઞાનનાં સાધન એવાં ચરણ-કરણાદિ, તત્કારણભૂત=શુદ્ધ આત્મજ્ઞાનની કારણભૂત, એવી સત્ત્વશુદ્ધિ દ્વારા શુદ્ધ આત્મજ્ઞાનનાં ઉપકારી છે.

**ભાવાર્થ :-**

જે સાધુઓ સંયમના પરિણામ માટે કારણભૂત એવી ચરણસિત્તરી અને કરણસિત્તરી=ચરણ-કરણના ૭૦-૭૦ ભેદોને, જીવનમાં આચરવા માટે અત્યંત પ્રયત્નશીલ છે, તેવા સાધુઓ ચરણસિત્તરી અને કરણસિત્તરીને કહેનારા ગ્રંથોનું અત્યંત પરિશીલન કરે છે, અને તેને સંયમરૂપ માની લે છે. અને તેઓ માને છે કે, જ્ઞાનનું ફળ વિરતિ છે, અને વિરતિ માટે ઉપયોગી એવું જ્ઞાન ચરણસિત્તરી-કરણસિત્તરીનું છે, બીજું તો સર્વ વિસ્તારાત્મક બોધમાત્રરૂપ છે. તેથી તેટલું જ્ઞાન મેળવીને સંયમની ક્રિયા કરવામાં તેઓ અત્યંત યતનાવાળા છે, પરંતુ સ્વદર્શનના અભ્યાસથી સ્વસિદ્ધાંતના અર્થોના યથાર્થ પરિજ્ઞાન દ્વારા તત્ત્વનો નિર્ણય કરતા નથી. તેથી તે યથાર્થ નિર્ણયજન્ય એવો શ્રુતવિચાર તેઓને પ્રગટ થતો નથી, જે શ્રુતવિચાર દ્રવ્યાનુયોગના ચિંતનરૂપ છે. તેથી તે દ્રવ્યાનુયોગના ચિંતનથી જન્ય એવો આત્મવિવેક તેઓ પામતા નથી. વળી સ્વદર્શન અને પરદર્શનના વિવેકને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પામ્યા વગર શુદ્ધ આત્મસ્વરૂપને તેઓ જાણતા નથી.

આનાથી એ કહેવું છે કે, જે જીવો સ્વશાસ્ત્રોના ગંભીર અર્થોને જાણીને દ્રવ્યાનુયોગનું ચિંતન કરે છે, તેનાથી તેમનો આત્મવિવેક ખુલે છે, તેથી તે કરવું આવશ્યક છે. તેથી શક્તિસંપન્ને સ્વદર્શન અને પરદર્શનનો વિવેક કરીને વિશેષ રીતે શુદ્ધ આત્મતત્ત્વના સ્વરૂપને જાણવું જોઈએ; કેમ કે સ્વદર્શન અને પરદર્શનના અભ્યાસથી નયોની દૃષ્ટિ ખુલે છે. તે નયદૃષ્ટિ ખુલવાથી શુદ્ધ આત્માનું સ્વરૂપ કેવું છે, તેનું જ્ઞાન થાય છે. અને તેમાં જે ઉપેક્ષાવાળા છે, અને જેઓ સંમુગ્ધ જીવ-અજીવાદિનું જ્ઞાન કરવામાત્રમાં યત્નવાળા છે, અર્થાત્ છજીવનિકાયના સ્વરૂપને સારી રીતે જાણનારા છે, અને છજીવનિકાયના પાલન માટે જે જે પ્રકારની યતનાની આવશ્યક્તા હોય તે સર્વને યથાર્થ જાણનારા છે; આમ છતાં શુદ્ધ આત્મતત્ત્વને જાણવાની ઉપેક્ષાવાળા છે, તેથી તેમનું જ્ઞાન સંમોહવાળુ છે. તેવા જ્ઞાનથી ચરણસિત્તરી અને કરણસિત્તરીને યથાર્થ પાળનારા છે, તો પણ તેના સારને પામતા નથી. કેમ કે ચરણસિત્તરી અને કરણસિત્તરીનો સાર શુદ્ધ આત્માનું જ્ઞાન છે.

આશય એ છે કે મોક્ષની પ્રાપ્તિનો અનન્ય ઉપાય અસંગભાવ છે, અને અસંગભાવ એ દ્રવ્યાનુયોગના ચિંતનથી પ્રગટ થાય છે. તેથી અસંગભાવની પ્રાપ્તિનું અનન્ય કારણ એવો જે દ્રવ્યાનુયોગ છે, તેની તેઓ ચરણકરણાદિ સેવવા છતાં ઉપેક્ષા કરે છે, માટે શુદ્ધ આત્મજ્ઞાનના સારને તેઓ પામી શકતા નથી. આ ચરણ-કરણાદિની ક્રિયાઓ શુદ્ધ આત્મજ્ઞાનની પ્રાપ્તિનું સાધન છે, તેથી તે ચરણ-કરણાદિની ક્રિયાઓ શુદ્ધ આત્મજ્ઞાનના કારણભૂત સત્ત્વશુદ્ધિ દ્વારા શુદ્ધ આત્મજ્ઞાનને પ્રગટ કરવામાં કઇ રીતે ઉપકારી છે, તે બતાવે છે -

કોઇ સાધુ ચરણ-કરણાદિની ક્રિયાઓ સારી રીતે કરે તો તેની સત્ત્વશુદ્ધિ થાય છે, અને દ્રવ્યાનુયોગનું ચિંતન કરે તેનાથી શુદ્ધ આત્મજ્ઞાન પ્રગટે છે. દ્રવ્યાનુયોગના ચિંતનથી શુદ્ધ આત્મજ્ઞાન પ્રગટ કરવામાં આ સત્ત્વશુદ્ધિ ઉપકારી છે, તેથી સત્ત્વશુદ્ધિના ઉપકારક એવા ચરણ-કરણાનુયોગનું સેવન કરવા છતાં, દ્રવ્યાનુયોગનું જ્ઞાન નહિ હોવાને કારણે, અસંગભાવરૂપ પરિણામ પ્રગટ થઇ શકે નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ કોઇ ગૃહસ્થ નીતિપૂર્વક ધન કમાતો હોય, પરંતુ એમ માનતો હોય કે સંયમની કોઇ આવશ્યકતા નથી, કેમ કે સ્વબળથી નીતિપૂર્વક ધન કમાવું અને જીવનનિર્વાહ કરવો એ જ ઉચિત છે, તો તે ગૃહસ્થ મોક્ષમાર્ગને પ્રાપ્ત કરી શકતો નથી; તેમ અસંગભાવના અનન્ય ઉપાયરૂપ એવા દ્રવ્યાનુયોગની ઉપેક્ષા કરીને નિર્દોષ ભિક્ષાચર્યાદિ કરવા દ્વારા થયેલી સત્ત્વશુદ્ધિ બહુ ફળવાળી નથી.

**અનુવાદ :-**

**तथा च गाथा** - અને તે પ્રકારે ગાથા છે - સંમુગ્ધ=સ્થૂલ, જીવ-અજીવાદિ જ્ઞાનથી જેઓ ચરણસિત્તરી અને કરણસિત્તરીમાં યત્ન કરે છે, તેઓ નિશ્ચયશુદ્ધ ચરણ-કરણના સારને પામ્યા નથી. તે પ્રકારે બતાવવા માટે સંમતિની ગાથા છે.

**चरण-करण.....उ लहंति ।।** - ચરણ-કરણમાં પ્રધાન અને સ્વસમય અને પરસમયમાં મુક્તવ્યાપારવાળા એવા મુનિઓ નિશ્ચયશુદ્ધ ચરણ-કરણના સારને **न तु=नैव**=પામિતા નથી જ.

**ઉત્થાન :-**

અહીં કોઇને પ્રશ્ન થાય કે, દશવૈકાલિકમાં પ્રથમ જ્ઞાન અને પછી દયા એમ કહ્યું છે, તેથી ષડ્જીવનિકાયના પાલનરૂપ સંયમની દયા માટે તેમાં ઉપયોગી એટલું જ્ઞાન આવશ્યક છે, પરંતુ સ્વ-પરદર્શનનું જ્ઞાન એ પ્રકારની દયામાં ક્યાં ઉપયોગી છે ? તેથી જે સાધુઓ ચરણ-કરણસિત્તરીના સમ્યગ્ બોધપૂર્વક ચારિત્રની આચરણા કરે છે, તેમને ચારિત્ર છે, એમ માનવામાં શું વાંધો છે ? તેથી કહે છે -

**श्री दशवैकालिक.....उपदेश छइ,** - શ્રી દશવૈકાલિકમાં પણ પ્રથમ જ્ઞાન અને પછી દયા એ ઉપદેશ છે,

**तिहां......न संतोष करवो,** - ત્યાં જ્ઞાન તે ચારિત્રને ઉપયોગી ષડ્જીવનિકાયાદિ સંમુગ્ધપરિજ્ઞાન છે, એમ જાણીને સંતોષ ન કરવો;

**जे माटइं.....निश्चयचारित्र आवइ** - જે માટે તેની=ચારિત્રની, હેતુ, સ્વરૂપ અને અનુબંધિ આદિ શુદ્ધિ કરવી. અને તે શુદ્ધિ પરીક્ષારૂપ નિશ્ચય જ્ઞાન વગર ન થાય, કેમ કે નિશ્ચયજ્ઞાનથી જ નિશ્ચયચારિત્ર આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**उक्तं चाऽऽचाराङ्गे** - નિશ્ચયજ્ઞાનથી જ નિશ્ચયચારિત્ર આવે છે, તેમાં આચારાંગસૂત્રની સાક્ષી આપતાં કહે છે -

**जं सम्मं.....इत्यादि** - જે સમ્યક્ત્વ છે એ પ્રમાણે તું જો, તે=સમ્યક્ત્વ, મૌન છે એ પ્રકારે તું જો; જે મૌન છે એ પ્રકારે તું જો, તે=મૌન, સમ્યક્ત્વ છે એ પ્રકારે તું જો. ઇત્યાદિ કથન છે.

સંમુગ્ધ પરિજ્ઞાન એટલે સ્થૂલ પરિજ્ઞાન=બોધ, ગ્રહણ કરવાનો છે.

● **इत्यादि** અહીં '**आदि**' પદથી નિશ્ચયજ્ઞાનથી જ નિશ્ચયચારિત્ર પ્રાપ્ત થાય છે, તેને કહેનારાં અન્ય શાસ્ત્રોનો સંગ્રહ કરવાનો છે.

**ભાવાર્થ :-**

દશવૈકાલિકસૂત્રમાં કહ્યું છે કે 'પ્રથમ જ્ઞાન અને પછી દયા' એ કથનથી એ પ્રાપ્ત થાય કે જ્ઞાન વગર ચારિત્ર આવે નહિ. ત્યાં ચારિત્રને ઉપયોગી છજીવનિકાયનું જ્ઞાન છે તે સ્થૂળ પરિજ્ઞાન છે, તેટલામાત્ર જ્ઞાનથી ચારિત્ર આવી શકે નહિ; કેમ કે પ્રથમ જ્ઞાનમાં સ્થૂલ પરિજ્ઞાનથી સ્થૂલ દયા આવે છે. માટે તેટલા જ્ઞાનવાળા ચારિત્રાચારનું પાલન કરતા હોય તો તેમનું ચારિત્ર પણ સ્થૂલથી પ્રાપ્ત થાય. તેથી તેઓ કદાચ દેશઆરાધક થઇ શકે, પરંતુ ભાવચારિત્રી ન થઇ શકે. એ પ્રકારે જાણીને ષડ્જીવનિકાયના સંમુગ્ધ પરિજ્ઞાનથી સંતોષ કરવો નહિ.

અહીં પ્રશ્ન થાય કે તો પછી ભાવચારિત્રની પ્રાપ્તિ માટે કેટલું જ્ઞાન આવશ્યક છે ? તેથી કહે છે -

ચારિત્રની હેતુ, સ્વરૂપ અને અનુબંધિશુદ્ધિ કરવામાં આવે તો ભાવચારિત્ર પેદા થાય; અને તે હેતુ, સ્વરૂપ અને અનુબંધિશુદ્ધિ જૈનદર્શનનાં શાસ્ત્રોનું સમ્યક્ પરિજ્ઞાન કરીને, અને સ્વદર્શન-પરદર્શનનાં શાસ્ત્રોની પરીક્ષા કરીને, નયસાપેક્ષ યથાર્થ નિશ્ચયજ્ઞાન કરવાથી થઇ શકે; કેમ કે નિશ્ચયજ્ઞાનથી જ નિશ્ચયચારિત્ર આવે છે, આવી વ્યાપ્તિ છે.

ષડ્જીવનિકાયના સંમુગ્ધપરિજ્ઞાનવાળા જીવો બાહ્ય આચારોનું ષડ્જીવનિકાયના સ્થૂલ પરિજ્ઞાનથી સારું પાલન કરી શકે, પરંતુ ષડ્જીવનિકાયનો સૂક્ષ્મબોધ નહિ હોવાને કારણે ગુરુલાઘવનું આલોચન કરી શકે નહિ. આથી જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ષડ્જીવનિકાયના સ્થૂલ બોધમાં વિશ્રાંત થઇને, વિશેષ શુદ્ધિના અનન્ય ઉપાયભૂત એવા સ્વદર્શન-પરદર્શનના શાસ્ત્રોના અભ્યાસ પ્રત્યે તેઓ જે ઉપેક્ષાવાળા થાય છે, તે જ તેમનો પ્રમાદભાવ છે. તેથી ચારિત્રની આચરણામાં કદાચ અપ્રમાદભાવ કરતા હોય, તો પણ ચારિત્રની શુદ્ધિના પ્રબળ ઉપાયભૂત એવી જ્ઞાનપ્રાપ્તિમાં પ્રમાદ કરે છે, તેથી તેમના ચારિત્રપાલનમાં હેતુની શુદ્ધિ નથી.

વળી બાહ્ય રીતે ચારિત્રના આચારોનું સેવન કરતા હોય, તેથી તે અપેક્ષાએ તેમના ચારિત્રપાલનમાં સ્વરૂપથી શુદ્ધિ દેખાય; પરંતુ "ચારિત્ર તે મૌનભાવરૂપ છે, તેથી કર્મબંધ થવો ન જોઈએ," તેવો મૌનભાવરૂપ પરિણામ, બોધના અભાવને કારણે તેમનામાં નથી. તે અપેક્ષાએ ચારિત્રની સ્વરૂપશુદ્ધિ તેમનામાં છે, એમ કહેવું તે વિચારણીય છે.

વળી વિશેષ વિવેકના અભાવને કારણે સંમુગ્ધપરિજ્ઞાનવાળાને અનુબંધિ શુદ્ધિ સંભવે નહિ. જ્યારે સૂક્ષ્મબોધવાળા એવા ગીતાર્થને જો ચારિત્રમાં અપ્રમાદભાવ આવે તો અસંગભાવરૂપ અનુબંધિ શુદ્ધિ પ્રાપ્ત થઇ શકે. તેથી હેતુ, સ્વરૂપ અને અનુબંધિ શુદ્ધિ માટે નિશ્ચયજ્ઞાન આવશ્યક છે.

● **हेतुस्वरूपअनुबंध्यादिशुद्धि** અહીં '**आदि**' પદથી દ્રવ્યશુદ્ધિ અને ભાવશુદ્ધિનું ગ્રહણ કરવાનું છે.

ષડ્જીવનિકાયના સંમુગ્ધપરિજ્ઞાનથી ચારિત્રની દ્રવ્યશુદ્ધિ થઇ શકે, પરંતુ ભાવશુદ્ધિ માટે વિશેષજ્ઞાન જરૂરી છે. તેથી સ્વ-દર્શન અને પરદર્શનના અભ્યાસરૂપ વિશેષજ્ઞાનથી ગીતાર્થ થયેલ સાધુ ગુરુલાઘવની ચિંતારૂપ ભાવશુદ્ધિ કરી શકે છે.

નિશ્ચયજ્ઞાનથી જ નિશ્ચયચારિત્ર આવે, તેમાં આચારાંગસૂત્રની "**जं सम्मं ....... पासहा**" સાક્ષી આપી. તેનાથી તે વાત આ રીતે ફલિત થાય છે -

આચારાંગસૂત્રમાં સમ્યક્ત્વ અને મૌનની વ્યાપ્તિ બતાવેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે "જ્યાં જ્યાં સમ્યક્ત્વ છે ત્યાં ત્યાં મૌન છે, અને જ્યાં જ્યાં મૌન છે ત્યાં ત્યાં સમ્યક્ત્વ છે." મૌન=લેશ પણ કર્મબંધ ન થાય તેવો સંયમમાં અપ્રમાદભાવનો યત્ન. આવો યત્ન સૂક્ષ્મબોધ વગરના જીવો કરી શકતા નથી. તેથી સ્થૂલબોધવાળા એવા ષડ્જીવનિકાયાદિના સંમુગ્ધપરિજ્ઞાનથી ચારિત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાળનારાઓને તેવો મૌનભાવ નથી. તેવો મૌનભાવ નહિ હોવાને કારણે સમ્યક્ત્વ પણ તેમને નથી. માટે ચારિત્રના સારને તેઓ પામ્યા નથી, કેમ કે સમ્યક્ત્વ વગર મૌન આવી શકે નહિ. માટે આચારાંગસૂત્રના આ કથનથી એ નક્કી થાય છે કે, સ્વદર્શન અને પરદર્શનના અભ્યાસથી ગીતાર્થ થયેલાને મૌનભાવની પ્રાપ્તિ થાય છે, પરંતુ ષડ્જીવનિકાયના સમ્યક્ પાલનમાં યત્ન કરનાર એવા સ્થૂલબોધવાળા જીવોને મૌનભાવ હોતો નથી.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે, આ રીતે તો જેઓ સ્વ-પરદર્શન ભણેલા નથી, તેમને ચારિત્ર સંભવશે નહિ. તેથી કહે છે -

**અનુવાદ :-**

**इम कहतां.....चारित्र होइं ज** - એમ કહેતાં, અગીતાર્થ સાધુ ક્રિયાવંત છે, તેને ચારિત્ર ન આવે, એમ કોઇ કહે છે, તેને કહે છે -

ન આવે જ, જો ગીતાર્થનિશ્રા ન હોય; અને ગીતાર્થનિશ્રિતને તો ઉપચારથી ચારિત્ર હોય જ.

**उक्तं च** - તેમાં ઓઘનિર્યુક્તિની સાક્ષી આપતાં કહે છે -

**गीयत्थो.....इत्यादि ।।૧૨૩।।** - (એક) ગીતાર્થનો વિહાર અને બીજો ગીતાર્થનિશ્રિતનો વિહાર કહેવાયો છે. આનાથી ત્રીજો વિહાર ભગવાન વડે અનુજ્ઞાત નથી, ઇત્યાદિ સાક્ષી છે. **॥૧૨૩॥**

**ભાવાર્થ :-**

ઉપરમાં વ્યાપ્તિ બાંધી કે સૂક્ષ્મબોધવાળાને જ ભાવચારિત્ર હોઇ શકે, પરંતુ ષડ્જીવનિકાયના યથાર્થ બોધથી ચારિત્ર પાળનારને પણ સૂક્ષ્મબોધ ન હોય તો ભાવચારિત્ર નથી. એમ સ્વીકારીએ તો, સ્વ-પરદર્શનના અભ્યાસથી જેઓ ગીતાર્થ થયા છે, તેવા સાધુ ક્રિયાવાળા હોય તો તેમને ચારિત્ર આવે; તે સિવાય જે અગીતાર્થ છે તેવા સાધુ ક્રિયાવાળા છે તો પણ તેમને ચારિત્ર ન આવે, એમ કોઇ આપત્તિ આપે, તેને ગ્રંથકાર ઉત્તર આપે છે કે, ક્રિયાવાળા પણ અગીતાર્થ સાધુને ચારિત્ર ન જ આવે, જો તે ગીતાર્થનિશ્રામાં ન હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આનાથી એ ફલિત થયું કે, સ્વસમય-પરસમયના પરિજ્ઞાનવાળા ગીતાર્થ જો ક્રિયાવાળા હોય તો તેમને ભાવચારિત્ર છે, અને તેમની નિશ્રાએ રહેલા અગીતાર્થ જો ક્રિયાવાળા હોય તો તેમને પણ ભાવચારિત્ર છે.

ગીતાર્થનિશ્રિતને ભાવચારિત્ર કહ્યું તે ઉપચારથી છે. તે આ રીતે - તેમનામાં સાક્ષાત્ સૂક્ષ્મબોધ નથી, પણ ગીતાર્થનું જે જ્ઞાન છે તે જ્ઞાન જ તેમની પ્રવૃત્તિમાં ઉપયોગી છે. તેથી ગીતાર્થના જ્ઞાનનો તેમનામાં ઉપચાર કરીને તેમનામાં પણ સમ્યગ્જ્ઞાન છે, તેમ સ્વીકારીને, સમ્યગ્જ્ઞાનથી નિયંત્રિત તેઓની પ્રવૃત્તિ છે, માટે તેમનામાં ચારિત્ર છે, તેમ માનેલ છે.

**વિશેષાર્થ :-**

ગીતાર્થનિશ્રિતમાં એટલી સૂક્ષ્મપ્રજ્ઞા છે, કે ગીતાર્થ જે કાંઇ પ્રવૃત્તિ જે રીતે કરવાની બતાવે, તે રીતે કરવા માટે તેમની સૂક્ષ્મપ્રજ્ઞા છે, અને તે પ્રમાણે તેઓ કરે છે. તેથી તેમની બ્રાહ્ય આચરણા પણ ગીતાર્થના જ્ઞાનથી જ જન્ય છે, માટે તે આચરણા શીલરૂપ છે. પરંતુ જેઓ ગીતાર્થનિશ્રિત હોવા છતાં તેવી સૂક્ષ્મપ્રજ્ઞાવાળા નથી, તેઓ દેશઆરાધક છે તેમ સ્વીકારેલ છે; પરંતુ સર્વઆરાધક નથી માટે ભાવચારિત્રી નથી, એમ સ્વોપજ્ઞ ધર્મપરીક્ષા ગ્રંથમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજે કહેલ છે. **॥૧૨૩॥**

**અવતરણિકા :-**

ગ્રંથની સમાપ્તિ કરતાં ગ્રંથકારશ્રી ગ્રંથનું માહાત્મ્ય બતાવે છે -

**ચોપઈ :-**

**जिनशासनरत्नाकरमांहिंथी, लघुकपर्दिकामानिं जी ,**
**उद्धरिओ एह भाव यथारथ, आपशकतिअनुमानैं जी ।**
**पणि एहनिं चिंतामणि सरिषां, रतन न आवइ तोलइ जी ,**
**श्रीनयविजयविबुधपयसेवक, वाचकजस इम बोलइ जी ।।१२४।।**

**।। श्रीसम्यक्त्व चतुष्पदी समाप्ता ।।**

**→ साहा हेमासुत साहा ताराचंदलषावितं श्रीराजनगरइं ।। ←**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ :-**

**જિનશાસનરૂપી રત્નાકરમાંથી પોતાની શક્તિના અનુમાનથી લઘુકપર્દિકામાન=નાની કોડી પ્રમાણ, આ ભાવ યથાર્થ ઉદ્ધાર કર્યો છે. આ ગ્રંથ લઘુકપર્દિકામાન હોવા છતાં પણ ચિંતામણિ સરખાં રત્નો એની તુલનામાં આવતાં નથી. શ્રી નયવિજયવિબુધના પદસેવક વાચક યશોવિજયજી મહારાજા એમ બોલે છે=ઉપરમાં કહ્યું એ પ્રમાણે બોલે છે.**

શ્રી સમ્યક્ત્વ ચતુષ્પદી પૂર્ણ થઈ.

-> <- આ બે ચિહ્નના મધ્યમાં આવેલો પાઠ પૂ. ઉપાધ્યાયજી મ.ની લખેલ પ્રતનો છે. તેનો અર્થ આ પ્રમાણે છે -

શાહ હેમાના પુત્ર શાહ તારાચંદે આ સમ્યક્ત્વ ષટ્સ્થાન ચોપઈ રાજનગરમાં લખાવેલ છે.

**બાલાવબોધ :-**

**प्रकरणपरिसमाप्ति कहइं - जिनशासनरूप रत्नाकरमांहिंथी ए षट्स्थानभाव उद्धरिओ, ए उद्धारग्रंथ यथार्थ छइं, जिनशासनरत्नाकरलेखइं ए ग्रंथ लघुकपर्दिकामान छैं रत्नाकर तो अनेकरत्नइ भरिओ छइ, ए उपमा गर्वपरिहारनइ अर्थि करी छइ, पणि शुद्धभाव एहना विचारिइं तो चिंतामणि सरषां रतन पणि एहनइ तोलइ नावइ । ग्रंथकर्ता गुरुनामांकित स्वनाम कहइ- श्री नयविजयविबुधनो पदसेवक वाचकजस-यशोविजयोपाध्याय इणिपरिइं बोलइ छइ ।।१२४।।**

**અનુવાદ :-**

**प्रकरणपरिसमाप्ति कहइं** - પ્રકરણની પરિસમાપ્તિ કહે છે -

**जिनशासनरूप.....यथार्थ छइं,** - જિનશાસનરૂપ રત્નાકરમાંથી આ ષટ્સ્થાનભાવ ઉદ્ધાર કર્યો, એ ઉદ્ધારગ્રંથ યથાર્થ છે=જે પ્રમાણે જિનશાસનમાં વર્ણન કરાયું છે, એ પ્રમાણે ઉદ્ધાર કરાયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**जिनशासनरत्नाकरलेखइं.....तोलइ नावइ ।** - જિનશાસનરૂપ રત્નાકરની તુલનામાં આ ગ્રંથ નાની કપર્દિકા=કોડી, તુલ્ય છે, રત્નાકરમાં તો અનેક રત્નો ભર્યાં છે. એ ઉપમા ગર્વના પરિહાર માટે કરી છે, પણ શુદ્ધભાવ એના વિચારીએ તો ચિંતામણિ સરખાં રત્ન પણ એહની તોલે આવતાં નથી.

**ભાવાર્થ :-**

ષટ્સ્થાન ચઉપઇરૂપ ગ્રંથનાં સર્વ કથનોની પરિસમાપ્તિ થયા પછી અંતે તેના વિષયમાં જે પણ કહેવા જેવું છે તે કહે છે -

જિનશાસનરૂપ રત્નાકર છે તેથી તેમાં ઘણાં રત્નો છે. તેમાંથી આ છ સ્થાનના ભાવો ગ્રંથકારે ઉદ્ધાર કર્યા છે, એ બતાવીને, આ ગ્રંથરચના પોતાની સ્વતંત્ર કૃતિ નથી પરંતુ સર્વજ્ઞ વચનાનુસાર છે, એ બતાવે છે. એનાથી જ એ નક્કી થાય છે કે આ ગ્રંથ યથાર્થ છે.

હવે આ ગ્રંથ, જિનશાસનરૂપી રત્નાકર સાથે તુલના કરીએ તો નાની કોડી પ્રમાણ છે, અને રત્નાકર તો અનેક રત્નોથી ભર્યો છે. આમ કહીને ગ્રંથકારને એ કહેવું છે કે, જિનશાસનરૂપી રત્નાકરની આગળ આ ગ્રંથની રચના નાની કોડી સમાન છે, રત્નાકર તો અનેક રત્નોથી ભરેલો છે, જ્યારે આ ગ્રંથ તો એમાંના એક નાના રત્ન જેટલો છે.

આ ઉપમા દ્વારા ગ્રંથકાર પોતાના ગર્વનો પરિહાર કરે છે. તે આ રીતે -

મેં આ ગ્રંથ જિનશાસનરૂપ રત્નાકરમાંથી એક નાના રત્ન જેટલો ગ્રહણ કરીને રચ્યો છે, તેથી જિનશાસનરૂપી રત્નાકર આગળ મારો આ ગ્રંથ સાવ સામાન્ય છે. અને શ્રોતાને પણ આ ગ્રંથ ભણીને સર્વ પારમાર્થિક પદાર્થો હું જાણી ગયો છું, તેવો ગર્વ ન થાય, પણ શ્રોતાને ખ્યાલ આવે કે આનાથી જે મને વિશેષ જ્ઞાન થયું છે, તે જિનશાસનરૂપી રત્નાકરની આગળ એક નાની કોડી પ્રમાણ એવા રત્નની પ્રાપ્તિ જેટલું છે. આમ છતાં, આ ગ્રંથના શુદ્ધભાવોની વિચારણા કરવામાં આવે તો આ ગ્રંથરૂપી નાનું રત્ન પણ ચિંતામણિરત્ન કરતાં અધિક છે. તેથી ચિંતામણિરત્ન પણ આ ગ્રંથરત્નની તુલનામાં આવી શકે નહિ. કેમ કે ચિંતામણિરત્નથી તો આ લોકનાં માત્ર ભૌતિક સુખો મળી શકે છે, જ્યારે આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રંથના પરમાર્થને જે પ્રાપ્ત કરે, તેમને આ લોકનાં, પરલોકનાં અને અંતે મોક્ષનાં સુખોની પ્રાપ્તિ થાય તેમ છે. તેથી આ ગ્રંથની આગળ ચિંતામણિરત્ન પણ તુચ્છ અને અસાર છે.

**અનુવાદ :-**

**ग्रंथकर्ता.....कहइ-** - ગ્રંથકર્તા ગુરુનામથી અંકિત એવા પોતાના નામને કહે છે -

**श्री नयविजय.....बोलइ छइ ।।१२४।।** - શ્રી નયવિજયવિબુધનો પદસેવક વાચક યશ=યશોવિજય ઉપાધ્યાય આ પ્રમાણે કહે છે=ઉપરમાં કહ્યું એ પ્રમાણે કહે છે. **॥૧૨૪॥**

**પ્રશસ્તિ :-**

➔ श्रेयोराजिविराजिराजनगरप्रख्यातहेमाङ्गभू -
ताराचन्द्रकृतार्थनापरिहृतव्यासङ्गरङ्गस्पृशाम् ।
एषा 🡐 लोकगिरा समर्थितनयप्रस्थानषट्स्थानक -
व्याख्या सङ्घमुदे यशोग्र्यविजयश्रीवाचकानां कृतिः ।।१।।

● **श्रेयोराजि.....एषा** સુધીનો પાઠ અન્ય પ્રતિમાં નથી.

**श्रेयोराजि कहितां मंगलीकनी श्रेणि, तेणी करी विराजि कहितां शोभतुं ते राजनगर-अहम्मदाबादनगर तिहां प्रख्यात कहितां प्रसिद्ध जे हेमश्रेष्ठि, तेहना अंगभू कहितां पुत्र जे सा ताराचन्द्रनाम तेणइ करी जे अर्थना-प्रार्थना, तेहथी परिहर्यो छइ व्यासंग जेणे एहवा रंगस्पृक्-आनंदधारी एहवानी एषा कहितां ए लोकगिरा कहितां लोकभाषाइं समर्थ्या जे नयप्रस्थान-नयमार्ग, तेणे करी षट्स्थानकनी व्या(ख्या) संघना हर्षनइं कार्जि हो, यशोविजयवाचक तेहनी कृति कहितां निर्मिति ।।**

सं. १७४१ वर्षे आश्विनसितदशम्यां ।। श्लोकाऽर्थनो एक हजार छइ ।।

(ग्रंथाग्र-१०००)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનુવાદ :-**

**श्रेयोराजि.....निर्मिति** - મંગલની શ્રેણિથી શોભતા એવા રાજનગરમાં, પ્રખ્યાત હેમશ્રેષ્ઠિના પુત્ર તારાચંદ્રથી કરાયેલી પ્રાર્થનાને કારણે, ગ્રંથરચનાના વિષયમાં વ્યાસંગનો પરિહાર થવાથી=પરમાર્થને પકડવામાં અન્યમનસ્કતાનો પરિહાર થવાથી, આનંદને સ્પર્શનારા એવા શ્રી યશોવિજયવાચકની નયમાર્ગ વડે કરીને સમર્થન કરાયેલ છ સ્થાનકોની વ્યાખ્યાવાળી લોકભાષા વડે કરાયેલી આ કૃતિ સંઘના આનંદ માટે થાઓ.

**ભાવાર્થ :-**

આ શ્લોક દ્વારા ગ્રંથકાર એ બતાવે છે કે, આ ગ્રંથની રચના અમદાવાદ નગરમાં થઇ છે, અને આ ગ્રંથની રચના હેમશ્રેષ્ઠિના પુત્ર તારાચંદ્રની પ્રાર્થનાથી ગ્રંથકાર ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ કરેલી છે. તેમની પ્રાર્થનાને કારણે પોતાને ગ્રંથ્ રચવાનો ઉત્સાહ થયો છે, અને આ કૃતિ લોકભાષામાં= ગુજરાતી ભાષામાં કરેલી છે. આ કૃતિ સમ્યક્ત્વનાં છ સ્થાનકની વ્યાખ્યારૂપ છે, જે વ્યાખ્યા નયમાર્ગથી સમર્થન કરાયેલી છે. તેથી આ ગ્રંથમાં માત્ર સમ્યક્ત્વનાં છ સ્થાન બતાવ્યાં નથી, પરંતુ તે તે નયદૃષ્ટિથી ચાલનારાં તે તે દર્શનોની યુક્તિઓ બતાવીને, તે તે દર્શનની યુક્તિઓમાં જે ખામીઓ છે તેનું નિરાકરણ કરીને, સાચા નયમાર્ગની સ્થાપના દ્વારા આ છ સ્થાનકોની વ્યાખ્યા ગ્રંથકારશ્રીએ કરેલી છે.

સંવત-૧૭૪૧ વર્ષમાં આસો સુદ ૧૦ના આ ગ્રંથ પૂર્ણ થયો છે.

● **श्रेयोराजि.....निर्मिति ।।** સુધીનો પાઠ છે, એ સ્થાનમાં અન્યપ્રતિમાં આ પ્રમાણે પાઠ છે -

**श्री राजनगर अहम्मदाबाद नगरनइ विषइ तिहां प्रसिद्ध जे हेम श्रेष्ठि सुत श्री ताराचंदनाम्ना तेहनी प्रार्थना थकी लोकभाषाइ करी नयप्रस्थान कहितां नयमार्ग तिणि करी षट्स्थानकनी व्याख्या, संघने हर्षने काजै श्री यशोविजयनी कृति जाणवी ।।१।।**

भावरत्नेन स्तबुकार्थो लिपीकृतः संवत् १७६१ फाल्गुनि शुक्ल प्रतिपदि ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पाठान्तरे -

श्रीभक्तिविजयज्ञानभंडार (पाटण) प्रतौ- अन्ते

षट्तर्कसंपर्कपचेलिमौक्तिर्न्यवेशि यल्लौकिकवाचि काचित् ।
वाग्देवताया विहितप्रसादात् सूचीमुखेऽसौ मुशलप्रवेशः ।।१।।

नगुण्यं वैगुण्यं ममपरमताकांक्षिभिरिदं,
विदन्तु स्वीयं ते रुचिविरचितं किंचिदपरम् ।
रसालोद्यत्कर्णामृतपरभृतध्वानपटुना,
न रत्यै काकानां क्वचन पिचुमन्दप्रणयिनाम् ।।२।।
यद्विचारसहं तत्त्वं शून्यतां ननु धावति ।
तन्निर्वाहकरं शुद्धं जैनं जयति शासनम् ।।३।।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સમ્યક્ત્વ ષટ્સ્થાન ચોપઇની પૂ. ઉપાધ્યાયજી મહારાજાની સ્વહસ્તે લખાયેલ પ્રતના અંતે પૂ.ઉપાધ્યાયજી મહારાજાના સ્વહસ્તે લખાયેલ સંભવજિન સ્તવન

।। राग गोडी ।।

संभवजिन जब नयणें मिल्यो हो ।। ए टेक ।।
प्रगटे पूरव पुन्य के अंकूरे, तबथें दिन मोय सफल वल्यो हो ।
अबथे विषयपंककलनमें, बोहर बोहर नही जाउं कल्यो हो।।१।। सं० ।।

आंगणडे अमिई मेह वूठा, जिणहुं तापको व्याप गल्यो हो ।
बोधिबीज प्रगट्यो त्रिहुं जगमें, तप-संजमको षेत फल्यो हो।।२।। सं०।।

जैसी भगति तैसी प्रभु करुणा, स्वेत शंखमें दूध भल्यो हो ।
दर्शनथें नवनिधिरिद्धिपाई, दुःख-दोहग सवि दूरिं टल्यो हो।।३।। सं० ।।

डरत फिरत हें दूर ही दिलथें, मोहमल्ल जिणे जगत छल्यो हो ।
समकितरत्न लह्युं दरिसणथें, अब नवि जाउं कुगति रल्यो हो।।४।। सं० ।।

नेहनजरभर निरखतहीं मुझ, प्रभुस्युं हियडो हेजें हल्यो हो ।
श्रीनयविजयविबुधसेवककुं, साहिब सुरतरु होय फल्यो हो।।५।। सं० ।।

।। इति श्रीसंभवनाथस्तवनं ।।

પ્રસ્તુત ષટ્સ્થાન ચોપઇના અંતમાં સંભવનાથ ભગવાનનું સ્તવન પૂજ્ય ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજાએ લખ્યું છે. તેનાથી એ જણાય છે કે આ છ સ્થાનો જેમ દર્શનશુદ્ધિનાં કારણ છે તેમ ભગવાન પણ દર્શનશુદ્ધિના કારણ છે, ભગવાન પણ આ છ સ્થાનોની પ્રાપ્તિ કરાવીને જ દર્શનશુદ્ધિના કારણ છે. આનાથી એ ફલિત થાય છે કે જે આ છ સ્થાનોને વાસ્તવિક રીતે સમજ્યો છે, તેને જ વાસ્તવિક ભગવાનનાં દર્શન થયાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સંભવજિન સ્તવનનો ભાવાર્થ આ પ્રમાણે :-**

**संभवजिन.....कल्यो हो ।।१।।** = સંભવજિન જ્યારે નયણથી મળ્યા ત્યારે પૂર્વ પુણ્યના અંકુરો પ્રગટ થાય છે.

અહીં સાક્ષાત્ મૂર્તિરૂપે સંભવનાથજિનને જોવામાં આવ્યા હોય, અને સત્શાસ્ત્રોથી છ સ્થાનો જેના હૈયામાં સ્થિર થયાં હોય, તેને ભગવાન માત્ર મૂર્તિના આકારરૂપે દેખાતા નથી, પરંતુ શુદ્ધ સન્માર્ગના પ્રરૂપકરૂપે દેખાય છે. અને તે જ તેમને નયણથી જોવારૂપ છે, અને તેના કારણે ભૂતકાળમાં કરાયેલ પુણ્યના અંકુરો પ્રગટ થાય છે; અર્થાત્ પુણ્યાનુબંધીપુણ્ય જાગ્રત થવાથી આ છ સ્થાનો પ્રત્યેની રુચિ સ્થિર થાય છે, તેના કારણે ત્યારથી મારો દિવસ સફળ બન્યો છે.

જ્યારે ભગવાનની વીતરાગમુદ્રા દેખાય, અને ભગવાનના વચનરૂપ આ છ સ્થાનો બુદ્ધિમાં જોડાય, ત્યારે જીવને એ સ્થિર થાય છે કે, વિષયોના કાદવમાં લંપટ થવાથી સંસારમાં બધી કદર્થના થાય છે, તેનાથી દૂર રહેવાથી જ જીવ વીતરાગ જેવો બને છે. આ પ્રકારે ભગવાનની મૂર્તિનાં દર્શનથી જીવને જણાય છે, તેથી ગ્રંથકાર કહે છે કે, હવેથી વિષયરૂપ કાદવના કલણમાં=વિષયના સેવનમાં, વારંવાર હું કલ્યો નહિ જાઉં=વારંવાર હું એમાં રંગાઇ નહિ જાઉં, કેમ કે આ છ સ્થાનોને મેં સારી રીતે જાણ્યાં છે. **॥૧॥**

**आंगणडे.....फल्यो हो ।।२।।** = વીતરાગની મુદ્રાને જોયા પછી એ જ ભાવ સતત મારા હૈયામાં ગુંજી રહ્યો છે, તેથી કરીને મારા આત્મારૂપી આંગણમાં અમૃતનો મેહુલો-મેઘ, વરસ્યો છે, જેનાથી કષાયોના તાપનો વ્યાપ ગળી ગયો છે. અને ભગવાનનાં દર્શનથી ભૂતકાળમાં જે બોધિનું બીજ વપન કરેલું તે અત્યારે અંકુરારૂપે પ્રગટ થયું છે. આથી જ ભગવાન ભગવાનરૂપે દેખાય છે અને ભગવાને બતાવેલ આ છ સ્થાનો હૈયામાં યથાર્થરૂપે પ્રતિભાસમાન થાય છે.

આ સંભવજિન ત્રણે જગતમાં જે જે જીવોને આ રીતે નયણથી મળે છે, તે સર્વ જીવોનાં બોધિબીજ પ્રગટ થાય છે, અને આત્મારૂપી ખેતરમાં તપ-સંયમરૂપ ફળો ખીલવા લાગે છે. જો કે આ તપ-સંયમરૂપ ફળ મુખ્યત્વે સાક્ષાત્ મનુષ્યલોકમાં ખીલે છે, તો પણ દેવતાઓ આદિ પણ ભગવાનના શાસનને પામીને તપસ્વી અને સંયમીની ભક્તિ કરીને ભાવિમાં તપ-સંયમની ભૂમિકાને ખીલવે છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેનું કારણ તેઓમાં પ્રગટ થયેલું બોધિબીજ છે. ॥૨॥

આ રીતે ભગવાનના દર્શનનું ફળ બતાવીને, હવે ભગવાનની ભક્તિથી ભગવાનની પોતાના ઉપર થતી કરુણા કેવી છે, અને તેનાથી પોતાને શું પ્રાપ્ત થાય છે, તે બતાવે છે -

**जैसी भगति.....टल्यो हो ।।३।।** - જે જીવને ભગવાનને જોઈને જેવા પ્રકારની ભક્તિ ઊઠે છે, તેવી ભગવાનની તે જીવ ઉપર કરુણા વરસે છે. જેમ કોઇ જીવને ભગવાનને જોઈને સમ્યગ્દર્શન થાય તેટલી ભક્તિ પ્રગટે છે, તો કોઇ જીવને ભગવાનના વચનાનુસાર મહાસત્ત્વથી સંયમમાં યત્ન કરાવે તેવી ભક્તિ પ્રગટે છે, અને તેને અનુરૂપ તેના ઉપર ભગવાનની કરુણા વરસે છે; તેથી તે પ્રમાણે તે જીવ આત્માની ગુણસંપત્તિ પ્રાપ્ત કરે છે. શ્વેતશંખ જેવી પોતાની ભક્તિ છે, અને તેમાં ભગવાનની કરુણારૂપી દૂધ ભળે છે, તેથી શ્વેતશંખ જેમ દૂધથી અધિક દીપી ઊઠે છે, તેમ જીવને ભગવાન પ્રત્યેની ઉત્તમ ભક્તિ છે, તે ઉત્તમ ચિત્તરૂપ છે; અને તેમાં ભગવાનની ભક્તિને કારણે ભગવાનના વચનોના સમ્યક્ પરિણમનથી જે વિશેષ પ્રકારની ઉત્તમતા પ્રગટે છે, તે પૂર્વની ઉત્તમતામાં અતિશયતાનું આધાન કરે છે. તેથી શ્વેતશંખમાં જેમ દૂધ ભળે તો તે વિશેષ દીપી ઊઠે છે, તેમ ભગવાનની ભક્તિથી આત્મામાં જ્યારે વિશેષ પ્રકારના પરિણામો પ્રગટે છે, ત્યારે તે ભક્તિ વિશેષ દીપી ઊઠે છે; અર્થાત્ જીવને વિશેષ ગુણની પ્રાપ્તિ થાય છે. તેથી જ કહ્યું કે જેવી ભક્તિ તેવી પ્રભુની આપણા ઉપર કરુણા વરસે છે, અને ભગવાનની કરુણા પ્રમાણે આપણને ઉત્તમ ચિત્તરત્નની પ્રાપ્તિ થાય છે.

હવે જેમણે ભગવાનનાં વાસ્તવિક દર્શન કર્યાં તેમને પુણ્યાનુબંધીપુણ્યનો ઉદય પ્રાપ્ત થાય છે, અને મોક્ષફળની પ્રાપ્તિ થાય છે, તે બતાવવા અર્થે કહે છે -

ભગવાનના દર્શનથી નવનિધિઋદ્ધિ પ્રાપ્ત થઇ અને દુઃખ અને દૌર્ભાગ્ય બધાં દૂર ટળી જાય છે.

ભગવાનના દર્શનથી જીવ સંસારમાં છે ત્યાં સુધી સમૃદ્ધિની પ્રાપ્તિ, દુઃખ-દૌર્ભાગ્યનો વિનાશ અને ધીરે ધીરે સાધનાની પૂર્ણતાથી આત્માની અંતરંગ સંપત્તિરૂપ ઋદ્ધિની પ્રાપ્તિ, અને સંસારની વિડંબણારૂપે દુઃખ અને દૌર્ભાગ્ય નાશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પામે છે. ॥૩॥

વળી ભગવાનના દર્શનથી બીજું શું પ્રાપ્ત થાય છે, તે બતાવે છે -

**डरत फिरत.....रल्यो हो ।।४।।** - જે મોહમલ્લ છે કે જેણે આખા જગતને છલ્યો છે, તે ભગવાનના દર્શનથી હૈયામાંથી ડરતો-ફરતો દૂર ભાગે છે, પરંતુ હૈયામાં તે સ્થાન લઇ શકતો નથી. અને ભગવાનના દર્શનથી છ સ્થાનોના સ્થિરીકરણરૂપ સમકિતરત્નને પ્રાપ્ત કર્યું છે, તેથી હવે કુગતિમાં રખડતો હું ફરવાનો નથી. ॥૪॥

આ રીતે ભગવાનના દર્શનનું ફળ બતાવીને, હવે ભગવાનના દર્શનથી પોતાને હૈયામાં કેવો આનંદ થાય છે, તે અભિવ્યક્ત કરે છે -

**नेहनजरभर.....फल्यो हो ।।५।।** - ભગવાન મારા ઉપર સ્નેહભરી દૃષ્ટિથી જોઈ રહ્યા છે, અને મારું હૈયું હર્ષથી વિભોર બની રહ્યું છે.

જ્યારે જીવ વીતરાગને વીતરાગરૂપે જુએ છે, અને વીતરાગના વચનરૂપ આ છ સ્થાનો યથાર્થરૂપે પ્રતિભાસ થાય છે, અને વીતરાગનાં વચનો તે જ રીતે જ્યારે પરિણમન પામે છે, ત્યારે ભગવાનની તેના ઉપર સ્નેહભરી દૃષ્ટિ વરસી રહી છે, તેવો તેને અનુભવ થાય છે; કેમ કે હવે આ જીવ સંસારથી પાર પામવા માટે પ્રયત્નશીલ છે. તેથી ભગવાનની દૃષ્ટિ તેના ઉપર વિશેષથી પડે છે, ત્યારે પોતાનું હૈયું અતિ હર્ષિત થાય છે; કેમ કે આ સંસારમાં જે કાંઇ મેળવવા જેવું છે તે ભગવાનની કૃપા છે, અને તે મને પ્રાપ્ત થઇ ગઇ છે; તેથી હવે આ સંસારમાં લાંબી કદર્થના મારા માટે હવે નથી. તેથી જ ગ્રંથકાર શ્રી યશોવિજયજી મહારાજા કહે છે કે, શ્રી નયવિજયવિબુધના સેવક એવા મને ભગવાનરૂપ સુરતરુ=કલ્પવૃક્ષ, ફળ્યા છે, જેથી આ ભગવાનનું શાસન મને હિતની પરંપરારૂપ અવશ્ય મોક્ષરૂપ ફળને આપશે. ॥૫॥

**॥ સમાપ્ત શ્રી સંભવનાથ સ્તવન ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ગીતાર્થ ગંગાથી પ્રકાશિત ગ્રંથો | વિવેચક |
|---|---|
| યોગવિંશિકા શબ્દશઃ વિવેચન | પ્રવિણભાઇ મોતા |
| અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન | પ્રવિણભાઇ મોતા |
| શ્રાવકના બારવ્રતોનાં વિકલ્પો | યુગભૂષણવિજયજી મ.સા. |
| યોગદૃષ્ટિ સમુચ્ચય | યુગભૂષણવિજયજી મ.સા. |
| સદ્ગતિ તમારા હાથમા ! | યુગભૂષણવિજયજી મ.સા. |
| કર્મવાદ કર્ણિકા | યુગભૂષણવિજયજી મ.સા. |
| દર્શનાચાર | યુગભૂષણવિજયજી મ.સા. |
| શાસનસ્થાપના | યુગભૂષણવિજયજી મ.સા. |
| અનેકાંતવાદ | યુગભૂષણવિજયજી મ.સા. |
| પ્રશ્નોત્તરી | યુગભૂષણવિજયજી મ.સા. |
| ચિત્તવૃત્તિ | યુગભૂષણવિજયજી મ.સા. |
| ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ | યુગભૂષણવિજયજી મ.સા. |
| આશ્રવ અને અનુબંધ | મોહજિતવિજયજી મ.સા. |
| મનોવિજય અને આત્મશુદ્ધિ | યુગભૂષણવિજયજી મ.સા. |
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય | યુગભૂષણવિજયજી મ.સા. |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ | પ્રવિણભાઇ મોતા |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | પ્રવિણભાઇ મોતા |
| આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન | પ્રવિણભાઇ મોતા |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ | પ્રવિણભાઇ મોતા |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | પ્રવિણભાઇ મોતા |
| ભાવધર્મ (પ્રણિધાન) | યુગભૂષણવિજયજી મ.સા. |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | પ્રવિણભાઇ મોતા |
| સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઇ શબ્દશઃ વિવેચન | પ્રવિણભાઇ મોતા |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશક

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચંટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

☎ ૬૬૦ ૪૯ ૧૧, ૬૬૦ ૩૬ ૫૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org